અસ્વીકરણ: સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઈ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

DISCLAIMER: The translated judgment in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgment shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

==========

[૨૦૧૭] ૧૦ એસ.સી.આર. ૫૬૯

ન્યાયમૂર્તિ કે. એસ. પુટ્ટાસ્વામી (નિવૃત્ત) અને અન્ય

વિરુદ્ધ

યુનિયન ઓફ ઈન્ડિયા અને અન્ય

(રીટ પિટિશન (સિવિલ) નં. ૪૯૪/૨૦૧૨)

૨૪ ઓગસ્ટ, ૨૦૧૭

[જગદીશ સિંહ ખેહર, સી.જે.આઇ., જે. ચેલમેશ્વર, એસ. એ. બોબડે, આર. કે. અગ્રવાલ, આર. એફ. નરીમન, અભય મનોહર સપ્રે, ડૉ. ડી. વાય. ચંદ્રચૂડ, સંજય કિશન કૌલ અને એસ. અબ્દુલ નઝીર, ન્યાયમૂર્તિઓ]

ભારતનું બંધારણ - અનુચ્છેદ ૨૧ - ગોપનીયતાનો અધિકાર - ભારતમાં ગોપનીયતા એ બંધારણીય રીતે સંરક્ષિત અધિકાર છે - એમ. પી. શર્માનો ચુકાદો, જે એવું ઠેરવે છે કે ગોપનીયતાનો અધિકાર બંધારણ દ્વારા સંરક્ષિત નથી, તે રદબાતલ ઠરે છે - ખરક સિંહનો ચુકાદો, જે હદે તે એવું ઠેરવે છે કે ગોપનીયતાનો અધિકાર બંધારણ દ્વારા સંરક્ષિત નથી, તે હદે રદબાતલ ઠરે છે - ગોપનીયતાનો

અધિકાર અનુચ્છેદ ૨૧ હેઠળ જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાના અધિકારના આંતરિક ભાગ તરીકે અને બંધારણના ભાગ ૩ દ્વારા બાંહેધરી આપવામાં આવેલી સ્વતંત્રતાના ભાગ તરીકે સંરક્ષિત છે - આધાર (નાણાકીય અને અન્ય સબસિડીઓ, લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૬. (કોર્ટ દ્વારા)

ભારતનું બંધારણ - અનુચ્છેદ ૨૧ - ગોપનીયતાનો અધિકાર - એમ. પી. શર્માનો ચુકાદો - યોગ્યતા - ઠેરવ્યું: એમ. પી. શર્માના ચુકાદામાં મુખ્યત્વે એવું ઠેરવવામાં આવ્યું છે કે યુએસ બંધારણના ચોથા સુધારા જેવી જોગવાઈની ગેરહાજરીમાં, ભારતીય બંધારણના અનુચ્છેદ ૨૦(૩) ની જોગવાઈઓમાં ગોપનીયતાનો અધિકાર વાંચી શકાય નહીં - આ ચુકાદો ખાસ કરીને એ બાબત પર નિર્ણય આપતો નથી કે અનુચ્છેદ ૨૧ અને અનુચ્છેદ ૧૯ સહિત ભાગ ૩ દ્વારા બાંહેધરી આપવામાં આવેલા અધિકારોની અન્ય કોઈપણ જોગવાઈમાંથી ગોપનીયતાનો અધિકાર ઉદ્ભવે છે કે કેમ - ગોપનીયતા એ ભારતીય બંધારણ દ્વારા બાંહેધરી આપવામાં આવેલ અધિકાર નથી તે અવલોકન સાચી સ્થિતિ દર્શાવતું નથી - એમ. પી. શર્મા જે હદે તેની વિરુદ્ધ દર્શાવે છે તે હદે તે રદબાતલ ઠરે છે. (ડૉ. ડી. વાય. ચંદ્રચૂડ, ન્યાયમૂર્તિ)

ભારતનું બંધારણ - અનુચ્છેદ ૨૧ - ગોપનીયતાનો અધિકાર - ખરક સિંહનો ચુકાદો - યોગ્યતા - ઠેરવ્યું: ખરક સિંહના નિર્ણયના પ્રથમ ભાગમાં, યોગ્ય રીતે ઠેરવવામાં આવ્યું હતું કે અનુચ્છેદ ૨૧ હેઠળ 'જીવન' શબ્દપ્રયોગનો અર્થ

માત્ર વ્યક્તિના "પ્રાણી સમાન અસ્તિત્વ" નો અધિકાર નથી અને 'વ્યક્તિગત સ્વતંત્રતા' શબ્દપ્રયોગ એ વ્યક્તિના ઘરની પવિત્રતા પરના અતિક્રમણ અથવા વ્યક્તિગત સુરક્ષામાં દખલગીરી સામેની બાંહેધરી છે - ખરક સિંહમાં એ પણ યોગ્ય રીતે નક્કી કરવામાં આવ્યું હતું કે વ્યક્તિની ગરિમાએ 'વ્યક્તિગત સ્વતંત્રતા'ના અર્થને તત્વ પ્રદાન કરવું જોઈએ - આમ, ખરક સિંહના નિર્ણયનો પ્રથમ ભાગ, જેણે રાત્રિના સમયે ઘરની મુલાકાતો (ડોમિસિલિયરી વિઝિટ્સ) ને એ આધારે અમાન્ય ઠેરવી હતી કે તે વ્યવસ્થિત સ્વતંત્રતાનું ઉલ્લંઘન કરે છે, તે ગોપનીયતાના અધિકારની ગર્ભિત માન્યતા છે - જોકે, નિર્ણયનો બીજો ભાગ, જે એવું ઠેરવે છે કે ગોપનીયતાનો અધિકાર આપણા બંધારણ હેઠળ બાંહેધરીકૃત અધિકાર નથી, તે સાચી સ્થિતિ દર્શાવતો નથી - ખરક સિંહ જે હદે એવું ઠેરવે છે કે ગોપનીયતાનો અધિકાર બંધારણ હેઠળ સંરક્ષિત નથી તે હદે તે રદબાતલ ઠરે છે. (ડૉ. ડી. વાય. ચંદ્રચૂડ, ન્યાયમૂર્તિ)

ભારતનું બંધારણ - અનુચ્છેદ ૨૧ - ગરિમા - ગરિમા પરનું ન્યાયશાસ્ત્ર: બંધારણીય મૂલ્ય તરીકે ગરિમા આમુખમાં અભિવ્યક્તિ પામે છે - બંધારણીય દ્રષ્ટિકોણ ન્યાય (સામાજિક, આર્થિક અને રાજકીય); સ્વતંત્રતા (વિચાર, અભિવ્યક્તિ, માન્યતા, શ્રદ્ધા અને ઉપાસનાની); સમાનતા (વ્યક્તિઓ સાથેના મનસ્વી વ્યવહાર સામેની બાંહેધરી તરીકે) અને બંધુતા (જે પ્રત્યેક વ્યક્તિને ગરિમાપૂર્ણ જીવનની ખાતરી આપે છે) ની અનુભૂતિ ઈચ્છે છે - આ બંધારણીય સિદ્ધાંતો માનવીય અને કરુણાસભર સમાજની સુવિધા માટે એકતામાં અસ્તિત્વ

ધરાવે છે - વ્યક્તિ એ બંધારણનું કેન્દ્રબિંદુ છે કારણ કે વ્યક્તિગત અધિકારોની અનુભૂતિમાં જ સમુદાયનું સામૂહિક કલ્યાણ નિર્ધારિત થાય છે - જીવવું એટલે ગરિમા સાથે જીવવું - ગોપનીયતા તેના આનુષંગિક મૂલ્યો સાથે વ્યક્તિને ગરિમાની ખાતરી આપે છે અને જ્યારે જીવનનો ગરિમા સાથે આનંદ માણી શકાય ત્યારે જ સ્વતંત્રતા સાચા અર્થમાં સાર્થક બની શકે છે - ગોપનીયતા ગરિમાની પરિપૂર્ણતા સુનિશ્ચિત કરે છે અને તે એક મૂળભૂત મૂલ્ય છે જેને પ્રાપ્ત કરવાનો જીવન અને સ્વતંત્રતાના રક્ષણનો હેતુ છે - ન્યાયશાસ્ત્ર. (ડૉ. ડી. વાય. ચંદ્રચૂડ, ન્યાયમૂર્તિ)

ભારતનું બંધારણ - અનુચ્છેદ ૨૧ - સ્વતંત્રતા અને મુક્તિના આંતરિક અંગ તરીકે ગોપનીયતા: ગોપનીયતાના અધિકારને માન્યતા આપવી એ એક એવી કવાયત છે જેના માટે બંધારણીય સુધારાની જરૂર પડશે અને તે ન્યાયિક અર્થઘટનની બાબત હોઈ શકે નહીં તેવી રજૂઆત સ્વીકાર્ય સિદ્ધાંતવાદી સ્થિતિ નથી - આ દલીલ એવી ધારણા રાખે છે કે ગોપનીયતાનો અધિકાર બંધારણના ભાગ ૩ દ્વારા બાંહેધરી આપવામાં આવેલી સ્વતંત્રતાઓથી સ્વતંત્ર છે - ભૂલ ત્યાં રહેલી છે - ગોપનીયતાનો અધિકાર માનવ ગરિમાનું એક તત્વ છે - ગોપનીયતાની પવિત્રતા ગરિમા સાથેના તેના કાર્યાત્મક સંબંધમાં રહેલી છે - ગોપનીયતા સુનિશ્ચિત કરે છે કે માનવી અનિચ્છનીય દખલગીરીથી માનવ વ્યક્તિત્વના આંતરિક અંગોને સુરક્ષિત કરીને ગરિમાપૂર્ણ જીવન જીવી શકે - ગોપનીયતા વ્યક્તિની સ્વાયત્તતા અને દરેક વ્યક્તિના જીવનના માર્ગને અસર

કરતી આવશ્યક પસંદગીઓ કરવાના અધિકારને માન્યતા આપે છે - આમ કરીને, ગોપનીયતા એ સ્વીકારે છે કે બંધારણનો પાયાનો પથ્થર એવી મુક્તિઓ અને સ્વતંત્રતાઓને પરિપૂર્ણ કરવા માટે માનવી માટે ગરિમાપૂર્ણ જીવન જીવવું આવશ્યક છે. (ડૉ. ડી. વાય. ચંદ્રચૂડ, ન્યાયમૂર્તિ)

ભારતનું બંધારણ - અનુચ્છેદ ૨૧: અનુચ્છેદ ૨૧ ની ગેરહાજરીમાં પણ, કાયદાની સત્તા વિના રાજ્ય માટે કોઈ વ્યક્તિને તેના જીવન અને સ્વતંત્રતાથી વંચિત રાખવાની પરવાનગી ન હોત. (ડૉ. ડી. વાય. ચંદ્રચૂડ, ન્યાયમૂર્તિ)

ભારતનું બંધારણ - અનુચ્છેદ ૨૧ - ગોપનીયતાનો અધિકાર, શું તે સંપૂર્ણ અધિકાર છે: ભાગ ૩ દ્વારા સંરક્ષિત મૂળભૂત સ્વતંત્રતાઓનો ભાગ બનતા અન્ય અધિકારોની જેમ, જેમાં અનુચ્છેદ ૨૧ હેઠળ જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાનો અધિકાર શામેલ છે, ગોપનીયતા એ સંપૂર્ણ અધિકાર નથી - ગોપનીયતા પર તરાપ મારતા કાયદાએ મૂળભૂત અધિકારો પર સ્વીકાર્ય પ્રતિબંધોની એરણ પર ટકી રહેવું પડશે - અનુચ્છેદ ૨૧ ના સંદર્ભમાં, ગોપનીયતાના અતિક્રમણને એવા કાયદાના આધારે વાજબી ઠેરવવું આવશ્યક છે જે ન્યાયી, વાજબી અને વ્યાજબી હોય તેવી પ્રક્રિયા નિર્ધારિત કરે છે - કાયદો અનુચ્છેદ ૨૧ હેઠળ જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતા પરના અતિક્રમણના સંદર્ભમાં પણ માન્ય હોવો જોઈએ - જીવન અથવા વ્યક્તિગત સ્વતંત્રતાના અતિક્રમણે ત્રણ ગણી જરૂરિયાત સંતોષવી જોઈએ: (૧) કાયદેસરતા, જે કાયદાના અસ્તિત્વની પૂર્વધારણા કરે છે; (૨) જરૂરિયાત, જે કાયદેસરના રાજ્ય હેતુના સંદર્ભમાં વ્યાખ્યાયિત થયેલ છે; અને

(૩) પ્રમાણસરતા, જે ઉદ્દેશ્યો અને તેમને પ્રાપ્ત કરવા માટે અપનાવવામાં આવેલા સાધનો વચ્ચે તાર્કિક સંબંધ સુનિશ્ચિત કરે છે. (ડૉ. ડી. વાય. ચંદ્રચૂડ, ન્યાયમૂર્તિ)

ભારતનું બંધારણ - અનુચ્છેદ ૨૧ - માહિતીની ગોપનીયતા એ ગોપનીયતાના અધિકારનું એક પાસું છે: માહિતીના યુગમાં ગોપનીયતા માટેના જોખમો માત્ર રાજ્ય તરફથી જ નહીં પરંતુ બિન-રાજ્ય તત્વો તરફથી પણ ઉદ્ભવી શકે છે - કેન્દ્ર સરકારને ડેટા સંરક્ષણ માટે એક મજબૂત વ્યવસ્થા અમલમાં મૂકવાની જવાબદારી સોંપવામાં આવી છે - આવી વ્યવસ્થાની રચના માટે વ્યક્તિગત હિતો અને રાજ્યની કાયદેસર ચિંતાઓ વચ્ચે સાવચેત અને સંવેદનશીલ સંતુલન જરૂરી છે - રાજ્યના કાયદેસરના હેતુઓમાં ઉદાહરણ તરીકે રાષ્ટ્રીય સુરક્ષાનું રક્ષણ, ગુનાની રોકથામ અને તપાસ, નવીનતા અને જ્ઞાનના પ્રસારને પ્રોત્સાહન આપવું અને સામાજિક કલ્યાણ લાભોના દુરુપયોગને અટકાવવાનો સમાવેશ થાય છે - ડેટાના સંરક્ષણ માટે કાળજીપૂર્વક સંરચિત વ્યવસ્થા તૈયાર કરતી વખતે કેન્દ્ર સરકાર દ્વારા વિચારણા કરવા માટેની આ નીતિગત બાબતો છે. (ડૉ. ડી. વાય. ચંદ્રચૂડ, ન્યાયમૂર્તિ)

ભારતનું બંધારણ - અનુચ્છેદ ૨૧ - જીવન અથવા વ્યક્તિગત સ્વતંત્રતાથી વંચિત રાખવું: કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયા અનુસાર સિવાય કોઈ પણ વ્યક્તિને જીવન અથવા સ્વતંત્રતાથી વંચિત કરી શકાય નહીં - મનસ્વીતા સામેની બાંહેધરી તરીકે અનુચ્છેદ ૧૪ એ અનુચ્છેદ ૨૧ ની સમગ્રતામાં સમાવિષ્ટ છે - મનસ્વીતા સામેની બાંહેધરી અને જીવન અને વ્યક્તિગત

સ્વતંત્રતાના સંરક્ષણ વચ્ચેનો આંતરસંબંધ બહુપક્ષીય સ્તરે કાર્ય કરે છે - પ્રથમ, તે સુનિશ્ચિત કરે છે કે વંચિત રાખવાની પ્રક્રિયા ન્યાયી, વાજબી અને વ્યાજબી હોવી જોઈએ - બીજું, અનુચ્છેદ ૧૪ પ્રક્રિયા અને 'કાયદો' શબ્દપ્રયોગ બંનેને પ્રભાવિત કરે છે - અનુચ્છેદ ૨૧ ના અર્થમાંનો કાયદો અનુચ્છેદ ૧૪ માંથી ઉદ્ભવતા ન્યાયીપણાના ધોરણો સાથે સુસંગત હોવો જોઈએ. (ડૉ. ડી. વાય. ચંદ્રચૂડ, ન્યાયમૂર્તિ)

ભારતનું બંધારણ - અનુચ્છેદ ૨૧ - ગોપનીયતાનો અધિકાર - અવિભાજ્ય અધિકાર: જે આંતરરાષ્ટ્રીય કરારો અને ઘોષણાઓમાં ભારત એક પક્ષકાર હતું, જેમ કે ૧૯૪૮ ની ઘોષણા અને ૧૯૬૬ નો કરાર, તે બંને જીવન અને સ્વતંત્રતાના અધિકારને "અવિભાજ્ય" તરીકે ઉલ્લેખ કરે છે - આ હકીકતને ધ્યાનમાં રાખીને કે આને અનુચ્છેદ ૨૧ ના ભાગ તરીકે વાંચવું પડશે, તે સ્પષ્ટ છે કે તેથી અનુચ્છેદ ૨૧ આ માનવ અધિકારોનો એકમાત્ર સંગ્રહસ્થાન રહેશે નહીં પરંતુ માત્ર એ હકીકતને પ્રતિબિંબિત કરશે કે તેઓ "અવિભાજ્ય" હતા; કે તેઓ દરેક મનુષ્યમાં માત્ર વ્યક્તિ મનુષ્ય હોવાના નાતે સહજ છે - માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ, ૧૯૯૩ ની કલમ ૨(૧)(ડી) માન્યતા આપે છે કે આંતરરાષ્ટ્રીય કરારોને સંદર્ભિત અને ભારતમાં અદાલતો દ્વારા અમલ કરવા યોગ્ય જીવન, સ્વતંત્રતા, સમાનતા અને ગરિમાનો અધિકાર એ "માનવ અધિકાર" છે - અને આંતરરાષ્ટ્રીય કરારો સ્પષ્ટપણે જણાવે છે કે આ અધિકારો 'અવિભાજ્ય' છે કારણ કે તેઓ વ્યક્તિઓમાં માત્ર એટલા માટે સહજ છે કારણ કે તેઓ મનુષ્ય છે

- માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ, ૧૯૯૩ - કલમ ૨(૧)(ડી). (આર. એફ. નરીમન, ન્યાયમૂર્તિ)

ભારતનું બંધારણ - અનુચ્છેદ ૨૧ - ગોપનીયતાનો અધિકાર: ગોપનીયતાનો મૂળભૂત અધિકાર, જે ઘણા વિકાસશીલ પાસાઓ ધરાવે છે, તેનો વિકાસ માત્ર કેસ-દર-કેસ આધારે જ થઈ શકે છે - જે ચોક્કસ પાસા પર આધાર રાખવામાં આવે છે તેના આધારે, કાં તો અનુચ્છેદ ૨૧ પોતે અથવા અન્ય મૂળભૂત અધિકારો સાથે મળીને આકર્ષિત થશે - પરંતુ આનો અર્થ એ નથી કે આવો અધિકાર સંપૂર્ણ છે - આ અધિકાર કાયદેસરના રાજ્ય હિતો અથવા જાહેર હિતના રક્ષણ માટે રાજ્ય દ્વારા બનાવવામાં આવેલા વાજબી નિયમોને આધીન છે - જોકે, જ્યારે આ અધિકાર પરના પ્રતિબંધોની વાત આવે છે, ત્યારે જે વિવિધ અનુચ્છેદો સાથે આ અધિકાર સંબંધિત છે તેની પ્રક્રિયાનું ચુસ્તપણે પાલન કરવું આવશ્યક છે - વ્યક્તિગત, સામાજિક અને રાજ્યના હિતો વચ્ચે સાધવાની થતી સંતુલન કવાયત ન્યાયિક માનસની તાલીમ અને કુશળતા પર છોડવી જોઈએ. (આર. એફ. નરીમન, ન્યાયમૂર્તિ)

ભારતનું બંધારણ - અનુચ્છેદ ૨૧ - ગોપનીયતાનો અધિકાર: બંધારણના આમુખમાં "સ્વતંત્રતા" વિચાર, અભિવ્યક્તિ, માન્યતા, શ્રદ્ધા અને ઉપાસનાની હોવાનું કહેવાય છે - આ મુખ્ય મૂલ્ય સમગ્ર મૂળભૂત અધિકારોના પ્રકરણમાં વ્યાપેલું જોવા મળે છે - પરંતુ સૌથી મહત્વનું બંધુતાનું મુખ્ય મૂલ્ય છે જે વ્યક્તિની ગરિમાની ખાતરી આપે છે - વ્યક્તિની ગરિમામાં વ્યક્તિના તેની

સંપૂર્ણ સંભાવના સુધી વિકાસ કરવાના અધિકારનો સમાવેશ થાય છે - અને આ વિકાસ ત્યારે જ થઈ શકે છે જો કોઈ વ્યક્તિ પાસે મૂળભૂત વ્યક્તિગત પસંદગીઓ પર સ્વાયત્તતા હોય અને વ્યક્તિગત માહિતીના પ્રસાર પર નિયંત્રણ હોય જે આવી માહિતીના અનધિકૃત ઉપયોગ દ્વારા ઉલ્લંઘિત થઈ શકે છે - મૂળભૂત અધિકારોના પ્રકરણમાં અન્ય કોઈપણ અનુચ્છેદ કરતાં અનુચ્છેદ ૨૧, આ દરેક બંધારણીય મૂલ્યોને સંપૂર્ણ રીતે પ્રતિબિંબિત કરે છે અને તેને આ મૂલ્યો સાથે અને આંતરરાષ્ટ્રીય કરારો સાથે સુસંગત રીતે વાંચવાનું રહેશે. (આર. એફ. નરીમન, ન્યાયમૂર્તિ)

ભારતનું બંધારણ - અનુચ્છેદ ૨૧ - ગોપનીયતાનો અધિકાર: ગોપનીયતાનો અવિભાજ્ય મૂળભૂત અધિકાર અનુચ્છેદ ૨૧ અને ભારતના બંધારણના ભાગ ૩ માં સમાવિષ્ટ અન્ય મૂળભૂત સ્વતંત્રતાઓમાં રહેલો છે - એમ. પી. શર્મા કેસ અને ખરક સિંહ કેસમાં બહુમતી, જે હદે તેઓ તેની વિરુદ્ધ દર્શાવે છે તે હદે, રદબાતલ ઠરે છે - ગોપનીયતાને મૂળભૂત અધિકાર તરીકે માન્યતા આપતા સુપ્રિમ કોર્ટના પછીના ચુકાદાઓની પુનઃવિચારણા કરવાની જરૂર નથી - તેથી આ કેસોને, અમારા દ્વારા હમણાં જ આપવામાં આવેલા ચુકાદાના પ્રકાશમાં ગુણદોષના આધારે નિર્ણય કરવા માટે આ કોર્ટના ૩ માનનીય ન્યાયમૂર્તિઓની મૂળ બેન્ચ સમક્ષ પાછા મોકલવામાં આવે છે. (આર. એફ. નરીમન, ન્યાયમૂર્તિ)

ભારતનું બંધારણ - અનુચ્છેદ ૨૧, ૧૪, ૧૯ અથવા ૨૫ - ગોપનીયતાનો અધિકાર - એમ. પી. શર્મા કેસ - ની અસર: અનુચ્છેદ ૨૧, ૧૪, ૧૯ અથવા ૨૫ હેઠળ બાંહેધરી આપવામાં આવેલા અન્ય કોઈપણ મૂળભૂત અધિકારમાં ગોપનીયતાનો અધિકાર ગર્ભિત છે કે કેમ તે પ્રશ્નની એમ. પી. શર્મા કેસમાં તપાસ કરવામાં આવી ન હતી - આમ, એમ. પી. શર્મા એવા સિદ્ધાંત માટે સત્તા નથી કે આપણા બંધારણ હેઠળ ગોપનીયતાનો કોઈ અધિકાર નથી. (જે. ચેલમેશ્વર, ન્યાયમૂર્તિ)

ભારતનું બંધારણ - અનુચ્છેદ ૨૧ - ખરક સિંહ કેસ - ની અસર: ખરક સિંહમાં બહુમતીએ એવો અભિપ્રાય લીધો હતો કે વાદગ્રસ્ત નિયમન જ્યાં સુધી તે 'રાત્રે ઘરની મુલાકાતો' માટે જોગવાઈ કરે છે ત્યાં સુધી તે ગેરબંધારણીય છે જ્યારે લઘુમતીએ અભિપ્રાય આપ્યો હતો કે વાદગ્રસ્ત નિયમન તેની સમગ્રતામાં ગેરબંધારણીય છે - ખરક સિંહમાં બહુમતીએ અભિપ્રાય આપ્યો હતો કે "ગોપનીયતાનો અધિકાર આપણા બંધારણ હેઠળ બાંહેધરીકૃત અધિકાર નથી", અને તેથી તેને અનુચ્છેદ ૨૧ માં વાંચી શકાય નહીં - બહુમતી દ્વારા અપનાવવામાં આવેલ અભિગમ અતાર્કિક છે અને સામાન્ય કાયદાના અર્થઘટનના સુસ્થાપિત સિદ્ધાંતોની પણ વિરુદ્ધ છે અને બંધારણીય અર્થઘટનના સંદર્ભમાં સંપૂર્ણપણે અયોગ્ય છે. (જે. ચેલમેશ્વર, ન્યાયમૂર્તિ)

ભારતનું બંધારણ - અનુચ્છેદ ૨૧, ૧૯(૧) - 'સ્વતંત્રતા' શબ્દપ્રયોગ - અર્થઘટન: 'સ્વતંત્રતા' શબ્દપ્રયોગ તેના વ્યાપમાં માત્ર અનુચ્છેદ ૧૯(૧)(ડી)

હેઠળ બાંહેધરી આપવામાં આવેલી મુક્તપણે હરવા-ફરવાની સ્વતંત્રતા જ નહીં, પરંતુ અનુચ્છેદ ૧૯(૧) હેઠળ ઉલ્લેખિત અન્ય દરેક સ્વતંત્રતાઓને પણ સમાવી લેવા સક્ષમ છે - વ્યક્તિગત સ્વતંત્રતા તેના વ્યાપમાં માત્ર શારીરિક નિયંત્રણોને આધીન ન હોવાનો અધિકાર જ નહીં, પરંતુ વિચાર, માન્યતા, લાગણી અને સંવેદનાની સ્વતંત્રતા અને અન્ય વિવિધ સ્વતંત્રતાઓનો પણ સમાવેશ કરે છે - 'સ્વતંત્રતા' શબ્દપ્રયોગની સૌથી મૂળભૂત સમજ એ છે કે વ્યક્તિ પોતાની ઈચ્છા મુજબ જે કરવા માંગે તે કરવાની સ્વતંત્રતા છે. (જે. ચેલમેશ્વર, ન્યાયમૂર્તિ)

ભારતનું બંધારણ - અનુચ્છેદ ૨૧ - વ્યાપ - ઠેરવ્યું: અનુચ્છેદ ૨૧ માં 'સ્વતંત્રતા' શબ્દપ્રયોગ એટલો વ્યાપક છે કે તે માત્ર અનુચ્છેદ ૧૯(૧) માં ગણાવેલી વિવિધ સ્વતંત્રતાઓને જ નહીં પરંતુ અન્ય ઘણી એવી સ્વતંત્રતાઓને પણ સમાવી લે છે જે ગણાવેલ નથી. (જે. ચેલમેશ્વર, ન્યાયમૂર્તિ)

ભારતનું બંધારણ - અનુચ્છેદ ૨૧ - ગોપનીયતાનો અધિકાર - ઠેરવ્યું: ગોપનીયતાના અધિકારમાં ત્રણ પાસાઓનો સમાવેશ થાય છે એટલે કે વિશ્રામ, આશ્રયસ્થાન અને આત્મીય નિર્ણય - આ દરેક પાસાં માનવીની સ્વતંત્રતા માટે એટલા આવશ્યક છે કે ગોપનીયતાનો અધિકાર આપણા બંધારણ દ્વારા બાંહેધરી આપવામાં આવેલી સ્વતંત્રતાનો ભાગ છે તે અંગે શંકા કરવાનું કોઈ કારણ નથી - મૂળભૂત અધિકારો એ માનવીની સ્વતંત્રતાનું નિર્માણ કરતી તે મુખ્ય સ્વતંત્રતાઓમાં રાજ્યની દખલગીરીને રોકવા માટે એકમાત્ર બંધારણીય ફાયરવોલ છે - ગોપનીયતાનો અધિકાર ચોક્કસપણે મુખ્ય સ્વતંત્રતાઓમાંની

એક છે જેનો બચાવ થવો જોઈએ - તે અનુચ્છેદ ૨૧ માં તે શબ્દપ્રયોગના અર્થમાં સ્વતંત્રતાનો એક ભાગ છે. (જે. ચેલમેશ્વર, ન્યાયમૂર્તિ)

ભારતનું બંધારણ - અનુચ્છેદ ૨૧ - ગોપનીયતાનો અધિકાર, મર્યાદાઓ - ઠેરવ્યું: કોઈપણ કાનૂની અધિકાર સંપૂર્ણ હોઈ શકે નહીં - દરેક અધિકારની મર્યાદાઓ હોય છે - તેથી, ગોપનીયતાના મૂળભૂત અધિકારની પણ મર્યાદાઓ છે - દાવો કરાયેલ ગોપનીયતા હિતના સ્વરૂપના આધારે કેસ-દર-કેસ ધોરણે મર્યાદાઓ ઓળખવાની રહે છે - ગોપનીયતાના અધિકારને મર્યાદિત કરવાના વિકલ્પો છે: (૧) અનુચ્છેદ ૨૧ મુજબ મર્યાદા માટે ન્યાયી, વાજબી અને વ્યાજબી આધાર (એટલે કે મૂળભૂત યોગ્ય કાનૂની પ્રક્રિયા) અને (૨) અનુચ્છેદ ૨૧ મુજબ મર્યાદા માટે ન્યાયી, વાજબી અને વ્યાજબી આધાર (એટલે કે મૂળભૂત યોગ્ય કાનૂની પ્રક્રિયા) વત્તા 'પ્રબળ રાજ્ય હિત' નું અસ્પષ્ટ ધોરણ. (જે. ચેલમેશ્વર, ન્યાયમૂર્તિ)

ભારતનું બંધારણ - અનુચ્છેદ ૨૧ - ગોપનીયતાનો અવિભાજ્ય બંધારણીય અધિકાર બંધારણના ભાગ ૩ માં સમાવિષ્ટ છે: એમ. પી. શર્મા અને ખરક સિંહમાં બહુમતી અભિપ્રાય જે હદે વિરુદ્ધ નિર્દેશ કરે છે તે હદે રદબાતલ ઠરે છે - ગોપનીયતાનો અધિકાર માનવ સ્વતંત્રતાના તમામ અમલીકરણો સાથે અતૂટ રીતે જોડાયેલો છે, બંને રીતે કે જેમ તે સમગ્ર ભાગ ૩ માં વિશિષ્ટ રીતે ગણાવેલ છે, અને જેમ તે અનુચ્છેદ ૨૧ હેઠળ શેષમાં બાંહેધરીકૃત છે - તે ભાગ ૩ ના વિવિધ અનુચ્છેદોમાં વહેંચાયેલો છે અને, યોગ્ય ફેરફારો સાથે, તેનું ઉલ્લંઘન

જેના ભોગવટામાં ઘટાડો કરે છે તે સ્વરૂપ ધારણ કરે છે - અનુચ્છેદ ૧૨ ના 'રાજ્ય' ના વર્ણન હેઠળ આવતી સંસ્થા દ્વારા ગોપનીયતામાં કોઈપણ દખલગીરીએ તે કસોટીઓને સંતોષવી પડશે જે ભાગ ૩ ની જે પણ એક કે તેથી વધુ સ્વતંત્રતાઓને આ દખલ અસર કરે છે તેને લાગુ પડે છે. (એસ. એ. બોબડે, ન્યાયમૂર્તિ)

ભારતનું બંધારણ - અનુચ્છેદ ૨૧ - ગોપનીયતાનો ગરિમા અને સ્વતંત્રતા સાથેનો સંબંધ: ગોપનીયતાના અધિકાર માટેનું પ્રથમ અને કુદરતી ઘર અનુચ્છેદ ૨૧ માં 'વ્યક્તિગત સ્વતંત્રતા' અને ખુદ જીવનના હાર્દમાં છે - સ્વતંત્રતા અને ગોપનીયતા એક એવી રીતે અભિન્ન રીતે જોડાયેલા છે કે ગોપનીયતા એ ઘણીવાર વ્યક્તિગત સ્વતંત્રતાના અધિકારના ઉપયોગ માટે જરૂરી મૂળભૂત શરત હોય છે - એવી અસંખ્ય પ્રવૃત્તિઓ છે જે જ્યાં સુધી કોઈ વ્યક્તિને એકલી છોડી દેવામાં ન આવે અથવા અન્યથા તેની ગોપનીયતા સુનિશ્ચિત કરવા માટે સશક્ત કરવામાં ન આવે ત્યાં સુધી તે કરવા માટે વર્ચ્યુઅલ રીતે અસમર્થ હોય છે અને ઘણા કિસ્સાઓમાં ગરિમા સાથે થઈ શકતી નથી - બાંહેધરીકૃત સ્વતંત્રતાઓને સક્ષમ કરનાર તરીકે ગોપનીયતા તેના માનસિક અને શારીરિક બંને પાસાઓમાં જરૂરી છે - તે જોવું મુશ્કેલ છે કે ગરિમા, જેનું બંધારણીય મહત્વ આમુખ દ્વારા અને અન્ય અધિકારોની સાથે અનુચ્છેદ ૨૧ ના વિવરણમાં સુપ્રિમ કોર્ટ દ્વારા સ્વીકારવામાં આવ્યું છે, તે ગોપનીયતા વિના વ્યક્તિને કેવી રીતે ખાતરીપૂર્વક આપી શકાય - ગરિમા અને ગોપનીયતા બંને ગાઢ રીતે જોડાયેલા છે અને વ્યક્તિઓના જન્મ અને મૃત્યુ માટે, અને આ ઘટનાઓ વચ્ચે જીવનની ઘણી મહત્વપૂર્ણ ઘટનાઓ

માટે કુદરતી પરિસ્થિતિઓ છે - તેથી, અનિવાર્યપણે, ગોપનીયતાનો અધિકાર અનુચ્છેદ ૨૧ હેઠળ 'જીવન' અને 'વ્યક્તિગત સ્વતંત્રતા' બંનેનો એક અભિન્ન ભાગ છે, અને તેનો ઉદ્દેશ્ય અધિકાર ધારકને તેની સંપૂર્ણ સંભાવનાનો વિકાસ કરવા સક્ષમ બનાવવાનો છે જે માત્ર આમુખમાં તેમજ સમગ્ર ભાગ ૩ માં વ્યક્ત કરાયેલા બંધારણીય મૂલ્યો સાથે સુસંગત રીતે જ શક્ય બને છે. (એસ. એ. બોબડે, ન્યાયમૂર્તિ)

ભારતનું બંધારણ - જીવન જીવવાનો અધિકાર: જીવન કે સ્વતંત્રતા એ રાજ્ય દ્વારા આપવામાં આવેલી ભેટ નથી કે ન તો બંધારણ આ અધિકારોનું સર્જન કરે છે - જીવન જીવવાનો અધિકાર બંધારણના આગમન પહેલાં પણ અસ્તિત્વમાં હતો - અધિકારને માન્યતા આપવામાં, બંધારણ આ અધિકારનું એકમાત્ર સંગ્રહસ્થાન બનતું નથી. (ડૉ. ડી. વાય. ચંદ્રચૂડ, ન્યાયમૂર્તિ)

ભારતનું બંધારણ - મૂળભૂત યોગ્ય કાનૂની પ્રક્રિયા (સબસ્ટેન્ટિવ ડ્યુ પ્રોસેસ): અનુચ્છેદ ૨૧ ના મુસદ્દાની આસપાસનો ઈતિહાસ અને અનુચ્છેદ ૨૧ ના મૂળ મુસદ્દામાં કરવામાં આવેલા ફેરફારોની ચર્ચા કરવામાં આવી - જીવન અથવા વ્યક્તિગત સ્વતંત્રતાના અધિકાર પર તરાપ મારતા કાયદાઓની માન્યતા સામે મૂળભૂત પડકાર - કેસ લો પર ચર્ચા કરવામાં આવી. (ડૉ. ડી. વાય. ચંદ્રચૂડ, ન્યાયમૂર્તિ)

ભારતનું બંધારણ - વિશ્વનું અને ભારતનું બંધારણ: કોઈપણ દેશનું બંધારણ તેના બંધારણ ઘડવાની જવાબદારી સોંપવામાં આવેલી પસંદગીની

કેટલીક વ્યક્તિઓની ભાષા દ્વારા વ્યક્ત કરાયેલી તે દેશના લોકોની આકાંક્ષાઓ અને લક્ષ્યોને પ્રતિબિંબિત કરે છે - આવી આકાંક્ષાઓ અને લક્ષ્યો તે સમાજના ઇતિહાસ પર આધાર રાખે છે - ઇતિહાસ હંમેશા ધાર્મિક, આર્થિક અને રાજકીય ઘટનાઓમાંથી ઉદ્ભવતા વિવિધ પરિબળોનું પરિણામ છે - કોઈપણ દેશનું બંધારણ એવો દસ્તાવેજ છે જેમાં શાસનના તેના વિવિધ પાસાઓના નિયમોનો ઉલ્લેખ કરતી જોગવાઈઓ હોય છે - તે ધારાસભાની સત્તાઓ અને કાયદો ઘડવાની પ્રક્રિયાઓ, ધારાસભા દ્વારા બનાવેલા કાયદાનો અમલ કરીને રાજ્યનો વહીવટ કરવાની કારોબારીની સત્તાઓ અને ન્યાયતંત્રની સત્તાઓને વ્યાખ્યાયિત કરે છે - અંતર્ગત માન્યતા એ છે કે કોઈપણ દેશના બંધારણમાં તે દેશના લોકોના અમુક મુખ્ય રાજકીય મૂલ્યો અને માન્યતાઓ હોય છે જેની સાથે સામાન્ય રીતે ક્ષણિક લોકપ્રિય અભિપ્રાય દ્વારા હળવાશથી છેડછાડ કરી શકાતી નથી. (જે. ચેલમેશ્વર, ન્યાયમૂર્તિ)

ભારતનું બંધારણ - ગોપનીયતા અધિકારોના સ્વરૂપો - સામાન્ય કાયદાકીય અધિકાર અને મૂળભૂત અધિકાર - વચ્ચેનો તફાવત - ઠેરવ્યું: સામાન્ય કાયદાકીય અધિકારો તેમના અમલમાં આડા હોય છે જ્યારે સાથી માનવી દ્વારા તેમનું ઉલ્લંઘન કરવામાં આવે છે, ત્યારે સામાન્ય અદાલતમાં તેનું નામ આપી શકાય છે અને તેની સામે કાર્યવાહી કરી શકાય છે - બીજી બાજુ, બંધારણીય અને મૂળભૂત અધિકારો, 'રાજ્ય' દ્વારા એક અમૂર્ત સંસ્થા તરીકે, કાયદા દ્વારા કે અન્યથા, તેમજ રાજ્યની સત્તાઓ ધરાવતી વ્યક્તિઓ તરીકે

ઓળખી શકાય તેવા જાહેર અધિકારીઓ દ્વારા મૂલ્યવાન હિતના ઉલ્લંઘન સામે ઉપાય પૂરો પાડે છે - જ્યાં માન્યતા પ્રાપ્ત હિતમાં દખલગીરી રાજ્ય અથવા અનુચ્છેદ ૧૨ દ્વારા માન્યતા પ્રાપ્ત અન્ય સમાન સંસ્થા દ્વારા કરવામાં આવે છે, ત્યાં મૂળભૂત અધિકારના ઉલ્લંઘન માટે દાવો ટકી શકે છે - જ્યાં સમાન દખલગીરીનો કર્તા બિન-રાજ્ય તત્વ હોય, ત્યાં સામાન્ય અદાલતમાં સામાન્ય કાયદા હેઠળ કાર્યવાહી ટકી શકે છે. (એસ. એ. બોબડે, ન્યાયમૂર્તિ)

ભારતનું બંધારણ - ગોપનીયતા - શું એકાંત એ ગોપનીયતા માટે આવશ્યક છે - ઠેરવ્યું: ગોપનીયતાને એકાંત તેમજ વિશ્રામ, એકલતા, ગુપ્તતા અને ખાનગીપણા, અને આત્મીયતા જેવા વિચારો સાથે ઊંડો સંબંધ છે - પરંતુ આનો અર્થ એવો નથી કે એકાંત હંમેશા ગોપનીયતા માટે આવશ્યક છે - ખાનગી રીતે વસ્તુઓ કરવાની વ્યક્તિની સ્વતંત્રતાના આ અર્થમાં છે કે વ્યક્તિઓનું જૂથ, ભલે ગમે તેટલું મોટું હોય, તે પોતાની જાતને અન્યોથી અલગ રાખવા અને ખાનગી રહેવા માટે હકદાર છે. (એસ. એ. બોબડે, ન્યાયમૂર્તિ)

ભારતનું બંધારણ - ભાગ ૩: ભાગ ૩ માંની કોઈપણ બાંહેધરીઓના ભોગવટા માટે ગોપનીયતા એ જરૂરી પૂર્વશરત છે - પરિણામે, જ્યારે બંધારણીય અદાલતો સમક્ષ અધિકાર ધારકો દ્વારા દાવો કરવામાં આવે છે, ત્યારે ગોપનીયતાનો અધિકાર માત્ર અનુચ્છેદ ૨૧ માં જ નહીં, પરંતુ તે જ સાથે ભાગ ૩ માંની અન્ય કોઈપણ બાંહેધરીઓમાં પણ સ્થિત હોઈ શકે છે. (એસ. એ. બોબડે, ન્યાયમૂર્તિ)

ભારતનું બંધારણ: કોઈપણ વ્યક્તિની ગોપનીયતાનો અધિકાર એ અનિવાર્યપણે એક કુદરતી અધિકાર છે, જે દરેક માનવીમાં જન્મથી સહજ છે અને જ્યાં સુધી તે અંતિમ શ્વાસ ન લે ત્યાં સુધી માનવી સાથે રહે છે - તે ખરેખર માનવીથી અવિભાજ્ય અને અખંડ છે - આવી યોગ્યતા વિના ગરિમાપૂર્ણ અર્થપૂર્ણ જીવનનો આનંદ માણતી વ્યક્તિની કલ્પના કરી શકાતી નથી - જોકે, તે સંપૂર્ણ અધિકાર નથી પરંતુ અમુક વાજબી પ્રતિબંધોને આધીન છે, જેને કાયદા અનુસાર સામાજિક, નૈતિક અને પ્રબળ જાહેર હિતના આધારે લાદવા માટે રાજ્ય હકદાર છે. (અભય મનોહર સપ્રે, ન્યાયમૂર્તિ)

ભારતનું બંધારણ - વ્યક્તિની ગરિમા: બંધારણનું આમુખ વ્યક્તિની ગરિમા પર ભાર મૂકે છે - "ગરિમા" શબ્દપ્રયોગ તેની સાથે નૈતિક અને આધ્યાત્મિક અર્થો ધરાવે છે - તે દરેક નાગરિકના વ્યક્તિત્વનું સન્માન કરવાની અને એવી પરિસ્થિતિઓનું નિર્માણ કરવાની કેન્દ્ર સરકારની ફરજ પણ સૂચવે છે જેમાં દરેક નાગરિક પોતાને શોધવા અને સ્વ-પરિપૂર્ણતા પ્રાપ્ત કરવા માટે મુક્ત રહે - વ્યક્તિની ગરિમા, તેથી, હંમેશા બંધુતાનું મુખ્ય ઘટક માનવામાં આવે છે, જે દરેક વ્યક્તિને ગરિમાની ખાતરી આપે છે. (અભય મનોહર સપ્રે, ન્યાયમૂર્તિ)

ભારતનું બંધારણ - રાષ્ટ્રની એકતા અને અખંડિતતા: દરેક વ્યક્તિગત નાગરિકની ગરિમાની બાંહેધરી આપવામાં ન આવે ત્યાં સુધી રાષ્ટ્રની એકતા અને અખંડિતતા ટકી શકે નહીં - આમુખમાં સમાવિષ્ટ "સ્વતંત્રતા", "સમાનતા" અને "બંધુતા" શબ્દપ્રયોગો અલગ એકમો નથી - નાગરિકોના અધિકારો સાથે કામ

કરતી વખતે તેમને એકબીજાની સાથે મૂકીને વાંચવાના રહેશે. (અભય મનોહર સપ્રે, ન્યાયમૂર્તિ)

ભારતનું બંધારણ - ગોપનીયતાનો અધિકાર: ગોપનીયતા એ માત્ર સામાન્ય કાયદાકીય અધિકાર નથી, પરંતુ ભારતના બંધારણના ભાગ ૩ માં આવતો એક મૂળભૂત અધિકાર છે - જોકે જ્યારે બંધારણની વિચારણા કરવામાં આવી રહી હતી ત્યારે ગોપનીયતા જેવો મુદ્દો આટલા સ્તરનું મહત્વ પ્રાપ્ત કરશે તેવી ક્યારેય ધારણા કરી શકાઈ ન હતી, છતાં આજે, આપણે જે સમયમાં જીવીએ છીએ, તે જરૂરી બનાવે છે કે તેને માત્ર એક મૂલ્યવાન અધિકાર તરીકે જ નહીં, પરંતુ બંધારણીય ન્યાયશાસ્ત્રમાં મૂળભૂત અધિકાર તરીકે માન્યતા આપવામાં આવે - બંધારણ અને તેની સર્વસમાવેશક ભાવના હંમેશા વિકાસ પામે છે પરંતુ ક્યારેય વૃદ્ધ થતી નથી. (સંજય કિશન કૌલ, ન્યાયમૂર્તિ)

ભારતનું બંધારણ - ડેટા નિયમન - રાજ્યની ફરજ - ઠેરવ્યું: રાજ્યએ સુનિશ્ચિત કરવું જોઈએ કે વપરાશકર્તાઓની સંમતિ વિના માહિતીનો ઉપયોગ કરવામાં ન આવે અને તેનો ઉપયોગ તે હેતુ માટે અને તે હદ સુધી કરવામાં આવે કે જે હદ સુધી તે જાહેર કરવામાં આવી હતી. (સંજય કિશન કૌલ, ન્યાયમૂર્તિ)

ભારતનું બંધારણ - ગોપનીયતાનો અધિકાર એ મૂળભૂત અધિકાર છે: તે એક એવો અધિકાર છે જે રાજ્ય અને બિન-રાજ્ય બંને તત્વોની દખલગીરીથી વ્યક્તિના આંતરિક ક્ષેત્રનું રક્ષણ કરે છે અને વ્યક્તિઓને સ્વાયત્ત જીવન પસંદગીઓ કરવાની મંજૂરી આપે છે - ટેકનોલોજીએ નાગરિકના દરવાજે ટકોરા

માર્યા વિના તેના ઘરમાં પ્રવેશવાનું શક્ય બનાવ્યું છે અને આ રાજ્ય અને બિન-રાજ્ય બંને તત્વો દ્વારા સમાન રીતે શક્ય છે - તેના ઘરમાં કોણ પ્રવેશ કરે છે, તે કેવી રીતે રહે છે અને કયા સંબંધમાં રહે છે તે વ્યક્તિગત પસંદગી છે - ઘરની ગોપનીયતાએ કુટુંબ, લગ્ન, પ્રજોત્પાદન અને લૈંગિક અભિગમનું રક્ષણ કરવું જોઈએ જે તમામ ગરિમાના મહત્વપૂર્ણ પાસાઓ છે - જો વ્યક્તિ કોઈને ઘરમાં પ્રવેશવાની મંજૂરી આપે છે તો તેનો અર્થ એ નથી કે અન્ય લોકો ઘરમાં પ્રવેશી શકે છે - એકમાત્ર નિયંત્રણ અને સંતુલન એ છે કે તે અન્ય વ્યક્તિને નુકસાન પહોંચાડવું જોઈએ નહીં અથવા તેના અધિકારોને અસર કરવી જોઈએ નહીં - આ ભૌતિક સ્વરૂપ અને ટેકનોલોજી બંનેને લાગુ પડે છે - એવા યુગમાં જ્યાં વ્યાપક, વૈવિધ્યસભર, સામાજિક અને સાંસ્કૃતિક ધોરણો છે અને ખાસ કરીને આપણા જેવા દેશમાં જે પોતાની વિવિધતા પર ગર્વ અનુભવે છે, ગોપનીયતા એ રાજ્ય અને બિન-રાજ્ય બંને તત્વો સામે રક્ષણ મેળવવા અને મૂળભૂત અધિકાર તરીકે ઓળખવા માટેનો સૌથી મહત્વપૂર્ણ અધિકાર છે - ત્યારબાદ તે અન્ય મૂળભૂત અધિકારો સાથેના તેના આંતરસંબંધમાં કેવી રીતે કાર્ય કરે છે અને આવા પ્રતિબંધો ક્યારે જરૂરી બનશે તે દરેક કેસની વાસ્તવિક પરિસ્થિતિ પર આધાર રાખશે - તેનાથી વધુ મુકદ્દમા ઉદ્ભવી શકે છે તે આ મહત્વપૂર્ણ, કુદરતી, આદિ અધિકારને મૂળભૂત અધિકાર તરીકે માન્યતા ન આપવાનું ભાગ્યે જ કોઈ કારણ હોઈ શકે છે. (સંજય કિશન કૌલ, ન્યાયમૂર્તિ)

ભારતનું બંધારણ - લોકપ્રિય સ્વીકૃતિની કસોટી: બંધારણીય અધિકારોની બાંહેધરી તેમના ઉપયોગને બહુમતી અભિપ્રાય દ્વારા અનુકૂળ રીતે ગણવામાં આવે છે તેના પર નિર્ભર નથી - લોકપ્રિય સ્વીકૃતિની કસોટી એવા અધિકારોને અવગણવા માટે માન્ય આધાર પૂરો પાડતી નથી જે બંધારણીય સંરક્ષણની પવિત્રતા સાથે આપવામાં આવ્યા છે - વિશિષ્ટ અને અલગ રહેતી લઘુમતીઓ માત્ર એ સામાન્ય કારણસર ભેદભાવના ગંભીર જોખમોનો સામનો કરે છે કે તેમના મંતવ્યો, માન્યતાઓ અથવા જીવનશૈલી 'મુખ્ય પ્રવાહ' સાથે મેળ ખાતી નથી - છતાં કાયદાના શાસન પર સ્થપાયેલા લોકતાંત્રિક બંધારણમાં, તેમના અધિકારો અન્ય નાગરિકોને તેમની સ્વતંત્રતાઓ અને મુક્તિઓના રક્ષણ માટે આપવામાં આવેલા અધિકારો જેટલા જ પવિત્ર છે. (ડૉ. ડી. વાય. ચંદ્રચૂડ, ન્યાયમૂર્તિ)

ભારતનું બંધારણ - ગોપનીયતાનો અધિકાર - બહુમતીવાદી વિભાવના - ઠેરવ્યું: જો વસ્તીનો માત્ર એક નાનકડો અંશ પ્રભાવિત થતો હોય તો પણ ગોપનીયતાના અધિકારનો ઇનકાર કરી શકાય નહીં - બહુમતીવાદી વિભાવના બંધારણીય અધિકારોને લાગુ પડતી નથી અને ભારતના બંધારણ હેઠળ કલ્પના કરાયેલ સત્તાના નિયંત્રણ અને સંતુલનમાં, અદાલતોને જેને બિન-બહુમતીવાદી દ્રષ્ટિકોણ તરીકે વર્ગીકૃત કરી શકાય તેવું વલણ અપનાવવાનું ઘણીવાર કહેવામાં આવે છે. (સંજય કિશન કૌલ, ન્યાયમૂર્તિ)

ભારતનું બંધારણ - એક જીવંત દસ્તાવેજ: બંધારણ કોઈ ચોક્કસ સમયગાળા માટે અથવા ચોક્કસ પેઢી માટે ઘડવામાં આવ્યું ન હતું - તે હંમેશ માટે અડગ રહેવા માટે ઘડવામાં આવ્યું હતું - તેણે મોન્ટેસ્ક્યુઅન માળખું બનાવવાનો પ્રયાસ કર્યો જે યુદ્ધ અને શાંતિ બંને સમયે પ્રશંસનીય રહેશે - બંધારણના ઘડવૈયાઓ એ હકીકતથી વાકેફ હતા કે યુગના પ્રવાહો સાથે તાલ મિલાવવા માટે બંધારણમાં ફેરફારની જરૂર પડશે - આ જ કારણ હતું કે બંધારણના પાઠ્યમાં ભાગ ૨૦ ના અનુચ્છેદ ૩૬૮ માં અપ્રતિબંધિત સુધારા સત્તાનો સમાવેશ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. (સંજય કિશન કૌલ, ન્યાયમૂર્તિ)

ભારતનું બંધારણ - અનુચ્છેદ ૧૪૫(૩) - બંધારણનું અર્થઘટન: જ્યારે બંધારણના અર્થઘટન અંગેનો કોઈ મહત્વપૂર્ણ પ્રશ્ન ઉદ્ભવે છે, ત્યારે અનુચ્છેદ ૧૪૫(૩) હેઠળ માત્ર સુપ્રિમ કોર્ટે જ નક્કી કરવાનું છે કે બંધારણનું અર્થઘટન શું હશે, અને આ હેતુ માટે બંધારણ આ કાર્ય સુપ્રિમ કોર્ટના ઓછામાં ઓછા પ ન્યાયમૂર્તિઓને સોંપે છે. (આર. એફ. નરીમન, ન્યાયમૂર્તિ)

આંતરરાષ્ટ્રીય કાયદો - ભારતની પ્રતિબદ્ધતા: જ્યાં આંતરરાષ્ટ્રીય કાયદો અને સ્થાનિક કાયદા વચ્ચે વિરોધાભાસ હોય, ત્યાં કોર્ટ સ્થાનિક કાયદાને અસર આપશે - પ્રસ્તુત કેસમાં, ભારત દ્વારા સ્વીકારવામાં આવેલી આંતરરાષ્ટ્રીય જવાબદારીઓ અને બંધારણ વચ્ચે કોઈ વિરોધાભાસ નથી - કોર્ટ સરળતાથી કોઈ વિસંગતતાનું અનુમાન કરશે નહીં - તેનાથી વિપરીત, બંધારણીય

જોગવાઈઓનું એવી રીતે વાંચન અને અર્થઘટન થવું જોઈએ જે વૈશ્વિક માનવ અધિકાર વ્યવસ્થા સાથે તેમની સુસંગતતા વધારે - ભારત આંતરરાષ્ટ્રીય સમુદાયનું એક જવાબદાર સભ્ય છે અને કોર્ટે એવું અર્થઘટન અપનાવવું જોઈએ જે દેશ દ્વારા કરવામાં આવેલી આંતરરાષ્ટ્રીય પ્રતિબદ્ધતાઓનું પાલન કરે, ખાસ કરીને જ્યાં તેના બંધારણીય અને વૈધાનિક આદેશો કોઈ વિચલન દર્શાવતા નથી. (ડૉ. ડી. વાય. ચંદ્રચૂડ, ન્યાયમૂર્તિ)

આંતરરાષ્ટ્રીય કાયદો - બંધનકર્તા અસર - ઠેરવ્યું: સ્થાનિક કાયદામાં કોઈપણ વિશિષ્ટ મનાઈની ગેરહાજરીમાં, આંતરરાષ્ટ્રીય કાયદો ભારતીય કાયદાનો એક ભાગ બને છે અને પરિણામે તેને આપણા મૂળભૂત અધિકારોમાં અથવા તેના ભાગ તરીકે વાંચવો જોઈએ. (આર. એફ. નરીમન, ન્યાયમૂર્તિ)

બંધારણનું અર્થઘટન - બંધારણ સભા અને ગોપનીયતા - મૂળવાદી અર્થઘટનની મર્યાદાઓ: બંધારણનું અર્થઘટન તેની મૂળ સમજણ સુધી સીમિત રાખી શકાય નહીં - વર્તમાન અને ભવિષ્યની આકાંક્ષાઓ અને પડકારોને પહોંચી વળવા માટે બંધારણ વિકસિત થયું છે અને સતત વિકસિત થવું જોઈએ - બે દાયકાના ગાળામાં અલગ પડેલા બે વિશ્વયુદ્ધોમાં સરમુખત્યારશાહી શાસનો દ્વારા માનવ અધિકારોના વ્યાપક દુરુપયોગથી ઘડવૈયાઓ વાકેફ હતા - સંસ્થાનવાદી શાસન હેઠળ સહન કરવામાં આવેલા અન્યાય અને તાજેતરમાં ભાગલાની ભયાનકતાથી પણ ઘડવૈયાઓ સમાન રીતે વાકેફ હતા - માનવ વેદનાની પૃષ્ઠભૂમિએ કાયદાના શાસન પર આધારિત શાસન વ્યવસ્થા જાળવી રાખવાનું

એક કારણ પૂરું પાડ્યું જે મૂળભૂત સ્વતંત્રતાઓના ઉલ્લંઘન સામે લોકતાંત્રિક જવાબદારીને આધીન હશે - આપણા બંધારણીય ઈતિહાસ દરમિયાન મૂળભૂત અધિકારોનું તત્વ વિકસિત થયું અને પૂર્વવર્તી ચુકાદાઓમાં પ્રગટ થતા ઈતિહાસના સંક્ષિપ્ત સંદર્ભ વિના સ્વતંત્રતા અને ગરિમા સાથેના તેના સંબંધની સાથે ગોપનીયતાના મુદ્દાઓની કોઈપણ ચર્ચા અધૂરી ગણાશે - મૂળભૂત અધિકારોમાં સમાવિષ્ટ સ્વતંત્રતાઓ અને મુક્તિઓની બાંહેધરી આપીને, બંધારણે કુદરતી અધિકારોનું રક્ષણ કર્યું છે અને તેમના અસ્તિત્વને ઘટાડવાના પ્રયાસોથી તેમને સુરક્ષિત કર્યા છે. (ડૉ. ડી. વાય. ચંદ્રચૂડ, ન્યાયમૂર્તિ)

બંધારણનું અર્થઘટન: બંધારણ એ એક પવિત્ર જીવંત દસ્તાવેજ છે અને તેથી, સમાજની બદલાતી જરૂરિયાતોને આધારે તેની જોગવાઈઓના યોગ્ય અર્થઘટનને પાત્ર છે - બંધારણની કોઈપણ જોગવાઈનું અર્થઘટન કરતી વખતે, ખામીના ઉપાય તરીકે અથવા/અને કેસ મુજબ સંબંધિત જોગવાઈનો સાચો અર્થ શોધવા માટે બંધારણના આમુખ પર આધાર રાખી શકાય છે. (અભય મનોહર સપ્રે, ન્યાયમૂર્તિ)

બંધારણનું અર્થઘટન - બંધારણ સાથે વ્યવહાર કરતી વખતે પરિવર્તનશીલતાના સિદ્ધાંતની આવશ્યકતા: કેસ લો પર ચર્ચા કરવામાં આવી. (સંજય કિશન કૌલ, ન્યાયમૂર્તિ)

ગોપનીયતા - ગોપનીયતા એ કોઈ ઉચ્ચ વર્ગનું સર્જન નથી: ગોપનીયતા એ કેટલાક લોકો માટેનો વિશેષાધિકાર નથી - સામાજિક વર્ગ અથવા આર્થિક

સ્થિતિને ધ્યાનમાં લીધા વિના સમાજની દરેક વ્યક્તિ તે આત્મીયતા અને સ્વાયત્તતા માટે હકદાર છે જેનું ગોપનીયતા રક્ષણ કરે છે. (ડૉ. ડી. વાય. ચંદ્રચૂડ, ન્યાયમૂર્તિ)

ગોપનીયતા - ગોપનીયતા માત્ર સામાન્ય કાયદાકીય અધિકાર નથી: બંધારણ આ અધિકારને માત્ર એટલા માટે માન્યતા આપે છે કારણ કે તે મૂળભૂત મુક્તિ અથવા સ્વતંત્રતાનું એક આનુષંગિક પાસું છે જેને મુસદ્દાકારે એટલું મહત્વપૂર્ણ માન્યું હતું કે બંધારણીય સંરક્ષણની જરૂર પડે - એકવાર ગોપનીયતાને જીવન, વ્યક્તિગત સ્વતંત્રતા અને બંધારણના ભાગ 3 ની જોગવાઈઓ દ્વારા બાંહેધરી આપવામાં આવેલી સ્વતંત્રતાઓના રક્ષણનું એક આનુષંગિક પાસું માનવામાં આવે, પછી ગોપનીયતા એ માત્ર સામાન્ય કાયદા હેઠળનો અધિકાર છે તેવી રજૂઆત ગેરમાર્ગે દોરનારી છે - કેન્દ્રીય વિષય એ છે કે ગોપનીયતા એ જીવન, વ્યક્તિગત સ્વતંત્રતા અને ભાગ 3 દ્વારા બાંહેધરી આપવામાં આવેલી સ્વતંત્રતાઓનો આંતરિક ભાગ છે જે તેને બંધારણીય સિદ્ધાંતના મુખ્ય ભાગ તરીકે રક્ષણ મેળવવા માટે હકદાર બનાવે છે - બંધારણ દ્વારા ગોપનીયતાનું રક્ષણ તેને વૈધાનિક કાયદાની અનિશ્ચિતતાઓમાંથી મુક્ત કરે છે જે બહુમતીવાદી સરકાર માટે ખુલ્લા કાયદાકીય રદબાતલના વ્યાપને આધીન છે. (ડૉ. ડી. વાય. ચંદ્રચૂડ, ન્યાયમૂર્તિ)

ગોપનીયતા - અન્ય અધિકારક્ષેત્રોમાં ગોપનીયતાની વિભાવના: દરેક દેશ તેના પોતાના બંધારણીય અને કાનૂની માળખા દ્વારા સંચાલિત થાય છે -

બંધારણીય માળખાને ઈતિહાસ, સંસ્કૃતિ, રાજકીય સિદ્ધાંત અને મૂલ્યો સાથે કાયમી સંબંધ છે જેને સમાજ તેના સ્થાપક સિદ્ધાંતો તરીકે માને છે - તેથી વિદેશી ચુકાદાઓ સાવચેતીપૂર્વક વાંચવા જોઈએ જેથી ખાતરી થાય કે લખાણને તેના સંદર્ભથી અલગ કરીને વાંચવામાં ન આવે. (ડૉ. ડી. વાય. ચંદ્રચૂડ, ન્યાયમૂર્તિ)

ગોપનીયતા - ગોપનીયતા પર તુલનાત્મક કાયદો (ઇંગ્લેન્ડ, યુએસ, દક્ષિણ આફ્રિકા, કેનેડા, માનવ અધિકાર માટેની યુરોપિયન કોર્ટ અને આંતર-અમેરિકન માનવ અધિકાર અદાલતમાંથી): ગોપનીયતા સિદ્ધાંતની વિવિધ ટીકાઓ - બોર્ક, પોસ્નર અને નારીવાદી ટીકાકારો તરફથી - ચર્ચા કરવામાં આવી. (ડૉ. ડી. વાય. ચંદ્રચૂડ, ન્યાયમૂર્તિ)

ગોપનીયતા - ગોપનીયતાના પ્રકારો: યુનિવર્સિટી ઓફ પેન્સિલવેનિયા જર્નલ ઓફ ઇન્ટરનેશનલ લોમાં પ્રકાશિત થયેલ ૨૦૧૭ માં "અ ટાઇપોલોજી ઓફ પ્રાઇવસી" શીર્ષક હેઠળના એક મહત્વપૂર્ણ લેખમાં દર્શાવવામાં આવેલા ગોપનીયતાના નવ પ્રાથમિક પ્રકારોની ચર્ચા કરવામાં આવી. (ડૉ. ડી. વાય. ચંદ્રચૂડ, ન્યાયમૂર્તિ)

ગોપનીયતા - માહિતી નિયંત્રિત કરવાનો અધિકાર: ગોપનીયતા અસ્વસ્થ સામાજિક પરિસ્થિતિઓને રોકવામાં અને સામાજિક ઘર્ષણ ઘટાડવામાં મદદ કરે છે - વિવિધ સુવિધાઓ અને સેવાઓ માટે વ્યક્તિગત ડેટા સબમિટ કરતી વખતે વ્યક્તિને પોતાના જીવન પર નિયંત્રણ રાખવાનો અધિકાર છે - ગોપનીયતાનો

ભંગ કરતી સાચી માહિતીને પણ રક્ષણની જરૂર પડી શકે છે. (સંજય કિશન કૌલ, ન્યાયમૂર્તિ)

ગોપનીયતા - માહિતીની ગોપનીયતા - ઇન્ટરનેટ પર અસ્તિત્વને નિયંત્રિત કરવાનો અધિકાર: આ આધુનિક યુગમાં ગોપનીયતાના અધિકારમાંથી અમુક અન્ય અધિકારો ઉદ્ભવે છે જેમ કે વ્યક્તિઓનો પોતાની ઓળખ અને વ્યક્તિગત માહિતીનું વિશિષ્ટ રીતે વ્યાપારી શોષણ કરવાનો અધિકાર, 'વર્લ્ડ વાઇડ વેબ' પર પોતાના વિશે ઉપલબ્ધ માહિતીને નિયંત્રિત કરવાનો અને માત્ર મર્યાદિત હેતુઓ માટે ચોક્કસ વ્યક્તિગત માહિતીનો પ્રસાર કરવાનો અધિકાર. (સંજય કિશન કૌલ, ન્યાયમૂર્તિ)

અધિકારો - કુદરતી અને અવિભાજ્ય અધિકારો: કુદરતી અધિકારો રાજ્ય દ્વારા આપવામાં આવતા નથી - તેઓ માનવીમાં સહજ છે કારણ કે તેઓ માનવ છે - તેઓ વર્ગ, સ્તર, લિંગ અથવા અભિગમને ધ્યાનમાં લીધા વિના વ્યક્તિમાં સમાન રીતે અસ્તિત્વ ધરાવે છે. (ડૉ. ડી. વાય. ચંદ્રચૂડ, ન્યાયમૂર્તિ)

અધિકારો - કુદરતી અને અવિભાજ્ય અધિકારો - ભારતીય પરિદ્રશ્યમાં કુદરતી અને અવિભાજ્ય અધિકારોનો વિકાસ કેવી રીતે થયો: ચર્ચા કરવામાં આવી. (ડૉ. ડી. વાય. ચંદ્રચૂડ, ન્યાયમૂર્તિ)

અધિકારો - કુદરતી અને અવિભાજ્ય અધિકારો: જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતા એ અવિભાજ્ય અધિકારો છે - આ એવા અધિકારો છે જે ગરિમાપૂર્ણ

માનવ અસ્તિત્વથી અવિભાજ્ય છે - વ્યક્તિની ગરિમા, માનવો વચ્ચે સમાનતા અને સ્વતંત્રતાની શોધ એ ભારતીય બંધારણના પાયાના સ્તંભો છે. (ડૉ. ડી. વાય. ચંદ્રચૂડ, ન્યાયમૂર્તિ)

સંદર્ભ - વ્યાપ - ઠેરવ્યું: સંદર્ભ અદાલત કરાયેલા સંદર્ભથી આગળ વધી શકતી નથી અને માત્ર તે જ પ્રશ્નોના જવાબ આપવા માટે મર્યાદિત છે જે સંદર્ભિત કરવામાં આવ્યા છે. (અભય મનોહર સપ્રે, ન્યાયમૂર્તિ)

ભારત સરકાર દ્વારા એક યોજના પ્રસ્તાવિત કરવામાં આવી હતી જે સામાન્ય રીતે આધાર કાર્ડ યોજના તરીકે ઓળખાય છે. સદર યોજના હેઠળ, ભારત સરકાર વિવિધ હેતુઓ માટે ઉપયોગમાં લેવા માટે આ દેશના રહેવાસીઓના વસ્તી વિષયક અને બાયોમેટ્રિક બંને ડેટા એકત્રિત અને સંકલિત કરે છે. પ્રસ્તુત સંદર્ભમાં, સદર યોજના પર આક્ષેપનો આધાર એ છે કે આવા ડેટાનો ખૂબ જ સંગ્રહ "ગોપનીયતાના અધિકાર" નું ઉલ્લંઘન કરે છે. આ મુદ્દો માનવ અધિકારોના સંરક્ષણ પર આધારિત બંધારણીય સંસ્કૃતિના પાયા સુધી પહોંચે છે અને બંધારણીય અર્થઘટન માટે પડકારો રજૂ કરે છે.

સંદર્ભનો જવાબ આપતાં, કોર્ટે ઠેરવ્યું:

કોર્ટ દ્વારા:

(૧) એમ. પી. શર્માનો નિર્ણય જે એવું ઠેરવે છે કે ગોપનીયતાનો અધિકાર બંધારણ દ્વારા સંરક્ષિત નથી તે રદબાતલ ઠરે છે;

(૨) ખરક સિંહનો નિર્ણય જે હદે તે એવું ઠેરવે છે કે ગોપનીયતાનો અધિકાર બંધારણ દ્વારા સંરક્ષિત નથી તે હદે રદબાતલ ઠરે છે;

(૩) ગોપનીયતાનો અધિકાર અનુચ્છેદ ૨૧ હેઠળ જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાના અધિકારના આંતરિક ભાગ તરીકે અને બંધારણના ભાગ ૩ દ્વારા બાંહેધરી આપવામાં આવેલી સ્વતંત્રતાઓના ભાગ તરીકે સંરક્ષિત છે;

(૪) ખરક સિંહ પછીના નિર્ણયો જે ઉપરોક્ત (૩) માં સ્થિતિ દર્શાવે છે તે કાયદાની સાચી સ્થિતિ નક્કી કરે છે. [પેરા ૨] [૯૯૮-જી-એચ; ૯૯૯-એ-બી]

ન્યાયમૂર્તિ ડૉ. ડી. વાય. ચંદ્રચૂડ દ્વારા:

૧. કુદરતી અને અવિભાજ્ય અધિકારો: ગોપનીયતા એ પોતાના વ્યક્તિત્વ પર નિયંત્રણ રાખવાના વ્યક્તિના અધિકારનું એક સહવર્તી અંગ છે. તે એ ધારણામાં તેનું મૂળ શોધે છે કે એવા અમુક અધિકારો છે જે માનવી માટે કુદરતી અથવા સહજ છે. કુદરતી અધિકારો અવિભાજ્ય છે કારણ કે તેઓ માનવ વ્યક્તિત્વથી અભિન્ન છે. કુદરતી અધિકારોના અસ્તિત્વ વિના જીવનમાં માનવીય તત્વની કલ્પના કરવી અશક્ય છે. કુદરતી અધિકારો રાજ્ય દ્વારા આપવામાં આવતા નથી. તેઓ માનવીમાં સહજ છે કારણ કે તેઓ માનવ છે. તેઓ વર્ગ કે સ્તર, લિંગ કે અભિગમને ધ્યાનમાં લીધા વિના વ્યક્તિમાં સમાન રીતે અસ્તિત્વ ધરાવે છે. તમામ માનવીઓ તેમના અવિભાજ્ય અધિકારો જાળવી રાખે છે

(તેમની પરિસ્થિતિ ગમે તે હોય, તેમના કૃત્યો ગમે તે હોય, તેમનો દોષ કે નિર્દોષતા ગમે તે હોય). કુદરતી અવિભાજ્ય અધિકારોની વિભાવના માનવીઓને સ્વાયત્તતા આપે છે. પરંતુ આ સ્વાયત્તતા સંપૂર્ણ નથી, તે સરળ કારણસર કે, અવિભાજ્ય અધિકારોની વિભાવના એવી પૂર્વધારણા કરે છે કે એવા કેટલાક અધિકારો છે જે કોઈ માનવી ત્યાગી શકતો નથી. જ્યારે કુદરતી અધિકારો વ્યક્તિના સ્વતંત્રતા પસંદ કરવાના અને જાળવવાના અધિકારનું રક્ષણ કરે છે, છતાં વ્યક્તિની સ્વાયત્તતા સંપૂર્ણ કે સમગ્ર નથી. સૈદ્ધાંતિક રચના તરીકે, અન્યથા કોઈ વ્યક્તિને પોતાની જાતને મારી નાખવા માટે રાખવી અથવા પોતાની જાતને ગુલામી કે દાસત્વમાં વેચવી સખત રીતે શક્ય બનશે. જોકે આ કૃત્યો સ્વાયત્ત છે, છતાં તેઓ અવિભાજ્ય અધિકારોનું ઉલ્લંઘન કરશે. [પેરા ૪૦, ૪૪-૪૫] [૬૬૭-ઈ; ૬૬૯-એફ-જી; ૬૭૦-એ-બી]

જહોન લોકે દ્વારા રચિત સેકન્ડ ટ્રીટીઝ ઓફ ગવર્નમેન્ટ (૧૬૯૦); વિલિયમ બ્લેકસ્ટોન દ્વારા રચિત કોમેન્ટ્રીઝ ઓન ધ લોઝ ઓફ ઇંગ્લેન્ડ (૧૭૬૫); અમેરિકન ડિક્લેરેશન ઓફ ઇન્ડિપેન્ડન્સ (૧૭૭૬); ડિક્લેરેશન ઓફ ધ રાઇટ્સ ઓફ મેન એન્ડ ધ સિટીઝન (૧૭૮૯); રોસ્કો પાઉન્ડ, ધ સ્પિરિટ ઓફ ધ કોમન લો, માર્શલ જોન્સ કંપની (૧૯૨૧); રોસ્કો પાઉન્ડ, "ધ રિવાઇવલ ઓફ નેચરલ લો", નોટ્રે ડેમ લોયર (૧૯૪૨), વોલ્યુમ ૨૭, નં. ૪; એડવિન ડબલ્યુ. પેટરસન દ્વારા રચિત અ પ્રાગ્મેટિસ્ટ લુક્સ એટ નેચરલ લો એન્ડ નેચરલ રાઇટ્સ

(૧૯૫૫); રોનાલ્ડ ડ્વોર્કિન દ્વારા રચિત ટેકિંગ રાઇટ્સ સિરિયસલી (૧૯૭૭) – સંદર્ભ લીધેલ.

૨. ભારતમાં ગોપનીયતા સિદ્ધાંતનો વિકાસ: ચાર દાયકાથી વધુ સમય દરમિયાન આપવામાં આવેલા નિર્ણયોમાં ગોપનીયતાના અધિકારને અનુચ્છેદ ૨૧ માં જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાની બાંહેધરી અને અનુચ્છેદ ૧૯ માં નિર્ધારિત સ્વતંત્રતાઓ સાથે જોડવામાં આવ્યો છે. જેમ જેમ ભારતીય સમાજ વિકસિત થયો છે, તેમ તેમ વ્યક્તિગત નાગરિકની પસંદગીઓ અને સ્વાયત્તતાનું પ્રતિબિંબ પાડતા વિવિધ સંદર્ભોમાં આ કોર્ટ દ્વારા ગોપનીયતાના અધિકારના દાવા પર વિચાર કરવામાં આવ્યો છે. જોકે, ખામી એ સિદ્ધાંતવાદી રચનાના સંદર્ભમાં છે જેના આધારે તે નક્કી કરી શકાય કે ગોપનીયતાનો અધિકાર બંધારણીય રીતે સંરક્ષિત છે કે કેમ. એમ. પી. શર્માએ આ પ્રશ્નનો જવાબ આપવાની જરૂર નહોતી; ખરક સિંહમાં કંઈક અંશે અસંગત રચનામાં તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો જ્યારે ગોબિંદ ધારણા પર આધારિત હતો. [પેરા ૯૧, ૯૨] [૭૧૧-એચ; ૭૧૨-ડી-એફ]

એ. કે. ગોપાલન વિરુદ્ધ સ્ટેટ ઓફ મદ્રાસ એ.આઈ.આર. ૧૯૫૦ એસસી ૨૭ : [૧૯૫૦] એસસીઆર ૮૮; રૂસ્તમ કાવસજી કૂપર વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા (૧૯૭૦) ૧ એસસીસી ૨૪૮ : [૧૯૭૦] ૩ એસસીઆર ૫૩૦; ગોબિંદ વિરુદ્ધ સ્ટેટ ઓફ મધ્યપ્રદેશ (૧૯૭૫) ૨ એસસીસી ૧૪૮ : [૧૯૭૫] ૩ એસસીઆર ૯૪૬; મેનકા ગાંધી વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા (૧૯૭૮) ૧

એસસીસી ૨૪૮ : [૧૯૭૮] ૨ એસસીઆર ૬૨૧; આર. રાજગોપાલ વિરુદ્ધ સ્ટેટ ઓફ તમિલનાડુ (૧૯૯૪) ૬ એસસીસી ૬૩૨ : [૧૯૯૪] ૪ સપ્લી. એસસીઆર ૩૫૩; પીપલ્સ યુનિયન ફોર સિવિલ લિબર્ટીઝ વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા (૧૯૯૭) ૧ એસસીસી ૩૦૧ : [૧૯૯૬] ૧૦ સપ્લી. એસસીઆર ૩૨૧; સતવંત સિંહ સાહની વિરુદ્ધ ડી. રામરથનમ [૧૯૬૭] ૩ એસસીઆર ૫૨૫; આર. એમ. મલકાની વિરુદ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર (૧૯૭૩) ૧ એસસીસી ૪૭૧; મલક સિંહ વિરુદ્ધ સ્ટેટ ઓફ પંજાબ એન્ડ હરિયાણા (૧૯૮૧) ૧ એસસીસી ૪૨૦ : [૧૯૮૧] ૨ એસસીઆર ૩૧૧; સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિરુદ્ધ મધુકર નારાયણ મર્ડીકર (૧૯૯૧) ૧ એસસીસી ૫૭; લાઇફ ઇન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા વિરુદ્ધ પ્રોફેસર મનુભાઈ ડી. શાહ (૧૯૯૨) ૩ એસસીસી ૬૩૭ : [૧૯૯૨] ૩ એસસીઆર ૫૯૫; ઇન્ડિયન એક્સપ્રેસ ન્યૂઝપેપર્સ (બોમ્બે) પ્રાઇવેટ લિમિટેડ વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા (૧૯૮૫) ૧ એસસીસી ૬૪૧ : [૧૯૮૫] ૨ એસસીઆર ૨૮૭; મિસ્ટર એક્સ વિરુદ્ધ હોસ્પિટલ ઝેડ (૧૯૯૮) ૮ એસસીસી ૨૯૬ : [૧૯૯૮] ૧ સપ્લી. એસસીઆર ૭૨૩; પીયુસીએલ વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા (૧૯૯૭) ૧ એસસીસી ૩૦૧ : [૧૯૯૬] ૧૦ સપ્લી. એસસીઆર ૩૨૧; સ્ટેટ ઓફ કર્ણાટક વિરુદ્ધ કૃષ્નપ્પા (૨૦૦૦) ૪ એસસીસી ૭૫ : [૨૦૦૦] ૨ એસસીઆર ૭૬૧; સુધાંશુ શેખર સાહૂ વિરુદ્ધ સ્ટેટ ઓફ ઓરિસ્સા (૨૦૦૨) ૧૦ એસસીસી ૭૪૩ : [૨૦૦૨] ૫ સપ્લી. એસસીઆર ૫૩૬; શારદા વિરુદ્ધ ધર્મપાલ (૨૦૦૩) ૪ એસસીસી ૪૯૩ : [૨૦૦૩] ૩ એસસીઆર ૧૦૬; ડિસ્ટ્રિક્ટ રજિસ્ટ્રાર એન્ડ કલેક્ટર, હૈદરાબાદ વિરુદ્ધ કેનરા બેન્ક (૨૦૦૫) ૧

એસસીસી ૪૯૬ : [૨૦૦૪] ૫ સપ્લી. એસસીઆર ૮૩૩; પી. આર. મેટરાની વિરુદ્ધ કમિશનર ઓફ ઇન્કમ ટેક્સ (૨૦૦૭) ૧ એસસીસી ૭૮૯ : [૨૦૦૬] ૯ સપ્લી. એસસીઆર ૧; ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ વિરુદ્ધ મોહમ્મદ નિસાર હોલિયા (૨૦૦૮) ૨ એસસીસી ૩૭૦ : [૨૦૦૭] ૧૨ એસસીઆર ૯૦૬; અનુજ ગર્ગ વિરુદ્ધ હોટેલ એસોસિએશન ઓફ ઇન્ડિયા (૨૦૦૮) ૩ એસસીસી ૧ : [૨૦૦૭] ૧૨ એસસીઆર ૯૯૧; હિંસા વિરોધક સંઘ વિરુદ્ધ મીરઝાપુર મોતી કુરેશ જમાત (૨૦૦૮) ૫ એસસીસી ૩૩ : [૨૦૦૮] ૪ એસસીઆર ૧૦૨૦; સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિરુદ્ધ ભરત શાંતિ લાલ શાહ (૨૦૦૮) ૧૩ એસસીસી ૫ : [૨૦૦૮] ૧૨ એસસીઆર ૧૦૮૩; સુચિતા શ્રીવાસ્તવ વિરુદ્ધ ચંદીગઢ એડમિનિસ્ટ્રેશન (૨૦૦૯) ૯ એસસીસી ૧; ભાવેશ જયંતિ લાખાણી વિરુદ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર (૨૦૦૯) ૯ એસસીસી ૫૫૧ : [૨૦૦૯] ૧૨ એસસીઆર ૮૬૧; સેલ્વી વિરુદ્ધ સ્ટેટ ઓફ કર્ણાટક (૨૦૧૦) ૭ એસસીસી ૨૬૩ : [૨૦૧૦] ૫ એસસીઆર ૩૮૧; ભવાની પ્રસાદ જેના વિરુદ્ધ ઓરિસ્સા સ્ટેટ કમિશન ફોર વિમેન (૨૦૧૦) ૮ એસસીસી ૬૩૩ : [૨૦૧૦] ૯ એસસીઆર ૪૫૭; અમર સિંહ વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા (૨૦૧૧) ૭ એસસીસી ૬૯ : [૨૦૧૧] ૬ એસસીઆર ૪૦૩; રામ જેઠમલાણી વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા (૨૦૧૧) ૮ એસસીસી ૧ : [૨૦૧૧] ૮ એસસીઆર ૭૨૫; સંજય નારાયણ વિરુદ્ધ હાઇકોર્ટ ઓફ અલ્હાબાદ (૨૦૧૧) ૧૩ એસસીસી ૧૫૫ : [૨૦૧૧] ૧૦ એસસીઆર ૭૮૧; રામલીલા મેદાન ઇન્સિડન્ટ વિરુદ્ધ હોમ સેક્રેટરી, યુનિયન ઓફ ઇન્ડિયા (૨૦૧૨) ૫ એસસીસી ૧ : [૨૦૧૨] ૪ એસસીઆર ૯૭૧; બિહાર પબ્લિક સર્વિસ કમિશન વિરુદ્ધ સૈયદ

હુસૈન અબ્બાસ રિઝવી (૨૦૧૨) ૧૩ એસસીસી ૬૧ : [૨૦૧૨] ૧૧ એસસીઆર ૧૦૩૨; લીલ્લુ ઉર્ફે રાજેશ વિરુદ્ધ સ્ટેટ ઓફ હરિયાણા (૨૦૧૩) ૧૪ એસસીસી ૬૪૩; થલાપ્પાલમ સર્વિસ કોઓપરેટિવ બેન્ક લિમિટેડ વિરુદ્ધ સ્ટેટ ઓફ કેરળ (૨૦૧૩) ૧૬ એસસીસી ૮૨ : [૨૦૧૩] ૧૪ એસસીઆર ૪૭૫; મનોજ નરુલા વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા (૨૦૧૪) ૯ એસસીસી ૧ : [૨૦૧૪] ૯ એસસીઆર ૯૬૫; નેશનલ લીગલ સર્વિસીસ ઓથોરિટી વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા (૨૦૧૪) ૫ એસસીસી ૪૩૮; એબીસી વિરુદ્ધ ધ સ્ટેટ (એનસીટી ઓફ દિલ્હી) (૨૦૧૫) ૧૦ એસસીસી ૧ : [૨૦૧૫] ૮ એસસીઆર ૪૨૨; સુપ્રિમ કોર્ટ એડવોકેટ્સ ઓન રેકોર્ડ એસોસિએશન વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા (૨૦૧૬) ૫ એસસીસી ૧ : [૨૦૧૬] ૧૧ એસસીઆર ૪૧૯; બોયડ વિરુદ્ધ યુનાઇટેડ સ્ટેટ્સ ૧૧૬ યુએસ ૬૧૬ (૧૮૮૬); વોલ્ફ વિરુદ્ધ કોલોરાડો ૩૩૮ યુએસ ૨૫ (૧૯૪૯); ગ્રિસવોલ્ડ વિરુદ્ધ કનેક્ટિકટ ૩૮૧ યુએસ ૪૭૯ (૧૯૬૫); જેન રો વિરુદ્ધ હેનરી વેડ ૪૧૦ યુએસ ૧૧૩ (૧૯૭૩) – સંદર્ભ લીધેલ.

૩.૧ માનવ ગરિમા એ બંધારણનો એક અભિન્ન ભાગ છે. ગરિમાના પ્રતિબિંબો મનસ્વીતા સામેની બાંહેધરી (અનુચ્છેદ ૧૪), સ્વતંત્રતાના દીવાઓ (અનુચ્છેદ ૧૯) અને જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાના અધિકાર (અનુચ્છેદ ૨૧) માં જોવા મળે છે. જીવન પોતે જ કિંમતી છે. પરંતુ જીવન એ સ્વતંત્રતાઓને કારણે જીવવા જેવું બને છે જે દરેક વ્યક્તિને તે રીતે જીવન જીવવા સક્ષમ બનાવે છે જે રીતે તે જીવવું જોઈએ. જીવન કેવી રીતે જીવવું જોઈએ તે અંગેના શ્રેષ્ઠ

નિર્ણયો વ્યક્તિને સોંપવામાં આવ્યા છે. તેઓ જે સામાજિક વાતાવરણમાં વ્યક્તિઓ અસ્તિત્વ ધરાવે છે તેના દ્વારા સતત આકાર પામે છે. રાજ્યની ફરજ એ નિર્ણયો લેવાની ક્ષમતા - વ્યક્તિની સ્વાયત્તતા - નું રક્ષણ કરવાની છે અને તે નિર્ણયોને થોપવાની નથી. અનુચ્છેદ ૨૧ ના અર્થમાં 'જીવન' માત્ર ભૌતિક શરીરની અખંડિતતા પૂરતું મર્યાદિત નથી. આ અધિકાર વ્યક્તિના અસ્તિત્વને તેના સંપૂર્ણ અર્થમાં સમાવી લે છે. જીવવું એટલે ગરિમા સાથે જીવવું. બંધારણના ઘડવૈયાઓએ સમાજના તેમના દ્રષ્ટિકોણને વ્યાખ્યાયિત કર્યો જેમાં અન્ય સ્વતંત્રતાઓની સાથે સ્વતંત્રતા અને ગરિમા પર ભાર મૂકીને બંધારણીય મૂલ્યો પ્રાપ્ત થશે. ગરિમા એટલી મૂળભૂત છે કે તે ભાગ ૩ દ્વારા વ્યક્તિને બાંહેધરી આપવામાં આવેલા અધિકારોના હાર્દમાં વ્યાપી જાય છે. ગરિમા એ મુખ્ય કેન્દ્ર છે જે મૂળભૂત અધિકારોને જોડે છે કારણ કે મૂળભૂત અધિકારો દરેક વ્યક્તિ માટે અસ્તિત્વની ગરિમા પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરે છે. ગોપનીયતા તેના આનુષંગિક મૂલ્યો સાથે વ્યક્તિને ગરિમાની ખાતરી આપે છે અને જ્યારે જીવનનો ગરિમા સાથે આનંદ માણી શકાય ત્યારે જ સ્વતંત્રતા સાચા અર્થમાં સાર્થક બની શકે છે. **[પેરા ૯૬, ૧૦૬ અને ૧૦૭] [૭૧૪-બી; ૭૧૮-બી-ઈ]**

સજ્જન સિંહ વિરુદ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન [૧૯૬૫] ૧ એસસીઆર ૯૩૩; કેશવાનંદ ભારતી વિરુદ્ધ સ્ટેટ ઓફ કેરળ (૧૯૭૩) ૪ એસસીસી ૨૨૫ : [૧૯૭૩] સપ્લી. એસસીઆર ૧; પ્રેમ શંકર શુક્લા વિરુદ્ધ દિલ્હી એડમિનિસ્ટ્રેશન (૧૯૮૦) ૩ એસસીસી ૫૨૬ : [૧૯૮૦] ૩ એસસીઆર ૮૫૫; ફ્રાન્સિસ કોરાલી

મુલિન વિરુદ્ધ યુનિયન ટેરિટરી ઓફ દિલ્હી (૧૯૮૧) ૧ એસસીસી ૬૦૮ : [૧૯૮૧] ૨ એસસીઆર ૫૧૬; બંધુઆ મુક્તિ મોરચા વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા (૧૯૮૪) ૩ એસસીસી ૧૬૧ : [૧૯૮૪] ૨ એસસીઆર ૬૭; ખેડૂત મજદૂર ચેતના સંગઠન વિરુદ્ધ સ્ટેટ ઓફ એમપી (૧૯૯૪) ૬ એસસીસી ૨૬૦; એમ. નાગરાજ વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા (૨૦૦૬) ૮ એસસીસી ૨૧૨ : [૨૦૦૬] ૭ સપ્લી. એસસીઆર ૩૩૬; મહારાષ્ટ્ર યુનિવર્સિટી ઓફ હેલ્થ સાયન્સિસ વિરુદ્ધ સચ્ચિકિત્સા પ્રસારક મંડળ (૨૦૧૦) ૩ એસસીસી ૭૮૬ : [૨૦૧૦] ૩ એસસીઆર ૯૧; ડૉ. મહેમૂદ નય્યર આઝમ વિરુદ્ધ સ્ટેટ ઓફ છત્તીસગઢ (૨૦૧૨) ૮ એસસીસી ૧ : [૨૦૧૨] ૮ એસસીઆર ૬૫૧; શબનમ વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા (૨૦૧૫) ૬ એસસીસી ૭૦૨; જીજા ઘોષ વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા (૨૦૧૬) ૭ એસસીસી ૭૬૧ : [૨૦૧૬] ૪ એસસીઆર ૬૩૮ – સંદર્ભ લીધેલ.

૩.૨ મૂળભૂત અધિકારો એ આદિ અધિકારો છે જેને પરંપરાગત રીતે કુદરતી અધિકારો તરીકે ગણવામાં આવ્યા છે. તે સ્વરૂપમાં આ અધિકારો માનવ અસ્તિત્વથી અવિભાજ્ય છે. તેઓનું બંધારણ દ્વારા રક્ષણ કરવામાં આવ્યું છે, જે બંધારણીય દસ્તાવેજ પહેલાં પણ તેમના અસ્તિત્વની માન્યતા છે. [પેરા ૧૦૮] [૭૧૯-એફ]

ગોલકનાથ વિરુદ્ધ સ્ટેટ ઓફ પંજાબ [૧૯૬૭] ૨ એસસીઆર ૭૬૨; ઇન્દિરા નેહરુ ગાંધી વિરુદ્ધ રાજ નારાયણ (૧૯૭૫) ૧ સપ્લી. એસસીસી ૧;

મિનર્વા મિલ્સ લિમિટેડ વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા (૧૯૮૦) ૩ એસસીસી ૬૨૫ : [૧૯૮૧] ૧ એસસીઆર ૨૦૬ – આધાર રાખેલ; બેહેરામ ખુરશેદ પેશીકાકા વિરુદ્ધ ધ સ્ટેટ ઓફ બોમ્બે [૧૯૫૫] ૧ એસસીઆર ૬૧૩ – સંદર્ભ લીધેલ.

૪.૧ સ્વતંત્રતા અને મુક્તિના આંતરિક અંગ તરીકે ગોપનીયતા: ગોપનીયતાના અધિકારને માન્યતા આપવી એ એક એવી કવાયત છે જેના માટે બંધારણીય સુધારાની જરૂર પડશે અને તે ન્યાયિક અર્થઘટનની બાબત હોઈ શકે નહીં તેવી રજૂઆત સ્વીકાર્ય સિદ્ધાંતવાદી સ્થિતિ નથી. આ દલીલ એવી ધારણા રાખે છે કે ગોપનીયતાનો અધિકાર બંધારણના ભાગ ૩ દ્વારા બાંહેધરી આપવામાં આવેલી સ્વતંત્રતાઓથી સ્વતંત્ર છે. ભૂલ ત્યાં રહેલી છે. ગોપનીયતા વ્યક્તિની સ્વાયત્તતા અને દરેક વ્યક્તિના જીવનના માર્ગને અસર કરતી આવશ્યક પસંદગીઓ કરવાના અધિકારને માન્યતા આપે છે. આમ કરીને ગોપનીયતા એ સ્વીકારે છે કે બંધારણનો પાયાનો પથ્થર એવી મુક્તિઓ અને સ્વતંત્રતાઓને પરિપૂર્ણ કરવા માટે માનવી માટે ગરિમાપૂર્ણ જીવન જીવવું આવશ્યક છે. બંધારણીય અધિકાર અને હિત તરીકે ગોપનીયતાના મૂલ્યને ઓળખવું એ ન્યાયિક આદેશ દ્વારા સુધારાની પ્રક્રિયા દ્વારા નવો મૂળભૂત અધિકાર ઘડવાનો નથી. ન તો ન્યાયમૂર્તિઓને કે ન તો ન્યાયિક સમીક્ષાની પ્રક્રિયાને બંધારણમાં સુધારો કરવાની બંધારણીય જવાબદારી સોંપવામાં આવી છે. [પેરા ૧૧૩] [૭૨૬-ડી-એફ]

ઉન્નીકૃષ્ણન વિરુદ્ધ સ્ટેટ ઓફ આંધ્રપ્રદેશ (૧૯૯૩) ૧ એસસીસી ૬૪૫ : [૧૯૯૩] ૧ એસસીઆર ૫૯૪ – આધાર રાખેલ.

૪.૨ બંધારણ એક ઐતિહાસિક સંદર્ભમાં ઘડવામાં આવ્યું હતું અને અપનાવવામાં આવ્યું હતું. સ્થાપક પિતાઓનો દ્રષ્ટિકોણ અહીં અને અન્યત્ર દમન અને ગરિમાના ઉલ્લંઘનનો ભોગ બનેલા લોકોના વેદનાના ઈતિહાસથી સમૃદ્ધ બન્યો હતો. છતાં, એ બાબતનો વિવાદ કરવો મુશ્કેલ હશે કે સમકાલીન સમાજો જે ઘણી સમસ્યાઓનો સામનો કરે છે તે મોટાભાગના વિદ્વાન મુસદ્દાકારોના મનમાં ઉપસ્થિત ન હોત. વર્તમાન સહિત કોઈપણ પેઢી, ઉકેલો પર એકાધિકાર ધરાવી શકતી નથી અથવા ભવિષ્યની આગાહી કરવાની તેની ક્ષમતામાં આત્મવિશ્વાસ ધરાવી શકતી નથી. જેમ જેમ સમાજ વિકસિત થાય છે, તેમ તેમ બંધારણીય સિદ્ધાંત પણ વિકસિત થવો જોઈએ. બંધારણે બનાવેલી સંસ્થાઓએ ઝડપથી વિકસતી જ્ઞાન અર્થવ્યવસ્થામાં પડકારોને પહોંચી વળવા માટે લવચીક રીતે અનુકૂલન સાધવું જોઈએ. સર્વોપરી, બંધારણીય અર્થઘટન એ દરેક નાગરિકને ન્યાય, સ્વતંત્રતા અને ગરિમા પ્રાપ્ત કરવાની પ્રક્રિયા માત્ર છે. [પેરા ૧૧૬] [૭૨૮-બી-ડી]

૪.૩ નિઃશંકપણે, વિચલનો થયા છે. ભારતમાં સિદ્ધાંતના વિકાસમાં, જે વ્યક્તિની ગરિમા અને મુક્તિઓ અને સ્વતંત્રતાઓને મોખરે રાખે છે, તેમાં થોડા વિસંગત સૂર રહ્યા છે. તેમાંના બે એડીએમ જબલપુર અને સુરેશ કૌશલ છે. એડીએમ જબલપુરમાં બહુમતી બનાવતા ચારેય ન્યાયાધીશો દ્વારા આપવામાં

આવેલા ચુકાદાઓ ગંભીર રીતે ખામીયુક્ત છે. જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતા માનવ અસ્તિત્વ માટે અવિભાજ્ય છે. આ અધિકારો આદિ અધિકારો છે. તેઓ કુદરતી કાયદા હેઠળના અધિકારો બનાવે છે. ગરિમા સ્વતંત્રતા અને મુક્તિ સાથે સંકળાયેલી છે. કોઈ પણ સંસ્કારી રાજ્ય કાયદાની સત્તા વિના જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતા પરના અતિક્રમણની કલ્પના કરી શકતું નથી. જીવન કે સ્વતંત્રતા એ રાજ્ય દ્વારા આપવામાં આવેલી ભેટ નથી કે ન તો બંધારણ આ અધિકારોનું સર્જન કરે છે. જીવન જીવવાનો અધિકાર બંધારણના આગમન પહેલાં પણ અસ્તિત્વમાં હતો. અધિકારને માન્યતા આપવામાં, બંધારણ આ અધિકારનું એકમાત્ર સંગ્રહસ્થાન બનતું નથી. એવું સૂચવવું વાહિયાત હશે કે અધિકારોના ખરડા વિનાનું લોકતાંત્રિક બંધારણ રાજ્ય દ્વારા સંચાલિત વ્યક્તિઓને જીવવાના અધિકારના અસ્તિત્વ અથવા અધિકારના અમલના સાધનો વિના છોડી દેશે. જીવનનો અધિકાર દરેક વ્યક્તિ માટે અવિભાજ્ય હોવાથી, તે બંધારણ પહેલાં પણ અસ્તિત્વમાં હતો અને બંધારણના અનુચ્છેદ ૩૭૨ હેઠળ અમલમાં રહ્યો હતો. બંધારણ હેઠળ જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાના અધિકારની માન્યતા તે અધિકારના અસ્તિત્વને તેનાથી અલગ કરતું નથી કે ન તો એવી મૂર્ખતાપૂર્ણ ધારણા હોઈ શકે કે બંધારણ અપનાવવામાં ભારતના લોકોએ માનવ વ્યક્તિત્વના સૌથી કિંમતી પાસાને, એટલે કે જીવન, સ્વતંત્રતા અને મુક્તિને રાજ્યને સમર્પિત કરી દીધા છે જેના દયા પર આ અધિકારો નિર્ભર રહેશે. આવી રચના કાયદાના શાસનના મૂળભૂત પાયાની વિરુદ્ધ છે જે આધુનિક રાજ્યમાં જ્યારે તે વ્યક્તિની સ્વતંત્રતાઓ સાથે વ્યવહાર કરે છે ત્યારે તેમાં નિહિત સત્તાઓ

પર નિયંત્રણો લાદે છે. એડીએમ જબલપુરને તે મુજબ રદબાતલ જાહેર કરવું જોઈએ અને તે મુજબ રદબાતલ કરવામાં આવે છે. [પેરા ૧૧૭, ૧૧૯ અને ૧૨૧] [૭૨૮-ઈ; ૭૩૪-એ-ઈ; ૭૩૫-બી]

એડીએમ જબલપુર વિરુદ્ધ શિવકાંત શુક્લા (૧૯૭૬) ૨ એસસીસી ૫૨૧ : [૧૯૭૬] સપ્લી. એસસીઆર ૧૭૨; યુનિયન ઓફ ઈન્ડિયા વિરુદ્ધ ભાનુદાસ કૃષ્ણ ગાવડે (૧૯૭૭) ૧ એસસીસી ૮૩૪ : [૧૯૭૭] ૨ એસસીઆર ૭૧૯ – રદબાતલ ઠેરવવામાં આવેલ;

આઈ. આર. કોએલ્હો વિરુદ્ધ સ્ટેટ ઓફ તમિલનાડુ (૨૦૦૭) ૨ એસસીસી ૧ : [૨૦૦૭] ૧ એસસીઆર ૭૦૬ – સંદર્ભ લીધેલ; કોરેમાત્સુ વિરુદ્ધ યુનાઈટેડ સ્ટેટ્સ ૨૩ યુએસ ૨૧૪ (૧૯૪૪) – સંદર્ભ લીધેલ.

૪.૪ સુરેશ કૌશલમાં એવું અવલોકન કે "દેશની વસ્તીનો એક નાનકડો અંશ લેસ્બિયન, ગે, બાયસેક્સ્યુઅલ અથવા ટ્રાન્સજેન્ડર છે" તે ગોપનીયતાના અધિકારનો ઇનકાર કરવા માટે ટકાઉ આધાર નથી. લૈંગિક અભિગમ એ ગોપનીયતાનું આવશ્યક લક્ષણ છે. લૈંગિક અભિગમના આધારે વ્યક્તિ સામે ભેદભાવ એ વ્યક્તિની ગરિમા અને આત્મસન્માન માટે ઊંડો અપમાનજનક છે. સમાનતાની માંગ છે કે સમાજમાં દરેક વ્યક્તિના લૈંગિક અભિગમનું સમાન મંચ પર રક્ષણ થવું જોઈએ. કૌશલ દ્વારા એલજીબીટી વ્યક્તિઓના ગોપનીયતા-ગરિમા આધારિત દાવાઓ સાથે જે રીતે વ્યવહાર કરવામાં આવ્યો છે તે બિનટકાઉ છે. [પેરા ૧૨૬, ૧૨૮] [૭૩૭-ઈ, જી; ૭૩૮-એ, જી]

સુરેશ કુમાર કૌશલ વિરુદ્ધ નાઝ ફાઉન્ડેશન (૨૦૧૪) ૧ એસસીસી ૧ : [૨૦૧૩] ૧૭ એસસીઆર ૧૧૬ – નામંજૂર કરવામાં આવેલ.

૫.૧ આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ ભારતની પ્રતિબદ્ધતાઓ: મૂળભૂત બંધારણીય મૂલ્ય તરીકે ગોપનીયતાની માન્યતા એ વૈશ્વિક માનવ અધિકાર વ્યવસ્થા પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતાનો એક ભાગ છે. બંધારણનો અનુચ્છેદ ૫૧, જે રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો ભાગ છે, તે રાજ્યને સંગઠિત લોકોના એકબીજા સાથેના વ્યવહારમાં આંતરરાષ્ટ્રીય કાયદા અને સંધિની જવાબદારીઓ પ્રત્યે આદર વધારવાનો પ્રયાસ કરવાની માંગ કરે છે. માનવ અધિકારોની સાર્વત્રિક ઘોષણાનો અનુચ્છેદ ૧૨ ગોપનીયતાના અધિકારને માન્યતા આપે છે. તેવી જ રીતે, નાગરિક અને રાજકીય અધિકારો પરનો આંતરરાષ્ટ્રીય કરાર (આઈસીસીપીઆર) ૧૬ ડિસેમ્બર ૧૯૬૬ ના રોજ અપનાવવામાં આવ્યો હતો અને ૨૩ માર્ચ ૧૯૭૬ ના રોજ અમલમાં આવ્યો હતો. ભારતે ૧૧ ડિસેમ્બર ૧૯૭૭ ના રોજ તેને બહાલી આપી હતી. સંસદ દ્વારા ઘડવામાં આવેલ માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ, ૧૯૯૩ આઈસીસીપીઆરનો માનવ અધિકાર સાધન તરીકે ઉલ્લેખ કરે છે. આઈસીસીપીઆર રાજ્યો પર તેના ધોરણોનું સન્માન કરવા, રક્ષણ કરવા અને પરિપૂર્ણ કરવાની જવાબદારી લાદે છે. સન્માન કરવાની રાજ્યની ફરજ આદેશ આપે છે કે તેણે અધિકારનું ઉલ્લંઘન કરવું જોઈએ નહીં. રક્ષણ કરવાની ફરજ આદેશ આપે છે કે સરકારે ખાનગી પક્ષકારો દ્વારા થતી

દખલગીરી સામે તેનું રક્ષણ કરવું જોઈએ. [પેરા ૧૨૯, ૧૩૦] [૭૩૯-બી; ૭૪૦-સી]

બચન સિંહ વિરુદ્ધ સ્ટેટ ઓફ પંજાબ (૧૯૮૦) ૨ એસસીસી ૬૮૪; વિશાખા વિરુદ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન (૧૯૯૭) ૬ એસસીસી ૨૪૧ – સંદર્ભ લીધેલ.

૫.૨ એ સુસ્થાપિત છે કે જ્યાં આંતરરાષ્ટ્રીય કાયદો અને સ્થાનિક કાયદા વચ્ચે વિરોધાભાસ હોય, ત્યાં કોર્ટ સ્થાનિક કાયદાને અસર આપશે. પ્રસ્તુત કેસમાં, ભારત દ્વારા સ્વીકારવામાં આવેલી આંતરરાષ્ટ્રીય જવાબદારીઓ અને બંધારણ વચ્ચે કોઈ વિરોધાભાસ નથી. કોર્ટ સરળતાથી કોઈ વિસંગતતાનું અનુમાન કરશે નહીં. તેનાથી વિપરીત, બંધારણીય જોગવાઈઓનું એવી રીતે વાંચન અને અર્થઘટન થવું જોઈએ જે વૈશ્વિક માનવ અધિકાર વ્યવસ્થા સાથે તેમની સુસંગતતા વધારે. ભારત આંતરરાષ્ટ્રીય સમુદાયનું એક જવાબદાર સભ્ય છે અને કોર્ટે એવું અર્થઘટન અપનાવવું જોઈએ જે દેશ દ્વારા કરવામાં આવેલી આંતરરાષ્ટ્રીય પ્રતિબદ્ધતાઓનું પાલન કરે, ખાસ કરીને જ્યાં તેના બંધારણીય અને વૈધાનિક આદેશો કોઈ વિચલન દર્શાવતા નથી. [પેરા ૧૩૩] [૭૪૧-જી; ૭૪૨-એ-બી]

તુલનાત્મક કાયદો

૬. દરેક દેશ તેના પોતાના બંધારણીય અને કાનૂની માળખા દ્વારા સંચાલિત થાય છે. બંધારણીય માળખાને ઈતિહાસ, સંસ્કૃતિ, રાજકીય સિદ્ધાંત અને મૂલ્યો સાથે કાયમી સંબંધ છે જેને સમાજ તેના સ્થાપક સિદ્ધાંતો તરીકે માને છે. તેથી વિદેશી ચુકાદાઓ સાવચેતીપૂર્વક વાંચવા જોઈએ જેથી ખાતરી થાય કે લખાણને તેના સંદર્ભથી અલગ કરીને વાંચવામાં ન આવે. યુરોપિયન કોર્ટ ઓફ હ્યુમન રાઈટ્સ, કોર્ટ ઓફ જસ્ટિસ ઓફ ધ યુરોપિયન યુનિયન અને ઈન્ટર-અમેરિકન કોર્ટ ઓફ હ્યુમન રાઈટ્સના નિર્ણયો તે પદ્ધતિના સૂચક છે જેમાં તેઓ જે સમાજોનું સંચાલન કરે છે તેના ઈતિહાસ અને તેમની સમક્ષના પડકારોના આધારે વિવિધ અધિકારક્ષેત્રોમાં ગોપનીયતાના અધિકારનું અર્થઘટન કરવામાં આવ્યું છે. યુએસ બંધારણમાં ગોપનીયતાનો સ્પષ્ટ અધિકાર નથી. પરંતુ અમેરિકન ગોપનીયતા ન્યાયશાસ્ત્ર પ્રતિબિંબિત કરે છે કે તે યુએસ બંધારણના કેટલાક સુધારાઓ હેઠળ સંરક્ષિત છે. દક્ષિણ આફ્રિકામાં, ૧૯૯૬ ના બંધારણમાં બિલ ઓફ રાઈટ્સની કલમ ૧૪ માં ગોપનીયતાનો અધિકાર સમાવિષ્ટ કરવામાં આવ્યો છે. જોકે ૧૯૮૨ ના કેનેડિયન ચાર્ટર ઓફ રાઈટ્સ એન્ડ ફ્રીડમ્સમાં ગોપનીયતાના અધિકાર માટે સ્પષ્ટપણે જોગવાઈ નથી, છતાં ગોપનીયતાના અધિકારને માન્યતા આપવા માટે કેનેડાની સુપ્રિમ કોર્ટ દ્વારા ચાર્ટરની અમુક કલમો પર આધાર રાખવામાં આવ્યો છે. [પેરા ૧૩૪] [૭૪૨-સી-જી; ૭૫૦-એફ; ૭૭૦-સી; ૭૭૬-એચ; ૭૭૭-એ]

પીટર સેમેઈન વિરુદ્ધ રિચાર્ડ ગ્રેશમ ૧૧ ઈઆર ૧૯૪; પ્રિન્સ આલ્બર્ટ વિરુદ્ધ સ્ટ્રેન્જ (૧૮૪૯) ૪૧ ઈઆર ૧૧૭૧; કાયે વિરુદ્ધ રોબર્ટસન [૧૯૯૧]

એફએસઆર ૬૨; આર વિરુદ્ધ ડિરેક્ટર ઓફ સિરિયસ ફ્રોડ ઓફિસ, એક્સ પાર્ટે સ્મિથ [૧૯૯૩] એસી ૧; વેઇનરાઇટ વિરુદ્ધ હોમ ઓફિસ [૨૦૦૪] ૨ એસી ૪૦૬; ડગ્લાસ વિરુદ્ધ હેલો લિમિટેડ [૨૦૦૧] ક્યુબી ૯૬૭; કેમ્પબેલ વિરુદ્ધ એમજીએન [૨૦૦૪] ૨ એસી ૪૫૭; એ વિરુદ્ધ બી ઇન્ક [૨૦૦૩] ક્યુબી ૧૯૫; ડગ્લાસ વિરુદ્ધ હેલો લિમિટેડ [૨૦૦૬] ક્યુબી ૧૨૫; એસોસિએટેડ ન્યૂઝપેપર્સ લિમિટેડ વિરુદ્ધ હિઝ રોયલ હાઇનેસ ધ પ્રિન્સ ઓફ વેલ્સ [૨૦૦૬] ઇડબલ્યુસીએ સિવ ૧૭૭૬; મુરે વિરુદ્ધ બિગ પિક્ચર્સ (યુકે) લિમિટેડ [૨૦૦૮] ૩ ડબલ્યુએલઆર ૧૩૬૦; આર વિરુદ્ધ ધ કમિશનર ઓફ પોલીસ ઓફ ધ મેટ્રોપોલિસ [૨૦૧૧] યુકેએસસી ૨૧; જેએસ વિરુદ્ધ ન્યૂઝ ગ્રૂપ ન્યૂઝપેપર્સ લિમિટેડ [૨૦૧૬] યુકેએસસી ૨૬; બોયડ વિરુદ્ધ યુનાઇટેડ સ્ટેટ્સ ૧૧૬ યુએસ ૬૧૬ (૧૮૮૬); મેયર વિરુદ્ધ નેબ્રાસ્કા ૨૬૨ યુએસ ૩૯૦ (૧૯૨૩); પિયર્સ વિરુદ્ધ સોસાયટી ઓફ સિસ્ટર્સ ૨૬૮ યુએસ ૫૧૦ (૧૯૨૫); ઓલ્મસ્ટેડ વિરુદ્ધ યુનાઇટેડ સ્ટેટ્સ ૨૭૭ યુએસ ૪૩૮ (૧૯૨૮); ગ્રિસવોલ્ડ વિરુદ્ધ કનેક્ટિકટ ૩૮૧ યુએસ ૪૭૯ (૧૯૬૫); કાત્ઝ વિરુદ્ધ યુનાઇટેડ સ્ટેટ્સ ૩૮૯ યુએસ ૩૪૭ (૧૯૬૭); સ્ટેનલી વિરુદ્ધ જ્યોર્જિયા ૩૯૪ યુએસ ૫૫૭ (૧૯૬૯); આઇઝનસ્ટેડ વિરુદ્ધ બેયર્ડ ૪૦૫ યુએસ ૪૩૮ (૧૯૭૨); પેરિસ એડલ્ટ થિયેટર ૧ વિરુદ્ધ સ્લેટોન ૪૧૩ યુએસ ૪૯ (૧૯૭૩); રો વિરુદ્ધ વેડ ૪૧૦ યુએસ ૧૧૩ (૧૯૭૩); યુનાઇટેડ સ્ટેટ્સ વિરુદ્ધ મિલર ૪૨૫ યુએસ ૪૩૫ (૧૯૭૬); કેરી વિરુદ્ધ પોપ્યુલેશન સર્વિસીસ ઇન્ટરનેશનલ ૪૩૧ યુએસ ૬૭૮ (૧૯૭૭); સ્મિથ વિરુદ્ધ મેરીલેન્ડ ૪૪૨ યુએસ ૭૩૫ (૧૯૭૯); પ્લાન્ડ પેરન્ટહૂડ વિરુદ્ધ કેસી ૫૦૫

યુએસ ૮૩૩ (૧૯૯૨); મિનેસોટા વિરુદ્ધ કાર્ટર ૫૨૫ યુએસ ૮૩ (૧૯૯૮); મિનેસોટા વિરુદ્ધ ઓલ્સન ૪૯૫ યુએસ ૯૧ (૧૯૯૦); કાયલો વિરુદ્ધ યુનાઇટેડ સ્ટેટ્સ ૫૩૩ યુએસ ૨૭ (૨૦૦૧); લોરેન્સ વિરુદ્ધ ટેક્સાસ ૫૩૯ યુએસ ૫૫૮ (૨૦૦૩); બોવર્સ વિરુદ્ધ હાર્ડવિક ૪૭૮ યુએસ ૧૮૬ (૧૯૮૬); નાસા વિરુદ્ધ નેલ્સન ૫૬૨ યુએસ ૧૩૪ (૨૦૧૧); વ્હેલેન વિરુદ્ધ રો ૪૨૯ યુએસ ૫૮૯ (૧૯૭૭); નિક્સન વિરુદ્ધ એડમિનિસ્ટ્રેટર ઓફ જનરલ સર્વિસીસ ૪૩૩ યુએસ ૪૨૫ (૧૯૭૭); યુનાઇટેડ સ્ટેટ્સ વિરુદ્ધ જોન્સ ૫૬૫ યુએસ ૪૦૦ (૨૦૧૨); ફ્લોરિડા વિરુદ્ધ જાર્ડિન્સ ૫૬૯ યુએસ ૧ (૨૦૧૩); રિલે વિરુદ્ધ કેલિફોર્નિયા ૫૭૩ યુએસ (૨૦૧૪); ઓબરગેફેલ વિરુદ્ધ હોજેસ ૫૭૬ યુએસ (૨૦૧૫); નેશનલ મીડિયા લિમિટેડ વિરુદ્ધ જૂસ્ટે ૧૯૯૬ (૩) એસએ ૨૬૨ (એ); બર્નસ્ટીન વિરુદ્ધ બેસ્ટર એન્ડ અધર્સ ૧૯૯૬ (૨) એસએ ૭૫૧ (સીસી); નેશનલ ગઠબંધન ફોર ગે એન્ડ લેસ્બિયન ઇક્વાલિટી વિરુદ્ધ મિનિસ્ટર ઓફ જસ્ટિસ ૧૯૯૯ (૧) એસએ ૬ (સીસી); ઇન્વેસ્ટિગેટિંગ ડિરેક્ટોરેટ: સિરિયસ ઓફેન્સીસ વિરુદ્ધ હ્યુન્ડાઇ મોટર ડિસ્ટ્રિબ્યુટર્સ લિમિટેડ ૨૦૦૧ (૧) એસએ ૫૪૫ (સીસી); મિનિસ્ટર ઓફ હોમ અફેર્સ એન્ડ અનધર વિરુદ્ધ ફૌરી એન્ડ અનધર ૨૦૦૬ (૧) એસએ ૫૨૪ (સીસી); એનએમ એન્ડ અધર્સ વિરુદ્ધ સ્મિથ એન્ડ અધર્સ ૨૦૦૭ (૫) એસએ ૨૫૦ (સીસી); એસ એન્ડ માર્પર વિરુદ્ધ યુનાઇટેડ કિંગડમ [૨૦૦૮] ઇસીએચઆર ૧૫૮૧; એસ્ચર એટ અલ વિરુદ્ધ બ્રાઝિલ ઇન્ટર-એમ. સીટી. એચ.આર. (સેર. સી) નં. ૨૦૦; હન્ટર વિરુદ્ધ સાઉથમ ઇન્ક [૧૯૮૪] ૨ એસસીઆર ૧૪૫; આર વિરુદ્ધ પ્લાન્ટ [૧૯૯૩] ૩ એસસીઆર ૨૮૧; હર

મેજેસ્ટી, ધ ક્વીન વિરુદ્ધ વોલ્ટર ટેસલિંગ (૨૦૦૪) એસસીસી ૬૭; આર વિરુદ્ધ સ્પેન્સર (૨૦૧૪) એસસીસી ૪૩ – સંદર્ભ લીધેલ.

૭. ગોપનીયતાની મૂળભૂત વિભાવનાઓને યુનિવર્સિટી ઓફ પેન્સિલવેનિયા જર્નલ ઓફ ઇન્ટરનેશનલ લોમાં પ્રકાશિત થયેલ ૨૦૧૭ માં "અ ટાઇપોલોજી ઓફ પ્રાઇવસી" શીર્ષક હેઠળના એક અગ્રણી લેખમાં દર્શાવવામાં આવી છે. સદર લેખમાં બે પ્રાથમિક ધરીઓ રજૂ કરતી આકૃતિત્મક રજૂઆત હતી જેણે સ્વતંત્રતાના બે પાસાઓ પર ભાર મૂક્યો હતો: એકલા રહેવાની સ્વતંત્રતા અને સ્વ-વિકાસ માટેની સ્વતંત્રતા. આકૃતિ અનુસાર, ગોપનીયતાના નવ પ્રાથમિક પ્રકારો છે: (૧) શારીરિક ગોપનીયતા જે ભૌતિક શરીરની ગોપનીયતા દશા વે છે. આમાં અન્યોને પોતાના શરીરનું ઉલ્લંઘન કરતા અટકાવવા અથવા શારીરિક હલનચલનની સ્વતંત્રતાને નિયંત્રિત કરતા અટકાવવા સક્ષમ હોવાની નકારાત્મક સ્વતંત્રતા ગર્ભિત છે; (૨) અવકાશી ગોપનીયતા જે ખાનગી જગ્યાની ગોપનીયતામાં પ્રતિબિંબિત થાય છે જેના દ્વારા તે જગ્યામાં અન્યોના પ્રવેશને પ્રતિબંધિત કરી શકાય છે; આત્મીય સંબંધો અને કૌટુંબિક જીવન અવકાશી ગોપનીયતાનું યોગ્ય ઉદાહરણ છે; (૩) સંચારાત્મક ગોપનીયતા જે વ્યક્તિને સંદેશાવ્યવહારમાં પ્રવેશને પ્રતિબંધિત કરવા અથવા ત્રીજા પક્ષકારોને જણાવવામાં આવેલી માહિતીના ઉપયોગના નિયંત્રણને સક્ષમ બનાવવામાં પ્રતિબિંબિત થાય છે; (૪) માલિકીની ગોપનીયતા જે હકીકતો, વસ્તુઓ અથવા માહિતીને અન્યોથી સુરક્ષિત રાખવાના સાધન તરીકે મિલકતનો

ઉપયોગ કરવામાં વ્યક્તિના હિત દ્વારા પ્રતિબિંબિત થાય છે; (૫) બૌદ્ધિક ગોપનીયતા જે વિચાર અને મનની ગોપનીયતા અને મંતવ્યો અને માન્યતાઓના વિકાસમાં વ્યક્તિગત હિત તરીકે પ્રતિબિંબિત થાય છે; (૬) નિર્ણયાત્મક ગોપનીયતા જે મુખ્યત્વે પોતાના જાતીય અથવા પ્રજનન સ્વભાવ અને આત્મીય સંબંધોના સંદર્ભમાં નિર્ણયો ધરાવતા આત્મીય નિર્ણયો લેવાની ક્ષમતા દ્વારા પ્રતિબિંબિત થાય છે; (૭) સહયોગી ગોપનીયતા જે વ્યક્તિ કોની સાથે વાતચીત કરવા માંગે છે તે પસંદ કરવાની ક્ષમતામાં પ્રતિબિંબિત થાય છે; (૮) વર્તણૂકીય ગોપનીયતા જે જાહેરમાં દેખીતી પ્રવૃત્તિઓ કરતી વખતે પણ વ્યક્તિના ગોપનીયતા હિતોને માન્યતા આપે છે. વર્તણૂકીય ગોપનીયતા એવી પૂર્વધારણા કરે છે કે જ્યારે અન્ય લોકોને પ્રવેશ આપવામાં આવે ત્યારે પણ, વ્યક્તિ પ્રવેશની મર્યાદાને નિયંત્રિત કરવા અને અનિચ્છનીય દખલગીરીથી મુક્તિનું એક માપ પોતાની પાસે રાખવા માટે હકદાર છે; અને (૯) માહિતીની ગોપનીયતા જે પોતાના વિશેની માહિતીને પ્રસારિત થતી અટકાવવા અને માહિતીની પહોંચની મર્યાદાને નિયંત્રિત કરવાના હિતને પ્રતિબિંબિત કરે છે. [પેરા ૧૪૨] [૭૯૯-જી; ૮૦૦-એ, ઈ-જી; ૮૦૧-એ-સી]

૮.૧ બંધારણ સભા અને ગોપનીયતા: મૂળવાદી અર્થઘટનની મર્યાદાઓ: બંધારણના મુસદ્દા દરમિયાન કલમ ૯(ડી) માં દરેક નાગરિકને પત્રવ્યવહારની ગુપ્તતાના અધિકારની બાંહેધરી આપવા અને તેમના વ્યક્તિઓ, ઘરો, કાગળો અને સંપત્તિઓમાં અવાજબી શોધ અને જપ્તી સામે સુરક્ષિત રહેવાના રક્ષણ અંગે ચર્ચા થઈ હતી. બંધારણ સભાની ચર્ચાઓ દર્શાવે છે કે સૂચિત સમાવેશ (જે

આખરે પડતો મૂકવામાં આવ્યો હતો) બે ચોક્કસ ક્ષેત્રોમાં હતો એટલે કે પત્રવ્યવહાર અને શોધ તથા જપ્તી. આના પરથી એવો નિષ્કર્ષ કાઢી શકાય નહીં કે બંધારણ સભાએ મૂળભૂત અધિકારો દ્વારા બાંહેધરી આપવામાં આવેલી મુક્તિ અને સ્વતંત્રતાઓના અભિન્ન અંગ તરીકે ગોપનીયતાના અધિકારની વિભાવનાને નકારી કાઢવાનો સ્પષ્ટપણે સંકલ્પ કર્યો હતો. [પેરા ૧૪૮] [૮૦૧-સી; ૮૦૪-ડી, જી]

૮.૨ બંધારણનું અર્થઘટન તેની મૂળ સમજણ સુધી સ્થગિત રાખી શકાય નહીં. વર્તમાન અને ભવિષ્યની આકાંક્ષાઓ અને પડકારોને પહોંચી વળવા માટે બંધારણ વિકસિત થયું છે અને સતત વિકસિત થવું જોઈએ. ન તો ન્યાયાધીશો ભવિષ્યમાં ઉદ્ભવી શકે તેવા દરેક પડકાર અને આકસ્મિકતાની આગાહી કરી શકે છે. આ ખાસ કરીને એવા યુગમાં સુસંગત છે જ્યાં ટેકનોલોજી માહિતી, જ્ઞાન અને માનવ સંબંધોની આપણી મૂળભૂત સમજને ફરીથી આકાર આપે છે જે તાજેતરના ભૂતકાળમાં પણ અજ્ઞાત હતી. તેથી આજે બંધારણનું અર્થઘટન કરતા ન્યાયાધીશો તરીકે, કોર્ટે ભવિષ્યની પેઢીઓ માટે ગોપનીયતા સામેના એવા પડકારોને પહોંચી વળવાનો માર્ગ ખુલ્લો રાખવો જોઈએ જે આજે અજાણ્યા હોઈ શકે છે. [પેરા ૧૪૯] [૮૦૫-ડી-ઈ]

૮.૩ બંધારણના જન્મ સમયે પણ, સ્થાપક પિતાઓએ બંધારણ સભામાં માન્યતા આપી હતી કે, ઉદાહરણ તરીકે, વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતામાં પ્રેસની સ્વતંત્રતાનો સમાવેશ થશે. તેથી મુક્ત વાણી અને અભિવ્યક્તિની

બાંહેધરીનું અર્થઘટન પ્રેસની સ્વતંત્રતા સુધી વિસ્તરે તેવું કરવામાં આવ્યું છે. પ્રેસની સ્વતંત્રતાની માન્યતા ન્યાયિક આદેશ દ્વારા નવો મૂળભૂત અધિકાર બનાવતી નથી પરંતુ તે બાબતની સ્વીકૃતિ છે, જે તેમાં જ સમાવિષ્ટ છે અને જેના વિના મુક્ત વાણી અને અભિવ્યક્તિની બાંહેધરી પૂર્ણ થઈ શકે નહીં. તેવી જ રીતે, અનુચ્છેદ ૨૧ નું અર્થઘટન સ્વચ્છ પર્યાવરણનો અધિકાર, જાહેર આરોગ્યનો અધિકાર, જાણવાનો અધિકાર, સંચારના સાધનોનો અધિકાર અને શિક્ષણનો અધિકાર જેવી હકોની શ્રેણીનો સમાવેશ કરવા માટે કરવામાં આવ્યું છે, આ ઉપરાંત હથકડી લગાવવા અને ઝડપી ટ્રાયલ જેવી બાબતોમાં ફોજદારી કાયદા અને પ્રક્રિયાના સંદર્ભમાં અધિકારોના વિશાળ સમૂહનો સમાવેશ થાય છે. [પેરા ૧૫૦] [૮૦૬-ડી-એફ]

સતવંત સિંહ સાહની વિરુદ્ધ ડી. રામરથનમ એપીઓ નવી દિલ્હી [૧૯૬૭] ૩ એસસીઆર ૫૨૫; સુનીલ બત્રા વિરુદ્ધ દિલ્હી એડમિનિસ્ટ્રેશન (૧૯૭૮) ૪ એસસીસી ૪૯૪ : [૧૯૭૯] ૧ એસસીઆર ૩૯૨; ચાર્લ્સ શોભરાજ વિરુદ્ધ સુપરિન્ટેન્ડેન્ટ, સેન્ટ્રલ જેલ (૧૯૭૮) ૪ એસસીસી ૧૦૪ : [૧૯૭૯] ૧ એસસીઆર ૫૧૨; એમ. એચ. હોસ્કોટ વિરુદ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર (૧૯૭૮) ૩ એસસીસી ૫૪૪ : [૧૯૭૯] ૧ એસસીઆર ૧૯૨; હુસૈનારા ખાતૂન વિરુદ્ધ હોમ સેક્રેટરી, સ્ટેટ ઓફ બિહાર (૧૯૮૦) ૧ એસસીસી ૮૧ : [૧૯૭૯] ૩ એસસીઆર ૧૬૯; પ્રેમ શંકર શુક્લા વિરુદ્ધ દિલ્હી એડમિનિસ્ટ્રેશન (૧૯૮૦) ૩ એસસીસી ૫૨૬ : [૧૯૮૦] ૩ એસસીઆર ૮૫૫; શીલા બાર્સે વિરુદ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર

(૧૯૮૩) ૨ એસસીસી ૯૬ : [૧૯૮૩] ૨ એસસીઆર ૩૩૭; એ. જી. ઓફ ઇન્ડિયા વિરુદ્ધ લછમા દેવી (૧૯૮૯) સપ્લી. ૧ એસસીસી ૨૬૪; પરમાનંદ કટારા વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા (૧૯૮૯) ૪ એસસીસી ૨૮૬ : [૧૯૮૯] ૩ એસસીઆર ૯૯૭; શાંતિસ્ટાર બિલ્ડર્સ વિરુદ્ધ એન. કે. તોતામે (૧૯૯૦) ૧ એસસીસી ૫૨૦; વિરેન્દર ગૌર વિરુદ્ધ સ્ટેટ ઓફ હરિયાણા (૧૯૯૫) ૨ એસસીસી ૫૭૭ : [૧૯૯૪] ૬ સપ્લી. એસસીઆર ૭૮; રૂદલ સાહ વિરુદ્ધ સ્ટેટ ઓફ બિહાર (૧૯૮૩) ૪ એસસીસી ૧૪૧ : [૧૯૮૩] ૩ એસસીઆર ૫૦૮; ઉમેશ કુમાર વિરુદ્ધ સ્ટેટ ઓફ આંધ્રપ્રદેશ (૨૦૧૩) ૧૦ એસસીસી ૫૯૧ : [૨૦૧૩] ૧૪ એસસીઆર ૨૧૩; ઓલ્ગા ટેલિસ વિરુદ્ધ બોમ્બે મ્યુનિસિપલ કોર્પોરેશન (૧૯૮૫) ૩ એસસીસી ૫૪૫ : [૧૯૮૫] ૨ સપ્લી. એસસીઆર ૫૧; સુનીલ બત્રા વિરુદ્ધ દિલ્હી એડમિનિસ્ટ્રેશન (૧૯૭૮) ૪ એસસીસી ૪૯૪ : [૧૯૭૯] ૧ એસસીઆર ૩૯૨ – પુષ્ટિ કરવામાં આવેલ.

૮.૪ આજની ટેકનોલોજી બંધારણનો મુસદ્દો તૈયાર કરનાર પેઢીના જીવનમાં જે હતી તેના કરતાં ઘણી અલગ છે. આજની ટેકનોલોજી થોડા વર્ષો પહેલાંના ઉપયોગના મોડેલોને અપ્રચલિત બનાવે છે. તેથી, બંધારણના મુસદ્દાકારો તેમજ તેમણે પવિત્ર કરેલા દસ્તાવેજ બંને માટે તેના અર્થઘટનને મૂળવાદી અર્થઘટન સુધી મર્યાદિત કરવું એ અન્યાય સમાન હશે. [પેરા ૧૫૧] [૮૦૮-એફ]

૯. શું ગોપનીયતાનું વૈધાનિક સંરક્ષણ બંધારણીય અધિકાર નકારવાનું કારણ છે?

અધિકારમાં બંધારણીય તત્વ ઉમેરવાનો હેતુ ચોક્કસપણે તેને લોકપ્રિય અભિપ્રાયથી અને તેના પ્રતિબિંબ તરીકે કાયદાકીય રદબાતલથી મુક્તિની ભાવના પ્રદાન કરવાનો છે. ઉપલબ્ધ વૈધાનિક સંરક્ષણ છે તે આધારે બંધારણીય અધિકારને નકારવો એ બંધારણીય સિદ્ધાંતને ઉલટાવી દેવા સમાન છે. વાસ્તવમાં, કાયદાકીય રક્ષણ ઘણા કિસ્સાઓમાં, બંધારણીય અધિકારની સ્વીકૃતિ અને માન્યતા છે જેને રક્ષણાત્મક કાયદાઓ દ્વારા અમલમાં મૂકવાની અને લાગુ કરવાની જરૂર છે. પરંતુ જ્યારે કોઈ અધિકારને ભાગ ૩ માં સુસ્થાપિત બંધારણીય દરજ્જો આપવામાં આવે છે, ત્યારે તે એક એવી એરણ પૂરી પાડે છે જેના પર કારોબારી નિર્ણયોની માન્યતાનું મૂલ્યાંકન કરી શકાય છે અને ન્યાયિક સમીક્ષા દ્વારા કાયદાની માન્યતા નક્કી કરી શકાય છે. [પેરા ૧૫૩] [૮૦૯-ઈ-એફ]

૧૦. ઉચ્ચ વર્ગનું સર્જન નથી

૧૦.૧ એવી રજૂઆત કે ગોપનીયતાનો અધિકાર એ એક ઉચ્ચ વર્ગનું સર્જન છે જે બાકીના સમાજની વિશાળ બહુમતીની જરૂરિયાતો અને આકાંક્ષાઓથી અલગ છે, તે બિનટકાઉ છે. આ રજૂઆત બંધારણીય સ્થિતિની ગેરસમજ દર્શાવે છે. આપણું બંધારણ વ્યક્તિને તેના ધ્યાનના કેન્દ્રમાં રાખે છે, ભાગ ૩ માં નાગરિક અને રાજકીય અધિકારોની બાંહેધરી આપે છે અને ભાગ ૪

માં સામાજિક-આર્થિક અધિકારો પ્રાપ્ત કરવાની આકાંક્ષા દર્શાવે છે. એવો દાવો કે ગરીબોને કોઈ નાગરિક અને રાજકીય અધિકારોની જરૂર નથી અને તેઓ માત્ર આર્થિક સુખાકારી સાથે સંબંધ ધરાવે છે તેનો ઉપયોગ સમગ્ર ઈતિહાસમાં માનવ અધિકારોના સૌથી ઘોર ઉલ્લંઘનો કરવા માટે કરવામાં આવ્યો છે. સર્વોપરી, એ સમજવું આવશ્યક છે કે પ્રશ્ન કરવાનો અધિકાર, ચકાસણી કરવાનો અધિકાર અને અસંમતિનો અધિકાર જ માહિતગાર નાગરિકોને સરકારની ક્રિયાઓની ચકાસણી કરવા સક્ષમ બનાવે છે. [પેરા ૧૫૪] [૮૧૦-સી-ઈ]

૧૦.૨ સામાજિક-આર્થિક અધિકારોએ જેમના માટે તેઓ બનાવાયા છે તેમને સાચા લાભો આપવા જોઈએ. મુક્તિની પરિસ્થિતિઓ અને નાગરિક અને રાજકીય અધિકારોનો જીવંત ઉપયોગ સામાજિક-આર્થિક કાર્યક્રમોની ન્યાયીપણાની અને વંચિતતા તથા અભાવને દૂર કરવામાં તેમની અસરકારકતાની સતત સમીક્ષાને પ્રોત્સાહન આપે છે. જાહેર બાબતોની ચકાસણી સ્વતંત્રતાના અસ્તિત્વ પર સ્થપાયેલી છે. તેથી નાગરિક અને રાજકીય અધિકારો અને સામાજિક-આર્થિક અધિકારો એકબીજાના પૂરક છે અને પરસ્પર વિશિષ્ટ નથી. [પેરા ૧૫૫] [૮૧૧-બી-સી]

૧૦.૩ ગોપનીયતા એ કેટલાક લોકો માટેનો વિશેષાધિકાર નથી. સામાજિક વર્ગ અથવા આર્થિક સ્થિતિને ધ્યાનમાં લીધા વિના સમાજની દરેક વ્યક્તિ તે આત્મીયતા અને સ્વાયત્તતા માટે હકદાર છે જેનું ગોપનીયતા રક્ષણ કરે છે. તે જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાના આંતરિક અને મુખ્ય લક્ષણ તરીકે

ગોપનીયતા છે જે વ્યક્તિને ફરજિયાત નસબંધીના કાર્યક્રમ સામે ઊભા રહેવા સક્ષમ બનાવે છે. વળી, તે ગોપનીયતા જ એક શક્તિશાળી બાંહેધરી છે જો રાજ્ય બિન-સંમતિ આપનાર પુરુષો અથવા સ્ત્રીઓ પર ફરજિયાત દવાના પરીક્ષણો શરૂ કરે. લગ્નની પવિત્રતા, પ્રજોત્પાદનની સ્વતંત્રતા, કૌટુંબિક જીવનની પસંદગી અને અસ્તિત્વની ગરિમા એવી બાબતો છે જે સામાજિક સ્તર અથવા આર્થિક સુખાકારીને ધ્યાનમાં લીધા વિના દરેક વ્યક્તિ સાથે સંબંધિત છે. સુખની શોધ સ્વાયત્તતા અને ગરિમા પર આધારિત છે. બંને ગોપનીયતાના આવશ્યક લક્ષણો છે જે વ્યક્તિઓના જન્મના આધારે કોઈ ભેદભાવ કરતા નથી. [પેરા ૧૫૭] [૮૧૪-બી-સી]

૧૧. માત્ર સામાન્ય કાયદાકીય અધિકાર નથી

એકવાર ગોપનીયતાને જીવન, વ્યક્તિગત સ્વતંત્રતા અને બંધારણના ભાગ ૩ ની જોગવાઈઓ દ્વારા બાંહેધરી આપવામાં આવેલી સ્વતંત્રતાઓના રક્ષણનું એક સહવર્તી અંગ માનવામાં આવે, પછી ગોપનીયતા એ માત્ર સામાન્ય કાયદા હેઠળનો અધિકાર છે તેવી રજૂઆત વાસ્તવિકતાથી ભટકેલી છે. કેન્દ્રીય વિષય એ છે કે ગોપનીયતા એ જીવન, વ્યક્તિગત સ્વતંત્રતા અને ભાગ ૩ દ્વારા બાંહેધરી આપવામાં આવેલી સ્વતંત્રતાઓનો આંતરિક ભાગ છે જે તેને બંધારણીય સિદ્ધાંતના મુખ્ય ભાગ તરીકે રક્ષણ મેળવવા માટે હકદાર બનાવે છે. બંધારણ દ્વારા ગોપનીયતાનું રક્ષણ તેને વૈધાનિક કાયદાની અનિશ્ચિતતાઓમાંથી મુક્ત કરે છે જે બહુમતીવાદી સરકાર માટે ખુલ્લા કાયદાકીય

રદબાતલના વ્યાપને આધીન છે. કોઈપણ ઘટાડાએ અનુચ્છેદ ૨૧, અનુચ્છેદ ૧૯ અથવા સંબંધિત સ્વતંત્રતા દ્વારા નિર્ધારિત જરૂરિયાતોને પૂર્ણ કરવી આવશ્યક છે. બંધારણીય અધિકાર એવા સ્થાને મૂકવામાં આવ્યો છે જે નકારાત્મક અને સકારાત્મક બંને સ્વતંત્રતાઓને સમાવિષ્ટ કરે છે. નકારાત્મક સ્વતંત્રતા વ્યક્તિને અનિચ્છનીય દખલગીરીથી રક્ષણ આપે છે. સકારાત્મક સ્વતંત્રતા તરીકે, તે રાજ્યને વ્યક્તિગત ગોપનીયતાના રક્ષણ માટે યોગ્ય પગલાં અપનાવવા માટે બંધાયેલું કરે છે. [પેરા ૧૫૮] [૮૧૪-ડી-જી]

મેક્સ પ્લાન્ક એન્સાયક્લોપીડિયા ઓફ કમ્પેરેટિવ કોન્સ્ટીટ્યુશનલ લો (૨૦૧૫) – સંદર્ભ લીધેલ.

૧૨.૧ મૂળભૂત યોગ્ય કાનૂની પ્રક્રિયા: અનુચ્છેદ ૨૧ ના મુસદ્દાની આસપાસનો બંધારણીય ઈતિહાસ જ્યારે બંધારણ અપનાવવામાં આવ્યું ત્યારે મુસદ્દા બંધારણમાંથી 'કાયદાની યોગ્ય પ્રક્રિયા' શબ્દપ્રયોગને કાઢી નાખવાના બંધારણ સભાના ઈરાદાપૂર્વકના અને સુવિચારિત નિર્ણયનું પુષ્કળ પ્રતિબિંબ ધરાવે છે. બંધારણ સભામાં, ડૉ. બી. આર. આંબેડકરની અધ્યક્ષતાવાળી મુસદ્દા સમિતિએ આ શબ્દસમૂહનો સમાવેશ કર્યો હતો પરંતુ ડ્યુ પ્રોસેસ કલમના અર્થઘટન સાથે સંકળાયેલી યુએસમાં નિર્ણય લેવાની પ્રક્રિયાની અનિશ્ચિતતાઓના સાવચેત મૂલ્યાંકન પછી તેને કાઢી નાખવામાં આવ્યો હતો. નોંધપાત્ર રીતે, આપણા બંધારણના ઘડવૈયાઓના મનમાં એ આધાર પર ડ્યુ પ્રોસેસ કલમની એરણ પર યુએસમાં સામાજિક કલ્યાણ કાયદાને અમાન્ય

ઠેરવવાની બાબત ઉપસ્થિત હતી કે તે શ્રમ માટેના મુક્ત બજારમાં કામ કરવા માટે પોતાની જાતને રજૂ કરવાના પુરુષો, સ્ત્રીઓ અને બાળકોના કરારની સ્વતંત્રતાનું ઉલ્લંઘન કરે છે. આ મોડેલ સ્પષ્ટપણે તે લોકોને આકર્ષિત કરતું ન હતું જેમણે ભારતીય બંધારણમાં સમાન શબ્દસમૂહના સમાવેશનો વિરોધ કર્યો હતો. સ્પષ્ટપણે 'ડ્યુ પ્રોસેસ' ને 'કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયા' શબ્દપ્રયોગ સાથે બદલવામાં આવ્યો હતો. 'સ્વતંત્રતા' ને 'વ્યક્તિગત' દ્વારા વિશેષણ આપવામાં આવ્યું હતું. [પેરા ૧૬૩] [૮૧૫-સી; ૮૨૬-એફ-જી; ૮૨૭-એ-બી]

૧૨.૨ કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયા અનુસાર સિવાય કોઈ પણ વ્યક્તિને જીવન અથવા વ્યક્તિગત સ્વતંત્રતાથી વંચિત કરી શકાય નહીં. મનસ્વીતા સામેની બાંહેધરી તરીકે અનુચ્છેદ ૧૪ એ અનુચ્છેદ ૨૧ ની સમગ્રતામાં સમાવિષ્ટ છે. મનસ્વીતા સામેની બાંહેધરી અને જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાના રક્ષણ વચ્ચેનો આંતરસંબંધ બહુપક્ષીય સ્તરે કાર્ય કરે છે. પ્રથમ, તે સુનિશ્ચિત કરે છે કે વંચિત રાખવાની પ્રક્રિયા ન્યાયી, વાજબી અને વ્યાજબી હોવી જોઈએ. બીજું, અનુચ્છેદ ૧૪ પ્રક્રિયા અને "કાયદો" શબ્દપ્રયોગ બંનેને પ્રભાવિત કરે છે. અનુચ્છેદ ૨૧ ના અર્થમાંનો કાયદો અનુચ્છેદ ૧૪ માંથી ઉદ્ભવતા ન્યાયીપણાના ધોરણો સાથે સુસંગત હોવો જોઈએ. સિદ્ધાંતની બાબત તરીકે, એકવાર અનુચ્છેદ ૧૪ નો અનુચ્છેદ ૨૧ સાથે સંબંધ સ્થાપિત થઈ જાય પછી, ન્યાયીપણા અને વાજબીપણાના ધોરણો માત્ર પ્રક્રિયાને જ નહીં પરંતુ કાયદાને પણ લાગુ પડશે. સર્વોપરી, એ માન્ય રાખવું જોઈએ કે ન્યાયિક સમીક્ષા એ જીવન

અને વ્યક્તિગત સ્વતંત્રતા પરના કાયદાકીય અતિક્રમણો સામે એક શક્તિશાળી બાંહેધરી છે. આ અધિકાર છોડી દેવાથી બંધારણ દ્વારા જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાને આપવામાં આવેલા રક્ષણનું મહત્વ ઘટી જશે. તેથી, જ્યારે કાયદાની માન્યતા સામેના બંધારણીય પડકારોમાં ન્યાયિક સમીક્ષા બંધારણીયતાની ધારણા માટે અને કાયદાકીય, કારોબારી અને ન્યાયિક સંસ્થાઓ વચ્ચે સત્તાના વિભાજન માટે સભાન આદર સાથે વાપરવામાં આવે છે, ત્યારે કોર્ટમાં નિહિત બંધારણીય સત્તા વ્યક્તિઓના જીવન અને સ્વતંત્રતાના રક્ષણના જીવંત સાધન તરીકે જાળવી રાખવી જોઈએ. [પેરા ૧૬૩, ૧૬૫ અને ૧૬૬] [૮૨૯-ડી-એચ; ૮૩૦-એ]

મિઠુ વિરુદ્ધ સ્ટેટ ઓફ પંજાબ (૧૯૮૩) ૨ એસસીસી ૨૭૭ : [૧૯૮૩] ૨ એસસીઆર ૬૯૦; સ્ટેટ ઓફ મદ્રાસ વિરુદ્ધ વી. જી. રો [૧૯૫૨] એસસીઆર ૫૯૭; એ. કે. રોય વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા (૧૯૮૨) ૧ એસસીસી ૨૭૧ : [૧૯૮૨] ૨ એસસીઆર ૨૭૨; સરોજ રાની વિરુદ્ધ સુદર્શન કુમાર (૧૯૮૪) ૪ એસસીસી ૯૦ : [૧૯૮૫] ૧ એસસીઆર ૩૦૩; મોહમ્મદ આરિફ વિરુદ્ધ સુપ્રિમ કોર્ટ (૨૦૧૪) ૯ એસસીસી ૭૩૭ : [૨૦૧૪] ૧૧ એસસીઆર ૧૦૦૯; રાજબાલા વિરુદ્ધ સ્ટેટ ઓફ હરિયાણા (૨૦૧૬) ૨ એસસીસી ૪૪૫ : [૨૦૧૫] ૧૨ એસસીઆર ૧૧૦૬ – સંદર્ભ લીધેલ.

૧૨.૩ આ બાબતને 'મૂળભૂત યોગ્ય પ્રક્રિયા' (સબસ્ટેન્ટિવ ડ્યૂ પ્રોસેસ) ના અમલ તરીકે અર્થઘટન કરવાનો ભય એ છે કે તેના પરિણામે અમેરિકન

બંધારણમાંથી એવી વિભાવનાનો સમાવેશ થાય છે જે બંધારણ ઘડતી વખતે સભાનપણે સ્વીકારવામાં આવી ન હતી. તદુપરાંત, તેના મૂળ દેશમાં પણ, મૂળભૂત યોગ્ય પ્રક્રિયાના પરિણામે ન્યાયિક અર્થઘટનની અનિશ્ચિતતાઓ ઊભી થઈ છે. [પેરા ૧૬૭] [૮૩૦-બી]

૧૩.૧ ગોપનીયતાનું આવશ્યક સ્વરૂપ:

ગોપનીયતા એ વ્યક્તિ માટે ખાનગી ક્ષેત્ર અનામત રાખવાનું સ્વીકારે છે, જેને એકલા રહેવાનો અધિકાર તરીકે વર્ણવવામાં આવે છે. આ વિભાવના વ્યક્તિની સ્વાયત્તતા પર આધારિત છે. પસંદગીઓ કરવાની વ્યક્તિની ક્ષમતા માનવ વ્યક્તિત્વના કેન્દ્રમાં રહેલી છે. ગોપનીયતાની વિભાવના વ્યક્તિને તે માનવીય તત્વનું સમર્થન અને નિયંત્રણ કરવા સક્ષમ બનાવે છે જે વ્યક્તિના વ્યક્તિત્વથી અવિભાજ્ય છે. પસંદગીઓ કરવાની ક્ષમતા વિના, વ્યક્તિત્વની અખંડિતતા શંકાસ્પદ બનશે. ગોપનીયતાના ક્ષેત્રને માન્યતા આપવી એ માત્ર એક સ્વીકૃતિ છે કે પ્રત્યેક વ્યક્તિ વ્યક્તિત્વના વિકાસના માર્ગને નક્કી કરવા અને આગળ વધારવા માટે હકદાર હોવી જોઈએ. તેથી ગોપનીયતા એ સ્વયં માનવ ગૌરવનું મૂળ તત્વ છે. ગોપનીયતા વ્યક્તિને તેના અંગત જીવનની બાબતોમાં પ્રચારના આકરા તડકાથી રક્ષણ આપે છે. ગોપનીયતા વ્યક્તિ સાથે જોડાયેલી છે, તે જે સ્થળ સાથે સંકળાયેલ છે તેની સાથે નહીં. ગોપનીયતા એ તમામ સ્વતંત્રતાનો પાયો રચે છે કારણ કે ગોપનીયતામાં જ વ્યક્તિ નક્કી કરી શકે છે કે સ્વતંત્રતાનો શ્રેષ્ઠ ઉપયોગ કેવી રીતે કરવો. બહુલવાદી સંસ્કૃતિના

તાણાવાણામાં વિવિધતાના તાંતણામાંથી વણાયેલી ભાતમાં વ્યક્તિગત ગૌરવ અને ગોપનીયતા અતૂટ રીતે જોડાયેલા છે. [પેરા ૧૬૮] [૮૩૦-ડી-જી; ૮૩૧-બી-સી]

૧૩.૨ બંધારણમાં એવું દર્શાવતો કોઈ અલગ અનુચ્છેદ નથી કે ગોપનીયતાને મૂળભૂત અધિકાર જાહેર કરવામાં આવ્યો છે. તેમજ અમે ભાગ ૩ ની જોગવાઈઓ સાથે ગોપનીયતાના આલ્ફા-પ્રત્યયિત અધિકારને જોડ્યો નથી: આ કંઈ ન્યાયિક પુનઃમુસદ્દા ઘડવાનું કૃત્ય નથી. ગોપનીયતા વિના ગૌરવ અસ્તિત્વ ધરાવી શકતું નથી. બંને જીવન, મુક્તિ અને સ્વતંત્રતાના તે અવિભાજ્ય મૂલ્યોમાં વસે છે જેને બંધારણે માન્યતા આપી છે. ગોપનીયતા એ વ્યક્તિની પવિત્રતાની પરમ અભિવ્યક્તિ છે. તે એક બંધારણીય મૂલ્ય છે જે મૂળભૂત અધિકારોના સમગ્ર ફલક પર ફેલાયેલું છે અને વ્યક્તિ માટે પસંદગી અને આત્મનિર્ણયના ક્ષેત્રનું રક્ષણ કરે છે. [પેરા ૧૬૯] [૮૩૨-ઈ-એફ]

૧૪ માહિતીલક્ષી ગોપનીયતા:

૧૪.૧ માહિતીના યુગે માહિતીલક્ષી ગોપનીયતા માટે જટિલ મુદ્દાઓ સર્જ્યા છે. આ મુદ્દાઓ માહિતીના સ્વભાવમાંથી જ ઉદ્ભવે છે. માહિતીના ત્રણ પાસાં છે: તે બિન-સ્પર્ધાત્મક (નોન-રાઇવલરસ), અદ્રશ્ય અને પુનઃસંયોજક (રિકોમ્બિનન્ટ) છે. માહિતી એ અર્થમાં બિન-સ્પર્ધાત્મક છે કે તે સાધનના એકસાથે બહુવિધ વપરાશકર્તાઓ હોઈ શકે છે – એક વ્યક્તિ દ્વારા માહિતીના ટુકડાનો ઉપયોગ અન્ય વ્યક્તિ માટે તેની ઉપલબ્ધતા ઓછી કરતો નથી. બીજું,

ડેટા ગોપનીયતા પરના અતિક્રમણો શોધવા મુશ્કેલ છે કારણ કે તે અદ્રશ્ય હોઈ શકે છે. માહિતી કોઈ પણ સૂચના વિના ઍક્સેસ, સંગ્રહિત અને પ્રસારિત કરી શકાય છે. પ્રકાશની ઝડપે આગળ વધવાની તેની ક્ષમતા ડેટાના પ્રવેશની અદ્રશ્યતાને વધારે છે, 'માહિતીનો સંગ્રહ એ તમામ કરતાં સૌથી ઝડપી ચોરી હોઈ શકે છે'. ત્રીજું, માહિતી એ અર્થમાં પુનઃસંયોજક છે કે ડેટા આઉટપુટનો વધુ ડેટા આઉટપુટ ઉત્પન્ન કરવા માટે ઇનપુટ તરીકે ઉપયોગ કરી શકાય છે. [પેરા ૧૭૩] [૮૩૫-સી-ઈ]

૧૪.૨ ડેટા સંરક્ષણ માટે વ્યવસ્થા ઘડવી એ એક જટિલ કવાયત છે જે રાજ્ય દ્વારા ગોપનીયતાની જરૂરિયાતો અને ડેટાનું રક્ષણ જે અન્ય મૂલ્યોની પૂર્તિ કરે છે તેની સાથે રાજ્યના વાજબી હિતોનું સાવચેતીપૂર્વક સંતુલન સાધીને હાથ ધરવાની જરૂર છે. વાજબી રાજ્ય હિતોનું રક્ષણ કરવા માટે હસ્તક્ષેપ કરતી વખતે, રાજ્યએ તેમ છતાં એક મજબૂત શાસન પ્રણાલી સ્થાપિત કરવી જોઈએ જે ત્રિપક્ષીય જરૂરિયાતની પરિપૂર્ણતા સુનિશ્ચિત કરે. આ ત્રણ આવશ્યકતાઓ ગોપનીયતા પરના તમામ નિયંત્રણોને લાગુ પડે છે (માત્ર માહિતીલક્ષી ગોપનીયતાને જ નહીં). તે અનુચ્છેદ ૨૧ ના પ્રક્રિયાગત અને વિષયવસ્તુ-આધારિત આદેશમાંથી ઉદ્ભવે છે. પ્રથમ આવશ્યકતા એ છે કે ગોપનીયતા પરના અતિક્રમણને વાજબી ઠેરવવા માટે કાયદો અસ્તિત્વમાં હોવો જોઈએ તે અનુચ્છેદ ૨૧ ની સ્પષ્ટ આવશ્યકતા છે. કારણ કે, કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયા અનુસાર સિવાય કોઈ પણ વ્યક્તિને તેના જીવન કે વ્યક્તિગત સ્વતંત્રતાથી વંચિત કરી

શકાશે નહીં. કાયદાનું અસ્તિત્વ એ એક આવશ્યક જરૂરિયાત છે. બીજું, વાજબી રાજ્ય ઉદ્દેશ્યના સંદર્ભમાં જરૂરિયાતની આવશ્યકતા એ સુનિશ્ચિત કરે છે કે પ્રતિબંધ લાદતા કાયદાનું સ્વરૂપ અને વિષયવસ્તુ અનુચ્છેદ ૧૪ દ્વારા ફરજિયાત કરાયેલ વ્યાજબીપણાના દાયરામાં આવે છે, જે રાજ્યના મનસ્વી પગલાં સામેની ખાતરી છે. વાજબી રાજ્ય ઉદ્દેશ્યની શોધ એ સુનિશ્ચિત કરે છે કે કાયદો પ્રત્યક્ષ મનસ્વીતાથી પીડાતો નથી. ઔચિત્ય, એક સિદ્ધાંત તરીકે, મૂલ્યનિર્ધારણનો સમાવેશ કરે છે. ન્યાયિક સમીક્ષા ધારાસભાના મૂલ્યનિર્ધારણનું પુનઃમૂલ્યાંકન કરતી નથી અથવા અટકળો કરતી નથી પરંતુ તે નક્કી કરવા માટે છે કે જે ઉદ્દેશ્ય સિદ્ધ કરવાનો પ્રયાસ કરવામા આવ્યો છે તે સ્પષ્ટ અથવા પ્રત્યક્ષ મનસ્વીતાથી પીડાય છે કે કેમ. ત્રીજી આવશ્યકતા એ સુનિશ્ચિત કરે છે કે ધારાસભા દ્વારા અપનાવવામાં આવેલા સાધનો કાયદા દ્વારા પૂર્ણ કરવા માંગતા હેતુ અને જરૂરિયાતોને પ્રમાણસર હોય. પ્રમાણસરતા એ રાજ્યના મનસ્વી પગલાં સામેની બાંયધરીનું આવશ્યક પાસું છે કારણ કે તે સુનિશ્ચિત કરે છે કે અધિકાર પરના અતિક્રમણનું સ્વરૂપ અને ગુણવત્તા કાયદાના હેતુ સાથે અપ્રમાણસર નથી. [પેરા ૧૭૯, ૧૮૦] [૮૩૮-એ, જી; ૮૩૯-એ-ઈ]

૧૪.૩ રાષ્ટ્રીય સુરક્ષા ઉપરાંત, રાજ્ય પાસે ડેટાના સંગ્રહ અને સંગ્રહણ માટે વાજબી કારણો હોઈ શકે છે. સામાજિક કલ્યાણકારી રાજ્યમાં, સરકાર એવા કાર્યક્રમો શરૂ કરે છે જે સમાજના ગરીબ અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા વર્ગોને લાભો પૂરા પાડે છે. અછત ધરાવતા જાહેર સંસાધનો એવા વ્યક્તિઓ તરફ વાળીને વેડફાઈ ન જાય જેઓ લાભાર્થી તરીકે લાયક નથી તે સુનિશ્ચિત કરવામાં

મહત્વપૂર્ણ રાજ્ય હિત રહેલું છે. માનવ વિકાસ માટે સંસાધનોની ફાળવણી એ વાજબી ચિંતા સાથે જોડાયેલી છે કે સંસાધનોનો ઉપયોગ અપ્રસ્તુત હેતુઓ માટે અન્યત્ર વાળવો જોઈએ નહીં. યોગ્ય લાભાર્થીઓને સંસાધનો યોગ્ય રીતે પહોંચાડવામાં આવે તે સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ્ય સાથે ડેટા માઇનિંગ એ રાજ્ય માટે અધિકૃત ડેટા એકત્રિત કરવાનો આગ્રહ રાખવા માટેનું એક માન્ય કારણ છે. પરંતુ, રાજ્ય દ્વારા એકત્રિત કરવામાં આવેલ ડેટાનો ઉપયોગ રાજ્યના વાજબી હેતુઓ માટે જ થવો જોઈએ અને અપ્રસ્તુત હેતુઓ માટે અનધિકૃત રીતે ઉપયોગ થવો જોઈએ નહીં. આ સુનિશ્ચિત કરશે કે ગોપનીયતાની ચિંતાઓનું રક્ષણ કરવાની સાથે રાજ્યના વાજબી હિતો યોગ્ય રીતે સુરક્ષિત રહે. ગુનાની રોકથામ અને તપાસ તથા મહેસૂલનું રક્ષણ રાજ્યના વાજબી ઉદ્દેશ્યો પૈકીના છે. ડિજિટલ પ્લેટફોર્મ એ કલ્યાણકારી રાજ્યમાં સુશાસન સુનિશ્ચિત કરવા માટેનું એક મહત્વપૂર્ણ સાધન છે. યોગ્ય રીતે તૈનાત કરવામાં આવેલી માહિતી ટેકનોલોજી એ નવીનતા અને જ્ઞાનના પ્રસારમાં એક શક્તિશાળી સક્ષમકર્તા છે. [પેરા ૧૮૧] [૮૩૯-એફ-એચ; ૮૪૦-એ-બી]

એમ. પી. શર્મા વિરુદ્ધ સતીશ ચંદ્ર, ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ, દિલ્હી [૧૯૫૪] એસસીઆર ૧૦૭૭; ખરક સિંહ વિરુદ્ધ સ્ટેટ ઓફ ઉત્તર પ્રદેશ [૧૯૬૪] ૧ એસસીઆર ૩૩૨ – આંશિક રીતે રદબાતલ ઠેરવેલ.

મિનિસ્ટર ઓફ હેલ્થ વિરુદ્ધ ટ્રીટમેન્ટ એક્શન કેમ્પેઇન (૨૦૦૨) ૫ એસએ ૭૨૧ (સીસી) – સંદર્ભ લીધેલ.

બી. શિવા રાવ, ધ ફ્રેમિંગ ઓફ ઈન્ડિયાઝ કોન્સ્ટીટ્યુશન, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન (૧૯૬૭), ભાગ ૨, પૃષ્ઠ ૭૫; અમર્ત્ય સેન, ડેવલપમેન્ટ એઝ ફ્રીડમ, ઓક્સફોર્ડ યુનિવર્સિટી પ્રેસ (૨૦૦૦), પૃષ્ઠ ૧૮૦; અમર્ત્ય સેન, 'ધ કન્ટ્રી ઓફ ફર્સ્ટ બોય્ઝ', ઓક્સફોર્ડ યુનિવર્સિટી પ્રેસ, પૃષ્ઠ ૮૦-૮૧; એડવિન કેમેરોન અને મેક્સ ટેલર, 'ધ અનટેપ્ડ પોટેન્શિયલ ઓફ ધ મંડેલા કોન્સ્ટીટ્યુશન', પબ્લિક લો (૨૦૧૭); અન્ના જોન્સન કોર્નેલ, 'રાઈટ ટુ પ્રાઈવસી', થોમસ કૂલી, ટ્રીટાઈઝ ઓન ધ લો ઓફ ટોર્ટસ (૧૮૮૮), બીજી આવૃત્તિ – સંદર્ભ લીધેલ.

ન્યાયમૂર્તિ આર. એફ. નરીમાન દ્વારા

૧. તે સુસ્થાપિત છે કે સ્થાનિક કાયદામાં કોઈ ચોક્કસ મનાઈના અભાવે, આંતરરાષ્ટ્રીય કાયદો ભારતીય કાયદાનો એક ભાગ બને છે અને પરિણામે તેને આપણા મૂળભૂત અધિકારોમાં અથવા તેના ભાગ તરીકે વાંચવો જોઈએ. [પેરા ૨૯] [૮૬૬-ડી-ઈ]

બચન સિંહ વિરુદ્ધ સ્ટેટ ઓફ પંજાબ (૧૯૮૦) ૨ એસસીસી ૬૮૪; ફ્રાન્સિસ કોરાલી મુલિન વિરુદ્ધ એડમિનિસ્ટ્રેટર, યુનિયન ટેરિટરી ઓફ દિલ્હી અને અન્ય (૧૯૮૧) ૧ એસસીસી ૬૦૮ : [૧૯૮૧] ૨ એસસીઆર ૫૧૬; વિશાખા અને અન્ય વિરુદ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન અને અન્ય (૧૯૯૭) ૬ એસસીસી ૨૪૧ : [૧૯૯૭] ૩ સપ્લી. એસસીઆર ૪૦૪; નેશનલ લીગલ

સર્વિસીસ ઓથોરિટી વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા (૨૦૧૪) ૫ એસસીસી ૪૩૮ – આધાર રાખેલ.

સેમાઈન્સ કેસ ૬૭ ઈઆર ૧૯૪; હકલ વિરુદ્ધ મની ૯૫ ઈઆર ૬૬૮ (૧૭૬૩); એન્ટિક વિરુદ્ધ કેરિંગ્ટન ૯૫ ઈઆર ૮૦૭ (૧૭૬૫); ડા કોસ્ટા વિરુદ્ધ જોન્સ ૯૮ ઈઆર ૧૩૩૧ (૧૭૭૮); બર્નેટ વિરુદ્ધ કોરોનાડો ઓઈલ એન્ડ ગેસ કંપની ૨૮૫ યુ.એસ. ૩૯૩, પૃષ્ઠ ૪૦૬ (૧૯૩૨) – સંદર્ભ લીધેલ.

૨. એમ.પી. શર્માનો ચુકાદો માત્ર અનુચ્છેદ ૨૦(૩) સાથે સંબંધિત હતો અને અન્ય મૂળભૂત અધિકારો સાથે નહીં તે હકીકત જોતાં; ગોપનીયતાના અધિકારનો સમાવેશ કરતી માનવ અધિકારોની સાર્વત્રિક ઘોષણા ૧૯૪૮ કોર્ટના ધ્યાન પર લાવવામાં આવી ન હતી તે હકીકત જોતાં; તે એવા યુગમાં આપવામાં આવ્યો હતો જ્યારે મૂળભૂત અધિકારોને અલગ-અલગ અભેદ્ય ખાનાઓમાં વાંચવાના હતા તે હકીકત જોતાં; અને આજે આપણે જે અનુચ્છેદ ૨૧ જાણીએ છીએ તે મેનકા ગાંધી પછીના યુગમાં જ જીવંત બન્યો હતો તે હકીકત જોતાં, જ્યાં સુધી મૂળભૂત અધિકારોના પ્રકરણમાં ગોપનીયતાના અધિકારને આધાર આપવાનો સંબંધ છે ત્યાં સુધી આ ચુકાદો સંપૂર્ણપણે બાધામુક્ત છે. ખરક સિંહ કેસમાં ૪ ન્યાયમૂર્તિઓના બહુમતી ચુકાદાએ રાત્રિના સમયે ઘરેલુ મુલાકાતોને લગતા નિયમન ૨૩૪ ના પેટા-કલમ (બી) ને રદબાતલ ઠેરવી હતી. આ કોર્ટે ઠેરવેલ કે અનુચ્છેદ ૨૧ માં વપરાયેલ 'જીવન' નો અર્થ માત્ર પશુ સમાન અસ્તિત્વ કરતાં કંઈક વધુ હોવો જોઈએ અને 'સ્વતંત્રતા' નો અર્થ માત્ર શારીરિક

સંયમમાંથી મુક્તિ કરતાં વધુ હોવો જોઈએ. બહુમતી ચુકાદાએ ઠેરવ્યું હતું કે અનુચ્છેદ ૧૯(૧) અને અનુચ્છેદ ૨૧ ને અલગ-અલગ વાંચવાના છે, અને તેમ વાંચતાં એવું ઠેરવેલ કે અનુચ્છેદ ૧૯(૧) વ્યક્તિગત સ્વતંત્રતાના વિશિષ્ટ પ્રકારો અથવા લક્ષણો સાથે સંબંધિત છે, જ્યારે અનુચ્છેદ ૨૧ બાકી રહેલા ભાગને સમાવે છે. જો રાત્રિના સમયે ઘરેલુ મુલાકાતો સાથે કામ પાર પાડતા અને તેને રદબાતલ ઠેરવતા ચુકાદાના ફકરાને નિયમન ૨૩૪ ની અન્ય જોગવાઈઓને માન્ય રાખતા પછીના ફકરા સાથે સરખાવવામાં આવે, તો તે સ્પષ્ટ થાય છે કે કોઈ પણ સ્પષ્ટતા સાથે એમ કહી શકાય નહીં કે બહુમતી ચુકાદો ગોપનીયતાના અધિકારને મૂળભૂત અધિકારોના પ્રકરણમાં સમાવિષ્ટ હોવાનું સમર્થન આપે છે કે અન્યથા. આ મહત્વપૂર્ણ પાસા પર બહુમતી ચુકાદો પોતાની જાત સાથે વિરોધાભાસ ધરાવતો હોવાથી, એમ કહેવું યોગ્ય રહેશે કે તેને બંધનકર્તા પૂર્વચુકાદા તરીકે વધુ મૂલ્ય આપી શકાય નહીં. ગમે તે સંજોગોમાં, બહુમતી ચુકાદો ત્યારે યોગ્ય કાયદો છે જ્યારે તે અનુચ્છેદ ૨૧ ને વ્યક્તિના ગૌરવને સૌથી પ્રિય માનવીય મૂલ્ય તરીકે ખાતરી આપવા માટે ઘડવામાં આવ્યો હોવાનું જણાવે છે જે માનવીના સંપૂર્ણ વિકાસ અને ઉત્ક્રાંતિના સાધનોની ખાતરી આપે છે. બહુમતી ચુકાદો એ દર્શાવવામાં પણ સાચો છે કે અનુચ્છેદ ૨૧ વ્યક્તિના ઘરમાં અનધિકૃત ઘૂસણખોરીને અટકાવે છે. જ્યાં બહુમતી ચુકાદો ભૂલ કરે છે તે એ માનવામાં છે કે મૂળભૂત અધિકારો અભેદ્ય ખાનાઓમાં છે અને બંધારણ હેઠળ ગોપનીયતાનો અધિકાર બાંયધરીકૃત અધિકાર નથી તેવું માનવામાં છે. [પેરા ૩૬, ૩૭ અને ૪૨] [૮૭૨-એ-ઈ; ૮૭૫-બી-ઈ]

એ. કે. ગોપાલન વિરુદ્ધ સ્ટેટ ઓફ મદ્રાસ [૧૯૫૦] એસસીઆર ૮૮; મોહમ્મદ આરિફ વિરુદ્ધ રજિસ્ટ્રાર, સુપ્રિમ કોર્ટ ઓફ ઇન્ડિયા અને અન્ય (૨૦૧૪) ૯ એસસીસી ૭૩૭ : [૨૦૧૪] ૧૧ એસસીઆર ૧૦૦૯; આર. સી. કૂપર વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા (૧૯૭૦) ૧ એસસીસી ૨૪૮ : [૧૯૭૦] ૩ એસસીઆર ૫૩૦; મેનકા ગાંધી વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા (૧૯૭૮) ૧ એસસીસી ૨૪૮ : [૧૯૭૮] ૨ એસસીઆર ૬૨૧; ગોબિંદ વિરુદ્ધ સ્ટેટ ઓફ મધ્ય પ્રદેશ (૧૯૭૫) ૨ એસસીસી ૧૪૮ : [૧૯૭૫] ૩ એસસીઆર ૯૪૬; એક્સ્ટ્રા જ્યુડિશિયલ એક્ઝીક્યુશન વિક્ટિમ ફેમિલીઝ એસોસિએશન અને અન્ય વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા અને અન્ય (૨૦૧૭) ૮ એસસીસી ૪૧૭; ડિસ્ટ્રિક્ટ રજિસ્ટ્રાર એન્ડ કલેક્ટર, હૈદરાબાદ અને અન્ય વિરુદ્ધ કેનેરા બેંક વગેરે (૨૦૦૫) ૧ એસસીસી ૪૯૬ : [૨૦૦૪] ૫ સપ્લી. એસસીઆર ૮૩૩ – આધાર રાખેલ.

જોલી જ્યોર્જ વર્ગીસ વિરુદ્ધ બેંક ઓફ કોચીન (૧૯૮૦) ૨ એસસીસી ૩૬૦ : [૧૯૮૦] ૨ એસસીઆર ૯૧૩; ચાર્લ્સ શોભરાજ વિરુદ્ધ દિલ્હી એડમિનિસ્ટ્રેશન (૧૯૭૮) ૪ એસસીસી ૪૯૪ : [૧૯૭૯] ૧ એસસીઆર ૩૯૨; પ્રેમ શંકર શુક્લા વિરુદ્ધ દિલ્હી એડમિનિસ્ટ્રેશન (૧૯૮૦) ૩ એસસીસી ૫૨૬ : [૧૯૮૦] ૩ એસસીઆર ૮૫૫ – સંદર્ભ લીધેલ.

૩.૧ સંસદીય સાદી બહુમતી દ્વારા વૈધાનિક કાયદો બનાવી શકાય છે અને તેને રદ પણ કરી શકાય છે. ટૂંકમાં, શાસક પક્ષ પોતાની મરજી મુજબ કાયદામાં

સમાવિષ્ટ કોઈપણ અથવા તમામ રક્ષણો નાબૂદ કરી શકે છે. બીજી તરફ, બંધારણમાં મૂળભૂત અધિકારો સમાવિષ્ટ છે જેથી એવા અધિકારો ઉપલબ્ધ રહે જેનો આ દેશના નાગરિકો તેઓ ચૂંટી શકે તેવી સરકારો છતાં પણ ઉપભોગ કરી શકે. જ્યારે વ્યક્તિની ગોપનીયતા જેવો કોઈ વિશિષ્ટ મૂળભૂત અધિકાર એવો 'અવિભાજ્ય' અધિકાર હોય જે વ્યક્તિમાં સહજ હોય કારણ કે તે એક માનવ છે, ત્યારે આ બાબત વધુ પ્રસ્તુત બને છે. બંધારણના મૂળભૂત અધિકારોના પ્રકરણમાં આવા અધિકારની માન્યતા એ માત્ર એવી સ્વીકૃતિ છે કે બહુમતી સરકારોની બદલાતી પરિસ્થિતિઓ છતાં આવો અધિકાર અસ્તિત્વ ધરાવે છે. કાયદાઓ મૂળભૂત અધિકારોનું રક્ષણ કરી શકે છે; તેઓ તેનું ઉલ્લંઘન પણ કરી શકે છે. જો કોઈ હાલનો કાયદો અથવા ભવિષ્યમાં બનાવવામાં આવનાર કોઈપણ કાયદો ગોપનીયતાના અવિભાજ્ય અધિકારનું ઉલ્લંઘન કરતો હોય, તો આ કોર્ટે આવા મૂળભૂત અધિકાર સામે આવા કાયદાનું પરીક્ષણ કરવું જરૂરી બનશે અને જો એવું જણાય કે કોઈ સામાજિક કે જાહેર હિતના સમતોલન વિના આવા અધિકારનું ઉલ્લંઘન થયું છે, તો આવા કાયદાને ગોપનીયતાના મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન કરનાર તરીકે રદબાતલ જાહેર કરવાની આ કોર્ટની ફરજ રહેશે. [પેરા ૫૬] [૮૮૩-જી-એચ; ૮૮૪-એ-સી]

ખોડે ડિસ્ટિલરીઝ લિ. વિરુદ્ધ સ્ટેટ ઓફ કર્ણાટક (૧૯૯૫) ૧ એસસીસી ૫૭૪ : [૧૯૯૪] ૪ સપ્લી. એસસીઆર ૪૭૭; કૃષ્ણ કુમાર નરુલા વિરુદ્ધ સ્ટેટ ઓફ જમ્મુ એન્ડ કાશ્મીર [૧૯૬૭] ૩ એસસીઆર ૫૦; હર શંકર વિરુદ્ધ ડેપ્યુટી

એક્સાઇઝ એન્ડ ટેક્સેશન કમિશનર (૧૯૭૫) ૧ એસસીસી ૭૩૭ : [૧૯૭૫] ૩ એસસીઆર ૨૫૪ – સંદર્ભ લીધેલ.

મિલર વિરુદ્ધ યુનાઇટેડ સ્ટેટ્સ ૪૨૫ યુ.એસ. ૪૩૫ (૧૯૭૬); સ્ટેનલી વિરુદ્ધ જ્યોર્જિયા ૨૨ એલ.ઇડી. ૨ડી ૫૪૨; કાત્ઝ વિરુદ્ધ યુનાઇટેડ સ્ટેટ્સ ૩૮૯ યુ.એસ. ૩૪૭ (૧૯૬૭); મિનેસોટા વિરુદ્ધ કાર્ટર ૫૨૫ યુ.એસ. ૮૩, ૧૧૯ એસ.સીટી. ૪૬૯, પૃષ્ઠ ૪૭૭; કાયલો વિરુદ્ધ યુનાઇટેડ સ્ટેટ્સ ૫૩૩ યુ.એસ. ૨૭, ૧૨૧ એસ. સીટી. ૨૦૩૮, પૃષ્ઠ ૨૦૪૩ (૨૦૦૧) – સંદર્ભ લીધેલ.

૩.૨ 'ગોપનીયતાની વાજબી અપેક્ષા' ની કસોટી યુ.એસ. સુપ્રિમ કોર્ટના ચુકાદાઓ દ્વારા નિર્ધારિત કરવામાં આવી હતી. જોકે આ કસોટી યુનાઇટેડ સ્ટેટ્સમાં પણ ત્યારપછીના કેટલાક નિર્ણયો દ્વારા લાગુ કરવામાં આવી છે, છતાં આ કસોટીના ઉપયોગની ટીકા કરવામાં આવી છે. તેથી તે સ્પષ્ટ છે કે તેના મૂળ દેશમાં, આ કસોટી ત્યારપછીના કેટલાક ચુકાદાઓમાં અનુસરવામાં આવી હોવા છતાં, ટીકાનો વિષય રહી છે. તેમાં કોઈ શંકા નથી કે આપણા બંધારણના અનુચ્છેદ ૧૪, ૧૯, ૨૦ અથવા ૨૧ ના લખાણમાં આવી કસોટીનો કોઈ બુદ્ધિગમ્ય આધાર નથી. વળી, આ કસોટી એ અર્થમાં ગોળગોળ (ચક્રીય) છે કે જ્યાં સુધી જે વ્યક્તિની ગોપનીયતાનું અતિક્રમણ થાય છે તેને ગોપનીયતાની વાજબી અપેક્ષા ન હોય ત્યાં સુધી ગોપનીયતાનું કોઈ અતિક્રમણ થતું નથી. આવી વ્યક્તિને આવી અપેક્ષા હશે કે નહીં તેનો આધાર કાયદાની સ્થિતિ શું છે તેના પર રહેવો જોઈએ. વળી, આ કસોટી સ્વેચ્છાએ માહિતી અલગ કરવા

(આપવા) ની કસોટી સાથે આંતરિક રીતે જોડાયેલી છે, કેમ કે જો માહિતી સ્વેચ્છાએ આપવામાં આવી હોય, તો સંબંધિત વ્યક્તિને કોઈપણ ગોપનીયતા હિતની કોઈ અપેક્ષા નથી તેમ વાજબી રીતે કહી શકાય. [પેરા ૫૭, ૫૯] [૮૮૪-સી-ડી; ૮૮૬-એ-બી]

૪. આપણા બંધારણમાં, બંધારણનું અર્થઘટન કરવાનું રાજ્યના ત્રણેય અંગો પર છોડવામાં આવ્યું નથી. જ્યારે બંધારણના અર્થઘટન અંગે કોઈ મહત્વપૂર્ણ પ્રશ્ન ઉદ્ભવે છે, ત્યારે અનુચ્છેદ ૧૪૫(૩) હેઠળ આ કોર્ટ અને માત્ર આ કોર્ટે જ નક્કી કરવાનું છે કે બંધારણનું અર્થઘટન શું હશે, અને આ હેતુ માટે બંધારણ આ કાર્ય આ કોર્ટના ઓછામાં ઓછા ૫ ન્યાયમૂર્તિઓને સોંપે છે. [પેરા ૬૬] [૮૯૨-બી-સી]

અશોક તંવર અને અન્ય વિરુદ્ધ સ્ટેટ ઓફ એચ.પી. અને અન્ય (૨૦૦૫) ૨ એસસીસી ૧૦૪ : [૨૦૦૪] ૬ સપ્લી. એસસીઆર ૧૦૬૫; આઈ. આર. કોએલ્હો (મૃત્યુ પામેલ) વારસદારો મારફત વિરુદ્ધ સ્ટેટ ઓફ તમિલનાડુ અને અન્ય (૨૦૦૭) ૨ એસસીસી ૧ : [૨૦૦૭] ૧ એસસીઆર ૭૦૬; એમ. નાગરાજ અને અન્ય વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા અને અન્ય (૨૦૦૬) ૮ એસસીસી ૨૧૨ : [૨૦૦૬] ૭ સપ્લી. એસસીઆર ૩૩૬ – આધાર રાખેલ.

બહેરામ ખુરશીદ પેશીકાકા વિરુદ્ધ સ્ટેટ ઓફ બોમ્બે [૧૯૫૫] ૧ એસસીઆર ૬૧૩; બશેશર નાથ વિરુદ્ધ સીઆઈટી [૧૯૫૯] સપ્લી. ૧

એસસીઆર ૫૨૮; ઓલ્ગા ટેલિસ વિરુદ્ધ બોમ્બે મ્યુનિસિપલ કોર્પોરેશન (૧૯૮૫) ૩ એસસીસી ૫૪૫ : [૧૯૮૫] ૨ સપ્લી. એસસીઆર ૫૧ – સંદર્ભ લીધેલ.

૫. બંધારણના આમુખમાં 'સ્વાતંત્ર્ય' વિચાર, અભિવ્યક્તિ, માન્યતા, શ્રદ્ધા અને ઉપાસનાનું હોવાનું જણાવ્યું છે. આ મૂળભૂત મૂલ્ય મૂળભૂત અધિકારોના પ્રકરણમાં સર્વત્ર પથરાયેલું જોઈ શકાય છે. તે અનુચ્છેદ ૧૯(૧)(એ), ૨૦, ૨૧, ૨૫ અને ૨૬ માં મળી શકે છે. જાણીતું છે તેમ, આ મુખ્ય બંધારણીય મૂલ્ય ૧૭૮૯ ના 'માનવ અને નાગરિકના અધિકારોની ઘોષણા' માંથી ઉછીનું લેવામાં આવ્યું છે. પરંતુ સૌથી મહત્વપૂર્ણ બંધુતાનું મૂળભૂત મૂલ્ય છે જે વ્યક્તિના ગૌરવની ખાતરી આપે છે. વ્યક્તિના ગૌરવમાં વ્યક્તિની તેની સંભવિત ક્ષમતાના પૂર્ણ હદ સુધી વિકાસ કરવાનો અધિકાર સમાવિષ્ટ છે. અને આ વિકાસ ત્યારે જ થઈ શકે છે જો વ્યક્તિ પાસે મૂળભૂત વ્યક્તિગત પસંદગીઓ પર સ્વાયત્તતા હોય અને વ્યક્તિગત માહિતીના પ્રસાર પર નિયંત્રણ હોય, જે આવી માહિતીના અનધિકૃત ઉપયોગ દ્વારા ઉલ્લંઘિત થઈ શકે છે. તે સ્પષ્ટ છે કે મૂળભૂત અધિકારોના પ્રકરણમાં અન્ય કોઈપણ અનુચ્છેદ કરતાં અનુચ્છેદ ૨૧ આ દરેક બંધારણીય મૂલ્યોને સંપૂર્ણ રીતે પ્રતિબિંબિત કરે છે અને આ મૂલ્યો અને આંતરરાષ્ટ્રીય કરારો સાથે સુસંગત રહીને તેનું અર્થઘટન કરવાનું છે. ગોપનીયતાનો મૂળભૂત અધિકાર, જેના ઘણા વિકાસશીલ પાસાં છે, તે માત્ર કેસ-દર-કેસના આધારે જ વિકસાવી શકાય છે. જે ચોક્કસ પાસા પર આધાર રાખવામાં

આવ્યો છે તેના આધારે, કાં તો અનુચ્છેદ ૨૧ પોતે અથવા અન્ય મૂળભૂત અધિકારો સાથે મળીને આકર્ષિત થશે. પરંતુ આનો અર્થ એ નથી કે આવો અધિકાર નિરપેક્ષ છે. આ અધિકાર વાજબી રાજ્ય હિતો અથવા જાહેર હિતના રક્ષણ માટે રાજ્ય દ્વારા બનાવવામાં આવેલા વાજબી નિયમોને આધીન છે. જો કે, જ્યારે આ અધિકાર પરના પ્રતિબંધોની વાત આવે છે, ત્યારે જે વિવિધ અનુચ્છેદો સાથે આ અધિકાર સંબંધિત છે તેની કવાયતનું ચુસ્તપણે પાલન થવું જોઈએ. ઉદાહરણ તરીકે, જો ગોપનીયતા પરનો પ્રતિબંધ વ્યક્તિએ કરવાની મૂળભૂત વ્યક્તિગત પસંદગીઓ પર હોય, તો જો રાજ્યનું પગલું મનસ્વી અને અવાજબી હોય તો અનુચ્છેદ ૧૪ સાથે વંચાણે લેતાં અનુચ્છેદ ૨૧ હેઠળ તેને અટકાવી શકાય છે; અને અનુચ્છેદ ૧૯(૧)(એ) સાથે વંચાણે લેતાં અનુચ્છેદ ૨૧ હેઠળ માત્ર ત્યારે જ જો તે અનુચ્છેદ ૧૯(૨) માં ઉલ્લેખિત વિષયો સાથે સંબંધિત હોય અને આવા કાયદા અથવા ગૌણ કાયદા માટે સદર અનુચ્છેદ હેઠળ પરીક્ષણમાં ઉત્તીર્ણ થવા માટે આ કોર્ટ દ્વારા નિર્ધારિત કસોટીઓ સાથે સંબંધિત હોય. ઉપરોક્ત ઉદાહરણોમાં અનુચ્છેદ ૧૪ સાથે વંચાણે લેતાં અનુચ્છેદ ૨૧; અથવા અનુચ્છેદ ૧૯(૧)(એ) સાથે વંચાણે લેતાં અનુચ્છેદ ૨૧ હેઠળ કાયદા અથવા કારોબારી પગલાં અંગે આ કોર્ટ દ્વારા વિકસાવવામાં આવેલી દરેક કસોટીઓ રાજ્યના પગલાંને યોગ્ય ઠેરવવા માટે સંતોષાતી હોવી જોઈએ. અંતિમ પૃથક્કરણમાં, વ્યક્તિગત, સામાજિક અને રાજ્ય હિતો વચ્ચે સાધવાની સંતુલનની કવાયત ન્યાયિક મનની તાલીમ અને નિપુણતા પર છોડવી જોઈએ. [પેરા ૮૪, ૮૫ અને ૮૬] [૯૦૭-એચ; ૯૦૮-એ-બી, ઈ-એફ; ૯૦૯-એ-ઈ]

આર. રાજગોપાલ વિરુદ્ધ સ્ટેટ ઓફ તમિલનાડુ (૧૯૯૪) ૬ એસસીસી ૬૩૨ : [૧૯૯૪] ૪ સપ્લી. એસસીઆર ૩૫૩; પીયુસીએલ વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા (૧૯૯૭) ૧ એસસીસી ૩૦૧ : [૧૯૯૬] ૧૦ સપ્લી. એસસીઆર ૩૨૧; શારદા વિરુદ્ધ ધર્મપાલ (૨૦૦૩) ૪ એસસીસી ૪૯૩ : [૨૦૦૩] ૩ એસસીઆર ૧૦૬ – આધાર રાખેલ.

મુન વિરુદ્ધ ઇલિનોઇસ ૯૪ યુ.એસ. ૧૧૩ (૧૮૭૬); વુલ્ફ વિરુદ્ધ કોલોરાડો ૩૩૮ યુ.એસ. ૨૫ (૧૯૪૯); ઓલ્મસ્ટેડ વિરુદ્ધ યુનાઇટેડ સ્ટેટ્સ ૨૭૭ યુ.એસ. ૪૩૮, પૃષ્ઠ ૪૭૪; ગ્રીસવોલ્ડ વિરુદ્ધ કનેક્ટિકટ ૩૮૧ યુ.એસ. ૪૭૯ (૧૯૬૫); રો વિરુદ્ધ વેડ ૪૧૦ યુ.એસ. ૧૧૩ (૧૯૭૩); લવિંગ વિરુદ્ધ વર્જિનિયા ૩૮૮ યુ.એસ. ૧, ૧૨, ૮૭ એસ.સીટી. ૧૮૧૭, ૧૮૨૩, ૧૮ એલ.ઇડી.૨ડી ૧૦૧૦ (૧૯૬૭); સ્કિનર વિરુદ્ધ ઓક્લાહોમા ૩૧૬ યુ.એસ. ૫૩૫, ૫૪૧-૫૪૨, ૬૨ એસ.સીટી. ૧૧૧૦, ૧૧૧૩-૧૧૧૪, ૮૬ એલ.ઇડી. ૧૬૫૫ (૧૯૪૨); આઇઝનસ્ટેડ વિરુદ્ધ બેર્ડ ૪૦૫ યુ.એસ. ૪૩૮, ૪૫૩-૪૫૪, ૯૨ એસ.સીટી. ૧૦૨૯, ૧૦૩૮-૧૦૩૯, ૩૧ એલ.ઇડી.૨ડી ૩૪૯ (૧૯૭૨); પ્રિન્સ વિરુદ્ધ મેસેચ્યુસેટ્સ ૩૨૧ યુ.એસ. ૧૫૮, ૧૬૬, ૬૪ એસ.સીટી. ૪૩૮, ૪૪૨, ૮૮ એલ.ઇડી. ૬૪૫ (૧૯૪૪); પીયર્સ વિરુદ્ધ સોસાયટી ઓફ સિસ્ટર્સ ૨૬૮ યુ.એસ. ૫૧૦, ૫૩૫, ૪૫ એસ.સીટી. ૫૭૧, ૫૭૩, ૬૯ એલ.ઇડી. ૧૦૧૦ (૧૯૨૫); યુનાઇટેડ સ્ટેટ્સ વિરુદ્ધ જોન્સ ૫૬૫ યુ.એસ. ૪૦૦ (૨૦૧૨); વ્હેલેન

વિરુદ્ધ રો ૪૨૯ યુ.એસ. ૫૮૯, પૃષ્ઠ ૫૯૮ અને ૫૯૯; એનએમ અને અન્ય વિરુદ્ધ સ્મિથ અને અન્ય ૨૦૦૭ (૫) એસએ ૨૫૦ (સીસી) – સંદર્ભ લીધેલ.

૬. ગોપનીયતાના અધિકારનું અવિભાજ્ય સ્વરૂપ:

તે સ્પષ્ટ છે કે આંતરરાષ્ટ્રીય કરારો અને ઘોષણાઓ કે જેમાં ભારત એક પક્ષકાર હતું, એટલે કે ૧૯૪૮ ની ઘોષણા અને ૧૯૬૬ ના કરાર બંને જીવન અને સ્વતંત્રતાના અધિકારને 'અવિભાજ્ય' તરીકે દર્શાવે છે. આ બાબતને અનુચ્છેદ ૨૧ ના ભાગ તરીકે વાંચવાની છે તે હકીકત જોતાં, તે સ્પષ્ટ છે કે અનુચ્છેદ ૨૧, તેથી, આ માનવ અધિકારોનું એકમાત્ર ભંડાર બનશે નહીં પરંતુ માત્ર એ હકીકતને પ્રતિબિંબિત કરશે કે તેઓ 'અવિભાજ્ય' હતા; કે તેઓ દરેક માનવીમાં સહજ છે કારણ કે તે વ્યક્તિ માનવી છે. બીજું, આ ચુકાદા પછીના વિકાસોએ પણ સ્પષ્ટ કર્યું છે કે બહુમતી ચુકાદાઓ હવે યોગ્ય કાયદો રહ્યા નથી અને ન્યાયમૂર્તિ ખન્નાનો અસંમત અભિપ્રાય કાયદાનું સાચું સંસ્કરણ છે. માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ, ૧૯૯૩ ની કલમ ૨(૧)(ડી) માન્યતા આપે છે કે આંતરરાષ્ટ્રીય કરારોને સંદર્ભિત અને ભારતમાં અદાલતો દ્વારા લાગુ કરવા યોગ્ય જીવન, સ્વતંત્રતા, સમાનતા અને ગૌરવનો અધિકાર 'માનવ અધિકારો' છે. અને આંતરરાષ્ટ્રીય કરારો સ્પષ્ટપણે જણાવે છે કે આ અધિકારો 'અવિભાજ્ય' છે કારણ કે તેઓ માનવી હોવાના કારણે વ્યક્તિઓમાં સહજ છે. [પેરા ૯૦, ૯૨] [૯૧૬-જી-એચ; ૯૧૭-એ-ડી]

એડિશનલ ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ, જબલપુર વિરુદ્ધ એસ. એસ. શુક્લા (૧૯૭૬) ૨ એસસીસી ૫૨૧ : [૧૯૭૬] સપ્લી. એસસીઆર ૧૭૨ – રદબાતલ ઠેરવેલ.

થાલાપલમ સર્વિસ કો-ઓપરેટિવ બેંક લિમિટેડ અને અન્ય વિરુદ્ધ સ્ટેટ ઓફ કેરળ અને અન્ય (૨૦૧૩) ૧૬ એસસીસી ૮૨ : [૨૦૧૩] ૧૪ એસસીઆર ૪૭૫ – બહાલ રાખેલ.

૭. ગોપનીયતાનો અવિભાજ્ય મૂળભૂત અધિકાર ભારતના બંધારણના ભાગ ૩ માં સમાવિષ્ટ અનુચ્છેદ ૨૧ અને અન્ય મૂળભૂત સ્વતંત્રતાઓમાં રહેલો છે. એમ.પી. શર્મા અને ખરક સિંહ કેસોમાં બહુમતી, જ્યાં સુધી તેઓ વિપરીત સંકેત આપે છે તે હદ સુધી, રદબાતલ ઠરે છે. ગોપનીયતાને મૂળભૂત અધિકાર તરીકે માન્યતા આપતા આ કોર્ટના ત્યારપછીના ચુકાદાઓ પર પુનર્વિચાર કરવાની જરૂર નથી. તેથી, આ કેસો આ ચુકાદાના સંદર્ભમાં ગુણદોષના આધારે ન્યાયનિર્ણય માટે આ કોર્ટના મૂળ ૩ માનનીય ન્યાયમૂર્તિઓની બેંચને પાછા મોકલવામાં આવે છે. [પેરા ૯૪] [૯૨૦-ડી-એફ]

એમ. પી. શર્મા અને અન્ય વિરુદ્ધ સતીશ ચંદ્ર, ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ, દિલ્હી અને અન્ય ૧૯૫૪ એસસીઆર ૧૦૭૭; ખરક સિંહ વિરુદ્ધ સ્ટેટ ઓફ યુ.પી. (૧૯૬૪) ૧ એસસીઆર ૩૩૨ – આંશિક રીતે રદબાતલ ઠેરવેલ.

ન્યાયમૂર્તિ ચેલામેશ્વર દ્વારા

૧.૧ એમ.પી. શર્મામાં આ કોર્ટની વિચારણા માટે જે મુદ્દો આવ્યો હતો તે એ હતો કે – શું ગુનાના આરોપી વ્યક્તિના કબજામાંથી દસ્તાવેજો જપ્ત કરવા એ બંધારણના અનુચ્છેદ ૨૦(૩) હેઠળ પ્રતિબંધિત 'સાક્ષીય બળજબરી' (ટેસ્ટિમોનિયલ કમ્પલ્શન) સમાન ગણાશે. 'સાક્ષીય બળજબરી' શબ્દપ્રયોગ બંધારણના અનુચ્છેદ ૨૦(૩) માં જોવા મળતો નથી. અનુચ્છેદ ૨૦(૩) માં સમાવિષ્ટ આદેશ સાક્ષીય બળજબરી વિરુદ્ધના નિયમ તરીકે વર્ણવવામાં આવ્યો હતો. શું આપણા બંધારણ હેઠળ મૂળભૂત અધિકાર તરીકે સમાવિષ્ટ 'સાક્ષીય બળજબરી' વિરુદ્ધનો નિયમ ગોપનીયતાનો અધિકાર રચે છે અથવા અનુચ્છેદ ૨૧, ૧૪, ૧૯ અથવા ૨૫ વગેરે હેઠળ બાંયધરી આપેલા અન્ય કોઈપણ મૂળભૂત અધિકારમાં ગોપનીયતાનો અધિકાર ગર્ભિત છે કે કેમ તે બાબતની એમ.પી. શર્મામાં તપાસ કરવામાં આવી ન હતી. આ અનુચ્છેદોમાંથી ગોપનીયતાનો મૂળભૂત અધિકાર ગર્ભિત છે કે કેમ તે પ્રશ્ન, તેથી, અનિર્ણીત (રેસ ઇન્ટેગ્રા) છે અને એમ.પી. શર્મા તે પાસા પર કોઈ સત્તાધિકાર નથી. [પેરા ૪-૭] [૯૨૧-ડી-ઈ; ૯૨૨-એ; ૯૨૩-એફ]

એમ. પી. શર્મા અને અન્ય વિરુદ્ધ સતીશ ચંદ્ર અને અન્ય [૧૯૫૪] એસસીઆર ૧૦૭૭ : એ.આઈ.આર. ૧૯૫૪ એસસી ૩૦૦ – વિભિન્ન દર્શાવેલ.

૧.૨ ખરક સિંહમાં મુદ્દો યુ.પી.ના પોલીસ નિયમનોની બંધારણીયતાનો હતો, જે અન્યો ઉપરાંત, 'રાત્રિના સમયે ઘરેલુ મુલાકાતો', 'હલનચલન અને ગેરહાજરીની ચકાસણી' વગેરે જેવી વિવિધ પદ્ધતિઓ દ્વારા ચોક્કસ શ્રેણીના

લોકોની 'દેખરેખ' માટે જોગવાઈ કરતા હતા. બે ચુકાદાઓ (૪:૨) આપવામાં આવ્યા હતા. બહુમતીએ એવો અભિપ્રાય લીધો હતો કે વાદગ્રસ્ત નિયમન જ્યાં સુધી તે 'રાત્રિના સમયે ઘરેલુ મુલાકાતો' માટે જોગવાઈ કરે છે તે હદ સુધી ગેરબંધારણીય છે જ્યારે લઘુમતીએ અભિપ્રાય આપ્યો હતો કે વાદગ્રસ્ત નિયમન તેની સંપૂર્ણતામાં ગેરબંધારણીય છે. ખરક સિંહની બહુમતીએ અભિપ્રાય આપ્યો હતો કે વાદગ્રસ્ત નિયમન જ્યાં સુધી તે 'ઘરેલુ મુલાકાતો' માટે જોગવાઈ કરે છે ત્યાં સુધી સ્પષ્ટપણે 'અનુચ્છેદ ૨૧ નું ઉલ્લંઘન કરનાર' છે. માનનીય ન્યાયમૂર્તિઓએ અંગ્રેજી કોમન લો ના મહત્તમ સિદ્ધાંત પર આધાર રાખ્યો હતો કે 'દરેક વ્યક્તિનું ઘર તેનો કિલ્લો છે'. સારાંશમાં રાત્રિની મુલાકાતો અનુચ્છેદ ૨૧ હેઠળ બાંયધરી આપવામાં આવેલી સ્વતંત્રતાનું ઉલ્લંઘન કરે છે. ચુકાદામાં તાર્કિક અસંગતતા એ છે કે જ્યારે એક તરફ માનનીય ન્યાયમૂર્તિઓએ અભિપ્રાય આપ્યો કે 'દરેક વ્યક્તિનું ઘર તેનો કિલ્લો છે' તે સિદ્ધાંત અનુચ્છેદ ૨૧ હેઠળની સ્વતંત્રતાનો એક ભાગ છે, ત્યારે બીજી તરફ એવો નિષ્કર્ષ કાઢ્યો કે યુ.એસ. ના ચોથા સુધારા જેવી જોગવાઈની ગેરહાજરી ગોપનીયતાના અધિકારના દાવાને નકારી કાઢશે. બંને નિવેદનો તાર્કિક રીતે અસંગત છે. જ્યારે ખરક સિંહમાં વાદગ્રસ્ત અન્ય જોગવાઈઓની બંધારણીયતાની વાત આવી, ત્યારે માનનીય ન્યાયમૂર્તિઓએ ઠેરવેલ કે આવી જોગવાઈઓ અનુચ્છેદ ૨૧ નું ઉલ્લંઘન કરતી નથી કારણ કે આપણા બંધારણ હેઠળ ગોપનીયતાનો કોઈ અધિકાર નથી. સારાંશમાં ખરક સિંહે જાહેર કર્યું કે અનુચ્છેદ ૨૧ માં 'વ્યક્તિગત સ્વતંત્રતા' શબ્દપ્રયોગ તેના વ્યાપમાં અધિકારોના સમૂહને સમાવે છે. બહુમતી અને લઘુમતી

બંને તે નિષ્કર્ષ પર એકમત છે. મતભેદનો એકમાત્ર મુદ્દો એ છે કે લઘુમતીએ અભિપ્રાય આપ્યો કે તે સમૂહમાંના અધિકારો પૈકી એક અધિકાર ગોપનીયતાનો અધિકાર છે. લઘુમતીના મતે ગોપનીયતાનો અધિકાર 'વ્યક્તિગત સ્વતંત્રતાનું આવશ્યક ઘટક' છે. જ્યારે બહુમતીએ અભિપ્રાય આપ્યો હતો કે 'ગોપનીયતાનો અધિકાર આપણા બંધારણ હેઠળ બાંયધરીકૃત અધિકાર નથી', અને તેથી તેને અનુચ્છેદ ૨૧ માં વાંચી શકાય નહીં. બહુમતી દ્વારા અપનાવવામાં આવેલ અભિગમ અતાર્કિક છે અને સામાન્ય કાયદાના અર્થઘટનના સુસ્થાપિત સિદ્ધાંતોની પણ વિરુદ્ધ છે; અને બંધારણીય અર્થઘટનના સંદર્ભમાં સંપૂર્ણપણે અયોગ્ય છે. [પેરા ૮-૧૨] [૯૨૪-એ-બી, ઈ-જી; ૯૨૫-બી-ડી; ૯૨૬-બી-ડી]

ખરક સિંહ વિરુદ્ધ સ્ટેટ ઓફ યુ.પી. અને અન્ય [૧૯૬૪] એસસીઆર ૩૩૨ : એ.આઈ.આર. ૧૯૬૩ એસસી ૧૨૯૫ – સંદર્ભ લીધેલ. બોયડ વિરુદ્ધ યુનાઇટેડ સ્ટેટ્સ ૧૧૬ યુ.એસ. ૬૧૬; ગ્રીસવોલ્ડ વિરુદ્ધ કનેક્ટિકટ, ૩૮૧ યુ.એસ. ૪૭૯; રો વિરુદ્ધ વેડ, ૪૧૦ યુ.એસ. ૧૧૩ (૧૯૭૩) – સંદર્ભ લીધેલ.

૧.૩ બંધારણ એ મૂળભૂત કાયદો છે જે રાજ્યના વિવિધ અંગોની સત્તાઓ અને ફરજો અને નાગરિકો/પ્રજાજનોના અધિકારો તથા રાજ્યની તેના પરની મર્યાદાઓની રૂપરેખા આપે છે. રાજ્યને સત્તા આપતી હોવાનું મનાતી જોગવાઈઓ વાસ્તવમાં પ્રજાજનોની સ્વતંત્રતા પર અતિક્રમણ કરવાની રાજ્યની સત્તા પરની મર્યાદાઓ છે. બંધારણના અર્થઘટનના સંદર્ભમાં હેતુ નક્કી કરવા માટે

વિશ્લેષણની ગહનતા વધુ ગંભીર હોવી જરૂરી છે. [પેરા ૧૨] [૯૨૬-એફ; ૯૨૭-એ-બી]

એ. કે. ગોપાલન વિરુદ્ધ સ્ટેટ ઓફ મદ્રાસ [૧૯૫૦] એ.આઈ.આર. ૨૭ : [૧૯૫૦] એસસીઆર ૮૮; આર. સી. કૂપર વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા [૧૯૭૦] ૩ એસસીઆર ૫૩૦ : (૧૯૭૦) ૧ એસસીસી ૨૪૮; મેનકા ગાંધી વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા [૧૯૭૮] ૨ એસસીઆર ૬૨૧ : (૧૯૭૮) ૧ એસસીસી ૨૪૮; કેશવાનંદ ભારતી વિરુદ્ધ સ્ટેટ ઓફ કેરળ [૧૯૭૩] સપ્લી. એસસીઆર ૧ : (૧૯૭૩) ૪ એસસીસી ૨૨૫ – સંદર્ભ લીધેલ. વુલ્ફ વિરુદ્ધ કોલોરાડો, ૩૩૮ યુ.એસ. ૨૫; સેમાઈન્સ કેસ (૧૬૦૪) ૫ કોક ૯૧; ધ મેલબોર્ન કોર્પોરેશન વિરુદ્ધ ધ કોમનવેલ્થ (૧૯૪૭) ૭૪ સીએલઆર ૩૧ – સંદર્ભ લીધેલ.

૨.૧ બંધારણના હેતુ અને માળખાને સમજવા માટે બંધારણનું લખાણ એ જ એકમાત્ર સામગ્રી છે એવા નિયમને સ્વીકારવો એ માત્ર પ્રજાજનોની સ્વતંત્રતાઓ માટે હાનિકારક નહીં હોય પરંતુ રાજ્યના વહીવટને પણ અયોગ્ય રીતે બોજારૂપ બનાવી શકે છે. સદનસીબે, આ કોર્ટે ગોપાલન અને એડીએમ જબલપુર જેવા અપવાદો સિવાય અર્થઘટનનો આવો નિયમ અપનાવ્યો ન હતો. અન્યથા, આ કોર્ટ અનુચ્છેદ ૧૯(૧)(એ) હેઠળ પ્રેસની સ્વતંત્રતા અને અનુચ્છેદ ૨૧ હેઠળની ખાતરીમાંથી ઉદ્ભવતા હોવાનું ઠેરવાયેલા અન્ય અધિકારો શોધી શકી ન હોત. આ કોર્ટે અર્થઘટનની પ્રક્રિયા દ્વારા ભારતીય બંધારણના અનુચ્છેદ

૨૧ હેઠળના 'જીવન' શબ્દપ્રયોગમાં આજીવિકા મેળવવાનો અધિકાર, શિક્ષણનો અધિકાર, ઝડપી સુનાવણીનો અધિકાર, પોતાની પ્રતિષ્ઠાનું રક્ષણ કરવાનો અધિકાર અને પ્રદૂષણમુક્ત પર્યાવરણ મેળવવાનો અધિકાર સમાવ્યો હતો. તે જ રીતે, વિદેશ જવાનો અધિકાર અને ફોજદારી કેસોની ઝડપી સુનાવણીનો અધિકાર અનુચ્છેદ ૨૧ હેઠળ આવતા સ્વતંત્રતા શબ્દપ્રયોગમાં વાંચવામાં આવ્યા હતા. આ કોર્ટે શોધી કાઢ્યું કે મૃત્યુદંડના અમલમાં વિલંબ એ અનુચ્છેદ ૨૧ હેઠળ બાંયધરી આપેલા જીવન અને 'સ્વતંત્રતા' બંને અધિકારોનું ઉલ્લંઘન કરે છે અને પ્રજનન અધિકારો તથા નસબંધી અંગેની વ્યક્તિની સ્વાયત્તતાને અનુચ્છેદ ૨૧ હેઠળના જીવન અને સ્વતંત્રતાના અધિકારોમાં સહજ ગણવામાં આવ્યા હતા. ઉપરોક્ત અધિકારોમાંથી કોઈ પણ બંધારણના લખાણમાં ક્યાંય જોવા મળતા નથી. [પેરા ૧૩, ૧૫ અને ૧૬] [૯૨૮-સી-ડી; ૯૨૯-ડી-ઈ; ૯૩૦-એ-બી]

સકાળ પેપર્સ (પ્રા.) લિ. અને અન્ય વગેરે વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા, [૧૯૬૨] એસસીઆર ૮૪૨ : એ.આઈ.આર. ૧૯૬૨ એસસી ૩૦૫; રમેશ થાપર વિરુદ્ધ સ્ટેટ ઓફ મદ્રાસ [૧૯૫૦] એસસીઆર ૫૯૪ : એ.આઈ.આર. ૧૯૫૦ એસસી ૧૨૪; મિઠુ વગેરે વિરુદ્ધ સ્ટેટ ઓફ પંજાબ વગેરે [૧૯૮૩] ૨ એસસીઆર ૬૯૦ : એ.આઈ.આર. ૧૯૮૩ એસસી ૪૭૩; ઓલ્ગા ટેલિસ વિરુદ્ધ બોમ્બે મ્યુનિસિપલ કોર્પોરેશન [૧૯૮૫] ૨ સપ્લી. એસસીઆર ૫૧ : (૧૯૮૫) ૩ એસસીસી ૫૪૫; મોહિની જૈન વિરુદ્ધ સ્ટેટ ઓફ કર્ણાટક [૧૯૯૨] ૩

એસસીઆર ૬૫૮ : (૧૯૯૨) ૩ એસસીસી ૬૬૬; ઉન્ની ક્રિષ્નન, જે.પી. વિરુદ્ધ સ્ટેટ ઓફ એ.પી. [૧૯૯૩] ૧ એસસીઆર ૫૯૪ : (૧૯૯૩) ૧ એસસીસી ૬૪૫; મનસુખલાલ વિઠ્ઠલદાસ ચૌહાણ વિરુદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત [૧૯૯૭] ૩ સપ્લી. એસસીઆર ૭૦૫ : (૧૯૯૭) ૭ એસસીસી ૬૨૨; સ્ટેટ ઓફ બિહાર વિરુદ્ધ લાલકૃષ્ણ અડવાણી [૨૦૦૩] ૩ સપ્લી. એસસીઆર ૮૪૪ : (૨૦૦૩) ૮ એસસીસી ૩૬૧; શાંતિસ્ટાર બિલ્ડર્સ વિરુદ્ધ નારાયણ ખીમલાલ તોતામે (૧૯૯૦) ૧ એસસીસી ૫૨૦; એમ. સી. મહેતા વિરુદ્ધ કમલનાથ (૨૦૦૦) ૬ એસસીસી ૨૦૧૩; સતવંત સિંહ સાહની વિરુદ્ધ આસિસ્ટન્ટ પાસપોર્ટ ઓફિસર [૧૯૬૭] ૩ એસસીઆર ૫૨૫; હુસૈનારા ખાતૂન વિરુદ્ધ ગૃહ સચિવ, સ્ટેટ ઓફ બિહાર [૧૯૭૯] ૩ એસસીઆર ૧૬૯ : (૧૯૮૦) ૧ એસસીસી ૮૧; વથીશ્વરન, ટી. વી. વિરુદ્ધ સ્ટેટ ઓફ ટી. એન. [૧૯૮૩] ૨ એસસીઆર ૩૪૮ : (૧૯૮૩) ૨ એસસીસી ૬૮; દેવિકા બિસ્વાસ વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા (૨૦૧૬) ૧૦ એસસીસી ૭૨૬ – આધાર રાખેલ.

એડીએમ જબલપુર વિરુદ્ધ એસ. એસ. શુક્લા [૧૯૭૬] સપ્લી. એસસીઆર ૧૭૨ : એ.આઇ.આર. ૧૯૭૬ એસસી ૧૨૦૭ – સંદર્ભ લીધેલ.

૨.૨ બંધારણ એ માત્ર બંધારણ સભાના ૨૮૪ સભ્યો દ્વારા હસ્તાક્ષર કરાયેલ દસ્તાવેજ નથી. તે રાજકીય રીતે પવિત્ર સાધન છે અને તેને એક કાનૂની શાસનને બદલે બીજા કાનૂની શાસનને સ્થાપિત કરવા માટે શાહીથી લખાયેલા દસ્તાવેજ તરીકે જોઈ શકાય નહીં. તે આમુખમાં જાહેર કરાયેલા લક્ષ્યોને પ્રાપ્ત

કરવા માટે બનાવવામાં આવેલ વસિયતનામું છે. આમુખમાં સમાવિષ્ટ ઉદ્દેશ્યોની સિદ્ધિ સુનિશ્ચિત કરવા માટે બંધારણનો ભાગ-૩ સામેલ કરવામાં આવ્યો છે. [પેરા ૧૮] [૯૩૧-એ-સી]

ઈન રે, ધ કેરળ એજ્યુકેશન બિલ, ૧૯૫૭ [૧૯૫૯] એસસીઆર ૯૯૫ : એ.આઈ.આર. ૧૯૫૮ એસસી ૯૫૬; બીડી સપ્લાય કંપની વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા અને અન્ય, [૧૯૫૬] એસસીઆર ૨૬૭ : એ.આઈ.આર. ૧૯૫૬ એસસી ૪૭૯ – આધાર રાખેલ.

૨.૩ ભારતનું બંધારણ આવો જ એક કાયદો છે. માત્ર કેટલાકનો ઉલ્લેખ કરીએ તો યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા, કેનેડા અને ઓસ્ટ્રેલિયાના બંધારણો તુલનાત્મક છે. આવા તમામ બંધારણો રાજ્યના વહીવટ માટેની જોગવાઈઓ ધરાવવા ઉપરાંત, નાગરિકોના અમુક અધિકારો અને બિન-નાગરિકોના પણ કેટલાક અધિકારો (વ્યક્તિઓના બંને વર્ગોને સામૂહિક રીતે પ્રજાજનો/વ્યક્તિઓ તરીકે સંદર્ભિત કરી શકાય છે) સ્પષ્ટ કરતી અથવા ઓળખતી જોગવાઈઓ ધરાવે છે. આવા અધિકારોને 'મૂળભૂત', 'આદિ', 'અવિભાજ્ય' અથવા 'મૌલિક' અધિકારો તરીકે વર્ણવવામાં આવ્યા છે. આવા અધિકારો પ્રજાજનોની સ્વતંત્રતાને નષ્ટ કરવાની રાજ્યની સત્તા સામે રક્ષણાત્મક દિવાલ છે. વિવિધ દેશોમાં અપનાવવામાં આવેલી નામપદ્ધતિને ધ્યાનમાં લીધા વિના, તમામ લોકશાહી દેશોમાં આવા અધિકારો એવા અધિકારો માનવામાં આવે છે જેને સામાન્ય કાયદા દ્વારા સંપૂર્ણપણે ઘટાડી કે મર્યાદિત કરી શકાતા નથી, સિવાય કે સમાજના

વિશાળ હિતમાં તે અધિકારોને ઘટાડવા કે મર્યાદિત કરવા અત્યંત આવશ્યક હોવાનું સ્થાપિત થાય. કેટલાક બંધારણો વિવિધ આનુષંગિક શરતો નક્કી કરતી જોગવાઈઓ ધરાવે છે જેનું આવા (મૂળભૂત) અધિકારોને મર્યાદિત કરવાનો ઈરાદો ધરાવતા કોઈપણ કાયદાએ પાલન કરવું જરૂરી છે. [પેરા ૨૦] [૯૩૨-સી-એફ]

૨.૪ આપણા બંધારણનું માળખું એવું છે કે રાજ્યની સત્તા ઊભી ધરી પર સંઘ અને રાજ્યો વચ્ચે તથા આડી ધરી પર શાસનના ત્રણ મહાન અંગો - ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્ર વચ્ચે વિભાજિત થયેલ છે. સત્તાનું આવું વિંભાજન ભારતના લોકોની સ્વત ત્રતાઓ જાળવવા માટે અનુકૂળ માનવામાં આવે છે. લેખિત બંધારણ બનાવવાનો મૂળ હેતુ ભારતના લોકોને ન્યાય, સ્વતંત્રતા અને સમાનતા સુરક્ષિત કરવાનો છે. બંધારણના ઘડવૈયાઓ માનતા હતા કે સ્વતંત્રતાના ફળો ભોગવવા માટે અમુક સ્વાતંત્ર્યો આવશ્યક છે અને સમાજના વિશાળ હિતમાં અમુક મહત્વપૂર્ણ અને નિર્દિષ્ટ ઉદ્દેશ્યો પ્રાપ્ત કરવા સિવાય રાજ્યને તે સ્વાતંત્ર્યોને કચડી નાખવાની મંજૂરી આપવી જોઈએ નહીં. તેથી, મૂળભૂત અધિકારો સાથે અસંગત કાયદો બનાવવાની રાજ્યની સત્તા બંધારણીય રીતે જાહેર કરાયેલ મર્યાદાઓમાં સીમિત છે. [પેરા ૨૨] [૯૩૩-ડી-ઈ]

૩.૧ 'સ્વતંત્રતા' શબ્દપ્રયોગ માત્ર અનુચ્છેદ ૧૯(૧)(ડી) હેઠળ બાંયધરી આપેલ મુક્તપણે હલનચલન કરવાનો અધિકાર જ નહીં; પરંતુ અનુચ્છેદ ૧૯(૧) હેઠળ ઉલ્લેખિત અન્ય દરેક સ્વાતંત્ર્યને પણ પોતાના વ્યાપમાં લેવા સક્ષમ છે. વ્યક્તિગત સ્વતંત્રતા તેના વ્યાપમાં માત્ર શારીરિક સંયમોને આધીન ન થવાના

અધિકારને જ નહીં, પરંતુ વિચાર, માન્યતા, લાગણી અને સંવેદનાની સ્વતંત્રતા તથા અન્ય વિવિધ સ્વતંત્રતાઓને પણ સમાવે છે. સ્વતંત્રતા શબ્દપ્રયોગની સૌથી મૂળભૂત સમજ એ છે કે વ્યક્તિ પોતાની મરજી મુજબનું કામ કરવાની સ્વતંત્રતા ધરાવે. પરંતુ સ્વતંત્રતાનો વિચાર તેના કરતાં વધુ જટિલ છે. [પેરા ૨૭] [૯૩૫-ડી-ઈ]

૩.૨ હવે પ્રશ્ન એ ઊભો થાય છે કે બંધારણના ઘડવૈયાઓ અમુક સ્વાતંત્ર્યોને સ્પષ્ટપણે ગણાવીને કયો હેતુ સિદ્ધ કરવા માંગતા હતા જે અન્યથા 'સ્વતંત્રતા' શબ્દપ્રયોગનો ભાગ બન્યા હોત. બંધારણ સભાએ યોગ્ય માન્યું કે સ્વતંત્રતાના કેટલાક પાસાઓને વધુ ભારપૂર્વક ઘોષણાની જરૂર છે જેથી તેને ઘટાડવા અથવા મર્યાદિત કરવા માટેની રાજ્યની સત્તાને પ્રતિબંધિત કરી શકાય. આવી ભારપૂર્વકની ઘોષણાની જરૂરિયાત આ રાષ્ટ્રના ઈતિહાસમાંથી ઊભી થઈ હતી. જે હેતુ સિંદ્ધ કરવાનો પ્રયાસ કરવામા આવ્યો છે તે બેવડો છે. પ્રથમ, સ્વતંત્રતા શબ્દપ્રયોગના અર્થને નિર્ધારિત કરવાની વાદવિવાદની પ્રક્રિયાથી પર રાખવો, અને બીજું, અનુચ્છેદ ૧૯ ના સંબંધિત પેટા-કલમો (૨) થી (૬) માં દર્શાવેલ હેતુઓ પ્રાપ્ત કરવા માટે જ રાજ્યની સત્તાને તે નિર્દિષ્ટ સ્વાતંત્ર્યોને મર્યાદિત કરવા માટે પ્રતિબંધિત કરવી. કોઈપણ વ્યક્તિને સ્વતંત્રતાના મૂળભૂત અધિકારથી વંચિત કરવાની રાજ્યની સત્તા લખાણની દ્રષ્ટિએ અમર્યાદિત છે કારણ કે રાજ્યને તે પરિણામ પ્રાપ્ત કરવા સક્ષમ બનાવવાની એકમાત્ર જરૂરિયાત 'કાયદો' બનાવવાની છે. જ્યારે અનુચ્છેદ ૧૯(૧) હેઠળના સ્વાતંત્ર્યોથી વંચિત કરવાની વાત આવે છે, ત્યારે આવશ્યકતા એ છે કે: (એ) માત્ર કાયદો હોવો

જોઈએ એટલું જ નહીં પરંતુ આવો કાયદો સંબંધિત પેટા-અનુચ્છેદમાં દર્શાવેલ હેતુઓ પ્રાપ્ત કરવા માટે તૈયાર કરવામાં આવેલો હોવો જોઈએ; અને (બી) એ જાહેર કરવું કે અનુચ્છેદ ૧૯(૧) માં ગણાવેલ સ્વતંત્રતાના વિવિધ પાસાઓ ફક્ત દેશના નાગરિકો માટે જ ઉપલબ્ધ છે, તમામ વ્યક્તિઓ/પ્રજાજનો માટે નહીં. અનુચ્છેદ ૧૪ અને ૨૧ હેઠળ બાંયધરી આપેલા અધિકારો માત્ર નાગરિકો પૂરતા સીમિત નથી પરંતુ બિન-નાગરિક વિદેશીઓ અથવા નિગમિત સંસ્થાઓ માટે પણ ઉપલબ્ધ છે ભલે તેઓ ભારતમાં નિગમિત થયેલ હોય વગેરે. [પેરા ૨૮] [૯૩૬-બી-ડી; ૯૩૭-એ-સી]

હેન્સ મુલર ઓફ ન્યુરેનબર્ગ વિરુદ્ધ સુપરિન્ટેન્ડેન્ટ, પ્રેસિડેન્સી જેલ, કલકત્તા અને અન્ય [૧૯૫૫] એસસીઆર ૧૨૮૪ : એ.આઈ.આર. ૧૯૫૫ એસસી ૩૬૭; સ્ટેટ ટ્રેડિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિ. વિરુદ્ધ ધ કોમર્શિયલ ટેક્સ ઓફિસર અને અન્ય [૧૯૬૪] એસસીઆર ૯ : એ.આઈ.આર. ૧૯૬૩ એસસી ૧૮૧૧; ઈન્ડો-ચાઈના સ્ટીમ નેવિગેશન કંપની લિ. વિરુદ્ધ જસજીત સિંહ, એડિશનલ કલેક્ટર ઓફ કસ્ટમ્સ, કલકત્તા અને અન્ય [૧૯૬૪] એસસીઆર ૫૯૪ : એ.આઈ.આર. ૧૯૬૪ એસસી ૧૧૪૦; ચાર્લ્સ શોભરાજ વિરુદ્ધ સુપ્રિન્ટેન્ડેન્ટ સેન્ટ્રલ જેલ, તિહાર, નવી દિલ્હી, એ.આઈ.આર. ૧૯૭૮ એસસી ૧૦૪; લુઈસ ડી રીડ્ટ વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા અને અન્ય [૧૯૯૧] ૩ એસસીઆર ૧૪૯ : (૧૯૯૧) ૩ એસસીસી ૫૫૪ – આધાર રાખેલ.

ગોબિંદ વિરુદ્ધ સ્ટેટ ઓફ એમ.પી. [૧૯૭૫] ૩ એસસીઆર ૯૪૬ : (૧૯૭૫) ૨ એસસીસી ૧૪૮ – સંદર્ભ લીધેલ.

અબ્રાહમ લિંકનનું વિધાન 'ગેટિસબર્ગ સ્પીચ' – સંદર્ભ લીધેલ.

૩.૩ પ્રશ્ન એ છે કે શું આ દેશના કાયદાઓને આધીન રહેલા પ્રજાજનો/વ્યક્તિઓ પાસે રાજ્ય સામે ગોપનીયતાનો મૂળભૂત અધિકાર છે. બંધારણનું લખાણ આ બાબતમાં મૌન છે. તેથી, બંધારણના લખાણમાં સમાવિષ્ટ મૂળભૂત અધિકારો પૈકીના કોઈપણ એક અથવા વધુમાં આવો અધિકાર ગર્ભિત છે કે કેમ તેની તપાસ કરવી જરૂરી છે. ગોપનીયતાના અધિકારમાં ત્રણ પાસાઓનો સમાવેશ થાય છે એટલે કે શાંતિ (રિપોઝ), આશ્રયસ્થાન અને અંતરંગ નિર્ણય. આ દરેક પાસાં માનવીની સ્વતંત્રતા માટે એટલા આવશ્યક છે કે ગોપનીયતાનો અધિકાર આપણા બંધારણ દ્વારા બાંયધરી આપેલ સ્વતંત્રતાનો એક ભાગ છે તેમાં શંકા કરવાનું કોઈ કારણ નથી. ગોપનીયતાની ચિંતાઓ ત્યારે ઊભી થાય છે જ્યારે રાજ્ય પ્રજાજનોના શરીરમાં દખલ કરવાનો પ્રયાસ કરે છે. શારીરિક સજાઓ ભારત માટે અજાણી ન હતી, તેની નાબૂદી તાજેતરના સમયની છે. રાજ્ય દ્વારા અમુક વ્યક્તિઓને બળજબરીથી ખવડાવવું એ ગોપનીયતાની ચિંતાઓ ઊભી કરે છે. જીવન લંબાવતી તબીબી સારવારનો ઇનકાર કરવાનો અથવા પોતાનું જીવન સમાપ્ત કરવાનો વ્યક્તિનો અધિકાર એ બીજી સ્વતંત્રતા છે જે ગોપનીયતાના અધિકારના ક્ષેત્રમાં આવે છે. આ મુદ્દો આ કોર્ટ સમક્ષ વિચારણા હેઠળ છે. પરંતુ અન્ય વિવિધ

અધિકારક્ષેત્રોમાં, આ મુદ્દાઓ પર ભારે ચર્ચા ચાલી રહી છે જોકે તે હજુ પણ અસ્પષ્ટ ક્ષેત્ર છે. બાળકની માતા બનવું કે પોતાના ગર્ભપાત કરાવવો તે અંગે સ્ત્રીની પસંદગીની સ્વતંત્રતા એવા ક્ષેત્રો છે જે ગોપનીયતાના દાયરામાં આવે છે. [પેરા ૩૨, ૩૩, ૩૬ અને ૩૮] [૯૩૮-જી; ૯૩૯-એ-બી; ૯૪૦-ડી; ૯૪૧-સી-ડી]

બીજોઈ ઈમેન્યુઅલ અને અન્ય વિરુદ્ધ સ્ટેટ ઓફ કેરળ અને અન્ય [૧૯૮૬] ૩ એસસીઆર ૫૧૮ : (૧૯૮૬) ૩ એસસીસી ૬૧૫ – આધાર રાખેલ.

ગ્રીસવોલ્ડ વિરુદ્ધ કનેક્ટિકટ ૩૮૧ યુ.એસ. ૪૭૯ (૧૯૬૫) ૪૮૬; સ્ટેનલી વિરુદ્ધ જ્યોર્જિયા, ૩૯૪ યુ.એસ. ૫૫૭ (૧૯૬૯); સ્કિનર વિરુદ્ધ ઓક્લાહોમા, ૩૧૬ યુ.એસ. ૫૩૫ (૧૯૪૨); વિલિયમ્સ વિરુદ્ધ ફિયર્સ, ૧૧૯ યુ.એસ. ૨૭૦ (૧૯૦૦) – સંદર્ભ લીધેલ.

ગેરી બોસ્ટવિક, 'એ ટેક્સોનોમી ઓફ પ્રાઇવસી: રિપોઝ, સેંક્ચ્યુરી, એન્ડ ઇન્ટિમેટ ડિસિઝન' (૧૯૭૬) ૬૪ કેલિફોર્નિયા લો રિવ્યુ ૧૪૪૭ – સંદર્ભ લીધેલ.

૩.૪ તેવી જ રીતે, કામ કરવું કે ન કરવું તે પસંદ કરવાની સ્વતંત્રતા અને કામનું સ્વરૂપ પસંદ કરવાની સ્વતંત્રતા એ ખાનગી નિર્ણય લેવાની પ્રક્રિયાના ક્ષેત્રો છે. દેશની અંદર મુક્તપણે મુસાફરી કરવાનો અથવા વિદેશ જવાનો અધિકાર એ ગોપનીયતાના અધિકાર હેઠળ આવતો વિસ્તાર છે. આપણા બંધારણના લખાણે અનુચ્છેદ ૧૯(૧)(ડી) હેઠળ સમગ્ર દેશમાં મુસાફરી કરવાની સ્વતંત્રતાને માન્યતા આપી છે. આ કોર્ટે અગાઉથી જ માન્યતા આપી છે કે આવો

અધિકાર વિદેશ પ્રવાસના અધિકારને પોતાના વ્યાપમાં લે છે. વ્યક્તિના પોતાના રહેઠાણનું સ્થળ પસંદ કરવાની સ્વતંત્રતા ફરી એકવાર ભારતના બંધારણ દ્વારા અનુચ્છેદ ૧૯(૧)(ઈ) હેઠળ માન્યતા પ્રાપ્ત તેના ગોપનીયતાના અધિકારનો એક ભાગ છે, જોકે અનુચ્છેદ ૧૯(૧) માં ઉપરોક્ત બે સ્વાતંત્ર્યોનો ઉલ્લેખ કરવાનો મુખ્ય હેતુ કેન્દ્ર અને રાજ્ય સરકારો બંનેને આપણા દેશ અને તેના બંધારણના સંઘીય સ્વરૂપ સાથે અસંગત હોય તેવા અવરોધો ઊભા કરતાં અટકાવવાનો છે. દેખાવ અને પહેરવેશની પસંદગી પણ ગોપનીયતાના અધિકારના પાસાં છે. પ્રજાજનોના અમુક જૂથોની તેમના દેખાવ અને પહેરવેશ નક્કી કરવાની સ્વતંત્રતા (જેમ કે લાંબા વાળ રાખવા અને પાઘડી પહેરવી) ગોપનીયતાના અધિકારના ભાગ તરીકે નહીં પરંતુ તેમની ધાર્મિક માન્યતાના ભાગ તરીકે સુરક્ષિત છે. આવી સ્વતંત્રતા અનુચ્છેદ ૨૫ હેઠળ આવતી ધાર્મિક માન્યતાઓ પર જ આધારિત હોવી જરૂરી નથી. ઈન્ફોર્મેશનલ ટ્રેસિસ પણ એવો વિસ્તાર છે જે વિવિધ અધિકારક્ષેત્રોમાં વિશાળ ચર્ચાનો વિષય છે જે ગોપનીયતાના અધિકારના દાયરામાં આવે છે, આવો ડેટા દેખાવ અને પહેરવેશની પસંદગી જેટલો જ અંગત છે. વ્યક્તિગત ડેટાનું રાજ્ય દ્વારા ટેલિફોન ટેપિંગ અને ઈન્ટરનેટ હેકિંગ એ અન્ય એક ક્ષેત્ર છે જે ગોપનીયતાના દાયરામાં આવે છે. પ્રસ્તુત સંદર્ભ આ દેશના તમામ રહેવાસીઓ અંગે બાયોમેટ્રિક ડેટા એકત્રિત કરવાના ભારતીય સંઘના આવા પ્રયાસમાંથી ઉદ્ભવે છે. ઉપરોક્ત કેટલાક એવા ક્ષેત્રો છે જ્યાં ગોપનીયતાનું અમુક હિત રહેલું છે. ઉપર આપેલા ઉદાહરણો અમુક હદ સુધી ગોપનીયતાના અધિકારના સ્વરૂપ અને વ્યાપ દર્શાવે છે. અનુચ્છેદ ૧૯(૧)(સી) હેઠળ

નાગરિકોને સામાજિક અને રાજકીય સંગઠનની સ્વતંત્રતાની ખાતરી આપવામાં આવી છે. અંગત જોડાણ હજુ પણ શંકાસ્પદ ક્ષેત્ર છે. સંગઠનની સ્વતંત્રતા, મુસાફરી અને રહેઠાણની સ્વતંત્રતા અંગે નિર્ણય લેવાની પ્રક્રિયા સંપૂર્ણપણે ખાનગી છે અને તે ગોપનીયતાના અધિકારના દાયરામાં આવે છે. તે સૌથી અંતરંગ નિર્ણયો પૈકીનો એક છે. [પેરા ૩૮, ૩૯ અને ૪૦] [૯૪૧-ઈ; ૯૪૨-એ-જી; ૯૪૩-એ]

૩.૫ તમામ ઉદાર લોકશાહીઓ માને છે કે માનવ જીવનના અમુક પાસાઓમાં દખલ કરવાની બિનશરતી સત્તા રાજ્ય પાસે ન હોવી જોઈએ અને તે સત્તા બંધારણીય રીતે નિર્ધારિત માપદંડો દ્વારા મર્યાદિત હોવી જોઈએ. માનવીની સ્વતંત્રતાનું નિર્માણ કરતા તે મુખ્ય સ્વાતંત્ર્યોમાં રાજ્યની દખલગીરીને રોકવા માટે મૂળભૂત અધિકારો એકમાત્ર બંધારણીય ફાયરવોલ છે. ગોપનીયતાનો અધિકાર ચોક્કસપણે એ મુખ્ય સ્વાતંત્ર્યો પૈકીનો એક છે જેનું રક્ષણ થવું જોઈએ. તે અનુચ્છેદ ૨૧ માં તે શબ્દપ્રયોગના અર્થમાં સ્વતંત્રતાનો એક ભાગ છે. [પેરા ૪૦] [૯૪૩-બી-સી]

૪.૧ એ કહેવાની જરૂર નથી કે કોઈ કાનૂની અધિકાર નિરપેક્ષ હોઈ શકતો નથી. દરેક અધિકારની મર્યાદાઓ હોય છે. તેથી, ગોપનીયતાના મૂળભૂત અધિકારની પણ મર્યાદાઓ છે. દાવો કરાયેલા ગોપનીયતા હિતના સ્વરૂપના આધારે કેસ-દર-કેસના ધોરણે મર્યાદાઓ ઓળખવાની રહે છે. મૂળભૂત અધિકારોના ઉલ્લંઘનની ચકાસણી કરવા માટે પુનરાવલોકનના વિવિધ ધોરણો

છે. જ્યારે વ્યાજબીપણાનો ખ્યાલ ભાગ ૩ ને સંપૂર્ણપણે આવરી લે છે, તે જુદા જુદા અનુચ્છેદોમાં અલગ રીતે કાર્ય કરે છે (ભલે તેમાંથી કેટલાકમાં માત્ર થોડો અલગ હોય). [પેરા ૪૨] [૯૪૩-ડી-ઈ]

૪.૨ ગોપનીયતાના અધિકારને મર્યાદિત કરવા માટે રજૂ કરાયેલા વિકલ્પોમાં નીચેનાનો સમાવેશ થાય છે: (૧) અનુચ્છેદ ૧૪ પ્રકારની વ્યાજબીપણાની તપાસ; (૨) અનુચ્છેદ ૧૯ ની સ્પષ્ટ જોગવાઈઓ મુજબ મર્યાદા; (૩) અનુચ્છેદ ૨૧ મુજબ મર્યાદા માટે ન્યાયી, ઉચિત અને વાજબી આધાર (એટલે કે, મૂળભૂત યોગ્ય પ્રક્રિયા - સબસ્ટેન્ટિવ ડ્યૂ પ્રોસેસ); અને (૪) અનુચ્છેદ ૨૧ મુજબ ન્યાયી, ઉચિત અને વાજબી ધોરણ વત્તા 'આવશ્યક રાજ્ય હિત' (કમ્પેલેંગ સ્ટેટ ઈન્ટરેસ્ટ) નું અસ્પષ્ટ ધોરણ. આ ચાર વિકલ્પોમાંથી છેલ્લો વિકલ્પ એ સૌથી ઉચ્ચતમ સ્તરની ચકાસણી છે જેને અદાલત અપનાવી શકે છે. આ ચાદીમાંથી જ ગોપનીયતાના અધિકારને મર્યાદિત કરવા માટે પુનરાવલોકનનું ધોરણ પસંદ કરવાની જરૂર છે. શરૂઆતમાં જ, જો ગોપનીયતાનો દાવો ખાસ કરીને અનુચ્છેદ ૧૯ હેઠળ સ્પષ્ટપણે ગણાવેલ જોગવાઈઓમાંથી જ ઉદ્ભવતો હોય, તો સમીક્ષાનું ધોરણ અનુચ્છેદ ૧૯ હેઠળ સ્પષ્ટપણે આપ્યા મુજબનું રહેશે. જો કે, ગોપનીયતાનો દાવો સંપૂર્ણપણે અનુચ્છેદ ૨૧ સિવાયના અન્ય અધિકારો સાથે સંબંધિત હોવાની શક્યતા નહિવત છે. તે શક્યતાને નકારી કાઢ્યા વિના, એ નોંધવું જરૂરી છે કે અનુચ્છેદ ૨૧ એ ગોપનીયતાની ખાતરીનો આધારસ્તંભ છે. જો સ્વતંત્રતાની ભાવના ગોપનીયતાના દરેક દાવામાં પ્રસરેલી હોય, તો અનુચ્છેદ

૨૧ હેઠળના ધોરણ સિવાય અન્ય કોઈ મર્યાદાનું ધોરણ લાગુ પડે છે તેવી કલ્પના કરવી મુશ્કેલ છે, જો અશક્ય ન હોય તો. આ કારણોસર, ઉપરોક્ત વર્ણવેલ ચાર વિકલ્પોમાંથી છેલ્લા બે વિકલ્પો સુધી આ ચુકાદામાં ઉપલબ્ધ વિકલ્પો સીમિત રાખવામાં આવ્યા છે. [પેરા ૪૩, ૪૪] [૯૪૩-એફ-જી; ૯૪૪-એ-સી]

૪.૩ અનુચ્છેદ ૨૧ હેઠળ સમીક્ષાના ન્યાયી, ઉચિત અને વાજબી ધોરણને કોઈ વિસ્તૃત વર્ણનની જરૂર નથી. અત્યાર સુધી ગોપનીયતાના દાવા સાથે કામ પાર પાડતા કેસોમાં પણ તેનો સૌથી વધુ ઉપયોગ કરવામાં આવ્યો છે. ગોબિંદમાં અનુચ્છેદ ૨૧ ની વ્યાજબીપણાની તપાસ ઉપરાંત અનિવાર્ય રાજ્ય હિતના ધોરણનો આશરો લેવામાં આવ્યો હતો. યુનાઇટેડ સ્ટેટ્સમાંથી જ્યાં 'અનિવાર્ય રાજ્ય હિત' (કમ્પેલેંગ સ્ટેટ ઇન્ટરેસ્ટ) શબ્દાવલી ઉદ્ભવી હતી, ત્યાં ચુસ્ત સ્તરની ચકાસણી બે બાબતો ધરાવે છે - એક 'અનિવાર્ય રાજ્ય હિત' અને 'ચોક્કસ મર્યાદા' (નેરો ટેઇલરિંગ) ની આવશ્યકતા (નેરો ટેઇલરિંગનો અર્થ એ છે કે ઉદ્દેશ્ય પ્રાપ્ત કરવા માટે કાયદો ચોક્કસ અને મર્યાદિત રીતે ઘડાયેલો હોવો જોઈએ). એક શબ્દ તરીકે, યુ.એસ. માં અનિવાર્ય રાજ્ય હિતની કોઈ ચોક્કસ રૂપરેખા નથી. તેથી, આ ધોરણ ક્યારે અને કયા પ્રકારના ગોપનીયતાના દાવાઓમાં વાપરવું તે અંગે અમુક સ્પષ્ટતા સાથે અપનાવવામાં આવે તે મહત્વપૂર્ણ છે. માત્ર એવા ગોપનીયતાના દાવાઓમાં જે સૌથી કડક ચકાસણીને પાત્ર છે તેમાં જ અનિવાર્ય રાજ્ય હિતના ધોરણનો ઉપયોગ કરવાનો રહેશે. અન્ય બાબતો માટે, અનુચ્છેદ

૨૧ હેઠળ ન્યાયી, ઉચિત અને વાજબી ધોરણ લાગુ થશે. અનિવાર્ય રાજ્ય હિતનું ધોરણ ક્યારે લાગુ કરવું તે નક્કર કેસોના સંદર્ભ પર નિર્ભર રહેવું જોઈએ. [પેરા ૪૫] [૯૪૪-ડી-એફ]

ટી. સરીથા વિરુદ્ધ ટી. વેંકટ સુબ્બૈયા એ.આઈ.આર. ૧૯૮૩ એપી ૩૫૬; સરોજ રાની વિરુદ્ધ સુદર્શન કુમાર ચઢ્ઢા [૧૯૮૫] ૧ એસસીઆર ૩૦૩ : એ.આઈ.આર. ૧૯૮૪ એસસી ૧૫૬૨; ઈ. પી. રોયપ્પા વિરુદ્ધ સ્ટેટ ઓફ તમિલનાડુ, [૧૯૭૪] ૨ એસસીઆર ૩૪૮ : એ.આઈ.આર. ૧૯૭૪ એસસી ૫૫૫; ડિસ્ટ્રિક્ટ રજિસ્ટ્રાર એન્ડ કલેક્ટર, હૈદરાબાદ વિરુદ્ધ કેનેરા બેંક [૨૦૦૪] ૫ સપ્લી. એસસીઆર ૮૩૩ : એ.આઈ.આર. ૨૦૦૫ એસસી ૧૮૬; સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિરુદ્ધ ભરત શાંતિલાલ શાહ [૨૦૦૮] ૧૨ એસસીઆર ૧૦૮૩ : (૨૦૦૮) ૧૩ એસસીસી ૫ – સંદર્ભ લીધેલ.

યુનાઈટેડ સ્ટેટ્સ વિરુદ્ધ કેરોલીન પ્રોડક્ટ્સ, ૩૦૪ યુ.એસ. ૧૪૪ (૧૯૩૮) – સંદર્ભ લીધેલ.

લોરેન્સ એચ. ટ્રાઇબ દ્વારા 'અમેરિકન કોન્સ્ટીટ્યુશનલ લો' નું પ્રકરણ ૧૫.૧૧ – બીજી આવૃત્તિ – સંદર્ભ લીધેલ.

ન્યાયમૂર્તિ એસ. એ. બોબડે દ્વારા

૧. એમ.પી. શર્મા અને ખરક સિંહની અસર: શું અનુચ્છેદ ૨૧ ગોપનીયતાના મૂળભૂત અધિકારને સમાવે છે કે કેમ તે પ્રશ્ન એમ.પી. શર્મા કોર્ટમાં

૮ ન્યાયમૂર્તિઓ સમક્ષ વિચારણા માટે આવ્યો ન હતો. બલકે પ્રશ્ન એ હતો કે શું કોઈ કંપની અને તેના ડિરેક્ટરો સામે હાથ ધરવામાં આવેલ અયોગ્ય સર્ચ અને જપ્તીની કાર્યવાહી બંધારણના અનુચ્છેદ ૨૦(૩) માં સમાવિષ્ટ સાક્ષીય બળજબરી વિરુદ્ધના બંધારણીય અવરોધનું ઉલ્લંઘન કરશે. તેમજ ખરક સિંહની બહુમતી એવા પ્રસ્તાવ માટે કોઈ આધાર પૂરો પાડતી નથી કે ગોપનીયતાનો કોઈ બંધારણીય અધિકાર અસ્તિત્વમાં નથી. તેથી, એમ.પી. શર્મા અને ખરક સિંહમાં કંઈ પણ એવા નિષ્કર્ષને સમર્થન આપતું નથી કે આપણા બંધારણમાં ગોપનીયતાનો કોઈ મૂળભૂત અધિકાર નથી. [પેરા ૪, ૫, ૬ અને ૯] [૯૪૬-ડી-ઈ; ૯૪૭-એ; ૯૪૮-સી-ડી]

એમ. પી. શર્મા વિરુદ્ધ સતીશ ચંદ્ર ૧૯૫૪ એસસીઆર ૧૦૭૭; ખરક સિંહ વિરુદ્ધ સ્ટેટ ઓફ ઉત્તર પ્રદેશ એ.આઈ.આર. ૧૯૬૩ એસસી ૧૨૯૫ : [૧૯૬૪] એસસીઆર ૩૩૨ – આંશિક રીતે રદબાતલ ઠેરવેલ.

મેનકા ગાંધી વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા [૧૯૭૮] ૨ એસસીઆર ૬૨૧ : (૧૯૭૮) ૧ એસસીસી ૨૪૮; એ. કે. ગોપાલન વિરુદ્ધ સ્ટેટ ઓફ મદ્રાસ ૧૯૫૦ એ.આઈ.આર. ૨૭ : [૧૯૫૦] એસસીઆર ૮૮ – સંદર્ભ લીધેલ.

સેમાઈન્સ કેસ (૧૬૦૪) ૫ કોક ૯૧ – સંદર્ભ લીધેલ.

૨. ગોપનીયતા અધિકારનું સ્વરૂપ: ગોપનીયતા કોમન લો અધિકાર તેમજ મૂળભૂત અધિકાર બંને હોવાનું સ્વરૂપ ધરાવે છે. બંને સ્વરૂપોમાં તેની વિષયવસ્તુ

સમાન છે. માત્ર બોજની આપત્તિ અને દરેક સ્વરૂપ માટે અમલીકરણની અદાલત/ફોરમ જ અલગ પડે છે. કોઈ હિત એકસાથે કોમન લો અધિકાર અને મૂળભૂત અધિકાર તરીકે ઓળખાય તે સંપૂર્ણપણે શક્ય છે. જ્યાં માન્ય હિતમાં દખલગીરી રાજ્ય અથવા અનુચ્છેદ ૧૨ દ્વારા માન્યતા પ્રાપ્ત અન્ય કોઈપણ સમાન સત્તામંડળ દ્વારા કરવામાં આવે છે, ત્યાં મૂળભૂત અધિકારના ઉલ્લંઘન માટેનો દાવો દાખલ થશે. જ્યાં સમાન દખલગીરીનો કર્તા બિન-રાજ્ય પક્ષકાર હોય, ત્યાં સામાન્ય અદાલતમાં કોમન લો હેઠળ દાવો દાખલ થશે. [પેરા ૧૧, ૧૭, ૧૮] [૯૪૮-એફ] [૯૫૨-સી-ઈ]

કેશવાનંદ ભારતી વિરુદ્ધ સ્ટેટ ઓફ કેરળ [૧૯૭૩] સપ્લી. એસસીઆર ૧ : (૧૯૭૩) ૪ એસસીસી ૨૨૫ – આધાર રાખેલ.

માર્ટિન લોફલિન, ધ ફાઉન્ડેશન્સ ઓફ પબ્લિક લો ૩૪૪-૪૬ (૨૦૧૦) – સંદર્ભ લીધેલ.

૩. ગોપનીયતાના અધિકારની વિષયવસ્તુ:

૩.૧ પ્રત્યેક વ્યક્તિ પોતાની ક્રિયાઓ ખાનગી રીતે કરવા માટે હકદાર છે. બીજા શબ્દોમાં કહીએ તો, તે શાંતિ/વિશ્રામની સ્થિતિમાં રહેવા અને ખલેલ પહોંચાડ્યા વિના અથવા અવલોકન કે જાસૂસી કર્યા વિના કામ કરવા માટે હકદાર છે. આવી સ્થિતિ માટેનો હક માત્ર શયનખંડ અથવા વૉશરૂમ જેવી અંતરંગ જગ્યાઓ પૂરતો મર્યાદિત નથી – પરંતુ વ્યક્તિ જ્યાં પણ જાય છે તેની સાથે જાય

છે, જાહેર સ્થળે પણ. ગોપનીયતાને એકાંત (આપણા શારીરિક વ્યક્તિત્વ અને વસ્તુઓનું) તેમજ વિશ્રામ, એકાંતવાસ, ગોપનીયતા અને ગુપ્તતા (આપણા સંદેશાવ્યવહારોમાં) અને અંતરંગતા જેવા વિચારો સાથે ગાઢ આત્મીયતા છે. પરંતુ આનો અર્થ એ નથી કે એકાંતવાસ હંમેશા ગોપનીયતા માટે આવશ્યક છે. વ્યક્તિગત રીતે વસ્તુઓ કરવાની વ્યક્તિની સ્વતંત્રતાના આ અર્થમાં છે કે વ્યક્તિઓનું જૂથ, ભલે ગમે તેટલું મોટું હોય, પોતાની જાતને અન્યોથી અલગ રાખવા અને ખાનગી રહેવા માટે હકદાર છે. વાસ્તવમાં, એવી જગ્યામાં વ્યક્તિઓનો સમૂહ કે જ્યાં પ્રવેશના અધિકારો અનામત છે - જેમ કે હોટલ અથવા સિનેમા હોલમાં - તેને ખાનગી ગણવો જોઈએ. તેમજ જ્યારે કોઈ વ્યક્તિ જાહેરમાં હરેફરે છે ત્યારે ગોપનીયતાનો અધિકાર ગુમાવાઈ જતો નથી. જ્યાં શંકા હોય ત્યાં પણ વ્યક્તિની તલાશી માટે કાયદાને ચોક્કસ અધિકૃતતાની જરૂર પડે છે. ગોપનીયતાનો અર્થ એ પણ થવો જોઈએ કે જેમાં વિચારવાની આંતરિક સ્વતંત્રતાના ક્ષેત્રની અસરકારક ખાતરી હોય. વાંચતી કે લખતી વખતે કોઈ અન્ય વ્યક્તિ પોતાના ખભા પર નજર રાખે તેની અસ્વસ્થતાજનક અસર એ સમજાવે છે કે વ્યક્તિઓ જાહેરમાં પણ પોતાની ગોપનીયતા જાળવવાનું શા માટે પસંદ કરશે. પોતાના કાર્યને પ્રસિદ્ધ કર્યા વિના તેને ખાનગી તરીકે વર્ણવી શકાય તેવી સ્થિતિમાં રાખવામાં સમર્થ હોવું મહત્વપૂર્ણ છે. બંધારણ દ્વારા બાંયધરી આપવામાં આવેલી વિવિધ અભિવ્યક્ત સ્વાતંત્ર્યોનું જોમ અને જીવનશક્તિ જ્ઞાનાત્મક સ્વતંત્રતાની અનુરૂપ ખાતરીના અસ્તિત્વ પર આધારિત છે. [પેરા ૧૯, ૨૨] [૯૫૨-ઈ; ૯૫૪-એ-ઈ]

પીપલ્સ યુનિયન ઓફ સિવિલ લિબર્ટીઝ વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા [૨૦૦૫] ૧ એસસીઆર ૪૯૪ : (૨૦૦૫) ૨ એસસીસી ૪૩૬; સોસાયટી ફોર અનએઈડેડ પ્રાઈવેટ સ્કૂલ્સ ઓફ રાજસ્થાન વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા [૨૦૧૨] ૨ એસસીઆર ૭૧૫ : (૨૦૧૨) ૬ એસસીસી ૧; ડિસ્ટ્રિક્ટ રજિસ્ટ્રાર એન્ડ કલેક્ટર વિરુદ્ધ કેનેરા બેંક [૨૦૦૪] ૫ સપ્લી. એસસીઆર ૮૩૩ : (૨૦૦૫) ૧ એસસીસી ૪૯૬ – બહાલ રાખેલ.

૩.૨ એકાંતમાં કોઈ પ્રવૃત્તિ કરવાની મૂળભૂત સ્વતંત્રતાને પ્રવૃત્તિ કરવાની સ્વતંત્રતાથી અલગ કે સંક્ષિપ્ત કરવી શક્ય નથી. ગોપનીયતા જેવી મૂળભૂત સ્થિતિનો દાવો કરવાનો અધિકાર કે જેમાં બાંયધરીકૃત મૂળભૂત અધિકારોનો ઉપયોગ કરી શકાય છે તેને પોતે જ મૂળભૂત અધિકાર ગણવો જોઈએ. આમ, ગોપનીયતા એ બંધારણ દ્વારા બાંયધરી આપવામાં આવેલ 'વ્યક્તિગત સ્વતંત્રતા' અને સ્વાતંત્ર્યોના ઉપયોગ માટે જરૂરી મૂળભૂત, અપરિવર્તનીય શરત રચે છે. તે બંધારણના ભાગ ૩ માં અસ્પષ્ટ મુખ્ય આધાર છે. [પેરા ૨૫]

જેમ્સ પ: ૧૬ ધ બાઈબલ; બ્લેક્સ લો ડિક્શનરી (બ્રાયન ગાર્નર, સંપાદક) ૩૭૮૩ (૨૦૦૪); સેમ્યુઅલ ડી. વોરેન અને લુઈસ ડી. બ્રાન્ડેઈસ, ધ રાઈટ ટુ પ્રાઈવસી, ૪ હાર્વર્ડ લો રિવ્યુ ૧૯૩ (૧૮૯૦); કૌટિલ્યનું અર્થશાસ્ત્ર ૧૮૯-૯૦ (આર. શમાશાસ્ત્રી, અનુવાદ, ૧૯૧૫), એ. એ. મૌદૂદી, હ્યુમન રાઈટ્સ ઈન ઈસ્લામ ૨૭ (૧૯૮૨); થેસ્સાલોનીકિયન્સ ૪: ૧૧ ધ બાઈબલ – સંદર્ભ લીધેલ.

૪. ગૌરવ અને સ્વતંત્રતા સાથે ગોપનીયતાનું જોડાણ:

૪.૧ ગોપનીયતાના અધિકાર માટેનું પ્રથમ અને કુદરતી ઘર અનુચ્છેદ ૨૧ માં 'વ્યક્તિગત સ્વતંત્રતા' અને ખુદ જીવનના હાર્દમાં રહેલું છે. સ્વતંત્રતા અને ગોપનીયતા એવી રીતે અભિન્ન રીતે જોડાયેલા છે કે ગોપનીયતા ઘણીવાર વ્યક્તિગત સ્વતંત્રતાના અધિકારના ઉપયોગ માટે જરૂરી મૂળભૂત સ્થિતિ હોય છે. એવી અસંખ્ય પ્રવૃત્તિઓ છે જે વર્ચ્યુઅલી બિલકુલ કરી શકાતી નથી અને ઘણા કિસ્સાઓમાં ગૌરવ સાથે કરી શકાતી નથી સિવાય કે વ્યક્તિ એકલી રહે અથવા અન્યથા તેની ગોપનીયતા સુનિશ્ચિત કરવા માટે સશક્ત હોય. જન્મ અને મૃત્યુ એવી ઘટનાઓ છે જ્યારે તમામ સંસ્કારી લોકોમાં ગૌરવ સુનિશ્ચિત કરવા માટે ગોપનીયતા જરૂરી છે. આમ, ગોપનીયતા એ એવા અધિકારો પૈકીનો એક અધિકાર છે જે બંધારણીય લખાણમાં નિર્દિષ્ટ અને ગણાવેલ અધિકારોનો આનંદ માણવા માટે 'સાધન તરીકે જરૂરી' છે. [પેરા ૨૬, ૨૮] [૯૫૫-ઈ; ૯૫૭-બી-સી]

સેમિનલ ઓન લિબર્ટી (૧૮૫૯); જોન સ્ટુઅર્ટ મિલ, ઓન લિબર્ટી એન્ડ અધર એસેઝ ૧૫-૧૬ (સ્ટીફન કોલિની સંપાદક, ૧૯૮૯) (૧૮૫૯); લોરેન્સ એચ. ટ્રાઇબ અને માઇકલ સી. ડોર્ફ, લેવલ્સ ઓફ જનરાલિટી ઇન ધ ડેફિનેશન ઓફ રાઇટ્સ, ૫૭ યુ. શિકાગો લો રિવ્યુ ૧૦૫૭ (૧૯૯૦) પૃષ્ઠ ૧૦૬૮ – સંદર્ભ લીધેલ.

૪.૨ બાંયધરીકૃત સ્વાતંત્ર્યોના સક્ષમકર્તા તરીકે તેના માનસિક અને શારીરિક બંને પાસાઓમાં ગોપનીયતા જરૂરી છે. ગૌરવ – જેનું બંધારણીય મહત્વ આમુખ દ્વારા અને આ કોર્ટ દ્વારા અન્ય અધિકારો ઉપરાંત અનુચ્છેદ ૨૧ ની તેની

સમજૂતીમાં સ્વીકારવામાં આવ્યું છે, તે ગોપનીયતા વિના વ્યક્તિને કેવી રીતે સુનિશ્ચિત કરી શકાય તે જોવું મુશ્કેલ છે. ગૌરવ અને ગોપનીયતા બંને ગાઢ રીતે જોડાયેલા છે અને વ્યક્તિઓના જન્મ અને મૃત્યુ માટે તેમજ આ ઘટનાઓ વચ્ચે જીવનની ઘણી મહત્વપૂર્ણ ઘટનાઓ માટે કુદરતી પરિસ્થિતિઓ છે. અનિવાર્યપણે, તેથી, ગોપનીયતાનો અધિકાર અનુચ્છેદ ૨૧ હેઠળ 'જીવન' અને 'વ્યક્તિગત સ્વતંત્રતા' બંનેનો અભિન્ન ભાગ છે, અને અધિકાર ધારકને તેની સંભવિત ક્ષમતાનો પૂર્ણ હદ સુધી વિકાસ કરવા સક્ષમ બનાવવા માટે રચાયેલ છે જે માત્ર આમુખ તેમજ સમગ્ર ભાગ ૩ માં વ્યક્ત કરાયેલા બંધારણીય મૂલ્યો સાથે સુસંગત રહીને જ શક્ય બને છે. [પેરા ૨૯, ૩૦] [૯૫૮-એફ-એચ; ૯૫૯-એ]

સુનિલ બત્રા (૧) વિરુદ્ધ દિલ્હી એડમિનિસ્ટ્રેશન [૧૯૭૯] ૧ એસસીઆર ૩૯૨ : (૧૯૭૮) ૪ એસસીસી ૪૯૪; ફ્રાન્સિસ કોરાલી મુલિન વિરુદ્ધ એડમિનિસ્ટ્રેટર, યુનિયન ટેરિટરી ઓફ દિલ્હી [૧૯૮૧] ૨ એસસીઆર ૫૧૬ : (૧૯૮૧) ૧ એસસીસી ૬૦૮ – સંદર્ભ લીધેલ.

મુન વિરુદ્ધ ઈલિનોઈસ, (૧૮૭૭) ૯૪ યુ.એસ. ૧૧૩ (ન્યાયમૂર્તિ ફિલ્ડ દ્વારા) – સંદર્ભ લીધેલ.

૫. પ્રવાસી અધિકાર તરીકે ગોપનીયતા:

૫.૧ વાણી અને અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય હંમેશા ખાનગીમાં વિચારવાની, વાંચવાની અને લખવાની ક્ષમતા પર નિર્ભર રહે છે અને ઘણીવાર ગોપનીયતાની

સ્થિતિમાં વાપરવામાં આવે છે, જેની સાથે વાત કરવાનો કે સંદેશાવ્યવહાર કરવાનો ઈરાદો નથી તેમને બાકાત રાખીને. શાંતિપૂર્ણ સભા માટે એવા તત્વોને બાકાત રાખવાની જરૂર પડે છે જે શાંતિપૂર્ણ ન હોઈ શકે અથવા જેનો એજન્ડા અલગ હોઈ શકે છે. સંગઠન રચવાની સ્વતંત્રતા આવશ્યકપણે પોતાની પસંદગીના અને સમાન ઉદ્દેશ્યો ધરાવતા લોકો સાથે જોડાણ કરવાની સ્વતંત્રતા હોવી જોઈએ. રહેઠાણ અને સ્થાયી થવા સંબંધિત બાબતોમાં ગોપનીયતાની આવશ્યકતા એટલી જાણીતી છે કે તેનું વિસ્તરણ કરવાની જરૂર નથી. છેવટે, વ્યવહારિક દ્રષ્ટિએ ગોપનીયતાના અધિકાર વિના અને અન્યોને પોતાના કામથી દૂર રાખવાના અધિકાર અને સત્તા વિના વ્યક્તિ કોઈ વ્યવસાય કરવા અથવા વેપાર, ધંધો કે રોજગાર ચલાવવા સક્ષમ હોવાની કલ્પના કરવી શક્ય નથી. પ્રથમદર્શી રીતે, અનુચ્છેદ ૨૫ મુજબ અંતરાત્માની સ્વતંત્રતા અને ધર્મ પાળવા, આચરણ કરવા અને પ્રચાર કરવાના અધિકારના ઉપયોગ માટે ગોપનીયતા આવશ્યક છે. ધાર્મિક અને દાનવીય હેતુઓ માટે સંસ્થાઓ સ્થાપવા અને જાળવવા, પોતાના કાર્યોનું સંચાલન કરવા અને તે હેતુ માટે સંપાદિત કરેલી મિલકતની માલિકી અને વહીવટ કરવા માટે દરેક ધાર્મિક સંપ્રદાયના આગળના અધિકાર માટે અનુચ્છેદ ૨૬ મુજબ રાજ્ય તરફથી દખલ ન થવાના અર્થમાં ગોપનીયતાની પણ જરૂર પડે છે. અનુચ્છેદ ૨૮(૩) રાજ્ય દ્વારા માન્યતા પ્રાપ્ત શિક્ષણ સંસ્થામાં હાજરી આપતા વિદ્યાર્થીના એકલા રહેવાના અધિકારને સ્પષ્ટપણે માન્યતા આપે છે. આવા વિદ્યાર્થીને આવી કોઈપણ સંસ્થામાં અપાતા

ધાર્મિક શિક્ષણમાં ભાગ લેવા માટે ફરજ પાડી શકાતી નથી સિવાય કે તેના વાલીએ તે માટે સંમતિ આપી હોય. [પેરા ૩૧, ૩૨] [૯૫૯-બી-એફ]

૫.૨ ગોપનીયતાનો અધિકાર સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકારો સાથે પણ અભિન્ન છે જેથી વિશિષ્ટ ભાષા, લિપિ અથવા સંસ્કૃતિ ધરાવતા જૂથને તેનું સંરક્ષણ કરવાનો અધિકાર રહેશે. તે હંમેશા મિલકતની માલિકી ધરાવવાના અધિકારનો અભિન્ન ભાગ રહ્યો છે અને કાયદા દ્વારા જાણીતા અપ્રવેશ (ટ્રેસપાસ) ના તમામ ગુનાઓ અને અપકૃત્યો મુજબ દીવાની કાયદા તેમજ ફોજદારી કાયદામાં તેને તે રીતે ગણવામાં આવ્યો છે. ગોપનીયતા એ ભાગ ૩ માં આપેલી કોઈપણ ખાતરીનો આનંદ માણવા માટે જરૂરી પૂર્વશરત છે. પરિણામે, જ્યારે બંધારણીય અદાલતો સમક્ષ અધિકાર ધારકો દ્વારા તેનો દાવો કરવામાં આવે છે, ત્યારે ગોપનીયતાનો અધિકાર માત્ર અનુચ્છેદ ૨૧ માં જ નહીં, પરંતુ એકસાથે ભાગ ૩ ની અન્ય કોઈપણ ખાતરીઓમાં પણ સ્થિત હોઈ શકે છે. વર્તમાન પરિસ્થિતિમાં, અનુચ્છેદ ૧૯(૧), ૨૦(૩), ૨૫, ૨૮ અને ૨૯ એ તમામ એવા અધિકારો છે જેને ગોપનીયતાના ઉપયોગ દ્વારા સમર્થન મળે છે અને અર્થપૂર્ણ બનાવવામાં આવે છે. આ કોઈ સંપૂર્ણ યાદી નથી. [પેરા ૩૩, ૩૪] [૯૫૯-જી-એચ; ૯૬૦-એ-બી]

૬. ગોપનીયતાના મૂળભૂત અધિકારની ન્યાયિક ગણતરી:

૬.૧ ગણતરીની પ્રક્રિયા દ્વારા, બંધારણીય અદાલતો માત્ર નામ આપે છે અને બંધારણીય સ્વતંત્રતાના શેષ ભાગમાં પહેલેથી જ હાજર બાંયધરીઓના

મુખ્ય ભાગને નિર્દિષ્ટ કરે છે. સમય જતાં, સુપ્રિમ કોર્ટ તેની અર્થઘટન પ્રક્રિયા દ્વારા એવો અર્થ કાઢવા સક્ષમ બની છે કે ગોપનીયતાના અધિકાર સહિતના કેટલાક મૂળભૂત અધિકારો સ્પષ્ટપણે જણાવેલા મૂળભૂત અધિકારોમાંથી ઉદ્ભવે છે. જો તેઓ અર્થપૂર્ણ બનવું હોય તો બંધારણીય લખાણમાં સ્પષ્ટપણે નોંધાયેલા અધિકારો દ્વારા ગોપનીયતા એ 'તાર્કિક રીતે પૂર્વાનુમાનિત' અધિકાર અથવા શરત છે. પરિણામે, ગોપનીયતા એ માત્ર એક વ્યુત્પન્ન બંધારણીય અધિકાર કરતાં વધુ છે. તે બંધારણના લખાણમાં બાંયધરી આપેલા અધિકારોનું આવશ્યક અને અનિવાર્ય તાર્કિક પરિણામ છે. [પેરા ૩૫] [૯૬૦-સી; ૯૬૧-ઈ]

૬.૨ એવી ધારણા કે નિષ્કર્ષ માટે કોઈ આધાર નથી કે ગોપનીયતાનો મૂળભૂત અધિકાર એક નિરપેક્ષ અધિકાર છે જેને પૂરતા પ્રમાણમાં અનિવાર્ય રાજ્ય હિતને જોતાં વાજબી રીતે પ્રતિબંધિત કરી શકાતો નથી. [પેરા ૩૮] [૯૬૨-ડી]

ઉન્ની ક્રિષ્નન, જે.પી. વિરુદ્ધ સ્ટેટ ઓફ એ.પી. [૧૯૯૩] ૧ એસસીઆર ૫૯૪ : (૧૯૯૩) ૧ એસસીસી ૬૪૫ – આધાર રાખેલ.

સતવંત સિંહ વિરુદ્ધ ડી. રામારાથનમ એ.પી.ઓ., નવી દિલ્હી [૧૯૬૭] ૩ એસસીઆર ૫૨૫; ગોવિંદ વિરુદ્ધ સ્ટેટ ઓફ એમ.પી. (૧૯૭૫) ૨ એસસીસી ૧૪૮; ગ્રીસવોલ્ડ વિરુદ્ધ કનેક્ટિકટ ૩૮૧ યુ.એસ. ૪૭૯; ચાર્લ્સ શોભરાજ વિરુદ્ધ સુપ્રિન્ટેન્ડેન્ટ (સેન્ટ્રલ જેલ) [૧૯૭૮] ૪ એસસીઆર ૧૦૪; એમ. એચ. હોસ્કોટ વિરુદ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર [૧૯૭૯] ૧ એસસીઆર ૧૯૨ : (૧૯૭૮) ૩

એસસીસી ૫૪૪; હુસૈનારા ખાતૂન વિરુદ્ધ ગૃહ સચિવ, સ્ટેટ ઓફ બિહાર [૧૯૭૯] ૩ એસસીઆર ૧૬૯ : (૧૯૮૦) ૧ એસસીસી ૮૧; પ્રેમ શંકર વિરુદ્ધ દિલ્હી એડમિનિસ્ટ્રેશન [૧૯૮૦] ૩ એસસીઆર ૮૫૫ : (૧૯૮૦) ૩ એસસીસી ૫૨૬; ટી. વી. વથીશ્વરન વિરુદ્ધ સ્ટેટ ઓફ તમિલનાડુ [૧૯૮૩] ૨ એસસીઆર ૩૪૮ : (૧૯૮૩) ૨ એસસીસી ૬૮; શીલા બારસે વિરુદ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર [૧૯૮૩] ૨ એસસીઆર ૩૩૭ : (૧૯૮૩) ૨ એસસીસી ૯૬; એટર્ની જનરલ ઓફ ઇન્ડિયા વિરુદ્ધ લછમાદેવી (૧૯૮૯) સપ્લી. ૧ એસસીસી ૨૬૪; પરમાનંદ કટારા વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા [૧૯૮૯] ૩ એસસીઆર ૯૯૭ : (૧૯૮૯) ૪ એસસીસી ૨૮૬; શાંતિસ્ટાર બિલ્ડર વિરુદ્ધ એન. કે. તોતામે (૧૯૯૦) ૧ એસસીસી ૫૨૦ – બહાલ રાખેલ.

'ઇન્સિપિયન્ટ રાઇટ્સ' સાલ્મંડ, પૃષ્ઠ ૨૨૮ – સંદર્ભ લીધેલ.

૭. ગોપનીયતા માટેની કસોટી:

૭.૧ પોતાના ગોપનીયતાના અધિકારનો ઉપયોગ કરવો એટલે બે સ્તરે પસંદગી કરવી અને નિર્દિષ્ટ કરવું. તેને ઉપલબ્ધ સ્વતંત્રતાના સામાન્ય શેષ ભાગ દ્વારા સમાવિષ્ટ વિવિધ પ્રવૃત્તિઓમાંથી તે કઈ પ્રવૃત્તિઓ કરવા માંગશે તે પસંદ કરવું, અને તે પ્રવૃત્તિઓ કરતી વખતે પોતાના વર્તુળમાં કોને સામેલ કરવા તે નિર્દિષ્ટ કરવું. તે નકારાત્મક દ્રષ્ટિએ સ્વાયત્તતા પણ છે, અને કઈ પ્રવૃત્તિઓ ન કરવી અને કઈ વ્યક્તિઓને પોતાના વર્તુળમાંથી બાકાત રાખવી તેની પસંદગી અને નિર્દેશન પોતાનામાં સમાવે છે. ગોપનીયતાનો ઉપયોગ કરવો એ આ

નિર્દિષ્ટ અન્ય વ્યક્તિઓને પોતાના ઈરાદાનો સંકેત આપવો છે - પછી ભલે તેઓ પોતાના સહભાગીઓ હોય કે માત્ર પ્રેક્ષકો હોય - તેમજ સમગ્ર સમાજને, અધિકારનો દાવો કરવા અને તેનો ઉપયોગ કરવા માટે. ગોપનીયતાના કાયદેસર દાવો કરવા યોગ્ય અસ્તિત્વની તપાસ કરવા માટે, માત્ર એટલું જ વિચારવાની જરૂર છે કે શું પસંદગી અને નિર્દેશન કરવાનો આવો ઈરાદો અસ્તિત્વ ધરાવે છે, પછી ભલે તે સીધો અધિકાર ધારકના કાર્યોમાં પ્રગટ થતો હોય કે અન્યથા. [પેરા ૪૩] [૯૬૩-એફ-એચ; ૯૬૪-એ]

દેવકી નંદન વિરુદ્ધ મુરલીધર [૧૯૫૬] એસસીઆર ૭૫૬ – સંદર્ભ લીધેલ.

૭.૨ આવી રચના સામાવાળાઓની દલીલોમાં વારંવાર આવતી ત્રણ ગેરમાર્ગે દોરનારી બાબતો (રેડ હેરિંગ્સ) ને બાકાત રાખશે. પ્રથમ, તે એવી દલીલો સ્વીકારશે નહીં કે ગોપનીયતા મિલકત અથવા સ્થળો પૂરતી સીમિત છે. તેથી, ઉદાહરણ તરીકે, જાહેર સ્થળે પણ ધીમા અવાજે વાતચીત કરવા માટે એક અથવા વધુ વ્યક્તિઓને બાજુ પર લઈ જવી એ સ્પષ્ટપણે ગોપનીયતાના દાવાનો સંકેત આપે છે, જેવી રીતે લાઉડસ્પીકર દ્વારા પોતાના શબ્દોનું પ્રસારણ કરવું એ વિપરીત ઈરાદાનો સંકેત આપે છે. બીજું, આ રચના ગોપનીયતાને એકાંત સુધી મર્યાદિત કરશે નહીં. મોટા મેળાવડાના સ્થળે પ્રવેશના અધિકારો અનામત રાખવા, જેમ કે સિનેમા હોલ અથવા ક્લબમાં, તે ગોપનીયતાના દાવાનો સંકેત આપે છે. છેવટે, આવી રચનાનો અર્થ એ પણ થશે નહીં કે ખાનગી માહિતી એવી

માહિતી હોવી જોઈએ જે અન્ય તમામ માટે અગમ્ય હોય. [પેરા ૪૪] [૯૬૪-બી-સી]

૮. ગોપનીયતાના ઉલ્લંઘનની સમીક્ષાના ધોરણો: તેમાં કોઈ શંકા નથી કે ગોપનીયતા એ બંધારણના ભાગ ૩ દ્વારા માન્યતા પ્રાપ્ત કેટલાક મૂળભૂત અધિકારોનો અભિન્ન ભાગ છે અને તેને ખુદ એક મૂળભૂત અધિકાર તરીકે ગણવો જોઈએ. ગોપનીયતાના અધિકાર અને સંકળાયેલા ચોક્કસ મૂળભૂત અધિકાર (અથવા અધિકારો) વચ્ચેનો સંબંધ કોઈ ચોક્કસ કાયદા દ્વારા પ્રતિબંધિત કાર્યવાહી પર આધારિત રહેશે. ઓછામાં ઓછું, કારણ કે ગોપનીયતા હંમેશા વ્યક્તિગત સ્વતંત્રતા સાથે સંકલિત હોય છે, જે કાયદો અધિકાર ધારકની ગોપનીયતામાં દખલ કરતો હોવાનો આક્ષેપ છે તેની બંધારણીયતા તે જ ધોરણો દ્વારા ચકાસવી જોઈએ જેના દ્વારા અનુચ્છેદ ૨૧ હેઠળ વ્યક્તિગત સ્વતંત્રતામાં દખલ કરતો કાયદો ચકાસવા પાત્ર છે. એકવાર એ સ્થાપિત થઈ જાય કે ગોપનીયતા દરેક બંધારણીય સ્વતંત્રતાને તેની અસરકારકતાથી ભરી દે છે અને તે તેમાંના દરેકમાં સ્થિત થઈ શકે છે, તો તે અનુસરવું આવશ્યક છે કે રાજ્ય દ્વારા તેમાં કરવામાં આવતી દખલગીરી ભાગ ૩ ની જે પણ એક અથવા વધુ બાંયધરીઓ સામે ચકાસવી જોઈએ જેનો આનંદ માણવામાં ઘટાડો થયો હોય. પરિણામે, ગોપનીયતાના ઉલ્લંઘનોએ સામાન્ય રીતે અનુચ્છેદ ૨૧ ને લાગુ પડતી કસોટી ઉપરાંત વધારાની કસોટીઓનો જવાબ આપવો પડશે. [પેરા ૪૫, ૪૬] [૯૬૪-ડી-જી]

આર. સી. કૂપર વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા [૧૯૭૦] ૩ એસસીઆર ૫૩૦ : (૧૯૭૦) ૧ એસસીસી ૨૪૮ – આધાર રાખેલ.

ઓલ્ગા ટેલિસ વિરુદ્ધ બોમ્બે મ્યુનિસિપલ કોર્પોરેશન [૧૯૮૫] ૨ સપ્લી. એસસીઆર ૫૧ : (૧૯૮૫) ૩ એસસીસી ૫૪૫; પરમાનંદ કટારા વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા [૧૯૮૯] ૩ એસસીઆર ૯૯૭; ગોબિંદ વિરુદ્ધ સ્ટેટ ઓફ એમ.પી. [૧૯૭૫] ૩ એસસીઆર ૯૪૬ : (૧૯૭૫) ૨ એસસીસી ૧૪૮ – સંદર્ભ લીધેલ.

પી. જે. ફિટ્ઝગેરાલ્ડ, સાલ્મંડ ઓન જ્યુરિસપ્રુડન્સ ૨૧૭ (બારમી આવૃત્તિ, ૧૯૬૬); રોસ્કો પાઉન્ડ, ધ સ્પિરિટ ઓફ ધ કોમન લો ૮૮ (૧૯૨૧) – સંદર્ભ લીધેલ.

ન્યાયમૂર્તિ અભય મનોહર સપ્રે દ્વારા

૧. આમુખમાં 'વ્યક્તિનું ગૌરવ' શબ્દપ્રયોગ સામેલ કરવાનો મુખ્ય ઉદ્દેશ્ય આ દેશના લોકો ભૂતકાળમાંથી જે વારસામાં મેળવ્યું હતું તેનો સ્પષ્ટ અસ્વીકાર દર્શાવવાનો હતો. વ્યક્તિનું ગૌરવ, તેથી, હંમેશા બંધુતાનું મુખ્ય ઘટક માનવામાં આવતું હતું, જે દરેક વ્યક્તિને ગૌરવની ખાતરી આપે છે. બંને અભિવ્યક્તિઓ પરસ્પરાવલંબી અને ગૂંથાયેલી છે. આમ, જ્યાં સુધી દરેક નાગરિકના ગૌરવની ખાતરી આપવામાં ન આવે ત્યાં સુધી રાષ્ટ્રની એકતા અને અખંડિતતા ટકી શકે નહીં. આમુખમાં સામેલ 'સ્વતંત્રતા', 'સમાનતા' અને 'બંધુતા' શબ્દપ્રયોગો અલગ

અસ્તિત્વ નથી. નાગરિકોના અધિકારો સાથે વ્યવહાર કરતી વખતે તેઓને સાથે રાખીને વાંચવાના રહેશે. તેઓ, વાસ્તવમાં, એક સંઘ રચે છે. જો આ શબ્દપ્રયોગો એકબીજાથી અલગ કરવામાં આવે, તો તે લોકશાહીના મૂળ હેતુને જ નિષ્ફળ બનાવશે. બીજા શબ્દોમાં કહીએ તો, સ્વતંત્રતાને સમાનતાથી અલગ કરી શકાતી નથી તેમજ સમાનતાને સ્વતંત્રતાથી અલગ કરી શકાતી નથી અને ન તો સ્વતંત્રતા અને સમાનતાને બંધુતાથી અલગ કરી શકાય છે. બંધારણના ભાગ ૩ ના અનુચ્છેદોનું અર્થઘટન કરતી વખતે આ અભિવ્યક્તિઓને સોંપવામાં આવેલા અર્થને યોગ્ય મહત્વ આપવું પડશે. તેથી, અદાલતોની અને ખાસ કરીને આ કોર્ટની જાગ્રત પ્રહરી તરીકેની ફરજ છે કે જ્યારે પણ નાગરિકના અધિકારોના ઉલ્લંઘનનો મુદ્દો વિચારણા માટે આવે ત્યારે સમાજની બદલાતી જરૂરિયાતો અને નાગરિકોના અધિકારોના રક્ષણ વચ્ચે સંતુલન સાધવું. આવું સંતુલન કાયદાના શાસન હેઠળ તમામ નાગરિકોને સામાજિક અને રાજકીય ન્યાય સાથે સ્વતંત્રતા, સમાનતા અને બંધુતા સુરક્ષિત અને રક્ષિત કરીને જ પ્રાપ્ત કરી શકાય છે. [પેરા ૮-૧૩] [૯૬૬-જી-એચ; ૯૬૭-એ-ઈ]

એસ. એસ. બોલા અને અન્ય વિરુદ્ધ બી. ડી. સરદાના અને અન્ય [૧૯૯૭] ૨ સપ્લી. એસસીઆર ૫૦૭ : (૧૯૯૭) ૮ એસસીસી ૫૨૨ – બહાલ રાખેલ.

૨. આપણા બંધારણે વ્યક્તિના અમુક અસ્તિત્વમાં રહેલા વહાલા અધિકારોને માન્યતા આપી છે. આ અધિકારો બંધારણના ભાગ ૩ ના વિવિધ

અનુચ્છેદોમાં 'મૂળભૂત અધિકારો' શીર્ષક હેઠળ સમાવિષ્ટ કરવામાં આવ્યા છે. તેમ કરતી વખતે, કેટલાક અધિકારો સામેલ કરવામાં આવ્યા હતા અને જે સામેલ કરવામાં આવ્યા ન હતા, તેને કેસ-દર-કેસના ધોરણે નાગરિકો દ્વારા દાવો કરાયેલા અધિકારના સ્વરૂપના આધારે ન્યાયિક અર્થઘટનની પ્રક્રિયા દ્વારા ભાગ ૩ માં વાંચવામાં આવ્યા હતા. બંધારણના ઘડવૈયાઓ માટે વ્યક્તિના કુદરતી અથવા કોમન લો અધિકાર હોય તેવા દરેક અધિકારને બંધારણના ભાગ ૩ માં સામેલ કરવાનું શક્ય ન હતું. [પેરા ૧૪, ૧૫] [૯૬૭-એફ-એચ]

૩. કોર્ટે ન્યાયિક અર્થઘટનની પ્રક્રિયા દ્વારા મૂળભૂત અધિકારોના અર્થ અને વિષયવસ્તુને ઘટાડવાને બદલે હંમેશા તેની પહોંચ અને વ્યાપને વિસ્તારવાનો પ્રયાસ કરવો જોઈએ. [પેરા ૨૦] [૯૬૮-એચ]

રૂસ્તમ કાવસજી કૂપર વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા (૧૯૭૦) ૧ એસસીસી ૨૪૮ : [૧૯૭૦] ૩ એસસીઆર ૫૩૦; પરમ પૂજ્ય કેશવાનંદ ભારતી શ્રીપદગલ્વરુ વિરુદ્ધ સ્ટેટ ઓફ કેરળ અને અન્ય [૧૯૭૩] સપ્લી. એસસીઆર ૧ : (૧૯૭૩) ૪ એસસીસી ૨૨૫ – બહાલ રાખેલ.

૪. એ સાચું છે કે આપણા કાયદાઓનું અર્થઘટન કરતી વખતે, અંગ્રેજી નિર્ણયો વિચારણા માટે ઉદ્ભવતા ચોક્કસ નિષ્કર્ષ પર પહોંચવામાં માર્ગદર્શન આપે છે. જો કે, છેલ્લા સાત દાયકાઓમાં, આ કોર્ટે અન્ય દેશોમાં પ્રવર્તતી પરિસ્થિતિઓની તુલનામાં ભારતીય સમાજની સામાજિક, આર્થિક અને રાજકીય પરિસ્થિતિઓ, આ દેશના લોકો અને સામાન્ય રીતે દેશની અનુભવાયેલી

જરૂરિયાતને ધ્યાનમાં રાખીને આપણા બંધારણનું અર્થઘટન કર્યું છે. [પેરા ૨૨, ૨૩] [૯૬૯-ડી-એફ]

હિંદ ઓવરસીઝ (પ્રા.) લિ. વિરુદ્ધ રઘુનાથ પ્રસાદ ઝુનઝુનવાલા અને અન્ય [૧૯૭૬] ૨ એસસીઆર ૨૨૬ : (૧૯૭૬) ૩ એસસીસી ૨૫૯ – બહાલ રાખેલ.

૫. 'કોઈપણ વ્યક્તિની ગોપનીયતાનો અધિકાર' અનિવાર્યપણે એક કુદરતી અધિકાર છે, જે જન્મથી જ દરેક માનવીમાં સહજ હોય છે. આવો અધિકાર માનવી જ્યાં સુધી અંતિમ શ્વાસ લે ત્યાં સુધી તેની સાથે રહે છે. તે વાસ્તવમાં માનવીથી અવિભાજ્ય અને અભિન્ન છે. આવા અધિકાર વિના વ્યક્તિ ગૌરવ સાથે અર્થપૂર્ણ જીવનનો આનંદ માણી શકે તેવી કલ્પના કરી શકાતી નથી. વાસ્તવમાં, તે એવા વહાલા અધિકારો પૈકીનો એક છે, જેને કાયદાના શાસન દ્વારા શાસિત દરેક સંસ્કારી સમાજ હંમેશા દરેક માનવીમાં માન્યતા આપે છે અને જાતિ, લિંગ, ધર્મ, જ્ઞાતિ અને સંપ્રદાયને ધ્યાનમાં લીધા વિના વ્યક્તિના ગૌરવને જાળવી રાખવા માટે આવા અધિકારોને માન્યતા આપવા બંધાયેલો છે. અલબત્ત, તે સામાજિક, નૈતિક અને અનિવાર્ય જાહેર હિતને ધ્યાનમાં રાખીને અમુક વાજબી પ્રતિબંધો લાદવાને આધીન છે, જે કાયદા દ્વારા લાદવા માટે રાજ્ય હકદાર છે. [પેરા ૨૫, ૨૬] [૯૬૯-એચ; ૯૭૦-એ-સી]

૬. શબ્દકોશો સિવાય કાયદામાં 'ગોપનીયતાનો અધિકાર' વ્યાખ્યાયિત થયેલ નથી. જો કે, અદાલતોએ ન્યાયિક અર્થઘટનની પ્રક્રિયા દ્વારા, કેસ-દર-કેસના ધોરણે સંકળાયેલા ચોક્કસ મુદ્દાઓના સંદર્ભમાં આ અધિકારને અર્થ સોંપ્યો છે. 'ગોપનીયતાના અધિકાર' નો સૌથી લોકપ્રિય અર્થ છે - 'એકલા રહેવાનો અધિકાર'. 'ગોપનીયતાનો અધિકાર' એ બંધારણના ભાગ ૩ હેઠળ બાંયધરી આપેલા નાગરિકના મૂળભૂત અધિકારનો એક ભાગ છે. જો કે, તે નિરપેક્ષ અધિકાર નથી પરંતુ અમુક વાજબી પ્રતિબંધોને આધીન છે, જે કાયદા અનુસાર સામાજિક, નૈતિક અને અનિવાર્ય જાહેર હિતના આધારે લાદવા માટે રાજ્ય હકદાર છે. [પેરા ૨૭, ૨૮, ૩૫] [૯૭૦-સી-ડી]

ગોબિંદ વિરુદ્ધ સ્ટેટ ઓફ મધ્ય પ્રદેશ અને અન્ય [૧૯૭૫] ૩ એસસીઆર ૯૪૬ : (૧૯૭૫) ૨ એસસીસી ૧૪૮; મેનકા ગાંધી વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા અને અન્ય [૧૯૭૮] ૨ એસસીઆર ૬૨૧ : (૧૯૭૮) ૧ એસસીસી ૨૪૮; પીપલ્સ યુનિયન ફોર સિવિલ લિબર્ટીઝ (પીયુસીએલ) વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા અને અન્ય [૧૯૯૬] ૧૦ સપ્લી. એસસીઆર ૩૨૧ : (૧૯૯૭) ૧ એસસીસી ૩૦૧; મિસ્ટર 'એક્સ' વિરુદ્ધ હોસ્પિટલ 'ઝેડ' [૧૯૯૮] ૧ સપ્લી. એસસીઆર ૭૨૩ : (૧૯૯૮) ૮ એસસીસી ૨૯૬; ડિસ્ટ્રિક્ટ રજિસ્ટ્રાર એન્ડ કલેક્ટર, હૈદરાબાદ અને અન્ય વિરુદ્ધ કેનેરા બેંક અને અન્ય [૨૦૦૪] ૫ સપ્લી. એસસીઆર ૮૩૩ : (૨૦૦૫) ૧ એસસીસી ૪૯૬; થાલાપલમ સર્વિસ કોઓપ.

બેંક લિ. અને અન્ય વિરુદ્ધ સ્ટેટ ઓફ કેરળ અને અન્ય [૨૦૧૩] ૧૪ એસસીઆર ૪૭૫ : (૨૦૧૩) ૧૬ એસસીસી ૮૨ – બહાલ રાખેલ.

૭. એવી રજૂઆત સ્વીકારવામાં આવતી નથી કે આ બેંચને સંદર્ભિત પ્રશ્નોના જવાબો આપતી વખતે અગાઉના કેટલાક નિર્ણિત કેસોમાં આ કોર્ટ દ્વારા નિર્ધારિત કરવામાં આવેલ કાયદો ભલે વિચારણા માટે સંદર્ભિત ન થયો હોય તો પણ તેને રદબાતલ ઠેરવવામાં આવે. તે સુસ્થાપિત છે કે સંદર્ભ કોર્ટ કરવામાં આવેલા સંદર્ભથી આગળ વધી શકતી નથી અને તે માત્ર તે જ પ્રશ્નોના જવાબો આપવા માટે સીમિત છે જે સંદર્ભિત છે. જ્યારે પણ આ પ્રશ્નોમાંથી કોઈપણ પ્રશ્ન કોઈપણ કેસમાં ઉદ્ભવશે, ત્યારે યોગ્ય બેંચ કાયદા અનુસાર ગુણદોષના આધારે આવા પ્રશ્નોની તપાસ કરશે. [પેરા ૩૯, ૪૦, ૪૧] [૯૭૨-ઈ, જી-એચ]

નરેશ શ્રીધર મિરાજકર અને અન્ય વિરુદ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર અને અન્ય [૧૯૬૬] ૩ એસસીઆર ૭૪૪ – બહાલ રાખેલ.

એમ. પી. શર્મા અને અન્ય વિરુદ્ધ સતીશ ચંદ્ર, ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ દિલ્હી અને અન્ય [૧૯૫૪] એસસીઆર ૧૦૭૭ : એ.આઈ.આર. ૧૯૫૪ એસસી ૩૦૦; ખરક સિંહ વિરુદ્ધ સ્ટેટ ઓફ ઉત્તર પ્રદેશ અને અન્ય [૧૯૬૪] એસસીઆર ૩૩૨ : એ.આઈ.આર. ૧૯૬૩ એસસી ૧૨૯૫; એ. કે. ગોપાલન વિરુદ્ધ સ્ટેટ ઓફ મદ્રાસ [૧૯૫૦] એસસીઆર ૮૮ : એ.આઈ.આર. ૧૯૫૦ એસસી ૨૭; મોહમ્મદ આરિફ ઉર્ફે અશફાક વિરુદ્ધ રજિસ્ટ્રાર, સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડિયા [૨૦૧૪] ૧૧ એસસીઆર ૧૦૦૯ : (૨૦૧૪) ૯ એસસીસી ૭૩૭ – સંદર્ભ લીધેલ.

ન્યાયમૂર્તિ સંજય કિશન કૌલ દ્વારા

૧.૧ ગોપનીયતા એ માત્ર સામાન્ય કાયદાનો અધિકાર નથી, પરંતુ ભારતના બંધારણના ભાગ ૩ હેઠળ આવતો મૂળભૂત અધિકાર છે કારણ કે ગોપનીયતા એ આદિ, કુદરતી અધિકાર છે જે વ્યક્તિમાં સહજ છે. ગોપનીયતાનું મહત્વ વ્યક્તિ-વ્યક્તિએ બદલાઈ શકે છે જે તેના સમાજ પ્રત્યેના અભિગમ અને એકલા રહેવા કે ન રહેવાની તેની ચિંતા પર નિર્ભર રહે છે. કેટલાક લોકો તેમની ગોપનીયતાને મહત્વ આપતા નથી તે ગોપનીયતાના અધિકારને મૂળભૂત માનવ અધિકાર તરીકે માન્યતા આપવાનો ઇનકાર કરવાનો આધાર બની શકે નહીં. [પેરા ૧, ૪] [૯૭૩-સી, જી]

૧.૨ માત્ર ભારત જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વ ગોપનીયતાના અધિકારને મૂળભૂત માનવ અધિકાર તરીકે માન્યતા આપે છે. માનવ અધિકારોની સાર્વત્રિક ઘોષણા કે જેમાં ભારત એક હસ્તાક્ષરકર્તા છે, તે ગોપનીયતાને આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર તરીકે માન્યતા આપે છે. ગોપનીયતા એ એક સહજ અધિકાર છે. આમ તે આપવામાં આવેલ નથી, પરંતુ પહેલેથી જ અસ્તિત્વ ધરાવે છે. તે વ્યક્તિનો આદર કરવા વિશે છે અને અનિવાર્ય કારણ વિના વ્યક્તિની ઇચ્છાઓની અવગણના કરવી અનિચ્છનીય છે. વ્યક્તિઓ પ્રવેશને મર્યાદિત કરે અને અનિચ્છનીય પ્રવેશથી પોતાનું રક્ષણ કરવાની ક્ષમતા કેળવે તેમાં કંઈ ખોટું નથી. ગોપનીયતાના અધિકારના આ પાસાએ આ માહિતી યુગમાં અને તકનીકી સુધારાઓને ધ્યાનમાં રાખીને વિશિષ્ટ મહત્વ ધારણ કર્યું છે. વ્યક્તિ-તત્વ એ

વ્યક્તિના વ્યક્તિત્વ, વ્યક્તિગતતા અને ગૌરવનું રક્ષણ કરશે. જો કે, કોઈ અધિકાર બેલગામ નથી અને ગોપનીયતા સાથે પણ આવું જ છે. આપણે સમાજ/સમુદાયમાં રહીએ છીએ. તેથી, સમુદાય, રાજ્ય અને અન્ય લોકોના હિતોમાંથી નિયંત્રણો ઉદ્ભવે છે. [પેરા ૫, ૧૦, ૧૧] [૯૭૩-એચ; ૯૭૪-એ, એફ-જી; ૯૭૫-એ]

ધ હિસ્ટ્રી ઓફ ફ્રીડમ એન્ડ અધર એસેઝ (૧૯૦૭), પૃષ્ઠ ૫૮૭; ધ રાઈટ ટુ પ્રાઈવસી ૪ એચએલઆર ૧૯૩; ડેનિયલ સોલોવ, '૧૦ રીઝન્સ વ્હાય પ્રાઈવસી મેટર્સ' ૨૦ જાન્યુઆરી ૨૦૧૪ના રોજ પ્રકાશિત – સંદર્ભ લીધેલ.

૨. ગોપનીયતા અને ટેકનોલોજી:

૨.૧ માહિતી મેળવવાનો પ્રવેશ, જે વ્યક્તિ આપવા માંગતી ન હોય, તેને ગોપનીયતાના રક્ષણની જરૂર છે. ગોપનીયતાનો અધિકાર રાજ્ય અને બિન-રાજ્ય પક્ષકારો સામે દાવો કરવામાં આવે છે. બિન-રાજ્ય પક્ષકારો સામેના દાવાઓની માન્યતા અને અમલીકરણ માટે રાજ્ય દ્વારા કાયદાકીય હસ્તક્ષેપની જરૂર પડી શકે છે. [પેરા ૧૨] [૯૭૫-બી-સી]

૨.૧.૧ રાજ્ય સામે ગોપનીયતાની ચિંતાઓ: ટેકનોલોજીના વિકાસ અને વિસ્તરણે દેખરેખ (સર્વેલન્સ), પ્રોફાઈલિંગ અને ડેટા સંગ્રહ તથા પ્રક્રિયા સહિત રાજ્ય દ્વારા ગોપનીયતા પર સંભવિત અતિક્રમણ માટે નવા સાધનો બનાવ્યા છે. દેખરેખ કંઈ નવી નથી, પરંતુ ટેકનોલોજીએ એવી રીતે દેખરેખ રાખવાની મંજૂરી

આપી છે જે અકલ્પનીય છે. રાજ્યો દ્વારા અપનાવવામાં આવતી એક ટેકનીક 'પ્રોફાઇલિંગ' છે. ડેટા ગોપનીયતા પર યુરોપિયન યુનિયન રેગ્યુલેશન ૨૦૧૬ 'પ્રોફાઇલિંગ' ને કુદરતી વ્યક્તિ સંબંધિત અમુક વ્યક્તિગત પાસાઓનું મૂલ્યાંકન કરવા માટે વ્યક્તિગત ડેટાના ઉપયોગ સહિત વ્યક્તિગત ડેટાની સ્વયંચાલિત પ્રક્રિયાના કોઈપણ સ્વરૂપ તરીકે વ્યાખ્યાયિત કરે છે, ખાસ કરીને તે કુદરતી વ્યક્તિના કામ પરના પ્રદર્શન, આર્થિક પરિસ્થિતિ, આરોગ્ય, વ્યક્તિગત પસંદગીઓ, રસ, વિશ્વસનીયતા, વર્તન, સ્થાન અથવા હલનચલન સંબંધિત પાસાઓનું વિશ્લેષણ અથવા આગાહી કરવા માટે. આવા પ્રોફાઇલિંગના પરિણામે ધર્મ, વંશીયતા અને જ્ઞાતિના આધારે ભેદભાવ થઈ શકે છે. જો કે, જાહેર હિતને આગળ વધારવા અને રાષ્ટ્રીય સુરક્ષાના લાભ માટે પણ 'પ્રોફાઇલિંગ' નો ઉપયોગ કરી શકાય છે. સુરક્ષાનું વાતાવરણ, માત્ર આપણા દેશમાં જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વમાં વ્યક્તિઓ અને તેમના રાજ્યની સુરક્ષાને ગોપનીયતાના આ અધિકાર સામે સંતુલિત કરવાની બાબત બનાવે છે. [પેરા ૧૩] [૯૭૫-ડી-એફ; ૯૭૬-એ-બી]

વ્યક્તિગત ડેટાની પ્રક્રિયાના સંદર્ભમાં કુદરતી વ્યક્તિઓના સંરક્ષણ અને આવા ડેટાના મુક્ત હલનચલન અંગે તથા નિર્દેશિકા ૯૫/૪૬/ઈસી (સામાન્ય ડેટા સંરક્ષણ નિયમન) રદ કરવા અંગે ૨૭ એપ્રિલ ૨૦૧૬ ના યુરોપિયન સંસદ અને કાઉન્સિલનું નિયમન (ઈયુ) ૨૦૧૬/૬૭૯ – સંદર્ભ લીધેલ.

૨.૧.૨ બિન-રાજ્ય પક્ષકારો સામે ગોપનીયતાની ચિંતાઓ: ઘરમાં અને ગોપનીયતામાં દખલ કરવાની બિન-રાજ્ય પક્ષકારોની ક્ષમતામાં પણ વધારો થયો છે. તકનીકી વિકાસે પત્રકારત્વને પહેલા કરતાં વધુ દખલગીરીપૂર્ણ બનાવ્યું છે. આ ડિજિટલ યુગમાં, વ્યક્તિઓ સતત મૂલ્યવાન ડેટા ઉત્પન્ન કરે છે જેનો ઉપયોગ બિન-રાજ્ય પક્ષકારો દ્વારા તેમની હિલચાલ, પસંદગીઓ અને પૂર્વગ્રહોને ટ્રેક કરવા માટે કરી શકાય છે. ડેટા માત્ર માહિતીના સક્રિય આદાનપ્રદાન દ્વારા જ નહીં, પરંતુ 'વર્લ્ડ વાઇડ વેબ' પરના દરેક ક્લિક સાથે નિષ્ક્રિય રીતે પણ પેદા થાય છે. જેમ જેમ આપણે ડિજિટલ અર્થતંત્ર બનવા તરફ આગળ વધીએ છીએ અને ઇન્ટરનેટ આધારિત સેવાઓ પર આપણી નિર્ભરતા વધારીએ છીએ, તેમ તેમ આપણે નિષ્ક્રિય અને સક્રિય રીતે વધુ ને વધુ ઊંડા ડિજિટલ પદચિહ્નો બનાવી રહ્યા છીએ. વ્યક્તિ વિશેનું જ્ઞાન તે વ્યક્તિ પર સત્તા આપે છે. એકત્રિત કરવામાં આવેલ વ્યક્તિગત ડેટા રજૂઆતોને અસર કરવા, નિર્ણય લેવાની પ્રક્રિયાઓને પ્રભાવિત કરવા અને વર્તનને આકાર આપવા માટે સક્ષમ છે. તેનો ઉપયોગ 'બિગ બ્રધર' રાજ્યની જેમ આપણા પર નિયંત્રણ રાખવાના સાધન તરીકે થઈ શકે છે. આ અસંમતિ અને અભિપ્રાયના તફાવતની અભિવ્યક્તિ પર વિપરીત અસર કરી શકે છે, જે કોઈ લોકશાહી પોસાય તેમ નથી. આમ, બિન-રાજ્ય પક્ષકારો દ્વારા આવી માહિતી કઈ હદ સુધી સંગ્રહિત, પ્રક્રિયા અને ઉપયોગમાં લઈ શકાય તે અંગે નિયમનની અભૂતપૂર્વ જરૂરિયાત છે. રાજ્ય તરફથી પણ આવી માહિતીના રક્ષણની જરૂરિયાત છે. [પેરા ૧૬, ૧૭, ૧૯ અને ૨૦] [૯૭૬-બી-ડી, જી; ૯૭૭-સી-ઈ]

સ્ટેટ ઓફ વેસ્ટ બેંગાલ વિરુદ્ધ અનવર અલી સરકાર ૧૯૫૨ એ.આઈ.આર. ૭૫ : [૧૯૫૨] એસસીઆર ૨૮૪; કેશવાનંદ ભારતી વિરુદ્ધ સ્ટેટ ઓફ કેરળ [૧૯૭૩] સપ્લી. એસસીઆર ૧ : (૧૯૭૩) ૪ એસસીસી ૨૨૫ – આધાર રાખેલ.

માઈકલ એલ. રુસ્ટાડ, સન્ના કુલેવસ્કા, રિકન્સેપ્ચ્યુઅલાઈઝિંગ ધ રાઈટ ટુ બી ફરગોટન ટુ અનેબલ ટ્રાન્સએટલાન્ટિક ડેટા ફ્લો, ૨૮ હાર્વર્ડ જે.એલ. એન્ડ ટેક. ૩૪૯; ટોમ ગુડવિન, 'ધ બેટલ ઈઝ ફોર કસ્ટમર ઈન્ટરફેસ'; ધનંજય કીર, ડો. આંબેડકર: લાઈફ એન્ડ મિશન, બોમ્બે: પોપ્યુલર પ્રકાશન, ૧૯૭૧ [૧૯૫૪], પૃષ્ઠ ૪૧૦; કાદિમ શુબ્બર, બ્લેકબેરી ગિવ્સ ઈન્ડિયન ગવર્નમેન્ટ એબિલિટી ટુ ઈન્ટરસેપ્ટ મેસેજીસ, વાયર્ડ દ્વારા ૧૧ જુલાઈ ૨૦૧૩ ના રોજ પ્રકાશિત – સંદર્ભ લીધેલ.

૨.૨ બંધારણ કોઈ ચોક્કસ સમયગાળા માટે અથવા કોઈ ચોક્કસ પેઢી માટે ઘડવામાં આવ્યું ન હતું. તે સદાકાળ માટે અડગ રહે તે માટે ઘડવામાં આવ્યું હતું. તેણે મોન્ટેસ્ક્યુઅન માળખું બનાવવાનો પ્રયાસ કર્યો જે યુદ્ધના સમયમાં અને શાંતિના સમયમાં બંનેમાં ટકી રહે. બંધારણના ઘડવૈયાઓ એ હકીકતથી વાકેફ હતા કે યુગના પ્રવાહો સાથે તાલ મિલાવવા માટે બંધારણમાં ફેરફારની જરૂર પડશે. આ જ ચોક્કસ કારણ હતું કે અનુચ્છેદ ૩૬૮ હેઠળ ભાગ ૨૦ માં બંધારણના લખાણમાં અપ્રતિબંધિત સુધારા સત્તા સામેલ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. તેથી, મૂળ ઈરાદાનો સિદ્ધાંત પોતે જ એ વલણને સમર્થન

આપે છે કે બંધારણના ઘડવૈયાઓનો મૂળ ઈરાદો એ સુનિશ્ચિત કરવાનો હતો કે તે મૂળવાદી અર્થઘટનથી દબાઈ ન જાય પરંતુ સમયની અનુભવાયેલી જરૂરિયાતને અનુરૂપ બદલાય અને વિકસિત થાય. [પેરા ૨૯, ૩૨ અને ૩૩] [૯૭૮-જી; ૯૭૯-ડી-એફ]

૩. ગોપનીયતા સ્વતંત્રતા અને ગૌરવ માટે આવશ્યક છે: ગોપનીયતા વિચારની સ્વતંત્રતાની ચાવી પણ છે. વ્યક્તિને વિચારવાનો અધિકાર છે. વિચારો ક્યારેક વાણીમાં રૂપાંતરિત થાય છે પરંતુ તે જે વ્યક્તિ સમક્ષ કરવામાં આવે છે તેના પૂરતા સીમિત રહે છે. ઉદાહરણ તરીકે, કોઈ વ્યક્તિ કોઈની ટીકા કરવા માંગતી હોય પરંતુ તે ટીકા સમગ્ર વિશ્વ સાથે શેર કરવા માંગતી ન હોય. [પેરા ૫૨] [૯૮૫-સી; ૯૮૬-જી]

જ્યોફ્રી રોબર્ટસન, ક્યુસી અને એન્ડ્રૂયુ નિકોલ, ક્યુસી, મીડિયા લો પાંચમી આવૃત્તિ પૃષ્ઠ ૨૬૫; કેમ્પબેલ વિરુદ્ધ એમજીએન લિ. ૨૦૦૪ યુકેએચએલ ૨૨ – સંદર્ભ લીધેલ.

૪. ગોપનીયતા – માહિતી નિયંત્રિત કરવાનો અધિકાર: વ્યક્તિને પોતાની પ્રતિષ્ઠાને ગેરવાજબી રીતે નુકસાન થવાથી બચાવવાનો અધિકાર છે અને પ્રતિષ્ઠાનું આવું રક્ષણ માત્ર અસત્ય સામે જ નહીં પરંતુ અમુક સત્યો સામે પણ અસ્તિત્વમાં હોવું જરૂરી છે. એવું કહી શકાય નહીં કે લોકોના જીવન વિશેની ખાનગી વિગતો જાણીને તેમના વિશે વધુ સચોટ ચુકાદો આપી શકાય છે – લોકો આપણું ખરાબ મૂલ્યાંકન કરે છે, તેઓ ઉતાવળમાં મૂલ્યાંકન કરે છે, તેઓ સંદર્ભ

બહાર મૂલ્યાંકન કરે છે, તેઓ આખી વાર્તા સાંભળ્યા વિના મૂલ્યાંકન કરે છે અને તેઓ દંભ સાથે મૂલ્યાંકન કરે છે. ગોપનીયતા લોકોને આ મુશ્કેલીભર્યા મૂલ્યાંકનોથી પોતાનું રક્ષણ કરવા દે છે. તમામ સાચી માહિતી જનતા માટે ઉપલબ્ધ કરાવવા માટે કોઈ ઔચિત્ય નથી. સાચી હોય તેવી તમામ માહિતી જાણવામાં જનતાનું કોઈ હિત હોતું નથી. [પેરા ૫૬, ૫૭] [૯૮૬-એચ; ૯૮૮-બી-ડી]

ન્યાયાધીશ જેરોમ ફ્રેન્ક દ્વારા રચિત હેલન લેબોરેટરીઝ વિરુદ્ધ ટોપ્સ ચ્યુઇંગ ગમ ૨૦૨ એફ.૨ડી ૮૬૬ (૨જી સર્કિટ ૧૯૫૩) માં સેકન્ડ સર્કિટના ચુકાદાએ પ્રચારના અધિકારને 'તેના ચિત્રને પ્રકાશિત કરવાનો વિશિષ્ટ વિશેષાધિકાર આપવાના અધિકાર' તરીકે વ્યાખ્યાયિત કર્યો હતો; માર્ક પી. મેકકેના, ધ રાઇટ ઓફ પબ્લિસિટી એન્ડ ઓટોનોમસ સેલ્ફ-ડેફિનેશન, ૬૭ યુ. પિટ્સબર્ગ લો રિવ્યુ ૨૨૫, ૨૮૨ (૨૦૦૫); વિલિયમ એલ. પ્રોસર, પ્રાઇવસી, ૪૮ કેલિફોર્નિયા લો રિવ્યુ ૩૮૩ (૧૯૬૦); આર્થર આર. મિલર, ધ યુનિવર્સિટી ઓફ મિશિગન પ્રેસ – સંદર્ભ લીધેલ.

૫. માહિતીલક્ષી ગોપનીયતા: ૨૦૧૬ ના યુરોપિયન યુનિયન રેગ્યુલેશને જેને 'વિસરાઈ જવાનો અધિકાર' (રાઇટ ટુ બી ફરગોટન) તરીકે ઓળખવામાં આવે છે તેને માન્યતા આપી છે. આનો અર્થ એ નથી કે અગાઉના અસ્તિત્વના તમામ પાસાઓ ભૂંસી નાખવાના છે, કારણ કે કેટલાક સામાજિક પરિણામો ધરાવતા હોઈ શકે છે. જો આપણે આવા અધિકારને માન્યતા આપીએ, તો તેનો અર્થ માત્ર

એટલો જ થશે કે જે વ્યક્તિ હવે પોતાના વ્યક્તિગત ડેટા પર પ્રક્રિયા કરવા કે સંગ્રહ કરવા ઇચ્છતી નથી, તે સિસ્ટમમાંથી તેને દૂર કરવા સક્ષમ હોવી જોઈએ જ્યાં વ્યક્તિગત ડેટા/માહિતી હવે જરૂરી નથી, પ્રસ્તુત નથી, અથવા ખોટી છે અને કોઈ વાજબી હિત સાધતી નથી. આવા અધિકારનો ઉપયોગ કરી શકાતો નથી જ્યાં માહિતી/ડેટા જરૂરી હોય, અભિવ્યક્તિ અને માહિતીની સ્વતંત્રતાના અધિકારનો ઉપયોગ કરવા માટે, કાનૂની જવાબદારીઓના પાલન માટે, જાહેર હિતમાં હાથ ધરવામાં આવેલા કાર્યના પ્રદર્શન માટે, જાહેર આરોગ્ય ક્ષેત્રે જાહેર હિતના આધારે, જાહેર હિતમાં આર્કાઇવિંગ હેતુઓ માટે, વૈજ્ઞાનિક અથવા ઐતિહાસિક સંશોધન હેતુઓ અથવા આંકડાકીય હેતુઓ માટે, અથવા કાનૂની દાવાઓની સ્થાપના, ઉપયોગ અથવા બચાવ માટે. આવા ઔચિત્યો ડેટા ગોપનીયતાના ઉલ્લંઘનો સહિત ગોપનીયતાના ઉલ્લંઘનના તમામ કિસ્સાઓમાં માન્ય રહેશે. [પેરા ૬૨, ૬૯] [૯૯૧-ડી-એફ]

પેટ્રિશિયા સાંચેઝ એબ્રિલ, બ્લર્ડ બાઉન્ડ્રીઝ: સોશિયલ મીડિયા પ્રાઇવસી એન્ડ ધ ટ્વેન્ટી-ફર્સ્ટ-સેન્ચુરી એમ્પ્લોયી, ૪૯ અમેરિકન બિઝનેસ લો જર્નલ ૬૩, ૬૯ (૨૦૧૨); રવિ અંતાણી, ધ રેઝિસ્ટન્સ ઓફ મેમરી; માઇકલ એલ. રુસ્ટાડ, સન્ના કુલેવસ્કા, રિકન્સેપ્ચ્યુઅલાઇઝિંગ ધ રાઇટ ટુ બી ફરગોટન ટુ અનેબલ ટ્રાન્સએટલાન્ટિક ડેટા ફ્લો, ૨૮ હાર્વર્ડ જે.એલ. એન્ડ ટેક. ૩૪૯ – સંદર્ભ લીધેલ.

૬. ડેટા નિયમન: રાજ્યએ સુનિશ્ચિત કરવું જોઈએ કે વપરાશકર્તાઓની સંમતિ વિના માહિતીનો ઉપયોગ કરવામાં ન આવે અને જે હેતુ માટે અને જે હદ

સુધી તે જાહેર કરવામાં આવી હતી તે હેતુ માટે જ તેનો ઉપયોગ કરવામાં આવે. આમ, ઉદાહરણ તરીકે, જો સોશિયલ મીડિયા વેબસાઇટ્સ પરની પોસ્ટ માત્ર ચોક્કસ પ્રેક્ષકો માટે જ હોય, જે ઉપલબ્ધ સાધનો મુજબ શક્ય છે, તો એવું કહી શકાય નહીં કે જનતામાંના તમામ લોકોને કોઈક રીતે તે માહિતી મેળવવાનો અને તેનો ઉપયોગ કરવાનો અધિકાર છે. [પેરા ૭૦] [૯૯૨-બી]

૭. કસોટી: પ્રમાણસરતા અને ઔચિત્યનો સિદ્ધાંત: ગોપનીયતાનો અધિકાર નિરપેક્ષ નથી. બંધારણના ભાગ ૩ હેઠળ આવતો ગોપનીયતાનો અધિકાર, તેની પરિવર્તનશીલ હકીકતોના આધારે, એક ભાગમાં અથવા બીજા ભાગમાં નિહિત થઈ શકે છે; અને આમ તે ચોક્કસ મૂળભૂત અધિકારના ઉપયોગના પ્રતિબંધોને આધીન રહેશે. રાષ્ટ્રીય સુરક્ષા આમ એક સ્પષ્ટ પ્રતિબંધ હશે, તેવી જ રીતે ગોપનીયતાનો અધિકાર ક્યાંથી ઉદ્ભવશે તેના આધારે વિવિધ મૂળભૂત અધિકારોના અપવાદો પણ પ્રતિબંધ બનશે. જાહેર હિતનું તત્વ બીજું પાસું રહેશે. [પેરા ૭૨] [૯૯૨-એફ-જી]

૮. ગોપનીયતા પર નિષ્ણાતોના જૂથનો અહેવાલ: ગોપનીયતા અંગેની ચિંતાઓ ઘણા સમયથી અણઉકેલાયેલી રહી ગઈ છે અને તેથી ગોપનીયતાના અધિકારના ઉલ્લંઘનને ધારાસભા દ્વારા ઘડવા માટે છોડી શકાય નહીં. તે એક આદિ કુદરતી અધિકાર છે જેને ભારતના બંધારણના ભાગ ૩ હેઠળ આવતા મૂળભૂત અધિકાર તરીકે માત્ર માન્યતા આપવામાં આવી રહી છે. [પેરા ૭૬] [૯૯૫-જી-એચ]

એડીએમ જબલપુર વિરુદ્ધ શિવકાંત શુક્લા [૧૯૭૬] સપ્લી. એસસીઆર ૧૭૨ : (૧૯૭૬) ૨ એસસીસી ૫૨૧ – રદબાતલ ઠેરવેલ. આઇ. આર. કોએલ્હો વિરુદ્ધ ધ સ્ટેટ ઓફ તમિલનાડુ [૨૦૦૭] ૧ એસસીઆર ૭૦૬ : (૨૦૦૭) ૨ એસસીસી ૧ – આધાર રાખેલ. યુનિયન ઓફ ઇન્ડિયા વિરુદ્ધ નવીન જિંદાલ [૨૦૦૪] ૧ એસસીઆર ૧૦૩૮ : (૨૦૦૪) ૨ એસસીસી ૫૧૦; નેશનલ ટેક્સટાઇલ વર્કર્સ યુનિયન વિરુદ્ધ પી. આર. રામકૃષ્ણન [૧૯૮૩] ૧ એસસીઆર ૯૨૨ : (૧૯૮૩) ૧ એસસીસી ૨૨૮; સુરેશ કુમાર કૌશલ વિરુદ્ધ નાઝ ફાઉન્ડેશન [૨૦૧૩] ૧૭ એસસીઆર ૧૧૬ : (૨૦૧૪) ૧ એસસીસી ૧; મોસ્લી વિરુદ્ધ ન્યૂઝ ગ્રૂપ ન્યૂઝપેપર્સ લિ. (૨૦૦૮) ઇડબલ્યુએચસી ૧૭૭૭ (ક્યુબી) – સંદર્ભ લીધેલ.

<u>કેસ લો રેફરન્સ:</u>

ન્યાયમૂર્તિ ડો. ડી. વાય. ચંદ્રચૂડ દ્વારા

[૧૯૫૪] એસસીઆર ૧૦૭૭	આંશિક રીતે રદબાતલ ઠેરવેલ	પેરા ૩
[૧૯૬૪] ૧ એસસીઆર ૩૩૨	આંશિક રીતે રદબાતલ ઠેરવેલ	પેરા ૩
[૧૯૫૦] એસસીઆર ૮૮	સંદર્ભ લીધેલ	પેરા ૩
[૧૯૭૦] ૩ એસસીઆર ૫૩૦	સંદર્ભ લીધેલ	પેરા ૩
[૧૯૭૫] ૩ એસસીઆર ૯૪૬	સંદર્ભ લીધેલ	પેરા ૩
[૧૯૭૮] ૨ એસસીઆર ૬૨૧	સંદર્ભ લીધેલ	પેરા ૪
[૧૯૯૪] ૪ સપ્લી. એસસીઆર ૩૫૩	સંદર્ભ લીધેલ	પેરા ૪

[૧૯૭૩] ૨ એસસીઆર ૪૧૭	સંદર્ભ લીધેલ	પેરા ૪૭
[૧૯૮૧] ૨ એસસીઆર ૩૧૧	સંદર્ભ લીધેલ	પેરા ૫૧
(૧૯૯૧) ૧ એસસીસી ૫૭	સંદર્ભ લીધેલ	પેરા ૫૨
[૧૯૯૨] ૩ એસસીઆર ૫૯૫	સંદર્ભ લીધેલ	પેરા ૫૩
[૧૯૮૫] ૨ એસસીઆર ૨૮૭	સંદર્ભ લીધેલ	પેરા ૫૩
[૧૯૯૮] ૧ સપ્લી. એસસીઆર ૭૨૩	સંદર્ભ લીધેલ	પેરા ૫૬
[૧૯૯૬] ૧૦ સપ્લી. એસસીઆર ૩૨૧	સંદર્ભ લીધેલ	પેરા ૫૯
[૨૦૦૦] ૨ એસસીઆર ૭૬૧	સંદર્ભ લીધેલ	પેરા ૬૨
[૨૦૦૨] ૫ સપ્લી. એસસીઆર ૫૩૬	સંદર્ભ લીધેલ	પેરા ૬૨
[૨૦૦૩] ૩ એસસીઆર ૧૦૬	સંદર્ભ લીધેલ	પેરા ૬૩
[૨૦૦૪] ૫ સપ્લી. એસસીઆર ૮૩૩	સંદર્ભ લીધેલ	પેરા ૬૫
[૨૦૦૬] ૯ સપ્લી. એસસીઆર ૧	સંદર્ભ લીધેલ	પેરા ૬૭
[૨૦૦૭] ૧૨ એસસીઆર ૯૦૬	સંદર્ભ લીધેલ	પેરા ૬૭
[૨૦૦૭] ૧૨ એસસીઆર ૯૯૧	સંદર્ભ લીધેલ	પેરા ૬૮
[૨૦૦૮] ૪ એસસીઆર ૧૦૨૦	સંદર્ભ લીધેલ	પેરા ૬૯
[૨૦૦૮] ૧૨ એસસીઆર ૧૦૮૩	સંદર્ભ લીધેલ	પેરા ૭૦
(૨૦૦૯) ૯ એસસીસી ૨૬૦	સંદર્ભ લીધેલ	પેરા ૭૧
[૨૦૦૯] ૧૨ એસસીઆર ૮૬૧	સંદર્ભ લીધેલ	પેરા ૭૩
[૨૦૧૦] ૫ એસસીઆર ૩૮૧	સંદર્ભ લીધેલ	પેરા ૭૪
[૨૦૧૦] ૯ એસસીઆર ૪૫૭	સંદર્ભ લીધેલ	પેરા ૭૫

[૨૦૧૧] ૬ એસસીઆર ૪૦૩	સંદર્ભ લીધેલ	પેરા ૭૬
[૨૦૧૧] ૮ એસસીઆર ૭૨૫	સંદર્ભ લીધેલ	પેરા ૭૭
[૨૦૧૧] ૧૦ એસસીઆર ૭૮૧	સંદર્ભ લીધેલ	પેરા ૭૮
[૨૦૧૨] ૪ એસસીઆર ૯૭૧	સંદર્ભ લીધેલ	પેરા ૭૯
[૨૦૧૨] ૧૧ એસસીઆર ૧૦૩૨	સંદર્ભ લીધેલ	પેરા ૮૦
(૨૦૧૩) ૧૪ એસસીસી ૬૪૩	સંદર્ભ લીધેલ	પેરા ૮૧
[૨૦૧૩] ૧૪ એસસીઆર ૪૭૫	સંદર્ભ લીધેલ	પેરા ૮૨
[૨૦૧૪] ૯ એસસીઆર ૯૬૫	સંદર્ભ લીધેલ	પેરા ૮૩
(૨૦૧૪) ૫ એસસીસી ૪૩૮	સંદર્ભ લીધેલ	પેરા ૮૪
[૨૦૧૫] ૮ એસસીઆર ૪૨૨	સંદર્ભ લીધેલ	પેરા ૮૫
[૨૦૧૬] ૧૧ એસસીઆર ૪૧૯	સંદર્ભ લીધેલ	પેરા ૮૬
[૧૯૬૫] ૧ એસસીઆર ૯૩૩	સંદર્ભ લીધેલ	પેરા ૯૪
[૧૯૭૩] સપ્લી. એસસીઆર ૧	સંદર્ભ લીધેલ	પેરા ૯૫
[૧૯૮૦] ૩ એસસીઆર ૮૫૫	સંદર્ભ લીધેલ	પેરા ૯૭
[૧૯૮૧] ૨ એસસીઆર ૫૧૬	સંદર્ભ લીધેલ	પેરા ૯૮
[૧૯૮૪] ૨ એસસીઆર ૬૭	સંદર્ભ લીધેલ	પેરા ૯૯
(૧૯૯૪) ૬ એસસીસી ૧	સંદર્ભ લીધેલ	પેરા ૧૦૦
[૨૦૦૬] ૭ સપ્લી. એસસીઆર ૩૩૬	સંદર્ભ લીધેલ	પેરા ૧૦૧
[૨૦૧૦] ૩ એસસીઆર ૯૧	સંદર્ભ લીધેલ	પેરા ૧૦૨
[૨૦૧૨] ૮ એસસીઆર ૬૫૧	સંદર્ભ લીધેલ	પેરા ૧૦૩
(૨૦૧૫) ૬ એસસીસી ૧૦૨	સંદર્ભ લીધેલ	પેરા ૧૦૪
[૨૦૧૬] ૪ એસસીઆર ૬૩૮	સંદર્ભ લીધેલ	પેરા ૧૦૫

[૧૯૬૭] ૨ એસસીઆર ૭૬૨	આધાર રાખેલ	પેરા ૧૦૮
(૧૯૭૫) ૧ સપ્લી. એસસીસી ૧	આધાર રાખેલ	પેરા ૧૧૦
[૧૯૮૧] ૧ એસસીઆર ૨૦૬	આધાર રાખેલ	પેરા ૧૧૧
[૧૯૫૫] ૧ એસસીઆર ૬૧૩	સંદર્ભ લીધેલ	પેરા ૧૧૨
[૧૯૮૫] ૨ સપ્લી. એસસીઆર ૫૧	સંદર્ભ લીધેલ	પેરા ૧૧૪
[૧૯૯૩] ૧ એસસીઆર ૫૯૪	આધાર રાખેલ	પેરા ૧૧૫
[૧૯૭૬] સપ્લી. એસસીઆર ૧૭૨	રદબાતલ ઠેરવેલ	પેરા ૧૧૮
[૧૯૭૭] ૨ એસસીઆર ૭૧૯	રદબાતલ ઠેરવેલ	પેરા ૧૨૨
[૨૦૦૭] ૧ એસસીઆર ૭૦૬	સંદર્ભ લીધેલ	પેરા ૧૨૨
[૨૦૧૩] ૧૭ એસસીઆર ૧૧૬	અસ્વીકૃત ઠેરવેલ	પેરા ૧૨૪
(૧૯૮૦) ૨ એસસીસી ૬૮૪	સંદર્ભ લીધેલ	પેરા ૧૩૧
(૧૯૯૭) ૬ એસસીસી ૨૪૧	સંદર્ભ લીધેલ	પેરા ૧૩૨
[૧૯૬૭] ૩ એસસીઆર ૫૨૫	બહાલ રાખેલ	પેરા ૧૫૦
[૧૯૭૯] ૧ એસસીઆર ૩૯૨	બહાલ રાખેલ	પેરા ૧૫૦
[૧૯૭૯] ૧ એસસીઆર ૫૧૨	બહાલ રાખેલ	પેરા ૧૫૦
[૧૯૭૯] ૧ એસસીઆર ૧૯૨	બહાલ રાખેલ	પેરા ૧૫૦
[૧૯૭૯] ૩ એસસીઆર ૧૬૯	બહાલ રાખેલ	પેરા ૧૫૦
[૧૯૮૦] ૩ એસસીઆર ૮૫૫	બહાલ રાખેલ	પેરા ૧૫૦
[૧૯૮૩] ૨ એસસીઆર ૩૩૭	બહાલ રાખેલ	પેરા ૧૫૦
(૧૯૮૯) ૧ સપ્લી. એસસીસી ૨૬૪	બહાલ રાખેલ	પેરા ૧૫૦
[૧૯૮૯] ૩ એસસીઆર ૯૯૭	બહાલ રાખેલ	પેરા ૧૫૦

(૧૯૯૦) ૧ એસસીસી ૫૨૦	બહાલ રાખેલ	પેરા ૧૫૦
[૧૯૯૪] ૬ સપ્લી. એસસીઆર ૭૮	બહાલ રાખેલ	પેરા ૧૫૦
[૧૯૮૩] ૩ એસસીઆર ૫૦૮	બહાલ રાખેલ	પેરા ૧૫૦
[૨૦૧૩] ૧૪ એસસીઆર ૨૧૩	બહાલ રાખેલ	પેરા ૧૫૦
[૧૯૮૫] ૨ સપ્લી. એસસીઆર ૫૧	બહાલ રાખેલ	પેરા ૧૫૦
[૧૯૭૯] ૧ એસસીઆર ૩૯૨	બહાલ રાખેલ	પેરા ૧૬૩
[૧૯૮૩] ૨ એસસીઆર ૬૯૦	સંદર્ભ લીધેલ	પેરા ૧૬૪
[૧૯૮૨] ૨ એસસીઆર ૨૭૨	સંદર્ભ લીધેલ	પેરા ૧૬૪
[૧૯૮૫] ૧ એસસીઆર ૩૦૩	સંદર્ભ લીધેલ	પેરા ૧૬૪
[૨૦૧૪] ૧૧ એસસીઆર ૧૦૦૯	સંદર્ભ લીધેલ	પેરા ૧૬૪
[૨૦૧૫] ૧૨ એસસીઆર ૧૧૦૬	સંદર્ભ લીધેલ	પેરા ૧૬૫
[૧૯૫૨] એસસીઆર ૫૯૭	સંદર્ભ લીધેલ	પેરા ૧૬૫

ન્યાયમૂર્તિ આર. એફ. નરીમાન દ્વારા

[૧૯૫૪] એસસીઆર ૧૦૭૭	આંશિક રીતે રદબાતલ ઠેરવેલ	પેરા ૨
[૧૯૬૪] ૧ એસસીઆર ૩૩૨	આંશિક રીતે રદબાતલ ઠેરવેલ	પેરા ૩
[૧૯૭૦] ૩ એસસીઆર ૫૩૦	આધાર રાખેલ	પેરા ૩
[૧૯૭૮] ૨ એસસીઆર ૬૨૧	આધાર રાખેલ	પેરા ૩
[૧૯૭૫] ૩ એસસીઆર ૯૪૬	આધાર રાખેલ	પેરા ૮
[૧૯૫૦] એસસીઆર ૮૮	આધાર રાખેલ	પેરા ૨૧
[૨૦૧૪] ૧૧ એસસીઆર ૧૦૦૯	આધાર રાખેલ	પેરા ૨૨
(૧૯૮૦) ૨ એસસીસી ૬૮૪	આધાર રાખેલ	પેરા ૨૯

[૧૯૮૧] ૨ એસસીઆર ૫૧૬	આધાર રાખેલ	પેરા ૨૯
[૧૯૯૭] ૩ સપ્લી. એસસીઆર ૪૦૪	આધાર રાખેલ	પેરા ૨૯
(૨૦૧૪) ૫ એસસીસી ૪૩૮	આધાર રાખેલ	પેરા ૨૯
(૨૦૧૭) ૮ એસસીસી ૪૧૭	આધાર રાખેલ	પેરા ૩૧
[૨૦૦૩] ૩ એસસીઆર ૧૦૬	આધાર રાખેલ	પેરા ૩૪
[૨૦૦૪] ૫ સપ્લી. એસસીઆર ૮૩૩	આધાર રાખેલ	પેરા ૩૪
[૧૯૮૦] ૨ એસસીઆર ૯૧૩	સંદર્ભ લીધેલ	પેરા ૪૮
[૧૯૭૯] ૧ એસસીઆર ૩૯૨	સંદર્ભ લીધેલ	પેરા ૪૮
[૧૯૮૦] ૩ એસસીઆર ૮૫૫	સંદર્ભ લીધેલ	પેરા ૪૮
[૧૯૯૪] ૪ સપ્લી. એસસીઆર ૪૭૭	સંદર્ભ લીધેલ	પેરા ૫૪
[૧૯૬૭] ૩ એસસીઆર ૫૦	સંદર્ભ લીધેલ	પેરા ૫૪
[૧૯૭૫] ૩ એસસીઆર ૨૫૪	સંદર્ભ લીધેલ	પેરા ૫૪
[૧૯૫૫] ૧ એસસીઆર ૬૧૩	સંદર્ભ લીધેલ	પેરા ૬૦
[૧૯૫૯] સપ્લી. ૧ એસસીઆર ૫૨૮	સંદર્ભ લીધેલ	પેરા ૬૦
[૧૯૮૫] ૨ સપ્લી. એસસીઆર ૫૧	સંદર્ભ લીધેલ	પેરા ૬૦
[૨૦૦૪] ૬ સપ્લી. એસસીઆર ૧૦૬૫	આધાર રાખેલ	પેરા ૬૨
[૨૦૦૭] ૧ એસસીઆર ૭૦૬	આધાર રાખેલ	પેરા ૬૩
[૨૦૦૬] ૭ સપ્લી. એસસીઆર ૩૩૬	આધાર રાખેલ	પેરા ૬૪
[૧૯૯૪] ૪ સપ્લી. એસસીઆર	આધાર રાખેલ	પેરા ૭૪

૩૫૩		
[૧૯૯૬] ૧૦ સપ્લી. એસસીઆર ૩૨૧	આધાર રાખેલ	પેરા ૭૫
[૨૦૧૩] ૧૪ એસસીઆર ૪૭૫	બહાલ રાખેલ	પેરા ૮૮
[૧૯૭૬] સપ્લી. એસસીઆર ૧૭૨	રદબાતલ ઠેરવેલ	પેરા ૯૧

ન્યાયમૂર્તિ જે. ચેલામેશ્વર દ્વારા

[૧૯૫૪] એસસીઆર ૧૦૭૭	વિભિન્ન દર્શાવેલ	પેરા ૪
[૧૯૬૪] એસસીઆર ૩૩૨	સંદર્ભ લીધેલ	પેરા ૪
(૧૯૫૦) એ.આઇ.આર. ૨૭	સંદર્ભ લીધેલ	પેરા ૯
[૧૯૭૦] ૩ એસસીઆર ૫૩૦	સંદર્ભ લીધેલ	પેરા ૯
[૧૯૭૮] ૨ એસસીઆર ૬૨૧	સંદર્ભ લીધેલ	પેરા ૯
[૧૯૭૩] સપ્લી. એસસીઆર ૧	સંદર્ભ લીધેલ	પેરા ૧૨
[૧૯૭૬] સપ્લી. એસસીઆર ૧૭૨	સંદર્ભ લીધેલ	પેરા ૧૩
[૧૯૬૨] એસસીઆર ૮૪૨	આધાર રાખેલ	પેરા ૧૩
[૧૯૫૦] એસસીઆર ૫૯૪	આધાર રાખેલ	પેરા ૧૩
[૧૯૮૩] ૨ એસસીઆર ૬૯૦	આધાર રાખેલ	પેરા ૧૪
[૧૯૮૫] ૨ સપ્લી. એસસીઆર ૫૧	આધાર રાખેલ	પેરા ૧૫
[૧૯૯૨] ૩ એસસીઆર ૬૫૮	આધાર રાખેલ	પેરા ૧૫
[૧૯૯૩] ૧ એસસીઆર ૫૯૪	આધાર રાખેલ	પેરા ૧૫
[૧૯૯૭] ૩ સપ્લી. એસસીઆર ૭૦૫	આધાર રાખેલ	પેરા ૧૫

[૨૦૦૩] ૩ સપ્લી. એસસીઆર ૮૪૪	આધાર રાખેલ	પેરા ૧૫
(૧૯૯૦) ૧ એસસીસી ૫૨૦	આધાર રાખેલ	પેરા ૧૫
(૨૦૦૦) ૬ એસસીસી ૨૦૧૩	આધાર રાખેલ	પેરા ૧૫
[૧૯૬૭] ૩ એસસીઆર ૫૨૫	આધાર રાખેલ	પેરા ૧૫
[૧૯૭૯] ૩ એસસીઆર ૧૬૯	આધાર રાખેલ	પેરા ૧૫
[૧૯૮૩] ૨ એસસીઆર ૩૪૮	આધાર રાખેલ	પેરા ૧૬
(૨૦૧૬) ૧૦ એસસીસી ૭૨૬	આધાર રાખેલ	પેરા ૧૬
[૧૯૫૯] એસસીઆર ૯૯૫	આધાર રાખેલ	પેરા ૧૮
[૧૯૫૬] એસસીઆર ૨૬૭	આધાર રાખેલ	પેરા ૨૦
[૧૯૫૫] એસસીઆર ૧૨૮૪	આધાર રાખેલ	પેરા ૨૮
[૧૯૬૪] એસસીઆર ૯	આધાર રાખેલ	પેરા ૨૮
[૧૯૬૪] એસસીઆર ૫૯૪	આધાર રાખેલ	પેરા ૨૮
એઆઈઆર ૧૯૭૮ એસસી ૧૦૪	આધાર રાખેલ	પેરા ૨૮
[૧૯૯૧] ૩ એસસીઆર ૧૪૯	આધાર રાખેલ	પેરા ૨૮
[૧૯૭૫] ૩ એસસીઆર ૯૪૬	સંદર્ભ લીધેલ	પેરા ૩૧
[૧૯૮૬] ૩ એસસીઆર ૫૧૮	આધાર રાખેલ	પેરા ૩૭
એઆઈઆર ૧૯૮૩ એપી૩૫૬	સંદર્ભ લીધેલ	પેરા ૪૦
[૧૯૮૫] ૧ એસસીઆર ૩૦૩	સંદર્ભ લીધેલ	પેરા ૪૦
[૧૯૭૪] ૨ એસસીઆર ૩૪૮	સંદર્ભ લીધેલ	પેરા ૪૩
[૨૦૦૪] ૫ સપ્લી. એસસીઆર ૮૩૩	સંદર્ભ લીધેલ	પેરા ૪૫
[૨૦૦૮] ૧૨ એસસીઆર ૧૦૮૩	સંદર્ભ લીધેલ	પેરા ૪૫

ન્યાયમૂર્તિ એસ. એ. બોબડે દ્વારા

[૧૯૫૪] એસસીઆર ૧૦૭૭	આંશિક રીતે રદબાતલ ઠેરવેલ	પેરા ૧
[૧૯૬૪] એસસીઆર ૩૩૨	આંશિક રીતે રદબાતલ ઠેરવેલ	પેરા ૧
[૧૯૭૦] ૩ એસસીઆર ૫૩૦	આધાર રાખેલ	પેરા ૭
[૧૯૭૮] ૨ એસસીઆર ૬૨૧	સંદર્ભ લીધેલ	પેરા ૭
[૧૯૫૦] એસસીઆર ૮૮	સંદર્ભ લીધેલ	પેરા ૭
[૧૯૮૫] ૨ સપ્લી. એસસીઆર ૫૧	સંદર્ભ લીધેલ	પેરા ૮
[૧૯૮૯] ૩ એસસીઆર ૯૯૭	સંદર્ભ લીધેલ	પેરા ૮
[૧૯૭૫] ૩ એસસીઆર ૯૪૬	સંદર્ભ લીધેલ	પેરા ૧૦
[૧૯૭૩] સપ્લી. એસસીઆર ૧	આધાર રાખેલ	પેરા ૧૬
[૨૦૦૫] ૧ એસસીઆર ૪૯૪	બહાલ રાખેલ	પેરા ૧૬
[૨૦૧૨] ૨ એસસીઆર ૭૧૫	બહાલ રાખેલ	પેરા ૧૬
[૨૦૦૪] ૫ સપ્લી. એસસીઆર ૮૩૩	બહાલ રાખેલ	પેરા ૨૦
[૧૯૭૯] ૧ એસસીઆર ૩૯૨	સંદર્ભ લીધેલ	પેરા ૨૯
[૧૯૮૧] ૨ એસસીઆર ૫૧૬	સંદર્ભ લીધેલ	પેરા ૨૯
[૧૯૯૩] ૧ એસસીઆર ૫૯૪	આધાર રાખેલ	પેરા ૩૫
[૧૯૬૭] ૩ એસસીઆર ૫૨૫	બહાલ રાખેલ	પેરા ૩૫
(૧૯૭૫) ૨ એસસીસી ૧૪૮	બહાલ રાખેલ	પેરા ૩૫
[૧૯૭૮] ૪ એસસીઆર ૧૦૪	બહાલ રાખેલ	પેરા ૩૫
[૧૯૭૯] ૧ એસસીઆર ૧૯૨	બહાલ રાખેલ	પેરા ૩૫
[૧૯૭૯] ૩ એસસીઆર ૧૬૯	બહાલ રાખેલ	પેરા ૩૫

[૧૯૮૦] ૩ એસસીઆર ૮૫૫	બહાલ રાખેલ	પેરા ૩૫
[૧૯૮૩] ૨ એસસીઆર ૩૪૮	બહાલ રાખેલ	પેરા ૩૫
[૧૯૮૩] ૨ એસસીઆર ૩૩૭	બહાલ રાખેલ	પેરા ૩૫
(૧૯૮૯) સપ્લી. ૧ એસસીસી ૨૬૪	બહાલ રાખેલ	પેરા ૩૫
[૧૯૮૯] ૩ એસસીઆર ૯૯૭	બહાલ રાખેલ	પેરા ૩૫
(૧૯૯૦) ૧ એસસીસી ૫૨૦	બહાલ રાખેલ	પેરા ૩૫
[૧૯૫૬] એસસીઆર ૭૫૬	સંદર્ભ લીધેલ	પેરા ૪૧

ન્યાયમૂર્તિ અભય મનોહર સપ્રે દ્વારા

[૧૯૫૪] એસસીઆર ૧૦૭૭	સંદર્ભ લીધેલ	પેરા ૩
[૧૯૬૪] એસસીઆર ૩૩૨	સંદર્ભ લીધેલ	પેરા ૩
[૧૯૯૭] ૨ સપ્લી. એસસીઆર ૫૦૭	બહાલ રાખેલ	પેરા ૧૩
[૧૯૫૦] એસસીઆર ૮૮	સંદર્ભ લીધેલ	પેરા ૧૭
[૨૦૧૪] ૧૧ એસસીઆર ૧૦૦૯	સંદર્ભ લીધેલ	પેરા ૧૭
[૧૯૭૦] ૩ એસસીઆર ૫૩૦	બહાલ રાખેલ	પેરા ૨૦
[૧૯૭૩] સપ્લી. એસસીઆર ૧	બહાલ રાખેલ	પેરા ૨૦
[૧૯૭૬] ૨ એસસીઆર ૨૨૬	બહાલ રાખેલ	પેરા ૨૪
[૧૯૭૫] ૩ એસસીઆર ૯૪૬	બહાલ રાખેલ	પેરા ૨૮
[૧૯૭૮] ૨ એસસીઆર ૬૨૧	બહાલ રાખેલ	પેરા ૨૯
[૧૯૯૬] ૧૦ સપ્લી. એસસીઆર ૩૨૧	બહાલ રાખેલ	પેરા ૨૯
[૧૯૯૮] ૧ સપ્લી. એસસીઆર ૭૨૩	બહાલ રાખેલ	પેરા ૨૯

[૨૦૦૪] ૫ સપ્લી. એસસીઆર ૮૩૩	બહાલ રાખેલ	પેરા ૨૯
[૨૦૧૩] ૧૪ એસસીઆર ૪૭૫	બહાલ રાખેલ	પેરા ૨૯
[૧૯૬૬] ૩ એસસીઆર ૭૪૪	બહાલ રાખેલ	પેરા ૪૦

ન્યાયમૂર્તિ સંજય કિશન કૌલ દ્વારા

[૧૯૫૨] એસસીઆર ૨૮૪	આધાર રાખેલ	પેરા ૩૪
[૧૯૭૩] સપ્લી. એસસીઆર ૧	આધાર રાખેલ	પેરા ૩૫
[૨૦૦૪] ૧ એસસીઆર ૧૦૩૮	સંદર્ભ લીધેલ	પેરા ૩૭
[૧૯૮૩] ૧ એસસીઆર ૯૨૨	સંદર્ભ લીધેલ	પેરા ૪૪
[૨૦૧૩] ૧૭ એસસીઆર ૧૧૬	સંદર્ભ લીધેલ	પેરા ૮૦
[૧૯૭૬] સપ્લી. એસસીઆર ૧૭૨	રદબાતલ ઠેરવેલ	પેરા ૮૨
[૨૦૦૭] ૧ એસસીઆર ૭૦૬	આધાર રાખેલ	પેરા ૮૨

દીવાની મૂળ અને ફોજદારી અપીલીય હકુમત:

રિટ પિટિશન (સિવિલ) નં. ૪૯૪/૨૦૧૨.

ભારતના બંધારણના અનુચ્છેદ ૩૨ હેઠળ.

સાથે

ટી.સી. (સી) નં. ૧૫૧ અને ૧૫૨/૨૦૧૩, ડબલ્યુ.પી. (સી) નં. ૮૩૩, ૮૨૯ અને ૯૩૨/૨૦૧૩. ડબલ્યુ.પી.(સી) નં. ૪૯૪/૨૦૧૨ માં કન્ટેમ્પ્ટ પિટિશન (સી) નં. ૧૪૪/૨૦૧૪, ટી.પી. (સી) નં. ૩૧૩ અને ૩૧૨/૨૦૧૪,

એસ.એલ.પી. (ક્રિમિનલ) નં. ૨૫૨૪/૨૦૧૪. ડબલ્યુ.પી. (સી) નં. ૩૭ અને ૨૨૦/૨૦૧૫, ડબલ્યુ.પી.(સી) નં. ૮૨૯/૨૦૧૩ માં કન્ટેમ્પ્ટ પિટિશન (સી) નં. ૬૭૪/૨૦૧૫, ટી.પી. (સી) નં. ૯૨૧/૨૦૧૫. ડબલ્યુ.પી. (સી) નં. ૪૯૪/૨૦૧૨ માં કન્ટેમ્પ્ટ પિટિશન (સી) નં. ૪૭૦/૨૦૧૫, ડબલ્યુ.પી. (સી) નં. ૪૯૪/૨૦૧૨ માં કન્ટેમ્પ્ટ પિટિશન (સી) નં. ૪૪૪/૨૦૧૬, ડબલ્યુ.પી. (સી) નં. ૪૯૪/૨૦૧૨ માં કન્ટેમ્પ્ટ પિટિશન (સી) નં. ૬૦૮/૨૦૧૬, ડબલ્યુ.પી. (સી) નં. ૭૯૭/૨૦૧૬, ડબલ્યુ.પી. (સી) નં. ૪૯૪/૨૦૧૨ માં કન્ટેમ્પ્ટ પિટિશન (સી) નં. ૮૪૪/૨૦૧૭, ડબલ્યુ.પી. (સી) નં. ૩૪૨/૨૦૧૭ અને ડબલ્યુ.પી. (સી) નં. ૩૭૨/૨૦૧૭.

કે. કે. વેણુગોપાલ, એટર્ની જનરલ, તુષાર મહેતા, એડિશનલ સોલિસિટર જનરલ, જુગલ કિશોર ગિલ્ડા, એડવોકેટ જનરલ, ડી. કે. સિંહ, શિવ મંગલ શર્મા, એડિશનલ એડવોકેટ જનરલ્સ, અરવિંદ દાતાર, સુશ્રી મીનાક્ષી અરોરા, આનંદ ગ્રોવર, શ્યામ દિવાન, ગોપાલ સુબ્રમણ્યમ, સી. એ. સુંદરમ, રાકેશ દ્વિવેદી, સાજન પુવૈયા, જયંત ભૂષણ, જે. એસ. અત્રી, કપિલ સિબ્બલ, પી. વી. સુરેન્દ્ર નાથ, વરિષ્ઠ એડવોકેટ્સ; અનીશ કુમાર ગુપ્તા, અવધેશ કુમાર સિંહ, આર. કે. રાજવંશી, ચંદ્ર શેખર સુમન, સુશ્રી દીપ શિખા ભારતી, સુશ્રી ગીતા કોવિલન, રાહુલ નારાયણ, અપાર ગુપ્તા, સુશ્રી અનન્યા, શાશ્વત ગોયલ, સુશ્રી ભાવના, ગૌતમ ભાટિયા, સુશ્રી કૃતિકા, શાદાન ફરાસત, સુશ્રી તૃપ્તિ ટંડન, સુશ્રી લોરેન મિસ્કવિથ, સુશ્રી શ્રીનિધિ રાવ, સુશ્રી પ્રિયમ ચેરિયન, પ્રસન્ના એસ., સૂરજ, વિજયંત સિંહ, નિપુણ સક્સેના, આનંદો મુખર્જી, પ્રતાપ વેણુગોપાલ, ઉદયાદિત્ય બેનર્જી, પ્રસન્ના

એસ., સુશ્રી નિહારિકા, અનુજ શર્મા, સુશ્રી કનિકા કલાઈયારાસન, સુશ્રી સમીક્ષા જી., સુશ્રી ક્રિતિકા ભારદ્વાજ, અપાર ગુપ્તા (મેસર્સ કે. જે. જોન એન્ડ કંપની વતી), વિપિન નાયર, પી. બી. સુરેશ, એસ. પ્રસન્ના, સુશ્રી સમીક્ષા ગોદિયાલ, અભય પ્રતાપ સિંહ, ગોવિંદ મનોહરન, વી. કે. બીજુ, સુશ્રી નિધિ ખન્ના, ડો. અભિષેક અત્રેય, રવિન્દ્ર લોખંડે, સુશ્રી ઐશ્વર્યા ભાટી, સુશ્રી નેહા મીણા, જયદીપ સિંહ, અનિર્બાન સેન, સુશ્રી તાનિયા, મેસર્સ મેહરિયા એન્ડ કંપની, જયદીપ સિંહ, સુશ્રી અર્ચના પાઠક દવે, તલ્હા અબ્દુલ રહેમાન, પ્રતીક ચઢ્ઢા, અંકુર કશ્યપ, પવન ભૂષણ, ઝુલનૂર અહેમદ, જયવર્ધન સિંહ, એકલવ્ય વાસુદેવ, સુશ્રી અંકિતા ચૌધરી, સુશ્રી રાધિકા શર્મા, પ્રશાંત ભૂષણ, ચિત્તરંજન મિશ્રા, ભાનુ પ્રતાપ સિંહ, સાર્થક ચૌધરી, પ્રણય કુમાર મહાપાત્રા, ઝોહેબ હુસૈન, રજત નાયર, કનુ અગ્રવાલ, મનન પોપલી, સુશ્રી શ્રદ્ધા દેશમુખ, અંકુર તલવાર, પીયૂષ ગોયલ, સુશ્રી દેવિકા જૈન, અનિલ કુમાર ગુલાટી (શ્રીમતી અનિલ કટિયાર વતી), રજત નાયર, મનન પોપલી, કનુ અગ્રવાલ, અંકિત લાલ, મિશ્રા સૌરભ, નિશાંત આર. કાતનેશ્વરકર, સુશ્રી રોહિણી મૂસા, અભિષેક ગુપ્તા, ઝફર ઈનાયત, અપૂર્વ ત્રિપાઠી, અર્પિત રાય, સુશ્રી હેમંતિકા વાહી, સુશ્રી જેસલ વાહી, સુશ્રી શોધિકા શર્મા, અપૂર્વા ગર્ગ, સુશ્રી સંસ્કૃતિ પાઠક, અમિત શર્મા, દિપેશ સિન્હા, સુશ્રી અયાલા ઈમ્તી, સારાંશ કુમાર, પ્રિયદર્શી બેનર્જી, પ્રતિભાનુ એસ. ખરોલા, સારાંશ જૈન (ઈ. સી. અગ્રવાલા વતી), સુશ્રી રીજા વર્ગીસ, કેતન પોલ, કુલદીપ એસ. પરિહાર, એચ. એસ. પરિહાર, આદર્શ ઉપાધ્યાય, સુશ્રી કોમલ મુન્દ્રા, સૌરભ અગ્રવાલ, વરિન્દર કુમાર શર્મા, ચંદ્ર નંદ ઝા, પરમાનંદ ગૌર, જે. એમ. કાલિયા, ડી. એસ. માહરા, લલિત ભસીન, સુશ્રી

નીના ગુપ્તા, મુદિત શર્મા, સૌમિત્ર જી. ચૌધરી, ચંચલ કે. ગાંગુલી, સુશ્રી વિમલા સિન્હા (શ્રી ગોપાલ સિંહ વતી), એસ. ઉદય કુમાર સાગર, મૃત્યુંજય સિંહ, રંજન મુખર્જી, ગુંટુર પ્રભાકર, સુશ્રી પ્રેરણા સિંહ, ગોપાલ શંકરનારાયણન, ઝીશાન દિવાન, સુશ્રી સવિતા સિંહ, સુશ્રી વીરા માહુલી, શ્રુતંજય ભારદ્વાજ, જયંત મોહન, ડો. અર્ઘ્ય સેનગુપ્તા, સંજય કપૂર, ટી. જી. નારાયણન નાયર, સુશ્રી નિત્યા મધુસૂદનન, પુડુચેરી વી. જી. પ્રગાસમ, પ્રભુ રામસુબ્રમણ્યન, કરણ ભારીહોકે, જગજીત સિંહ છાબડા, જતીન્દર કુમાર ભાટિયા, આશુતોષ કુમાર શર્મા, સંજય કુમાર વિસેન, એ. પી. માયી, એ. સેલ્વિન રાજા, અવનીશ એમ. ઓઝા, ચિરાગ જૈન, શ્રેય કપૂર, ટી. એ. રહેમાન (સુશ્રી રુચિ કોહલી વતી), તપેશ કુમાર સિંહ, સુકાંત વિક્રમ, મોહમ્મદ વાકાસ, આદિત્ય પ્રતાપ સિંહ, નિશે રાજેન શંકર, મોહમ્મદ સિદ્દીક, સુશ્રી રેશ્મિતા આર. ચંદ્રન, સુશ્રી અનુ કે. જોય, એમ. શોએબ આલમ, સુશ્રી ફૌઝિયા શકીલ, ઉજ્જ્વલ સિંહ, મોજાહિદ કરીમ ખાન, કે. વી. જગદીશવરન, શ્રીમતી જી. ઇન્દિરા, સપામ બિસ્વજીત મૈતેઈ, નરેશ કુમાર ગૌર, અશોક કુમાર સિંહ, ગોપાલ સિંહ, ઋતુરાજ બિસ્વાસ, મનીષ કુમાર, પ્રણબ પ્રકાશ, શિવમ સિંહ, આદિત્ય રૈના, શ્રેયસ જૈન, કુમાર મિલિન્દ, સુશ્રી અંબિકા ગૌતમ, ચંદન કુમાર, જે. કે. ભાટિયા, આશુતોષ કુમાર શર્મા, શ્રીમતી કે. એનાતોલી સેમા, એડવર્ડ બેલ્હો, અમિત કુમાર સિંહ, કે. લુઇકાંગ માઇકલ, સુશ્રી એલિક્સ ગાંગમેઇ, ઝેડ. એચ. આઇઝેક હાઇડિંગ, એસ. મુખર્જી, મનોજ કે. મિશ્રા, ઉમેશ દુબે, સુશ્રી મેઘના કાલરા, સુશ્રી નીલા ગોખલે, અલિયામ પી., સુશ્રી કે. એસ. મેહલવાલ, આર. સુધીન્દર, અશોક માથુર, સુશ્રી અમૃતા સરકાર, નિખિલ નૈય્યર,

સુશ્રી જુલિયન જ્યોર્જ, અર્જુન રંગનાથન, યતિન્દર ગર્ગ, યશવંત પ્રસાદ, પ્રદીપ ગુપ્તા, પરિણવ ગુપ્તા, શ્રીમતી માનસી ગુપ્તા, મોઅઝ્ઝમ અલી (ડો. (શ્રીમતી) વિપિન ગુપ્તા વતી), પક્ષકારો વતી ઉપસ્થિત વકીલો.

કોર્ટનો ચુકાદો અને હુકમ નીચે મુજબ ન્યાયમૂર્તિ ડો. ડી. વાય. ચંદ્રચૂડ દ્વારા આપવામાં આવેલ:

ન્યાયમૂર્તિ ડો. ડી. વાય. ચંદ્રચૂડ

વિશ્લેષણની સરળતા માટે આ ચુકાદાને વિભાગોમાં વિભાજિત કરવામાં આવ્યો છે. તે આ મુજબ છે:

એ સંદર્ભ (ધ રેફરન્સ)

બી એમ. પી. શર્મામાં નિર્ણય

સી ખરક સિંહમાં નિર્ણય

ડી ગોપાલન સિદ્ધાંત: અલગ ખાનાઓ તરીકે મૂળભૂત અધિકારો

ઇ કૂપર અને મેનકા: અધિકારો વચ્ચે આંતરસંબંધ

એફ ગોપનીયતાના મૂળ (ઓરિજિન્સ ઓફ પ્રાઇવસી)

જી કુદરતી અને અવિભાજ્ય અધિકારો

એચ ભારતમાં ગોપનીયતાના સિદ્ધાંતનો વિકાસ

આઇ ભારતનું બંધારણ

- આમુખ

• ગૌરવ પર ન્યાયશાસ્ત્ર

• મૂળભૂત અધિકારોના કેસો

• મૂળભૂત અધિકારોનો કોઈ ત્યાગ (વેવર) નહીં

• મુક્તિ અને સ્વતંત્રતા માટે ગોપનીયતા સહજ તરીકે

• વિસંગત નોટ્સ : (૧) એડીએમ જબલપુર, (૨) સુરેશ કૌશલ

જે આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ ભારતની પ્રતિબદ્ધતાઓ

કે ગોપનીયતા પર તુલનાત્મક કાયદો

(૧) યુકે ના નિર્ણયો

(૨) યુએસ સુપ્રિમ કોર્ટના નિર્ણયો

(૩) દક્ષિણ આફ્રિકામાં ગોપનીયતાનો બંધારણીય અધિકાર

(૪) કેનેડામાં ગોપનીયતાનો બંધારણીય અધિકાર

(૫) માનવ અધિકારો પરના યુરોપિયન સંમેલન અને યુરોપિયન ચાર્ટર હેઠળ ગોપનીયતા

(૬) ઇન્ટર-અમેરિકન કોર્ટ ઓફ હ્યુમન રાઇટ્સના નિર્ણયો

એલ ગોપનીયતાના સિદ્ધાંતની ટીકાઓ

(એ) થોમસનનો ન્યૂનતાવાદ (રિડક્શનિઝમ)

(બી) પોઝનરની આર્થિક ટીકા

(સી) બોર્કની ટીકા

(ડી) નારીવાદી ટીકા

એમ બંધારણ સભા અને ગોપનીયતા: મૂળવાદી અર્થઘટનની મર્યાદાઓ

એન શું ગોપનીયતાનું વૈધાનિક રક્ષણ એ બંધારણીય અધિકાર નકારવાનું કારણ છે?

ઓ કોઈ ભદ્ર વર્ગની રચના નથી (નોટ એન એલિટિસ્ટ કન્સ્ટ્રક્ટ)

પી માત્ર સામાન્ય કાયદાનો અધિકાર નથી

ક્યુ મૂળભૂત યોગ્ય પ્રક્રિયા (સબસ્ટેન્ટિવ ડ્યૂ પ્રોસેસ)

આર ગોપનીયતાનું આવશ્યક સ્વરૂપ

એસ માહિતીલક્ષી ગોપનીયતા

ટી તારણો

એ સંદર્ભ

૧. ગોપનીયતા એ બંધારણીય રીતે સંરક્ષિત મૂલ્ય છે કે કેમ તે નક્કી કરવા માટે આ કોર્ટના નવ ન્યાયમૂર્તિઓ એકત્રિત થયા. આ મુદ્દો માનવ અધિકારોના રક્ષણ પર આધારિત બંધારણીય સંસ્કૃતિના પાયા સુધી પહોંચે છે અને આપણું બંધારણ જે મૂળભૂત સિદ્ધાંતો પર સ્થાપિત થયું છે તેની અને તે જે જીવનશૈલીનું રક્ષણ કરવા માંગે છે તેના માટે તેના પરિણામોની પુનઃસમીક્ષા કરવા માટે આ કોર્ટને સક્ષમ બનાવે છે. આ કેસ બંધારણીય અર્થઘટન માટેના પડકારો રજૂ કરે છે. જો ગોપનીયતાને સંરક્ષિત બંધારણીય મૂલ્ય તરીકે અર્થઘટન કરવામાં આવે,

તો તે આપણી સ્વતંત્રતાની વિભાવનાઓ અને તેના રક્ષણમાંથી ઉદ્ભવતા અધિકારોને નોંધપાત્ર રીતે પુનઃવ્યાખ્યાયિત કરશે.

૨. ગોપનીયતા, તેના સૌથી સરળ અર્થમાં, દરેક માનવીને એવા મૂળ હાર્દમાં એકલા રહેવાની મંજૂરી આપે છે જે અખંડિત છે. તેમ છતાં વ્યક્તિની સ્વાયત્તતા બાકીના સમાજ સાથેના તેના સંબંધો દ્વારા શરતી બને છે. તે સંબંધો સ્વાયત્તતા અને મુક્ત પસંદગી સામે પ્રશ્નો ઊભા કરી શકે છે અને ઘણીવાર કરે છે. રાજ્ય અને બિન-રાજ્ય સંસ્થાઓની સર્વોપરી હાજરી સામાજિક અસ્તિત્વના તે પાસાઓનું નિયમન કરે છે જે વ્યક્તિની સ્વતંત્રતા પર અસર કરે છે. બંધારણીય સ્વતંત્રતાનું સંરક્ષણ, કહેવા માટે, એક ચાલુ કામગીરી છે. વર્તમાન સમસ્યાઓ સામેના પડકારોનો સામનો કરવાનો રહે છે. સમાન રીતે, સામાજિક વ્યવસ્થાના સંદર્ભમાં સ્વતંત્રતા વ્યક્તિને ક્યાં મૂકે છે તેની બંધારણીય સમજણના સંદર્ભમાં નવા પડકારોનો સામનો કરવો પડશે. નવા પડકારોનો ઉદ્ભવ આ કેસ દ્વારા દ્રષ્ટાંતિત થાય છે, જ્યાં ગોપનીયતા પરની ચર્ચાનું વૈશ્વિક માહિતી આધારિત સમાજના સંદર્ભમાં વિશ્લેષણ કરવામાં આવી રહ્યું છે. એવા યુગમાં જ્યાં માહિતી ટેકનોલોજી વાસ્તવમાં આપણા જીવનના દરેક પાસાંનું સંચાલન કરે છે, ત્યારે કોર્ટ સમક્ષનું કાર્ય એકબીજા સાથે જોડાયેલી દુનિયામાં વ્યક્તિગત સ્વતંત્રતાને બંધારણીય અર્થ આપવાનું છે. જ્યારે આપણે એ પ્રશ્નની પુનઃસમીક્ષા કરીએ છીએ કે શું આપણું બંધારણ ગોપનીયતાને એક મૂળભૂત સિદ્ધાંત તરીકે રક્ષણ

આપે છે, ત્યારે કોર્ટે ડિજિટલ વિશ્વમાં સ્વતંત્રતા સમક્ષ રહેલી જરૂરિયાતો અને તકો તથા જોખમો પ્રત્યે સંવેદનશીલ રહેવું પડશે.

૩. આ કોર્ટની ત્રણ ન્યાયમૂર્તિઓની બેંચે કેન્દ્ર સરકારની આધાર કાર્ડ યોજના સામેના બંધારણીય પડકારની વિચારણા કરતી વખતે તેના તા. ૧૧ ઓગસ્ટ ૨૦૧૫ ના હુકમમાં નોંધ્યું હતું કે સરકાર દ્વારા વસ્તી વિષયક બાયોમેટ્રિક ડેટાના ધોરણો અને સંકલન સામે એ કારણસર પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો હતો કે તે ગોપનીયતાના અધિકારનું ઉલ્લંઘન કરે છે. ભારતના એટર્ની જનરલે રજૂઆત કરી હતી કે બે નિર્ણયોને ધ્યાને લેતાં ગોપનીયતાના મૂળભૂત અધિકારનું અસ્તિત્વ શંકાસ્પદ છે: પ્રથમ – એમ.પી. શર્મા વિરુદ્ધ સતીશ ચંદ્ર, ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ, દિલ્હી[1] ("એમ. પી. શર્મા") આઠ ન્યાયમૂર્તિઓની બેંચ દ્વારા આપવામાં આવ્યો હતો અને બીજો, ખરક સિંહ વિરુદ્ધ સ્ટેટ ઓફ ઉત્તર પ્રદેશ[2] ("ખરક સિંહ") માં છ ન્યાયમૂર્તિઓની બેંચ દ્વારા આપવામાં આવ્યો હતો. એટર્ની જનરલની રજૂઆતમાં, આ દરેક નિર્ણયોમાં એવા અવલોકનો હતા કે ભારતીય બંધારણ ખાસ કરીને ગોપનીયતાના અધિકારનું રક્ષણ કરતું નથી. બીજી તરફ, અરજદારોની રજૂઆત એ હતી કે એમ.પી. શર્મા અને ખરક સિંહ એ. કે. ગોપાલન વિરુદ્ધ સ્ટેટ ઓફ મદ્રાસ[3] ("ગોપાલન") માં વર્ણવાયેલા સિદ્ધાંતો પર આધારિત હતા. ગોપાલન, જેણે મૂળભૂત અધિકારોના પ્રકરણમાં સમાવિષ્ટ દરેક જોગવાઈને એક અલગ રક્ષણ આપતી હોવાનું અર્થઘટન કર્યું હતું, તેને રૂસ્તમ કાવસજી કૂપર

[1] (૧૯૫૪) એસસીઆર ૧૦૭૭
[2] (૧૯૬૪) ૧ એસસીઆર ૩૩૨
[3] એ.આઇ.આર. ૧૯૫૦ એસસી ૨૭

વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા[4] ("કૂપર") માં અગિયાર ન્યાયમૂર્તિઓની બેંચ દ્વારા યોગ્ય કાયદો ન હોવાનું ઠેરવવામાં આવ્યું હતું. તેથી અરજદારોએ રજૂઆત કરી હતી કે અગાઉના બે નિર્ણયોનો આધાર માન્ય નથી. તદુપરાંત, એવી પણ રજૂઆત કરવામાં આવી હતી કે મેનકા ગાંધી વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા[5] ("મેનકા") માં સાત ન્યાયમૂર્તિઓની બેંચના નિર્ણયમાં, ખરક સિંહમાં ન્યાયમૂર્તિ સુબ્બા રાવના લઘુમતી ચુકાદાને સ્પષ્ટપણે મંજૂરી આપવામાં આવી હતી અને બહુમતીના નિર્ણયને રદબાતલ ઠેરવવામાં આવ્યો હતો.

૪. આ પડકારોનું નિરાકરણ કરતી વખતે, આ કોર્ટની ત્રણ ન્યાયમૂર્તિઓની બેંચે આ કોર્ટના કેટલાક નિર્ણયોની નોંધ લીધી જેમાં ગોપનીયતાના અધિકારને બંધારણીય રીતે સંરક્ષિત મૂળભૂત અધિકાર તરીકે ઠેરવવામાં આવ્યો છે. તે નિર્ણયોમાં આનો સમાવેશ થાય છે: ગોબિંદ વિરુદ્ધ સ્ટેટ ઓફ મધ્ય પ્રદેશ[6] ("ગોબિંદ"), આર. રાજગોપાલ વિરુદ્ધ સ્ટેટ ઓફ તમિલનાડુ[7] ("રાજગોપાલ") અને પીપલ્સ યુનિયન ફોર સિવિલ લિબર્ટીઝ વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા[8] ("પીયુસીએલ"). ગોપનીયતાના બંધારણીય રીતે સંરક્ષિત અધિકારના અસ્તિત્વની પુષ્ટિ કરતા આ ત્યારપછીના નિર્ણયો એમ.પી. શર્મા અને ખરક સિંહ કરતાં ઓછી સંખ્યા ધરાવતી બેંચો દ્વારા આપવામાં આવ્યા હતા. આ મડાગાંઠનો સામનો કરવો પડ્યો અને બંધારણના અર્થઘટનને સંડોવતા

[4] (૧૯૭૦) ૧ એસસીસી ૨૪૮
[5] (૧૯૭૮) ૧ એસસીસી ૨૪૮
[6] (૧૯૭૫) ૨ એસસીસી ૧૪૮
[7] (૧૯૯૪) ૬ એસસીસી ૬૩૨
[8] (૧૯૯૭) ૧ એસસીસી ૩૦૧

મહત્વના દૂરગામી પ્રશ્નોને યોગ્ય ધ્યાને લેતાં, એવું લાગ્યું કે સંસ્થાકીય અખંડિતતા અને ન્યાયિક શિસ્ત માટે મોટી બેંચને સંદર્ભ કરવો જરૂરી બનશે. તેથી ત્રણ વિદ્વાન ન્યાયમૂર્તિઓની બેંચે તેના તા. ૧૧ ઓગસ્ટ ૨૦૧૫ ના હુકમમાં અવલોકન કર્યું:

> "૧૨. અમારો અભિપ્રાય છે કે હાથ પરના કેસો બંધારણના અર્થઘટનને સંડોવતા મહત્વના દૂરગામી પ્રશ્નો ઊભા કરે છે. જે દાવ પર છે તે અનુચ્છેદ ૨૧ હેઠળના તે કિંમતી અને અવિભાજ્ય અધિકાર સહિતના મૂળભૂત અધિકારોનો વ્યાપ છે. જો એમ.પી. શર્મા (ઉપર મુજબ) અને ખરક સિંહ (ઉપર મુજબ) માં કરાયેલા અવલોકનો શાબ્દિક રીતે વાંચવામાં આવે અને આ દેશના કાયદા તરીકે સ્વીકારવામાં આવે, તો ભારતના બંધારણ હેઠળ બાંયધરી આપેલા મૂળભૂત અધિકારો અને વધુ ખાસ કરીને અનુચ્છેદ ૨૧ હેઠળનો સ્વતંત્રતાનો અધિકાર જોમ અને જીવનશક્તિથી વંચિત થઈ જશે. તે જ સમયે, અમારો એવો પણ અભિપ્રાય છે કે સંસ્થાકીય અખંડિતતા અને ન્યાયિક શિસ્ત એવી જરૂરિયાત ઊભી કરે છે કે આ કોર્ટની મોટી બેંચો દ્વારા કરવામાં આવેલા ચુકાદાઓને નાની બેંચો દ્વારા આવા મોટા બેંચો દ્વારા કરાયેલા ચુકાદાઓનું પાલન ન કરવાના કારણો યોગ્ય રીતે સમજાવ્યા વિના અવગણી શકાય નહીં. ત્યારપછીના ચુકાદાઓ આપનારા તમામ વિદ્વાન ન્યાયમૂર્તિઓ પ્રત્યે યોગ્ય આદર સાથે – જ્યાં ગોપનીયતાના અધિકારનો દાવો કરવામાં આવ્યો છે અથવા માનવજાતની સ્વતંત્રતા માટેના તેમના માનનીય આદરનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે,

અમારો નમ્ર અભિપ્રાય છે કે આ કોર્ટ દ્વારા જાહેર કરાયેલા કાયદામાં ચોક્કસ પ્રમાણમાં પ્રત્યક્ષ વણઉકેલાયેલો વિરોધાભાસ જણાય છે.

૧૩. તેથી, અમારા મતે આ કેસોના જૂથમાં ઉઠાવવામાં આવેલા વિવાદનો હંમેશ માટે અંત લાવવા માટે, એ વધુ સારું રહેશે કે એમ.પી. શર્મા (ઉપર મુજબ) અને ખરક સિંહ (ઉપર મુજબ) ના મુખ્ય નિર્ણયના આધાર (રેશિયો ડિસિડેન્ડી) ની ચકાસણી કરવામાં આવે અને આ કોર્ટના ત્યારપછીના નિર્ણયોની ન્યાયશાસ્ત્રીય શુદ્ધતા કે જ્યાં ગોપનીયતાના અધિકારનો દાવો કરવામાં આવ્યો છે અથવા સંદર્ભ આપવામાં આવ્યો છે તેની યોગ્ય સંખ્યા ધરાવતી બેંચ દ્વારા તપાસ કરવામાં આવે અને સત્તાવાર રીતે નિર્ણય લેવામાં આવે."

૫. ૧૮ જુલાઈ ૨૦૧૭ ના રોજ, વિદ્વાન મુખ્ય ન્યાયમૂર્તિની અધ્યક્ષતાવાળી બંધારણીય બેંચે યોગ્ય માન્યું કે આ મુદ્દાનો નવ ન્યાયમૂર્તિઓની બેંચ દ્વારા ઉકેલ લાવવામાં આવે. બંધારણીય બેંચનો હુકમ આ પ્રમાણે વંચાય છે:

"આજે સુનાવણી દરમિયાન, એવું જણાય છે કે ભારતીય બંધારણ હેઠળ ગોપનીયતાનો કોઈ મૂળભૂત અધિકાર છે કે કેમ તે નક્કી કરવું અમારા માટે આવશ્યક બની ગયું છે. આ પ્રશ્નનું નિર્ધારણ અનિવાર્યપણે એ નક્કી કરશે કે આ કોર્ટ દ્વારા એમ.પી. શર્મા અને અન્ય વિરુદ્ધ સતીશ ચંદ્ર, ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ, દિલ્હી અને અન્ય - ૧૯૫૦ એસસીઆર ૧૦૭૭ માં

આઠ ન્યાયમૂર્તિઓની બંધારણીય બેંચ દ્વારા, અને તે જ રીતે, ખરક સિંહ વિરુદ્ધ સ્ટેટ ઓફ યુ.પી. અને અન્ય - ૧૯૬૨ (૧) એસસીઆર ૩૩૨ માં છ ન્યાયમૂર્તિઓની બંધારણીય બેંચ દ્વારા નોંધાયેલ નિર્ણય કે આવો કોઈ મૂળભૂત અધિકાર નથી, તે બંધારણીય સ્થિતિની સાચી અભિવ્યક્તિ છે કે કેમ.

આ બાબત સાથે વધુ આગળ વધતાં પહેલાં, અમારો એવો અભિપ્રાય છે કે ઉપર જણાવેલ મુદ્દો નવ ન્યાયમૂર્તિઓની બંધારણીય બેંચ સમક્ષ મૂકવા યોગ્ય છે. આ બાબતોને ૧૯.૦૭.૨૦૧૭ ના રોજ નવ ન્યાયમૂર્તિઓની બંધારણીય બેંચ સમક્ષ સૂચિબદ્ધ કરો."

૬. સુનાવણી દરમિયાન, અરજદારો વતી વિદ્વાન વરિષ્ઠ વકીલો શ્રી ગોપાલ સુબ્રમણ્યમ, શ્રી કપિલ સિબ્બલ, શ્રી અરવિંદ દાતાર, શ્રી શ્યામ દિવાન, શ્રી આનંદ ગ્રોવર, સુશ્રી મીનાક્ષી અરોરા, શ્રી સાજન પુવૈયા અને શ્રી જયંત ભૂષણ દ્વારા અમને યોગ્ય રીતે સહાય કરવામાં આવી છે. હિમાચલ પ્રદેશ રાજ્ય વતી વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી જે. એસ. અત્રીએ તેમને સમર્થન આપ્યું હતું. ભારતીય સંઘ વતી, કોર્ટને ભારતના એટર્ની જનરલ શ્રી કે. કે. વેણુગોપાલની વિદ્વત્તાપૂર્ણ રજૂઆતોનો લાભ મળ્યો છે. તેમને એડિશનલ સોલિસિટર જનરલ શ્રી તુષાર મહેતા, ગુજરાત રાજ્ય માટે વરિષ્ઠ વકીલ શ્રી રાકેશ દ્વિવેદી, મહારાષ્ટ્ર રાજ્ય માટે શ્રી અર્યમા સુંદરમ, શ્રી ગોપાલ શંકરનારાયણન અને ડો. અર્ઘ્ય સેનગુપ્તા દ્વારા યોગ્ય રીતે સમર્થન આપવામાં આવ્યું હતું. જ્યારે કેટલીક રાજ્ય સરકારોએ કેન્દ્ર

સરકારના વલણને સમર્થન આપ્યું છે, ત્યારે અન્યોએ અરજદારોને સમર્થન આપ્યું છે.

૭. સંદર્ભની પ્રક્રિયા દરમિયાન એમ.પી. શર્મા અને ખરક સિંહના નિર્ણયોની શુદ્ધતાનું મૂલ્યાંકન કરવાનું છે. આ ઉપરાંત, ગોપનીયતાના અધિકારને બંધારણીય રીતે સંરક્ષિત અધિકાર ગણાવતા ત્યારપછીના નિર્ણયોની ન્યાયશાસ્ત્રીય શુદ્ધતા નક્કી કરવાની છે. ગોપનીયતા એ આપણા બંધારણ હેઠળ સંરક્ષિત અધિકાર છે કે કેમ તે મૂળભૂત પ્રશ્ન માટે ગોપનીયતાનો અર્થ શું થાય છે તે સમજવું જરૂરી છે. કારણ કે જ્યારે આપણે સમજીએ છીએ કે ગોપનીયતા કયા હિતો અથવા હકોનું રક્ષણ કરે છે, ત્યારે જ આપણે નક્કી કરી શકીએ છીએ કે બંધારણ ગોપનીયતાનું રક્ષણ કરે છે કે નહીં. ગોપનીયતાની વિષયવસ્તુનું વિશ્લેષણ કરવાની જરૂર છે, તેમાં શું સમાવિષ્ટ છે તેનું વિસ્તૃત વિવરણ અથવા યાદી આપીને નહીં પરંતુ તેની વ્યાપક રૂપરેખાઓ દર્શાવીને. કોર્ટ સમક્ષ ગોપનીયતાના વિવિધ પાસાઓ પર રજૂઆતો કરવામાં આવી છે જેમાં નીચેનાનો સમાવેશ થાય છે: (૧) શું ગોપનીયતાનો બંધારણીય રીતે સંરક્ષિત અધિકાર છે; (૨) જો બંધારણીય રીતે સંરક્ષિત અધિકાર હોય, તો શું તે સ્વતંત્ર મૂળભૂત અધિકારનું સ્વરૂપ ધરાવે છે કે પછી તે જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતા જેવા સંરક્ષિત અધિકારોની હાલની બાંયધરીઓમાંથી ઉદ્ભવે છે; (૩) ગોપનીયતાના દાવાના સૈદ્ધાંતિક પાયા; (૪) ગોપનીયતાની વિષયવસ્તુ; અને (૫) રાજ્યની નિયમનકારી સત્તાનું સ્વરૂપ.

બી એમ. પી. શર્મામાં નિર્ણય

૮. કંપનીઝ એક્ટ હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા લિક્વિડેશનમાં ગયેલી કંપનીની બાબતોની તપાસ કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો કે તેણે તેના ભંડોળની ઉચાપત કરવા અને શેરધારકોથી તેની વાસ્તવિક સ્થિતિ છુપાવવા માટે સંગઠિત પ્રયાસ કર્યો હતો અને કંપનીએ છેતરપિંડીભર્યા વ્યવહારો કર્યા હતા અને તેના રેકોર્ડ્સમાં ખોટા ફેરફારો કર્યા હતા તેવા આક્ષેપ પર આ તપાસ સોંપાઈ હતી. ગુનાઓ નોંધાયા હતા અને સર્ચ વોરંટ જારી કરવામાં આવ્યા હતા જે દરમિયાન રેકોર્ડ્સ જપ્ત કરવામાં આવ્યા હતા. પડકાર એ હતો કે આ તલાશીઓએ બંધારણના અનુચ્છેદ ૧૯(૧)(એફ) અને અનુચ્છેદ ૨૦(૩) હેઠળ અરજદારોના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કર્યું હતું. અગાઉનો પડકાર ફગાવી દેવામાં આવ્યો હતો. આ કોર્ટે જે પ્રશ્ન સંબોધ્યો હતો તે એ હતો કે શું અનુચ્છેદ ૨૦(૩) નું ઉલ્લંઘન થયું હતું. અનુચ્છેદ ૨૦(૩) આદેશ આપે છે કે કોઈ પણ ગુનાના આરોપી વ્યક્તિને પોતાની વિરુદ્ધ સાક્ષી બનવા માટે દબાણ કરી શકાશે નહીં. યુ.એસ. સુપ્રિમ કોર્ટના ચુકાદા[9] પર આધાર રાખવામાં આવ્યો હતો જેમાં ઠરાવાયું હતું કે ગેરકાયદેસર સર્ચ અને જપ્તી દ્વારા ગુનાહિત પુરાવા મેળવવા એ અમેરિકન બંધારણના ચોથા અને પાંચમા સુધારાનું ઉલ્લંઘન કરે છે. ભારતીય કાયદાના ઇતિહાસને ટાંકતાં, આ કોર્ટે અવલોકન કર્યું કે તલાશી માટેની જોગવાઈઓ ક્રિમિનલ પ્રોસિજર કોડના ક્રમિક કાયદાઓમાં સમાવિષ્ટ હતી. બેંચ વતી બોલતાં ન્યાયમૂર્તિ જગન્નાધા દાસે ઠેરવેલ કે તલાશી અથવા જપ્તી એ બંધારણના

[9] બોયડ વિરુદ્ધ યુનાઇટેડ સ્ટેટ્સ, ૧૧૬ યુ.એસ. ૬૧૬ (૧૮૮૬)

અનુચ્છેદ ૨૦(૩) દ્વારા બાંયધરી આપવામાં આવેલા બંધારણીય અધિકારનું ઉલ્લંઘન કરતી નથી:

> "... ભારતીય કાયદામાં એવી ધારણા માટે કોઈ આધાર નથી કે કોઈ વસ્તુ અથવા દસ્તાવેજની તલાશી અથવા જપ્તી એ પોતે જ તેની બળજબરીપૂર્વકની રજૂઆત તરીકે ગણવાની છે. ખરેખર થોડો વિચાર દર્શાવશે કે વર્તમાન ચર્ચા માટે સંબંધિત હેતુ માટે બંને અનિવાર્યપણે અલગ બાબતો છે. રજૂ કરવા માટેની નોટિસ સંબંધિત પક્ષને સંબોધવામાં આવે છે અને તેના પાલનમાં તેની રજૂઆત ઉપર સમજાવ્યા મુજબ અનુચ્છેદ ૨૦(૩) ના અર્થમાં તેના દ્વારા સાક્ષીય કૃત્ય રચે છે. પરંતુ સર્ચ વોરંટ સરકારના કોઈ અધિકારી, સામાન્ય રીતે પોલીસ અધિકારીને સંબોધવામાં આવે છે. તલાશી લીધેલા પરિસરના કબજેદારના ન તો તલાશી કે ન તો જપ્તી એ કોઈ કૃત્યો છે. તે અન્ય વ્યક્તિના કૃત્યો છે જેને આધીન રહેવા માટે તે બંધાયેલો છે અને તેથી, કોઈપણ અર્થમાં તેના સાક્ષીય કૃત્યો નથી."[10]

૯. સ્વયં-દોષારોપણ સામેની બાંયધરી સર્ચ અને જપ્તી દ્વારા ઉલ્લંઘિત થતી નથી તેવું ઠેરવ્યા પછી, કોર્ટે અવલોકન કર્યું કે:

> "સર્ચ અને જપ્તીની સત્તા ન્યાયશાસ્ત્રની કોઈપણ પ્રણાલીમાં સામાજિક સુરક્ષાના રક્ષણ માટે રાજ્યની એક સર્વોપરી સત્તા છે અને તે સત્તા

[10] એમ. પી. શર્મા (ઉપર નોંધ ૧), પૃષ્ઠ ૧૦૯૬ પર

અનિવાર્યપણે કાયદા દ્વારા નિયંત્રિત થાય છે. જ્યારે બંધારણના ઘડવૈયાઓએ ચોથા સુધારાને અનુરૂપ ગોપનીયતાના મૂળભૂત અધિકારની માન્યતા દ્વારા આવા નિયમનને બંધારણીય મર્યાદાઓને આધીન ન રાખવાનું યોગ્ય માન્યું હોય, ત્યારે કોઈ તણાવપૂર્ણ અર્થઘટનની પ્રક્રિયા દ્વારા તેને તદ્દન અલગ મૂળભૂત અધિકારમાં આયાત કરવાનું આપણી પાસે કોઈ ઔચિત્ય નથી. તેમજ એવું માની લેવું પણ કાયદેસર નથી કે અનુચ્છેદ ૨૦(૩) હેઠળનું બંધારણીય રક્ષણ તલાશીઓ માટેની વૈધાનિક જોગવાઈઓ દ્વારા નિષ્ફળ જશે."[11]

(ભારપૂર્વક ઉમેરેલ)

૧૦. આ અવલોકનો – વધુ ચોક્કસ કહીએ તો એક વાક્યમાં – જે દર્શાવે છે કે બંધારણના ઘડવૈયાઓએ યુએસ બંધારણના ચોથા સુધારા સમાન સર્ચ અને જપ્તીની સત્તાના કાયદા દ્વારા નિયમનને ગોપનીયતાના મૂળભૂત અધિકારને આધીન રાખ્યું નથી, તે આપણા બંધારણ હેઠળ સંરક્ષિત ગોપનીયતાના અધિકારના અસ્તિત્વ સામે પ્રશ્ન ઉઠાવવા માટે સહાય તરીકે રજૂ કરવામાં આવ્યા છે.

સી ખરક સિંહમાં નિર્ણય

૧૧. ૧૯૪૧ માં ધાડના એક કેસમાં ચાર્જશીટ થયા પછી, પુરાવાના અભાવે ખરક સિંહને છોડી મૂકવામાં આવ્યો હતો. પરંતુ પોલીસે તેની સામે 'હિસ્ટ્રી

[11] તદેવ, પૃષ્ઠ ૧૦૯૬-૯૭ પર

શીટ' તૈયાર કરી હતી. યુપી પોલીસ નિયમોના પ્રકરણ ૨૦ ના નિયમન ૨૨૮ માં 'હિસ્ટ્રી શીટ્સ' ને 'દેખરેખ હેઠળના ગુનેગારોના અંગત રેકોર્ડ' તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવી હતી. ખરક સિંહ, જેને મધ્યરાત્રિના દરવાજા ખખડાવવા સહિત નિયમિત દેખરેખને આધીન કરવામાં આવ્યો હતો, તેણે તેના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન થયું હોવાની ઘોષણા માટે આ કોર્ટનો સંપર્ક કર્યો. નિયમન ૨૩૬ દ્વારા વિચારવામાં આવેલા દેખરેખના પગલાં પૈકી નીચેનાનો સમાવેશ થાય છે:

> "(એ) શંકાસ્પદોના ઘર અથવા ઘરો તરફ જવાના રસ્તાઓની ગુપ્ત ચોકીબંધી (પિકેટિંગ);
>
> (બી) રાત્રિના સમયે ઘરેલુ મુલાકાતો;
>
> (સી) સબ-ઇન્સ્પેક્ટરના હોદ્દાથી નીચે ન હોય તેવા અધિકારીઓ દ્વારા પ્રતિષ્ઠા, ટેવો, સંગત, આવક, ખર્ચ અને વ્યવસાય અંગે સંપૂર્ણ સામયિક તપાસ;
>
> (ડી) કોન્સ્ટેબલો અને ચોકીદારો દ્વારા ઘરમાંથી હલનચલન અને ગેરહાજરીની જાણ કરવી;
>
> (ઇ) પૂછપરછ સ્લિપ દ્વારા હલનચલન અને ગેરહાજરીની ચકાસણી;
>
> (એફ) વર્તન પર અસર કરતી તમામ માહિતીનું હિસ્ટ્રી-શીટ પર સંગ્રહ અને રેકોર્ડ."

૧૨. આ કોર્ટે ઠેરવેલ કે અનુચ્છેદ ૧૯(૧)(ડી) દ્વારા બાંયધરી આપેલ ભારતના સમગ્ર પ્રદેશમાં મુક્તપણે હલનચલન કરવાની સ્વતંત્રતા અરજદારના

દરવાજા પર મધ્યરાત્રિના ટકોરાથી ઉલ્લંઘિત થતી નથી કારણ કે 'તેના હલનચલનમાં કોઈપણ રીતે અવરોધ કે પૂર્વગ્રહ સર્જાતો નથી'.

૧૩. જ્યારે ખરક સિંહમાં નિર્ણય આપવામાં આવ્યો ત્યારે, અનુચ્છેદ ૧૯ દ્વારા સંરક્ષિત અધિકારો અને અનુચ્છેદ ૨૧ હેઠળના જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાના અધિકાર વચ્ચેના આંતરસંબંધને સંચાલિત કરતા સિદ્ધાંતો ગોપાલનના ચુકાદા દ્વારા સંચાલિત હતા. ગોપાલને મૂળભૂત અધિકારોના પ્રકરણમાંના દરેક અનુચ્છેદને અલગ (ઓવરલેપિંગથી વિપરીત) સ્વાતંત્ર્યો સમાવતા હોવાનું માન્યું હતું. તેથી ખરક સિંહમાં કોર્ટે અવલોકન કર્યું:

> "અમારી સમક્ષના પ્રશ્નના અત્યંત મર્યાદિત સ્વરૂપને ધ્યાનમાં લેતાં, એક તરફ અનુચ્છેદ ૧૯(૧)(એ) અને (ડી) માં અને બીજી તરફ અનુચ્છેદ ૨૧ માં રહેલી 'સ્વતંત્રતાઓ' વચ્ચેના ચોક્કસ સંબંધ અથવા પછીના અનુચ્છેદમાં 'કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયા' શબ્દોની વિષયવસ્તુ અને મહત્વ બંનેમાંથી કોઈ બાબત વિચારવા માટે અટકવું બિનજરૂરી છે, જે બંને એ. કે. ગોપાલન વિરુદ્ધ સ્ટેટ ઓફ મદ્રાસમાં આ કોર્ટ દ્વારા વિસ્તૃત વિચારણાનો વિષય હતા."[12]

૧૪. ખરક સિંહના નિર્ણયમાં ઠરાવવામાં આવ્યું હતું કે નિયમન ૨૩૪ ની કલમ (બી) જે રાત્રિના સમયે ઘરેલુ મુલાકાતો માટે જોગવાઈ કરતી હતી તે અનુચ્છેદ ૨૧ નું ઉલ્લંઘન કરતી હતી. કોર્ટે અવલોકન કર્યું:

---

[12] ખરક સિંહ (ઉપર નોંધ ૨), પૃષ્ઠ ૩૪૫ પર

"તો શું 'વ્યક્તિગત સ્વતંત્રતા' શબ્દનો અર્થ તેના કાર્યક્ષેત્રમાંથી પોલીસ દ્વારા માણસના ઘરની પવિત્રતા પરના અતિક્રમણ અને તેની વ્યક્તિગત સુરક્ષા તથા તેના ઊંઘવાના અધિકારમાં દખલગીરીને બાકાત રાખવા માટે કરવાનો છે જે એક પ્રાણી તરીકે પણ માનવ અસ્તિત્વ માટે સામાન્ય આરામ અને તાતી જરૂરિયાત છે? બંધારણના આમુખના તે શબ્દોનો અહીં ઉલ્લેખ કરવો અયોગ્ય નહીં ગણાય કે તે 'વ્યક્તિના ગૌરવની ખાતરી' આપવા માટે રચાયેલ છે અને તેથી તે વહાલા માનવીય મૂલ્યોને તેના સંપૂર્ણ વિકાસ અને ઉત્ક્રાંતિની ખાતરી આપવાના સાધન તરીકે રચે છે. અમે ઘડવૈયાઓના આ ઉદ્દેશ્યોનો ઉલ્લેખ માત્ર બંધારણના મૂળભૂત ખ્યાલો તરફ ધ્યાન દોરવા માટે કરી રહ્યા છીએ જે 'વ્યક્તિગત સ્વતંત્રતા' જેવા મહત્વપૂર્ણ શબ્દો તરફ નિર્દેશ કરશે જેનું વાજબી રીતે અર્થઘટન કરવું પડશે અને તે અર્થ સોંપવો પડશે જે તે ઉદ્દેશ્યોને પ્રોત્સાહન આપશે અને સિદ્ધ કરશે અને કોઈ પણ પૂર્વગ્રહયુક્ત વિભાવનાઓ અથવા સૈદ્ધાંતિક બંધારણીય સિદ્ધાંતો સાથે મેળ બેસાડવા માટે તે વાક્યના અર્થને ખેંચી કાઢવાનો નથી."[13]

૧૫. આ અભિપ્રાય લેતાં, પાંચ ન્યાયમૂર્તિઓની બહુમતી વતી બોલતાં ન્યાયમૂર્તિ રાજગોપાલ અય્યંગરે વુલ્ફ વિરુદ્ધ કોલોરાડો[14] માં યુએસ સુપ્રિમ કોર્ટ

[13] તદેવ, પૃષ્ઠ ૩૪૭-૩૪૮ પર

[14] ૩૩૮ યુ.એસ. ૨૫ (૧૯૪૯)

વતી બોલતાં ન્યાયમૂર્તિ ફ્રેન્કફર્ટરના ચુકાદા પર આધાર રાખ્યો હતો, જેમાં ઠરાવવામાં આવ્યું હતું:

> "પોલીસ દ્વારા મનસ્વી ઘૂસણખોરી સામે પોતાની ગોપનીયતાની સુરક્ષા ... મુક્ત સમાજ માટે મૂળભૂત છે...
>
> અમે એમ કહેવામાં કોઈ સંકોચ અનુભવતા નથી કે જો કોઈ રાજ્ય ગોપનીયતામાં આવી પોલીસ ઘૂસણખોરીને હકારાત્મક રીતે મંજૂરી આપે તો તે ચૌદમા સુધારાની બાંયધરીથી વિપરીત ચાલશે."[15]

(ભારપૂર્વક ઉમેરેલ)

જ્યારે કોર્ટે અવલોકન કર્યું કે ભારતીય બંધારણમાં યુએસ બંધારણના ચોથા સુધારા જેવી બાંયધરી શામેલ નથી, છતાં તેણે આગળ વધીને ઠેરવેલ કે:

> "તેમ છતાં, આ અવતરણો દર્શાવશે કે વ્યક્તિના ઘરમાં અનધિકૃત ઘૂસણખોરી અને તેના કારણે તેને થતી ખલેલ, જો સંસ્કૃતિની મૂળ વિભાવનાનું નહીં તો, વ્યવસ્થિત સ્વતંત્રતાના અંતિમ આવશ્યક માનવ અધિકારના કોમન લો અધિકારનું ઉલ્લંઘન છે. એક અંગ્રેજી કોમન લો સિદ્ધાંત ભારપૂર્વક જણાવે છે કે 'દરેક માણસનું ઘર તેનો કિલ્લો છે' અને સેમાઇન્સ કેસ [(૧૬૦૪) ૫ કોક ૯૧ : ૧ એસએમ એલસી (૧૩મી આવૃત્તિ) ૧૦૪ પૃષ્ઠ ૧૦૫ પર] જ્યાં આ લાગુ કરવામાં આવ્યું હતું, ત્યાં

[15] ખરક સિંહ (ઉપર નોંધ ૨) માં ટાંકવામાં આવેલ, પૃષ્ઠ ૩૪૮ પર

એવું જણાવવામાં આવ્યું હતું કે 'દરેક વ્યક્તિનું ઘર તેના માટે તેના કિલ્લા અને કિલ્લેબંધી સમાન છે તેમજ ઈજા અને હિંસા સામે તેના સંરક્ષણ માટે તેમજ તેના વિશ્રામ માટે છે'. અમે એ હકીકતથી અજાણ નથી કે સેમાઈન્સ કેસ ઇંગ્લેન્ડમાં અમલીકરણ સંબંધિત કાયદા સાથે સંબંધિત હતો, પરંતુ ઉદ્ધૃત કરાયેલ ફકરાની ચોક્કસ નિર્ણયના સંદર્ભથી તદ્દન અલગ એક માન્યતા છે. તે એક સ્થાયી સિદ્ધાંતને મૂર્ત બનાવે છે જે માત્ર મિલકતના અધિકારોના રક્ષણથી પર છે અને 'વ્યક્તિગત સ્વતંત્રતા' ની એવી વિભાવનાને સ્પષ્ટ કરે છે જે સામંતશાહીના કોઈપણ તત્વ પર અથવા સ્વતંત્રતાના કોઈપણ સિદ્ધાંત પર આધારિત નથી જેનું મૂલ્ય સમાપ્ત થઈ ગયું છે."[16]

ભારપૂર્વક ઉમેરેલ)

૧૬. ખરક સિંહ ઘરની પવિત્રતા અને અનધિકૃત ઘૂસણખોરી સામેના રક્ષણને 'વ્યવસ્થિત સ્વતંત્રતા' નું એક અભિન્ન તત્વ માને છે. આ અનુચ્છેદ ૨૧ દ્વારા બાંયધરી આપવામાં આવેલી 'વ્યક્તિગત સ્વતંત્રતા' માં સમાવિષ્ટ છે. આ નિર્ણયે નિયમન ૨૩૬(બી) દ્વારા અધિકૃત રાત્રિના સમયે ઘરેલુ મુલાકાતોને અમાન્ય ઠેરવી હતી, તેને વ્યક્તિના ઘરમાં અનધિકૃત ઘૂસણખોરી અને વ્યક્તિગત સ્વતંત્રતાના મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન ગણાવ્યું હતું. જો કે, સામયિક તપાસ, કાયદા અમલીકરણ કર્મચારીઓ દ્વારા જાણ કરવી અને

[16] તદેવ, પૃષ્ઠ ૩૪૯ પર

હલનચલનની ચકાસણી માટે જોગવાઈ કરતી પેટા-કલમો (સી), (ડી) અને (ઈ) ની માન્યતાની વિચારણા કરતી વખતે, આ કોર્ટે નીચે મુજબ ઠેરવ્યું:

> "... શંકાસ્પદ વ્યક્તિની હિલચાલ પર નજર રાખવાથી અનુચ્છેદ ૧૯(૧)(ડી) દ્વારા બાંયધરી આપવામાં આવેલી સ્વતંત્રતાનું ઉલ્લંઘન થતું નથી. તેમજ અમે એમ પણ માનતા નથી કે અરજદારના વિદ્વાન વકીલ દ્વારા જે રીતે સૂચવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો તે સંદર્ભમાં અનુચ્છેદ ૨૧ ની કોઈ પ્રસ્તુતતા છે. પહેલેથી જ દર્શાવ્યા મુજબ, ગોપનીયતાનો અધિકાર આપણા બંધારણ હેઠળ બાંયધરીકૃત અધિકાર નથી અને તેથી વ્યક્તિની હિલચાલની ખાતરી કરવાનો પ્રયાસ, જે માત્ર એક રીત છે જેમાં ગોપનીયતાનું અતિક્રમણ થાય છે, તે ભાગ ૩ દ્વારા બાંયધરી આપેલા મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન નથી."[17]

(ભારપૂર્વક ઉમેરેલ)

પેટા-કલમો (સી), (ડી) અને (ઈ) ના સંદર્ભમાં, ઉપરોક્ત અવતરણ બહુમતીનો એવો અભિપ્રાય દર્શાવે છે કે બંધારણ હેઠળ ગોપનીયતાના અધિકારની બાંયધરી આપવામાં આવી નથી.

૧૭. ન્યાયમૂર્તિ સુબ્બા રાવ અસંમત થયા. ન્યાયમૂર્તિ સુબ્બા રાવે ઠેરવેલ કે ભાગ ૩ દ્વારા આપવામાં આવેલા અધિકારો પરસ્પર ઓવરલેપિંગ ધરાવતા ક્ષેત્રો ધરાવે છે. જ્યાં કાયદાને અનુચ્છેદ ૧૯(૧)(ડી) હેઠળ હલનચલન કરવાની

[17] તદેવ, પૃષ્ઠ ૩૫૧ પર

સ્વતંત્રતાના અધિકાર અને અનુચ્છેદ ૨૧ હેઠળ વ્યક્તિની સ્વતંત્રતાનું ઉલ્લંઘન કરનાર તરીકે પડકારવામાં આવે છે, ત્યાં તેણે અનુચ્છેદ ૧૯(૨) માં નિર્ધારિત કસોટીઓ તેમજ અનુચ્છેદ ૨૧ ની જરૂરિયાતોને સંતોષવી પડશે. ન્યાયમૂર્તિ સુબ્બા રાવે ઠેરવેલ કે:

> "તેમાં કોઈ શંકા નથી કે 'વ્યક્તિગત સ્વતંત્રતા' શબ્દપ્રયોગ એક વ્યાપક શબ્દપ્રયોગ છે અને મુક્તપણે હલનચલન કરવાનો અધિકાર વ્યક્તિગત સ્વતંત્રતાનું એક લક્ષણ છે. એવું કહેવાય છે કે મુક્તપણે હલનચલન કરવાની સ્વતંત્રતા વ્યક્તિગત સ્વતંત્રતામાંથી કોતરી કાઢવામાં આવી છે અને તેથી, અનુચ્છેદ ૨૧ માં 'વ્યક્તિગત સ્વતંત્રતા' શબ્દપ્રયોગ તે લક્ષણને બાકાત રાખે છે. અમારા મતે, આ સાચો અભિગમ નથી. બંને સ્વતંત્ર મૂળભૂત અધિકારો છે, જોકે ત્યાં ઓવરલેપિંગ છે. એક અધિકાર બીજામાંથી કોતરી કાઢવાનો કોઈ પ્રશ્ન નથી. જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાના મૂળભૂત અધિકારના ઘણા લક્ષણો છે અને તેમાંથી કેટલાક અનુચ્છેદ ૧૯ માં જોવા મળે છે. જો અનુચ્છેદ ૨૧ હેઠળ કોઈ વ્યક્તિના મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન થાય છે, તો રાજ્ય પગલાંને સમર્થન આપવા માટે કાયદા પર આધાર રાખી શકે છે; પરંતુ જ્યાં સુધી સદર કાયદો અનુચ્છેદ ૧૯(૧) દ્વારા આવરી લેવાયેલા લક્ષણો સંબંધિત હોય ત્યાં સુધી અનુચ્છેદ ૧૯(૨) માં નિર્ધારિત કસોટીને સંતોષતો ન હોય ત્યાં સુધી તે સંપૂર્ણ જવાબ હોઈ શકે નહીં. બીજા શબ્દોમાં કહીએ તો, રાજ્યએ એ

બતાવીને સંતોષ કરવો પડશે કે બંને મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન થયું નથી કે કાયદો અસ્તિત્વમાં છે અને તે બંધારણના અનુચ્છેદ ૧૯(૨) ના અર્થમાં વાજબી પ્રતિબંધ સમાન છે. પરંતુ આ કેસમાં આવો કોઈ બચાવ ઉપલબ્ધ નથી, કારણ કે સ્વીકાર્યપણે આવો કોઈ કાયદો નથી. તેથી અરજદાર કાયદેસર રીતે રજૂઆત કરી શકે છે કે રાજ્ય દ્વારા અનુચ્છેદ ૧૯(૧)(ડી) અને અનુચ્છેદ ૨૧ બંને હેઠળના તેના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કરવામાં આવ્યું છે."[18]

૧૮. ન્યાયમૂર્તિ સુબ્બા રાવે ઠેરવેલ કે અનુચ્છેદ ૨૧ વ્યક્તિના નિયંત્રણો અથવા અતિક્રમણોથી મુક્ત રહેવાના અધિકારને મૂર્ત બનાવે છે. આ દ્રષ્ટિકોણમાં, બંધારણ ગોપનીયતાના અધિકારને મૂળભૂત અધિકાર તરીકે સ્પષ્ટપણે જાહેર કરતું નથી છતાં, આવો અધિકાર વ્યક્તિગત સ્વતંત્રતા માટે આવશ્યક છે. અસંમત અભિપ્રાય સિદ્ધાંતની બાબતને નીચે મુજબ મૂકે છે:

"એક અસંસ્કારી સમાજમાં જ્યાં કોઈ અવરોધો નથી, ત્યાં માત્ર શારીરિક સંયમો વ્યક્તિગત સ્વતંત્રતામાં ઘટાડો કરી શકે છે, પરંતુ જેમ જેમ સંસ્કૃતિ આગળ વધે છે તેમ તેમ માનસિક સંયમો શારીરિક સંયમો કરતાં વધુ અસરકારક બને છે. માણસના મનને કન્ડિશન કરવા માટે વપરાતી વૈજ્ઞાનિક પદ્ધતિઓ વાસ્તવિક અર્થમાં શારીરિક સંયમો છે, કારણ કે તેઓ શારીરિક ભય પેદા કરે છે જે અપેક્ષિત અને સંભવિત ખાંચાઓ દ્વારા

[18] તદેવ, પૃષ્ઠ ૩૫૬-૩૫૭ પર

વ્યક્તિના કાર્યોને માર્ગદર્શન આપે છે. તેવી જ રીતે જે પરિસ્થિતિઓ અનિવાર્યપણે અવરોધો અને ભય સંકુલ પેદા કરે છે તેને શારીરિક સંયમો તરીકે વર્ણવી શકાય છે. તદુપરાંત, વ્યક્તિગત સ્વતંત્રતાના અધિકારમાં માત્ર તેની હિલચાલ પર મૂકવામાં આવેલા પ્રતિબંધોમાંથી મુક્ત થવાના અધિકારનો જ સમાવેશ થતો નથી, પરંતુ તેના અંગત જીવન પરના અતિક્રમણોમાંથી પણ મુક્ત રહેવાનો સમાવેશ થાય છે. એ સાચું છે કે આપણું બંધારણ ગોપનીયતાના અધિકારને મૂળભૂત અધિકાર તરીકે સ્પષ્ટપણે જાહેર કરતું નથી, પરંતુ સદર અધિકાર વ્યક્તિગત સ્વતંત્રતાનું આવશ્યક ઘટક છે. દરેક લોકશાહી દેશ પારિવારિક/ઘરેલું જીવનને પવિત્ર ગણે છે; તે તેને આરામ, શારીરિક સુખ, મનની શાંતિ અને સુરક્ષા આપે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. છેવટે, વ્યક્તિનું ઘર, જ્યાં તે તેના પરિવાર સાથે રહે છે, તે તેનો 'કિલ્લો' છે; તે તેની વ્યક્તિગત સ્વતંત્રતા પરના અતિક્રમણ સામેનો તેનો બુરજ/કોટ છે. વુલ્ફ વિરુદ્ધ કોલોરાડો [[૧૯૪૯] ૨૩૮ યુએસ ૨૫] માં પોલીસ દ્વારા મનસ્વી ઘૂસણખોરી સામે પોતાની ગોપનીયતાની સુરક્ષાના મહત્વ તરફ નિર્દેશ કરતા તે પ્રખ્યાત ન્યાયાધીશ, ન્યાયમૂર્તિ ફ્રેન્કફર્ટરના ગર્ભિત શબ્દો, અમેરિકન ઘરની જેમ ભારતીય ઘર માટે પણ કોઈ ઓછા લાગુ થઈ શકે નહીં. જો વ્યક્તિની હિલચાલ પર શારીરિક સંયમો તેની વ્યક્તિગત સ્વતંત્રતાને અસર કરે છે, તો તેના ખાનગી જીવન પર શારીરિક અતિક્રમણો તેને વધુ પ્રમાણમાં અસર કરશે. ખરેખર, માણસના શારીરિક સુખ અને સ્વાસ્થ્ય માટે તેની ગોપનીયતામાં

ગણતરીપૂર્વકની દખલગીરી કરતાં વધુ હાનિકારક કંઈ નથી. અમે, તેથી, અનુચ્છેદ ૨૧ માં વ્યક્તિગત સ્વતંત્રતાના અધિકારને વ્યક્તિ પરના પ્રતિબંધો અથવા અતિક્રમણોથી મુક્ત રહેવાના વ્યક્તિના અધિકાર તરીકે વ્યાખ્યાયિત કરીશું, પછી ભલે તે પ્રતિબંધો અથવા અતિક્રમણો સીધા લાદવામાં આવ્યા હોય અથવા ગણતરીપૂર્વકના પગલાં દ્વારા પરોક્ષ રીતે લાવવામાં આવ્યા હોય. જો તેમ સમજવામાં આવે, તો નિયમન ૨૩૬ હેઠળ દેખરેખના તમામ કૃત્યો બંધારણના અનુચ્છેદ ૨૧ હેઠળ અરજદારના મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન કરે છે."[19]

(ભારપૂર્વક ઉમેરેલ)

નોંધપાત્ર રીતે, બહુમતી માટે ન્યાયમૂર્તિ રાજગોપાલ અય્યંગર અને તેમના અસંમતિમાં ન્યાયમૂર્તિ સુબ્બા રાવ બંને વુલ્ફ વિરુદ્ધ કોલોરાડોમાં ન્યાયમૂર્તિ ફ્રેન્કફર્ટરના તે અવલોકનો પર આધાર રાખે છે જે ખાસ કરીને ગોપનીયતા તરફ નિર્દેશ કરે છે. બહુમતી, રાત્રિના સમયે ઘરેલુ મુલાકાતોને અમાન્ય કરવા માટે તેમના પર આધાર રાખતી વખતે, ઘરની પવિત્રતાને વ્યવસ્થિત સ્વતંત્રતાના ભાગ તરીકે ગણે છે. નિયમનની અન્ય જોગવાઈઓના સંદર્ભમાં, બહુમતી ગોપનીયતાના અધિકારને બંધારણીય રક્ષણ તરીકે માન્યતા આપવાનો ઇનકાર કરે છે. ન્યાયમૂર્તિ સુબ્બા રાવે ગોપનીયતાના બંધારણીય રીતે સંરક્ષિત

[19] તદેવ, પૃષ્ઠ ૩૫૮-૩૫૯ પર

અધિકારને માન્યતા આપી હતી, તેને વ્યક્તિગત સ્વતંત્રતાનું એક ઘટક ગણાવ્યું હતું.

ડી ગોપાલન સિદ્ધાંત: અલગ ખાનાઓ તરીકે મૂળભૂત અધિકારો

૧૯. જ્યારે ૧૯૫૪ માં આ કોર્ટના આઠ ન્યાયમૂર્તિઓએ એમ.પી. શર્મામાં નિર્ણય આપ્યો અને બાદમાં, ૧૯૬૨ માં છ ન્યાયમૂર્તિઓએ ખરક સિંહમાં વિવાદનો નિર્ણય કર્યો, ત્યારે ભાગ ૩ માં સમાવિષ્ટ મૂળભૂત અધિકારોનું સંચાલન કરતો પ્રબળ અને સુસ્થાપિત સિદ્ધાંત ગોપાલન સિદ્ધાંત પર આધારિત હતો. ગોપાલનમાં, છ ન્યાયમૂર્તિઓની બેંચમાંથી પાંચની બહુમતી વતી બોલતાં મુખ્ય ન્યાયમૂર્તિ કાનિયાએ અનુચ્છેદ ૧૯ અને ૨૧ વચ્ચેના સંબંધને પરસ્પર વિશિષ્ટ (એકબીજાને બાકાત રાખતો) માન્યો હતો. તપાસના આ વલણમાં, જે અનુચ્છેદ ૧૯ દ્વારા સમાવિષ્ટ હતું તે અનુચ્છેદ ૨૧ માંથી બાકાત હતું. અનુચ્છેદ ૧૯ ના સાત સ્વાતંત્ર્યો અનુચ્છેદ ૨૧ માં જીવન અથવા વ્યક્તિગત સ્વતંત્રતાના તાણાવાણામાં સમાવિષ્ટ ન હતા. તેનું પરિણામ એ આવ્યું કે અનુચ્છેદ ૧૯ દ્વારા બાંયધરી આપવામાં આવેલી કોઈપણ એક સ્વતંત્રતાને ઘટાડતો કાયદો અનુચ્છેદ ૧૯ ની કલમો ૨ થી ૬ દ્વારા નિર્ધારિત વ્યાજબીપણાની કસોટીઓને જ સંતોષવા માટે જરૂરી બનશે અને માત્ર તેને જ. ગોપાલનના પરિપ્રેક્ષ્યમાં, વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાની બાંયધરી અનુચ્છેદ ૧૯(૧)(એ) દ્વારા આપવામાં આવી હતી અને તેથી તે અનુચ્છેદ ૨૧ હેઠળની વ્યક્તિગત

સ્વતંત્રતામાંથી બાકાત હતી. અનુચ્છેદ ૨૧ માત્ર એક શેષ ભાગ હતો. મુખ્ય ન્યાયમૂર્તિ કાનિયાએ ઠેરવ્યું:

> "અનુચ્છેદ ૧૯ ને તે રીતે વાંચતાં મને એવું જણાય છે કે ભારતના સમગ્ર પ્રદેશમાં મુક્તપણે હલનચલન કરવાના અધિકારનો ખ્યાલ એ અનુચ્છેદ ૨૧ દ્વારા વિચારવામાં આવેલા 'વ્યક્તિગત સ્વતંત્રતા' ના અધિકાર કરતાં તદ્દન અલગ ખ્યાલ છે. 'વ્યક્તિગત સ્વતંત્રતા' એક અર્થમાં ઘણા વધુ અધિકારોને આવરી લે છે અને બીજા અર્થમાં તેનો મર્યાદિત અર્થ છે. દાખલા તરીકે, હલનચલન કરવાનો કે રહેવાનો અધિકાર 'વ્યક્તિગત સ્વતંત્રતા' શબ્દપ્રયોગ દ્વારા આવરી લેવામાં આવી શકે છે, જ્યારે વાણી સ્વાતંત્ર્યનો અધિકાર (અનુચ્છેદ ૧૯(૧)(એ) માં ઉલ્લેખિત) અથવા મિલકત સંપાદિત કરવાનો, રાખવાનો કે નિકાલ કરવાનો અધિકાર (અનુચ્છેદ ૧૯(૧)(એફ) માં ઉલ્લેખિત) નાગરિકની વ્યક્તિગત સ્વતંત્રતાનો ભાગ ગણી શકાય નહીં. તેઓ નાગરિકની સ્વતંત્રતાનો ભાગ બનાવે છે પરંતુ 'વ્યક્તિગત' શબ્દ દ્વારા લાદવામાં આવેલી મર્યાદા મને એવું માનવા તરફ દોરી જાય છે કે તે અધિકારો વ્યક્તિગત સ્વતંત્રતા શબ્દપ્રયોગ દ્વારા આવરી લેવામાં આવતા નથી. તેમ વાંચતાં અનુચ્છેદ ૧૯ અને ૨૧ વચ્ચે કોઈ સંઘર્ષ નથી. અનુચ્છેદ ૧૯ અને ૨૧ ની વિષયવસ્તુઓ આમ સમાન નથી અને તેઓ તદ્દન અલગ ખૂણાઓથી પોતપોતાના શબ્દો દ્વારા આવરી લેવાયેલા અધિકારો સાથે કામ પાર પાડે છે. અગાઉ જણાવ્યા

મુજબ અનુચ્છેદ ૧૯(૧) ના પેટા-કલમોમાં નિર્દિષ્ટ દરેક અધિકારના સંદર્ભમાં ચોક્કસ મર્યાદાઓ પૂરી પાડવામાં આવી છે, જ્યારે અનુચ્છેદ ૨૧ માં 'વ્યક્તિગત સ્વતંત્રતા' શબ્દપ્રયોગ સામાન્ય રીતે 'કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયા' ના સામાન્ય શબ્દપ્રયોગ દ્વારા નિયંત્રિત થાય છે."[20]

આ દ્રષ્ટિકોણમાં અનુચ્છેદ ૨૧ હેઠળ 'કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયા' 'કાયદાની યોગ્ય પ્રક્રિયા' (ડ્યૂ પ્રોસેસ ઓફ લો) નો સમાવેશ કરવા માટે વિસ્તૃત થવા સક્ષમ ન હતી. ન્યાયમૂર્તિ ફઝલ અલી અસંમત થયા. અસંમતિએ એવો અભિપ્રાય અપનાવ્યો કે મૂળભૂત અધિકારો અલગ અને વિભાજિત નથી પરંતુ સ્વતંત્રતા અને મુક્તિના સામાન્ય તાંતણાનું રક્ષણ કરે છે:

"મારા મતે, મૂળભૂત અધિકારો સાથે સંબંધિત પ્રકરણનું માળખું તેને જે સોંપવામાં આવ્યું છે તે વિચારતું નથી, એટલે કે, દરેક અનુચ્છેદ પોતે એક અલગ કોડ છે અને અન્યથી સ્વતંત્ર છે. મારા મતે, એવું કહી શકાય નહીં કે અનુચ્છેદ ૧૯, ૨૦, ૨૧ અને ૨૨ અમુક હદ સુધી એકબીજા પર ઓવરલેપ થતા નથી. ગુના માટે દોષિત ઠરેલ વ્યક્તિનો કેસ અનુચ્છેદ ૨૦ અને ૨૧ હેઠળ આવશે અને સુનાવણી પહેલાં તેની ધરપકડ અને કસ્ટડીમાં અટકાયતના સંદર્ભમાં અનુચ્છેદ ૨૨ હેઠળ પણ આવશે. નિવારક અટકાયત, જેની સાથે અનુચ્છેદ ૨૨ સંબંધિત છે, તે પણ અનુચ્છેદ ૨૧ માં ઉલ્લેખિત વ્યક્તિગત સ્વતંત્રતાથી વંચિત કરવા સમાન

[20] ગોપાલન (ઉપર નોંધ 3), પૃષ્ઠ 38-39 પર

છે, અને અનુચ્છેદ ૧૯(૧)(ડી) માં વિચારાયેલ હલનચલનની સ્વતંત્રતાના અધિકારનું ઉલ્લંઘન છે...

તે સ્પષ્ટ જણાય છે કે અનુચ્છેદ ૨૧ માં 'સ્વતંત્રતા' પહેલાં 'વ્યક્તિગત' શબ્દ ઉમેરવાથી અનુચ્છેદ ૧૯ માં વપરાયેલા શબ્દોનો અર્થ બદલાઈ શકતો નથી, તેમજ તે એવી બાબતને તેના સ્થાનથી પર મૂકી શકતો નથી જે વ્યક્તિગત સ્વતંત્રતા સાથે અતૂટ રીતે જોડાયેલી છે..."[21]

૨૦. સતવંત સિંહ સાહની વિરુદ્ધ ડી. રામારાથનમ[22] ("સતવંત સિંહ સાહની") માં, ન્યાયમૂર્તિ હિદાયતુલ્લાહે પોતાના વતી અને ન્યાયમૂર્તિ આર. એસ. બછાવત વતી અસંમત દ્રષ્ટિકોણમાં ખરક સિંહમાં ન્યાયમૂર્તિ સુબ્બા રાવના અસંમત અભિપ્રાય અને બહુમતીના વલણ વચ્ચેના સ્પષ્ટ ભેદરેખાઓની નોંધ લીધી. ન્યાયમૂર્તિ હિદાયતુલ્લાહના અવલોકનો દર્શાવે છે કે જો હલનચલનનો અધિકાર અનુચ્છેદ ૨૧ દ્વારા મૂર્ત થયેલ હોય જેનું એક પાસું અનુચ્છેદ ૧૯(૧)(ડી) દ્વારા આવરી લેવાયેલ છે, તો તે વાસ્તવમાં ખરક સિંહમાં લઘુમતી અભિપ્રાયને આગળ વધારશે:

"ન્યાયમૂર્તિ સુબ્બા રાવ(જેઓ ત્યારે હતા) એ વ્યક્તિગત સ્વતંત્રતાને શારીરિક સંયમ અથવા બળજબરીના વિરોધાભાસ તરીકે વાંચી અને શોધી કાઢ્યું કે અનુચ્છેદ ૧૯(૧) અને ૨૧ ઓવરલેપ થયા હતા. અને અનુચ્છેદ ૧૯(૧)(ડી) અનુચ્છેદ ૨૧ માં વ્યક્તિગત સ્વતંત્રતામાંથી કોતરી કાઢવામાં

[21] તદેવ, પૃષ્ઠ ૫૨-૫૩ પર

[22] (૧૯૬૭) ૩ એસસીઆર ૫૨૫

આવ્યો ન હતો. તેમના મતે, વ્યક્તિગત સ્વતંત્રતા કાયદા દ્વારા ઘટાડી શકાય છે, પરંતુ તે કાયદાએ અનુચ્છેદ ૧૯(૧) માં નિર્દિષ્ટ વિશિષ્ટ અધિકારો સંબંધિત હોય ત્યાં સુધી અનુચ્છેદ ૧૯(૨) માં કસોટી સંતોષવી જોઈએ. બીજા શબ્દોમાં કહીએ તો, રાજ્યએ એ સાબિત કરીને સંતોષ કરવો પડશે કે બંને મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન થયું નથી કે કાયદો અસ્તિત્વમાં છે અને તે બંધારણના અનુચ્છેદ ૧૯(૨) ના અર્થમાં અવાજબી પ્રતિબંધ સમાન નથી. તે કેસમાં કોઈ કાયદો ન હોવાથી, અનુચ્છેદ ૧૯(૧)(ડી) અને અનુચ્છેદ ૨૧ બંને હેઠળના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન થયું હોવાનું માનવામાં આવ્યું હતું. વિદ્વાન મુખ્ય ન્યાયમૂર્તિએ કોર્ટના નિર્ણયમાં એવો અર્થ વાંચ્યો છે જે તે દર્શાવવાનો ઈરાદો ધરાવતો નથી. તેઓ ભારતના પ્રદેશોમાં મુક્ત હિલચાલ અને હલનચલનના અધિકારને અનુચ્છેદ ૨૧ માંથી બાકાત રાખે છે અને વિદેશ પ્રવાસના અધિકારને અનુચ્છેદ ૨૧ માં મૂકે છે. તેઓ કાયદો જોવા માંગે છે અને જો તેમનો અગાઉનો તર્ક પ્રબળ રહેવાનો હોત, તો કાયદો અનુચ્છેદ ૧૯(૨) ની કસોટી પર ઊભો રહેવો જોઈએ. પરંતુ ક્લોઝ (૨) અનુચ્છેદ ૧૯(૧) માં અગાઉથી બાકાત રાખેલી બાબતો સાથે વ્યવહાર કરતો હોવાથી, તે સ્પષ્ટ છે કે તે લાગુ થશે નહીં. જે કાયદો બનાવવામાં આવ્યો છે તે માત્ર અનુચ્છેદ ૧૯ સિવાયના અન્ય અનુચ્છેદો જેવા કે અનુચ્છેદ ૧૪, ૨૦ અને ૨૨ ના આધારે જ ચકાસી શકાય છે જે એકલા આ બાબત સાથે સંબંધિત છે. બીજા શબ્દોમાં કહીએ તો, આ કેસમાં કોર્ટના બહુમતી

નિર્ણયે ન્યાયમૂર્તિ અય્યંગર ના અભિપ્રાયને ફગાવી દીધો છે અને ખરક સિંહ કેસમાં લઘુમતીના અભિપ્રાયને સ્વીકાર્યો છે...

આ દ્રષ્ટિકોણ દેખીતી રીતે ખરક સિંહ કેસમાં અનુચ્છેદ ૨૧ ના વાંચન સાથે અથડાય છે, કારણ કે ત્યાં હિલચાલ અને હલનચલનનો અધિકાર અનુચ્છેદ ૨૧ માંથી બાકાત રાખવામાં આવ્યો હતો. બીજા શબ્દોમાં કહીએ તો, વર્તમાન નિર્ણય ખરક સિંહ કેસમાં જણાવેલા બહુમતી અભિપ્રાય કરતાં તે કેસના લઘુમતી અભિપ્રાયને આગળ વધારે છે."[23]

ઈ કૂપર અને મેનકા: અધિકારો વચ્ચે આંતરસંબંધ

૨૧. મૂળભૂત અધિકારો અભેદ્ય ખાનાઓ છે તે સિદ્ધાંત આ કોર્ટના અગિયાર ન્યાયમૂર્તિઓના કૂપરના ચુકાદામાં ફગાવી દેવામાં આવ્યો હતો. ગોપાલને એવો અભિપ્રાય અપનાવ્યો હતો કે નિવારક અટકાયતનો કાયદો તેની માન્યતા માટે માત્ર અનુચ્છેદ ૨૨ ના સંદર્ભમાં જ ચકાસવામાં આવશે, જે તે વિષય સંબંધિત એક સંપૂર્ણ સંહિતા હતી. નિવારક અટકાયત પરના કાયદાએ, આ દ્રષ્ટિકોણમાં, અનુચ્છેદ ૧૯(૧)(ડી) ની કસોટી પર ઊતરવું પડતું ન હતું. ગોપાલનમાં ન્યાયમૂર્તિ ફઝલ અલીના અસંમત અભિપ્રાયની નોંધ આ કોર્ટ વતી બોલતાં ન્યાયમૂર્તિ જે. સી. શાહે કૂપરમાં લીધી હતી. ગોપાલન સિદ્ધાંતનું પરિણામ એ આવ્યું કે વ્યક્તિગત સ્વતંત્રતાની બાંયધરી દ્વારા આપવામાં આવતું રક્ષણ વ્યક્તિના અધિકારના સંબંધમાં રાજ્યના પગલાંના ઉદ્દેશ્ય દ્વારા નક્કી

[23] તદેવ, પૃષ્ઠ ૫૫૪ પર

કરવામાં આવશે અને બાંયધરી પર તેની અસર પર નહીં. આ દ્રષ્ટિકોણ સાથે અસંમત થતાં, કૂપરમાં કોર્ટે નીચે મુજબ ઠેરવ્યું:

> "... મૂળભૂત અધિકારોની બાંયધરીની જાહેરાતને ધ્યાનમાં રાખવી જરૂરી છે જેણે વિવિધ સ્વરૂપો લીધા છે. કેટલાક કિસ્સાઓમાં તે બાંયધરીકૃત અધિકારની સ્પષ્ટ ઘોષણા છે: અનુચ્છેદ ૨૯(૧), ૩૦(૧), ૨૬, ૨૫ અને ૩૨; અન્યમાં વ્યક્તિગત અધિકારોનું રક્ષણ સુનિશ્ચિત કરવા માટે તેઓ રાજ્યના પગલાં પર ચોક્કસ સ્વરૂપના પ્રતિબંધો લે છે - કાયદાકીય અથવા કારોબારી - અનુચ્છેદ ૧૪, ૧૫, ૧૬, ૨૦, ૨૧, ૨૨(૧), ૨૭ અને ૨૮; કેટલાક અન્યમાં, તે હકારાત્મક ઘોષણાનું સ્વરૂપ લે છે અને તે જ સમયે તેના પરના પ્રતિબંધની જાહેરાત કરે છે: અનુચ્છેદ ૧૯(૧) અને ૧૯(૨) થી (૬); કેટલાક કિસ્સાઓમાં, તે રાજ્યની સત્તાની સીમા નક્કી કરવાથી ગર્ભિત તરીકે ઉદ્ભવે છે, દા.ત. અનુચ્છેદ ૩૧(૧) અને ૩૧(૨); હજુ અન્યમાં, તે રાજ્ય તેમજ અન્યો સામે સામાન્ય મનાઈનું સ્વરૂપ લે છે: અનુચ્છેદ ૧૭, ૨૩ અને ૨૪. અધિકારોની અભિવ્યક્તિ કાં તો સ્પષ્ટ અથવા ગર્ભિત રીતે સમાન માળખાને અનુસરતી નથી. પરંતુ એક તાંતણો તેમનામાંથી પસાર થાય છે: તેઓ ચોક્કસ મર્યાદામાં તે અધિકારોના ઉલ્લંઘન સામે વ્યક્તિ અથવા વ્યક્તિઓના જૂથોના અધિકારોનું રક્ષણ કરવા માંગે છે. બંધારણનો ભાગ ૩ મૂળભૂત માનવ અધિકારોના માળખા પર બાંયધરીઓની ભાત વણે છે. બાંયધરીઓ તેમના ફાળવેલા ક્ષેત્રોમાં તે

અધિકારોના રક્ષણને સીમિત કરે છે: તેઓ અલગ અધિકારોની જાહેરાત કરવાનો પ્રયાસ કરતા નથી."[24]

(ભારપૂર્વક ઉમેરેલ)

૨૨. કૂપરમાં ગોપાલન સિદ્ધાંતની નાબૂદીની સાત ન્યાયમૂર્તિઓની બેંચના મેનકાના નિર્ણયમાં પુનઃસમીક્ષા કરવામાં આવી હતી. ત્રણ ન્યાયમૂર્તિઓના મુખ્ય અભિપ્રાય આપનાર ન્યાયમૂર્તિ પી. એન. ભગવતીએ ઠેરવેલ કે કૂપરનો ચુકાદો (ખરક સિંહમાં) ન્યાયમૂર્તિ સુબ્બા રાવના અસંમત અભિપ્રાયને માન્ય બંધારણીય સ્થિતિ વ્યક્ત કરતો હોવાની પુષ્ટિ કરે છે. તેથી મેનકામાં કોર્ટે ઠેરવેલ કે:

"તે ખરક સિંહ વિરુદ્ધ સ્ટેટ ઓફ યુ.પી. [એ.આઈ.આર. ૧૯૬૩ એસસી ૧૨૯૫ : (૧૯૬૪) ૧ એસસીઆર ૩૩૨ : (૧૯૬૩) ૨ ક્રી. એલજે ૩૨૯] માં હતું કે 'વ્યક્તિગત સ્વતંત્રતા' શબ્દપ્રયોગના યોગ્ય વ્યાપ અને અર્થ અંગેનો પ્રશ્ન આ કોર્ટ સમક્ષ પ્રથમ વખત સ્પષ્ટપણે વિચારણા માટે આવ્યો હતો. ન્યાયમૂર્તિઓની બહુમતીએ એવો અભિપ્રાય લીધો હતો કે 'વ્યક્તિગત સ્વતંત્રતા' નો ઉપયોગ અનુચ્છેદમાં એક સંક્ષિપ્ત શબ્દ તરીકે કરવામાં આવ્યો છે જેથી અનુચ્છેદ ૧૯(૧) ની કેટલીક કલમોમાં વિચારણા કરાયેલા અધિકારો સિવાય માણસની 'વ્યક્તિગત સ્વતંત્રતાઓ' બનાવતા તમામ પ્રકારના અધિકારોને પોતાની અંદર સમાવી શકાય.

[24] કૂપર (ઉપર નોંધ ૪), પૃષ્ઠ ૨૮૯ પર (પેરા ૫૨)

બીજા શબ્દોમાં કહીએ તો, જ્યારે અનુચ્છેદ ૧૯(૧) તે સ્વતંત્રતાની ચોક્કસ જાતિઓ અથવા લક્ષણો સાથે સંબંધિત છે, ત્યારે અનુચ્છેદ ૨૧ માં 'વ્યક્તિગત સ્વતંત્રતા' બાકીના ભાગને સમાવે છે. લઘુમતી ન્યાયમૂર્તિઓએ, જોકે, બહુમતી દ્વારા લેવાયેલા આ દ્રષ્ટિકોણ સાથે અસંમતિ દર્શાવી અને નીચેના શબ્દોમાં પોતાની સ્થિતિ સમજાવી: 'તેમાં કોઈ શંકા નથી કે 'વ્યક્તિગત સ્વતંત્રતા' શબ્દપ્રયોગ એક વ્યાપક શબ્દપ્રયોગ છે અને મુક્તપણે હલનચલન કરવાનો અધિકાર વ્યક્તિગત સ્વતંત્રતાનું એક લક્ષણ છે. એવું કહેવાય છે કે મુક્તપણે હલનચલન કરવાની સ્વતંત્રતા વ્યક્તિગત સ્વતંત્રતામાંથી કોતરી કાઢવામાં આવી છે અને તેથી, અનુચ્છેદ ૨૧ માં 'વ્યક્તિગત સ્વતંત્રતા' શબ્દપ્રયોગ તે લક્ષણને બાકાત રાખે છે. અમારા મતે, આ સાચો અભિગમ નથી. બંને સ્વતંત્ર મૂળભૂત અધિકારો છે, જોકે ત્યાં ઓવરલેપિંગ છે. એક અધિકાર બીજામાંથી કોતરી કાઢવાનો કોઈ પ્રશ્ન નથી. જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાના મૂળભૂત અધિકારના ઘણા લક્ષણો છે અને તેમાંથી કેટલાક અનુચ્છેદ ૧૯ માં જોવા મળે છે. જો અનુચ્છેદ ૨૧ હેઠળ કોઈ વ્યક્તિના મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન થાય છે, તો રાજ્ય પગલાંને સમર્થન આપવા માટે કાયદા પર આધાર રાખી શકે છે, પરંતુ જ્યાં સુધી સદર કાયદો અનુચ્છેદ ૧૯(૧) દ્વારા આવરી લેવાયેલા લક્ષણો સંબંધિત હોય ત્યાં સુધી અનુચ્છેદ ૧૯(૨) માં નિર્ધારિત કસોટીને સંતોષતો ન હોય ત્યાં સુધી તે સંપૂર્ણ જવાબ હોઈ શકે નહીં.' આ કોર્ટના આર. સી. કૂપર વિરુદ્ધ યુનિયન

ઓફ ઇન્ડિયા. [(૧૯૭૦) ૨ એસસીસી ૨૯૮ : (૧૯૭૧) ૧ એસસીઆર ૫૧૨] ના નિર્ણયને ધ્યાનમાં લેતાં તેમાં કોઈ શંકા હોઈ શકે નહીં કે લઘુમતી દ્રષ્ટિકોણને સાચો ગણવો જોઈએ અને બહુમતી દ્રષ્ટિકોણને રદબાતલ ઠેરવવામાં આવ્યો હોવાનું માનવું જોઈએ."[25]

(ભારપૂર્વક ઉમેરેલ)

૨૩. મેનકાના નિર્ણયને અનુસરીને, સ્થાપિત બંધારણીય સિદ્ધાંત એ છે કે અનુચ્છેદ ૨૧ માં 'વ્યક્તિગત સ્વતંત્રતા' શબ્દપ્રયોગ વિવિધ અધિકારોને આવરી લે છે, જેમાંથી કેટલાકને 'વિશિષ્ટ મૂળભૂત અધિકારોનો દરજ્જો આપવામાં આવ્યો છે' અને અનુચ્છેદ ૧૯ હેઠળ વધારાનું રક્ષણ આપવામાં આવ્યું છે. પરિણામે, સતવંત સિંહ સાહનીમાં, વિદેશ પ્રવાસના અધિકારને અનુચ્છેદ ૨૧ ની અંદર સમાવિષ્ટ માનવામાં આવ્યો હતો જેના પરિણામે તે અધિકારથી વંચિત કરવાનું માત્ર 'કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયા' દ્વારા જ થઈ શકે છે. પાસપોર્ટ અધિનિયમ, ૧૯૬૭ ઘડાયો તે પહેલાં, વિદેશ પ્રવાસના અધિકારનું નિયમન કરતો કોઈ કાયદો ન હતો જેના પરિણામે પાસપોર્ટ આપવાનો ઇનકાર કરતો પાસપોર્ટ અધિકારીનો આદેશ અમાન્ય ઠેરવવામાં આવ્યો હતો. મેનકાના નિર્ણયે મૂળભૂત અધિકારોના પરસ્પર ઓવરલેપિંગ સ્વરૂપના બંધારણીય સિદ્ધાંતને તેના તાર્કિક નિષ્કર્ષ સુધી પહોંચાડ્યો. અનુચ્છેદ ૧૪ હેઠળ રાજ્યના મનસ્વી પગલાં સામેની બાંયધરીનો પાયો જે વ્યાજબીપણું છે તે અનુચ્છેદ ૨૧ માં ભળી જાય છે. અનુચ્છેદ ૨૧ હેઠળ

[25] મેનકા (ઉપર નોંધ ૫), પૃષ્ઠ ૨૭૮ પર (પેરા ૫)

જીવન અથવા વ્યક્તિગત સ્વતંત્રતાથી વંચિત કરવાની જોગવાઈ કરતો કાયદો માત્ર કોઈ પણ પ્રક્રિયા જ નહીં પરંતુ એવી પ્રક્રિયા નિર્ધારિત કરતો હોવો જોઈએ જે ન્યાયી, ઉચિત અને વાજબી હોય.

૨૪. એમ.પી. શર્મા અને ખરક સિંહના નિર્ણયોએ ગોપાલનમાં બહુમતીના દ્રષ્ટિકોણ પર આધારિત અનુચ્છેદ ૧૯ અને ૨૧ વચ્ચેના સંબંધ પર સૈદ્ધાંતિક વલણ અપનાવ્યું હતું. આ દ્રષ્ટિકોણ ખાસ કરીને કૂપરના ચુકાદા અને મેનકામાં સિદ્ધાંતના ત્યારપછીના વિધાન દ્વારા રદબાતલ ઠરે છે. મેનકાના નિર્ણયે, વાસ્તવમાં, સ્પષ્ટપણે માન્યતા આપી હતી કે તે ખરક સિંહમાં ન્યાયમૂર્તિ સુબ્બા રાવનો અસંમત ચુકાદો છે જે સાચા બંધારણીય સિદ્ધાંતની સમજૂતી રજૂ કરે છે. જે ન્યાયશાસ્ત્રીય પાયો ત્રેસઠ વર્ષ પહેલાં એમ.પી. શર્મામાં અને પંચાવન વર્ષ પહેલાં ખરક સિંહમાં ચલણમાં હતો તેણે બંધારણીય કાયદામાં હવે સુસ્થાપિત સ્થિતિને માર્ગ આપ્યો છે. પ્રથમ, મૂળભૂત અધિકારો સ્વતંત્રતા અને ગૌરવની મૂળભૂત વિભાવનાઓમાંથી ઉદ્ભવે છે અને અનુચ્છેદ ૧૯ હેઠળ વિશિષ્ટ રીતે સંરક્ષિત અધિકારો તરીકે સ્વતંત્રતાના કેટલાક પાસાઓની ગણતરી અનુચ્છેદ ૨૧ ને તેના વ્યાપક દાયરાથી વંચિત કરતી નથી. બીજું, મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કરતા કાયદાની માન્યતા રાજ્યના પગલાંના ઉદ્દેશ્યના સંદર્ભમાં નહીં પરંતુ સ્વતંત્રતાની બાંયધરીઓ પર તેની અસરના આધારે ચકાસવી પડશે. ત્રીજું, અનુચ્છેદ ૧૪ ની આવશ્યકતા કે રાજ્યનું પગલું મનસ્વી ન હોવું જોઈએ અને વ્યાજબીપણાની જરૂરિયાત પૂરી કરવી જોઈએ, તે ભાગ ૩ માં બંધારણીય બાંયધરીઓને અર્થ આપે છે.

૨૫. એમ.પી. શર્મા અને ખરક સિંહના નિર્ણયોના અંતર્ગત મૂળભૂત આધારનું સૈદ્ધાંતિક અમાન્યકરણ હજુ પણ ગોપાનિયતા એ બંધારણના ભાગ ૩ દ્વારા સંરક્ષિત અધિકાર છે કે કેમ તે મુદ્દો વિચારણા માટે ખુલ્લો રાખે છે. બંને નિર્ણયોમાં એવા અવલોકનો છે કે બંધારણમાં ગોપનીયતાના અધિકારનું કોઈ ચોક્કસ રક્ષણ શામેલ નથી. હાલમાં, આ બાબતને બે કેસોમાં વાસ્તવમાં શું વિવાદ હતો તે પરિપ્રેક્ષ્યથી જોઈ શકાય છે. એમ.પી. શર્મા એવો કેસ હતો જ્યાં ગુનાઓની તપાસ માટે દસ્તાવેજો મેળવવા માટે તલાશી નિર્ધારિત કરતા કાયદાને અનુચ્છેદ ૨૦(૩) માં સ્વયં-દોષારોપણ સામેની બાંયધરીથી વિપરીત હોવા તરીકે પડકારવામાં આવ્યો હતો. કોર્ટે તે દલીલને ફગાવી દીધી હતી કે દસ્તાવેજોની તલાશીએ ગુનાના આરોપી વ્યક્તિને પોતાની વિરુદ્ધ સાક્ષી બનવા દબાણ કર્યું હતું. દસ્તાવેજો રજૂ કરવાની નોટિસથી વિપરીત, જે વ્યક્તિને સંબોધવામાં આવે છે અને જેનું પાલન સાક્ષીય કૃત્ય રચે છે, સર્ચ વોરંટ અને ત્યારપછીની જપ્તી એ અનુચ્છેદ ૨૦(૩) ના અર્થમાં જે વ્યક્તિને વોરંટ સંબોધવામાં આવ્યું છે તેના સાક્ષીય કૃત્યો નથી. કોર્ટે આ ઠરાવ્યા પછી, એમ.પી. શર્માનો વિવાદ ત્યાં જ શાંત થઈ જશે. એમ.પી. શર્મામાં એવા અવલોકનો કે બંધારણના ઘડવૈયાઓએ ગોપનીયતાના મૂળભૂત અધિકારને માન્યતા આપીને (યુએસ ચોથા સુધારાની જેમ) સર્ચ અને જપ્તીની નિયમનકારી સત્તાને બંધારણીય મર્યાદાઓને આધીન રાખવાનું યોગ્ય માન્યું ન હતું, અને તેને 'તદ્દન અલગ મૂળભૂત અધિકાર' માં આયાત કરવાનું કોઈ ઔચિત્ય ન હતું, તે વધુમાં વધુ છૂટાછવાયા અવલોકનો છે.

૨૬. એમ.પી. શર્માના નિર્ણયમાં ઠરાવવામાં આવ્યું હતું કે યુએસ બંધારણના ચોથા સુધારા જેવી જોગવાઈના અભાવે, ભારતીય બંધારણમાં ગોપનીયતાનો અધિકાર વાંચી શકાય નહીં. એમ.પી. શર્માના નિર્ણયે એ નક્કી કર્યું ન હતું કે શું ગોપનીયતાનો બંધારણીય અધિકાર મૂળભૂત અધિકારોમાં સમાવિંષ્ટ અન્ય જોગવાઈઓ દ્વારા સ રક્ષિત છે કે નહીં, જેમાં તેમની વચ્ચે અનુચ્છેદ ૨૧ હેઠળ જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાનો અધિકાર શામેલ છે. તેથી આ નિર્ણયને અનુચ્છેદ ૧૯ અથવા ૨૧ સહિત સંરક્ષિત બાંયધરીઓના માળખા હેઠળ ગોપનીયતાના રક્ષણને વિશિષ્ટ રીતે બાકાત રાખતો હોવાનું અર્થઘટન કરી શકાય નહીં. ગોપનીયતાની સ્પષ્ટ બંધારણીય બાંયધરીનો અભાવ હજુ પણ એ પ્રશ્ન પૂછે છે કે શું ગોપનીયતા સ્વતંત્રતાનું એક તત્વ છે અને માનવ ગૌરવના અભિન્ન ભાગ તરીકે જીવનના રક્ષણની અંદર પણ સમાવિષ્ટ છે.

૨૭. ખરક સિંહનો નિર્ણય નોંધપાત્ર છે કારણ કે રાત્રિની ઘરેલુ મુલાકાતો માટે જોગવાઈ કરતા પોલીસ નિયમોના નિયમન ૨૩૬(બી) ને અમાન્ય કરતી વખતે, બહુમતીએ તેને વ્યક્તિના ઘરમાં અનધિકૃત ઘૂસણખોરી અને વ્યવસ્થિત સ્વતંત્રતાનું ઉલ્લંઘન ગણાવ્યું હતું. આ નિષ્કર્ષ પર પહોંચતી વખતે, બહુમતીએ વુલ્ફ વિરુદ્ધ કોલોરાડોમાં યુએસ સુપ્રિમ કોર્ટ વતી બોલતાં ન્યાયમૂર્તિ ફ્રેન્કફર્ટર દ્વારા જાહેર કરાયેલા ગોપનીયતાના સિદ્ધાંત પર આધાર રાખ્યો હતો (બહુમતી ચુકાદામાં ટાંકવામાં આવેલ વુલ્ફમાંથી અવતરણ ખાસ કરીને બે વાર 'ગોપનીયતા' નો ઉલ્લેખ કરે છે). ઘરેલુ મુલાકાતોને અમાન્ય ઠેરવવા માટે આ

સિદ્ધાંત પર આધાર રાખ્યા પછી, ખરક સિંહમાં બહુમતીએ નિયમન ૨૩૯ ની અન્ય કલમો સામેના પડકારને એ આધારે ફગાવી દીધો કે બંધારણ હેઠળ ગોપનીયતાના અધિકારની બાંયધરી આપવામાં આવી નથી અને તેથી અનુચ્છેદ ૨૧ લાગુ પડતો નથી. ખરક સિંહમાં ચુકાદાનો આ ભાગ નિર્ણયના અગાઉના ભાગ સાથે અસંગત છે. ખરક સિંહમાં બહુમતીનો નિર્ણય આંતરિક અસંગતતાથી પીડાય છે.

એફ ગોપનીયતાના મૂળ

૨૮. (ભારતીય સંઘ જે દાવો કરે છે તે મુજબ) આ વિભાવના વર્ણન ન કરી શકાય તેટલી અસ્પષ્ટ છે કે કેમ તે સમજવા માટે ગોપનીયતાના મૂળનું મૂલ્યાંકન આવશ્યક છે. સરકારની રજૂઆત એ છે કે કોર્ટ એવી ન્યાયિક વિભાવનાને માન્યતા આપી શકતી નથી જે એટલી અસ્પષ્ટ અને અનિશ્ચિત છે કે તે બંધારણીય ચકાસણીનો સામનો કરવામાં નિષ્ફળ જાય છે. આ બાબત ગોપનીયતાના મૂળનું વિશ્લેષણ કરવાનું અને તેના વિકાસને શોધવાનું જરૂરી બનાવે છે.

૨૯. ગ્રીક ફિલસૂફ એરિસ્ટોટલે રાજકીય બાબતોના જાહેર ક્ષેત્ર (જેને તેમણે પોલિસ કહ્યું) અને માનવ જીવનના અંગત ક્ષેત્ર (જેને ઓઇકોસ કહ્યું) વચ્ચેના વિભાજનની વાત કરી હતી. આ દ્વિભાજન "નાગરિક વતી ગોપનીય ક્ષેત્ર" ની પ્રારંભિક માન્યતા પૂરી પાડી શકે છે.[26] જાહેર અને ખાનગી ક્ષેત્રો વચ્ચેના

[26] માઇકલ સી. જેમ્સ, "એ કમ્પેરેટિવ એનાલિસિસ ઓફ ધ રાઇટ ટુ પ્રાઇવસી ઇન ધ યુનાઇટેડ સ્ટેટ્સ, કેનેડા એન્ડ યુરોપ", કનેક્ટિકટ જર્નલ ઓફ ઇન્ટરનેશનલ લો (વસંત ૨૦૧૪), ભાગ

એરિસ્ટોટલના ભેદને જાહેર ક્ષેત્ર હેઠળ આવતી પ્રવૃત્તિઓ સુધી સરકારી સત્તાને પ્રતિબંધિત કરવા માટેનો આધાર પૂરો પાડતો ગણી શકાય છે. બીજી તરફ, ખાનગી ક્ષેત્રની પ્રવૃત્તિઓ "ખાનગી ચિંતન, પારિવારિક સંબંધો અને આત્મનિર્ણય"[27] માટે વધુ યોગ્ય રીતે અનામત છે.

૩૦. ચોક્કસ સ્તરે, ગોપનીયતાના સિદ્ધાંતના વિકાસે જાહેર - ખાનગી ભેદને અનુસર્યો છે. વિલિયમ બ્લેકસ્ટોને તેમના કૉમેન્ટરીઝ ઓન ધ લૉઝ ઓફ ઇંગ્લેન્ડ (૧૭૬૫) માં અન્યાયોને ખાનગી અન્યાયો અને જાહેર અન્યાયોમાં વિભાજિત કરતી વખતે આ ભેદ વિશે વાત કરી હતી. ખાનગી અન્યાયો એ માત્ર વ્યક્તિઓ સંબંધિત ચોક્કસ અધિકારોનું ઉલ્લંઘન છે અને તે દીવાની ઇજાઓ (સિવિલ ઇન્જરીઝ) ના સ્વરૂપમાં છે. જાહેર અન્યાયો સમગ્ર સમુદાયને અસર કરતા સામાન્ય અને જાહેર અધિકારોનો ભંગ રચે છે અને તેમના મતે, તેને ગુનાઓ અને દુરાચારો (ક્રાઇમ્સ એન્ડ મિસ્ડિમીનર્સ) કહેવામાં આવે છે.

૩૧. જોન સ્ટુઅર્ટ મિલે તેમના નિબંધ 'ઓન લિબર્ટી' (૧૮૫૯) માં એવા ક્ષેત્રને સાચવવાની જરૂરિયાત વ્યક્ત કરી હતી કે જેમાં નાગરિકની સ્વતંત્રતા રાજ્યની સત્તાથી મુક્ત રહેશે. મિલના મતે:

"કોઈપણ વ્યક્તિના આચરણનો એકમાત્ર ભાગ, જેના માટે તે સમાજને જવાબદાર છે, તે એ છે જે અન્ય લોકો સાથે સંબંધિત છે. જે ભાગમાં માત્ર

૨૯, અંક ૨, પૃષ્ઠ ૨૬૧ પર

[27] તદેવ, પૃષ્ઠ ૨૬૨ પર

પોતાની જાત સાથે સંબંધ છે, તેની સ્વતંત્રતા અધિકારની દ્રષ્ટિએ સંપૂર્ણ છે. પોતાની જાત પર, પોતાના શરીર અને મન પર, વ્યક્તિ સાર્વભૌમ છે."[28]

"સ્વતંત્રતા અને સત્તા વચ્ચેના સંઘર્ષ"[29] વિશે વાત કરતી વખતે, મિલે સ્થાપિત કર્યું કે બહુમતીના જુલમને નાગરિક અધિકારો જેવા કે ગોપનીયતા, મુક્ત વાણી, સભા અને અભિવ્યક્તિના વ્યક્તિગત અધિકારની માન્યતા દ્વારા કાબૂમાં રાખી શકાય છે.

૩૨. ઓસ્ટીને તેમના લેક્ચર્સ ઓન જ્યુરિસપ્રુડન્સ (૧૮૬૯) માં જાહેર અને ખાનગી ક્ષેત્રો વચ્ચેના ભેદ વિશે વાત કરી હતી: જસ પબ્લિકમ (જાહેર કાયદો) અને જસ પ્રાઇવેટમ (ખાનગી કાયદો).

જાહેર અને ખાનગી ક્ષેત્રો વચ્ચેના ભેદની પોતાની મર્યાદાઓ છે. જો ગોપનીયતાનું રક્ષણ કરવાનું કારણ વ્યક્તિનું ગૌરવ છે, તો તેના અસ્તિત્વનો તર્ક માત્ર એટલા માટે સમાપ્ત થતો નથી કારણ કે વ્યક્તિએ જાહેર ક્ષેત્રમાં અન્ય લોકો સાથે વાતચીત કરવી પડે છે. જાહેર શેરીમાં વ્યક્તિ જે હદ સુધી ગોપનીયતાની અપેક્ષા રાખે છે તે ઘરની પવિત્રતામાં રાખવામાં આવતી અપેક્ષા કરતાં અલગ હોઈ શકે છે. તેમ છતાં જો ગૌરવ એ અંતર્ગત લક્ષણ છે, તો ગોપનીયતાના અધિકારને માન્યતા આપવાનો આધાર જાહેર સ્થળોએ પણ નષ્ટ થતો નથી. માન્ય રાજ્ય

[28] જોન સ્ટુઅર્ટ મિલ, ઓન લિબર્ટી, બટોશ બુક્સ (૧૮૫૯), પૃષ્ઠ ૧૩ પર
[29] તદેવ, પૃષ્ઠ ૬ પર

નિયમનની મર્યાદા, જોકે, સરકારી સત્તાની વાજબી ચિંતાઓના આધારે અલગ હોઈ શકે છે.

૩૩. અમેરિકન બંધારણના ઘડવૈયા જેમ્સ મેડિસને માનવીના અવિભાજ્ય મિલકત અધિકારોની આનુષંગિક ઘટના તરીકે નાગરિકની ક્ષમતાઓના રક્ષણની વિચારણા કરી હતી. તેમના શબ્દોમાં:

"અગાઉના અર્થમાં, માણસની જમીન, અથવા વેપારી માલ, અથવા પૈસાને તેની મિલકત કહેવામાં આવે છે. પછીના અર્થમાં, માણસ પાસે તેના મંતવ્યો અને તેના મુક્ત સંચારમાં મિલકત છે...

તેની પાસે પોતાની ક્ષમતાઓનો મુક્ત ઉપયોગ કરવા અને તેનો ઉપયોગ કરવા માટેના વિષયોની મુક્ત પસંદગીમાં સમાન મિલકત હિત છે. એક શબ્દમાં, જેમ માણસ પાસે તેની મિલકતનો અધિકાર હોવાનું કહેવાય છે, તેમ તે સમાન રીતે તેના અધિકારોમાં મિલકત ધરાવતો હોવાનું કહી શકાય. જ્યાં અતિશય સત્તા પ્રવર્તે છે, ત્યાં કોઈપણ પ્રકારની મિલકતનો યોગ્ય આદર થતો નથી. કોઈ પણ માણસ તેના મંતવ્યો, તેના વ્યક્તિત્વ, તેની ક્ષમતાઓ અથવા તેની મિલકતોમાં સુરક્ષિત નથી.

અંતરાત્મા એ તમામ મિલકતોમાં સૌથી પવિત્ર છે; અન્ય મિલકત અંશતઃ હકારાત્મક કાયદા પર આધારિત છે; તેનો ઉપયોગ કુદરતી અને અવિભાજ્ય અધિકાર છે. માણસના ઘરને તેના કિલ્લા તરીકે રક્ષણ આપવું, જાહેર કર ચૂકવવા

અને ખાનગી દેવાની ચૂકવણી સૌથી ચોક્કસ વિશ્વાસ સાથે લાગુ કરવી, તે માણસના અંતરાત્મા પર આક્રમણ કરવાનો કોઈ હક આપી શકતી નથી જે તેના કિલ્લા કરતાં વધુ પવિત્ર છે, અથવા તેમાંથી રક્ષણનું તે ઋણ રોકી શકતી નથી, જેના માટે સામાજિક કરારની વાસ્તવિક પ્રકૃતિ અને મૂળ શરતો દ્વારા જાહેર વિશ્વાસનું વચન આપવામાં આવ્યું છે."[30]

મેડિસને અવિભાજ્ય ક્ષેત્રની માન્યતાને મિલકતના અવિભાજ્ય અધિકાર સાથે જોડી દીધી. મિલકતનું અર્થઘટન મૂર્ત અને અમૂર્ત બાબતોને સમાવવા માટે અને આખરે પોતાના અંતરાત્મા પરના નિયંત્રણ સુધીના વ્યાપક અર્થમાં કરવામાં આવ્યું છે.

૩૪. હાર્વર્ડ લો રિવ્યુમાં ૧૫ ડિસેમ્બર ૧૮૯૦ ના રોજ પ્રકાશિત એક લેખમાં, સેમ્યુઅલ ડી. વોરેન અને લુઈસ બ્રાન્ડેઈસે જીવનના અધિકારને "માણસના આધ્યાત્મિક સ્વભાવ, તેની લાગણીઓ અને તેની બુદ્ધિની માન્યતા"[31] તરીકે સમાવવા માટે કાયદાના વિકાસ તરફ ધ્યાન દોર્યું. જેમ જેમ કાનૂની અધિકારો વિસ્તૃત થયા, તેમ તેમ જીવનના અધિકારનો અર્થ "જીવનનો આનંદ માણવાનો અધિકાર - એકલા રહેવાનો અધિકાર" બન્યો. એ સ્વીકારતાં કે "જીવનના દુઃખ, સુખ અને નફાનો માત્ર એક ભાગ જ ભૌતિક વસ્તુઓમાં રહેલો છે" અને "વિચારો, લાગણીઓ અને સંવેદનાઓ કાનૂની માન્યતાની માંગ કરે છે",

---

[30] જેમ્સ મેડિસન, "એસે ઓન પ્રોપર્ટી", ગેઇલાર્ડ હન્ટ સંપાદિત, ધ રાઇટિંગ્સ ઓફ જેમ્સ મેડિસન (૧૯૦૬), ભાગ ૬, પૃષ્ઠ ૧૦૧-૧૦૩ પર.

[31] વોરેન અને બ્રાન્ડેઈસ, "ધ રાઇટ ટુ પ્રાઇવસી", હાર્વર્ડ લો રિવ્યુ (૧૮૯૦), ભાગ ૪, નં. ૫, પૃષ્ઠ ૧૯૩ પર

વોરેન અને બ્રાન્ડેઇસે એક ઊંડી દ્રષ્ટિ સાથે એકલા રહેવાના અધિકાર પર ટેકનોલોજીની અસર જાહેર કરી:

> "તાજેતરની શોધો અને વ્યવસાયિક પદ્ધતિઓ વ્યક્તિના રક્ષણ માટે અને ન્યાયાધીશ કુલી જેને 'એકલા રહેવાનો' અધિકાર કહે છે તે વ્યક્તિને સુરક્ષિત કરવા માટે લેવા જોઈતા આગામી પગલા તરફ ધ્યાન દોરે છે. ત્વરિત ફોટોગ્રાફ્સ અને અખબારી સાહસોએ ખાનગી અને ઘરેલું જીવનના પવિત્ર પરિસરમાં ઘૂસણખોરી કરી છે; અને અસંખ્ય યાંત્રિક ઉપકરણો એવી આગાહી સાચી પાડવાની ધમકી આપે છે કે 'જે કબાટમાં ગણગણાટ થાય છે તે છાપરેથી જાહેર કરવામાં આવશે'. વર્ષોથી એવી લાગણી પ્રવર્તી રહી છે કે કાયદાએ ખાનગી વ્યક્તિઓના ચિત્રોના અનધિકૃત પ્રસારણ માટે કોઈ ઉપાય પૂરો પાડવો જોઈએ...
>
> જીવનની તીવ્રતા અને જટિલતા, વધતી સંસ્કૃતિ સાથે જોડાયેલી, દુનિયામાંથી થોડી પીછેહઠ જરૂરી બનાવી છે, અને માણસ, સંસ્કૃતિના શુદ્ધ પ્રભાવ હેઠળ, પ્રચાર પ્રત્યે વધુ સંવેદનશીલ બન્યો છે, જેથી એકાંત અને ગોપનીયતા વ્યક્તિ માટે વધુ આવશ્યક બની ગયા છે; પરંતુ આધુનિક સાહસ અને શોધે, તેની ગોપનીયતા પરના અતિક્રમણો દ્વારા, તેને માનસિક પીડા અને તકલીફને આધીન કર્યો છે, જે માત્ર શારીરિક ઈજા દ્વારા પહોંચાડવામાં આવી શકે તેના કરતાં ઘણી વધારે છે."[32]

[32] તદેવ, પૃષ્ઠ ૧૯૫-૧૯૬ પર

તેમના મહત્વપૂર્ણ લેખમાં, વોરેન અને બ્રાન્ડેઈસે અવલોકન કર્યું કે:

"જે સિદ્ધાંત અંગત લખાણો અને અન્ય તમામ વ્યક્તિગત નિર્માણોનું રક્ષણ કરે છે, ચોરી અને શારીરિક કબજા સામે નહીં, પરંતુ કોઈપણ સ્વરૂપમાં પ્રકાશન સામે, તે વાસ્તવમાં ખાનગી મિલકતનો સિદ્ધાંત નથી, પરંતુ અખંડ વ્યક્તિત્વનો સિદ્ધાંત છે."[33]

(ભારપૂર્વક ઉમેરેલ)

આમ, "એકલા રહેવાનો" અધિકાર એ "એક અખંડ વ્યક્તિત્વ" ની અભિવ્યક્તિ રજૂ કરતો હતો, જે સ્વતંત્રતા અને મુક્તિનું એવું મૂળ હાર્દ હતું કે જેમાં માનવી કોઈપણ ઘૂસણખોરીથી મુક્ત હોવો જોઈતો હતો. જે ટેકનોલોજીએ વ્યક્તિની ગોપનીયતા જાળવી રાખવાની જરૂરિયાત માટે વાજબીપણું પૂરું પાડ્યું હતું તે ફોટોગ્રાફીનો વિકાસ હતો. એકલા રહેવાનો અધિકાર એ મિલકતની આનુષંગિક બાબત એટલો નહોતો જેટલો તે માનવ વ્યક્તિત્વના અખંડ સ્વરૂપનું પ્રતિબિંબ હતો.

૩૫. ટેકનોલોજીની અસર પર વોરેન અને બ્રાન્ડેઈસના મજબૂત અવલોકનો આજે ઈન્ટરનેટ અને માહિતી ટેકનોલોજીના પ્રભુત્વવાળા વૈશ્વિક વિશ્વમાં સતત સુસંગતતા ધરાવે છે. જેમ જેમ સમાજો વિકસિત થયા છે, તેમ તેમ ગોપનીયતાના અર્થ અને દાયરા પણ વિકસિત થયા છે.

[33] તદેવ, પૃષ્ઠ ૨૦૫ પર

૩૬. જોકે ઘણા સમકાલીન વર્ણનો 'ગોપનીયતાના અધિકાર' ની આધુનિક વિભાવનાને વોરેન અને બ્રાન્ડેઇસના લેખને આભારી માને છે, પરંતુ ઐતિહાસિક સામગ્રી દર્શાવે છે કે તે થોમસ કુલી હતા જેમણે તેમના ટ્રીટાઇઝ ઓન ધ લો ઓફ ટોર્ટસ[34] માં "એકલા રહેવાનો અધિકાર" વાક્ય અપનાવ્યું હતું. વ્યક્તિગત મુક્તિની ચર્ચા કરતાં કુલીએ જણાવ્યું હતું:

"પોતાના શરીરનો અધિકાર સંપૂર્ણ મુક્તિનો અધિકાર કહી શકાય; એકલા રહેવાનો અધિકાર."[35]

રોસ્કો પાઉન્ડે વોરેન અને બ્રાન્ડેઇસના લેખને "આપણા કાયદામાં એક પ્રકરણ ઉમેરવા કરતાં ઓછું કંઈ નહીં"[36] તરીકે વર્ણવ્યો હતો. જો કે, આ વિષય પરના અન્ય એક લેખક જણાવે છે કે:

"ગોપનીયતાનો આ અધિકાર નવો ન હતો. વોરેન અને બ્રાન્ડેઇસે 'ગોપનીયતાનો અધિકાર' વાક્ય પણ ઘડ્યું ન હતું, કે તેનું સામાન્ય ઉપનામ 'એકલા રહેવાનો અધિકાર' પણ ઘડ્યું ન હતું."[37]

---

[34] થોમસ એમ. કુલી, એ ટ્રીટાઇઝ ઓન ધ લો ઓફ ટોર્ટસ (૧૮૮૮), બીજી આવૃત્તિ, પૃષ્ઠ ૨૯ પર

[35] તદેવ, પૃષ્ઠ ૨૯ પર

[36] ડોરોથી જે. ગ્લેન્સી, "ધ ઇન્વેન્શન ઓફ ધ રાઇટ ટુ પ્રાઇવસી", એરિઝોના લો રિવ્યુ (૧૯૭૯) ભાગ ૨૧, નં. ૧, પૃષ્ઠ ૧ પર. આ લેખ રોસ્કો પાઉન્ડના અવતરણનો સંદર્ભ અલ્ફિયસ મેસન, બ્રાન્ડેઇસ : અ ફ્રી મેન્સ લાઇફ ૭૦ (૧૯૫૬) માં ટાંક્યા મુજબ "રોસ્કો પાઉન્ડ તરફથી વિલિયમ ચિલ્ટનને પત્ર (૧૯૧૬)" તરીકે દર્શાવે છે.

[37] તદેવ, પૃષ્ઠ ૨–૩ પર.

એકલા રહેવાનો અધિકાર એ જીવનનો આનંદ માણવાના અધિકારનો એક ભાગ છે. જીવનનો આનંદ માણવાનો અધિકાર, બદલામાં, વ્યક્તિના જીવનના મૂળભૂત અધિકારનો એક ભાગ છે.

૩૭. ગોપનીયતાનો અધિકાર વોરેન અને બ્રાન્ડેઇસ દ્વારા ખાસ કરીને યુનાઇટેડ સ્ટેટ્સના પૂર્વીય કિનારે થયેલા ગીચ શહેરીકરણની પૃષ્ઠભૂમિમાં વિકસાવવામાં આવ્યો હતો. ૧૭૯૦ અને ૧૮૯૦ વચ્ચે, યુ.એસ. ની વસ્તી ચાલીસ લાખથી વધીને છ કરોડ ત્રીસ લાખ થઈ ગઈ હતી. ગૃહયુદ્ધના અંત પછી શહેરી વિસ્તારોની વસ્તી સો ગણીથી વધુ વધી ગઈ હતી. ૧૮૯૦ માં, એંસી લાખથી વધુ લોકો યુ.એસ. માં સ્થળાંતર કરી આવ્યા હતા. તકનીકી પ્રગતિ અને ઝડપી શોધોએ ખાનગી ક્ષેત્રને પ્રભાવિત કર્યું હતું:

"... ગૃહયુદ્ધ પછીના દાયકાઓ દરમિયાન તકનીકી પ્રગતિ બોસ્ટન અને બાકીના યુનાઇટેડ સ્ટેટ્સમાં વિવિધ શોધોના રૂપમાં 'અસંખ્ય, ભાગ્યે જ ધ્યાને લેવાયેલી ક્રાંતિઓ' લાવી હતી જેણે વ્યક્તિઓના અંગત જીવન અને વ્યક્તિત્વને પરિચય, સામાજિક કે આર્થિક વર્ગ અથવા ઔચિત્યના પરંપરાગત સંયમોને ધ્યાનમાં લીધા વિના મોટી સંખ્યામાં અન્ય લોકો માટે વધુ ને વધુ સુલભ બનાવ્યા હતા. બેલે બોસ્ટનમાં ટેલિફોનની શોધ કરી; પ્રથમ વાણિજ્યિક ટેલિફોન એક્સચેન્જ ત્યાં ૧૮૭૭ માં શરૂ થયું, જ્યારે વોરેન અને બ્રાન્ડેઇસ હાર્વર્ડ લો સ્કૂલમાં વિદ્યાર્થીઓ હતા. ૧૮૯૦ સુધીમાં ટેલિગ્રાફ, એકદમ સસ્તા પોર્ટેબલ કેમેરા, સાઉન્ડ રેકોર્ડિંગ ઉપકરણો અને બારીના કાચ બનાવવાની વધુ સારી અને

સસ્તી પદ્ધતિઓ પણ આવી ગઈ હતી. વોરેન અને બ્રાન્ડેઇસે ઓળખી કાઢ્યું કે ટેકનોલોજીમાં આ પ્રગતિઓએ, તીવ્ર અખબારી સાહસ સાથે મળીને, વ્યક્તિઓના કાર્યો, શબ્દો, છબીઓ અને વ્યક્તિત્વને કુટુંબ અને પસંદ કરેલા મિત્રોના સંરક્ષિત વર્તુળથી આગળ તેમની સંમતિ વિના સંચારિત થવા પ્રત્યે વ્યક્તિઓની નબળાઈમાં વધારો કર્યો હતો."[38]

આ સાથે 'અખબારીકરણ' (ન્યૂઝપેપરાઇઝેશન)[39] તરફનું વલણ જોડાયેલું હતું, અમેરિકન સમાજમાં પ્રિન્ટ મીડિયાની વધતી જતી હાજરી. વોરેન અને બ્રાન્ડેઇસના લેખના પ્રકાશનના છ મહિના પહેલાં, એક અખબારકર્તા ઈ. એલ. ગોડકિને જુલાઈ ૧૮૯૦ માં સ્ક્રિબનર્સ મેગેઝિનમાં આ જ વિષય પર એક લેખ પ્રકાશિત કર્યો હતો. જો કે, ગોડકિને ઘૂસણખોરી સામે ગોપનીયતાના રક્ષણ માટે "લાકડી અથવા ચાબુક દ્વારા"[40] સિવાય કોઈ વાસ્તવિક ઉપાય સૂચવ્યો ન હતો. તે વોરેન અને બ્રાન્ડેઇસ હતા જેમણે ગોપનીયતાના અધિકારનું સમર્થન કરવા માટે સામાન્ય કાયદાના ઉપયોગની હિમાયત કરી હતી.[41]

૩૮. ઓગણીસમી સદીના એક ભાગ દરમિયાન યુ.એસ. માં ફોજદારી બદનક્ષીના કેસોનો આશરો લેવામાં આવ્યો હતો પરંતુ ૧૮૯૦ સુધીમાં, તેઓ વાસ્તવમાં "વ્યક્તિગત ગોપનીયતા માટે એક વ્યવહારુ રક્ષણ"[42] બનવાનું બંધ

[38] તદેવ, પૃષ્ઠ ૭-૮ પર
[39] તદેવ, પૃષ્ઠ ૮ પર
[40] તદેવ, પૃષ્ઠ ૯ પર
[41] તદેવ, પૃષ્ઠ ૧૦ પર
[42] તદેવ, પૃષ્ઠ ૧૨ પર

થઈ ગયા હતા. ૧૭૮૯ નો દેશદ્રોહ અધિનિયમ (સેડિશન એક્ટ) ૧૮૦૧ માં સમાપ્ત થઈ ગયો હતો. બદનક્ષીના કેસોમાં સત્યને બચાવ તરીકે સ્વીકારવામાં આવે તે પહેલાં, રાજ્યની અદાલતોમાં ફોજદારી બદનક્ષીના દાવાઓ ફૂલ્યાફાલ્યા હતા.[43] તેવી જ રીતે, ઓગણીસમી સદીના મોટા ભાગના સમયમાં દીવાની બદનક્ષીના દાવામાં સત્યને માન્ય બચાવ તરીકે ગણવામાં આવતું ન હતું. ૧૮૯૦ માં વોરેન અને બ્રાન્ડેઇસે તેમનો લેખ લખ્યો ત્યાં સુધીમાં, સત્યનું પ્રકાશન કદાચ બદનક્ષીના કાયદા હેઠળ હવે કાર્યવાહી કરવા યોગ્ય રહ્યું ન હતું. આ તે ભંગ અથવા ત્રુટિ હતી જેને તેઓ ગોપનીયતાના અધિકાર વિશે બોલીને ભરવા માંગતા હતા જે વ્યક્તિના તેના વ્યક્તિત્વ પરના નિયંત્રણનું રક્ષણ કરશે.[44] ગોપનીયતાનો અધિકાર "અમેરિકન વ્યક્તિવાદની લાંબી પરંપરા" નું પ્રતિનિધિત્વ કરતા એક "મુખ્ય વિચાર" (લેઇટમોટિફ) તરીકે વિકસિત થયો હતો.[45]

૩૯. કાયદા અને ઇતિહાસના તુલનાત્મક માળખાંઓ[46] નું જે મર્યાદાઓ સાથે મૂલ્યાંકન કરવું જોઈએ તે અંગે આપણે સભાન હોવા છતાં, ઉપરોક્ત વર્ણન મહત્વપૂર્ણ છે. તે દરેક વ્યક્તિની ગૌરવ સાથે જીવવાની મૂળભૂત જરૂરિયાતને

---

[43] તદેવ, પૃષ્ઠ ૧૪ પર

[44] તદેવ, પૃષ્ઠ ૧૫-૧૬ પર

[45] તદેવ, પૃષ્ઠ ૨૧-૨૨ પર

[46] દ્રષ્ટાંત તરીકે, ધ સેન્ટર ફોર ઇન્ટરનેટ એન્ડ સોસાયટી પાસે શાસ્ત્રીય હિન્દુ કાયદા અને ઇસ્લામિક કાયદામાં ગોપનીયતાના મૂળને શોધી કાઢતા બે રસપ્રદ લેખો છે. જુઓ આશ્ના અશેષ અને ભૈરવ આચાર્ય, "લોકેટિંગ કન્સ્ટ્રક્ટ્સ ઓફ પ્રાઇવસી વિધિન ક્લાસિકલ હિન્દુ લો", ધ સેન્ટર ફોર ઇન્ટરનેટ એન્ડ સોસાયટી. તેમજ જુઓ વિદુષી મર્દા અને ભૈરવ આચાર્ય, "આઇડેન્ટિફાઇંગ એસ્પેક્ટ્સ ઓફ પ્રાઇવસી ઇન ઇસ્લામિક લો", ધ સેન્ટર ફોર ઇન્ટરનેટ એન્ડ સોસાયટી.

પ્રતિબિંબિત કરે છે. શહેરીકરણ અને આર્થિક વિકાસ પરંપરાગત સામાજિક માળખાઓને બદલી નાખે છે. શહેરી ગંદા વિસ્તારો (સ્લમ્સ) આત્મનિર્ભર ગ્રામીણ આજીવિકાની શાંતિનું સ્થાન લે છે. અસ્તિત્વની ગોપનીયતાનું રક્ષણ કરવાની જરૂરિયાત ઓછી નથી જ્યારે વિકાસ અને તકનીકી પરિવર્તન સતત વ્યક્તિને જાહેર નજરમાં મૂકવાની ધમકી આપે છે અને વ્યક્તિને એકબીજા સાથે જોડાયેલા જીવનના અવિરત જાળામાં ડૂબાડી દેવાનો સંકેત આપે છે.

જી કુદરતી અને અવિભાજ્ય અધિકારો

૪૦. ગોપનીયતા એ પોતાના વ્યક્તિત્વ પર નિયંત્રણ રાખવાના વ્યક્તિના અધિકારનું એક આનુષંગિક પરિણામ છે. તે એ વિભાવનામાં મૂળ શોધે છે કે એવા કેટલાક અધિકારો છે જે માનવીમાં કુદરતી અથવા સહજ છે. કુદરતી અધિકારો અવિભાજ્ય છે કારણ કે તેઓ માનવ વ્યક્તિત્વથી અવિભાજ્ય છે. કુદરતી અધિકારોના અસ્તિત્વ વિના જીવનમાં માનવીય તત્વની કલ્પના કરવી અશક્ય છે. ૧૬૯૦ માં, જોન લોકે તેમના સેકન્ડ ટ્રીટાઇઝ ઓફ ગવર્નમેન્ટમાં અવલોકન કર્યું હતું કે વ્યક્તિઓનું જીવન, સ્વતંત્રતા અને સંપત્તિ એ મૂળભૂત કુદરતી કાયદાની બાબત તરીકે એક ખાનગી ક્ષેત્ર છે. ખાનગી ક્ષેત્રનો વિચાર બહારની દખલગીરી સામે અવરોધો ઊભા કરવાનો હતો. ૧૭૬૫ માં, વિલિયમ બ્લેકસ્ટોને તેમના કૉમેન્ટરીઝ ઓન ધ લૉઝ ઓફ ઇંગ્લેન્ડમાં "કુદરતી સ્વતંત્રતા" વિશે વાત કરી હતી. તેમના મતે, એવા નિરપેક્ષ અધિકારો હતા જે કુદરતના અપરિવર્તનીય નિયમો દ્વારા વ્યક્તિમાં નિહિત થયેલા હતા. આ

નિરપેક્ષ અધિકારો વ્યક્તિગત સુરક્ષા, વ્યક્તિગત સ્વતંત્રતા અને મિલકતના અધિકારોમાં વિભાજિત કરવામાં આવ્યા હતા. વ્યક્તિગત સુરક્ષાના અધિકારમાં વ્યક્તિ દ્વારા જીવન, અંગો, શરીર, આરોગ્ય અને પ્રતિષ્ઠાનો કાયદેસર અને અવિરત આનંદ માણવાનો સમાવેશ થતો હતો.

૪૧. અમુક અધિકારો અવિભાજ્ય છે તે વિચાર અમેરિકન સ્વતંત્રતાની ઘોષણા (૧૭૭૬) માં નીચેના શબ્દોમાં મૂર્ત થયો હતો:

"અમે આ સત્યોને સ્વયંસ્પષ્ટ માનીએ છીએ, કે તમામ મનુષ્યો સમાન રીતે સર્જાયા છે, કે તેઓને તેમના સર્જક દ્વારા અમુક અવિભાજ્ય અધિકારો આપવામાં આવ્યા છે, કે તેમાં જીવન, સ્વતંત્રતા અને સુખની શોધનો સમાવેશ થાય છે".

(ભારપૂર્વક ઉમેરેલ)

ફ્રેન્ચ નેશનલ એસેમ્બલી દ્વારા અપનાવવામાં આવેલા માનવ અને નાગરિકના અધિકારોની ઘોષણા (૧૭૮૯) માં અવિભાજ્ય અધિકારો શબ્દ નીચેના શબ્દોમાં સામેલ કરવામાં આવ્યો હતો:

"તેના મુસદ્દાકારો માટે, માનવ અધિકારોની અવગણના કરવી, ભૂલી જવું અથવા તેનું અવમૂલ્યન કરવું એ જાહેર કમનસીબી અને સરકારી ભ્રષ્ટાચારના એકમાત્ર કારણો છે. આ અધિકારો કુદરતી અધિકારો, અવિભાજ્ય અને પવિત્ર છે, નેશનલ એસેમ્બલી તેમને માન્યતા આપે છે અને જાહેર કરે છે - તે તેમને આપતી

નથી, સ્વીકારતી નથી કે સ્થાપિત કરતી નથી - અને તેમનું રક્ષણ એ તમામ રાજકીય સમુદાયોનું કારણ છે; આ અધિકારોમાં જુલમ સામે પ્રતિકારનો સમાવેશ થાય છે".

(ભારપૂર્વક ઉમેરેલ)

૪૨. ૧૯૨૧ માં, રોસ્કો પાઉન્ડે તેમના "ધ સ્પિરિટ ઓફ ધ કોમન લો" શીર્ષકવાળા કાર્યમાં કુદરતી અધિકારોનો અર્થ સમજાવ્યો:

"કુદરતી અધિકારોનો સીધો અર્થ એવા હિતો છે જે આપણને લાગે છે કે સુરક્ષિત થવા જોઈએ; માનવીઓ કરી શકે તેવી માંગણીઓ જે આપણને લાગે છે કે સંતોષાવી જોઈએ. તે સંપૂર્ણપણે સાચું છે કે ન તો કાયદો કે ન તો રાજ્ય તેમને બનાવે છે. પરંતુ તેમને કાનૂની વિભાવનાઓ તરીકે ગણવા તે તમામ યોગ્ય વિચારસરણી માટે ઘાતક છે. કાનૂની અધિકારો માટે, કાયદો આ હિતો પૈકી જેને માન્યતા આપવી યોગ્ય હોય તેને સુરક્ષિત કરવા માટે જે સાધનોનો ઉપયોગ કરે છે, તે કાયદાનું કાર્ય છે અને તે અર્થમાં રાજ્યનું કાર્ય છે."[47]

બે દાયકા પછી ૧૯૪૨ માં, પાઉન્ડે "ધ રિવાઇવલ ઓફ નેચરલ લો" માં પ્રતિપાદિત કર્યું કે:

"સત્તરમી અને અઢારમી સદીઓમાં શાસ્ત્રીય કુદરતી કાયદાના ત્રણ અનુમાનો હતા. એક કુદરતી અધિકારો હતા, સંપૂર્ણતાની સ્થિતિમાં આદર્શ

[47] રોસ્કો પાઉન્ડ, ધ સ્પિરિટ ઓફ ધ કોમન લો, માર્શલ જોન્સ કંપની (૧૯૨૧), પૃષ્ઠ ૯૨ પર

અથવા સંપૂર્ણ માણસના ગુણો જેના આધારે તેની પાસે અમુક વસ્તુઓ હોવી જોઈએ અથવા તે અમુક વસ્તુઓ કરવા સક્ષમ હોવો જોઈએ. આ સ્થિરતાની બાંયધરી હતા કારણ કે કુદરતી અધિકારોને અપરિવર્તનીય અને અવિભાજ્ય ગણવામાં આવ્યા હતા. (૨) સામાજિક કરાર, નાગરિક સમાજનો અનુમાનિત કરાર આધાર. અહીં પરિવર્તન માટેનું માર્ગદર્શન હતું. (૩) એક આદર્શ કાયદો જેના હકારાત્મક કાયદાઓ માત્ર ઘોષણાત્મક હતા; માનવ સંબંધોનું સંચાલન કરતા અને માનવ વર્તનને વ્યવસ્થિત કરતા સંપૂર્ણ નિયમોનો એક આદર્શ સમૂહ, જે કુદરતી અધિકારોની બાંયધરી આપતો હતો અને સામાજિક કરારને વ્યક્ત કરતો હતો."[48]

(ભારપૂર્વક ઉમેરેલ)

૪૩. ૧૯૫૫ માં, એડવિન ડબલ્યુ. પેટરસને "એ પ્રાગ્મેટિસ્ટ લુક્સ એટ નેચરલ લો એન્ડ નેચરલ રાઇટ્સ" માં અવલોકન કર્યું હતું કે સરકાર બનાવવા માટે સામાજિક કરાર કરતી વખતે વ્યક્તિઓ પોતાની પાસે જે અધિકારો અનામત રાખે છે તે કુદરતી અધિકારો છે કારણ કે તેઓ કુદરતી સ્થિતિમાંથી ઉદ્ભવે છે અને સામાજિક કરાર પછી પણ ટકી રહે છે. તેમના શબ્દોમાં:

"આપણા રાજકીય સમાજમાં નાગરિકના મૂળભૂત અધિકારોને પૂર્વ-રાજકીય સ્થિતિમાંથી ચાલુ રહેલા અથવા હકારાત્મક બંધારણો, કાયદાઓ અને ન્યાયિક નિર્ણયોથી સ્વતંત્ર રીતે સમાજમાં ઉદ્ભવતા અધિકારો તરીકે ગણવામાં

[48] રોસ્કો પાઉન્ડ, "ધ રિવાઇવલ ઓફ નેચરલ લો", નોટ્રે ડેમ લોયર (૧૯૪૨), ભાગ ૧૭, અંક ૪, પૃષ્ઠ ૩૩૦ પર

આવે છે, જે માત્ર પહેલેથી અનામત અધિકારોને 'સુરક્ષિત' કરવા અથવા 'સાચવવા' માંગે છે. આ અધિકારો કોઈ પરોપકારી સરમુખત્યાર દ્વારા તેના આભારી પ્રજાજનોને આપવામાં આવ્યા નથી. 'કુદરતી અધિકારો' નો સિદ્ધાંત આમ વાણી સ્વાતંત્ર્ય, ધર્મની સ્વતંત્રતા અને કાયદાની પ્રક્રિયાગત યોગ્ય પ્રક્રિયા જેવા મહત્વપૂર્ણ અધિકારોના રક્ષણ માટે અનુકૂળ વિચારધારા પૂરી પાડે છે. એક વ્યવહારુ વ્યક્તિ તરીકે, હું તેમને વ્યક્તિગત અને સામાજિક હિતો તરીકે સમજાવવાનું પસંદ કરીશ જે આપણી સંસ્કૃતિમાં સામાન્ય રીતે ઉદ્ભવે છે અથવા અસ્તિત્વ ધરાવે છે અને કાયદાકીય રીતે સુરક્ષિત થઈને કાનૂની અધિકારોમાં ફેરવાય છે."[49]

૪૪. કુદરતી અધિકારો રાજ્ય દ્વારા પ્રદાન કરવામાં આવતા નથી. તેઓ માનવીમાં સહજ છે કારણ કે તેઓ માનવ છે. વર્ગ કે સ્તર, લિંગ કે અભિગમને ધ્યાનમાં લીધા વિના તેઓ વ્યક્તિમાં સમાન રીતે અસ્તિત્વ ધરાવે છે.

૪૫. કોઈ વસ્તુના અવિભાજ્ય અધિકારને વસ્તુથી અલગ કરવો એ અવિભાજ્યતાના ખ્યાલ પર ભાર મૂકે છે. તમામ માનવીઓ તેમના અવિભાજ્ય અધિકારો જાળવી રાખે છે (તેમની પરિસ્થિતિ ગમે તે હોય, તેમના કાર્યો ગમે તે હોય, તેમનો દોષ કે નિર્દોષતા ગમે તે હોય). કુદરતી અવિભાજ્ય અધિકારોની વિભાવના માનવીઓને સ્વાયત્તતા સુરક્ષિત કરે છે. પરંતુ સ્વાયત્તતા નિરપેક્ષ નથી, તે સરળ કારણસર કે, અવિભાજ્ય અધિકારોનો ખ્યાલ એ સ્વીકારે છે કે

[49] એડવિન ડબલ્યુ. પેટરસન, "એ પ્રાગ્મેટિસ્ટ લુક્સ એટ નેચરલ લો એન્ડ નેચરલ રાઈટ્સ", આર્થર એલ. હાર્ડિંગ સંપાદિત, નેચરલ લો એન્ડ નેચરલ રાઇટ્સ (૧૯૫૫), પૃષ્ઠ ૬૨-૬૩ પર

એવા કેટલાક અધિકારો છે જેને કોઈ માનવી અલગ (ત્યાગ) કરી શકતો નથી. જ્યારે કુદરતી અધિકારો પસંદગી કરવાના અને સ્વતંત્રતા જાળવવાના વ્યક્તિના અધિકારનું રક્ષણ કરે છે, તેમ છતાં વ્યક્તિની સ્વાયત્તતા નિરપેક્ષ કે સંપૂર્ણ નથી. સૈદ્ધાંતિક રચના તરીકે, અન્યથા પોતાની જાતને મારી નાખવા માટે અન્ય વ્યક્તિને ભાડે રાખવી અથવા પોતાને ગુલામી કે દાસત્વમાં વેચી દેવી સંપૂર્ણપણે શક્ય બનશે. જોકે આ કાર્યો સ્વાયત્ત છે, છતાં તેઓ અવિભાજ્ય અધિકારોનું ઉલ્લંઘન કરશે. આ એ કારણસર છે કે:

"... આ કાર્યો, ભલે ગમે તેટલા સ્વાયત્ત હોય, અવિભાજ્ય અધિકારોનું ઉલ્લંઘન કરશે, જેમ કે સિદ્ધાંતો માને છે. તેઓ નૈતિક રીતે અમાન્ય હશે, અને વાસ્તવમાં અવિભાજ્ય અધિકારોને અલગ કરવા માટે બિનઅસરકારક હશે. જોકે સ્વ-સંબંધિત હોવા છતાં, તેઓ એવી સ્વાયત્તતાનો ઢોંગ કરે છે જે અસ્તિત્વમાં નથી. અવિભાજ્ય અધિકારો ખાસ કરીને આવી ખોટી સ્વાયત્તતા સામે નિર્દેશિત છે.

કુદરતી અવિભાજ્ય અધિકારો, અન્ય કુદરતી અધિકારોની જેમ, લાંબા સમયથી જેને કુદરતનો કાયદો અથવા કુદરતી કાયદો કહેવામાં આવે છે તેના પર આધારિત રહ્યા છે. કદાચ ઉપર ચર્ચા કરેલા તમામ સિદ્ધાંતોને કુદરતના કાયદા અથવા કુદરતી કાયદાના સિદ્ધાંતો કહી શકાય. અમેરિકન પરંપરામાં, થોમસ હોબ્સે લેવિયાથન પ્રકાશિત કર્યું તેના દસ વર્ષ પહેલાં, ૧૬૪૧ જેટલા પ્રારંભિક સમયમાં પણ, કુદરતી અધિકારોના દાવાઓ સામેલ હતા, અને આ દાવાઓ

કુદરતના કાયદાને અપીલ કરતા હતા. કુદરતના કાયદા જેવી નૈતિક વ્યવસ્થા વિના, કુદરતી અવિભાજ્ય અધિકારો રજૂ કરવા મુશ્કેલ છે. 'કુદરતી કાયદામાંથી જ, અને માત્ર તેમાંથી જ, માણસ તે અધિકારો મેળવે છે જેને આપણે અવિભાજ્ય અને અખંડ કહીએ છીએ... માનવ અધિકારોનો કુદરતી કાયદા સિવાય અન્ય કોઈ આધાર હોઈ શકે નહીં.'"[50]

૪૬. એવી વિભાવના કે વ્યક્તિઓ પાસે રાજ્ય સામે એવા અધિકારો હોઈ શકે છે જે સ્પષ્ટ કાયદા દ્વારા બનાવવામાં આવેલા અધિકારો કરતાં પૂર્વવર્તી છે, તે રોનાલ્ડ ડ્વોર્કિન દ્વારા પ્રતિપાદિત કાયદાના ઉદારમતવાદી સિદ્ધાંતના ભાગ તરીકે વિકસાવવામાં આવી છે. "ટેકિંગ રાઇટ્સ સિરિયસલી"[51] (૧૯૭૭) શીર્ષકવાળા તેમના મહત્વપૂર્ણ કાર્યમાં, તેઓ જણાવે છે કે:

"વ્યક્તિગત અધિકારો એ વ્યક્તિઓ દ્વારા રાખવામાં આવેલા રાજકીય તુરુપના પત્તા છે. વ્યક્તિઓ પાસે ત્યારે અધિકારો હોય છે જ્યારે, કોઈ કારણસર, સામૂહિક ધ્યેય તેઓ વ્યક્તિઓ તરીકે જે ઈચ્છે છે તે મેળવવા અથવા કરવાથી ઇનકાર કરવા માટે પૂરતું ઔચિત્ય નથી, અથવા તેમના પર કોઈ નુકસાન કે ઈજા લાદવા માટે પૂરતું ઔચિત્ય નથી."[52]

(ભારપૂર્વક ઉમેરેલ)

---

[50] ક્રેગ એ. સ્ટર્ન અને ગ્રેગરી એમ. જોન્સ, "ધ કોહેરન્સ ઓફ નેચરલ ઇનએલિયનેબલ રાઇટ્સ", યુએમકેસી લો રિવ્યુ (૨૦૦૭-૦૮), ભાગ ૭૬ (૪), પૃષ્ઠ ૯૭૧-૯૭૨ પર

[51] રોનાલ્ડ ડ્વોર્કિન, ટેકિંગ રાઇટ્સ સિરિયસલી, ડકવર્થ (૧૯૭૭)

[52] તદેવ, પૃષ્ઠ ૧૧ પર

ડ્વોર્કિન વ્યક્તિના ગૌરવના રક્ષણ માટે સરકાર સામેના અધિકારના અસ્તિત્વને આવશ્યક ગણાવે છે:

"વાણી સ્વાતંત્ર્યની જેમ, મજબૂત અર્થમાં, સરકાર સામે માણસ પાસે મૂળભૂત અધિકાર છે તેમ કહેવું અર્થપૂર્ણ બને છે, જો તે અધિકાર તેના ગૌરવનું રક્ષણ કરવા માટે, અથવા સમાન ચિંતા અને આદર માટે હકદાર તરીકેના તેના દરજ્જા માટે, અથવા સમાન પરિણામના અન્ય કોઈ વ્યક્તિગત મૂલ્ય માટે જરૂરી હોય."[53]

(ભારપૂર્વક ઉમેરેલ)

શું સરકાર અન્ય લોકોના કાર્ય કરવાના અધિકારોને ત્યારે મર્યાદિત કરી શકે છે જ્યારે તેમના કાર્યો માત્ર જોખમમાં વધારો કરી શકે છે, ભલે ગમે તેટલા નજીવા કે કાલ્પનિક અંતરે, કે કોઈ વ્યક્તિના જીવન અથવા મિલકતના અધિકારનું ઉલ્લંઘન થશે તે પ્રશ્નનો સામનો કરતાં ડ્વોર્કિન કહે છે: "પરંતુ જે સમાજ માણસના ગૌરવ અથવા સમાનતા પર વિવિધ રીતે અતિક્રમણ થઈ શકે છે તે આધારે વિવિધ અધિકારોને માન્યતા આપવાનો દાવો કરે છે, તે આવા સિદ્ધાંતને સ્વીકારી શકે નહીં[54]...

[53] તદેવ, પૃષ્ઠ ૧૯૯ પર

[54] તદેવ, પૃષ્ઠ ૨૦૩ પર

જો અધિકારો અર્થપૂર્ણ હોય, તો તેમના મહત્વની માત્રા એટલી અલગ હોઈ શકે નહીં કે જ્યારે અન્યોનો ઉલ્લેખ કરવામાં આવે ત્યારે કેટલાકની બિલકુલ ગણતરી જ ન થાય[55]...

જો સરકાર અધિકારોને ગંભીરતાથી લેતી નથી, તો તે કાયદાને પણ ગંભીરતાથી લેતી નથી[56]...."

ડ્વોર્કિન જણાવે છે કે ન્યાયાધીશોએ નક્કી કરવું જોઈએ કે વ્યક્તિના અધિકારો કેટલા વ્યાપક છે. તેઓ જણાવે છે:

"ખરેખર, સિદ્ધાંતને અપીલ કરવાને બદલે ઈતિહાસની પ્રક્રિયા દ્વારા અધિકારો દર્શાવી શકાય છે તેવો સૂચન કાં તો મૂંઝવણ દર્શાવે છે અથવા અધિકારો શું છે તે વિશે કોઈ વાસ્તવિક ચિંતા નથી તે દર્શાવે છે...

આ એક જટિલ દલીલ રહી છે, અને હું તેનો સારાંશ આપવા માંગુ છું. આપણી બંધારણીય વ્યવસ્થા ચોક્કસ નૈતિક સિદ્ધાંત પર આધારિત છે; એટલે કે, માણસો પાસે રાજ્ય સામે નૈતિક અધિકારો છે. બિલ ઓફ રાઇટ્સની વિવિધ કલમો, જેમ કે યોગ્ય પ્રક્રિયા અને સમાન રક્ષણ કલમો, ચોક્કસ વિભાવનાઓ નક્કી કરવાને બદલે નૈતિક વિભાવનાઓને અપીલ કરતી તરીકે સમજવી જોઈએ; તેથી, એક અદાલત જે આ કલમોને સંપૂર્ણપણે કાયદા તરીકે લાગુ કરવાનો બોજ

[55] તદેવ, પૃષ્ઠ ૨૦૪ પર
[56] તદેવ, પૃષ્ઠ ૨૦૫ પર

ઉપાડે છે તે સક્રિય અદાલત હોવી જોઈએ, એ અર્થમાં કે તેણે રાજકીય નૈતિકતાના પ્રશ્નો ઘડવા અને તેના જવાબો આપવા માટે તૈયાર રહેવું જોઈએ..."[57]

આ ચુકાદાનો પછીનો વિભાગ ભારતીય પૂર્વચુકાદાઓમાં કુદરતી અને અવિભાજ્ય અધિકારો કેવી રીતે વિકસાવવામાં આવ્યા છે તેની સાથે કામ પાર પાડે છે.

એચ ભારતમાં ગોપનીયતાના સિદ્ધાંતનો વિકાસ

૪૭. ખરક સિંહ પછીના આ કોર્ટના પ્રારંભિક નિર્ણયો પૈકી આર. એમ. મલકાણી વિરુદ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર[58] હતો. તે કેસમાં, આ કોર્ટે ઠેરવ્યું હતું કે ભારતીય ટેલિગ્રાફ અધિનિયમ, ૧૮૮૫ ની કલમ ૨૫ નું ઉલ્લંઘન થયું નથી કારણ કે:

"જ્યાં ટેલિફોન પર વાત કરતી વ્યક્તિ અન્ય વ્યક્તિને તે રેકોર્ડ કરવાની અથવા સાંભળવાની મંજૂરી આપે છે, ત્યાં એવું કહી શકાય નહીં કે જેને તેમ કરવાની મંજૂરી આપવામાં આવી છે તે અન્ય વ્યક્તિ કોઈપણ સંદેશાની વિગતોને રોકવા અથવા તેનાથી માહિતગાર થવા માટે મશીનરી, બેટરી લાઇન અથવા પોસ્ટને નુકસાન પહોંચાડી રહી છે, હટાવી રહી છે, ચેડાં કરી રહી છે કે સ્પર્શ કરી રહી છે. ટેલિફોન સાથે ટેપ રેકોર્ડર જોડવામાં બળજબરી કે દબાણનું કોઈ તત્વ ન હતું."[59]

[57] તદેવ, પૃષ્ઠ ૧૪૭ પર

[58] (૧૯૭૩) ૧ એસસીસી ૪૭૧

[59] તદેવ, પૃષ્ઠ ૪૭૬ પર (પેરા ૨૦)

આ કોર્ટે અનુચ્છેદ ૨૧ હેઠળ ગોપનીયતા આધારિત પડકારને ફગાવી દેતી વખતે ખરક સિંહમાં અપનાવેલી તર્કની તે જ શૈલીને અનુસરી હતી. નોંધપાત્ર રીતે, કોર્ટે અવલોકન કર્યું કે:

"અપીલકર્તાની વાતચીતની ગોપનીયતા પર અતિક્રમણ કરવામાં આવ્યું હતું તેવી રજૂઆત કરીને અનુચ્છેદ ૨૧ નો આશરો લેવામાં આવ્યો હતો. અનુચ્છેદ ૨૧ જીવન અથવા વ્યક્તિગત સ્વતંત્રતાથી વંચિત કરવાના સંદર્ભમાં કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયાની વિચારણા કરે છે. નિર્દોષ નાગરિકની ટેલિફોન વાતચીતને વાતચીત ટેપ કરીને ગેરકાયદેસર અથવા મનસ્વી દખલગીરી સામે અદાલતો દ્વારા રક્ષણ આપવામાં આવશે. આ રક્ષણ કાયદાનું સમર્થન કરવા અને જાહેર સેવકોના ભ્રષ્ટાચારને રોકવાના પોલીસના પ્રયાસો સામે દોષિત નાગરિક માટે નથી. એવું સમજવું જોઈએ નહીં કે કોર્ટ પોલીસને ગેરકાનૂની અથવા અનિયમિત પદ્ધતિઓ દ્વારા આગળ વધવાની મ જૂરી આપીને નાગરિકના રક્ષણ માટેના સલામતીના પગલાંને જોખમમાં મૂકવાનું સહન કરશે."[60]

બીજા શબ્દોમાં કહીએ તો, આંતરછેદન (ઇન્ટરસેપ્શન) નું લક્ષ્યાંકિત અને વિશિષ્ટ સ્વરૂપ હતું જેણે કોર્ટ પર પ્રભાવ પાડ્યો હતો, કારણ કે ટેલિફોન ટેપિંગ દોષિત વ્યક્તિ તરફ નિર્દેશિત હતું. તેથી કોર્ટે ચુકાદો આપ્યો કે નિર્દોષ નાગરિકની ટેલિફોન વાતચીતને વાયરટેપિંગ દ્વારા ગેરકાયદેસર દખલગીરી સામે રક્ષણ આપવામાં આવશે.

[60] તદેવ, પૃષ્ઠ ૪૭૯ પર (પેરા ૩૧)

૪૮. ગોબિંદ[61] માં, આ કોર્ટની ત્રણ ન્યાયમૂર્તિઓની બેંચે રાજ્ય પોલીસ નિયમોના નિયમન ૮૫૫ અને ૮૫૬ ની માન્યતા સામેના પડકારની વિચારણા કરી હતી જે હેઠળ અરજદાર સામે હિસ્ટ્રી શીટ ખોલવામાં આવી હતી જેને દેખરેખ હેઠળ રાખવામાં આવ્યો હતો. ત્રણ ન્યાયમૂર્તિઓની બેંચે ખરક સિંહના નિર્ણય અને પોલીસ નિયમોની માન્યતા (રાત્રિના સમયે ઘરેલુ મુલાકાતો સિવાય) નો સંદર્ભ લીધો હતો. ગોબિંદમાં નિર્ણય આપવામાં આવ્યો ત્યાં સુધીમાં, યુ.એસ. માં કાયદો વિકસિત થયો હતો અને આ કોર્ટે ગ્રીસવોલ્ડ વિરુદ્ધ કનેક્ટિકટ[62] ("ગ્રીસવોલ્ડ") ના નિર્ણયની નોંધ લીધી હતી જેમાં પરિણીત વ્યક્તિઓને ગર્ભનિરોધક પદ્ધતિઓ અંગે માહિતી અને સલાહ આપવાના આરોપ હેઠળના કાયદા હેઠળની સજાને અમાન્ય ઠેરવવામાં આવી હતી. આ કોર્ટે તે સિદ્ધાંતનો ઉલ્લેખ કર્યો હતો કે બિંલ ઓફ રાઇટ્સની ચોક્કસ બા યધરીઓમાં પડછાયા ક્ષેત્રો (પેનમ્બ્રાસ) હોય છે જે ગોપનીયતાના ક્ષેત્રો બનાવે છે. કોર્ટે જેન રો વિરુદ્ધ હેનરી વેડ[63] માં યુએસ સુપ્રિમ કોર્ટના નિર્ણય પર પણ આધાર રાખ્યો હતો જેમાં કોર્ટે વ્યક્તિગત ગોપનીયતાના અધિકારના ભાગ રૂપે પરિણીત સ્ત્રીના પોતાના ગર્ભપાત કરાવવાના અધિકારને માન્ય રાખ્યો હતો. કોર્ટનો ચુકાદો આપનાર ન્યાયમૂર્તિ મેથ્યુના નીચેના અવલોકનો એકલા રહેવાના અધિકારની બંધારણીય માન્યતા દર્શાવે છે:

---

[61] (૧૯૭૫) ૨ એસસીસી ૧૪૮

[62] ૩૮૧ યુ.એસ. ૪૭૯ (૧૯૬૫)

[63] ૪૧૦ યુ.એસ. ૧૧૩ (૧૯૭૩)

"તેમાં કોઈ શંકા હોઈ શકે નહીં કે આપણા બંધારણના ઘડવૈયાઓ સુખની શોધ માટે અનુકૂળ પરિસ્થિતિઓ સુનિશ્ચિત કરવા માંગતા હતા. તેઓ ચોક્કસપણે સમજ્યા હતા જેમ કે ઓલ્મસ્ટેડ વિરુદ્ધ યુનાઇટેડ સ્ટેટ્સ[64] માં તેમના અસંમતિમાં બ્રાન્ડેઇસ, જે. એ કહ્યું હતું, માણસના આધ્યાત્મિક સ્વભાવ, તેની લાગણીઓ અને તેની બુદ્ધિનું મહત્વ અને તે જીવનના દુઃખ, સુખ, સંતોષનો માત્ર એક ભાગ ભૌતિક વસ્તુઓમાં મળી શકે છે અને તેથી, તેઓએ સરકાર સામે વ્યક્તિને એવું ક્ષેત્ર આપ્યું હોવાનું માનવું જોઈએ જ્યાં તેને એકલો રહેવા દેવો જોઈએ."[65]

આ અવલોકનો વોરેન અને બ્રાન્ડેઇસના લેખના સંદર્ભ; અગાઉ નોંધેલા યુએસ સુપ્રિમ કોર્ટના બે નિર્ણયો; લોક અને કાન્ટના લખાણો; અને ગૌરવ, સ્વતંત્રતા અને સ્વાયત્તતાના સંદર્ભ પછી આવે છે.

૪૯. તેમ છતાં ગોબિંદના નિર્ણયનું ઝીણવટપૂર્વકનું વાંચન દર્શાવશે કે કોર્ટે આખરે બંધારણ હેઠળ ગોપનીયતાના અધિકારના અસ્તિત્વ પર કોઈ ચોક્કસ તારણ આપ્યું ન હતું. કોર્ટે સંકેત આપ્યો હતો કે જો કોર્ટ એવું શોધી કાઢે કે કોઈ ચોક્કસ અધિકારનું મૂળભૂત ગોપનીયતા અધિકાર તરીકે રક્ષણ થવું જોઈએ, તો તેને રાજ્યના અનિવાર્ય હિતને આધીન જ રદ કરી શકાય છે:

---

[64] ૨૭૭ યુ.એસ. ૪૩૮ (૧૯૨૮)

[65] ઉપર નોંધ ૬, પૃષ્ઠ ૧૫૫ પર (પેરા ૨૦)

"તેમાં કોઈ શંકા હોઈ શકે નહીં કે ગોપનીયતા-ગૌરવના દાવાઓ કાળજીપૂર્વક તપાસવા યોગ્ય છે અને જ્યારે કોઈ મહત્વપૂર્ણ સમકક્ષ હિત ચડિયાતું દર્શાવવામાં આવે ત્યારે જ તેને નકારી શકાય છે. જો કોર્ટ એવું શોધી કાઢે કે દાવો કરાયેલ અધિકાર મૂળભૂત ગોપનીયતા અધિકાર તરીકે રક્ષણ મેળવવા માટે હકદાર છે, તો તેનું ઉલ્લંઘન કરતા કાયદાએ અનિવાર્ય રાજ્ય હિતની કસોટી સંતોષવી જોઈએ. પછી પ્રશ્ન એ થશે કે શું રાજ્યનું હિત એટલું સર્વોચ્ચ મહત્વનું છે કે જે અધિકારના ઉલ્લંઘનને વાજબી ઠેરવી શકે."[66]

(ભારપૂર્વક ઉમેરેલ)

વ્યક્તિગત સ્વાયત્તતા અને નવી પ્રગતિઓ દ્વારા વ્યક્તિગત ગોપનીયતા ક્ષીણ થવાના જોખમો પર ભાર મૂકતી વખતે કે જે "શેરીમાં તે સાંભળવું શક્ય બનાવશે જે કબાટમાં ગણગણાટ થાય છે", કોર્ટને ગોપનીયતાની વ્યાપક વ્યાખ્યા અપનાવવા અંગે સ્પષ્ટ ચિંતાઓ હતી કારણ કે ગોપનીયતાનો અધિકાર "બંધારણમાં સ્પષ્ટ નથી". ગોપનીયતાનો ખ્યાલ સ્વતંત્રતા સાથે ઓવરલેપ થાય છે તે અવલોકન કરતાં, આ કોર્ટે આ મુજબ નોંધ્યું:

"વ્યક્તિગત સ્વાયત્તતા, કદાચ મર્યાદિત સરકારની કોઈપણ પ્રણાલીની કેન્દ્રીય ચિંતા, સ્પષ્ટ બંધારણીય બાંયધરીઓ દ્વારા આપણા બંધારણ હેઠળ આંશિક રીતે સુરક્ષિત છે. બંધારણના અમલીકરણમાં આપણું ચિંતન માત્ર શું રહ્યું છે તે અંગે જ નહીં પરંતુ શું હોઈ શકે તે અંગે પણ હોવું જોઈએ. સમય પરિવર્તન

[66] તદેવ, પૃષ્ઠ ૧૫૫ પર (પેરા ૨૨)

લાવે છે અને નવી પરિસ્થિતિઓને અસ્તિત્વમાં લાવે છે. ગોપનીયતા પર આક્રમણ કરવાના વધુ સૂક્ષ્મ અને દૂરગામી સાધનો શેરીમાં તે સાંભળવું શક્ય બનાવશે જે કબાટમાં ગણગણાટ થાય છે. તેમ છતાં, ગોપનીયતાની અતિ વ્યાપક વ્યાખ્યા બંધારણમાં સ્પષ્ટ ન હોય તેવા અધિકાર પર ન્યાયિક નિર્ભરતાની ઔચિત્યતા વિશે ગંભીર પ્રશ્નો ઉભા કરે છે. અલબત્ત, ગોપનીયતા મુખ્યત્વે વ્યક્તિ સાથે સંબંધિત છે. તેથી તે સ્વતંત્રતાની વિભાવના સાથે સંબંધિત છે અને ઓવરલેપ થાય છે. ગોપનીયતાના સૌથી ગંભીર હિમાયતીએ પણ સ્વીકારવું પડશે કે અધિકારના સાર અને વ્યાપને વ્યાખ્યાયિત કરવામાં ગંભીર સમસ્યાઓ છે. સ્વાયત્તતામાં ગોપનીયતાના હિતને અન્ય અધિકારો અને મૂલ્યોના સંદર્ભમાં પણ મૂકવું જોઈએ."[67]

(ભારપૂર્વક ઉમેરેલ)

ન્યાયમૂર્તિ મેથ્યુએ આગળ વધીને સમજાવ્યું કે ગોપનીયતાના કોઈપણ અધિકારે શું સમાવવું અને તેનું રક્ષણ કરવું જોઈએ અને તેને વ્યવસ્થિત સ્વતંત્રતાના ખ્યાલમાં ગર્ભિત ગણાવ્યો:

"ગોપનીયતાના કોઈપણ અધિકારે ઘર, કુટુંબ, લગ્ન, માતૃત્વ, પ્રજનન અને બાળ ઉછેરની વ્યક્તિગત અંતરંગતાઓને સમાવવી અને સુરક્ષિત કરવી જોઈએ. પ્રશ્ન પ્રત્યેનો આ યાદી-આધારિત અભિગમ દેખીતી રીતે એટલો ઉપદેશક નથી કારણ કે તે ગોપનીયતાના અધિકારની વિશિષ્ટ લાક્ષણિકતાઓનું

[67] તદેવ, પૃષ્ઠ ૧૫૬ પર (પેરા ૨૩)

વિશ્લેષણાત્મક ચિત્ર આપતો નથી. કદાચ, આ વિભાવનાના મૂળમાં એકીકૃત સિદ્ધાંત તરીકે જે એકમાત્ર સૂચન આપી શકાય તે એ નિવેદન રહ્યું છે કે દાવો કરાયેલ અધિકાર વ્યવસ્થિત સ્વતંત્રતાના ખ્યાલમાં ગર્ભિત મૂળભૂત અધિકાર હોવો જોઈએ."[68]

વ્યવસ્થિત સ્વતંત્રતાનો ઉલ્લેખ કરવામાં, આ ચુકાદો ખરક સિંહમાં ન્યાયમૂર્તિ રાજગોપાલ અય્યંગરના ચુકાદામાંના નિવેદનને સમાન છે જેમાં રાત્રિના સમયે ઘરેલુ મુલાકાતો દ્વારા ઘરની ઘૂસણખોરીને વ્યવસ્થિત સ્વતંત્રતાનું ઉલ્લંઘન ગણવામાં આવ્યું હતું.

કોર્ટે આગળ વધીને ઠેરવેલ કે ગમે તે સંજોગોમાં, ગોપનીયતાના અધિકાર માટે કેસ-દર-કેસ વિસ્તરણની જરૂર પડશે. નીચેના અવલોકનો સાવચેતીપૂર્વક ઘડવામાં આવ્યા હતા કે વ્યક્તિગત સ્વતંત્રતા, હલનચલનનો અધિકાર અને વાણી સ્વાતંત્ર્યમાંથી ઉદ્ભવતા ગોપનીયતાનો સ્વતંત્ર અધિકાર છે તેવી "ધારણા" પર પણ, તે અધિકાર નિરપેક્ષ નથી:

"કોઈપણ સંજોગોમાં ગોપનીયતાના અધિકારે અનિવાર્યપણે કેસ-દર-કેસ વિકાસની પ્રક્રિયામાંથી પસાર થવું પડશે. તેથી, એમ માની લેતાં પણ કે વ્યક્તિગત સ્વતંત્રતાનો અધિકાર, ભારતના સમગ્ર પ્રદેશમાં મુક્તપણે હલનચલન કરવાનો અધિકાર અને વાણીની સ્વતંત્રતા તેમાંથી ઉદ્ભવતા

[68] તદેવ, પૃષ્ઠ ૧૫૬ પર (પેરા ૨૪)

ગોપનીયતાનો સ્વતંત્ર અધિકાર બનાવે છે જેને મૂળભૂત અધિકાર તરીકે ઓળખાવી શકાય, અમે માનતા નથી કે તે અધિકાર નિરપેક્ષ છે."[69]

(ભારપૂર્વક ઉમેરેલ)

ફરીથી નીચેના અવલોકનોમાં કોર્ટ દ્વારા આવી જ "ધારણા" કરવામાં આવી હતી:

"... નાગરિકને સ્પષ્ટપણે બાંયધરી આપેલા મૂળભૂત અધિકારોમાં પડછાયા ક્ષેત્રો (પેનમ્બ્રલ ઝોન) છે અને ગોપનીયતાનો અધિકાર પોતે એક મૂળભૂત અધિકાર છે એમ માની લેતાં પણ, તે મૂળભૂત અધિકાર અનિવાર્ય જાહેર હિતના આધારે પ્રતિબંધને આધીન હોવો જોઈએ. નિયમન ૮૫૬ કાયદાનું બળ ધરાવતું હોવાથી, એવું કહી શકાય નહીં કે તેમાં સમાવિષ્ટ જોગવાઈઓ દ્વારા અનુચ્છેદ ૨૧ હેઠળ અરજદારના મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન થયું છે: કારણ કે, તે અનુચ્છેદ હેઠળ જે બાંયધરી આપવામાં આવી છે તે એ છે કે કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયા સિવાય કોઈ પણ વ્યક્તિને તેના જીવન કે વ્યક્તિગત સ્વતંત્રતાથી વંચિત કરી શકાશે નહીં. અમે માનીએ છીએ કે નિયમન ૮૫૩(સી) અને ૮૫૭ ની જોગવાઈઓને ધ્યાનમાં રાખીને આ પ્રક્રિયા વાજબી છે."[70]

(ભારપૂર્વક ઉમેરેલ)

કોર્ટે નિયમનોમાં દખલ કરવાનો ઇનકાર કર્યો હતો.

---

[69] તદેવ, પૃષ્ઠ ૧૫૭ પર (પેરા ૨૮)

[70] તદેવ, પૃષ્ઠ ૧૫૭-૧૫૮ પર (પેરા ૩૧)

૫૦. ગોબિંદના ચુકાદામાં ગોપનીયતાના સ્વતંત્ર અધિકારના અસ્તિત્વ અથવા સ્પષ્ટ બંધારણીય બાંયધરીઓમાંથી આવા અધિકારના ઉદ્ભવ અંગે કોર્ટ દ્વારા સિદ્ધાંતનું કોઈ સ્પષ્ટ નિવેદન શામેલ નથી. ત્રણ ન્યાયમૂર્તિઓની બનેલી બેંચ ખરક સિંહના પાછળના ભાગમાં આપેલા સિદ્ધાંતથી મર્યાદિત રહી હોઈ શકે છે. કારણ ગમે તે હોય, તે સ્પષ્ટ છે કે કેટલીક જગ્યાએ ન્યાયમૂર્તિ મેથ્યુ એવી "ધારણા" પર આગળ વધ્યા હતા કે જો ગોપનીયતાનો અધિકાર બંધારણ હેઠળ સંરક્ષિત હોય, તો તે વ્યવસ્થિત સ્વતંત્રતાનો એક ભાગ છે અને નિરપેક્ષ નથી પરંતુ અનિવાર્ય રાજ્ય હિત પૂર્ણ કરવા માટે ખાસ રચાયેલા પ્રતિબંધોને આધીન છે. ગોબિંદના નિર્ણયનું આ વિશ્લેષણ મહત્વ ધારણ કરે છે કારણ કે નાની બેંચોના ત્યારપછીના નિર્ણયો એ આધારે આગળ વધ્યા છે કે ગોબિંદ ખરેખર ગોપનીયતાના અધિકારને માન્યતા આપે છે. આવા અધિકારની રૂપરેખાઓ શું છે, તે તે નિર્ણયોના વાંચન પરથી બહાર આવે છે. આ તે આગળનું પાસું છે જેના તરફ હવે આપણે વળીએ છીએ.

૫૧. મલક સિંહ વિરુદ્ધ સ્ટેટ ઓફ પંજાબ એન્ડ હરિયાણા[71] ("મલક સિંહ") પંજાબ પોલીસ નિયમોના નિયમ ૨૩ ની જોગવાઈઓ સાથે સંબંધિત હતો જે હેઠળ અન્ય વ્યક્તિઓની સાથે, ચોક્કસ વર્ણનના તમામ દોષિતો અને જે વ્યક્તિઓ વાજબી રીતે રીઢા ગુનેગાર હોવાનું માનવામાં આવતું હતું, પછી ભલે તેઓ દોષિત ઠરેલા હોય કે ન હોય, તેમની એક સર્વેલન્સ રજિસ્ટર જાળવવાની હતી. ખરક સિંહ અને ગોબિંદના નિર્ણયોને ધ્યાનમાં રાખીને નિયમોની માન્યતા

[71] (૧૯૮૧) ૧ એસસીસી ૪૨૦

સામે કોઈ પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો ન હતો. નિયમોમાં દેખરેખની પદ્ધતિઓ પૂરી પાડવામાં આવી હતી. આ કોર્ટની બે ન્યાયમૂર્તિઓની બેંચ વતી બોલતા ન્યાયમૂર્તિ ઓ. ચિન્નપ્પા રેડ્ડીએ રીઢા અને સંભવિત ગુનેગારો પર દેખરેખની જરૂરિયાતને માન્ય રાખી હતી. તેમના મતે:

"ગુના અટકાવવા એ પોલીસ દળની રચનાના મુખ્ય હેતુઓ પૈકી એક છે. પોલીસ અધિનિયમ, ૧૮૬૧ ની પ્રસ્તાવના જણાવે છે: 'જ્યાં પોલીસનું પુનર્ગઠન કરવું અને તેને ગુના અટકાવવા અને શોધવા માટે વધુ કાર્યક્ષમ સાધન બનાવવું યોગ્ય છે.' પોલીસ અધિનિયમની કલમ ૨૩ પોલીસ અધિકારીઓની તે ફરજ તરીકે નિર્ધારિત કરે છે કે 'જાહેર શાંતિને અસર કરતી ગુપ્ત માહિતી એકત્રિત કરવી અને પહોંચાડવી; ગુનાઓ અને જાહેર ઉપદ્રવો થતાં અટકાવવા'. આ ફરજોના સંબંધમાં પ્રતિષ્ઠિત ખરાબ ચરિત્ર ધરાવતા લોકો, રીઢા ગુનેગારો અને અન્ય સંભવિત ગુનેગારો પર સમજદારીપૂર્વક દેખરેખ રાખવી જરૂરી બનશે. શંકાસ્પદો પર નજીકથી નજર રાખ્યા વિના સંગઠિત ગુના સામે સફળતાપૂર્વક લડી શકાય નહીં. પરંતુ, દેખરેખ ઘૂસણખોરીભરી હોઈ શકે છે અને તે નાગરિકની ગોપનીયતા પર એટલી ગંભીર રીતે અતિક્રમણ કરી શકે છે કે બંધારણના અનુચ્છેદ ૨૧ દ્વારા બાંયધરી આપવામાં આવેલી વ્યક્તિગત સ્વતંત્રતાના તેના મૂળભૂત અધિકાર અને અનુચ્છેદ ૧૯(૧)(ડી) દ્વારા બાંયધરી આપવામાં આવેલી હલનચલનની સ્વતંત્રતાનું ઉલ્લંઘન થઈ શકે છે. તેની પરવાનગી આપી શકાય નહીં. આ બાબત પંજાબ પોલીસ નિયમો દ્વારા પોતે માન્ય રાખવામાં આવી છે. નિયમ ૨૩.૭, જે

દેખરેખની પદ્ધતિ નિર્ધારિત કરે છે, તે કોઈપણ ગેરકાયદેસર દખલગીરી વિના દેખરેખ હેઠળની વ્યક્તિની હિલચાલ પર નજીકથી નજર રાખવાની મંજૂરી આપે છે. પરવાનગીપાત્ર દેખરેખ માત્ર દેખરેખ હેઠળની વ્યક્તિની હિલચાલ પર નજીકથી નજર રાખવા પૂરતી જ છે અને તેનાથી વધુ નહીં. જ્યાં સુધી દેખરેખ ગુનાને રોકવાના હેતુ માટે હોય અને નિયમ ૨૩.૭ દ્વારા નિર્ધારિત મર્યાદાઓ સુધી મર્યાદિત હોય, ત્યાં સુધી અમે માનતા નથી કે જે વ્યક્તિનું નામ સર્વેલન્સ રજિસ્ટરમાં સામેલ છે તેની પાસે ફરિયાદ માટે કોઈ વાસ્તવિક કારણ હોઈ શકે છે. અમે અહીં નોંધી શકીએ છીએ કે કાયદા અનુસાર અને અવ્યવસ્થા તથા ગુનાની રોકથામ માટે દખલગીરી એ માનવ અધિકારો પરના યુરોપિયન કન્વેન્શન દ્વારા પણ વ્યક્તિના ખાનગી અને પારિવારિક જીવનના આદરના અધિકારના એક અપવાદ તરીકે માન્ય છે. કન્વેન્શનનો અનુચ્છેદ ૮ નીચે મુજબ વંચાય છે:

'(૧) દરેક વ્યક્તિના તેના ખાનગી અને પારિવારિક જીવન, તેના ઘર અને તેના પત્રવ્યવહારના આદરના અધિકારને માન્યતા આપવામાં આવશે.

(૨) રાષ્ટ્રીય સુરક્ષા, જાહેર સલામતીના હિતમાં, અવ્યવસ્થા અને ગુનાની રોકથામ માટે અથવા આરોગ્ય કે નૈતિકતાના રક્ષણ માટે કાયદા અનુસાર હોય અને લોકશાહી સમાજમાં જરૂરી હોય તે સિવાય જાહેર સત્તાતંત્ર દ્વારા આ અધિકારના ઉપયોગમાં કોઈ દખલગીરી કરવામાં આવશે નહીં.'[72]

(ભારપૂર્વક ઉમેરેલ)

[72] તદેવ, પૃષ્ઠ ૪૨૪-૪૨૫ પર (પેરા ૬)

કોર્ટે પોલીસ માટે દેખરેખ રાખવાનું ગેરકાયદેસર માન્યું ન હતું જ્યાં સુધી તે ગુનો અટકાવવાના હેતુ માટે હોય અને નિયમ ૨૩.૭ દ્વારા નિર્ધારિત મર્યાદાઓ સુધી મર્યાદિત હોય, જેણે દેખરેખ હેઠળની વ્યક્તિની હિલચાલ પર નજીકથી નજર રાખવાની સત્તા આપતી વખતે એવી શરત રાખી હતી કે આ કોઈપણ ગેરકાયદેસર દખલગીરી વિના હોવું જોઈએ. હેતુ ગુનો અટકાવવાનો હોવાથી, કોર્ટે ઠેરવ્યું હતું કે જે વ્યક્તિ દેખરેખ હેઠળ છે તે રજિસ્ટર મેળવવા માટે હકદાર નથી કે કુદરતી ન્યાયનું પાલન કરતી નિર્ણય-પૂર્વ સુનાવણી જરૂરી નથી. આ કોર્ટે ઠેરવ્યું હતું કે જાહેર હિતમાં ગુપ્તતા જરૂરી હતી, જેમાં માહિતીના સ્ત્રોતોને ગુપ્ત રાખવાનો સમાવેશ થાય છે. ફરીથી કોર્ટે ઠેરવ્યું:

"પરંતુ આ બધાનો અર્થ એ નથી કે પોલીસ પાસે સર્વેલન્સ રજિસ્ટરમાં જેને તેઓ પસંદ કરે (નાપસંદ કરે?) તેના નામ દાખલ કરવાનું લાઇસન્સ છે; કે દેખરેખ એવી ન હોઈ શકે કે જે તમામ નાગરિકોને બાંયધરી આપેલી મૂળભૂત સ્વતંત્રતાઓને કચડી નાખે અથવા તે સ્વતંત્રતાઓના મુક્ત ઉપયોગ અને આનંદમાં અવરોધ ઊભો કરે; કે દેખરેખ એટલી બધી ઘૂસણખોરી કરી શકે નહીં કે જે વ્યક્તિના ગૌરવને ઠેસ પહોંચાડે. જે વ્યક્તિઓ નિયમ ૨૩.૪ માં ઉલ્લેખિત શ્રેણીઓમાં આવતી નથી અથવા ગુનાની રોકથામ સાથે અસંબંધિત કારણોસર, અથવા નિયમો દ્વારા નિર્ધારિત મર્યાદાઓથી બહાર જતી અતિશય દેખરેખ હેઠળ આવે છે, તે નાગરિકને કોર્ટના રક્ષણ માટે હકદાર બનાવશે જે આપતાં કોર્ટ અચકાશે નહીં. સર્વેલન્સ રજિસ્ટરમાં એન્ટ્રી કરવા માટેની શરતો અને દેખરેખની

પદ્ધતિ નિર્ધારિત કરતા તે નિયમો પોતે જ તે સાવચેતી અને કાળજીને માન્યતા આપતા જણાય છે જેની સાથે પોલીસ અધિકારીઓએ આગળ વધવું જરૂરી છે. નિયમ ૨૩.૪ પછીની નોંધ ઉપદેશક છે. તે પોલીસ અધિકારી પર નિયમનું કડક અર્થઘટન કરવાની અને સર્વેલન્સ રજિસ્ટરમાં એન્ટ્રીઓને નિયમમાં ઉલ્લેખિત વ્યક્તિઓના વર્ગ સુધી સીમિત રાખવાની ફરજ લાદે છે. તેવી જ રીતે નિયમ ૨૩.૭ માંગ કરે છે કે દેખરેખના બહાના હેઠળ કોઈ ગેરકાયદેસર દખલગીરી ન હોવી જોઈએ. તેથી, દેખરેખ અવરોધ વિનાની અને મર્યાદામાં હોવી જોઈએ."[73]

ગોપનીયતાના મુદ્દા પર મલક સિંહમાં કરવામાં આવેલા અવલોકનો દર્શાવે છે કે ગોપનીયતા પરનું અતિક્રમણ અનુચ્છેદ ૨૧ હેઠળ વ્યક્તિગત સ્વતંત્રતા અને અનુચ્છેદ ૧૯(૧)(ડી) હેઠળ હલનચલનની સ્વતંત્રતાના અધિકારનું ઉલ્લંઘન કરે છે. અનુચ્છેદ ૧૯ અથવા અનુચ્છેદ ૨૧ હેઠળ ગોપનીયતા એ એક સંરક્ષિત બંધારણીય મૂલ્ય છે તેવું ખાસ ઠેરવ્યા વિના, આ કોર્ટનો ચુકાદો સૂચવે છે કે ગોપનીયતા પરના ગંભીર અતિક્રમણો વ્યક્તિગત સ્વતંત્રતા અને હલનચલનની સ્વતંત્રતા પર અસર કરે છે. કોર્ટે આવા અતિક્રમણને વ્યક્તિના ગૌરવ સાથે જોડ્યું કે જેને પ્રક્રિયાગત સુરક્ષા વિનાની અને મૂળભૂત અધિકારો દ્વારા બાંયધરી આપવામાં આવેલી સ્વતંત્રતાઓના મુક્ત ઉપયોગમાં અવરોધ ઊભો કરે તે રીતે કરવામાં આવતી દેખરેખ દ્વારા ઠેસ પહોંચશે.

[73] તદેવ, પૃષ્ઠ ૪૨૬ પર (પેરા ૯)

૫૨. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિરુદ્ધ મધુકર નારાયણ મરડીકર[74] એ બે ન્યાયમૂર્તિઓની બેંચનો અન્ય એક નિર્ણય છે જે એક પોલીસ ઇન્સ્પેક્ટરના કેસ સાથે સંબંધિત હતો જેના પર એક મહિલા જ્યાં રહેતી હતી તે ઝૂંપડીમાં પ્રવેશીને તેની સાથે બિન-સંમતિજન્ય સંભોગ કરવાનો પ્રયાસ કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. તપાસ બાદ, તેને સેવામાંથી બરતરફ કરવામાં આવ્યો હતો પરંતુ પેન્શનના લાભો માટે અરજ કરી શકે તે હેતુથી અપીલમાં સજામાં સુધારો કરીને સેવામાંથી દૂર કરવામાં આવ્યો હતો. હાઇકોર્ટે કુદરતી ન્યાયના સિદ્ધાંતોના ઉલ્લંઘનના આધારે અને ભોગ બનનારના ચરિત્ર પર સવાલ ઉઠાવીને સજા રદ કરી હતી. હાઇકોર્ટનો આ અભિગમ ગેરસમજભર્યો હતો તેવું ઠેરવતાં, ન્યાયમૂર્તિ એ. એમ. અહમદીએ (જેઓ ત્યારપછી વિદ્વાન મુખ્ય ન્યાયમૂર્તિ બન્યા હતા) ઠેરવેલ કે ભોગ બનનારે "તેના જીવનની અંધારી બાજુ" સ્વીકારી હોવા છતાં, તે હજુ પણ તેની ગોપનીયતા માટે હકદાર હતી:

"હાઇકોર્ટ અવલોકન કરે છે કે બાનુબી એક અપવિત્ર સ્ત્રી હોવાથી અન્ય વ્યક્તિ સાથેના તેના ગેરકાયદેસર સંબંધોને છૂપાવતી ન હોય તેવી સ્ત્રીના અસમર્થિત નિવેદન પર સરકારી અધિકારીના ભવિષ્ય અને કારકિર્દીને જોખમમાં મૂકવાની મંજૂરી આપવી અત્યંત અસુરક્ષિત રહેશે. તે તેના જીવનની અંધારી બાજુ સ્વીકારવા જેટલી પ્રામાણિક હતી. સરળ સદ્ગુણ ધરાવતી સ્ત્રી (વ્યભિચારી સ્ત્રી) પણ ગોપનીયતા માટે હકદાર છે અને જ્યારે પણ તેની ઇચ્છા થાય ત્યારે કોઈ તેની ગોપનીયતા પર આક્રમણ કરી શકતું નથી. તેવી જ રીતે કોઈપણ અને દરેક

[74] (૧૯૯૧) ૧ એસસીસી ૫૭

વ્યક્તિ માટે જ્યારે તે ઈચ્છે ત્યારે તેના શરીરનું ઉલ્લંઘન કરવાનું યોગ્ય નથી. જો તેની ઈચ્છા વિરુદ્ધ તેના શરીરનું ઉલ્લંઘન કરવાનો પ્રયાસ કરવામાં આવે તો તે પોતાના શરીરનું રક્ષણ કરવા માટે હકદાર છે. તે કાયદાના રક્ષણ માટે પણ સમાન રીતે હકદાર છે. તેથી, માત્ર તે સરળ સદ્ગુણ ધરાવતી સ્ત્રી હોવાના કારણે, તેના પુરાવાને અવગણી શકાય નહીં. વધુમાં વધુ તેના પુરાવાનું મૂલ્યાંકન કરવા માટે બોલાવવામાં આવેલા અધિકારીએ તેના પુરાવાને સ્વીકારતા પહેલાં પોતાની જાતને સાવચેત રાખવી પડશે."[75]

(ભારપૂર્વક ઉમેરેલ)

ઉપરનો અંશ દર્શાવે છે તેમ, આ કોર્ટ સમક્ષનો મુદ્દો અનિવાર્યપણે હાઇકોર્ટ દ્વારા ભોગ બનનારના પુરાવાના મૂલ્યાંકન પર આધારિત હતો. તેમ છતાં, આ કોર્ટના અવલોકનો સ્ત્રીની શારીરિક અખંડિતતાનું, તેની ગોપનીયતાના એક આનુષંગિક પાસા તરીકે, મજબૂત નિવેદન રજૂ કરે છે.

૫૩. લાઇફ ઇન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા વિરુદ્ધ પ્રોફેસર મનુભાઇ ડી. શાહ[76] ના નિર્ણયમાં, ઇન્ડિયન એક્સપ્રેસ ન્યૂઝપેપર્સ (બોમ્બે) પ્રાઇવેટ લિમિટેડ વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા[77] ના નિર્ણયને ખોટી રીતે એ સિદ્ધાંત આભારી ગણાવ્યો કે અનુચ્છેદ ૧૯(૧)(એ) હેઠળ મુક્ત અભિવ્યક્તિના અધિકારમાં સંદેશાવ્યવહારની ગોપનીયતાનો સમાવેશ થાય છે. ઇન્ડિયન

[75] તદેવ, પૃષ્ઠ ૬૨-૬૩ પર (પેરા ૮)
[76] (૧૯૯૨) ૩ એસસીસી ૬૩૭
[77] (૧૯૮૫) ૧ એસસીસી ૬૪૧

એક્સપ્રેસમાં આ કોર્ટના ચુકાદામાં સંયુક્ત રાષ્ટ્રના અહેવાલનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો પરંતુ તેનાથી વિશેષ કંઈ કરવામાં આવ્યું ન હતું.

૫૪. જે નિર્ણયે થોડું મહત્વ ધારણ કર્યું છે તે રાજગોપાલ[78] છે. તે કેસમાં, બંધારણના અનુચ્છેદ ૩૨ હેઠળની કાર્યવાહીમાં, મેગેઝિનમાં એક દોષિત કેદીની આત્મકથાના પ્રકાશનમાં રાજ્ય અને જેલ સત્તાવાળાઓ દ્વારા દખલગીરી કરવા પર પ્રતિબંધ મૂકવા માટે રીટ અરજ કરવામાં આવી હતી. જેલ સત્તાવાળાઓએ, પ્રકાશકને પાઠવેલા સંદેશાવ્યવહારમાં, કેદી જ્યારે જેલમાં બંધ હતો ત્યારે આત્મકથા તેના દ્વારા લખવામાં આવી હતી તે દાવાને નકારી કાઢ્યો હતો અને અભિપ્રાય આપ્યો હતો કે દોષિતના નામે પ્રકાશન જેલ નિયમોની વિરુદ્ધ હતું. પ્રશ્ન હેઠળનો કેદી છ હત્યાઓ માટે દોષિત ઠર્યો હતો અને તેને મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી હતી. આ કોર્ટ દ્વારા નિર્ણય માટે મૂકવામાં આવેલા પ્રશ્નોમાં એ હતો કે શું કોઈ નાગરિક અન્ય વ્યક્તિને પોતાની જીવનકથા લખવાથી રોકી શકે છે અને શું અનધિકૃત પ્રકાશન નાગરિકના ગોપનીયતાના અધિકારનું ઉલ્લંઘન કરે છે. બે ન્યાયમૂર્તિઓની બેંચ વતી બોલતા ન્યાયમૂર્તિ જીવન રેડ્ડીએ માન્ય રાખ્યું કે ગોપનીયતાના અધિકારના બે પાસાં છે: પ્રથમ પાસું ગોપનીયતાના ગેરકાયદેસર આક્રમણથી થતા નુકસાન માટે અપકૃત્ય (ટોર્ટ) માં નુકસાની માટેની કાર્યવાહી પૂરી પાડે છે, જ્યારે બીજું પાસું બંધારણીય અધિકાર છે. ચુકાદો ગોપનીયતાના બંધારણીય રક્ષણને ખરક સિંહ અને ગોબિંદના નિર્ણયો સુધી શોધી કાઢે છે. આ નીચેના અવલોકનો પરથી જણાય છે:

[78] (૧૯૯૪) ૬ એસસીસી ૬૩૨

"... આ પાસા સાથે કામ પાર પાડતો આ કોર્ટનો પ્રથમ નિર્ણય ખરક સિંહ વિરુદ્ધ સ્ટેટ ઓફ યુ.પી. [(૧૯૬૪) ૧ એસસીઆર ૩૩૨ : એઆઈઆર ૧૯૬૩ એસસી ૧૨૯૫ : (૧૯૬૩) ૨ ક્રિ એલજે ૩૨૯] છે. આ અધિકારનું વધુ વિસ્તૃત મૂલ્યાંકન ત્યારપછીના ગોબિંદ વિરુદ્ધ સ્ટેટ ઓફ એમ.પી. [(૧૯૭૫) ૨ એસસીસી ૧૪૮ : ૧૯૭૫ એસસીસી (ક્રિ) ૪૬૮] ના નિર્ણયમાં થયું હતું જેમાં મેથ્યુ, જે. એ પોતાની વતી તથા ક્રિષ્ના અૈયર અને ગોસ્વામી, જેજે. વતી બોલતાં આ અધિકારના મૂળ શોધી કાઢ્યા હતા અને એ પણ દર્શાવ્યું હતું કે યુનાઇટેડ સ્ટેટ્સ સુપ્રિમ કોર્ટ દ્વારા તેના બે જાણીતા નિર્ણયો ગ્રીસવોલ્ડ વિરુદ્ધ કનેક્ટિકટ [૩૮૧ યુ.એસ. ૪૭૯ : ૧૪ એલ એડ ૨ડી ૫૧૦ (૧૯૬૫)] અને રો વિરુદ્ધ વેડ [૪૧૦ યુ.એસ. ૧૧૩ : ૩૫ એલ એડ ૨ડી ૧૪૭ (૧૯૭૩)] માં સદર અધિકાર સાથે કેવી રીતે કામ પાર પાડવામાં આવ્યું છે..."[79]

રાજગોપાલનો નિર્ણય ખરક સિંહ અને ગોબિંદના નિર્ણયોને આ મુજબ ધ્યાને લે છે:

"... ખરક સિંહ [(૧૯૬૪) ૧ એસસીઆર ૩૩૨ : એઆઈઆર ૧૯૬૩ એસસી ૧૨૯૫ : (૧૯૬૩) ૨ ક્રિ એલજે ૩૨૯] એવો કેસ હતો જ્યાં અરજદારને યુ.પી. પોલીસ રેગ્યુલેશન્સના રેગ્યુલેશન ૨૩૬ માં વ્યાખ્યાયિત કર્યા મુજબ દેખરેખ હેઠળ રાખવામાં આવ્યો હતો...

[79] તદેવ, પૃષ્ઠ ૬૩૯-૬૪૦ પર (પેરા ૯)

જોકે ગોપનીયતાના અધિકારનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો, છતાં આ નિર્ણય અનુચ્છેદ ૨૧ માં 'વ્યક્તિગત સ્વતંત્રતા' અને 'જીવન' ના અર્થ અને વિષયવસ્તુ પર આધારિત હતો. ગોબિંદ [(૧૯૭૫) ૨ એસસીસી ૧૪૮ : ૧૯૭૫ એસસીસી (ક્રિ) ૪૬૮] પણ એમ.પી. પોલીસ રેગ્યુલેશન્સ હેઠળ દેખરેખનો કેસ હતો. ખરક સિંહ [(૧૯૬૪) ૧ એસસીઆર ૩૩૨ : એઆઇઆર ૧૯૬૩ એસસી ૧૨૯૫ : (૧૯૬૩) ૨ ક્રિ એલજે ૩૨૯] ને તે જ સમયે ગોપનીયતાના અધિકારને વિસ્તૃત કરતી વખતે પણ અનુસરવામાં આવ્યો હતો..."[80]

કોર્ટે ઠેરવેલ કે ન તો રાજ્ય કે ન તો તેના અધિકારીઓ દોષિતની આત્મકથાના પ્રકાશન પર પૂર્વ-પ્રતિબંધો લાદી શકે છે. નિર્ણયના પોતાના સારાંશ દરમિયાન, કોર્ટે ઠેરવ્યું:

"(૧) અનુચ્છેદ ૨૧ દ્વારા આ દેશના નાગરિકોને બાંયધરી આપવામાં આવેલા જીવન અને સ્વતંત્રતાના અધિકારમાં ગોપનીયતાનો અધિકાર ગર્ભિત છે. તે 'એકલા રહેવાનો અધિકાર' છે. નાગરિકને અન્ય બાબતોની સાથે પોતાના ઘર, પોતાના પરિવાર, લગ્ન, પ્રજનન, માતૃત્વ, બાળ ઉછેર અને શિક્ષણની ગોપનીયતાનું રક્ષણ કરવાનો અધિકાર છે. કોઈ પણ વ્યક્તિ ઉપરોક્ત બાબતો અંગે તેની સંમતિ વિના કંઈપણ પ્રકાશિત કરી શકશે નહીં - પછી ભલે તે સાચું હોય કે અન્યથા અને ભલે તે પ્રશંસનીય હોય કે ટીકાત્મક હોય. જો તે તેમ કરે છે, તો તે સંબંધિત વ્યક્તિના ગોપનીયતાના અધિકારનું ઉલ્લંઘન કરશે અને

[80] તદેવ, પૃષ્ઠ ૬૪૩ પર (પેરા ૧૩)

નુકસાની માટેની કાર્યવાહીમાં જવાબદાર રહેશે. જો કે, જો કોઈ વ્યક્તિ સ્વેચ્છાએ પોતાને વિવાદમાં ધકેલે અથવા સ્વેચ્છાએ કોઈ વિવાદને આમંત્રણ આપે અથવા ઊભો કરે તો પરિસ્થિતિ અલગ હોઈ શકે છે.

(૨) ઉપરોક્ત નિયમ એ અપવાદને આધીન છે કે ઉપરોક્ત પાસાંઓને લગતું કોઈપણ પ્રકાશન વાંધાજનક બનતું નથી જો આવું પ્રકાશન અદાલતી રેકોર્ડ સહિતના જાહેર રેકોર્ડ પર આધારિત હોય. આ એ કારણસર છે કે એકવાર કોઈ બાબત જાહેર રેકોર્ડની બાબત બની જાય પછી, ગોપનીયતાનો અધિકાર હવે ટકી શકતો નથી અને તે અન્ય લોકો ઉપરાંત પ્રેસ અને મીડિયા દ્વારા ટિપ્પણી માટે કાયદેસરનો વિષય બની જાય છે. જો કે, અમારો અભિપ્રાય છે કે શિષ્ટાચારના હિતમાં [અનુચ્છેદ ૧૯(૨)] આ નિયમમાં એક અપવાદ બનાવવો જોઈએ, એટલે કે, જે સ્ત્રી જાતીય હુમલો, અપહરણ, ભગાડી જવું અથવા તેવા જ ગુનાનો ભોગ બનેલી હોય તેના નામને અને ઘટનાને પ્રેસ/મીડિયામાં પ્રસિદ્ધ કરીને તેના ગૌરવને વધુ ઠેસ પહોંચાડવી જોઈએ નહીં.

(૩) ઉપર (૧) માં દર્શાવેલ નિયમનો હજુ એક વધુ અપવાદ છે - ખરેખર, આ અપવાદ નથી પરંતુ એક સ્વતંત્ર નિયમ છે. જાહેર અધિકારીઓના કિસ્સામાં, તે સ્પષ્ટ છે કે, તેમની સત્તાવાર ફરજોના પાલનને લગતા તેમના કાર્યો અને વર્તનના સંદર્ભમાં ગોપનીયતાનો અધિકાર, અથવા તે બાબત માટે, નુકસાની માટેની કાર્યવાહીનો ઉપાય ઉપલબ્ધ નથી. આ બાબત એવા કિસ્સામાં પણ સાચી છે જ્યાં પ્રકાશન એવા તથ્યો અને વિધાનો પર આધારિત હોય જે સાચા ન

હોય, સિવાય કે અધિકારી એ સાબિત કરે કે પ્રકાશન (પ્રતિવાદી દ્વારા) સત્ય પ્રત્યે બેદરકારીભરી ઉપેક્ષા સાથે કરવામાં આવ્યું હતું. આવા કિસ્સામાં, પ્રતિવાદી (પ્રેસ અથવા મીડિયાના સભ્ય) માટે એ સાબિત કરવું પૂરતું રહેશે કે તેણે તથ્યોની વાજબી ચકાસણી પછી કાર્ય કર્યું હતું; તેણે જે લખ્યું છે તે સાચું છે તે સાબિત કરવું તેના માટે જરૂરી નથી. અલબત્ત, જ્યાં પ્રકાશન ખોટું સાબિત થાય અને દ્વેષભાવ અથવા વ્યક્તિગત દુશ્મનાવટથી પ્રેરિત હોય, ત્યાં પ્રતિવાદી પાસે કોઈ બચાવ રહેશે નહીં અને તે નુકસાની માટે જવાબદાર રહેશે. તે સમાન રીતે સ્પષ્ટ છે કે તેની ફરજોના પાલનને અસંગત બાબતોમાં, જાહેર અધિકારી અન્ય કોઈપણ નાગરિકની જેમ જ સમાન રક્ષણ મેળવે છે, જેમ કે ઉપર (૧) અને (૨) માં સમજાવવામાં આવ્યું છે. આ પુનરાવર્તનની જરૂર નથી કે ન્યાયતંત્ર, જે કોર્ટના તિરસ્કાર માટે સજા કરવાની સત્તા દ્વારા સંરક્ષિત છે અને સંસદ તથા વિધાનસભાઓ કે જેમના વિશેષાધિકારો ભારતના બંધારણના અનુક્રમે અનુચ્છેદ ૧૦૫ અને ૧૯૪ દ્વારા સંરક્ષિત છે, તે આ નિયમના અપવાદોનું પ્રતિનિધિત્વ કરે છે..."[81]

૫૫. ન્યાયમૂર્તિ જીવન રેડ્ડીનો ચુકાદો ગોપનીયતાને અનુચ્છેદ ૨૧ હેઠળ જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાના અધિકારમાં ગર્ભિત ગણે છે. આ નિષ્કર્ષ પર પહોંચવામાં, રાજગોપાલનો ચુકાદો નોંધે છે કે જ્યારે ખરક સિંહે ગોપનીયતાના અધિકારનો ઉલ્લેખ કર્યો હતો, ત્યારે તે નિર્ણય અનુચ્છેદ ૨૧ માં જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાની વિષયવસ્તુ પર આધારિત હતો. આ નિર્ણય

[81] તદેવ, પૃષ્ઠ ૬૪૯-૬૫૦ પર (પેરા ૨૬)

ગોપનીયતાને અનુચ્છેદ ૨૧ સાથે જોડતી વખતે એક સંરક્ષિત બંધારણીય અધિકાર તરીકે માન્યતા આપે છે.

૫૬. 'સ્ટેટ્સ સર્વેલન્સ એન્ડ ધ રાઇટ ટુ પ્રાઇવસી' પરના એક રસપ્રદ સંશોધન લેખમાં, એક સમકાલીન વિદ્વાને રાજગોપાલના નિર્ણયના સૈદ્ધાંતિક પાયા પર સવાલ ઉઠાવ્યા છે કે આ કેસ અનિવાર્યપણે સરકારી ઘૂસણખોરી સામેની ગોપનીયતાને લગતા યુ.એસ. ના કેસો સાથે સંબંધિત હતો જે આ કોર્ટ સમક્ષની વાસ્તવિક પરિસ્થિતિમાં અપ્રસ્તુત હતો.[82] લેખકના મતે, રાજગોપાલમાં ખાનગી પ્રકાશક દ્વારા મેગેઝિનમાં એક ખાનગી વ્યક્તિ દ્વારા લખાયેલા લેખના પ્રકાશનનો સમાવેશ થતો હતો, જોકે તે દોષિત હતો. તેથી આ નિર્ણયની એ આધારે ટીકા કરવામાં આવી છે કે રાજગોપાલ ખાનગી પક્ષકારો વચ્ચેની કાર્યવાહી વિશે હતો અને તેથી, તેણે અપકૃત્ય કાયદા (ટોર્ટ લો) ના સંદર્ભમાં ગોપનીયતા સાથે કામ પાર પાડવું જોઈતું હતું.[83] જ્યારે એ સાચું છે કે રાજગોપાલમાં તે એક ખાનગી પ્રકાશક હતો જે મૃત્યુદંડના કેદી વિશે એક લેખ પ્રકાશિત કરવા માંગતો હતો, તે સમાન રીતે સાચું છે કે કોર્ટે રાજ્ય અને તેના જેલ અધિકારીઓ દ્વારા લાદવામાં આવેલા પ્રકાશન પરના પૂર્વ-પ્રતિબંધ સાથે કામ પાર પાડ્યું હતું. વાસ્તવમાં, પ્રકાશક દ્વારા અનુચ્છેદ ૩૨ નો આશરો તે રીતે જ લેવામાં આવ્યો હતો.

---

[82] ગૌતમ ભાટિયા, "સ્ટેટ સર્વેલન્સ એન્ડ ધ રાઇટ ટુ પ્રાઇવસી ઇન ઇન્ડિયા: એ કોન્સ્ટીટ્યુશનલ બાયોગ્રાફી", નેશનલ લો સ્કૂલ ઓફ ઇન્ડિયા રિવ્યુ (૨૦૧૪), ભાગ ૨૬(૨), પૃષ્ઠ ૧૩૮-૧૩૯ પર

[83] તદેવ

૫૭. ગોપનીયતા અને તબીબી ન્યાયશાસ્ત્ર વચ્ચેના આંતરછેદ સાથે આ કોર્ટના શ્રેણીબદ્ધ ચુકાદાઓમાં કામ પાર પાડવામાં આવ્યું છે, જેમાં મિસ્ટર એક્સ વિરુદ્ધ હોસ્પિટલ ઝેડ[84] નો સમાવેશ થાય છે. તે કેસમાં, અપીલકર્તા રાજ્યની આરોગ્ય સેવામાં એક ડૉક્ટર હતો. તે નાગાલેન્ડથી ચેન્નાઈ સર્જરી માટે એક દર્દી સાથે જઈ રહ્યો હતો અને જ્યારે તેણે રક્તદાન કરવાનું હતું ત્યારે તેની તપાસ કરવામાં આવી હતી. લોહીનો નમૂનો એચઆઇવી+ હોવાનું જણાયું હતું. હોસ્પિટલ દ્વારા તેની એચઆઇવી+ સ્થિતિ જાહેર કરવાથી સામાજિક રીતે બહિષ્કૃત કરવામાં આવ્યો હોવાનો દાવો કરીને અપીલકર્તાએ નેશનલ કન્ઝ્યુમર ડિસ્પ્યુટ્સ રેડ્રેસલ કમિશન (એનસીડીઆરસી) સમક્ષ નુકસાની માટે દાવો દાખલ કર્યો હતો જેમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે હોસ્પિટલે તેની એચઆઇવી સ્થિતિ અનધિકૃત રીતે જાહેર કરી હતી જેના પરિણામે તેના લગ્ન રદ થયા હતા અને સામાજિક બદનામી થઈ હતી. આ કોર્ટની બે ન્યાયમૂર્તિઓની બેંચ વતી બોલતા ન્યાયમૂર્તિ સગીર અહમદે દર્દીના સંબંધમાં ગુપ્તતા જાળવવાની ડૉક્ટરની ફરજનો ઉલ્લેખ કર્યો હતો પરંતુ ઠેરવ્યું હતું કે ગુપ્તતાના નિયમમાં એક અપવાદ છે જ્યાં જાહેર હિત તે ફરજ પર સરસાઈ મેળવશે. આ કોર્ટનો ચુકાદો અનુચ્છેદ ૨૧ હેઠળના ગોપનીયતાના અધિકાર અને મૂળભૂત અધિકારો તથા રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો સાથે સંબંધિત બંધારણની અન્ય જોગવાઈઓ પર આધારિત હતો:

"ગોપનીયતાનો અધિકાર અનુચ્છેદ ૨૧ ની જોગવાઈઓ અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો સાથે વંચાણે લેતા મૂળભૂત અધિકારોને લગતી

[84] (૧૯૯૮) ૮ એસસીસી ૨૯૬

બંધારણની અન્ય જોગવાઈઓમાંથી તારવવામાં આવ્યો છે. આ સંદર્ભમાં જ આ કોર્ટ દ્વારા ખરક સિંહ વિરુદ્ધ સ્ટેટ ઓફ યુ.પી. [એઆઈઆર ૧૯૬૩ એસસી ૧૨૯૫ : (૧૯૬૪) ૧ એસસીઆર ૩૩૨] માં ઠેરવવામાં આવ્યું હતું કે ઘરેલુ મુલાકાતો દ્વારા વ્યક્તિ પર પોલીસ દેખરેખ રાખવી તે બંધારણના અનુચ્છેદ ૨૧ નું ઉલ્લંઘન કરશે. આ નિર્ણયને ગોબિંદ વિરુદ્ધ સ્ટેટ ઓફ એમ.પી. [(૧૯૭૫) ૨ એસસીસી ૧૪૮ : ૧૯૭૫ એસસીસી (ક્રિ) ૪૬૮] માં તેમના ઉત્કૃષ્ટ ચુકાદામાં મેથ્યુ, જે. દ્વારા ધ્યાને લેવામાં આવ્યો હતો જેમાં 'ગોપનીયતાના અધિકાર' ના મૂળ શોધી કાઢવામાં આવ્યા હતા અને મન વિરુદ્ધ ઈલિનોઈસ [૯૪ યુએસ ૧૧૩ : ૨૪ એલ એડ ૭૭ (૧૮૭૭)], વોલ્ફ વિરુદ્ધ કોલોરાડો [૩૩૮ યુએસ ૨૫ : ૯૩ એલ એડ ૧૭૮૨ (૧૯૪૯)] સહિતના સંખ્યાબંધ અમેરિકન નિર્ણયો અને વિવિધ લેખો ધ્યાનમાં લેવામાં આવ્યા હતા..."[85]

કોર્ટે મલક સિંહના નિર્ણયને અગાઉ ખરક સિંહ અને ગોબિંદમાં ગોપનીયતા અંગે લેવાયેલા દૃષ્ટિકોણનું પુનરાવર્તન કરતો ગણાવ્યો હતો. કોર્ટે રાજગોપાલના નિર્ણય પર આધાર રાખવાનું ચાલુ રાખ્યું. કોર્ટે ઠેરવેલ કે ગોપનીયતાનો અધિકાર નિરપેક્ષ નથી અને ગુનો અથવા અવ્યવસ્થા અટકાવવા અથવા અન્ય લોકોના આરોગ્ય, નૈતિકતા અને અધિકારો તથા સ્વતંત્રતાઓનું રક્ષણ કરવા માટે કાયદેસર રીતે લેવામાં આવેલી કાર્યવાહીને આધીન છે. કોર્ટે ઠેરવેલ કે સાચા તથ્યોની જાહેર જાહેરાત પણ, જ્યારે કોઈ ડૉક્ટર ગુપ્તતાનો ભંગ

[85] તદેવ, પૃષ્ઠ ૩૦૫ પર (પેરા ૨૧)

કરે છે ત્યારે ગોપનીયતાના અધિકાર અથવા એકલા રહેવાના અધિકાર પર આક્રમણ સમાન હોઈ શકે છે. કોર્ટે ઠેરવેલ કે:

"સાચા ખાનગી તથ્યો જાહેર કરવાની પણ વ્યક્તિની શાંતિને ખલેલ પહોંચાડવાની વૃત્તિ હોય છે. તે તેનામાં ઘણી જટિલતાઓ પેદા કરી શકે છે અને મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ તરફ પણ દોરી શકે છે. ત્યારબાદ તે સમગ્ર જીવન દરમિયાન અશાંત જીવન જીવી શકે છે. આ સંભાવનાઓને ધ્યાનમાં રાખીને, અને ઉપર સંદર્ભિત આ કોર્ટના વિવિધ નિર્ણયોમાં પહેલેથી જ ઠેરવ્યા મુજબ, ગોપનીયતાનો અધિકાર એ અનુચ્છેદ ૨૧ દ્વારા કલ્પના કરાયેલ જીવનના અધિકારનો એક આવશ્યક ઘટક છે. જો કે, આ અધિકાર નિરપેક્ષ નથી અને ગુનો, અવ્યવસ્થા અટકાવવા અથવા આરોગ્ય કે નૈતિકતાના રક્ષણ માટે અથવા અન્ય લોકોના અધિકારો અને સ્વતંત્રતાના રક્ષણ માટે કાયદેસર રીતે મર્યાદિત કરી શકાય છે."[86]

જો કે, અપીલકર્તા એચઆઇવી+ હોવાની જાહેરાતને અપીલકર્તાના ગોપનીયતાના અધિકારનું ઉલ્લંઘન કરતી ન હોવાનું ઠેરવવામાં આવ્યું હતું કારણ કે જે સ્ત્રી સાથે તેના લગ્ન થવાના હતા તેને "આવી જાહેરાત દ્વારા સમયસર અને ચેપ લાગવાના જોખમમાંથી બચાવી લેવામાં આવી હતી". એનસીડીઆરસી દ્વારા વળતરના દાવાને નકારી કાઢવાનું સમર્થન કરવામાં આવ્યું હતું.

[86] તદેવ, પૃષ્ઠ ૩૦૭ પર (પેરા ૨૮)

૫૮. મિસ્ટર એક્સ વિરુદ્ધ હોસ્પિટલ ઝેડ નો નિર્ણય એ પૂરતી રીતે સમજવામાં નિષ્ફળ રહે છે કે ખરક સિંહના નિર્ણયના પાછળના ભાગે ગોપનીયતાને બંધારણીય અધિકાર તરીકે સ્વીકારવાનો ઇનકાર કર્યો હતો, જ્યારે અગાઉના ભાગે 'વ્યવસ્થિત સ્વતંત્રતા' પરના આક્રમણના સંદર્ભમાં ઘરેલુ મુલાકાતોને અમાન્ય ઠેરવી હતી. તેવી જ રીતે, ગોબિંદમાં કરવામાં આવેલા કેટલાક અવલોકનો એક ધારણા પર આગળ વધે છે: જો ગોપનીયતાનો અધિકાર હોય, તો તે અમુક બાબતોને સમાવી લેશે અને અનિવાર્ય રાજ્ય હિતોના રક્ષણ માટેના નિયમનને આધીન રહેશે.

૫૯. પીયુસીએલ[87] માં આ કોર્ટની બે ન્યાયમૂર્તિઓની બેંચના નિર્ણયમાં, કોર્ટે ટેલિફોન ટેપિંગ સાથે કામ પાર પાડ્યું હતું. અરજદારે ભારતીય ટેલિગ્રાફ અધિનિયમ, ૧૮૮૫ ની કલમ ૫(૨) ની બંધારણીય માન્યતાને પડકારી હતી અને વૈકલ્પિક રીતે ટેલિફોન ટેપિંગના મનસ્વી કૃત્યોને રોકવા માટે પ્રક્રિયાગત સલામતીના પગલાં અપનાવવા વિનંતી કરી હતી. કલમ ૫(૨) સંદેશાઓના આંતરછેદન (ઇન્ટરસેપ્શન) ને નીચેની શરતોમાં અધિકૃત કરે છે:

"કોઈપણ જાહેર કટોકટી ઉદ્ભવે ત્યારે, અથવા જાહેર સલામતીના હિતમાં, કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર અથવા કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકાર દ્વારા આવતી વિશેષરૂપે અધિકૃત કરાયેલ કોઈપણ અધિકારી, જો તેને સંતોષ થાય કે ભારતની સાર્વભૌમત્વ અને અખંડિતતા, રાજ્યની સુરક્ષા, વિદેશી રાજ્યો સાથેના

[87] (૧૯૯૭) ૧ એસસીસી ૩૦૧

મૈત્રીપૂર્ણ સંબંધો અથવા જાહેર વ્યવસ્થાના હિતમાં અથવા કોઈ ગુનો કરવા માટે ઉશ્કેરણી અટકાવવા માટે તેમ કરવું જરૂરી કે યોગ્ય છે, તો લેખિતમાં નોંધવાના કારણોસર, હુકમ દ્વારા, એવો નિર્દેશ આપી શકે છે કે કોઈપણ વ્યક્તિ કે વ્યક્તિઓના વર્ગ તરફથી અથવા તેને મોકલવામાં આવતો, અથવા કોઈપણ ચોક્કસ વિષયને લગતો કોઈપણ સંદેશો અથવા સંદેશાઓનો વર્ગ, જે કોઈપણ ટેલિગ્રાફ દ્વારા પ્રસારણ માટે લાવવામાં આવેલ હોય અથવા પ્રસારિત થયેલ હોય કે પ્રાપ્ત થયેલ હોય, તે પ્રસારિત કરવામાં આવશે નહીં, અથવા તેને આંતરવામાં (ઇન્ટરસેપ્ટ) આવશે અથવા અટકાવવામાં આવશે, અથવા હુકમ કરનાર સરકારને અથવા હુકમમાં ઉલ્લેખિત તેના અધિકારીને જાહેર કરવામાં આવશે:

પરંતુ કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર સમક્ષ માન્યતા પ્રાપ્ત પત્રકારોના ભારતમાં પ્રકાશિત થવાના હેતુવાળા પ્રેસ સંદેશાઓને આંતરવામાં કે અટકાવવામાં આવશે નહીં, સિવાય કે તેમનું પ્રસારણ આ પેટા-કલમ હેઠળ પ્રતિબંધિત કરવામાં આવ્યું હોય."

૬૦. ટેલિફોન ટેપિંગને અધિકૃત કરતી કાનૂની જોગવાઈની અમાન્યતા પરની રજૂઆત બંધારણના અનુચ્છેદ ૧૯(૧) અને ૨૧ હેઠળ ગોપનીયતાનો અધિકાર એક મૂળભૂત અધિકાર હોવા પર આધારિત હતી. ન્યાયમૂર્તિ કુલદીપ સિંહે ખરક સિંહમાં બહુમતી ચુકાદામાં સમાવિષ્ટ અવલોકનોનો ઉલ્લેખ કર્યો હતો જેના કારણે રેગ્યુલેશન ૨૩૬(બી) હેઠળ રાત્રિના સમયે ઘરેલુ મુલાકાતો માટેની જોગવાઈ અમાન્ય ઠરી હતી. પીયુસીએલ એ રેગ્યુલેશન ૨૩૬ ને તેની

સંપૂર્ણતામાં અમાન્ય ઠેરવીને વધુ આગળ વધવા બદલ ન્યાયમૂર્તિ સુબ્બા રાવના લઘુમતી મંતવ્યનો ઉલ્લેખ કર્યો હતો. તેથી, આ ચુકાદો બહુમતી અને લઘુમતી બંને ચુકાદાઓનું એવું અર્થઘટન કરે છે કે તેઓએ ગોપનીયતાના અધિકારને અનુચ્છેદ ૨૧ ના ભાગ તરીકે સમર્થન આપ્યું છે:

"તેથી, ખરક સિંહ કેસ [(૧૯૬૪) ૧ એસસીઆર ૩૩૨ : એઆઈઆર ૧૯૬૩ એસસી ૧૨૯૫] માં તમામ સાત વિદ્વાન ન્યાયાધીશો (બહુમતી અને લઘુમતી મંતવ્યો) દ્વારા બંધારણના અનુચ્છેદ ૨૧ નું અર્થઘટન સદર અનુચ્છેદ હેઠળ બાંયધરી આપવામાં આવેલા 'જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાના રક્ષણ' ના અધિકારના ભાગ તરીકે તે 'ગોપનીયતાના અધિકાર' નો સમાવેશ કરવા માટે કરવામાં આવ્યું છે."[88]

ગોબિંદને રાજ્ય પોલીસ રેગ્યુલેશન્સની માન્યતાને એ આધારે માન્ય રાખતો ગણવામાં આવ્યો હતો કે અનુચ્છેદ ૨૧ હેઠળ 'કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયા' નું ઉલ્લંઘન થયું નથી. પૂર્વચુકાદાઓનો પોતાનો સારાંશ પૂર્ણ કર્યા પછી, ન્યાયમૂર્તિ કુલદીપ સિંહે નીચે મુજબ ઠેરવ્યું:

"તેથી, અમને એ ઠેરવવામાં કોઈ સંકોચ નથી કે ગોપનીયતાનો અધિકાર બંધારણના અનુચ્છેદ ૨૧ હેઠળ સમાવિષ્ટ 'જીવન' અને 'વ્યક્તિગત સ્વતંત્રતા' ના અધિકારનો એક ભાગ છે. એકવાર આપેલ કેસના તથ્યો ગોપનીયતાનો

[88] તદેવ, પૃષ્ઠ ૩૧૦ પર (પેરા ૧૪)

અધિકાર બનાવે છે, ત્યારે અનુચ્છેદ ૨૧ આકર્ષાય છે. સદર અધિકારને 'કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયા અનુસાર' સિવાય ઘટાડી શકાતો નથી."[89]

ટેલિફોન વાતચીતને ગોપનીયતાનો એક મહત્વપૂર્ણ ઘટક ગણવામાં આવ્યો હતો અને આવી વાતચીતને ટેપ કરવી તે અનુચ્છેદ ૨૧ નું ઉલ્લંઘન કરતી હોવાનું ઠેરવવામાં આવ્યું હતું, સિવાય કે તેની પરવાનગી 'કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયા' દ્વારા આપવામાં આવી હોય:

"ગોપનીયતાના અધિકારને - પોતાની રીતે - બંધારણ હેઠળ ઓળખવામાં આવ્યો નથી. એક વિભાવના તરીકે તેને ન્યાયિક રીતે વ્યાખ્યાયિત કરવો તે ખૂબ વ્યાપક અને નૈતિક હોઈ શકે છે. કોઈ આપેલ કેસમાં ગોપનીયતાના અધિકારનો દાવો કરી શકાય કે તેનું ઉલ્લંઘન થયું છે તે સદર કેસના તથ્યો પર આધારિત રહેશે. પરંતુ કોઈપણ દખલગીરી વિના પોતાના ઘર કે ઓફિસની ગોપનીયતામાં ટેલિફોન પર વાતચીત કરવાનો અધિકાર ચોક્કસપણે 'ગોપનીયતાના અધિકાર' તરીકે દાવો કરી શકાય છે. ટેલિફોન પરની વાતચીતો ઘણીવાર અંતરંગ અને ગુપ્ત સ્વભાવની હોય છે. ટેલિફોન વાતચીત એ આધુનિક માનવીના જીવનનો એક ભાગ છે. તે એટલું મહત્વપૂર્ણ માનવામાં આવે છે કે વધુને વધુ લોકો પોતાના ખિસ્સામાં મોબાઇલ ટેલિફોન ઉપકરણો રાખે છે. ટેલિફોન વાતચીત એ માણસના ખાનગી જીવનનું એક મહત્વપૂર્ણ પાસું છે. ગોપનીયતાના અધિકારમાં ચોક્કસપણે પોતાના ઘર કે ઓફિસની ગોપનીયતામાં ટેલિફોન વાતચીતનો

[89] તદેવ, પૃષ્ઠ ૩૧૧ પર (પેરા ૧૭)

સમાવેશ થશે. આમ, ટેલિફોન-ટેપિંગ ભારતના બંધારણના અનુચ્છેદ ૨૧ નો ભંગ કરશે સિવાય કે તેની કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયા હેઠળ પરવાનગી આપવામાં આવી હોય."[90]

કોર્ટે એ પણ ઠેરવ્યું હતું કે ટેલિફોન ટેપિંગ અનુચ્છેદ ૧૯(૧)(એ) હેઠળ વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાની બાંયધરીનું ઉલ્લંઘન કરે છે સિવાય કે તે અનુચ્છેદ ૧૯(૨) દ્વારા અધિકૃત હોય. ચુકાદો ઇન્ટરનેશનલ કોવેનન્ટ ઓન સિવિલ એન્ડ પોલિટિકલ રાઇટ્સના અનુચ્છેદ ૧૭ (અને માનવ અધિકારોની સાર્વત્રિક ઘોષણાના અનુચ્છેદ ૧૨ હેઠળ સમાન બાંયધરી) હેઠળ ગોપનીયતાના રક્ષણ પર આધારિત હતો, જે તેના મતે બંધારણની જોગવાઈઓનું અર્થઘટન કરવા માટેનું એક અર્થઘટન સાધન હોવું જોઈએ. કોર્ટના મતે અનુચ્છેદ ૨૧ નું આંતરરાષ્ટ્રીય કાયદાને અનુરૂપ અર્થઘટન થવું જોઈએ. સંદેશાઓના અયોગ્ય આંતરછેદન અને/અથવા જાહેરાતને રોકવા માટે અપનાવવામાં આવતી સાવચેતીઓ પૂરી પાડતા નિયમોની ગેરહાજરીમાં, અનુચ્છેદ ૧૯(૧)(એ) અને ૨૧ હેઠળના મૂળભૂત અધિકારોનું રક્ષણ થઈ શકતું નથી. પરંતુ કોર્ટ ટેલિફોન વાતચીતને આંતરતા પહેલાં પૂર્વ ન્યાયિક ચકાસણીની માંગ કરવા તરફ વલણ ધરાવતી ન હતી. કોર્ટે ઠેરવેલ કે જ્યાં સુધી સંસદ ટેલિગ્રાફ એક્ટની કલમ ૭ હેઠળ નિયમો ઘડીને હસ્તક્ષેપ ન કરે ત્યાં સુધી વ્યક્તિના ગોપનીયતાના અધિકારના રક્ષણ માટે પ્રક્રિયાગત સલામતીના પગલાં નિર્ધારિત કરવા જરૂરી રહેશે. તે મુજબ

[90] તદેવ, પૃષ્ઠ ૩૧૧ પર (પેરા ૧૮)

કોર્ટે ટેલિફોન ટેપિંગની કલ્પના કરતા તમામ કેસોમાં અપનાવવા માટેની માર્ગદર્શિકા ઘડી કાઢી હતી.

૬૧. પીયુસીએલ નો ચુકાદો ખરક સિંહ (ખાસ કરીને ઘરેલુ મુલાકાતોની અમાન્યતા પરનો બહુમતી દૃષ્ટિકોણ), ગોબિંદ અને રાજગોપાલના અગાઉના નિર્ણયોનું અર્થઘટન કરીને ઠેરવે છે કે ગોપનીયતાનો અધિકાર અનુચ્છેદ ૨૧ હેઠળ બંધારણીય રીતે સંરક્ષિત અધિકાર તરીકે સમાવિષ્ટ છે. કોર્ટ એ વાતથી વાકેફ હતી કે ગોપનીયતાના અધિકારને બંધારણ હેઠળ 'પોતાની રીતે' ઓળખવામાં આવ્યો નથી. 'પોતાની રીતે' શબ્દપ્રયોગ બેમાંથી એક અર્થ દર્શાવી શકે છે. પ્રથમ એ છે કે બંધારણ એક સ્વતંત્ર ગોપનીયતા અધિકારને માન્યતા આપતું નથી. બીજો એ માન્ય રાખે છે કે આવા અધિકારનું કોઈ સ્પષ્ટ સીમાંકન નથી. દેખીતી રીતે, કોર્ટે અધિકારની રૂપરેખાઓના વિકાસને કેસ-દર-કેસ નિર્ણય પર છોડી દીધો હતો. ઘર કે ઓફિસમાંથી ટેલિફોન વાતચીતને વ્યક્તિની ગોપનીયતાનું અભિન્ન અંગ ગણવામાં આવી હતી. પીયુસીએલ માં, કોર્ટે મૂળભૂત અધિકારોની બાંયધરી આપતા વિવિધ અનુચ્છેદો વચ્ચે સભાનપણે કડીઓ સ્થાપિત કરી હતી જ્યારે તેણે નોંધ્યું હતું કે વાયર-ટેપિંગ ગોપનીયતાનું અને પરિણામે અનુચ્છેદ ૨૧ હેઠળ જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાના અધિકારનું તથા અનુચ્છેદ ૧૯(૧)(એ) હેઠળ વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાનું ઉલ્લંઘન કરે છે. માનવ અધિકારોના રક્ષણની આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતા દ્વારા પ્રબુદ્ધ હેતુ સાથે મૂળભૂત બંધારણીય બાંયધરીઓ

વાંચવાની જરૂરિયાતે પણ આ નિર્ણયમાં મહત્વનો ભાગ ભજવ્યો હતો. અનુચ્છેદ ૨૧ હેઠળ ટેલિફોન ટેપિંગની પદ્ધતિઓને ન્યાયી, વાજબી અને વ્યાજબી બનાવવા માટે ટેલિગ્રાફ એક્ટની કલમ ૫(૨) નું સરકાર દ્વારા ઘડવામાં આવેલા નિયમો દ્વારા નિયમન કરવાનું હતું. કોર્ટ ગોપનીયતાને જે મહત્વ આપે છે તે એ હકીકત પરથી સ્પષ્ટ થાય છે કે તેણે સંસદ દ્વારા નિયમોની અંતિમ રચનાની રાહ જોઈ ન હતી અને નિર્ધારિત કર્યું હતું કે તે દરમિયાન તેણે કલ્પેલા અમુક પ્રક્રિયાગત સુરક્ષા પગલાં અમલમાં મૂકવા જોઈએ.

૬૨. આઠ વર્ષની બાળકી પરના બળાત્કારના કેસ સાથે કામ પાર પાડતી વખતે, આ કોર્ટની ત્રણ ન્યાયમૂર્તિઓની બેંચે સ્ટેટ ઓફ કર્ણાટક વિરુદ્ધ કૃષ્ણપ્પા[91] માં ઠેરવ્યું:

"જાતીય હિંસા અમાનવીય હોવા ઉપરાંત... ગોપનીયતા અને પવિત્રતાના અધિકારમાં ગેરકાયદેસર ઘૂસણખોરી છે... તે... તેના... ગૌરવને ઠેસ પહોંચાડે છે."[92]

સુધાંશુ શેખર સાહૂ વિરુદ્ધ સ્ટેટ ઓફ ઓરિસ્સા[93] માં પણ આવા જ અવલોકનો કરવામાં આવ્યા હતા.

---

[91] (૨૦૦૦) ૪ એસસીસી ૭૫

[92] તદેવ, પૃષ્ઠ ૮૨ પર (પેરા ૧૫)

[93] (૨૦૦૨) ૧૦ એસસીસી ૭૪૩

૬૩. શારદા વિરુદ્ધ ધર્મપાલ[94] માં, અપીલકર્તા અને સામાવાળા પતિ-પત્ની હતા. સામાવાળાએ છૂટાછેડા માટે દાવો માંડ્યો હતો અને અપીલકર્તાની તબીબી તપાસ કરાવવા માટે એક અરજી દાખલ કરી હતી જેનો વિરોધ કરવામાં આવ્યો હતો. ટ્રાયલ કોર્ટે અરજી મંજૂર કરી હતી. હાઈકોર્ટે સિવિલ રિવિઝનમાં પડકાર ફગાવી દીધો હતો જેના કારણે અપીલકર્તાએ આ કોર્ટનો સંપર્ક કર્યો હતો. અપીલકર્તાએ આ કોર્ટ સમક્ષ એવી દલીલ કરી હતી કે તેને તબીબી તપાસ કરાવવા માટે દબાણ કરવું તે અનુચ્છેદ ૨૧ હેઠળ તેની વ્યક્તિગત સ્વતંત્રતાનું ઉલ્લંઘન કરે છે અને કોઈ સક્ષમ જોગવાઈની ગેરહાજરીમાં, વૈવાહિક અદાલત પાસે પક્ષકારને તબીબી તપાસ કરાવવા માટે દબાણ કરવાની કોઈ હકૂમત નથી. ત્રણ ન્યાયમૂર્તિઓની બેંચ વતી બોલતા ન્યાયમૂર્તિ એસ. બી. સિંહાએ બાબતના પ્રથમ પાસા સાથે (શું વૈવાહિક અદાલત પાસે તબીબી તપાસનો હુકમ કરવાની હકૂમત છે કે કેમ) નીચે મુજબ કામ પાર પાડ્યું:

"અન્યથા પણ કોર્ટ યોગ્ય નિર્દેશ આપી શકે છે જેથી તે પોતાની ખાતરી કરી શકે કે સારવાર ઉપરાંત તેને અન્ય બાબતોની સાથે કાનૂની સહાયના રૂપમાં પૂરતું રક્ષણ જરૂરી છે કે કેમ જેથી તેની અસમર્થતાના કારણે તે અન્યાયી હુકમને આધીન ન બને. માનસિક બીમારીના કેસમાં કોર્ટ પાસે પક્ષકારની તપાસ કરવાની અથવા લાયકાત ધરાવતા ડૉક્ટર દ્વારા તેની તપાસ કરાવવાની પૂરતી

[94] (૨૦૦૩) ૪ એસસીસી ૪૯૩

સત્તા છે તે હકીકતને ધ્યાનમાં રાખીને, અમારો અભિપ્રાય છે કે યોગ્ય કેસમાં કોર્ટ મુકદ્દમાના પક્ષકારની વિનંતી પર પણ આવી પ્રક્રિયાનો આશરો લઈ શકે છે[95]...

વધુમાં, કોડ ઓફ સિવિલ પ્રોસિજરની કલમ ૧૫૧ હેઠળ પણ કોર્ટ પાસે પોતાની મેળે (સુઓ મોટો) અથવા અન્યથા એવો નિર્દેશ જારી કરવાની જરૂરી સત્તા હોવાનું માનવું જોઈએ જે, તેના મતે, સત્ય તરફ દોરી જશે.[96]"

૬૪. કોર્ટ દ્વારા વિચારવામાં આવેલો બીજો પ્રશ્ન એ હતો કે શું કોઈ વ્યક્તિને તબીબી તપાસને આધીન કરવા માટે દબાણ કરવું તે અનુચ્છેદ ૨૧ નું ઉલ્લંઘન કરે છે કે કેમ. એમ. પી. શર્મા અને ખરક સિંહના અવલોકનો ધ્યાને લીધા પછી જ્યાં એવું ઠેરવવામાં આવ્યું હતું કે બંધારણે ગોપનીયતાના અધિકારની બાંયધરી આપી નથી, કોર્ટે ઠેરવેલ કે ત્યારપછીના નિર્ણયોમાં વ્યક્તિગત સ્વતંત્રતાના વ્યાપક અર્થઘટન પર આવો અધિકાર અનુચ્છેદ ૨૧ માં વાંચવામાં આવ્યો છે. પોતાના ચુકાદા દરમિયાન, કોર્ટે રાજગોપાલ, પીયુસીએલ, ગોબિંદ અને મિસ્ટર એક્સ વિરુદ્ધ હોસ્પિટલ ઝેડ ના નિર્ણયોનો સંદર્ભ આપ્યો હતો જેના આધારે તેણે જણાવ્યું હતું કે તેણે "ભારતમાં ગોપનીયતા સંબંધિત કાયદાની રૂપરેખા તૈયાર કરી છે". આ કોર્ટના મતે, જ્યાં તબીબી આધારો પર છૂટાછેડાની ડિક્રી માંગવામાં આવી હોય તેવા વૈવાહિક કેસોમાં, તબીબી તપાસ એ એકમાત્ર રસ્તો છે જેના દ્વારા આક્ષેપ સાબિત કરી શકાય છે. આવી પરિસ્થિતિમાં:

---

[95] તદેવ, પૃષ્ઠ ૫૧૩ પર (પેરા ૫૨)

[96] તદેવ, પૃષ્ઠ ૫૧૩ પર (પેરા ૫૩)

"જો સામાવાળા એવી દલીલ પર આવી તબીબી તપાસ ટાળે છે કે તે તેના ગોપનીયતાના અધિકારનું અથવા તે બાબત માટે ભારતના બંધારણના અનુચ્છેદ ૨૧ હેઠળ સમાવિષ્ટ વ્યક્તિગત સ્વતંત્રતાના અધિકારનું ઉલ્લંઘન કરે છે, તો આવા મોટાભાગના કેસોમાં કોઈ નિષ્કર્ષ પર પહોંચવું અશક્ય બની શકે છે. તે જે આધારો પર છૂટાછેડા પરવાનગીપાત્ર છે તેને નિરર્થક બનાવી શકે છે. તેથી, જ્યારે ભારતના બંધારણના અનુચ્છેદ ૨૧ દ્વારા ગોપનીયતાનો અધિકાર ખાસ પ્રદાન કરવામાં આવ્યો નથી અને 'વ્યક્તિગત સ્વતંત્રતા' શબ્દસમૂહના વ્યાપક અર્થઘટન સાથે આ અધિકારને અનુચ્છેદ ૨૧ માં વાંચવામાં આવ્યો છે, ત્યારે તેને નિરપેક્ષ અધિકાર તરીકે ગણી શકાય નહીં..."[97]

ગોપનીયતાના અધિકારનો ભંગ થયો ન હોવાનું ઠેરવવામાં આવ્યું હતું.

૬૫. ડિસ્ટ્રિક્ટ રજિસ્ટ્રાર એન્ડ કલેક્ટર, હૈદરાબાદ વિરુદ્ધ કેનરા બેંક[98] ("કેનરા બેંક") માં, આ કોર્ટની બે ન્યાયમૂર્તિઓની બેંચે ઇન્ડિયન સ્ટેમ્પ એક્ટ, ૧૮૯૯ ની જોગવાઈઓ (આંધ્રપ્રદેશમાં એક વિશેષ કાયદા દ્વારા સુધારેલ મુજબ) ધ્યાને લીધી હતી. હાઇકોર્ટ દ્વારા અમાન્ય ઠેરવવામાં આવેલી કલમ ૭૩ એ કલેક્ટરને 'કોઈપણ ડ્યુટી સુરક્ષિત કરવા અથવા કોઈ છેતરપિંડી કે ભૂલ સાબિત કરવા અથવા તેની શોધ તરફ દોરી જવા માટે' કોઈપણ જાહેર અધિકારીની કસ્ટડીમાં રહેલા રજિસ્ટરો, પુસ્તકો અને રેકોર્ડ્સ, કાગળો, દસ્તાવેજો અને

[97] તદેવ, પૃષ્ઠ પર૩ પર (પેરા ૭૬)
[98] (૨૦૦૫) ૧ એસસીસી ૪૯૬

કાર્યવાહીઓનું નિરીક્ષણ કરવાની સત્તા આપી હતી. કલમ ૭૩ નીચેની શરતોમાં હતી:

"૭૩. કોઈપણ જાહેર અધિકારી જેની કસ્ટડીમાં કોઈપણ રજિસ્ટર, પુસ્તકો, રેકોર્ડ્સ, કાગળો, દસ્તાવેજો અથવા કાર્યવાહી હોય, જેનું નિરીક્ષણ કોઈપણ ડ્યુટી સુરક્ષિત કરવા તરફ વલણ ધરાવતું હોય અથવા કોઈપણ ડ્યુટીના સંબંધમાં કોઈપણ છેતરપિંડી કે ભૂલ સાબિત કરવા અથવા તેની શોધ તરફ દોરી જતું હોય, તેણે તમામ વાજબી સમયે કલેક્ટર દ્વારા લેખિતમાં અધિકૃત કરાયેલ કોઈપણ વ્યક્તિને આવા હેતુ માટે રજિસ્ટર, પુસ્તકો, કાગળો, દસ્તાવેજો અને કાર્યવાહીઓનું નિરીક્ષણ કરવાની અને ફી કે ચાર્જ વિના, તેને યોગ્ય લાગે તેવી નોંધો અને અંશો લેવાની પરવાનગી આપવી પડશે."

યુ.એસ. માં ગોપનીયતાના સિદ્ધાંતના વિકાસને મિલકત સાથે સંકળાયેલા અધિકારમાંથી[99] વ્યક્તિ સાથે સંકળાયેલા અધિકાર[100] તરફ ધ્યાને લીધા પછી, મુખ્ય ન્યાયમૂર્તિ લાહોટીએ બિલ ઓફ રાઇટ્સ દ્વારા બનાવવામાં આવેલા પડછાયા ક્ષેત્રો (પેનમ્બ્રાસ) નો ઉલ્લેખ કર્યો હતો જેના પરિણામે ગોપનીયતાનું ક્ષેત્ર રચાયું[101] જે છેવટે "ગોપનીયતાની વાજબી અપેક્ષા"[102] તરફ દોરી ગયું. મુખ્ય ન્યાયમૂર્તિ લાહોટીએ એમ. પી. શર્માના નિર્ણયને ગોપનીયતા પરની ચર્ચા માટે "મર્યાદિત મદદરૂપ" ગણાવ્યો હતો. તેમ છતાં, ખરક સિંહ હતો જેણે રાત્રિના

[99] બોયડ વિરુદ્ધ યુનાઇટેડ સ્ટેટ્સ, ૧૧૬ યુ.એસ. ૬૧૬ (૧૮૮૬)
[100] ઓલ્મસ્ટેડ વિરુદ્ધ યુનાઇટેડ સ્ટેટ્સ, ૨૭૭ યુ.એસ. ૪૩૮ (૧૯૨૮)
[101] ગ્રીસવોલ્ડ વિરુદ્ધ સ્ટેટ ઓફ કનેક્ટિકટ, ૩૮૧ યુ.એસ. ૪૭૯ (૧૯૬૫)
[102] કાત્ઝ વિરુદ્ધ યુનાઇટેડ સ્ટેટ્સ, ૩૮૯ યુ.એસ. ૩૪૭ (૧૯૬૭)

સમયે ઘરેલુ મુલાકાતોને અમાન્ય ઠેરવી હતી જેણે આ મુદ્દા પર માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ખરક સિંહનું મૂલ્યાંકન નીચે મુજબની શરતોમાં હતું:

"... ખરક સિંહ વિરુદ્ધ સ્ટેટ ઓફ યુ.પી. [(૧૯૬૪) ૧ એસસીઆર ૩૩૨ : (૧૯૬૩) ૨ ક્રિ એલજે ૩૨૯] માં ઘરેલુ મુલાકાતો અંગેના યુ.પી. રેગ્યુલેશન્સ પ્રશ્ન હેઠળ હતા અને બહુમતીએ મન વિરુદ્ધ ઈલિનોઈસ [૯૪ યુએસ ૧૧૩ : ૨૪ એલ એડ ૭૭ (૧૮૭૭)] નો સંદર્ભ લીધો હતો અને ઠેરવ્યું હતું કે આપણું બંધારણ ગોપનીયતાના અધિકારનો સ્પષ્ટપણે ઉલ્લેખ કરતું નથી છતાં, તે અનુચ્છેદ ૨૧ માં 'જીવન' ના અધિકારમાંથી શોધી શકાય છે. બહુમતીના મતે, યુ.પી. માં સંબંધિત રેગ્યુલેશન્સની કલમ ૨૩૬ કાયદાની દ્રષ્ટિએ ખરાબ હતી; તે અનુચ્છેદ ૨૧ નું ઉલ્લંઘન કરતી હતી કારણ કે આવી મુલાકાતો દ્વારા દખલગીરી કરવાની પરવાનગી આપતો કોઈ કાયદો ન હતો. બહુમતીએ આ મુલાકાતો 'ગોપનીયતાના અધિકાર' નું ઉલ્લંઘન કરે છે કે કેમ તે પ્રશ્નમાં પ્રવેશ કર્યો ન હતો. પરંતુ, સુબ્બા રાવ, જે. એ સંમતિ દર્શાવતાં કે ગોપનીયતાનો મૂળભૂત અધિકાર અનુચ્છેદ ૨૧ માં સ્વતંત્રતાના અધિકારનો ભાગ હતો, અનુચ્છેદ ૧૯(૧)(એ) માં વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાના અધિકારનો ભાગ હતો અને અનુચ્છેદ ૧૯(૧)(ડી) માં હલનચલનના અધિકારનો પણ ભાગ હતો, ઠેરવેલ કે દેખરેખની પરવાનગી આપતા રેગ્યુલેશન્સ ગોપનીયતાના મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન કરે છે. ચર્ચામાં વિદ્વાન ન્યાયાધીશે વોલ્ફ વિરુદ્ધ કોલોરાડો [૩૩૮ યુએસ ૨૫ : ૯૩ એલ એડ ૧૭૮૨ (૧૯૪૯)] નો ઉલ્લેખ કર્યો હતો. અસરમાં, તમામ સાત વિદ્વાન

ન્યાયાધીશોએ ઠેરવ્યું હતું કે 'ગોપનીયતાનો અધિકાર' અનુચ્છેદ ૨૧ માં 'જીવન' ના અધિકારનો ભાગ હતો."[103]

(ભારપૂર્વક ઉમેરેલ)

ગોબિંદના નિર્ણયને બંધારણના અનુચ્છેદ ૧૯(૧)(એ) અને ૨૧ માં ગોપનીયતાના અધિકારને ગર્ભિત માનતો ગણવામાં આવે છે:

"અમે દર્શાવવા માટે ગોબિંદમાં મેથ્યુ, જે. દ્વારા આપવામાં આવેલા કારણોનો વિગતવાર ઉલ્લેખ કર્યો છે કે, અનુચ્છેદ ૧૯(૧)(એ) અને (ડી) તથા અનુચ્છેદ ૨૧ માં ગોપનીયતાનો અધિકાર ગર્ભિત કરવામાં આવ્યો છે; તે અધિકાર નિરપેક્ષ નથી અને કોઈપણ રાજ્ય ઘૂસણખોરી માત્ર ત્યારે જ વાજબી પ્રતિબંધ હોઈ શકે છે જો તેને સમર્થન આપવા માટે વાજબી આધાર અથવા વાજબી સામગ્રી હોય."[104]

(ભારપૂર્વક ઉમેરેલ)

કોર્ટે બેંકના કબજામાં રહેલા ગ્રાહકના દસ્તાવેજો પર ઇન્ડિયન સ્ટેમ્પ એક્ટ (સુધારેલ મુજબ) ની કલમ ૭૩ ના અમલ સાથે કામ પાર પાડ્યું હતું. કોર્ટે ઠેરવ્યું:

"એકવાર જ્યારે આપણે ગોબિંદ [(૧૯૭૫) ૨ એસસીસી ૧૪૮ : ૧૯૭૫ એસસીસી (ક્રિ) ૪૬૮] માં અને ત્યારપછીના કેસોમાં સ્વીકારી લીધું છે કે

[103] ઉપર નોંધ ૯૮, પૃષ્ઠ ૫૧૬ પર (પેરા ૩૬)
[104] તદેવ, પૃષ્ઠ ૫૧૮ પર (પેરા ૩૯)

ગોપનીયતાનો અધિકાર 'વ્યક્તિઓ સાથે સંબંધિત છે, સ્થાનો સાથે નહીં', ત્યારે બેંકમાં રહેલા ગ્રાહકના દસ્તાવેજો અથવા દસ્તાવેજોની નકલો, ભલે તે ગ્રાહકના ઘરે ન હોય અને સ્વેચ્છાએ બેંકમાં મોકલવામાં આવી હોય, વ્યક્તિના સંદર્ભમાં ગુપ્ત રહેવી જોઈએ. જો તે કાયદાનો સાચો દૃષ્ટિકોણ હોય, તો આપણે મિલર [૪૨૫ યુએસ ૪૩૫ (૧૯૭૬)] ની તે વિચારસરણી સ્વીકારી શકીએ નહીં જેમાં કોર્ટ એ આધારે આગળ વધી હતી કે ગોપનીયતાનો અધિકાર 'મિલકતના અધિકાર' ના સિદ્ધાંતને આભારી છે. એકવાર તે આવું હોય, તો પછી જ્યાં સુધી કલેક્ટર સમક્ષ કોઈ સંભવિત અથવા વાજબી કારણ અથવા વાજબી આધાર અથવા સામગ્રી ન હોય કે બેંકના કબજામાં રહેલા દસ્તાવેજો કોઈપણ ડ્યુટી સુરક્ષિત કરવા અથવા કોઈપણ ડ્યુટીના સંબંધમાં કોઈપણ છેતરપિંડી કે ભૂલની શોધ તરફ દોરી જવા કે સાબિત કરવા તરફ વલણ ધરાવે છે, ત્યાં સુધી તપાસ કરવી અથવા તેમાંથી નોંધો કે અંશો લેવા તે માન્ય હોઈ શકે નહીં. શોધ, નિરીક્ષણ અને જપ્તીને લગતી જોગવાઈમાં ઉપરોક્ત સુરક્ષા પગલાં અચૂક વાંચવા જોઈએ જેથી તેને કોઈપણ ગેરબંધારણીયતાથી બચાવી શકાય."[105]

તેથી કોર્ટે એ ખ્યાલને નકારી કાઢ્યો હતો કે જે વ્યક્તિ બેંકમાં દસ્તાવેજો મૂકે છે તે તેના પરિણામે ગુપ્તતાની અપેક્ષા છોડી દેશે. કોર્ટના મતે, દસ્તાવેજો ગ્રાહકની કસ્ટડી અને નિયંત્રણ સિવાયના સ્થળે હોવા છતાં, ગોપનીયતા વ્યક્તિઓ સાથે જોડાયેલી છે, સ્થાનો સાથે નહીં અને તેથી ગોપનીયતાનું રક્ષણ નબળું પડતું નથી. વધુમાં, કોર્ટના મતે, કલેક્ટર પાસે એવો અભિપ્રાય બાંધવા

[105] તદેવ, પૃષ્ઠ ૫૨૩ પર (પેરા ૫૩)

માટે વાજબી આધાર અથવા સામગ્રી હોવી જોઈએ કે બેંકના કબજામાં રહેલા દસ્તાવેજો છેતરપિંડીના કૃત્યની અથવા ડ્યુટીના સંબંધમાં કોઈ ભૂલની તપાસના હેતુને સુરક્ષિત કરશે. કોર્ટે દાખલ કરેલા સુરક્ષા પગલાંને આ પ્રકારની તપાસને વાજબી બનાવવાની જરૂરિયાતમાં ગર્ભિત ગણવામાં આવ્યા હતા. કોર્ટના ચુકાદાનો બીજો ભાગ સમાન રીતે મહત્વપૂર્ણ છે કારણ કે તે એક કાનૂની જોગવાઈમાં ખામી શોધે છે જે દસ્તાવેજોનું નિરીક્ષણ કરવા માટે કલેક્ટરને આપવામાં આવેલી સત્તાના અતિશય પ્રતિનિધિમંડળ (ડેલિગેશન) ની મંજૂરી આપે છે. જોગવાઈ, કોર્ટે ઠેરવ્યું, બિન-સરકારી વ્યક્તિઓ દ્વારા ગ્રાહકોની ગોપનીયતાનો ભંગ કરવાની મંજૂરી આપશે. તેથી કાનૂન, જ્યાં સુધી તેણે કલેક્ટરને નિરીક્ષણ કરવા માટે કોઈપણ વ્યક્તિને અધિકૃત કરવાની મંજૂરી આપી હતી, ત્યાં સુધી અમલ કરી શકાય તેવો રહેશે નહીં. કોર્ટના મતે:

"બીજું, જાહેર કચેરીમાં રહેલા કાગળોનું નિરીક્ષણ કરવા, નોંધો અથવા અંશો લેવા માટે 'કોઈપણ વ્યક્તિ' ને અધિકૃત કરવા માટે કલેક્ટરને સક્ષમ બનાવતી કલમ ૭૩ માં વાદગ્રસ્ત જોગવાઈ અતિશય પ્રતિનિધિમંડળના દોષથી પીડાય છે કારણ કે અધિનિયમમાં કોઈ માર્ગદર્શિકા નથી અને વધુ મહત્ત્વની વાત એ છે કે, આ કલમ ગ્રાહકની ગોપનીયતા સંબંધિત તથ્યોને બિન-સરકારી વ્યક્તિઓ સુધી પહોંચવાની મંજૂરી આપે છે અને તે આધારે, ગ્રાહકના અધિકારો પર ગેરવાજબી અતિક્રમણ બનશે. 'કોઈપણ વ્યક્તિ' ને સત્તા સોંપવાની મંજૂરી આપતો કલમ ૭૩ નો આ ભાગ ઉપરોક્ત ગંભીર ખામીઓથી પીડાય છે અને તે કારણસર, અમારા મતે, અમલ કરી શકાય તેવો નથી. રાજ્યે હોદ્દા દ્વારા

અધિકારીઓને સ્પષ્ટપણે વ્યાખ્યાયિત કરવા જોઈએ અથવા જણાવવું જોઈએ કે સત્તા સત્તાવાર વંશવેલામાં ચોક્કસ રેન્કથી નીચે ન હોય તેવા અધિકારીઓને સોંપી શકાય છે, જે રાજ્ય દ્વારા નિયુક્ત કરવામાં આવે."[106]

૬૬. કેનરા બેંક ના ચુકાદાનું મહત્વ સૌપ્રથમ અનુચ્છેદ ૧૯ દ્વારા બાંયધરી આપેલી સ્વતંત્રતાઓમાંથી અને અનુચ્છેદ ૨૧ હેઠળ જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાના રક્ષણમાંથી ઉદ્ભવતા ગોપનીયતાના અધિકારની પુનઃપુષ્ટિમાં રહેલું છે. બીજું, કોર્ટ આ અધિકારની પુનઃપુષ્ટિ માટેનો આધાર માત્ર ખરક સિંહ અને ગોબિંદ તથા ત્યારપછીના કેસોના ચુકાદાઓમાં જ નહીં, પરંતુ માનવ અધિકારોની સાર્વત્રિક ઘોષણા (યુડીએચઆર) અને ઇન્ટરનેશનલ કોવેનન્ટ ઓન સિવિલ એન્ડ પોલિટિકલ રાઇટ્સ (આઇસીસીપીઆર) હેઠળ ભારતની આંતરરાષ્ટ્રીય પ્રતિબદ્ધતાઓના સંદર્ભમાં પણ શોધે છે. ત્રીજું, ગોપનીયતાના અધિકારને વ્યક્તિ સાથે જોડાયેલા અધિકાર તરીકે અર્થઘટન કરવામાં આવ્યો છે. આનું મહત્વ એ છે કે ગ્રાહક દ્વારા બેંકની કસ્ટડીમાં ગુપ્ત દસ્તાવેજો અથવા માહિતી સોંપવાના પરિણામે ગોપનીયતાનો અધિકાર ગુમાવાતો નથી. ચોથું, કોર્ટે એ સુનિશ્ચિત કરવા માટે પ્રક્રિયાગત સલામતીના પગલાં વાંચવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો કે કલમ ૭૩ દ્વારા વિચારવામાં આવેલી પ્રકૃતિની શોધ અને જપ્તીની સત્તાનો મનસ્વી રીતે ઉપયોગ ન થાય. પાંચમું, કલેક્ટર માટે બેંક રેકોર્ડ્સ સુધી પહોંચ એ કલેક્ટર દ્વારા ખાનગી વ્યક્તિને તે સત્તાઓ સોંપવાની મંજૂરી આપતી નથી. તેથી જ્યારે નિરીક્ષણ અને તપાસ

[106] તદેવ, પૃષ્ઠ ૫૨૪ પર (પેરા ૫૪)

કરવાની સત્તા રાજ્યના કોઈ અંગ દ્વારા કાયદેસર રીતે વાપરી શકાય તેવી હોય ત્યારે પણ, માહિતી અનધિકૃત ખાનગી હાથોમાં ન જાય તે સુનિશ્ચિત કરવા માટે જરૂરી સલામતીના પગલાં જરૂરી રહેશે. છઠ્ઠું, કોઈ વ્યક્તિ દ્વારા ત્રીજા પક્ષકારને (તે કેસમાં એક બેંકને) પૂરી પાડવામાં આવેલી માહિતી તેની સાથે એક વાજબી અપેક્ષા ધરાવે છે કે તેનો ઉપયોગ માત્ર તે હેતુ માટે જ કરવામાં આવશે જેના માટે તે પૂરી પાડવામાં આવી છે. માહિતી સોંપવી (બેંકને) વ્યક્તિને ગોપનીયતાના હિતથી વંચિત કરતી નથી. વાજબી અપેક્ષા તે હેતુ સાથે જોડાયેલી છે જેના માટે માહિતી પૂરી પાડવામાં આવી છે. સાતમું, જ્યારે રાજ્યના કાયદેસરના ઉદ્દેશ્યો, જેમ કે આવકનું રક્ષણ, રાજ્યને જાહેરાત કરવાની મંજૂરી આપવા માટે હસ્તક્ષેપ કરી શકે છે, ત્યારે રાજ્યએ એ સુનિશ્ચિત કરવાની કાળજી લેવી જોઈએ કે માહિતી કોઈ ખાનગી સંસ્થા દ્વારા મેળવવામાં ન આવે. આમ કેનરા બેંકના નિર્ણયના માહિતીગત ગોપનીયતા (ઇન્ફોર્મેશનલ પ્રાઇવસી) ને માન્યતા આપવા માટે મહત્વપૂર્ણ પરિણામો છે.

૬૭. કેનરા બેંક ના નિર્ણય પછી, ઇન્કમ ટેક્સ એક્ટ, ૧૯૬૧ ની કલમ ૧૩૨(૫) હેઠળ તપાસ અને જપ્તીની જોગવાઈઓનું આ કોર્ટ દ્વારા પી. આર. મેત્રાણી વિરુદ્ધ કમિશનર ઓફ ઇન્કમ ટેક્સ[107] માં એ આધારે કડક અર્થઘટન કરવામાં આવ્યું હતું કે તેઓ "નાગરિકની ગોપનીયતામાં ગંભીર ઘૂસણખોરી" સમાન છે. તેવી જ રીતે, એનડીપીએસ[108] એક્ટની કલમ ૪૨ અને ૪૩ ની શોધ

[107] (૨૦૦૭) ૧ એસસીસી ૭૮૯

[108] નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સીસ એક્ટ, ૧૯૮૫

અને જમીની જોગવાઈઓનું આ કોર્ટ દ્વારા ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ વિરુદ્ધ મોહમ્મદ નિસાર હોલિયા[109] માં અર્થઘટન કરવામાં આવ્યું હતું. અન્ય નિર્ણયોની સાથે કેનરા બેંક નો ઉલ્લેખ કરતાં, કોર્ટે ઠેરવ્યું હતું કે ગોપનીયતાનો અધિકાર અત્યંત મહત્વપૂર્ણ છે અને શોધ તથા જમી હાથ ધરવામાં આવે તે પહેલાં કારણોની લેખિત નોંધ કરવાની આવશ્યકતા લાદે છે.

૬૮. પંજાબ એક્સાઇઝ એક્ટ, ૧૯૧૪ ની કલમ ૩૦ પરિસરમાં જ્યાં દારૂ અથવા કેફી દ્રવ્યનું લોકો દ્વારા સેવન કરવામાં આવે છે તેના કોઈપણ ભાગમાં "૨૫ વર્ષથી ઓછી ઉંમરના કોઈપણ પુરુષ" અથવા "કોઈપણ સ્ત્રી" ની રોજગારી પર પ્રતિબંધ મૂકતી હતી. આ જોગવાઈને અનુજ ગર્ગ વિરુદ્ધ હોટેલ એસોસિએશન ઓફ ઈન્ડિયા[110] માં પણ એ આધારે પડકારવામાં આવી હતી કે તે ગોપનીયતાના અધિકારનું ઉલ્લંઘન કરે છે. આ જોગવાઈ અલ્ટ્રા વાયરસ (સત્તા બહારની) છે તેવું ઠેરવતી વખતે, બે ન્યાયમૂર્તિઓની બેંચે અવલોકન કર્યું:

"ગોપનીયતા અધિકારો વ્યવસાય પસંદ કરવાની સ્વાયત્તતા નિર્ધારિત કરે છે જ્યારે સુરક્ષા ચિંતાઓ આ ખાતરી આપવાની પદ્ધતિને આકાર આપે છે. પરંતુ તે એક વાજબી પ્રસ્તાવ છે કે સ્વાયત્તતાની આવી બાંયધરીનું રક્ષણ કરવાના પગલાં એટલા કડક ન હોવા જોઈએ કે બાંયધરીનો સાર જ ખોવાઈ જાય. રાજ્યનું રક્ષણ સેન્સરશીપમાં ફેરવાઈ જવું જોઈએ નહીં[111]...

---

[109] (૨૦૦૮) ૨ એસસીસી ૩૭૦

[110] (૨૦૦૮) ૩ એસસીસી ૧

[111] તદેવ, પૃષ્ઠ ૧૫ પર (પેરા ૩૫)

બારમાં મહિલાઓની રોજગારી પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાને બદલે રાજ્યએ તે રીતો પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ જેના દ્વારા લિંગ તફાવતોના અસમાન પરિણામોને દૂર કરી શકાય. સલામતીના એવા સંજોગો સુનિશ્ચિત કરવાની રાજ્યની ફરજ છે જે મહિલાઓમાં તેઓ અનુસરવા માંગતા વ્યવસાયની જરૂરિયાતો અનુસાર મુક્તપણે ફરજ બજાવવાનો આત્મવિશ્વાસ પેદા કરે. સામાજિક પરિસ્થિતિઓમાંથી અન્ય કોઈપણ નીતિ અનુમાન (જેમ કે કલમ ૩૦ હેઠળ મૂર્તિમંત થયેલ છે) મહિલાઓ પર જુલમી અને ગોપનીયતા અધિકારોની વિરુદ્ધ હશે[112]...

કોર્ટનું કાર્ય એ નક્કી કરવાનું છે કે મહિલાઓના હિતોનું રક્ષણ કરવાના કાયદેસરના ઉદ્દેશ્યને વધારવા માટે કાયદાકીય આદેશના રૂપમાં રાજ્ય દ્વારા આગળ ધપાવવામાં આવેલા પગલાં સ્વાયત્તતા, તકની સમાનતા, ગોપનીયતાનો અધિકાર વગેરે જેવા સુસ્થાપિત લિંગ ધોરણોના અન્ય ભાગ સાથે પ્રમાણસર છે કે કેમ.[113]"

(ભારપૂર્વક ઉમેરેલ)

૬૯. હિંસા વિરોધક સંઘ વિરુદ્ધ મિર્ઝાપુર મોતી કુરેશ જમાત[114] ("હિંસા વિરોધક સંઘ") માં, આ કોર્ટે મ્યુનિસિપલ કોર્પોરેશનના ઠરાવને અનુસરીને, જૈન પર્યુષણ પર્વ દરમિયાન દર વર્ષે નવ દિવસના સમયગાળા માટે અમદાવાદ

[112] તદેવ, પૃષ્ઠ ૧૬-૧૭ પર (પેરા ૪૩)
[113] તદેવ, પૃષ્ઠ ૧૯ પર (પેરા ૫૧)
[114] (૨૦૦૮) ૫ એસસીસી ૩૩

શહેરમાં મ્યુનિસિપલ કતલખાનાઓ બંધ રાખવા સાથે કામ પાર પાડ્યું હતું. હાઇકોર્ટે ઠરાવો રદ કર્યા હતા. અપીલમાં, આ કોર્ટે નીચે મુજબ અવલોકન કર્યું હતું:

"જો વાદગ્રસ્ત ઠરાવોએ નોંધપાત્ર સમયગાળા માટે મ્યુનિસિપલ કતલખાનાઓ બંધ કરવાનો હુકમ કર્યો હોત તો અમે અમદાવાદના કસાઈઓ કે જેઓ માંસ વેચવાનો વ્યવસાય કરે છે તેમના અધિકારો પર અતિશય પ્રતિબંધ હોવાને કારણે વાદગ્રસ્ત ઠરાવોને અમાન્ય ઠેરવ્યા હોત. છેવટે, કસાઈઓ વેપાર કરી રહ્યા છે અને તે બંધારણના અનુચ્છેદ ૧૯(૧)(જી) હેઠળ તેમનો મૂળભૂત અધિકાર છે જે ભારતના તમામ નાગરિકોને બાંયધરી આપવામાં આવેલ છે. વધુમાં, તે માત્ર કસાઈની દુકાનના માલિકની જ બાબત નથી. તેમાં કામ કરતા કેટલાક એવા કામદારો પણ હોઈ શકે છે જેઓ જો કતલખાનાઓ નોંધપાત્ર સમયગાળા માટે બંધ રહે તો બેરોજગાર થઈ શકે છે, કારણ કે દુકાન-માલિકોને આપવામાં આવેલા લાઇસન્સની શરતો પૈકી એક અમદાવાદ શહેરમાં નિયમિતપણે માંસ પૂરું પાડવાની છે અને આ પુરવઠો અમદાવાદના મ્યુનિસિપલ કતલખાનાઓમાંથી આવે છે. ઉપરાંત, મોટી સંખ્યામાં લોકો માંસાહારી છે અને તેમને લાંબા સમય સુધી શાકાહારી બનવાની ફરજ પાડી શકાય નહીં. વ્યક્તિ શું ખાય છે તે તેની અંગત બાબત છે અને તે તેના ગોપનીયતાના અધિકારનો એક ભાગ છે જે આપણા બંધારણના અનુચ્છેદ ૨૧ માં સમાવિષ્ટ છે, જે આ કોર્ટના કેટલાક નિર્ણયો દ્વારા ઠેરવવામાં આવ્યું છે. આર. રાજગોપાલ વિરુદ્ધ સ્ટેટ ઓફ ટી.એન. [(૧૯૯૪) ૬ એસસીસી ૬૩૨ :

એઆઇઆર ૧૯૯૫ એસસી ૨૬૪] (એસસીસી પેરા ૨૬: એઆઇઆર પેરા ૨૮ જુઓ) માં આ કોર્ટે ઠેરવ્યું હતું કે ગોપનીયતાનો અધિકાર અનુચ્છેદ ૨૧ દ્વારા બાંયધરી આપવામાં આવેલા જીવન અને સ્વતંત્રતાના અધિકારમાં ગર્ભિત છે. તે 'એકલા રહેવાનો અધિકાર' છે."[115]

(ભારપૂર્વક ઉમેરેલ)

જો કે, કતલખાનાઓ બંધ કરવાનો સમયગાળો નવ દિવસનો હોવાથી, કોર્ટ એ નિષ્કર્ષ પર પહોંચી હતી કે તેણે અનુચ્છેદ ૧૯(૧)(જી) દ્વારા બાંયધરી આપવામાં આવેલી સ્વતંત્રતા પર અતિક્રમણ કર્યું નથી. આ પ્રતિબંધ અતિશય ન હોવાનું ઠેરવવામાં આવ્યું હતું.

૭૦. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિરુદ્ધ ભરત શાંતિ લાલ શાહ[116] નો નિર્ણય મહારાષ્ટ્ર કંટ્રોલ ઓફ ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ એક્ટ (મકોકા) ની કલમ ૧૩ થી ૧૬ ની બંધારણીય માન્યતા સાથે સંબંધિત છે જેમાં અન્ય બાબતોની સાથે ટેલિફોન અને વાયરલેસ સંદેશાવ્યવહારને આંતરવાની જોગવાઈઓ શામેલ છે. જોગવાઈને માન્ય રાખતાં, કોર્ટે અવલોકન કર્યું:

"મકોકા નો હેતુ સંગઠિત ગુના અટકાવવાનો છે અને પડકાર હેઠળના અધિનિયમની જોગવાઈઓનું અવલોકન દર્શાવે છે કે સદર કાયદો વાયર, ઇલેક્ટ્રોનિક અથવા મૌખિક સંદેશાવ્યવહારને આંતરવાની સત્તા માત્ર ત્યારે જ

[115] તદેવ, પૃષ્ઠ ૪૬-૪૭ પર (પેરા ૨૭)
[116] (૨૦૦૮) ૧૩ એસસીસી ૫

આપે છે જો તેનો હેતુ સંગઠિત ગુનો થતો અટકાવવાનો હોય અથવા જો તેનો હેતુ આવા સંગઠિત ગુનાના પુરાવા એકત્રિત કરવાનો હોય. આવા આંતરછેદનને અધિકૃત કરતી પ્રક્રિયાઓ પણ તેમાં પૂરતી પ્રક્રિયાગત સુરક્ષા સાથે પૂરી પાડવામાં આવી છે, જે પૈકી કેટલીક અહીં અગાઉ દર્શાવવામાં આવી છે અને તેની ચર્ચા કરવામાં આવી છે."[117]

ઉપરના અંશમાં કોર્ટ જે સલામતીના પગલાંનો ઉલ્લેખ કરે છે તેમાં કલમ ૧૪ નો સમાવેશ થાય છે, જે દેખરેખ અધિકૃત કરી શકાય તે પહેલાં જે સંગઠિત ગુનો આચરવામાં આવી રહ્યો છે અથવા આચરવામાં આવનાર છે તેની વિગતો આપવાની માંગ કરે છે. આ જરૂરિયાતો જે સુવિધાઓમાંથી સંદેશાવ્યવહાર આંતરવાનો છે તેની પ્રકૃતિ અને સ્થાન, સંદેશાવ્યવહારની પ્રકૃતિ અને વ્યક્તિની ઓળખ, જો તે જાણીતી હોય તો, તેનું વર્ણન કરવાનું પણ ફરજિયાત બનાવે છે. તપાસ અથવા ગુપ્ત માહિતી એકત્રિત કરવાની અન્ય પદ્ધતિઓ અજમાવવામાં આવી હતી કે કેમ અથવા નિષ્ફળ ગઈ હતી કે કેમ અથવા જો અજમાવવામાં આવે તો તે સફળ થવાની શક્યતા કેમ ઓછી જણાય છે અથવા શું તે ખૂબ જોખમી હશે અથવા આ કામગીરી સાથે જોડાયેલા લોકોની ઓળખ તરફ દોરી જવાની શક્યતા છે તે અંગેનું નિવેદન પણ જરૂરી છે. દેખરેખનો સમયગાળો સમયની દ્રષ્ટિએ મર્યાદિત છે અને આ જોગવાઈ "ન્યૂનતમ આંતરછેદન" ની માંગ કરે છે.[118]

---

[117] તદેવ, પૃષ્ઠ ૨૮ પર (પેરા ૬૧)

[118] ગૌતમ ભાટિયા (ઉપર નોંધ ૮૨), પૃષ્ઠ ૧૪૮ પર

૭૧. છેલ્લા દાયકા દરમિયાન, આ કોર્ટને સ્ત્રીની સ્વાયત્તતા અને તેના અભિન્ન અંગ તરીકે, તેના શરીર પરના તેના નિયંત્રણ સાથે કામ પાર પાડવાની તક મળી છે. સુચિતા શ્રીવાસ્તવ વિરુદ્ધ ચંદીગઢ એડમિનિસ્ટ્રેશન[119] ("સુચિતા શ્રીવાસ્તવ") મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગ્નન્સી (એમટીપી) એક્ટ, ૧૯૭૧ ના સંદર્ભમાં ઉદ્ભવ્યો હતો. સરકાર દ્વારા સંચાલિત કલ્યાણ સંસ્થામાં રહેતી વખતે જે સ્ત્રી પર બળાત્કાર થયો હોવાનો આક્ષેપ હતો તે ગર્ભવતી હતી. જિલ્લા વહીવટીતંત્રે ગર્ભપાત કરાવવાની માંગણી સાથે હાઇકોર્ટનો સંપર્ક કર્યો હતો. તબીબી નિષ્ણાતોએ એવો અભિપ્રાય આપ્યો હતો કે ભોગ બનનારે બાળકને જન્મ આપવાની પોતાની ઇચ્છા વ્યક્ત કરી હતી છતાં હાઇકોર્ટે ગર્ભ સમાપ્ત કરવાનો નિર્દેશ આપ્યો હતો. હાઇકોર્ટે સ્ત્રીની સંમતિ વિના આ નિર્દેશ જારી કર્યો હતો જે કાનૂન હેઠળ ફરજિયાત હતો જ્યાં સ્ત્રી પુખ્ત વયની હોય અને માનસિક બીમારીથી પીડાતી ન હોય. આ કેસમાં સ્ત્રી હળવાથી મધ્યમ માનસિક મંદતાથી પીડાતી હોવાનું જણાયું હતું. ત્રણ ન્યાયમૂર્તિઓની બેંચ વતી બોલતા, મુખ્ય ન્યાયમૂર્તિ બાલાકૃષ્ણને ઠેરવેલ કે કલમ ૩ ના આદેશને ધ્યાનમાં રાખીને સ્ત્રીની પ્રજનન પસંદગીનો આદર કરવો જોઈએ. કોર્ટના મતે:

"તેમાં કોઈ શંકા નથી કે પ્રજનન પસંદગીઓ કરવાનો સ્ત્રીનો અધિકાર ભારતના બંધારણના અનુચ્છેદ ૨૧ હેઠળ સમજ્યા મુજબ 'વ્યક્તિગત સ્વતંત્રતા' નું એક પરિમાણ પણ છે. એ ઓળખવું મહત્વપૂર્ણ છે કે પ્રજનન પસંદગીઓ પ્રજનન કરવા તેમજ પ્રજનનથી દૂર રહેવા માટે વાપરી શકાય છે. નિર્ણાયક

[119] (૨૦૦૯) ૯ એસસીસી ૧

વિચારણા એ છે કે સ્ત્રીના ગોપનીયતા, ગૌરવ અને શારીરિક અખંડિતતાના અધિકારનો આદર થવો જોઈએ. આનો અર્થ એ છે કે સ્ત્રીના જાતીય પ્રવૃત્તિમાં ભાગ લેવાનો ઇનકાર કરવાનો અધિકાર અથવા વૈકલ્પિક રીતે ગર્ભનિરોધક પદ્ધતિઓનો ઉપયોગ કરવાનો આગ્રહ રાખવા જેવી પ્રજનન પસંદગીઓના ઉપયોગ પર કોઈ પણ પ્રકારનો પ્રતિબંધ હોવો જોઈએ નહીં. વધુમાં, સ્ત્રીઓ નસબંધી પ્રક્રિયાઓ કરાવવા જેવી જન્મ નિયંત્રણ પદ્ધતિઓ પસંદ કરવા માટે પણ મુક્ત છે. તેમના તાર્કિક નિષ્કર્ષ પર લઈ જવામાં આવે તો, પ્રજનન અધિકારોમાં સ્ત્રી દ્વારા ગર્ભાવસ્થાને તેની સંપૂર્ણ મુદત સુધી લઈ જવાનો, જન્મ આપવાનો અને ત્યારપછી બાળકોનો ઉછેર કરવાનો અધિકાર શામેલ છે. જો કે, સગર્ભા સ્ત્રીઓના કિસ્સામાં ભાવિ બાળકના જીવનનું રક્ષણ કરવામાં 'અનિવાર્ય રાજ્ય હિત' પણ રહેલું છે. તેથી, ગર્ભપાતની પરવાનગી માત્ર ત્યારે જ આપવામાં આવે છે જ્યારે લાગુ કાયદામાં નિર્દિષ્ટ શરતો પૂર્ણ થાય. તેથી, એમટીપી એક્ટ, ૧૯૭૧ ની જોગવાઈઓને પ્રજનન પસંદગીઓના ઉપયોગ પર લાદવામાં આવેલા વાજબી પ્રતિબંધો તરીકે પણ જોઈ શકાય છે."[120]

(ભારપૂર્વક ઉમેરેલ)

કોર્ટે નોંધ્યું કે જ્યાં સ્ત્રીએ પુખ્તાવસ્થા પ્રાપ્ત ન કરી હોય અથવા માનસિક રીતે બીમાર હોય ત્યાં કાનૂન વાલીની સંમતિની માંગ કરે છે. કોર્ટના મતે, માનસિક બીમારી અને માનસિક મંદતા વચ્ચે તફાવત છે અને તેથી કલ્યાણકારી

[120] તદેવ, પૃષ્ઠ ૧૫ પર (પેરા ૨૨)

સંસ્થાનો હવાલો સંભાળતું રાજ્ય સ્ત્રીની વ્યક્તિગત સ્વાયત્તતાનો આદર કરવા બંધાયેલું હતું.

૭૨. સુચિતા શ્રીવાસ્તવ નો નિર્ણય એમટીપી એક્ટ હેઠળ ગર્ભપાતની સંમતિ આપવી કે ન આપવી તે નક્કી કરવાના અને જ્યાં તે ગર્ભપાતની સંમતિ આપતી નથી ત્યાં તે અધિકારનો આદર કરવાના સ્ત્રીના કાનૂની અધિકાર પર આધારિત છે. અધિકારની કાનૂની માન્યતા પ્રજનન પસંદગીઓ કરવાના બંધારણીય અધિકાર સાથે સંબંધિત છે જેને અનુચ્છેદ ૨૧ હેઠળ વ્યક્તિગત સ્વતંત્રતાનો એક ઘટક માનવામાં આવ્યો છે. કોર્ટે સ્ત્રીના ગોપનીયતા, ગૌરવ અને શારીરિક અખંડિતતાના અધિકારમાંથી આવા અધિકારના અસ્તિત્વનું અનુમાન કર્યું હતું.

૭૩. ભાવેશ જયંતિ લાખાણી વિરુદ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર[121] માં, આ કોર્ટે યુ.એસ. કોર્ટ દ્વારા જારી કરાયેલા ધરપકડ વોરંટ અને ઈન્ટરપોલ દ્વારા જારી કરાયેલ રેડ કોર્નર નોટિસની માન્યતા સામેના પડકાર સાથે કામ પાર પાડ્યું હતું કે અરજદાર વચગાળાના કસ્ટડી આદેશનું ઉલ્લંઘન કરીને બાળક સાથે ભારત પરત ફર્યો હતો. કોર્ટે એવી રજૂઆત સ્વીકારી ન હતી કે સીબીઆઈએ ઈન્ટરપોલ સાથે સંકલન કરીને અરજદારના ગોપનીયતાના અધિકારનો ભંગ કર્યો હતો. જો કે, ચર્ચા દરમિયાન, આ કોર્ટે નીચે મુજબ ઠેરવ્યું:

[121] (૨૦૦૯) ૯ એસસીસી ૫૫૧

"ગોપનીયતાનો અધિકાર ભારતના બંધારણના અનુચ્છેદ ૨૧ ના સંદર્ભમાં અથવા અન્યથા મૂળભૂત અધિકાર તરીકે ગણાવવામાં આવ્યો નથી. જો કે, ખરક સિંહ વિરુદ્ધ સ્ટેટ ઓફ યુ.પી. [એઆઈઆર ૧૯૬૩ એસસી ૧૨૯૫ : (૧૯૬૪) ૧ એસસીઆર ૩૩૨] માં આ કોર્ટ દ્વારા વિસ્તૃત અર્થઘટનના કારણે તેને 'વ્યક્તિગત સ્વતંત્રતા' નો એક આવશ્યક ઘટક માનવામાં આવ્યો હતો."[122]

"આ કોર્ટે, જો કે, ગોબિંદ વિરુદ્ધ સ્ટેટ ઓફ એમ.પી. માં દેખરેખ સાથે સંબંધિત મધ્ય પ્રદેશ પોલીસ રેગ્યુલેશન્સના સંદર્ભમાં ગોપનીયતાના અધિકાર અંગે બાબતનો વિસ્તૃત દૃષ્ટિકોણ લીધા પછી, એવો અભિપ્રાય આપ્યો હતો કે સદર રેગ્યુલેશન્સે 'કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયા' નું ઉલ્લંઘન કર્યું નથી. જો કે, અનુચ્છેદ ૧૯(૧)(એ), (ડી) અને ૨૧ માંથી ઉદ્ભવતા મર્યાદિત મૂળભૂત ગોપનીયતા અધિકારને માન્ય રાખવામાં આવ્યો હતો, પરંતુ તેને નિરપેક્ષ ન હોવાનું ઠેરવવામાં આવ્યું હતું જેથી અનુચ્છેદ ૧૯ ના ખંડ (૫) ના સંદર્ભમાં વાજબી પ્રતિબંધો મૂકી શકાય."[123]

૭૪. સેલ્વી વિરુદ્ધ સ્ટેટ ઓફ કર્ણાટક[124] ("સેલ્વી") માં, આ કોર્ટની ત્રણ ન્યાયમૂર્તિઓની બેંચે ત્રણ તપાસ પદ્ધતિઓની માન્યતા સામેના પડકાર સાથે કામ પાર પાડ્યું હતું: નાર્કો-એનાલિસિસ, પોલિગ્રાફ ટેસ્ટ (લાઇ-ડિટેક્ટર ટેસ્ટ) અને બ્રેઇન ઇલેક્ટ્રિકલ એક્ટિવેશન પ્રોફાઇલ (બીઇએપી) એ આધારે કે તેઓ

---

[122] તદેવ, પૃષ્ઠ ૫૮૪-૫૮૫ પર (પેરા ૧૦૨)

[123] તદેવ, પૃષ્ઠ ૫૮૫ પર (પેરા ૧૦૩)

[124] (૨૦૧૦) ૭ એસસીસી ૨૬૩

બંધારણના અનુચ્છેદ ૨૦(૩) અને ૨૧ હેઠળના મૂળભૂત અધિકારોને સંડોવે છે. કોર્ટે ઠેરવેલ કે આ પરીક્ષણોના અનૈચ્છિક ઉપયોગ દ્વારા મેળવેલા પરિણામો પુરાવાકીય (ટેસ્ટીમોનિયલ) ના દાયરામાં આવે છે, જે બંધારણના અનુચ્છેદ ૨૦(૩) ના રક્ષણાત્મક કવચને આકર્ષે છે. મુખ્ય ન્યાયમૂર્તિ બાલાકૃષ્ણને ગોપનીયતાના સંદર્ભમાં આપવામાં આવેલા અગાઉના નિર્ણયોનો ઉલ્લેખ કર્યો હતો અને નોંધ્યું હતું કે અત્યાર સુધી, ન્યાયિક સમજ મોટે ભાગે શરીરના રક્ષણ અને રાજ્ય દ્વારા પ્રેરિત શારીરિક ક્રિયાઓ પર ભાર મૂકતી હતી. કોર્ટે ભારપૂર્વક જણાવ્યું હતું કે જ્યારે સ્વ-દોષારોપણ સામેનો અધિકાર અનુચ્છેદ ૨૧ હેઠળ વ્યક્તિગત સ્વતંત્રતાનો એક ઘટક છે, ત્યારે બંધારણ હેઠળની ગોપનીયતાનો અનુચ્છેદ ૨૦(૩) સાથે પણ મળવાનો મુદ્દો છે. કોર્ટના મતે:

"અધિકારોના આંતરસંબંધનો સિદ્ધાંત આદેશ આપે છે કે સ્વ-દોષારોપણ સામેના અધિકારને અનુચ્છેદ ૨૧ હેઠળ 'વ્યક્તિગત સ્વતંત્રતા' ના ઘટક તરીકે પણ વાંચવો જોઈએ. તેથી, 'ગોપનીયતાના અધિકાર' ની આપણી સમજે અનુચ્છેદ ૨૦(૩) સાથેના તેના આંતરછેદને ધ્યાને લેવો જોઈએ. વધુમાં, પુરાવા અધિનિયમ, ૧૮૭૨ ની કલમ ૨૪, ૨૫, ૨૬ અને ૨૭ માં સમાવિષ્ટ 'અનૈચ્છિક કબૂલાત સામેનો નિયમ' કસ્ટડી સેટિંગમાં આપવામાં આવેલા નિવેદનની વિશ્વસનીયતા તેમજ સ્વૈચ્છિકતા બંને ઉદ્દેશ્યોને પૂર્ણ કરવાનો પ્રયાસ કરે છે. પુરાવા કાયદાના સિદ્ધાંતો સાથે બંધારણના અનુચ્છેદ ૨૦(૩) અને ૨૧ નું સંયુક્ત વાંચન આપણને સ્પષ્ટ જવાબ તરફ દોરી જાય છે. આપણે મૌન રહેવા

અને બોલવા વચ્ચેની પસંદગી જેવા પાસાંઓમાં વ્યક્તિગત સ્વાયત્તતાના મહત્વને ઓળખવું જોઈએ. નિવેદન આપવાનો વ્યક્તિનો નિર્ણય ખાનગી પસંદગીનું પરિણામ છે અને અન્ય કોઈ વ્યક્તિ માટે આવી સ્વાયત્તતામાં દખલ કરવાની કોઈ તક હોવી જોઈએ નહીં, ખાસ કરીને એવી પરિસ્થિતિઓમાં વ્યક્તિ ફોજદારી આરોપો અથવા દંડનો સામનો કરી રહી હોય...

તેથી, અમારો સુવિચારિત અભિપ્રાય છે કે અનૈચ્છિક રીતે વ્યક્તિને વાદગ્રસ્ત પદ્ધતિઓને આધીન કરવી તે ગોપનીયતાની નિર્ધારિત સીમાઓનું ઉલ્લંઘન કરે છે. વ્યક્તિની માનસિક પ્રક્રિયાઓમાં બળજબરીપૂર્વકની દખલગીરી કોઈપણ કાનૂન હેઠળ પૂરી પાડવામાં આવી નથી અને તે ચોક્કસપણે 'સ્વ-દોષારોપણ સામેના અધિકાર' સાથે સંઘર્ષમાં આવે છે."[125]

અનુચ્છેદ ૨૧ ની સાથે અનુચ્છેદ ૨૦(૩) હેઠળ ગોપનીયતાના અધિકારને શોધી કાઢવામાં, આ નિર્ણય એમ. પી. શર્માના તર્કથી ચોક્કસ વિચલન દર્શાવે છે. જ્યારે કોઈ ગુનાનો આરોપ મૂકવામાં આવે ત્યારે બોલવા માટે અથવા પોતાની જાત પર દોષારોપણ કરવા માટે દબાણ ન કરવાનો અધિકાર એ ગોપનીયતાના અધિકારનું મૂર્ત સ્વરૂપ છે. સેલ્વી દર્શાવે છે કે ગોપનીયતાનો અધિકાર કેવી રીતે ઘણા બંધારણીય અધિકારોના દાયરામાં ફેલાયેલો હોઈ શકે છે - તે કેસમાં, અનુચ્છેદ ૨૦(૩) અને ૨૧.

[125] તદેવ, પૃષ્ઠ ૩૬૯-૩૭૦ પર (પેરા ૨૨૫-૨૨૬)

૭૫. ભવાની પ્રસાદ જેના વિરુદ્ધ ઓરિસ્સા સ્ટેટ કમિશન ફોર વુમન[126] માં, કોર્ટ એ પ્રશ્નની વિચારણા કરી રહી હતી કે શું હાઇકોર્ટ બાળકના અને અપીલકર્તાના કે જે બાળકની માતાના જણાવ્યા મુજબ પિતા હતો, ડીએનએ ટેસ્ટ માટે નિર્દેશ જારી કરવામાં વાજબી હતી કે કેમ. એવું ઠેરવવામાં આવ્યું હતું કે:

"કોર્ટ સમક્ષ બાળકની પિતૃત્વતા પ્રશ્નમાં હોય તેવી બાબતમાં, ડીએનએ ટેસ્ટનો ઉપયોગ એ અત્યંત નાજુક અને સંવેદનશીલ પાસું છે. એક દૃષ્ટિકોણ એવો છે કે જ્યારે આધુનિક વિજ્ઞાન બાળકની પિતૃત્વતા નક્કી કરવાના સાધનો આપે છે, ત્યારે જ્યારે પણ પ્રસંગની માંગ હોય ત્યારે તે સાધનોનો ઉપયોગ કરવામાં કોઈ સંકોચ ન હોવો જોઈએ. બીજો દૃષ્ટિકોણ એવો છે કે કોર્ટે આવા વૈજ્ઞાનિક વિકાસ અને સાધનોના ઉપયોગમાં અનિચ્છા દર્શાવવી જોઈએ જેના પરિણામે વ્યક્તિના ગોપનીયતાના અધિકાર પર આક્રમણ થાય છે અને તે માત્ર પક્ષકારોના અધિકારો માટે પૂર્વગ્રહયુક્ત હોઈ શકે નહીં પરંતુ બાળકના સંદર્ભમાં વિનાશક અસર કરી શકે છે. કેટલીકવાર આવા વૈજ્ઞાનિક પરીક્ષણનું પરિણામ નિર્દોષ બાળકને ગેરકાયદેસર ઠેરવી શકે છે ભલે તેની માતા અને તેના જીવનસાથી ગર્ભધારણના સમય દરમિયાન સાથે રહેતા હોય."[127]

૭૬. અમર સિંહ વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા[128] માં, આ કોર્ટની બે ન્યાયમૂર્તિઓની બેંચે અનુચ્છેદ ૩૨ હેઠળની અરજી સાથે કામ પાર પાડ્યું હતું

---

[126] (૨૦૧૦) ૮ એસસીસી ૬૩૩

[127] તદેવ, પૃષ્ઠ ૬૪૨ પર (પેરા ૨૧)

[128] (૨૦૧૧) ૭ એસસીસી ૬૯

જેમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે સેવા પ્રદાતા દ્વારા પૂરી પાડવામાં આવતી ટેલિફોન સેવાઓ પર તેની વાતચીતને આંતરીને અરજદારના મૂળભૂત ગોપનીયતા અધિકારનો ભંગ કરવામાં આવી રહ્યો છે. કોર્ટે ઠેરવ્યું:

"રેકોર્ડ પરની સામગ્રીને ધ્યાને લેતાં, આ કોર્ટનું એવું માનવું છે કે એ વાત નિઃશંકપણે સાચી છે કે સેવા પ્રદાતાએ તાત્કાલિક ધોરણે કાર્ય કરવાનું હોય છે અને જાહેર હિતમાં કાર્ય કરવાનું હોય છે. પરંતુ હાલના કેસ જેવા કોઈ ચોક્કસ કેસમાં, જ્યાં તારીખ ૯-૧૧-૨૦૦૫ નો વાદગ્રસ્ત સંદેશાવ્યવહાર ગંભીર ભૂલોથી ભરેલો હોય, ત્યાં સેવા પ્રદાતાએ તેના પર તાત્કાલિક અમલ કરતી વખતે, તેની સાથે સાથે જ સદર દસ્તાવેજ જારી કરનાર પાસેથી તેની અધિકૃતતાની ચકાસણી કરવી જોઈએ. આ કોર્ટનું એવું માનવું છે કે સેવા પ્રદાતાએ એક જવાબદાર સંસ્થા તરીકે કાર્ય કરવાનું હોય છે અને તે કોઈપણ સંદેશાવ્યવહાર પર સીધું જ પગલું ભરી શકે નહીં. આવી બાબતોમાં સત્તાવાર સંદેશાવ્યવહારની પવિત્રતા અને નિયમિતતા જાળવવી અનિવાર્ય છે, ખાસ કરીને જ્યારે સેવા પ્રદાતા કોઈ વ્યક્તિની ટેલિફોન વાતચીતને ઇન્ટરસેપ્ટ કરવાનું ગંભીર પગલું ભરી રહ્યો હોય અને તેમ કરીને તે સંબંધિત વ્યક્તિના ગોપનીયતાના અધિકાર પર તરાપ મારી રહ્યો હોય, જે અધિકાર આ કોર્ટે ઠેરવ્યા મુજબ બંધારણ હેઠળ સંરક્ષિત મૂળભૂત અધિકાર છે."[129]

(ભારપૂર્વક ઉમેરેલ)

[129] તદેવ, પૃષ્ઠ ૮૪ પર (પેરા ૩૯)

૭૭. રામ જેઠમલાણી વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા[130] ("રામ જેઠમલાણી") માં, બે ન્યાયમૂર્તિઓની બેંચ બિનહિસાબી નાણાં સાથે સંબંધિત જાહેર હિતની અરજી સાથે કામ પાર પાડી રહી હતી અને નાણાંના પ્રવાહને અનુસરવા અને તપાસ કરવા માટે એક વિશેષ તપાસ ટીમ (એસઆઇટી) ની નિમણૂક માંગતી હતી. આ કોર્ટે ઠેરવેલ કે ગેરરીતિના પ્રથમદર્શી આધારની સ્થાપના વિના વ્યક્તિઓના બેંક ખાતાઓની વિગતો જાહેર કરવી તે ગોપનીયતાના અધિકારનું ઉલ્લંઘન ગણાશે. આ કોર્ટે આ મુજબ અવલોકન કર્યું:

"ગોપનીયતાનો અધિકાર એ જીવનના અધિકારનો એક અભિન્ન ભાગ છે. આ એક વહાલી બંધારણીય કિંમત છે, અને તે મહત્વપૂર્ણ છે કે જ્યાં સુધી માનવીઓ ગેરકાયદેસર રીતે કાર્ય ન કરે ત્યાં સુધી તેમને જાહેર ચકાસણીથી મુક્ત હોય તેવા સ્વતંત્રતાના ક્ષેત્રોની મંજૂરી આપવામાં આવે. અમે એ હકીકત સમજીએ છીએ અને તેની પ્રશંસા કરીએ છીએ કે બિનહિસાબી નાણાં અંગેની પરિસ્થિતિ અત્યંત ગંભીર છે. તેમ છતાં, બંધારણીય નિર્ણાયકો તરીકે અમારે હંમેશા બંધારણીય મૂલ્યોની પવિત્રતા જાળવવા માટે સભાન રહેવું પડશે, અને મૂળભૂત અધિકારોમાંથી વિચલિત થતાં ઉતાવળાં પગલાં, પછી ભલે તે સરકારો દ્વારા વિનંતી કરવામાં આવી હોય કે ખાનગી નાગરિકો દ્વારા, તેઓ ગમે તેટલા શુભ આશયવાળા હોય, ખૂબ જ કાળજીપૂર્વક ચકાસવા જરૂરી છે. બંધારણીય મૂલ્યોના એક ક્ષેત્રના રદ્દીકરણની સમસ્યાનો ઉકેલ બંધારણીય મૂલ્યોના રદ્દીકરણનું બીજું ક્ષેત્ર બનાવવું હોઈ શકે નહીં...

[130] (૨૦૧૧) ૮ એસસીસી ૧

અનુચ્છેદ ૩૨ ના ખંડ (૧) હેઠળ અસરકારક રીતે મૂળભૂત અધિકારોનું રક્ષણ મેળવવાના નાગરિકોના અધિકારોને અનુચ્છેદ ૨૧ હેઠળના નાગરિકો અને વ્યક્તિઓના અધિકારો સામે સંતુલિત કરવા પડશે. બિનહિસાબી નાણાં જેવી પદ્ધતિસરની સમસ્યાઓના તાત્કાલિક ઉકેલો શોધવાની ઉત્સુક ઇચ્છાની એરણ પર પછીના અધિકારનું બલિદાન આપી શકાય નહીં, કારણ કે તે ખતરનાક સંજોગો તરફ દોરી જશે, જેમાં અન્ય નાગરિકોના ટોળા દ્વારા સ્વયંસેવક તપાસ, ઇન્ક્વિઝિશન અને હિંસક ઉશ્કેરણી દૈનિક બાબત બની શકે છે. મૂળભૂત અધિકારોનું સમર્થન કરવા માટે આ કોર્ટને અરજ કરવાનો નાગરિકોનો અધિકાર એટલા માટે આપવામાં આવ્યો છે કે નાગરિકો, અન્ય બાબતોની સાથે, બંધારણીય પ્રોજેક્ટનું રક્ષણ કરવા માટે રાજ્યની કામગીરી વિશે હંમેશા જાગૃત રહે. તે અધિકાર સાથી નાગરિકોના ઇન્ક્વિઝિટર બનવા સુધી લંબાવી શકાતો નથી. એક ઇન્ક્વિઝિટોરિયલ વ્યવસ્થા, જ્યાં નાગરિકોના મૂળભૂત ગોપનીયતાના અધિકારનો સાથી નાગરિકો દ્વારા ભંગ કરવામાં આવે છે તે સામાજિક વ્યવસ્થાનો વિનાશ કરનારી છે. જીવનના અધિકારના ભાગ રૂપે ગોપનીયતાના અધિકાર જેવા મૂળભૂત અધિકારોનો ખ્યાલ માત્ર એ નથી કે રાજ્યને તેમાંથી વિચલિત થવાથી રોકવામાં આવે છે. તેમાં તે અન્ય લોકો દ્વારા મૂળભૂત અધિકારોના ઉપયોગના સંદર્ભમાં પણ સમાજમાં અન્યોના કાર્યો સામે તેનું સમર્થન કરવાની રાજ્યની જવાબદારીનો પણ સમાવેશ થાય છે."[131]

(ભારપૂર્વક ઉમેરેલ)

[131] તદેવ, પૃષ્ઠ ૩૫-૩૬ પર (પેરા ૮૩-૮૪)

કોર્ટે ઠેરવેલ કે જ્યારે રાજ્ય ગુનાની તપાસ અને કાર્યવાહી કરવાની પોતાની સત્તાના પરિણામ તરીકે નાગરિકોના બેંક ખાતાઓની વિગતો મેળવી શકે છે, ત્યારે આનાથી ખાનગી નાગરિકને અન્ય નાગરિકને સામાન્ય જનતા સમક્ષ બેંક ખાતાઓ જાહેર કરવા માટે દબાણ કરવા સક્ષમ બનાવશે નહીં.

૭૮. સંજોય નારાયણ વિરુદ્ધ હાઇકોર્ટ ઓફ અલ્હાબાદ[132] માં, બે ન્યાયમૂર્તિઓની બેંચે એક અખબારમાં ખોટા અહેવાલના પ્રકાશનના સંબંધમાં તિરસ્કારની અરજી સાથે કામ પાર પાડ્યું હતું જેણે હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિની છબીને ખરડી હતી. કોર્ટે નીચે મુજબના અવલોકનો કર્યા હતા:

"જો મીડિયાની અનિયંત્રિત સત્તામાં અંકુશ અને સંતુલન સહજ ન હોય તો તે ખતરનાક બની શકે છે. મીડિયાની ભૂમિકા વાચકોને અને સામાન્ય જનતાને સાચી અને સચોટ તરીકે પરીક્ષણ કરાયેલ અને જણાયેલ માહિતી તથા મંતવ્યો પૂરી પાડવાની છે. આ સત્તાનું કાળજીપૂર્વક નિયમન થવું જોઈએ અને વ્યક્તિના મૂળભૂત ગોપનીયતાના અધિકાર સાથે સુમેળ સાધવો જોઈએ."[133]

(ભારપૂર્વક ઉમેરેલ)

૭૯. રામલીલા મેદાન ઇન્સિડન્ટ વિરુદ્ધ હોમ સેક્રેટરી, યુનિયન ઓફ ઇન્ડિયા[134] માં, ન્યાયમૂર્તિ બી. એસ. ચૌહાણે સંમતિ આપતા ચુકાદામાં ઠેરવેલ કે:

---

[132] (૨૦૧૧) ૧૩ એસસીસી ૧૫૫

[133] તદેવ, પૃષ્ઠ ૧૫૬ પર (પેરા ૬)

[134] (૨૦૧૨) ૫ એસસીસી ૧

"આ કોર્ટ દ્વારા ભારતના બંધારણના અનુચ્છેદ ૨૧ નો અભિન્ન ભાગ હોવાને કારણે ગોપનીયતાના અધિકારને નાગરિકનો મૂળભૂત અધિકાર માનવામાં આવ્યો છે. વ્યક્તિની ગોપનીયતામાં ગેરકાયદેસર ઘૂસણખોરી માન્ય નથી કારણ કે આપણા બંધારણ હેઠળ બાંયધરી આપવામાં આવેલા જીવન અને સ્વતંત્રતાના અધિકારમાં ગોપનીયતાનો અધિકાર ગર્ભિત છે. આવો અધિકાર સરળ સદ્ગુણ ધરાવતી સ્ત્રી (વ્યભિચારી સ્ત્રી) સુધી પણ લંબાવવામાં આવ્યો છે કારણ કે તેને તેના ગોપનીયતાના અધિકાર માટે હકદાર માનવામાં આવી છે. જો કે, ગોપનીયતાનો અધિકાર નિરપેક્ષ ન હોઈ શકે અને અસાધારણ સંજોગોમાં, ખાસ કરીને કાનૂની જોગવાઈઓને અનુરૂપ દેખરેખ આવા અધિકારનું ઉલ્લંઘન કરતી નથી."[135]

કોર્ટના મતે, માનવ જીવનની ગોપનીયતા અને ગૌરવને વાણી સ્વાતંત્ર્ય જેવા અન્ય બંધારણીય મૂલ્યોની જેમ "હંમેશા દરેક માનવીનો મૂળભૂત માનવ અધિકાર માનવામાં આવ્યો છે". આપણે ખરક સિંહના નિર્ણય પર આ ચુકાદા દ્વારા મૂકવામાં આવેલા અર્થઘટનની પણ નોંધ લેવી જોઈએ કે તેણે "ઠેરવ્યું હતું કે ગોપનીયતાનો અધિકાર બંધારણના અનુચ્છેદ ૨૧ હેઠળ જીવનનો એક ભાગ છે" અને જેનું પીયુસીએલ માં પુનરાવર્તન કરવામાં આવ્યું હતું.

૮૦. આ કોર્ટની બે ન્યાયમૂર્તિઓની બેંચના બિહાર પબ્લિક સર્વિસ કમિશન વિરુદ્ધ સૈયદ હુસૈન અબ્બાસ રિઝવી[136] ના ચુકાદામાં રાઇટ ટુ

[135] તદેવ, પૃષ્ઠ ૧૧૯-૧૨૦ પર (પેરા ૩૧૨)
[136] (૨૦૧૨) ૧૩ એસસીસી ૬૧

ઇન્ફોર્મેશન એક્ટ, ૨૦૦૫ ની કલમ ૮(૧)(જી) ની જોગવાઈઓ સાથે કામ પાર પાડવામાં આવ્યું હતું. જાહેર-ઉત્સાહી નાગરિક હોવાનો દાવો કરતી વ્યક્તિએ કાનૂન હેઠળ બિહાર પબ્લિક સર્વિસ કમિશન પાસેથી બે દિવસમાં તેના દ્વારા લેવાયેલા ઇન્ટરવ્યુ સંબંધિત બાબતોની શ્રેણી પર માહિતી માંગી હતી. કમિશને ઇન્ટરવ્યુ બોર્ડના નામો સિવાયની માહિતી જાહેર કરી હતી. હાઇકોર્ટે જાહેરાત કરવાનો નિર્દેશ આપ્યો હતો. કલમ ૮(૧)(જી) નીચેની પ્રકૃતિની માહિતી જાહેર કરવામાંથી મુક્તિ આપે છે:

"માહિતી, જેની જાહેરાત કોઈપણ વ્યક્તિના જીવન અથવા શારીરિક સલામતીને જોખમમાં મૂકશે અથવા કાયદાના અમલીકરણ અને સુરક્ષા હેતુઓ માટે ગુપ્ત રીતે આપવામાં આવેલી માહિતી અથવા સહાયના સ્ત્રોતને ઓળખશે."

કોર્ટ વતી બોલતા ન્યાયમૂર્તિ સ્વતંત્ર કુમારે આ મુજબ ઠેરવ્યું:

"અમુક બાબતો, ખાસ કરીને નિમણૂકના સંબંધમાં, ખૂબ જ ગુપ્તતા સાથે કામ પાર પાડવાની જરૂર હોય છે. અન્ય લોકો દ્વારા ગુપ્ત રીતે અને સંપૂર્ણ શ્રદ્ધા, અખંડિતતા અને વફાદારી સાથે માહિતી આપવામાં આવવાના પરિણામે સત્તાતંત્રના ધ્યાનમાં માહિતી આવી શકે છે. આવી માહિતીની ગુપ્તતા જાળવવામાં આવશે, આમ તેને વિશ્વાસપાત્ર ક્ષમતા (ફિડ્યુશિયરી કેપેસિટી) ના દાયરામાં લાવવામાં આવશે. તેવી જ રીતે, એવા કિસ્સાઓ પણ હોઈ શકે છે જ્યાં જાહેરાતને કોઈપણ જાહેર પ્રવૃત્તિ કે હિત સાથે કોઈ સંબંધ ન હોય અથવા તે વ્યક્તિની ગોપનીયતા પર અનિચ્છનીય આક્રમણ પણ કરી શકે છે. આ તમામ રક્ષણોને

તેમનું યોગ્ય અમલીકરણ આપવું પડશે કારણ કે તેઓ કાનૂની મુક્તિઓમાંથી ઉદ્ભવે છે. તે ખાનગી હિત અને જાહેર હિત વચ્ચેનો સરળ નિર્ણય નથી. આ એક એવી બાબત છે જ્યાં ગોપનીયતાના અધિકારના સંદર્ભમાં વ્યક્તિને બંધારણીય રક્ષણ ઉપલબ્ધ છે. આમ, જાહેર હિતનું અર્થઘટન ગોપનીયતાના અધિકાર અને માહિતીના અધિકાર વચ્ચેના સંતુલન પરિબળને ધ્યાનમાં રાખીને સિદ્ધ કરવા માંગતા હેતુ અને મોટા જાહેર હિતમાં પૂરા થતા હેતુ સાથે કરવું પડશે, ખાસ કરીને જ્યારે આ બંને અધિકારો ભારતના બંધારણ હેઠળના બંધારણીય મૂલ્યોમાંથી ઉદ્ભવે છે."[137]

(ભારપૂર્વક ઉમેરેલ)

મહત્વની વાત એ છે કે, જોકે અદાલતે કલમ ૮ માં સમાવિષ્ટ વૈધાનિક મુક્તિના લખાણનું અર્થઘટન કર્યું હતું, તેમ છતાં તેણે બંધારણીય ગોપનીયતાના અધિકાર તરફ ધ્યાન દોરીને વિશ્વાસમાં આપવામાં આવેલી માહિતીના ખુલાસામાં સામેલ ગોપનીયતાના મુદ્દાઓ પર ઊંડાણપૂર્વક ચર્ચા કરી હતી.

૮૧. લિલ્લુ ઉર્ફે રાજેશ વિરુદ્ધ સ્ટેટ ઓફ હરિયાણા[138] ના નિર્ણયમાં બળાત્કારમાંથી બચી ગયેલી પીડિતાઓના ગોપનીયતા, શારીરિક અને માનસિક અખંડિતતા તથા ગૌરવના અધિકાર પર ભાર મૂકવામાં આવ્યો હતો. કોર્ટે આ મુજબ ઠેરવ્યું:

---

[137] તદેવ, પૃષ્ઠ ૭૪ પર (પેરા ૨૩)

[138] (૨૦૧૩) ૧૪ એસસીસી ૬૪૩

"ઇન્ટરનેશનલ કોવેનન્ટ ઓન ઇકોનોમિક, સોશિયલ એન્ડ કલ્ચરલ રાઇટ્સ ૧૯૬૬; યુનાઇટેડ નેશન્સ ડિક્લેરેશન ઓફ બેઝિક પ્રિન્સિપલ્સ ઓફ જસ્ટિસ ફોર વિક્ટિમ્સ ઓફ ક્રાઇમ એન્ડ એબ્યુઝ ઓફ પાવર ૧૯૮૫ ને ધ્યાનમાં રાખીને, બળાત્કારમાંથી બચી ગયેલી પીડિતાઓ એવા કાનૂની આશરા માટે હકદાર છે જે તેમને ફરીથી આઘાત ન પહોંચાડે અથવા તેમની શારીરિક કે માનસિક અખંડિતતા અને ગૌરવનું ઉલ્લંઘન ન કરે. તેઓ એવી રીતે હાથ ધરવામાં આવતી તબીબી પ્રક્રિયાઓ માટે પણ હકદાર છે જે તેમની સંમતિના અધિકારનો આદર કરે. તબીબી પ્રક્રિયાઓ એવી રીતે હાથ ધરવી જોઈએ નહીં જે ક્રૂર, અમાનવીય અથવા અપમાનજનક વર્તન સમાન બને અને લિંગ-આધારિત હિંસા સાથે કામ પાર પાડતી વખતે આરોગ્ય સર્વોચ્ચ વિચારણા હોવી જોઈએ. જાતીય હિંસામાંથી બચી ગયેલા લોકોને આવી સેવાઓ ઉપલબ્ધ કરાવવાની રાજ્ય પર જવાબદારી છે. તેમની સલામતી સુનિશ્ચિત કરવા માટે યોગ્ય પગલાં લેવા જોઈએ અને તેમની ગોપનીયતામાં કોઈ મનસ્વી કે ગેરકાયદેસર દખલગીરી થવી જોઈએ નહીં."[139]

(ભારપૂર્વક ઉમેરેલ)

૮૨. થલાપલમ સર્વિસ કોઓપરેટિવ બેંક લિમિટેડ વિરુદ્ધ સ્ટેટ ઓફ કેરળ[140] માં, બે ન્યાયમૂર્તિઓની અન્ય એક બેંચે કેરળ હાઇકોર્ટના તે નિર્ણયની શુદ્ધતાની વિચારણા કરી હતી જેણે સહકારી મંડળીઓના રજિસ્ટ્રાર દ્વારા જારી

[139] તદેવ, પૃષ્ઠ ૬૪૮ પર (પેરા ૧૩)
[140] (૨૦૧૩) ૧૬ એસસીસી ૮૨

કરાયેલા પરિપત્રને માન્ય રાખ્યો હતો. આ પરિપત્ર દ્વારા તેમના વહીવટી નિયંત્રણ હેઠળની તમામ સહકારી સંસ્થાઓને રાઇટ ટુ ઇન્ફોર્મેશન એક્ટ, ૨૦૦૫ ની કલમ ૨(એચ) ના અર્થ હેઠળ જાહેર સત્તાતંત્રો હોવાનું જાહેર કરવામાં આવ્યું હતું. કલમ ૮(૧)(જે) અંગત માહિતી જાહેર કરવામાંથી મુક્તિ આપે છે જેને કોઈપણ જાહેર પ્રવૃત્તિ કે હિત સાથે કોઈ સંબંધ નથી, અથવા જે "વ્યક્તિની ગોપનીયતા પર અનિચ્છનીય આક્રમણ" કરશે સિવાય કે સત્તાતંત્રને સંતોષ થાય કે મોટું જાહેર હિત તેની જાહેરાતને વાજબી ઠેરવે છે. આ કોર્ટે અવલોકન કર્યું કે ગોપનીયતાના અધિકારને બંધારણના અનુચ્છેદ ૨૧ ના ભાગ તરીકે માન્યતા આપવામાં આવી છે અને આરટીઆઇ એક્ટની કલમ ૮(૧)(જે) માં સમાવિષ્ટ કાનૂની જોગવાઈઓ ગોપનીયતાના બંધારણીય રક્ષણની માન્યતામાં ધારાસભા દ્વારા ઘડવામાં આવી છે. કોર્ટે આ મુજબ ઠેરવ્યું:

"ગોપનીયતાનો અધિકાર ભારતના બંધારણ હેઠળ સ્પષ્ટપણે બાંયધરી આપવામાં આવ્યો નથી. જો કે, ભારતના નાગરિકોને ગોપનીયતાનો અધિકાર પૂરો પાડવા અને તેમની વ્યક્તિગત માહિતીના સંગ્રહ, જાળવણી અને પ્રસારનું નિયમન કરવા તથા આવા અધિકારોના ઉલ્લંઘન માટે દંડ અને તેની સાથે જોડાયેલી બાબતો માટેનો ધ પ્રાઇવસી બિલ, ૨૦૧૧ પેન્ડિંગ છે. ખરક સિંહ વિરુદ્ધ સ્ટેટ ઓફ યુ.પી. [એઆઈઆર ૧૯૬૩ એસસી ૧૨૯૫ : (૧૯૬૩) ૨ ક્રિ એલજે ૩૨૯], આર. રાજગોપાલ વિરુદ્ધ સ્ટેટ ઓફ ટી.એન. [(૧૯૯૪) ૬ એસસીસી ૬૩૨], પીપલ્સ યુનિયન ફોર સિવિલ લિબર્ટીઝ વિરુદ્ધ યુનિયન ઓફ

ઇન્ડિયા [(૧૯૯૭) ૧ એસસીસી ૩૦૧] અને સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિરુદ્ધ ભરત શાંતિ લાલ શાહ [(૨૦૦૮) ૧૩ એસસીસી ૫] સહિતના કેટલાક ચુકાદાઓમાં આ કોર્ટે ભારતના બંધારણના અનુચ્છેદ ૨૧ માંથી ઉદ્ભવતા ગોપનીયતાના અધિકારને મૂળભૂત અધિકાર તરીકે માન્ય રાખ્યો છે."[141]

"ગોપનીયતાનો અધિકાર બંધારણના અનુચ્છેદ ૨૧ નું એક પવિત્ર પાસું છે તે હકીકતને માન્ય રાખીને, કાયદાએ કલમ ૮(૧)(જે) હેઠળના અધિકારોનું રક્ષણ કરવા માટે ઘણી બધી સુરક્ષાઓ મૂકી છે, જેમ કે પહેલેથી દર્શાવવામાં આવ્યું છે."[142]

આ કોર્ટે ઠેરવેલ કે તથ્યો પર સહકારી મંડળીઓ જાહેર સત્તાતંત્રો ન હતી અને પડકાર હેઠળનો નિર્ણય રદ કરવામાં આવ્યો હતો.

૮૩. મનોજ નરુલા વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા[143] માં, આ કોર્ટની બંધારણીય બેંચ રાજકારણના વધતા જતા અપરાધીકરણની ફરિયાદ કરતી જાહેર હિતમાં દાખલ કરાયેલી અરજીની સુનાવણી કરી રહી હતી. બંધારણના અનુચ્છેદ ૭૫(૧) ની જોગવાઈઓ સાથે કામ પાર પાડતાં, ન્યાયમૂર્તિ દીપક મિશ્રાએ "બંધારણીય ગર્ભિતાર્થો" (કોન્સ્ટીટ્યુશનલ ઇમ્પ્લીકેશન્સ) ના સિદ્ધાંતને સમજાવતી વખતે, વિચારણા કરી હતી કે શું કોર્ટ ધારાસભા દ્વારા પૂરી પાડવામાં

[141] તદેવ, પૃષ્ઠ ૧૧૨ પર (પેરા ૫૭)
[142] તદેવ, પૃષ્ઠ ૧૧૪ પર (પેરા ૬૪)
[143] (૨૦૧૪) ૯ એસસીસી ૧

આવેલી ગેરલાયકાતો ઉપરાંત બંધારણ દ્વારા કરવામાં આવેલી જોગવાઈઓમાં ગેરલાયકાત વાંચી શકે છે કે કેમ. તે સંદર્ભમાં, અગ્રણી ચુકાદો અવલોકન કરે છે:

"આ સંદર્ભમાં, અનુચ્છેદ ૨૧ ના દાયરામાં ઘણાં પાસાંઓનો સમાવેશ સુસ્થાપિત છે. આર. રાજગોપાલ વિરુદ્ધ સ્ટેટ ઓફ ટી.એન. [(૧૯૯૪) ૬ એસસીસી ૬૩૨] માં, અનુચ્છેદ ૨૧ માંથી ગોપનીયતાનો અધિકાર તારવવામાં આવ્યો છે. તેવી જ રીતે, જોગીન્દર કુમાર વિરુદ્ધ સ્ટેટ ઓફ યુ.પી. [(૧૯૯૪) ૪ એસસીસી ૨૬૦ : ૧૯૯૪ એસસીસી (ક્રિ) ૧૧૭૨ : એઆઈઆર ૧૯૯૪ એસસી ૧૩૪૯] માં, અનુચ્છેદ ૨૧ અને ૨૨ હેઠળના સહજ અધિકારો જણાવવામાં આવ્યા છે. તેવી જ રીતે, વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા તથા પ્રેસની સ્વતંત્રતા સાથે કામ પાર પાડતી વખતે, કોર્ટે રોમેશ થાપર વિરુદ્ધ સ્ટેટ ઓફ મદ્રાસ [એઆઈઆર ૧૯૫૦ એસસી ૧૨૪ : (૧૯૫૦) ૫૧ ક્રિ એલજે ૧૫૧૪] માં અવલોકન કર્યું છે કે વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતામાં વિચારોના પ્રસારની સ્વતંત્રતાનો સમાવેશ થાય છે...

તેમાં શંકાનો કોઈ લેશમાત્ર નથી કે કોર્ટે બંધારણીય વિભાવનાઓને વિસ્તૃત કરવા માટે ગર્ભિતાર્થોના સિદ્ધાંતનો ઉપયોગ કર્યો છે, પરંતુ જે સંદર્ભમાં ક્ષિતિજ વિસ્તૃત કરવામાં આવ્યું છે તે ધ્યાનમાં રાખવું પડશે... આ તબક્કે, એ જણાવવું યોગ્ય છે કે ગર્ભિતાર્થનો સિદ્ધાંત મૂળભૂત રીતે ટેક્સ્ટમાં વપરાયેલા શબ્દોમાંથી વિચારના તાર્કિક અનુમાન પર આધારિત છે...

અર્થઘટનના આ માર્ગને અપનાવીને પહોંચવામાં આવતા કોઈપણ પ્રસ્તાવને લખાણના અમુક શબ્દો અથવા લખાણની યોજનાના આધારે કોઈ આશ્રયસ્તંભ અથવા શક્તિ મળવી જોઈએ. તેની ગેરહાજરીમાં, કોર્ટ માટે કોઈપણ પ્રસ્તાવ તારવવો માન્ય હોઈ શકે નહીં કારણ કે તે તર્કની કાયદેસરતાને હરાવી દેશે. સંખ્યાબંધ અનુચ્છેદોને એકસાથે સંકલિત રીતે વાંચીને પ્રસ્તાવ સ્થાપિત કરી શકાય છે, કારણ કે તે મૂળભૂત કાયદેસરતાના ક્ષેત્રમાં રહેશે."[144]

(ભારપૂર્વક ઉમેરેલ)

૮૪. નેશનલ લીગલ સર્વિસીસ ઓથોરિટી વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા[145] ("નાલસા") માં, બે ન્યાયમૂર્તિઓની બેંચે, ટ્રાન્સજેન્ડરોના અધિકારો સાથે કામ પાર પાડતી વખતે, યુડીએચઆર અને આઇસીસીપીઆર સહિત ભારત દ્વારા સ્વીકારવામાં આવેલા આંતરરાષ્ટ્રીય સંમેલનોનો ઉલ્લેખ કર્યો હતો. આ સંમેલનોમાંની જોગવાઈઓ કે જે વ્યક્તિની ગોપનીયતા, પરિવાર અને ઘરમાં મનસ્વી અને ગેરકાયદેસર દખલગીરી સામે રક્ષણ આપે છે, તેને એવી રીતે વાંચવામાં આવશે જે અનુચ્છેદ ૧૪, ૧૫, ૧૯ અને ૨૧ માં સમાવિષ્ટ મૂળભૂત અધિકારોને ભારતની આંતરરાષ્ટ્રીય જવાબદારીઓ સાથે સુમેળ સાધે છે તેવું ઠેરવવામાં આવ્યું હતું. ન્યાયમૂર્તિ કે. એસ. રાધાકૃષ્ણને ઠેરવ્યું:

---

[144] તદેવ, પૃષ્ઠ ૪૭-૪૮ પર (પેરા ૬૯-૭૦)

[145] (૨૦૧૪) ૫ એસસીસી ૪૩૮

"લિંગ ઓળખ (જેન્ડર આઇડેન્ટિટી), તેથી, વ્યક્તિની વ્યક્તિગત ઓળખ, લિંગ અભિવ્યક્તિ અને રજૂઆતના કેન્દ્રમાં રહેલી છે અને તેથી, તેનું ભારતના બંધારણના અનુચ્છેદ ૧૯(૧)(એ) હેઠળ રક્ષણ કરવું પડશે. ટ્રાન્સજેન્ડરનું વ્યક્તિત્વ ટ્રાન્સજેન્ડરના વર્તન અને રજૂઆત દ્વારા વ્યક્ત થઈ શકે છે. રાજ્ય આવા વ્યક્તિત્વની ટ્રાન્સજેન્ડરની અભિવ્યક્તિ પર પ્રતિબંધ મૂકી શકતું નથી, તેને મર્યાદિત કરી શકતું નથી અથવા તેમાં દખલ કરી શકતું નથી, જે તે સહજ વ્યક્તિત્વને પ્રતિબિંબિત કરે છે. ઘણીવાર રાજ્ય અને તેના સત્તાવાળાઓ કાં તો અજ્ઞાનતાના કારણે અથવા અન્યથા આવી વ્યક્તિઓના સહજ સ્વભાવ અને ઓળખને પચાવવામાં નિષ્ફળ જાય છે. તેથી, અમે ઠેરવીએ છીએ કે ગોપનીયતા, સ્વ-ઓળખ, સ્વાયત્તતા અને વ્યક્તિગત અખંડિતતાના મૂલ્યો ભારતના બંધારણના અનુચ્છેદ ૧૯(૧)(એ) હેઠળ ટ્રાન્સજેન્ડર સમુદાયના સભ્યોને બાંયધરી આપવામાં આવેલા મૂળભૂત અધિકારો છે અને રાજ્ય તે અધિકારોનું રક્ષણ કરવા અને તેમને માન્યતા આપવા બંધાયેલું છે."[146]

અનુચ્છેદ ૨૧ ના દાયરાને સમજાવતાં, કોર્ટે નોંધ્યું:

"અનુચ્છેદ ૨૧ એ ભારતીય બંધારણનું હૃદય અને આત્મા છે, જે જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાના અધિકારોની વાત કરે છે. જીવનનો અધિકાર એ મૂળભૂત અધિકારો પૈકી એક છે અને રાજ્ય પાસે પણ તે અધિકારનું ઉલ્લંઘન કરવાની કે તેને છીનવી લેવાની કોઈ સત્તા નથી. અનુચ્છેદ ૨૧ જીવનના તે

[146] તદેવ, પૃષ્ઠ ૪૯૦ પર (પેરા ૭૨)

તમામ પાસાંઓને આવરી લે છે જે વ્યક્તિના જીવનને અર્થપૂર્ણ બનાવવા તરફ દોરી જાય છે. અનુચ્છેદ ૨૧ માનવ જીવનના ગૌરવ, વ્યક્તિગત સ્વાયત્તતા, વ્યક્તિના ગોપનીયતાના અધિકાર વગેરેનું રક્ષણ કરે છે. ગૌરવનો અધિકાર એ જીવનના અધિકારનો આવશ્યક ભાગ માનવામાં આવ્યો છે અને માનવ હોવાના કારણે તમામ વ્યક્તિઓને મળે છે. ફ્રાન્સિસ કોરાલી મુલિન વિરુદ્ધ યુ.ટી. ઓફ દિલ્હી [(૧૯૮૧) ૧ એસસીસી ૬૦૮ : ૧૯૮૧ એસસીસી (ક્રિ) ૨૧૨] (એસસીસી પૃષ્ઠ ૬૧૮-૧૯, પેરા ૭ અને ૮) માં, આ કોર્ટે ઠેરવ્યું હતું કે ગૌરવનો અધિકાર આપણી બંધારણીય સંસ્કૃતિનો આવશ્યક ભાગ બનાવે છે જે વ્યક્તિઓના સંપૂર્ણ વિકાસ અને ઉત્ક્રાંતિને સુનિશ્ચિત કરવા માંગે છે અને તેમાં 'વિવિધ સ્વરૂપોમાં પોતાની જાતને વ્યક્ત કરવી, મુક્તપણે હલનચલન કરવું અને સાથી મનુષ્યો સાથે ભળવું અને હળવું-મળવું...' નો સમાવેશ થાય છે.[147]

અનુચ્છેદ ૨૧, અગાઉ દર્શાવ્યા મુજબ, વ્યક્તિની 'વ્યક્તિગત સ્વાયત્તતા' ના રક્ષણની બાંયધરી આપે છે. અનુજ ગર્ગ વિરુદ્ધ હોટેલ એસોસિએશન ઓફ ઇન્ડિયા [(૨૦૦૮) ૩ એસસીસી ૧] (એસસીસી પૃષ્ઠ ૧૫, પેરા ૩૪-૩૫) માં, આ કોર્ટે ઠેરવ્યું હતું કે વ્યક્તિગત સ્વાયત્તતામાં અન્યો દ્વારા દખલગીરી ન થવાનો નકારાત્મક અધિકાર અને પોતાના જીવન વિશે નિર્ણયો લેવાનો, પોતાની જાતને વ્યક્ત કરવાનો અને કઈ પ્રવૃત્તિઓમાં ભાગ લેવો તે પસંદ કરવાનો વ્યક્તિઓનો હકારાત્મક અધિકાર બંનેનો સમાવેશ થાય છે. લિંગનું સ્વ-નિર્ધારણ એ વ્યક્તિગત સ્વાયત્તતા અને સ્વ-અભિવ્યક્તિનો અભિન્ન ભાગ છે અને તે

[147] તદેવ, પૃષ્ઠ ૪૯૦ પર (પેરા ૭૩)

ભારતના બંધારણના અનુચ્છેદ ૨૧ હેઠળ બાંયધરી આપવામાં આવેલી વ્યક્તિગત સ્વતંત્રતાના દાયરામાં આવે છે.[148]"

ડૉ. ન્યાયમૂર્તિ એ. કે. સીકરીએ સ્પષ્ટ સંમતિપૂર્ણ ચુકાદો લખ્યો હતો.

નાલસા અનુચ્છેદ ૧૫ ની અંદર લિંગ ઓળખના રક્ષણમાં ગોપનીયતાના અધિકારને આધારિત કરવા માટેનો તર્ક દર્શાવે છે. અનુચ્છેદ ૨૧ સાથે અનુચ્છેદ ૧૫ નું આંતરછેદ વ્યક્તિગત સ્વાયત્તતા, ગૌરવ અને ઓળખની અભિવ્યક્તિ તરીકે બંધારણીય ગોપનીયતા અધિકારનું સ્થાન નક્કી કરે છે. નાલસા સૂચવે છે કે ગોપનીયતાના અધિકારને મૂળભૂત અધિકારો પરના પ્રકરણમાં કોઈ એક જોગવાઈના દાયરામાં આવવાની જરૂર નથી. છેદતા અધિકારો ગોપનીયતાના અધિકારને માન્ય રાખે છે. જોકે મુખ્યત્વે, અનુચ્છેદ ૨૧ હેઠળ જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાની બાંયધરીમાં જ બંધારણીય ગોપનીયતા અધિકાર વસે છે, તે બંધારણના ભાગ ૩ માં ગણાવેલા અન્ય અધિકારોમાં સમાવિષ્ટ મૂલ્યો દ્વારા સમૃદ્ધ બને છે.

૮૫. એબીસી વિરુદ્ધ ધ સ્ટેટ (એનસીટી ઓફ દિલ્હી)[149] માં, કોર્ટે એ પ્રશ્ન સાથે કામ પાર પાડ્યું હતું કે શું એક અપરિણીત માતા માટે તેના બાળકના વાલી તરીકે નિમણૂક માટેની તેની અરજી અંગે બાળકના કથિત પિતાને ખાસ સૂચિત કરવું હિતાવહ છે કે કેમ. બાળકની માતા દ્વારા એવું જણાવવામાં આવ્યું હતું કે તે પોતાના બાળકના ભવિષ્યને તેની પિતૃત્વતા અંગેના કોઈપણ વિવાદથી

[148] તદેવ, પૃષ્ઠ ૪૯૧ પર (પેરા ૭૫)

[149] (૨૦૧૫) ૧૦ એસસીસી ૧

બગાડવા માંગતી નથી, જે જો પિતા બાળકને પોતાનું તરીકે સ્વીકારવાનો ઇનકાર કરે તો નિઃશંકપણે પરિણમશે. તેણીની દલીલ એવી હતી કે જો તેણીને તેના બાળકના પિતાનું નામ અને વિગતો જાહેર કરવાની ફરજ પાડવામાં આવે તો તેના પોતાના મૂળભૂત ગોપનીયતા અધિકારનું ઉલ્લંઘન થશે. બાળકના હિતને ધ્યાને લેતાં, બેંચે નિર્દેશ આપ્યો કે "જો કોઈ એકલ માતાપિતા/અપરિણીત માતા તેના ગર્ભમાંથી જન્મેલા બાળક માટે જન્મ પ્રમાણપત્ર આપવા માટે અરજ કરે છે, તો સંબંધિત સત્તાવાળાઓ માત્ર તેણી પાસેથી આ સંદર્ભે એક સોગંદનામું રજૂ કરવાની માંગ કરી શકે છે, અને ત્યારપછી જન્મ પ્રમાણપત્ર આપવું જ પડશે, સિવાય કે તેનાથી વિરુદ્ધ કોર્ટનો કોઈ નિર્દેશ હોય".[150]

૮૬. ન્યાયાધીશોની નિમણૂક માટેની સંસ્થાકીય પ્રક્રિયા નક્કી કરતા બંધારણ (નવ્વાણુંમો સુધારો) અધિનિયમ, ૨૦૧૪ ની બંધારણીય માન્યતાની વિચારણા કરતી વખતે, સુપ્રિમ કોર્ટ એડવોકેટ્સ ઓન રેકોર્ડ એસોસિએશન વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા[151] માં ન્યાયમૂર્તિ મદન બી. લોકુરના સંમતિ આપતા ચુકાદામાં જો સુપ્રિમ કોર્ટ અથવા હાઇકોર્ટના ન્યાયાધીશ તરીકે નિમણૂક માટે વિચારણા હેઠળના ઉમેદવાર વિશે જાહેરાતો કરવામાં આવે તો તેમાં સંડોવાયેલા ગોપનીયતાના મુદ્દાઓ સાથે કામ પાર પાડવામાં આવ્યું હતું. એક તરફ સામાન્ય જનતાના જાણવાના અધિકાર અને બીજી તરફ ગોપનીયતાના અધિકાર સાથે કામ પાર પાડતાં, ન્યાયમૂર્તિ લોકુરે નોંધ્યું હતું કે બાદનો અધિકાર

[150] તદેવ, પૃષ્ઠ ૧૮ પર (પેરા ૨૮)
[151] (૨૦૧૬) ૫ એસસીસી ૧

એક "ગર્ભિત મૂળભૂત અધિકાર છે જેનો તમામ લોકો આનંદ માણે છે". ન્યાયમૂર્તિ લોકુરે આ મુજબ અવલોકન કર્યું:

"પારદર્શિતા અને ગુપ્તતા વચ્ચેનું સંતુલન ખૂબ જ નાજુક છે અને જો કોઈ ચોક્કસ વ્યક્તિ વિશે કેટલીક સંવેદનશીલ માહિતી જાહેર કરવામાં આવે, તો તે તેની પ્રતિષ્ઠા અને ગૌરવ પર દૂરગામી અસર કરી શકે છે. ૯૯મા બંધારણ સુધારા અધિનિયમ અને એનજેએસી એક્ટે વ્યક્તિની ગોપનીયતાની ચિંતાઓની નોંધ લીધી નથી. આ મહત્વપૂર્ણ છે કારણ કે વિદ્વાન એટર્ની જનરલ દ્વારા એવી રજૂઆત કરવામાં આવી હતી કે એનજેએસી ની કાર્યવાહી સંપૂર્ણપણે પારદર્શક રહેશે અને એનજેએસી પાસે ઉપલબ્ધ માહિતી કોઈપણ મેળવી શકે છે. આ એક વ્યાપક સામાન્યીકરણ છે જે દેખીતી રીતે નિમણૂક માટે ભલામણ કરાયેલ વ્યક્તિની ગોપનીયતાને ધ્યાનમાં લેતું નથી, ખાસ કરીને હાઇકોર્ટના ન્યાયાધીશ તરીકે અથવા પ્રથમ દ્રષ્ટાંતે સુપ્રિમ કોર્ટના ન્યાયાધીશ તરીકે. જાણવાનો અધિકાર એ મૂળભૂત અધિકાર નથી પરંતુ વધુમાં વધુ તે એક ગર્ભિત મૂળભૂત અધિકાર છે અને તે ગર્ભિત મૂળભૂત ગોપનીયતા અધિકારથી ઘેરાયેલો છે જેનો તમામ લોકો આનંદ માણે છે. બે ગર્ભિત મૂળભૂત અધિકારો વચ્ચે સંતુલન જાળવવું મુશ્કેલ છે, પરંતુ ૯૯મો બંધારણ સુધારો અધિનિયમ અને એનજેએસી એક્ટ તે સંતુલન હાંસલ કરવાનું તો દૂર, વિચારવાનો પણ પ્રયાસ કરતા નથી."[152]

(ભારપૂર્વક ઉમેરેલ)

[152] તદેવ, પૃષ્ઠ ૬૭૬ પર (પેરા ૯૫૩)

૮૭. પૂર્વચુકાદાઓનું વ્યાપક વિશ્લેષણ જરૂરી બન્યું છે કારણ કે તે દર્શાવે છે કે બંધારણીય ગોપનીયતા અધિકારના અસ્તિત્વ પરની ચર્ચા કઈ રીતે આગળ વધી છે. બંધારણીય ગોપનીયતા અધિકારની વિષયવસ્તુ અને તેની મર્યાદાઓ કેસ-દર-કેસ આધારે આગળ વધી છે, દરેક પૂર્વચુકાદો અગાઉના ફોર્મ્યુલેશનો પર નિર્માણ કરવા અને તેને અનુસરવાનો પ્રયાસ કરે છે. સૈદ્ધાંતિક પાયો અનિવાર્યપણે એમ. પી. શર્મા - ખરક સિંહ - ગોબિંદ ની ત્રિપુટી પર ટકેલો છે જેના પર રાજગોપાલ, પીયુસીએલ, કેનરા બેંક, સેલ્વી અને નાલસા સહિતના ત્યારપછીના નિર્ણયોએ યોગદાન આપ્યું છે. કેસોની આ ત્રિપુટીએ શું નક્કી કર્યું છે તેનું મૂલ્યાંકન કર્યા વિના સૈદ્ધાંતિક આધારની પુનર્વિચારણા પૂર્ણ થઈ શકે નહીં.

૮૮. એમ. પી. શર્મા એ આધારે શોધ સામેના પડકાર સાથે સંબંધિત હતો કે જે કાનૂની જોગવાઈએ તેને અધિકૃત કરી હતી, તેણે અનુચ્છેદ ૨૦(૩) માં સ્વ-દોષારોપણ સામેની બાંયધરીનું ઉલ્લંઘન કર્યું હતું. ભારતીય બંધારણમાં યુ.એસ. બંધારણના ચોથા સુધારા જેવી ચોક્કસ જોગવાઈની ગેરહાજરીમાં, કોર્ટે પોતાના એવા ચુકાદા દ્વારા પડકારનો જવાબ આપ્યો હતો કે જે વ્યક્તિ એવી શોધને આધીન છે જે દરમિયાન સામગ્રી જપ્ત કરવામાં આવે છે તે એવી પ્રકૃતિનું સ્વૈચ્છિક પુરાવાકીય નિવેદન આપતી નથી જે અનુચ્છેદ ૨૦(૩) ને આકર્ષે. કોર્ટે દસ્તાવેજો રજૂ કરવા માટે કોઈ સત્તાતંત્ર દ્વારા જારી કરાયેલ નોટિસના અનુસંધાનમાં સ્વૈચ્છિક જાહેરાતના નિવેદનથી ફરજિયાત શોધને અલગ પાડી

હતી. તે અગાઉની શ્રેણી હતી જે ફરજિયાત શોધમાં સામેલ હોવાનું ઠેરવવામાં આવ્યું હતું, જે કોર્ટે ઠેરવેલ કે સ્વ-દોષારોપણ સામેની બાંયધરીને આકર્ષશે નહીં. જો કે, ચુકાદો આગળ વધીને એવું ઠેરવે છે કે બંધારણમાં ગોપનીયતાનો અધિકાર ગણાવવામાં આવ્યો ન હોવાથી, યુ.એસ. બંધારણના ચોથા સુધારા જેવી જોગવાઈ આપણા પોતાના બંધારણમાં વાંચી શકાય નહીં. આપણા બંધારણમાં ગોપનીયતાના અધિકારની ગેરહાજરી અંગેનું અવલોકન સખત રીતે કહીએ તો, એમ. પી. શર્મા માં કોર્ટના નિર્ણય માટે જરૂરી ન હતું અને તે અવલોકન પોતે માત્ર એક પ્રાસંગિક અવલોકનથી વિશેષ કંઈ નથી. વધુમાં, આ નિર્ણય અનુચ્છેદ ૨૧ અથવા અનુચ્છેદ ૧૯ જેવી અન્ય કોઈપણ જોગવાઈ હેઠળ ગોપનીયતા બંધારણીય રીતે સંરક્ષિત અધિકાર હોઈ શકે કે કેમ તે અંગે કોઈ નિર્ણય આપતો નથી.

૮૯. ખરક સિંહ માં એમ. પી. શર્મા નો કોઈ ઉલ્લેખ નથી. ખરક સિંહ માં બહુમતીનો નિર્ણય અનિવાર્યપણે બે ભાગમાં વહેંચાયેલો છે; પ્રથમ ભાગ રાત્રિના સમયે ઘરેલુ મુલાકાતો માટેના નિયમનની માન્યતા સાથે સંબંધિત છે (જે રદ કરવામાં આવ્યો હતો) અને બીજો ભાગ બાકીના નિયમન સાથે સંબંધિત છે (જે માન્ય રાખવામાં આવ્યો હતો). પ્રથમ ભાગ પરનો નિર્ણય, જે રેગ્યુલેશન ૨૩૬(બી) સાથે સંબંધિત હતો, તે એક અનિવાર્ય છાપ પહોંચાડે છે કે નિયમન ઘરની પવિત્રતા પર આક્રમણ કરતું હતું અને વ્યવસ્થિત સ્વતંત્રતાનું ઉલ્લંઘન હતું. જોકે કોર્ટના તર્કમાં 'ગોપનીયતા' શબ્દપ્રયોગનો ઉપયોગ થતો નથી, તે

યુ.એસ. સુપ્રિમ કોર્ટના વોલ્ફ વિરુદ્ધ કોલોરાડો ના નિર્ણયનો સંદર્ભ આપે છે, જે ગોપનીયતા સાથે સંબંધિત છે. આ ઉપરાંત, ચુકાદામાં ઉદ્ધૃત કરાયેલા ભાગમાં ખાસ કરીને બે સ્થળોએ ગોપનીયતાનો સંદર્ભ છે. રાત્રિના સમયે ઘરેલુ મુલાકાતોને અમાન્ય ઠેરવતી વખતે, કોર્ટે અનુચ્છેદ ૨૧ હેઠળના જીવનના અધિકારમાંથી પોષણ મેળવ્યું હતું જેનો અર્થ માત્ર પ્રાણી સમાન અસ્તિત્વ કરતાં કંઈક વિશેષ થાય છે. અનુચ્છેદ ૨૧ હેઠળના અધિકારમાં તે ક્ષમતાઓનો આનંદ માણવાનો સમાવેશ થાય છે જે અધિકારને અર્થપૂર્ણ બનાવે છે. તેથી, ખરક સિંહ માં નિર્ણયનો પ્રથમ ભાગ જીવન, વ્યક્તિગત સ્વતંત્રતા અને ગોપનીયતાનું મિશ્રણ રજૂ કરે છે. તે સ્વતંત્રતાના શીર્ષક હેઠળ ગોપનીયતામાં આધારિત હિતોનું રક્ષણ કરે છે. નિર્ણયનું અર્થઘટન કરવામાં મુશ્કેલી એ કારણે ઊભી થાય છે કારણ કે તેના નિર્ણયના બીજા ભાગમાં, બહુમતીએ બાકીના નિયમનને માન્ય રાખ્યું હતું અને (તેમ કરતી વખતે) અવલોકન કર્યું હતું કે બંધારણ હેઠળ ગોપનીયતાના સંરક્ષિત અધિકારની ગેરહાજરી છે. બીજા ભાગમાં આ અવલોકનો પ્રથમ ભાગ સાથે કામ પાર પાડતા અવલોકનો સાથે વિસંગત છે. ગોપનીયતાના અધિકારની ગેરહાજરી વિશેનો દૃષ્ટિકોણ એક અલગ અવલોકન છે જે નિયમનના પ્રથમ પાસા પર આપવામાં આવેલા આવશ્યક નિર્ધારણ સાથે સહઅસ્તિત્વ ધરાવી શકતો નથી. છેલ્લા પાંચ દાયકા અને તેથી વધુ સમયમાં આ કોર્ટની ત્યારપછીની બેંચોએ ખરક સિંહ ના નિર્ણયના પ્રથમ અને બીજા ભાગો વચ્ચેના અસ્વસ્થ સહઅસ્તિત્વમાંથી સુસંગત સિદ્ધાંત બનાવવાનો પ્રયાસ કર્યો છે. તે

પૈકીના કેટલાક વ્યવસ્થિત સ્વતંત્રતાના વૈચારિક પાયા હેઠળ, પ્રથમ ભાગમાં ગોપનીયતા પર આધારિત હિતોના રક્ષણ પર આધાર રાખે છે.

૯૦. ગોબિંદ એક ધારણાના આધારે આગળ વધ્યો હતો અને સમજાવે છે કે જો તેને બંધારણીય અધિકાર તરીકે ગણવામાં આવે તો કોર્ટના મતે ગોપનીયતાના અધિકારની વિષયવસ્તુ શું હશે. ગોબિંદ ભારપૂર્વક જણાવે છે કે આ અધિકાર વ્યવસ્થિત સ્વતંત્રતા માટે સહજ હશે અને પરિવાર, લગ્ન અને પ્રજનન જેવી અંતરંગ બાબતોને આવરી લેશે. ગોબિંદે, આ અધિકાર નિરપેક્ષ નહીં હોય અને તે રાજ્યની નિયમનકારી સત્તાને આધીન રહેશે તેવું માન્ય રાખતી વખતે, બાદની બાબતને અનિવાર્ય રાજ્ય હિતના અસ્તિત્વ પર આધારિત રાખી હતી. આ નિર્ણય અનિવાર્ય હિતની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે નિયમનને સંકુચિત રીતે તૈયાર કરવાની આવશ્યકતા પણ લાવે છે. ગોબિંદ નો નિર્ણય કરનાર બેંચે ખરક સિંહ ના નિર્ણયનો સંદર્ભ આપ્યો હતો (જોકે એમ. પી. શર્મા નો નહીં). ભલે ગમે તે હોય, ગોબિંદ એ ધારણાના આધારે આગળ વધ્યો છે કે ગોપનીયતાનો અધિકાર ભારતમાં બંધારણીય રીતે સંરક્ષિત અધિકાર છે. આ કોર્ટના ત્યારપછીના નિર્ણયોએ ગોપનીયતાના અધિકારની રચનાને ખરક સિંહ અથવા ગોબિંદ (અથવા બંને) માંથી ઉદ્ભવતી રચના તરીકે ગણી છે. દેખીતી રીતે, તે ખરક સિંહ ના નિર્ણયનો પ્રથમ ભાગ છે જે બંધારણમાં ગોપનીયતાના સંરક્ષિત બંધારણીય અધિકારની ગેરહાજરી પર ચોક્કસ અવલોકન ધરાવતા બીજા ભાગ સાથે સુમેળ સાધ્યા વિના ગોપનીયતા માટેના બંધારણીય અધિકારને

માન્ય રાખતો ગણવામાં આવે છે. નાની સંખ્યા ધરાવતી અનુગામી બેંચો દેખીતી રીતે એમ. પી. શર્મા અને ખરક સિંહ ના ફોર્મ્યુલેશનોની શુદ્ધતા નક્કી કરવાની સ્થિતિમાં ન હતી. વિવિધ સ્ત્રોતોમાંથી નવા પડકારો ઉદ્ભવ્યા હોવાથી તેઓએ ગોપનીયતાનું ન્યાયશાસ્ત્ર ઘડવું પડ્યું હતું: વાયર-ટેપિંગ, નાર્કો-એનાલિસિસ, લિંગ આધારિત ઓળખ, તબીબી માહિતી, માહિતીગત સ્વાયત્તતા અને ગોપનીયતાના અન્ય અભિવ્યક્તિઓ. જ્યાં સુધી ગોબિંદ પછીના નિર્ણયોનો સંબંધ છે, તે સ્પષ્ટ થાય છે કે નિર્ણયના કેટલાક ભાગોમાં જે ધારણાઓનો ચોક્કસ ઉલ્લેખ જોવા મળે છે તે કદાચ યોગ્ય પરિપ્રેક્ષ્યમાં મૂકવામાં આવી ન હતી. ત્યારપછીની બેંચો દ્વારા ગોબિંદ ને ગોપનીયતાના અધિકારની પુષ્ટિ કરતો ગણવામાં આવ્યો છે.

૯૧. ચાર કરતાં વધુ દાયકાઓ દરમિયાન આપવામાં આવેલા નિર્ણયોમાં ગોપનીયતાના અધિકારના મૂળ અનુચ્છેદ ૨૧ હેઠળ જીવન અને વ્યક્તિગત સ્વાતંત્ર્યની બાંયધરીમાં અને અનુચ્છેદ ૧૯ માં નિર્ધારિત સ્વાતંત્ર્યોમાં તારવવામાં આવ્યા છે. આ ઉપરાંત, માનવ અધિકારોના આદર પર આધારિત વિશ્વ વ્યવસ્થા પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતા યુડીએચઆર અને આઇસીસીપીઆર ના ચોક્કસ અનુચ્છેદો સાથે નોંધવામાં આવી છે જે ગોપનીયતાના અધિકારને મૂર્તિમંત કરે છે.[153] આ કોર્ટના મતે, તેનાથી વિરુદ્ધના કાયદાની ગેરહાજરીમાં આંતરરાષ્ટ્રીય કાયદાને સ્થાનિક કાયદાના ભાગ તરીકે ગણવો પડશે અને, કદાચ

[153] ભારતમાં ગોપનીયતાના અધિકાર અને ગોપનીયતા કાયદાઓ પરના વ્યાપક વૃત્તાંત માટે જુઓ ઋષિકા તનેજા અને સિદ્ધાંત કુમાર, પ્રાઇવસી લૉ: પ્રિન્સિપલ્સ, ઇન્જંક્શન્સ એન્ડ કોમ્પેન્સેશન, ઇસ્ટર્ન બુક કંપની (૨૦૧૪).

વધુ મહત્ત્વની વાત એ છે કે, જે આંતરરાષ્ટ્રીય સંમેલનોમાં ભારત એક પક્ષકાર છે તેની વિષયવસ્તુ દ્વારા બંધારણીય બાંયધરીઓના અર્થને પ્રબુદ્ધ બનાવવો પડશે. પરિણામે, જેમ નવા કેસો કોર્ટ સમક્ષ નવા મુદ્દાઓ અને સમસ્યાઓ લાવ્યા, તેમ ગોપનીયતાના અધિકારની વિષયવસ્તુએ આ વિવિધ સંદર્ભોમાં વિસ્તરણ મેળવ્યું છે. આમાં ટેલિફોન ટેપિંગ (પીયુસીએલ), મૃત્યુદંડની સજા પામેલા કેદી પરની સામગ્રીના પ્રકાશન પર પૂર્વ-પ્રતિબંધો (રાજગોપાલ), બેંકર - ગ્રાહક સંબંધ સંડોવતા ગુપ્ત દસ્તાવેજોનું નિરીક્ષણ અને તપાસ (કેનરા બેંક), એચઆઇવી સ્થિતિ જાહેર કરવી (મિસ્ટર એક્સ વિરુદ્ધ હોસ્પિટલ ઝેડ), ખોરાકની પસંદગીઓ અને પ્રાણીઓની કતલ (હિંસા વિરોધક સંઘ), ગર્ભાવસ્થાની તબીબી સમાપ્તિ (સુચિતા શ્રીવાસ્તવ), ફોજદારી તપાસમાં વૈજ્ઞાનિક પરીક્ષણો (સેલ્વી), વિદેશમાં રાખવામાં આવેલા બેંક ખાતાઓની જાહેરાત (રામ જેઠમલાણી) અને ટ્રાન્સજેન્ડરોના અધિકારો (નાલસા) નો સમાવેશ થશે. પ્રારંભિક કેસો દેખરેખ જેવી સ્વતંત્રતા પરના આક્રમણોને અધિકૃત કરતા પોલીસ નિયમો સાથે સંબંધિત હતા. જેમ જેમ ભારતીય સમાજ વિકસિત થયો છે, તેમ તેમ વ્યક્તિગત નાગરિકની પસંદગીઓ અને સ્વાયત્તતાને પ્રતિબિંબિત કરતા વિવિધ સંદર્ભોમાં આ કોર્ટ દ્વારા ગોપનીયતાના અધિકારના દાવાની વિચારણા કરવામાં આવી છે.

૯૨. ખામી, જો કે, તે આધારની સૈદ્ધાંતિક રચનાના સંદર્ભમાં છે જેના પર એ નક્કી કરી શકાય કે ગોપનીયતાનો અધિકાર બંધારણીય રીતે સંરક્ષિત છે કે કેમ. એમ. પી. શર્મા એ આ પ્રશ્નનો જવાબ આપવાની જરૂર ન હતી; ખરક સિંહે

કંઈક અંશે અસંગત રચનામાં તેની સાથે કામ પાર પાડ્યું હતું જ્યારે ગોબિંદ ધારણા પર ટકેલો હતો. એમ. પી. શર્મા આઠ ન્યાયાધીશોનો નિર્ણય હોવાથી, પ્રથમ દ્રષ્ટાંતે આવા અધિકારના અસ્તિત્વ સામે યુનિયન ઓફ ઈન્ડિયાના વાંધા પર નિર્ણય લેવા માટે આ બેંચને બોલાવવામાં આવી છે.

આઇ ભારતીય બંધારણ

આમુખ

૯૩. બંધારણનું આમુખ માની લે છે કે ભારતના લોકોએ ભારતને એક પ્રજાસત્તાક તરીકે રચવાનો ગંભીર સંકલ્પ કર્યો છે જે (અન્ય બાબતોની સાથે) સાર્વભૌમ અને લોકશાહી છે અને તેના તમામ નાગરિકોને સુરક્ષિત કરવા માટે:

"સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય;

વિચાર, અભિવ્યક્તિ, માન્યતા, શ્રદ્ધા અને ઉપાસનાની સ્વતંત્રતા;

દરજ્જા અને તકની સમાનતા; અને તે સર્વમાં

વ્યક્તિના ગૌરવ અને રાષ્ટ્રની એકતાની ખાતરી આપતી બંધુતા પ્રવર્તાવવાનો;..."

૯૪. સજ્જન સિંહ વિરુદ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન[154] માં, ન્યાયમૂર્તિ મુધોલકરે એ હકીકતનો ઉલ્લેખ કર્યો હતો કે આપણા બંધારણનું આમુખ કાયદાકીય

[154] (૧૯૬૫) ૧ એસસીઆર ૯૩૩

ઘડતરના આમુખની જેમ "સામાન્ય પ્રવાહનું નથી" પરંતુ બંને "ઊંડા વિચાર-વિમર્શની છાપ" અને ચોકસાઈ દ્વારા ચિહ્નિત થયેલું હતું. કોર્ટના શબ્દોમાં, આ બંધારણના ઘડવૈયાઓ દ્વારા આમુખ સાથે જોડાયેલા વિશેષ મહત્વનું સૂચક હતું.

૯૫. કેશવાનંદ ભારતી વિરુદ્ધ સ્ટેટ ઓફ કેરળ[155] ("કેશવાનંદ ભારતી") માં, મુખ્ય ન્યાયમૂર્તિ સીકરીએ નોંધ્યું કે આમુખ બંધારણનો એક ભાગ છે. આમુખ તમામ નાગરિકોને ન્યાય, સ્વતંત્રતા, સમાનતા અને બંધુતા સુરક્ષિત કરવાની જરૂરિયાત પર ભાર મૂકે છે. સાથે મળીને તેઓ બંધારણીય દસ્તાવેજમાં કાયમી ધોરણે મૂર્તિમંત મૂલ્યોની સ્થાપક શ્રદ્ધા અથવા બ્લુપ્રિન્ટની રચના કરે છે. આમુખ વિચાર, અભિવ્યક્તિ, માન્યતા, શ્રદ્ધા અને ઉપાસનાની સ્વતંત્રતા સુરક્ષિત કરવાની વાત કરે છે. વ્યક્તિના ગૌરવની ખાતરી આપવા માટે બંધુતાને પ્રોત્સાહન આપવાનું છે. વ્યક્તિ બંધારણીય ધ્યાનના કેન્દ્રમાં રહેલો છે અને ન્યાય, સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાના આદર્શો વ્યક્તિને ગૌરવપૂર્ણ અસ્તિત્વ સુરક્ષિત કરવાના વિઝનને જીવંત બનાવે છે. આમુખ એવી સામાજિક વ્યવસ્થાની કલ્પના કરે છે જેમાં મૂળભૂત બંધારણીય મૂલ્યોને સુખની શોધ માટે અનિવાર્ય માનવામાં આવે છે. આવા મૂળભૂત મૂલ્યો વિશ્વના અન્ય ભાગોમાં સર્વાધિકારી શાસનના પાયાના દસ્તાવેજમાં પણ પ્રતિબિંબિત થયા છે. ભારતને જે અલગ પાડે છે તે કાયદાના શાસન પર આધારિત લોકશાહી જીવનશૈલીનો સ્વીકાર છે. લોકશાહી ધારણાના તફાવતોને સ્વીકારે છે, જીવન જીવવાની રીતોમાં ભિન્નતાઓને સ્વીકારે છે અને મતભેદનો આદર કરે છે.

[155] (૧૯૭૩) ૪ એસસીસી ૨૨૫

૯૬. છેલ્લા ચાર દાયકા દરમિયાન, આપણા બંધારણીય ન્યાયશાસ્ત્રએ ગૌરવ સાથે જીવન અને સ્વતંત્રતાના રક્ષણ વચ્ચેના અવિભાજ્ય સંબંધને માન્ય રાખ્યો છે. બંધારણીય મૂલ્ય તરીકે ગૌરવ આમુખમાં અભિવ્યક્તિ શોધે છે. બંધારણીય વિઝન ન્યાય (સામાજિક, આર્થિક અને રાજકીય); સ્વતંત્રતા (વિચાર, અભિવ્યક્તિ, માન્યતા, શ્રદ્ધા અને ઉપાસનાની); સમાનતા (વ્યક્તિઓ સાથે મનસ્વી વર્તન સામેની બાંયધરી તરીકે) અને બંધુતા (જે દરેક વ્યક્તિને ગૌરવપૂર્ણ જીવનની ખાતરી આપે છે) ની પ્રાપ્તિ શોધે છે. માનવીય અને કરુણામય સમાજની સુવિધા માટે આ બંધારણીય ઉપદેશો એકતામાં અસ્તિત્વ ધરાવે છે. વ્યક્તિ બંધારણનું કેન્દ્રબિંદુ છે કારણ કે વ્યક્તિગત અધિકારોની અનુભૂતિમાં જ સમુદાયની સામૂહિક સુખાકારી નક્કી થાય છે. માનવ ગૌરવ બંધારણનો અભિન્ન ભાગ છે. ગૌરવના પ્રતિબિંબો મનસ્વીતા સામેની બાંયધરી (અનુચ્છેદ ૧૪), સ્વતંત્રતાના દીવાઓ (અનુચ્છેદ ૧૯) અને જીવન તથા વ્યક્તિગત સ્વતંત્રતાના અધિકાર (અનુચ્છેદ ૨૧) માં જોવા મળે છે.

૯૭. પ્રેમ શંકર શુક્લા વિરુદ્ધ દિલ્હી એડમિનિસ્ટ્રેશન[156] માં, જે કેદીઓને હાથકડી પહેરાવવામાંથી ઉદ્ભવ્યો હતો, આ કોર્ટની ત્રણ ન્યાયમૂર્તિઓની બેંચ વતી બોલતા ન્યાયમૂર્તિ કૃષ્ણા ઐયરે ઠેરવ્યું:

[156] (૧૯૮૦) ૩ એસસીસી ૫૨૬

"... માનવ ગૌરવની બાંયધરી, જે આપણી બંધારણીય સંસ્કૃતિનો ભાગ બનાવે છે, અને અનુચ્છેદ ૧૪, ૧૯ અને ૨૧ ની હકારાત્મક જોગવાઈઓ ત્યારે સક્રિય બને છે જ્યારે આપણે સમજીએ છીએ કે માણસને હાથકડી પહેરાવવી તે તેને માત્ર અપમાનિત કરવા કરતાં કંઈક વિશેષ છે; તે તેને અમાનવીય બનાવવું છે અને તેથી, તેની વાસ્તવિક વ્યક્તિમત્તાનું ઉલ્લંઘન કરવું છે, જે ઘણીવાર 'ખતરનાકતા' અને સુરક્ષાના માસ્કનો ઉપયોગ કરીને કરવામાં આવે છે...[157]

આમુખ સ્થાપક દસ્તાવેજનો માનવીય સૂર અને મિજાજ નક્કી કરે છે અને ન્યાય, સમાનતા અને વ્યક્તિના ગૌરવને પ્રકાશિત કરે છે.[158]"

૯૮. ફ્રાન્સિસ કોરાલી મુલિન વિરુદ્ધ યુનિયન ટેરિટરી ઓફ દિલ્હી[159] ("ફ્રાન્સિસ કોરાલી") માં બે ન્યાયમૂર્તિઓની બેંચે કન્ઝર્વેશન ઓફ ફોરેન એક્સચેન્જ એન્ડ પ્રિવેન્શન ઓફ સ્મગલિંગ એક્ટિવિટીઝ (કોફેપોસા) એક્ટ, ૧૯૭૪ હેઠળ અટકાયતીના વકીલ અને તેના પરિવારના સભ્યો સાથે મુલાકાત કરવાના અધિકારનું અર્થઘટન કરતી વખતે ઠેરવેલ કે:

"જીવનનો મૂળભૂત અધિકાર જે સૌથી કિંમતી માનવ અધિકાર છે અને જે અન્ય તમામ અધિકારોનો વહાણ (આર્ક) બનાવે છે તેનું વ્યાપક અને વિસ્તૃત ભાવનાથી અર્થઘટન થવું જોઈએ જેથી તેને એવું મહત્વ અને ચેતના પ્રદાન કરી

---

[157] તદેવ, પૃષ્ઠ ૫૨૯-૫૩૦ પર (પેરા ૧)

[158] તદેવ, પૃષ્ઠ ૫૩૭ પર (પેરા ૨૧)

[159] (૧૯૮૧) ૧ એસસીસી ૬૦૮

શકાય જે આવનારા વર્ષો સુધી ટકી રહે અને વ્યક્તિના ગૌરવ તથા માનવ વ્યક્તિના મૂલ્યમાં વધારો કરે...[160]

... અનુચ્છેદ ૨૧ માં સમાવિષ્ટ જીવનનો અધિકાર માત્ર પ્રાણી સમાન અસ્તિત્વ પૂરતો સીમિત રાખી શકાતો નથી. તેનો અર્થ માત્ર ભૌતિક અસ્તિત્વ કરતાં ઘણો વધારે થાય છે.[161]

... અમારો અભિપ્રાય છે કે જીવનના અધિકારમાં માનવ ગૌરવ સાથે જીવવાનો અધિકાર અને તેની સાથે સંકળાયેલી તમામ બાબતોનો સમાવેશ થાય છે, જેમ કે જીવનની ન્યૂનતમ જરૂરિયાતો જેવી કે પૂરતું પોષણ, કપડાં અને આશ્રય તથા વિવિધ સ્વરૂપોમાં વાંચન, લેખન અને પોતાની જાતને વ્યક્ત કરવાની અને સાથી મનુષ્યો સાથે મુક્તપણે હલનચલન કરવાની અને ભળવાની તથા હળવા-મળવાની સુવિધાઓ... દરેક કાર્ય જે માનવ ગૌરવને ઠેસ પહોંચાડે છે અથવા તેને નબળું પાડે છે તે જીવવાના આ અધિકારથી વંચિત કરવા સમાન બનશે અને તે કાયદા દ્વારા સ્થાપિત વાજબી, યોગ્ય અને ન્યાયી પ્રક્રિયા અનુસાર હોવું જોઈએ જે અન્ય મૂળભૂત અધિકારોની કસોટીમાં પાર ઊતરે...[162]"

---

[160] તદેવ, પૃષ્ઠ ૬૧૮ પર (પેરા ૬)
[161] તદેવ, પૃષ્ઠ ૬૧૮ પર (પેરા ૭)
[162] તદેવ, પૃષ્ઠ ૬૧૮-૬૧૯ પર (પેરા ૮)

૯૯. બંધુઆ મુક્તિ મોરચા વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા[163] માં, આ કોર્ટની ત્રણ ન્યાયમૂર્તિઓની બેંચે બંધુઆ મજૂરીમાં જીવતી વ્યક્તિઓ સાથે કામ પાર પાડતી વખતે અવલોકન કર્યું કે:

"... અનુચ્છેદ ૨૧ માં સમાવિષ્ટ માનવ ગૌરવ સાથે જીવવાનો આ અધિકાર રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાંથી અને ખાસ કરીને અનુચ્છેદ ૩૯ ના ખંડ (ઇ) અને (એફ) તથા અનુચ્છેદ ૪૧ અને ૪૨ માંથી તેનો જીવન શ્વાસ મેળવે છે અને ઓછામાં ઓછું, તેથી, તેમાં કામદારો, પુરુષો અને સ્ત્રીઓના આરોગ્ય અને શક્તિનું રક્ષણ, અને બાળકોની નાની ઉંમરનું દુરુપયોગ સામે રક્ષણ, બાળકો માટે સ્વસ્થ રીતે અને સ્વતંત્રતા તથા ગૌરવની પરિસ્થિતિઓમાં વિકાસ કરવાની તકો અને સુવિધાઓ; શૈક્ષણિક સુવિધાઓ, ન્યાયી અને માનવીય કાર્યસ્થળની પરિસ્થિતિઓ અને પ્રસૂતિ રાહતનો સમાવેશ થવો જોઈએ. આ તે ન્યૂનતમ જરૂરિયાતો છે જે વ્યક્તિને માનવ ગૌરવ સાથે જીવવા માટે સક્ષમ બનાવવા માટે અસ્તિત્વમાં હોવી જોઈએ, અને કોઈપણ રાજ્ય - ન તો કેન્દ્ર સરકાર - પાસે કોઈપણ એવા પગલાં લેવાનો અધિકાર નથી જે વ્યક્તિને આ મૂળભૂત આવશ્યકતાઓના આનંદથી વંચિત કરશે."[164]

૧૦૦. એક સંગઠનના કાર્યકરોની ધરપકડ કરવામાં આવી હતી અને પોલીસ દ્વારા સમગ્ર નગરમાં તેમનું સરઘસ કાઢવામાં આવ્યું હતું તથા પોલીસ

[163] (૧૯૮૪) ૩ એસસીસી ૧૬૧

[164] તદેવ, પૃષ્ઠ ૧૮૩ પર (પેરા ૧૦)

કસ્ટડીમાં તેમને માર મારવામાં આવ્યો હતો તેવા આક્ષેપ સાથે કામ પાર પાડતાં, આ કોર્ટે ખેડૂત મજદૂર ચેતના સંગઠન વિરુદ્ધ સ્ટેટ ઓફ એમ.પી.[165] માં ઠેરવેલ કે:

"તેથી, ન્યાય, માનવ ગૌરવ અને લોકશાહીના હિતમાં તે અત્યંત આવશ્યક છે કે આ કોર્ટે દખલ કરવી જ જોઈએ; સાચા તથ્યો નક્કી કરવા માટે તપાસનો આદેશ આપવો જોઈએ અને આ અત્યાચારો માટે જવાબદાર સામાવાળાઓ સામે શક્ય તેટલા કડક પગલાં લેવા જોઈએ...[166]

જો ગૌરવ કે સન્માન અદૃશ્ય થઈ જાય તો જીવનમાં શું બાકી રહે છે.[167]"

૧૦૧. એમ. નાગરાજ વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા[168] માં આ કોર્ટની બંધારણીય બેંચ દ્વારા માનવ ગૌરવને માનવ અસ્તિત્વ માટે સહજ અને અવિભાજ્ય ગણવામાં આવ્યું હતું. કોર્ટે ઠેરવેલ કે ગૌરવ એવી વસ્તુ નથી જે પ્રદાન કરવામાં આવે અને જેને છીનવી શકાય, કારણ કે તે અવિભાજ્ય છે:

"વ્યક્તિના અધિકારો, સ્વતંત્રતાઓ અને મુક્તિઓ માત્ર રાજ્ય સામે રક્ષણ મેળવવા માટે જ નથી, પરંતુ રાજ્ય દ્વારા તેને સુવિધાજનક બનાવવી જોઈએ... માત્ર માનવ ગૌરવનું રક્ષણ કરવું એટલું જ નહીં પરંતુ તે દિશામાં હકારાત્મક પગલાં ભરીને તેને સુવિધાજનક બનાવવાની રાજ્યની ફરજ છે. માનવ ગૌરવની કોઈ ચોક્કસ વ્યાખ્યા અસ્તિત્વમાં નથી. તે દરેક માનવીના સહજ મૂલ્યનો સંદર્ભ

---

[165] (૧૯૯૪) ૬ એસસીસી ૨૬૦

[166] તદેવ, પૃષ્ઠ ૨૬૨-૨૬૩ પર (પેરા ૧૦)

[167] તદેવ, પૃષ્ઠ ૨૭૧ પર (પેરા ૩૭)

[168] (૨૦૦૬) ૮ એસસીસી ૨૧૨

આપે છે, જેનો આદર થવો જોઈએ. તે છીનવી શકાતું નથી. તે આપી શકાતું નથી. તે સરળ રીતે અસ્તિત્વ ધરાવે છે. દરેક માનવી તેના અસ્તિત્વના ગુણથી ગૌરવ ધરાવે છે...[169]

ભારત તેના તમામ નાગરિકોને... વ્યક્તિના ગૌરવ અને રાષ્ટ્રની એકતાની ખાતરી આપતી બંધુતા સુરક્ષિત કરવા માટે એક સાર્વભૌમ, લોકશાહી પ્રજાસત્તાક તરીકે રચાયેલું છે. સાર્વભૌમ, લોકશાહી પ્રજાસત્તાક બંધુતા અને વ્યક્તિગત નાગરિકના ગૌરવને પ્રોત્સાહન આપવા અને નાગરિકોને અમુક અધિકારો સુરક્ષિત કરવા માટે અસ્તિત્વ ધરાવે છે. આ એ કારણસર છે કે રાજ્યના ઉદ્દેશ્યો માત્ર વ્યક્તિઓ દ્વારા અને તેમની મારફતે જ સાકાર થઈ શકે છે. તેથી, નાગરિકો અને બિન-નાગરિકોને આપવામાં આવેલા અધિકારો માત્ર વ્યક્તિગત કે અંગત અધિકારો નથી. તેમની પાસે વિશાળ સામાજિક અને રાજકીય વિષયવસ્તુ છે, કારણ કે બંધારણના ઉદ્દેશ્યો અન્યથા સાકાર થઈ શકતા નથી.[170]"

(ભારપૂર્વક ઉમેરેલ)

૧૦૨. મહારાષ્ટ્ર યુનિવર્સિટી ઓફ હેલ્થ સાયન્સિસ વિરુદ્ધ સત્યિકિત્સા પ્રસારક મંડળ[171] માં, આ કોર્ટે ઠેરવ્યું હતું કે વ્યક્તિનું ગૌરવ એ મૂળ બંધારણીય વિભાવના છે. સેલ્વી માં, આ કોર્ટે માન્ય રાખ્યું હતું કે:

---

[169] તદેવ, પૃષ્ઠ ૨૪૩-૨૪૪ પર (પેરા ૨૬)

[170] તદેવ, પૃષ્ઠ ૨૪૭-૨૪૮ પર (પેરા ૪૨)

[171] (૨૦૧૦) ૩ એસસીસી ૭૮૬

"... આપણે ઓળખવું જોઈએ કે વ્યક્તિની માનસિક પ્રક્રિયાઓમાં બળજબરીપૂર્વકની ઘૂસણખોરી પણ માનવ ગૌરવ અને સ્વતંત્રતાનું અપમાન છે, જે ઘણીવાર ગંભીર અને લાંબા ગાળાના પરિણામો લાવે છે..."[172]

૧૦૩. ડૉ. મહેમૂદ નય્યર આઝમ વિરુદ્ધ સ્ટેટ ઓફ છત્તીસગઢ[173] માં, આ કોર્ટે નોંધ્યું હતું કે જ્યારે ગૌરવ ખોવાઈ જાય છે, ત્યારે જીવન વિસ્મૃતિમાં સરી પડે છે. ગૌરવ પરનો આ જ ભાર નાલસા ના નિર્ણયમાં અભિવ્યક્તિ શોધે છે.

૧૦૪. આ જ સિદ્ધાંતનું તાજેતરમાં શબનમ વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા[174] માં નીચેની શરતોમાં પુનરાવર્તન કરવામાં આવ્યું હતું:

"માનવ ગૌરવના આ અધિકારમાં ઘણા ઘટકો છે. પ્રથમ અને અગ્રણી, માનવ ગૌરવ એ દરેક માનવીનું 'એક માનવી તરીકે' નું ગૌરવ છે. અન્ય એક ઘટક, જેને વર્તમાન કેસના સંદર્ભમાં પ્રકાશિત કરવાની જરૂર છે, તે એ છે કે જો વ્યક્તિનું જીવન, શારીરિક કે માનસિક કલ્યાણ જોખમાય તો માનવ ગૌરવનું ઉલ્લંઘન થાય છે. આ અર્થમાં ત્રાસ, અપમાન, ફરજિયાત મજૂરી વગેરે તમામ માનવ ગૌરવ પર અતિક્રમણ કરે છે. આ સંદર્ભમાં આરોપીના ઘણા અધિકારો માનવી તરીકેના તેના ગૌરવમાંથી ઉદ્ભવે છે."[175]

---

[172] તદેવ, પૃષ્ઠ ૩૭૬ પર (પેરા ૨૪૪)
[173] (૨૦૧૨) ૮ એસસીસી ૧
[174] (૨૦૧૫) ૬ એસસીસી ૭૦૨
[175] તદેવ, પૃષ્ઠ ૭૧૩ પર (પેરા ૧૪)

૧૦૫. જીજા ઘોષ વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા[176] ના તાજેતરના નિર્ણયમાં માનવ ગૌરવને આપવામાં આવેલા બંધારણીય રક્ષણનું અર્થઘટન કરવામાં આવ્યું હતું. કોર્ટે અવલોકન કર્યું:

"... માનવ ગૌરવ એ બંધારણીય મૂલ્ય અને બંધારણીય ધ્યેય છે. માનવ ગૌરવના બંધારણીય મૂલ્યના પરિમાણો શું છે? તે અહરોન બરાક[177] (ઈઝરાયેલની સુપ્રિમ કોર્ટના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિ) દ્વારા નીચે મુજબ સુંદર રીતે દર્શાવવામાં આવ્યું છે:

'માનવ ગૌરવનું બંધારણીય મૂલ્ય કેન્દ્રીય આદર્શમૂલક ભૂમિકા ભજવે છે. બંધારણીય મૂલ્ય તરીકે માનવ ગૌરવ એ પરિબળ છે જે માનવ અધિકારોને એક સમગ્રમાં જોડે છે. તે માનવ અધિકારોની આદર્શમૂલક એકતા સુનિશ્ચિત કરે છે. આ આદર્શમૂલક એકતા ત્રણ રીતે વ્યક્ત થાય છે: પ્રથમ, માનવ ગૌરવનું મૂલ્ય બંધારણમાં નિર્ધારિત બંધારણીય અધિકારો માટે આદર્શમૂલક આધાર તરીકે સેવા આપે છે; બીજું, તે માનવ ગૌરવના અધિકાર સહિતના બંધારણીય અધિકારોના દાયરાને નક્કી કરવા માટે અર્થઘટનાત્મક સિદ્ધાંત તરીકે સેવા આપે છે; ત્રીજું, માનવ ગૌરવનું મૂલ્ય બંધારણીય અધિકારને મર્યાદિત કરતા કાનૂનની પ્રમાણસરતા નક્કી કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.'[178]"

---

[176] (૨૦૧૬) ૭ એસસીસી ૭૬૧

[177] અહરોન બરાક, હ્યુમન ડિગ્નિટી - ધ કોન્સ્ટીટ્યુશનલ વેલ્યુ એન્ડ ધ કોન્સ્ટીટ્યુશનલ રાઇટ, કેમ્બ્રિજ યુનિવર્સિટી પ્રેસ (૨૦૧૫)

[178] ઉપર નોંધ ૧૭૬, પૃષ્ઠ ૭૯૨ પર (પેરા ૩૭)

૧૦૬. જીવન પોતાની રીતે કિંમતી છે. પરંતુ તે સ્વતંત્રતાઓના કારણે જીવન જીવવા યોગ્ય બને છે જે દરેક વ્યક્તિને જે રીતે જીવન જીવવું જોઈએ તે રીતે જીવવા માટે સક્ષમ બનાવે છે. જીવન કેવી રીતે જીવવું જોઈએ તેના શ્રેષ્ઠ નિર્ણયો વ્યક્તિને સોંપવામાં આવ્યા છે. તેઓ જે સામાજિક વાતાવરણમાં વ્યક્તિઓ અસ્તિત્વ ધરાવે છે તેના દ્વારા સતત ઘડાય છે. રાજ્યની ફરજ નિર્ણયો લેવાની ક્ષમતાનું - વ્યક્તિની સ્વાયત્તતાનું - રક્ષણ કરવાની છે અને તે નિર્ણયો નક્કી કરવાની નથી. અનુચ્છેદ ૨૧ ના અર્થમાં 'જીવન' ભૌતિક શરીરની અખંડિતતા પૂરતું સીમિત નથી. આ અધિકાર વ્યક્તિના અસ્તિત્વને તેના સંપૂર્ણ અર્થમાં સમાવે છે. જે જીવનની પરિપૂર્ણતાને સુવિધાજનક બનાવે છે તે પણ જીવનની બાંયધરીના રક્ષણ હેઠળ છે.

૧૦૭. જીવવું એટલે ગૌરવ સાથે જીવવું. બંધારણના મુસદ્દાકારોએ અન્ય સ્વતંત્રતાઓની સાથે સ્વતંત્રતા અને ગૌરવ પર ભાર મૂકીને જે સમાજમાં બંધારણીય મૂલ્યો પ્રાપ્ત થશે તેની પોતાની દ્રષ્ટિ વ્યાખ્યાયિત કરી હતી. ગૌરવ એટલું મૂળભૂત છે કે તે ભાગ ૩ દ્વારા વ્યક્તિને બાંયધરી આપવામાં આવેલા અધિકારોના મૂળમાં પ્રસરેલું છે. ગૌરવ એ હાર્દ છે જે મૂળભૂત અધિકારોને જોડે છે કારણ કે મૂળભૂત અધિકારો દરેક વ્યક્તિ માટે અસ્તિત્વનું ગૌરવ પ્રાપ્ત કરવા માંગે છે. તેના આનુષંગિક મૂલ્યો સાથેની ગોપનીયતા વ્યક્તિને ગૌરવની ખાતરી આપે છે અને માત્ર ત્યારે જ જ્યારે ગૌરવ સાથે જીવનનો આનંદ માણી શકાય ત્યારે જ સ્વતંત્રતા સાચા અર્થની હોઈ શકે છે. ગોપનીયતા ગૌરવની પરિપૂર્ણતા સુનિશ્ચિત

કરે છે અને તે એક મૂળભૂત મૂલ્ય છે જે જીવન અને સ્વતંત્રતાનું રક્ષણ પ્રાપ્ત કરવાનો હેતુ ધરાવે છે.

<u>મૂળભૂત અધિકારોના કેસો</u>

૧૦૮. ગોલકનાથ વિરુદ્ધ સ્ટેટ ઓફ પંજાબ[179] માં, પંજાબ સિક્યોરિટી ઓફ લેન્ડ ટેન્યોર્સ એક્ટ, ૧૯૫૩ અને મૈસૂર લેન્ડ રિફોર્મ્સ એક્ટ (સુધારેલ મુજબ) ને બંધારણની નવમી અનુસૂચિમાં સામેલ કરવા સામે પડકાર હતો.

મુખ્ય ન્યાયમૂર્તિ સુબ્બા રાવે કાયદાના શાસન અને બંધારણ દ્વારા રચાયેલ દરેક સત્તાતંત્ર તેના આધીન રહે અને તેની મર્યાદાઓમાં કાર્ય કરે તે સુનિશ્ચિત કરવાના તેના હેતુ પર વિચાર કર્યો હતો. સરકારી સત્તાને મર્યાદિત કરવાના હેતુઓ પૈકી એક કાયદાકીય બહુમતી સામે મૂળભૂત સ્વતંત્રતાઓનું રક્ષણ કરવાનો હતો. આ વિચાર મુખ્ય ન્યાયમૂર્તિ સુબ્બા રાવના ચુકાદામાંથી નીચેના અંશમાં પ્રતિબિંબિત થાય છે:

"... પરંતુ, આપણા દેશના ભૂતકાળના ઇતિહાસને ધ્યાનમાં રાખીને, તે લોકોના પ્રતિનિધિઓ પર આંખ મીંચીને વિશ્વાસ કરી શક્યું નહીં, કારણ કે અનિયંત્રિત અને અમર્યાદિત સત્તા સરમુખત્યારશાહી રાજ્ય તરફ દોરી શકે છે. તેથી, તે રાજ્યના અતિક્રમણ સામે કુદરતી અધિકારોનું રક્ષણ કરે છે અને રાજ્યની ઉચ્ચ ન્યાયતંત્રને સદર અધિકારોના રક્ષક તરીકે અને સામાજિક નિયંત્રણને આધીન અધિકારો વચ્ચે સંતુલન ચક્ર તરીકે સ્થાપિત કરે છે. ટૂંકમાં, સામાજિક

[179] (૧૯૬૭) ૨ એસસીઆર ૭૬૨

નિયંત્રણને આધીન મૂળભૂત અધિકારોને કાયદાના શાસનમાં સામેલ કરવામાં આવ્યા છે..."[180]

(ભારપૂર્વક ઉમેરેલ)

વિદ્વાન ન્યાયાધીશે મૂળભૂત અધિકારોની સ્થિતિ પર આ મુજબ ભાર મૂક્યો હતો:

"... તેઓ આપણા બંધારણ દ્વારા સચવાયેલા લોકોના અધિકારો છે. 'મૂળભૂત અધિકારો' એ પરંપરાગત રીતે 'કુદરતી અધિકારો' તરીકે ઓળખાતા અધિકારોનું આધુનિક નામ છે. જેમ કે એક લેખક કહે છે: 'તેઓ એવા નૈતિક અધિકારો છે જે દરેક માનવી પાસે દરેક જગ્યાએ હંમેશા હોવા જોઈએ કારણ કે અન્ય વસ્તુઓથી વિપરીત તે તર્કસંગત અને નૈતિક છે'. તેઓ માનવ વ્યક્તિત્વના વિકાસ માટે જરૂરી આદિ અધિકારો (પ્રાઇમોર્ડિયલ રાઇટ્સ) છે. તેઓ એવા અધિકારો છે જે માણસને પોતાની પસંદગી મુજબ પોતાના જીવનનો માર્ગ નક્કી કરવા સક્ષમ બનાવે છે..."[181]

(ભારપૂર્વક ઉમેરેલ)

મૂળભૂત અધિકારો, બીજા શબ્દોમાં કહીએ તો, એવા આદિ અધિકારો છે જેને પરંપરાગત રીતે કુદરતી અધિકારો તરીકે ગણવામાં આવે છે. તે સ્વરૂપમાં આ અધિકારો માનવ અસ્તિત્વથી અવિભાજ્ય છે. તેઓ બંધારણ દ્વારા સાચવવામાં

[180] તદેવ, પૃષ્ઠ ૭૮૮ પર

[181] તદેવ, પૃષ્ઠ ૭૮૯ પર

આવ્યા છે, આ બંધારણીય દસ્તાવેજ પહેલાં પણ તેમના અસ્તિત્વની માન્યતા છે.

૧૦૯. કેશવાનંદ ભારતી માં, ૧૩ ન્યાયાધીશોની બેંચે અનુચ્છેદ ૩૬૮ દ્વારા આપવામાં આવેલી સુધારા સત્તાની પ્રકૃતિની અને શું સુધારા સત્તાનો ઉપયોગ મૂળભૂત સ્વતંત્રતાઓને ઘટાડવામાં મર્યાદાઓને આધીન હતો કે કેમ તેની વિચારણા કરી હતી. મુખ્ય ન્યાયમૂર્તિ સીકરીએ ઠેરવેલ કે મૂળભૂત અધિકારો અવિભાજ્ય છે. તેમના મતે, અનુચ્છેદ ૫૧ ના આદેશને ધ્યાનમાં રાખીને બંધારણનું અર્થઘટન કરવા માટે માનવ અધિકારોની સાર્વત્રિક ઘોષણાનો ઉપયોગ કરવાનો હતો. ભારત સાર્વત્રિક ઘોષણામાં જોડાયું હોવાથી, સીકરી, સીજે. એ ઠેરવેલ કે અધિકારોને અવિભાજ્ય તરીકે ગણવાની બાબતે કોર્ટના અર્થઘટનને માર્ગદર્શન આપવું જોઈએ. મુખ્ય ન્યાયમૂર્તિએ આ અધિકારોને કુદરતી અને અવિભાજ્ય ઠેરવતા પૂર્વચુકાદાઓની શ્રેણી પર આધાર રાખ્યો હતો અને અવલોકન કર્યું:

"૩૦૦. આ કોર્ટના વિવિધ નિર્ણયો મૂળભૂત અધિકારોને 'કુદરતી અધિકારો' અથવા 'માનવ અધિકારો' તરીકે વર્ણવે છે. આ નિર્ણયો પૈકી કેટલાક નીચે ઉદ્ધૃત કરવામાં આવ્યા છે:

'તેમાં કોઈ શંકા હોઈ શકે નહીં કે ભારતના લોકોએ આમુખમાં વ્યક્ત કર્યા મુજબ પોતાની સાર્વભૌમ ઇચ્છાના ઉપયોગમાં લોકશાહી આદર્શ અપનાવ્યો છે, જે નાગરિકને તેના વ્યક્તિત્વના સંપૂર્ણ વિકાસ અને અભિવ્યક્તિના સાધન

તરીકે વ્યક્તિના ગૌરવ અને અન્ય વહાલા માનવ મૂલ્યોની ખાતરી આપે છે, અને બંધારણમાં ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્રને તેમની સંબંધિત સત્તાઓ સોંપતી વખતે, પોતાની પાસે કહેવાતા અમુક મૂળભૂત અધિકારો અનામત રાખ્યા છે, હું માનું છું કારણ કે તેઓ લોકો દ્વારા જાળવી રાખવામાં આવ્યા છે અને અમેરિકન મોડેલની જેમ સોંપેલી સત્તાઓ કરતાં સર્વોચ્ચ બનાવવામાં આવ્યા છે.' (પતંજલિ શાસ્ત્રી, જે., ગોપાલન વિરુદ્ધ સ્ટેટ ઓફ મદ્રાસ [એઆઈઆર ૧૯૫૦ એસસી ૨૭ : ૧૯૫૦ એસસીઆર ૮૮, ૧૯૮-૧૯૯ : ૧૯૫૦ એસસીજે ૧૭૪] માં) (ભારપૂર્વક ઉમેરેલ).

(૨) 'તે અનુચ્છેદ (અનુચ્છેદ ૧૯) 'સ્વતંત્રતાનો અધિકાર' શીર્ષક હેઠળ અમુક સ્વતંત્રતાઓની ગણતરી કરે છે અને તે મહાન અને મૂળભૂત અધિકારો સાથે કામ પાર પાડે છે જે મુક્ત દેશના નાગરિકના દરજ્જામાં સહજ કુદરતી અધિકારો તરીકે માન્ય અને બાંયધરીકૃત છે.' (પતંજલિ શાસ્ત્રી, સીજે., સ્ટેટ ઓફ વેસ્ટ બંગાળ વિરુદ્ધ સુબોધ ગોપાલ બોઝ [એઆઈઆર ૧૯૫૪ એસસી ૯૨ : ૧૯૫૪ એસસીઆર ૫૮૭, ૫૯૬ : ૧૯૫૪ એસસીજે ૧૨૭] માં) (ભારપૂર્વક ઉમેરેલ).

'મને કોઈ શંકા નથી કે આપણા બંધારણના ઘડવૈયાઓએ તે જ તફાવત દર્શાવ્યો હતો અને નાગરિકના 'મિલકત સંપાદન કરવા, રાખવા અને નિકાલ કરવાના' કુદરતી અધિકાર અથવા ક્ષમતાને મુક્ત નાગરિકના દરજ્જામાં સહજ અન્ય કુદરતી અધિકારો અને સ્વતંત્રતાઓ સાથે વર્ગીકૃત કર્યો હતો અને તેને

અનુચ્છેદ ૧૯(૧) માં સમાવિષ્ટ કર્યો હતો...' (તદેવ, પૃષ્ઠ ૫૯૭) (ભારપૂર્વક ઉમેરેલ).

'આ તમામ કારણોસર, મારો અભિપ્રાય છે કે બંધારણની યોજના હેઠળ, મુક્ત માણસ તરીકે નાગરિકના દરજ્જામાં સહજ તે તમામ વ્યાપક અને મૂળભૂત સ્વતંત્રતાઓ અનુચ્છેદ ૧૯ ના ખંડ (૧) હેઠળ રાજ્ય દ્વારા આક્રમણથી સમાવિષ્ટ અને સંરક્ષિત છે...' (તદેવ, પૃષ્ઠ ૬૦૦) (ભારપૂર્વક ઉમેરેલ).

(૩) 'લોકો, જો કે, અમુક અધિકારોને સર્વોચ્ચ માને છે, કારણ કે તેઓ ખાનગી જીવન, સામાજિક વ્યવહાર અને દેશની સરકાર તથા અન્ય ક્ષેત્રોમાં ભાગીદારીની બાબતોમાં વ્યક્તિને કાર્ય કરવાની સ્વતંત્રતા આપે છે. જે લોકોએ સરકારના ત્રણ અંગોને તેમની સત્તા અને અધિકાર આપ્યા હતા, તેઓએ તે જ સમયે નાગરિકોના અને કેટલીકવાર બિન-નાગરિકોના પણ આ અધિકારો પાછા રાખ્યા હતા, અને અમુક શરતો સિવાય તેમને અનુલ્લંઘનીય બનાવ્યા હતા. આ રીતે પાછા રાખેલા અધિકારો બંધારણના ભાગ ૩ માં મૂકવામાં આવ્યા છે, જેનું શીર્ષક 'મૂળભૂત અધિકારો' છે, અને જે શરતો હેઠળ આ અધિકારો ઘટાડી શકાય છે તે પણ તે ભાગમાં દર્શાવવામાં આવી છે.' (હિદાયતુલ્લાહ, જે., ઉજ્જમબાઈ વિરુદ્ધ સ્ટેટ ઓફ યુ.પી. [(૧૯૬૩) ૧ એસસીઆર ૭૭૮, ૯૨૬-૨૭ : એઆઈઆર ૧૯૬૨ એસસી ૧૬૨૧] માં) (ભારપૂર્વક ઉમેરેલ).

૩૦૧. અલ્હાબાદ હાઈકોર્ટે તેમનું નીચે મુજબ વર્ણન કર્યું છે:

'(૪) ... માણસ પાસે અમુક કુદરતી અથવા અવિભાજ્ય અધિકારો છે અને રાજ્યનું કાર્ય, માનવ સ્વતંત્રતા જળવાઈ રહે અને માનવ વ્યક્તિત્વનો વિકાસ થાય તે માટે, તે અધિકારોને માન્યતા આપવી અને મુક્ત તક આપવાનું છે... એટલું કહેવું પૂરતું છે કે તેઓ આપણા યુગના લોકશાહી વિચારમાં એક વલણનું પ્રતિનિધિત્વ કરે છે.' (મોતીલાલ વિરુદ્ધ સ્ટેટ ઓફ યુ.પી.) (ભારપૂર્વક ઉમેરેલ)."[182]

આ એવો સૈદ્ધાંતિક આધાર હતો જેના આધારે ઠેરવવામાં આવ્યું હતું કે મૂળભૂત અધિકારોને "સુધારીને અસ્તિત્વહીન બનાવી શકાય નહીં". બંધારણની મૂળભૂત રચનાનો ભાગ બનાવતા તે તમામ લક્ષણોની વિગતવાર માહિતી આપતાં, સીકરી, સીજે. એ ઠેરવ્યું:

"વિદ્વાન એટર્ની-જનરલે કહ્યું કે બંધારણની દરેક જોગવાઈ આવશ્યક છે; અન્યથા તેને બંધારણમાં મૂકવામાં આવી ન હોત. આ સાચું છે. પરંતુ આ બંધારણની દરેક જોગવાઈને સમાન સ્થિતિમાં મૂકતું નથી. સાચી સ્થિતિ એ છે કે બંધારણની દરેક જોગવાઈમાં સુધારો કરી શકાય છે જો પરિણામે બંધારણનો મૂળ પાયો અને માળખું સમાન રહે. મૂળભૂત માળખું નીચેના લક્ષણોનું બનેલું હોવાનું કહી શકાય:

(૧) બંધારણની સર્વોચ્ચતા;

(૨) સરકારનું પ્રજાસત્તાક અને લોકશાહી સ્વરૂપ;

[182] ઉપર નોંધ ૧૫૫, પૃષ્ઠ ૩૬૭-૩૬૮ પર (પેરા ૩૦૦)

(૩) બંધારણનું બિનસાંપ્રદાયિક સ્વરૂપ;

(૪) ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્ર વચ્ચે સત્તાનું વિભાજન;

(૫) બંધારણનું સંઘીય સ્વરૂપ."[183]

ન્યાયમૂર્તિ શેલત અને ગ્રોવરે ઠેરવેલ કે "ભાગ ૩ માં વિવિધ સ્વતંત્રતાઓ અને મૂળભૂત અધિકારો દ્વારા સુરક્ષિત વ્યક્તિનું ગૌરવ અને ભાગ ૪ માં સમાવિષ્ટ કલ્યાણકારી રાજ્ય બનાવવાનો આદેશ"[184] એ મૂળભૂત માળખાનો ભાગ બનાવે છે.

ન્યાયમૂર્તિ હેગડે અને મુખર્જીએ ભારપૂર્વક જણાવ્યું કે બંધારણ સભા સમક્ષ પ્રાથમિક ઉદ્દેશ્યો હતા: (૧) ભારતને સાર્વભૌમ, લોકશાહી પ્રજાસત્તાક તરીકે રચવું અને (૨) તેના નાગરિકોને તેમાં ઉલ્લેખિત અધિકારો સુરક્ષિત કરવા. તેથી, વિદ્વાન ન્યાયાધીશો માટે એ સ્વીકારવું અશક્ય લાગ્યું કે બંધારણના ઘડવૈયાઓએ બંધારણમાં જ તે આદર્શોના વિનાશ માટે જોગવાઈ કરી હશે જે તેઓએ મૂળભૂત અધિકારોમાં મૂર્તિમંત કર્યા હતા. તેથી, સંસદ પાસે બંધારણના મૂળભૂત લક્ષણોને રદ કરવાની કોઈ સત્તા ન હતી જેમાં "નાગરિકોને સુરક્ષિત વ્યક્તિગત સ્વતંત્રતાઓના આવશ્યક લક્ષણો" નો સમાવેશ થાય છે.

"કેસના વિવિધ પાસાંઓની કાળજીપૂર્વક વિચારણા કર્યા પછી, અમને ખાતરી થઈ છે કે સંસદ પાસે બંધારણના મૂળ તત્વો અથવા મૂળભૂત લક્ષણો

[183] તદેવ, પૃષ્ઠ ૩૬૬ પર (પેરા ૨૯૨)
[184] તદેવ, પૃષ્ઠ ૪૫૪ પર (પેરા ૫૮૨)

જેવા કે ભારતની સાર્વભૌમત્વ, આપણી રાજ્યવ્યવસ્થાનું લોકશાહી સ્વરૂપ, દેશની એકતા, નાગરિકોને સુરક્ષિત વ્યક્તિગત સ્વતંત્રતાઓના આવશ્યક લક્ષણોને રદ કરવાની કે નબળા પાડવાની કોઈ સત્તા નથી. ન તો સંસદ પાસે કલ્યાણકારી રાજ્ય અને સમાનતાવાદી સમાજ બનાવવાનો આદેશ રદ કરવાની સત્તા છે. આ મર્યાદાઓ માત્ર દ્રષ્ટાંતરૂપ છે અને સંપૂર્ણ નથી. આ મર્યાદાઓ હોવા છતાં, જો કે, એમાં કોઈ પ્રશ્ન હોઈ શકે નહીં કે સુધારા સત્તા એક વ્યાપક સત્તા છે અને તે બંધારણના દરેક અનુચ્છેદ અને દરેક ભાગ સુધી પહોંચે છે. રાજ્ય પર લાદવામાં આવેલી જવાબદારી પૂર્ણ કરવા માટે બંધારણને ફરીથી આકાર આપવા માટે તે સત્તાનો ઉપયોગ કરી શકાય છે. સામાજિક ભલાઈ માટે તેને અસરકારક સાધન બનાવવા માટે, અગાઉ જણાવેલ મર્યાદાઓની અંદર બંધારણને ફરીથી આકાર આપવા માટે પણ તેનો ઉપયોગ કરી શકાય છે. અમે એ દલીલ સાથે સંમત થવામાં અસમર્થ છીએ કે કલ્યાણકારી રાજ્ય બનાવવા માટે, કેટલીક માનવ સ્વતંત્રતાઓનો નાશ કરવો જરૂરી છે. તે, કોઈપણ સંજોગોમાં આપણા બંધારણનો દૃષ્ટિકોણ નથી. આપણું બંધારણ એવી કલ્પના કરે છે કે રાજ્યએ કોઈપણ વિલંબ વિના આ દેશના તમામ નાગરિકોને લોકશાહી રીતે તે સ્વતંત્રતાઓના વાસ્તવિક લાભો ઉપલબ્ધ કરાવવા જોઈએ. માનવ સ્વતંત્રતાઓ ધીમે ધીમે અને અગોચર રીતે ખોવાઈ જાય છે અને તેમના વિનાશ પછી સામાન્ય રીતે સરમુખત્યારશાહી શાસન આવે છે. ઇતિહાસે આપણને તે જ શીખવ્યું છે. સ્વતંત્રતા અને સત્તા વચ્ચેનો સંઘર્ષ શાશ્વત છે. આપણા બંધારણમાં સમાવિષ્ટ લોકશાહી મૂલ્યોનું રક્ષણ કરવા માટે આપણે અન્ય દરેક લોકશાહી સમાજની જેમ

જાગૃતિ એ કિંમત ચૂકવવી પડે છે. શ્રેષ્ઠ સરકારો પણ પોતાની યોજનાઓ અને કાર્યક્રમો હાથ ધરવા માટે વધુને વધુ સત્તા મેળવવાની વિરુદ્ધ હોતી નથી જેને તેઓ નિષ્ઠાપૂર્વક જાહેર હિતમાં માની શકે છે. પરંતુ એકવાર ગુમાવેલી સ્વતંત્રતા ક્રાંતિ સિવાય ક્યારેય પાછી મળતી નથી. સ્વતંત્રતા પરનું દરેક અતિક્રમણ આગળના અતિક્રમણો માટે એક પેટર્ન નક્કી કરે છે. આપણી બંધારણીય યોજના વ્યક્તિગત સ્વતંત્રતાઓના વિનાશ વિના ગરીબી નાબૂદ કરવાની છે."[185]

(ભારપૂર્વક ઉમેરેલ)

ન્યાયમૂર્તિ જગનમોહન રેડ્ડીએ ઠેરવેલ કે:

"... સંસદ અનુચ્છેદ ૩૬૮ હેઠળ તેની સુધારા સત્તાને એવી રીતે વિસ્તૃત કરી શકતી નથી કે જેથી તે પોતાની જાતને બંધારણને રદ કરવાની, નાબૂદ કરવાની અથવા મૂળભૂત અધિકારો પૈકી કોઈપણ અથવા બંધારણના મૂળભૂત માળખાના આવશ્યક તત્વોને નુકસાન પહોંચાડવાની, નબળા પાડવાની કે તેનો નાશ કરવાની અથવા બંધારણની ઓળખનો નાશ કરવાની સત્તા આપી શકે..."[186]

ન્યાયમૂર્તિ ખન્નાએ પોતાના તારણોના સારાંશ દરમિયાન, સુધારા સત્તાના સંદર્ભમાં ઠેરવેલ કે:

"અનુચ્છેદ ૩૬૮ હેઠળની સુધારા સત્તામાં બંધારણને રદ કરવાની સત્તાનો સમાવેશ થતો નથી કે તેમાં બંધારણના મૂળભૂત માળખા અથવા માળખાકીય

[185] તદેવ, પૃષ્ઠ ૪૮૬-૪૮૭ પર (પેરા ૬૬૬)
[186] તદેવ, પૃષ્ઠ ૬૬૬ પર (પેરા ૧૨૧૨)

પાયાને બદલવાની સત્તાનો સમાવેશ થતો નથી. બંધારણના મૂળભૂત માળખા અથવા માળખાકીય પાયાને જાળવી રાખવાને આધીન, સુધારા સત્તા સંપૂર્ણ છે અને તેની અંદર બંધારણના વિવિધ અનુચ્છેદોમાં સુધારો કરવાની સત્તાનો સમાવેશ થાય છે, જેમાં મૂળભૂત અધિકારો સંબંધિત તેમજ તે જે આવશ્યક લક્ષણો સાથે સંબંધિત કહી શકાય તેનો સમાવેશ થાય છે. મૂળભૂત અધિકારનો કોઈપણ ભાગ તે અધિકારના સાર અથવા હાર્દ તરીકે વર્ણવીને સુધારાત્મક પ્રક્રિયામાંથી મુક્તિનો દાવો કરી શકતો નથી. સુધારા સત્તામાં વિવિધ અનુચ્છેદો ઉમેરવાની, બદલવાની અથવા રદ કરવાની સત્તાનો પણ સમાવેશ થશે."[187]

નોંધપાત્ર રીતે, જોકે ન્યાયમૂર્તિ મેથ્યુ લઘુમતીમાં હતા, વિદ્વાન ન્યાયાધીશે પોતાના નિર્ણય દરમિયાન માનવ ગૌરવના મહત્વનું અવલોકન કર્યું હતું:

"માણસનો સામાજિક સ્વભાવ, તેના શારીરિક અને માનસિક બંધારણના સામાન્ય લક્ષણો, ન્યાયની તેની લાગણીઓ અને અંદરની નૈતિકતા, વ્યક્તિગત અને સામૂહિક સંરક્ષણ માટેની તેની વૃત્તિ, સુખ માટેની તેની ઇચ્છા, માનવ ગૌરવની તેની ભાવના, જીવનમાં માણસના સ્થાન અને હેતુ વિશેની તેની સભાનતા, આ બધું કલ્પનાના ઉત્પાદનો નથી પરંતુ અસ્તિત્વના ક્ષેત્રમાં વાસ્તવિક પરિબળો છે..."[188]

---

[187] તદેવ, પૃષ્ઠ ૮૨૪ પર (પેરા ૧૫૩૭)

[188] તદેવ, પૃષ્ઠ ૮૬૬ પર (પેરા ૧૬૭૯)

૧૧૦. ઇન્દિરા નેહરુ ગાંધી વિરુદ્ધ રાજ નારાયણ[189] માં, ન્યાયમૂર્તિ ખન્નાએ સ્પષ્ટતા કરી કે કેશવાનંદ ભારતી માં તેમનો અભિપ્રાય એવો છે કે બંધારણમાં સુધારો કરવાની પોતાની સત્તાના ઉપયોગમાં સંસદ બંધારણના મૂળભૂત માળખાનો નાશ કરી શકતી નથી અથવા તેને રદ કરી શકતી નથી. મૂળભૂત અધિકારોની જોગવાઈઓને લગતી સુધારા સત્તાના દાયરા અને મૂળભૂત અધિકારો સિવાયની બાબતોના સંદર્ભમાં કોઈ તફાવત કરવામાં આવ્યો ન હતો:

"... 'સુધારો' શબ્દમાં રહેલી આંતરિક મર્યાદા જે મુજબ બંધારણના સુધારા દ્વારા બંધારણના મૂળભૂત માળખાને બદલવાની પરવાનગી નથી તે મૂળભૂત અધિકારોને લગતા અનુચ્છેદો પર સમાન રીતે લાગુ પડવાની હતી જેમ કે તે અધિકારોને ન લગતા અન્ય અનુચ્છેદો પર..."[190]

ન્યાયમૂર્તિ ખન્નાએ નોંધ્યું કે મિલકતના અધિકારને તેમના દ્વારા મૂળભૂત માળખાનો ભાગ ન હોવાનું ઠેરવવામાં આવ્યું હતું. ન્યાયમૂર્તિ ખન્નાએ અવલોકન કર્યું કે જો મૂળભૂત અધિકારો પૈકી કોઈ પણ બંધારણના મૂળભૂત માળખાનો ભાગ ન હોત તો તેમના માટે આવું ઠેરવવું બિનજરૂરી બન્યું હોત.

૧૧૧. ચંદ્રચુડ, સીજે. એ મિનર્વા મિલ્સ લિમિટેડ વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા[191] માં બંધારણીય બેંચ માટેના પોતાના ચુકાદા દરમિયાન, સ્વતંત્રતા ચળવળ દરમિયાન અનુલ્લંઘનીય સ્વતંત્રતાઓમાં સ્થપાયેલા અવિભાજ્ય

[189] (૧૯૭૫) ૧ સપ્લી. એસસીસી ૧
[190] તદેવ, પૃષ્ઠ ૧૧૫ પર (પેરા ૨૫૧)
[191] (૧૯૮૦) ૩ એસસીસી ૬૨૫

અધિકારોના વિકાસના ઇતિહાસને શોધી કાઢ્યો હતો અને અવલોકન કર્યું હતું કે બંધારણના ભાગ ૩ અને ૪ બંને રાજ્યની નકારાત્મક અને હકારાત્મક જવાબદારીઓ વચ્ચેના તફાવત વિના, અવિભાજ્ય રીતે ગૂંથાયેલા તરીકે ઉભરી આવ્યા હતા.

આ દૃષ્ટિકોણમાં, બંધારણ "ભાગ ૩ અને ૪ વચ્ચેના સંતુલનના પાયાના પથ્થર" પર આધારિત છે અને એકને બીજા પર સંપૂર્ણ પ્રાધાન્ય આપવું તે બંધારણના સુમેળને ખલેલ પહોંચાડવા સમાન બનશે. મુખ્ય ન્યાયમૂર્તિના મતે:

"આપણા બંધારણની ઇમારત આમુખમાં સ્ફટિકીકૃત થયેલી વિભાવનાઓ પર બનેલી છે. અમે અમારી જાતને એક સમાજવાદી રાજ્ય તરીકે રચવાનો સંકલ્પ કર્યો હતો જે તેની સાથે અમારા લોકોને સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય સુરક્ષિત કરવાની જવાબદારી લાવ્યો હતો. તેથી, અમે અમારા બંધારણમાં રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો ધરાવતો ભાગ ૪ મૂક્યો જે પ્રાપ્ત કરવાના સમાજવાદી ધ્યેયને નિર્દિષ્ટ કરે છે. અમે અમારા લોકોને એક લોકશાહી રાજ્યવ્યવસ્થાનું વચન આપ્યું હતું જે તેની સાથે લોકોને વિચાર, અભિવ્યક્તિ, માન્યતા, શ્રદ્ધા અને ઉપાસનાની સ્વતંત્રતા; દરજ્જા અને તકની સમાનતા અને કોઈપણ ભોગે વ્યક્તિનું ગૌરવ જાળવી રાખવાની ખાતરી આપવાની જવાબદારી લાવે છે. તેથી, અમે અમારા બંધારણમાં લોકોને તે અધિકારો આપતો ભાગ ૩ મૂક્યો..."[192]

[192] તદેવ, પૃષ્ઠ ૬૫૪ પર (પેરા ૫૭)

અનુચ્છેદ ૧૪ અને ૧૯, કોર્ટે ઠેરવ્યું, લોકશાહીની યોગ્ય કામગીરી માટે આવશ્યક અધિકારો આપે છે અને માનવ અધિકારોની સાર્વત્રિક ઘોષણા દ્વારા સાર્વત્રિક રીતે તેવા ગણવામાં આવે છે. અનુચ્છેદ ૧૪ અને ૧૯ નું રક્ષણ પાછું ખેંચવું તે સંપૂર્ણપણે અસ્વીકાર્ય હતું અને બંધારણના ૪૨મા સુધારા દ્વારા કોઈ કાયદા સામેના પડકાર સામે આપવામાં આવેલી મુક્તિ કે તે અનુચ્છેદ ૧૪ અથવા ૧૯ નું ઉલ્લંઘન કરે છે (જો તે કાયદો માર્ગદર્શક સિદ્ધાંતોને અમલમાં મૂકવા માટે હોય) તે મૂળભૂત માળખાના ઉલ્લંઘન સમાન હતી.

<u>મૂળભૂત અધિકારોનો કોઈ ત્યાગ નહીં</u>

૧૧૨. બહેરામ ખુર્શેદ પેશીકાકા વિરુદ્ધ ધ સ્ટેટ ઓફ બોમ્બે[193] માં, મુખ્ય ન્યાયમૂર્તિ મહાજને બંધારણીય બેંચ વતી બોલતાં, આમુખમાં સમાવિષ્ટ બંધારણીય વિઝન અને તેની પરિપૂર્ણતાને સુવિધાજનક બનાવવાના સાધન તરીકે મૂળભૂત અધિકારોની સ્થિતિ વચ્ચેની કડીની નોંધ લીધી હતી. જોકે ભાગ ૩ મૂળભૂત અધિકારોને મૂર્તિમંત કરે છે, તેને સ્થાપક પિતાઓના ન્યાયના વિઝનને સુરક્ષિત કરવાના વ્યાપક ખ્યાલનો ભાગ ગણવામાં આવ્યો હતો અને સિદ્ધાંતની બાબત તરીકે, બાંયધરી આપવામાં આવેલા અધિકારોનો ત્યાગ કરી શકાય નહીં તેવું ઠેરવવામાં આવ્યું હતું. મહાજન, સીજે. એ અવલોકન કર્યું:

"અમે માનીએ છીએ કે મૂળભૂત અધિકારો તરીકે વર્ણવેલ અધિકારો આમુખમાં કરવામાં આવેલી તે ઘોષણાનું એક આવશ્યક પરિણામ છે કે ભારતના

[193] (૧૯૫૫) ૧ એસસીઆર ૬૧૩

લોકોએ ભારતને એક સાર્વભૌમ લોકશાહી પ્રજાસત્તાક તરીકે રચવાનો અને તેના તમામ નાગરિકોને સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય; વિચાર, અભિવ્યક્તિ, માન્યતા, શ્રદ્ધા અને ઉપાસનાની સ્વતંત્રતા; દરજ્જા અને તકની સમાનતા સુરક્ષિત કરવાનો ગંભીર સંકલ્પ કર્યો છે. આ મૂળભૂત અધિકારો બંધારણમાં માત્ર વ્યક્તિગત લાભ માટે મૂકવામાં આવ્યા નથી, જોકે આખરે તેઓ વ્યક્તિગત અધિકારોની વિચારણામાં અમલમાં આવે છે. તેઓ જાહેર નીતિની બાબત તરીકે ત્યાં મૂકવામાં આવ્યા છે અને બંધારણીય નીતિની બાબત તરીકે ઘડવામાં આવેલી કાયદાની જોગવાઈઓને ત્યાગના સિદ્ધાંત (ડોક્ટ્રિન ઓફ વેવર) લાગુ થઈ શકે નહીં."[194]

<u>સ્વતંત્રતા અને મુક્તિ માટે સહજ તરીકે ગોપનીયતા</u>

૧૧૩. એવી રજૂઆત કે ગોપનીયતાના અધિકારને માન્યતા આપવી એ એક એવી કવાયત છે જેમાં બંધારણીય સુધારાની જરૂર પડશે અને તે ન્યાયિક અર્થઘટનની બાબત હોઈ શકે નહીં તે સ્વીકાર્ય સૈદ્ધાંતિક સ્થિતિ નથી. આ દલીલ એવી ધારણા કરે છે કે ગોપનીયતાનો અધિકાર બંધારણના ભાગ ૩ દ્વારા બાંયધરી આપવામાં આવેલી સ્વતંત્રતાઓથી સ્વતંત્ર છે. ભૂલ ત્યાં રહેલી છે. ગોપનીયતાનો અધિકાર માનવ ગૌરવનું એક તત્વ છે. ગોપનીયતાની પવિત્રતા ગૌરવ સાથેના તેના કાર્યાત્મક સંબંધમાં રહેલી છે. અનિચ્છનીય ઘૂસણખોરીથી માનવ વ્યક્તિત્વના આંતરિક રહસ્યોને સુરક્ષિત કરીને ગોપનીયતા એ સુનિશ્ચિત

[194] તદેવ, પૃષ્ઠ ૬૫૩-૬૫૪ પર

કરે છે કે માનવી ગૌરવપૂર્ણ જીવન જીવી શકે. ગોપનીયતા વ્યક્તિની સ્વાયત્તતા અને દરેક વ્યક્તિના જીવનના માર્ગને અસર કરતી આવશ્યક પસંદગીઓ કરવાના અધિકારને માન્યતા આપે છે. તેમ કરીને ગોપનીયતા ઓળખે છે કે બંધારણના પાયાના પથ્થર સમાન સ્વતંત્રતાઓ અને મુક્તિઓને પરિપૂર્ણ કરવા માટે માનવી માટે ગૌરવપૂર્ણ જીવન જીવવું આવશ્યક છે. બંધારણીય અધિકાર અને હિત તરીકે ગોપનીયતાના મૂલ્યને ઓળખવું એ ન્યાયિક હુકમનામું દ્વારા સુધારાની પ્રક્રિયા દ્વારા નવો મૂળભૂત અધિકાર બનાવવો નથી. ન તો ન્યાયાધીશોને કે ન તો ન્યાયિક સમીક્ષાની પ્રક્રિયાને બંધારણમાં સુધારો કરવાની બંધારણીય જવાબદારી સોંપવામાં આવી છે. પરંતુ ન્યાયિક સમીક્ષા સમક્ષ ચોક્કસપણે એ કાર્ય છે કે જે બંધારણીય બાંયધરીઓ સંરક્ષિત છે તેના માળખા હેઠળ દરેક વ્યક્તિ માટે ઉપલબ્ધ સ્વતંત્રતાઓની પ્રકૃતિ અને હદ નક્કી કરવી. અદાલતોએ પરંપરાગત રીતે તે કાર્ય નિભાવ્યું છે અને ખુદ અનુચ્છેદ ૨૧ ના સંદર્ભમાં, જેમ કે આપણે પહેલેથી જ નોંધ્યું છે, ગૌરવપૂર્ણ અસ્તિત્વના વિવિધ પાસાંઓનું સંચાલન કરતા રક્ષણોનો સંગ્રહ અનુચ્છેદ ૨૧ ના રક્ષણ હેઠળ આવતો હોવાનું ઠેરવવામાં આવ્યું છે.

૧૧૪. ઓલ્ગા ટેલિસ વિરુદ્ધ બોમ્બે મ્યુનિસિપલ કોર્પોરેશન[195] માં, ચંદ્રચુડ, સીજે. એ અનુચ્છેદ ૨૧ ના દાયરાને સમજાવતી વખતે જીવનના અધિકારના એક આનુષંગિક પાસા તરીકે આજીવિકાના અધિકારનું રક્ષણ કરવા

[195] (૧૯૮૫) ૩ એસસીસી ૫૪૫

માટેનો તર્ક શોધી કાઢ્યો હતો. કારણ કે, કોર્ટે ઠેરવ્યું તેમ, આજીવિકાથી વંચિત કરવાથી જીવનના અધિકારનું રદ્દીકરણ પરિણમશે:

"૧૪૮. અનુચ્છેદ ૨૧ દ્વારા આપવામાં આવેલા જીવનના અધિકારનો વ્યાપ વિશાળ અને દૂરગામી છે. તેનો અર્થ માત્ર એવો નથી થતો કે જીવનને છીનવી શકાતું નથી અથવા સમાપ્ત કરી શકાતું નથી, જેમ કે ઉદાહરણ તરીકે, કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયા અનુસાર સિવાય મૃત્યુદંડ લાદીને અને તેનો અમલ કરીને. તે જીવનના અધિકારનું માત્ર એક પાસું છે. તે અધિકારનું સમાન રીતે મહત્વપૂર્ણ પાસું આજીવિકાનો અધિકાર છે કારણ કે, કોઈ પણ વ્યક્તિ જીવવાના સાધનો વિના, એટલે કે આજીવિકાના સાધનો વિના જીવી શકતી નથી. જો આજીવિકાના અધિકારને જીવનના બંધારણીય અધિકારના ભાગ તરીકે ગણવામાં ન આવે, તો વ્યક્તિને તેના જીવનના અધિકારથી વંચિત કરવાનો સૌથી સહેલો રસ્તો તેને રદ્દીકરણની હદ સુધી તેની આજીવિકાના સાધનોથી વંચિત કરવાનો હશે. આવા વંચિતિકરણથી જીવન તેની અસરકારક વિષયવસ્તુ અને અર્થપૂર્ણતા ગુમાવી દેશે એટલું જ નહીં પરંતુ તે જીવન જીવવાનું અશક્ય બનાવશે. અને તેમ છતાં, આવા વંચિતિકરણને કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયા અનુસાર થવું પડશે નહીં, જો આજીવિકાના અધિકારને જીવનના અધિકારના ભાગ તરીકે ગણવામાં ન આવે. જે બાબત માત્ર જીવવાનું શક્ય બનાવે છે, જીવનને જીવવા યોગ્ય બનાવે છે તે તો બાજુ પર રહ્યું, તેને જીવનના અધિકારનો

અભિન્ન ઘટક માનવો જ જોઈએ. વ્યક્તિને તેની આજીવિકાના અધિકારથી વંચિત કરો અને તમે તેને તેના જીવનથી વંચિત કરી દીધો હશે..."[196]

૧૧૫. ઉન્નીકૃષ્ણન વિરુદ્ધ સ્ટેટ ઓફ આંધ્રપ્રદેશ[197] માં, આ કોર્ટ વતી બોલતા ન્યાયમૂર્તિ જીવન રેડ્ડીએ ઠેરવેલ કે જોકે શિક્ષણનો અધિકાર (ત્યારે બંધારણ જે સ્વરૂપમાં હતું તે મુજબ) ભાગ ૩ માં "મૂળભૂત અધિકાર તરીકે સ્પષ્ટપણે જણાવવામાં આવ્યો ન હતો", છતાં તે અનુચ્છેદ ૨૧ હેઠળ જીવનના શીર્ષક હેઠળ રક્ષણ મેળવવાની વિરુદ્ધ જશે નહીં. આ નિર્ણયો આખરે એક બંધારણીય અદાલતના તે ઉદ્દેશ્ય દ્વારા માર્ગદર્શિત થયા છે જે સંકુચિત ન્યાયિક અર્થઘટન દ્વારા મૂળભૂત માનવ સ્વતંત્રતાઓની વિષયવસ્તુને નબળી પાડવાને બદલે તેમની સીમાઓને વિસ્તૃત કરવાનો હોવો જોઈએ. મેનકા માં, એવું જણાવવામાં આવ્યું છે કે:

"કોર્ટનો પ્રયાસ ન્યાયિક અર્થઘટનની પ્રક્રિયા દ્વારા મૂળભૂત અધિકારોના અર્થ અને વિષયવસ્તુને નબળા પાડવાને બદલે તેમની પહોંચ અને દાયરાને વિસ્તૃત કરવાનો હોવો જોઈએ... અનુચ્છેદ ૨૧ માં 'વ્યક્તિગત સ્વતંત્રતા' સૌથી વ્યાપક કંપનવિસ્તાર (એમ્પ્લીટ્યુડ) ધરાવે છે."[198]

૧૧૬. હવે, શું આ કોર્ટ બંધારણનું અર્થઘટન કરતી વખતે બંધારણીય બાંયધરીઓ અને જોગવાઈઓની વિષયવસ્તુને સ્થાપક પિતાઓએ જે માન્યું હતું

---

[196] તદેવ, પૃષ્ઠ ૫૭૨ પર (પેરા ૩૨)

[197] (૧૯૯૩) ૧ એસસીસી ૬૪૫

[198] મેનકા (ઉપર નોંધ ૫), પૃષ્ઠ ૨૮૦ પર (પેરા ૫)

તેના પૂરતી જ સ્થિર કરી દેશે? બંધારણ એક ઐતિહાસિક સંદર્ભમાં ઘડવામાં આવ્યું હતું અને અપનાવવામાં આવ્યું હતું. સ્થાપક પિતાઓનું વિઝન અહીં અને અન્ય સ્થળોએ દમન અને ગૌરવના ઉલ્લંઘનનો ભોગ બનેલા લોકોના વેદનાના ઇતિહાસ દ્વારા સમૃદ્ધ બન્યું હતું. તેમ છતાં, એ વિવાદ કરવો મુશ્કેલ હશે કે સમકાલીન સમાજો જે ઘણી સમસ્યાઓનો સામનો કરે છે તે સૌથી વધુ સમજદાર મુસદ્દાકારોના મગજમાં પણ હાજર ન હોત. વર્તમાન પેઢી સહિત કોઈ પણ પેઢી પાસે ઉકેલો પર એકાધિકાર હોઈ શકે નહીં અથવા ભવિષ્યની આગાહી કરવાની તેની ક્ષમતામાં આત્મવિશ્વાસ હોઈ શકે નહીં. જેમ સમાજ વિકસે છે, તેમ બંધારણીય સિદ્ધાંત પણ વિકસવો જોઈએ. બંધારણે રચેલી સંસ્થાઓએ ઝડપથી વિકસતી જ્ઞાન અર્થવ્યવસ્થામાં પડકારોનો સામનો કરવા માટે લવચીક રીતે અનુકૂલન સાધવું જોઈએ. સર્વોપરી, બંધારણીય અર્થઘટન એ દરેક નાગરિક માટે ન્યાય, સ્વતંત્રતા અને ગૌરવ પ્રાપ્ત કરવાની એક પ્રક્રિયા માત્ર છે.

૧૧૭. નિઃશંકપણે, કેટલાક વિચલનો રહ્યા છે. ભારતમાં સિદ્ધાંતના વિકાસમાં, જે વ્યક્તિના ગૌરવ અને સ્વતંત્રતાઓ તથા મુક્તિઓને મોખરે રાખે છે, તેમાં થોડા અસંગત સૂરો (ડિસ્કોર્ડન્ટ નોટ્સ) રહ્યા છે. તે પૈકીના બે પર ધ્યાન આપવાની જરૂર છે.

<u>વિસંગત નોંધો</u>

(૧) એડીએમ જબલપુર

૧૧૮. એડીએમ જબલપુર વિરુદ્ધ શિવકાંત શુક્લા[199] ("એડીએમ જબલપુર") માં, આ કોર્ટ સમક્ષનો મુદ્દો એ હતો કે શું બંધારણના અનુચ્છેદ ૩૫૯(૧) હેઠળ રાષ્ટ્રપતિ દ્વારા જારી કરાયેલ હુકમ નિવારક અટકાયત પૂરી પાડતા કાયદા હેઠળ અટકાયત કરવામાં આવતાં અનુચ્છેદ ૨૧ હેઠળ વ્યક્તિગત સ્વતંત્રતાના અધિકારના અમલ માટે કોઈપણ અદાલતમાં જવાનો દરેક વ્યક્તિનો અધિકાર સ્થગિત કરે છે કે કેમ. આ કોર્ટમાં અટકાયતીઓની રજૂઆત એવી હતી કે અનુચ્છેદ ૨૧ ના અમલ માટેના ઉપાયનું સ્થગન આપમેળે અધિકારનું અથવા કાયદાના શાસનનું સ્થગન લાવી શકતું નથી અને કટોકટી દરમિયાન પણ કાયદાના શાસનને સ્થગિત કરી શકાય નહીં. આ કોર્ટના ચાર ન્યાયાધીશોની બહુમતીએ (ન્યાયમૂર્તિ એચ. આર. ખન્ના અસંમત હતા) ઠેરવેલ કે:

"સ્વતંત્રતા કાયદા દ્વારા સીમિત અને નિયંત્રિત છે, પછી ભલે તે કોમન લો હોય કે કાનૂન. તે બર્કના શબ્દોમાં એક નિયંત્રિત સ્વતંત્રતા છે. તે સંપૂર્ણ અમૂર્ત કે નિરપેક્ષ સ્વતંત્રતા નથી. સ્વતંત્રતાનું રક્ષણ લોકોની સારી સમજમાં અને પ્રતિનિધિત્વપૂર્ણ તથા જવાબદાર સરકારની વ્યવસ્થામાં છે જે વિકસાવવામાં આવી છે. જો અસાધારણ સત્તાઓ આપવામાં આવે છે, તો તે એટલા માટે આપવામાં આવે છે કારણ કે કટોકટી અસાધારણ છે, અને તે કટોકટીના સમયગાળા પૂરતી સીમિત છે."[200]

---

[199] (૧૯૭૬) ૨ એસસીસી ૫૨૧

[200] તદેવ, પૃષ્ઠ ૫૭૧ પર (પેરા ૩૩)

અનુચ્છેદ ૨૧ જીવનના અધિકારનો એકમાત્ર ભંડાર છે કે કેમ તે મુદ્દા સાથે કામ પાર પાડતાં, રે, સીજે. એ અવલોકન કર્યું કે જ્યાં બંધારણના પ્રારંભ પહેલાં અસ્તિત્વ ધરાવતો કોઈપણ અધિકાર ભાગ ૩ માં સામેલ કરવામાં આવ્યો છે, ત્યાં સામાન્ય કાયદાનો અધિકાર બંધારણ હેઠળ અસ્તિત્વ ધરાવશે નહીં. એક સંમત ચુકાદામાં ન્યાયમૂર્તિ બેગે ઠેરવેલ કે બંધારણ અપનાવતી વખતે, ભારતના લોકો દ્વારા આ અધિકારો પરના નિયંત્રણનું સાર્વભૌમ પ્રજાસત્તાકને એક કાલ્પનિક સમર્પણ કરવામાં આવ્યું હતું અને માત્ર બંધારણ જ સર્વોચ્ચ છે અને જે અધિકારો અને સત્તાઓ પ્રદાન કરી શકે છે. આ દૃષ્ટિકોણમાં વ્યક્તિગત સ્વતંત્રતાનું કાલ્પનિક સમર્પણ હતું. ન્યાયમૂર્તિ બેગે ઠેરવ્યું:

"બાંયધરીકૃત મૂળભૂત અધિકારોનો સમગ્ર હેતુ મૂળભૂત અધિકારોમાં સમાવિષ્ટ માનવ સ્વતંત્રતાના તે મૂળભૂત પાસાંઓને અન્ય પસંદ ન કરાયેલા અધિકારો કરતાં વધુ સુરક્ષિત બનાવવાનો છે. દેશના બંધારણ દ્વારા અધિકારોના અમુક મૂળભૂત પાસાંઓને મૂળભૂત તરીકે માન્યતા આપવા અને જાહેર કરવામાં, હેતુ રાજ્યના કાયદાકીય, અથવા કારોબારી, અને ક્યારેક ન્યાયિક (દા.ત. અનુચ્છેદ ૨૦) અંગો દ્વારા તેમના પરના અયોગ્ય અતિક્રમણો સામે તેમનું રક્ષણ કરવાનો હતો. આ અતિક્રમણ પરવાનગીપાત્ર મર્યાદામાં રહેવું જોઈએ અને માત્ર નિર્ધારિત પદ્ધતિઓમાં થવું જોઈએ. કુદરતી કાયદા અથવા સામાન્ય કાયદાના ક્ષેત્રમાં એકસાથે કંઈક જાળવવાનો ઈરાદો ક્યારેય હોઈ શકે નહીં. તે અન્ય તમામ નિયંત્રણોને બાકાત રાખવાનો અથવા માનવ સ્વતંત્રતાના તે પાસાંઓ પર

આખરી નિયંત્રણનો એકમાત્ર ભંડાર બંધારણને બનાવવાનો હતો જેની ત્યાં બાંયધરી આપવામાં આવી હતી."[201](ભારપૂર્વક ઉમેરેલ)

ન્યાયમૂર્તિ ચંદ્રચુડ દ્વારા આવું જ વલણ અપનાવવામાં આવ્યું હતું:

"વ્યક્તિગત સ્વતંત્રતાના અધિકાર પાસે કોઈ હોલમાર્ક નથી અને તેથી જ્યારે અધિકાર અમલમાં મૂકવામાં આવે છે ત્યારે તે ઓળખવું અશક્ય છે કે તે અધિકાર બંધારણ દ્વારા આપવામાં આવેલો છે કે બંધારણ પૂર્વેના યુગમાં અસ્તિત્વ ધરાવતો હતો. જો સામાવાળાઓની દલીલ સાચી હોય, તો વ્યક્તિગત સ્વતંત્રતાના અધિકારને લાગુ કરવાની કોઈ કાર્યવાહી પ્રેસિડેન્શિયલ ઓર્ડરના દાયરામાં આવી શકે નહીં ભલે તેમાં અનુચ્છેદ ૧૯, ૨૦, ૨૧ અને ૨૨ નો ઉલ્લેખ હોય કારણ કે, વ્યક્તિગત સ્વતંત્રતાના અધિકારને લાગુ કરવાની અરજી સામે સરકાર દ્વારા દરેક પ્રારંભિક વાંધાનો અસરકારક રીતે એવો દાવો કરીને જવાબ આપી શકાય છે કે જે લાગુ કરવામાં આવી રહ્યું છે તે કાં તો વ્યક્તિગત સ્વતંત્રતાનો કુદરતી અધિકાર છે અથવા સામાન્ય રીતે, વ્યક્તિગત સ્વતંત્રતાનો બંધારણ પૂર્વેનો અધિકાર છે. સામાવાળાઓની દલીલની ભૂલ તેની ધારણામાં રહેલી છે, અને કેટલાક વકીલોની દલીલના સંદર્ભમાં તેના મુખ્ય સુસ્પષ્ટ આધારમાં રહેલી છે, કે વ્યક્તિગત સ્વતંત્રતાના બિન-બંધારણીય અથવા પૂર્વ-બંધારણીય અધિકારની ગુણાત્મક વિષયવસ્તુ બંધારણના ભાગ ૩ દ્વારા

[201] તદેવ, પૃષ્ઠ ૬૦૪ પર (પેરા ૧૫૩)

આપવામાં આવેલા વ્યક્તિગત સ્વતંત્રતાના અધિકારની વિષયવસ્તુ કરતાં અલગ છે..."[202](ભારપૂર્વક ઉમેરેલ)

તેમના મતે:

"તેથી તેનાથી કોઈ ફરક પડતો નથી કે બંધારણ ઘડાયા પહેલાં કોઈ વ્યક્તિગત સ્વતંત્રતાનો અધિકાર અસ્તિત્વમાં હતો કે નહીં, પછી ભલે તે કુદરતી અધિકાર, કાનૂની અધિકાર, સામાન્ય કાયદાના અધિકાર અથવા ટોર્ટના કાયદા હેઠળ ઉપલબ્ધ અધિકાર તરીકે હોય. અધિકારનો સ્ત્રોત ગમે તે હોય અને તેનું અધિકારક્ષેત્ર ગમે તે હોય, સાર અને વિષયવસ્તુમાં અધિકાર એ વ્યક્તિગત સ્વતંત્રતાનો અધિકાર છે. તે અધિકાર ભાગ ૩ માં સામેલ કરવામાં આવ્યો હોવાથી, જો અનુચ્છેદ ૩૫૯(૧) હેઠળ જારી કરાયેલા રાષ્ટ્રપતિના હુકમમાં તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો હોય તો તેનો અમલ સ્થગિત રહેશે."[203]

ન્યાયમૂર્તિ ભગવતીએ નીચે મુજબ ઠેરવ્યું:

"હવે, મારા મતે, તે સ્પષ્ટ છે કે જ્યારે કાયદાના શાસનનો આ સિદ્ધાંત કે કારોબારી કાયદાની સત્તા સિવાય વ્યક્તિને તેની સ્વતંત્રતાથી વંચિત કરી શકતી નથી, તેને મૂળભૂત અધિકાર તરીકે માન્યતા આપવામાં આવી છે અને સમાવિષ્ટ કરવામાં આવી છે અને અનુચ્છેદ ૨૧ માં તે રીતે ઘડવામાં આવી છે, ત્યારે તે સમજવું મુશ્કેલ છે કે તે આ અનુચ્છેદથી અલગ અને સ્વતંત્ર અસ્તિત્વ કેવી રીતે

[202] તદેવ, પૃષ્ઠ ૬૬૪ પર (પેરા ૩૭૯)
[203] તદેવ, પૃષ્ઠ ૬૬૬ પર (પેરા ૩૮૩)

ચાલુ રાખી શકે જેમાં તેને બંધારણીય સ્વરૂપ આપવામાં આવ્યું છે. હું એ જોવામાં નિષ્ફળ જાઉં છું કે જ્યારે અનુચ્છેદ ૨૧ માં મૂળભૂત અધિકાર તરીકે સ્પષ્ટપણે માન્યતા આપવામાં આવી છે અને સમાવિષ્ટ કરવામાં આવી છે અને બંધારણની સ્પષ્ટ જોગવાઈઓમાં સ્થાન મેળવે છે ત્યારે તે અનુચ્છેદ ૩૭૨ હેઠળ કેવી રીતે અમલમાં રહી શકે. એકવાર આ સિદ્ધાંત બંધારણમાં માન્ય અને સમાવિષ્ટ થઈ જાય અને તેનો ભાગ બની જાય પછી, બંધારણથી અલગ તેનું કોઈ સ્વતંત્ર અસ્તિત્વ હોઈ શકે નહીં, સિવાય કે તે રાજ્યના કોઈ સકારાત્મક કાયદા દ્વારા કાનૂની સિદ્ધાંત તરીકે પણ ઘડવામાં આવ્યો હોય..."[204]

(ભારપૂર્વક ઉમેરેલ)

તેમના મતે, બંધારણ જ સર્વોચ્ચ છે અને જો તે આદેશ આપે છે કે કાયદા અનુસાર અટકાયત કરવામાં ન આવી હોય તેવી વ્યક્તિ પણ વ્યક્તિગત સ્વતંત્રતાના અધિકારનો અમલ કરવા માટે હકદાર રહેશે નહીં, તો અદાલત તેને અમલમાં મૂકવા માટે બંધાયેલી હતી:

"... તેને અવગણી શકાય નહીં કે, અંતિમ વિશ્લેષણમાં, વ્યક્તિગત સ્વતંત્રતાનું રક્ષણ અને તેને ટકાવી રાખતી કાયદાની સર્વોચ્ચતા બંધારણ દ્વારા જ સંચાલિત થવી જોઈએ. બંધારણ એ દેશનો સર્વોચ્ચ અને પરમ કાયદો છે અને જો તે કહે છે કે જો કોઈ વ્યક્તિની કાયદા અનુસાર અટકાયત કરવામાં ન આવી હોય તો પણ, અનુચ્છેદ ૩૫૯ ના ખંડ (૧) હેઠળ અનુચ્છેદ ૨૧ નો ઉલ્લેખ કરતો

[204] તદેવ, પૃષ્ઠ ૭૦૧ પર (પેરા ૪૫૯)

રાષ્ટ્રપતિનો હુકમ અમલમાં હોય તે દરમિયાન તે પોતાના વ્યક્તિગત સ્વતંત્રતાના અધિકારનો અમલ કરવા માટે હકદાર રહેશે નહીં, તો મારે તેને અમલ કરવો જ પડશે. બંધારણ હેઠળ ન્યાયાધીશ તરીકે બેસીને, ન્યાયના હેતુઓને પૂર્ણ કરવા માટે હું જે જરૂરી માનું છું તેના માટે હું બંધારણના સ્પષ્ટ અને ભારપૂર્વકના આદેશની અવગણના કરી શકતો નથી. એવું કહેવાય છે કે કાયદામાં દરેક ઉપાસકને તેના ખોળામાં પોતાની છબી શોધવા માટે લલચાવવાની સ્ત્રીની ક્ષમતા છે. કોઈ સંપૂર્ણપણે છટકી શકતું નથી. કેટલાક આંધળોબહાણે શરણે જાય છે, કેટલાક અભિજાત્ય સાથે. માત્ર થોડા લોકો જ વધુ કે ઓછા પ્રમાણમાં અસરકારક રીતે પ્રતિકાર કરે છે. મેં હંમેશા વ્યક્તિગત સ્વતંત્રતાને જાળવી રાખવાની તરફેણમાં ઝુકાવ રાખ્યો છે, કારણ કે, હું માનું છું કે, તે માનવજાતના સૌથી વહાલા મૂલ્યો પૈકી એક છે. તેના વિના જીવન જીવવા યોગ્ય રહેશે નહીં. તે મુક્ત લોકશાહી સમાજના સ્તંભો પૈકી એક છે. માણસોએ તેને સુરક્ષિત કરવા, તેનું રક્ષણ કરવા અને તેને સાચવવા માટે તેની વેદી પર સરળતાથી પોતાના જીવનનું બલિદાન આપ્યું છે. પરંતુ મને નથી લાગતું કે વ્યક્તિગત સ્વતંત્રતા પ્રત્યેના મારા પ્રેમને મારી દ્રષ્ટિને ધૂંધળી કરવાની અથવા બંધારણની સંબંધિત જોગવાઈ પર એવું અર્થઘટન મૂકવા માટે મને પ્રેરિત કરવાની મંજૂરી આપવી યોગ્ય રહેશે જે તેની ભાષા વાજબી રીતે સહન કરી શકતી નથી. નાગરિક અને રાજ્ય વચ્ચે જેને હું આદર્શ ન્યાય માનું છું તે પ્રદાન કરવા માટે હું પ્લેટોના 'ફિલોસોફર કિંગ' ની ભૂમિકા ધારણ કરી શકતો નથી. છેવટે, બંધારણ એ તમામ કાયદાઓનો કાયદો છે અને ત્યાં જ ન્યાયિક અંતરાત્માએ તેનો આખરી ટેકો અને

તેનું અંતિમ વિશ્રામ સ્થાન શોધવું પડશે. નમ્રતા અને બંધારણ પ્રત્યેની આજ્ઞાપાલનની આ ભાવનામાં અને ન્યાયિક મજબૂરીથી પ્રેરિત થઈને, હું એ નિષ્કર્ષ પર પહોંચ્યો છું કે તારીખ ૨૭ જૂન, ૧૯૭૫ નો રાષ્ટ્રપતિનો હુકમ હેબિયસ કોર્પસ માટેની રીટ અરજીની જાળવણીપાત્રતાને અવરોધે છે જ્યાં અટકાયતના હુકમને એ આધારે પડકારવામાં આવ્યો હોય કે તે બદદાનતભર્યો છે અથવા અધિનિયમ હેઠળ નથી અથવા તેનું પાલન કરતો નથી."[205] પોતાના અસંમતિપૂર્ણ અભિપ્રાયમાં, ન્યાયમૂર્તિ ખન્નાએ ભારપૂર્વક ઠેરવેલ કે કટોકટીની ઘોષણા પર અનુચ્છેદ ૨૧ હેઠળના અધિકારના અમલ માટે કોઈપણ અદાલતમાં જવાનો અધિકાર સ્થગિત કરવાથી જીવન અને સ્વતંત્રતાના મૂળભૂત અધિકારના અમલને અસર થશે નહીં. બંધારણ એ જીવન અને સ્વતંત્રતાના અધિકારનો એકમાત્ર ભંડાર ન હતો:

"મારો અભિપ્રાય છે કે અનુચ્છેદ ૨૧ ને જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાના અધિકારનો એકમાત્ર ભંડાર ગણી શકાય નહીં. કાયદાના શાસન દ્વારા સંચાલિત સંસ્કારી સમાજોમાં જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાનો અધિકાર માનવોનો સૌથી કિંમતી અધિકાર છે. ઘણા આધુનિક બંધારણો અમુક મૂળભૂત અધિકારોને સામેલ કરે છે, જેમાં વ્યક્તિગત સ્વતંત્રતા સંબંધિત અધિકારનો સમાવેશ થાય છે. બ્લેકસ્ટોનના મતે, અંગ્રેજોના નિરપેક્ષ અધિકારો વ્યક્તિગત સુરક્ષા, વ્યક્તિગત સ્વતંત્રતા અને ખાનગી મિલકતના અધિકારો હતા. અમેરિકન ડિક્લેરેશન ઓફ ઈન્ડિપેન્ડન્સ (૧૭૭૬) જણાવે છે કે તમામ પુરુષો સમાન રીતે

[205] તદેવ, પૃષ્ઠ ૭૨૩-૭૨૪ પર (પેરા ૪૮૭)

સર્જાયા છે, અને તેમના અવિભાજ્ય અધિકારોમાં જીવન, સ્વતંત્રતા અને સુખની શોધનો સમાવેશ થાય છે..."[206]

અનુચ્છેદ ૨૧ ની ગેરહાજરીમાં પણ, કાયદાની સત્તા વિના રાજ્ય માટે વ્યક્તિને તેના જીવન અને સ્વતંત્રતાથી વંચિત કરવાનું માન્ય ન હોત:

"બંધારણમાં અનુચ્છેદ ૨૧ ની ગેરહાજરીમાં પણ, રાજ્ય પાસે કાયદાની સત્તા વિના વ્યક્તિને તેના જીવન કે સ્વતંત્રતાથી વંચિત કરવાની કોઈ સત્તા નથી. તમામ સંસ્કારી રાષ્ટ્રોમાં આ કાયદાના શાસનની આવશ્યક પૂર્વધારણા અને મૂળભૂત ધારણા છે, માણસોના શાસનની નહીં. જીવન અને સ્વતંત્રતાની આવી પવિત્રતા વિના, કાયદાવિહીન સમાજ અને કાયદા દ્વારા સંચાલિત સમાજ વચ્ચેના તફાવતનો કોઈ અર્થ રહેશે નહીં. કાયદાની સત્તા વિના કોઈને પણ તેના જીવન કે સ્વતંત્રતાથી વંચિત કરવામાં આવશે નહીં તે સિદ્ધાંત એ વિચારણામાં મૂળ ધરાવે છે કે જીવન અને સ્વતંત્રતા એ અમૂલ્ય સંપત્તિ છે જેને વ્યક્તિગત ધૂન અને તરંગોનું રમકડું બનાવી શકાતું નથી અને કોઈપણ કાર્ય જે જીવન અને સ્વતંત્રતા સાથે છેડછાડ કરવાની અસર ધરાવે છે તેને દેશના કાયદાઓમાંથી પોષણ અને મંજૂરી મળવી જોઈએ. અનુચ્છેદ ૨૧ તે સિદ્ધાંતના એક આવશ્યક પાસાને સામેલ કરે છે અને તેને બંધારણના ભાગ ૩ માં બાંયધરી આપવામાં આવેલા મૂળભૂત અધિકારોનો ભાગ બનાવે છે. જો કે, ઉપરના પરથી એવું અનુસરતું નથી કે જો અનુચ્છેદ ૨૧ નો મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો ન હોત

[206] તદેવ, પૃષ્ઠ ૭૪૭ પર (પેરા ૫૨૫)

અને ભાગ ૩ માં દાખલ કરવામાં આવ્યો ન હોત, તો તે સંજોગોમાં રાજ્ય માટે કાયદાની સત્તા વિના વ્યક્તિને તેના જીવન કે સ્વતંત્રતાથી વંચિત કરવાનું પરવાનગીપાત્ર હોત. બંધારણના અમલમાં આવતાં પહેલાં અથવા કાયદાના શાસન હેઠળના દેશોમાં જ્યાં અનુચ્છેદ ૨૧ ને અનુરૂપ કોઈ જોગવાઈ નથી ત્યાં અદાલતો દ્વારા એવો દાવો ક્યારેય ટકાવી રાખવામાં આવ્યો હોય કે રાજ્ય કાયદાની સત્તા વિના વ્યક્તિને તેના જીવન કે સ્વતંત્રતાથી વંચિત કરી શકે છે તે દર્શાવવા માટે અમારી સમક્ષ કોઈ કેસ ટાંકવામાં આવ્યો નથી..."[207]

જો અનુચ્છેદ ૨૧ નો અમલ કરવાનો અધિકાર સ્થગિત કરવામાં આવે તો પણ જીવન કે સ્વતંત્રતાના અધિકારના અમલ માટેનો ઉપાય સ્થગિત રહેશે નહીં:

"બંધારણ પૂર્વેના અધિકારના એક પાસાને મૂળભૂત અધિકાર તરીકે માન્યતા આપવાથી જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાની પવિત્રતા સંબંધિત બાબતો ઓછી અનુકૂળ બનવાની અસર થઈ શકે નહીં જો અનુચ્છેદ ૩૫૯ માંથી ઉદ્ભવતા મૂળભૂત અધિકારોની નબળાઈના કારણે આવા અધિકારના પાસાને મૂળભૂત અધિકાર તરીકે માન્યતા આપવામાં આવી ન હોત તે સ્થિતિની સરખામણીમાં..."[208]

ન્યાયમૂર્તિ ખન્નાએ ઠેરવેલ કે જ્યારે રાજ્યમાં નિવારક અટકાયતનો આદેશ આપવાની વ્યાપક સત્તાઓ નિહિત છે, ત્યારે અટકાયત કરવાની સત્તા અને આવી અટકાયતની કાયદેસરતા તપાસવાની કોર્ટની સત્તા વચ્ચે કોઈ વિરોધાભાસ નથી:

[207] તદેવ, પૃષ્ઠ ૭૪૯-૭૫૦ પર (પેરા ૫૩૦)
[208] તદેવ, પૃષ્ઠ ૭૫૧ પર (પેરા ૫૩૧)

"જો કાયદાના શાસનના પરિસરે તેની વિષયવસ્તુ ગુમાવવી ન હોય અને અર્થહીન બનવું ન હોય તો જે વિશાળ અને વ્યાપક નિવારક અટકાયત સત્તાઓથી વહીવટી અધિકારીઓ સજ્જ છે તેની વ્યક્તિ પરની અસરને વ્યક્તિગત સ્વતંત્રતાના મનસ્વી વંચિતિકરણ સામે કાનૂની સલામતી સાથે સુરક્ષિત કરવી પડશે..."[209]

૧૧૯. એડીએમ જબલપુરમાં બહુમતી બનાવતા તમામ ચાર ન્યાયમૂર્તિઓ દ્વારા આપવામાં આવેલા ચુકાદાઓ ગંભીર રીતે ક્ષતિપૂર્ણ છે. જીવન અને વ્યક્તિગત સ્વાતંત્ર્ય માનવ અસ્તિત્વ સાથે અવિભાજ્ય છે. કેશવાનંદ ભારતીમાં સ્વીકારાયા મુજબ આ અધિકારો આદિ અધિકારો છે. તેઓ કુદરતી કાયદા હેઠળના અધિકારોની રચના કરે છે. વ્યક્તિના જીવનમાં રહેલું માનવીય તત્વ એ જીવનની પવિત્રતા પર અભિન્ન રીતે સ્થપાયેલું છે. ગરિમા એ સ્વાતંત્ર્ય અને આઝાદી સાથે જોડાયેલી છે. કોઈ પણ સભ્ય રાજ્ય કાયદાની સત્તા વિના જીવન અને વ્યક્તિગત સ્વાતંત્ર્ય પર અતિક્રમણની કલ્પના કરી શકે નહીં. ન તો જીવન કે ન તો સ્વાતંત્ર્ય એ રાજ્ય દ્વારા આપવામાં આવેલી બક્ષિશ છે કે ન તો બંધારણ આ અધિકારોનું સર્જન કરે છે. જીવનનો અધિકાર બંધારણના આગમન પહેલાં પણ અસ્તિત્વમાં હતો. આ અધિકારને માન્યતા આપવામાં, બંધારણ તે અધિકારનો એકમાત્ર સંગ્રહસ્થાન બની જતું નથી. એવું સૂચવવું તદ્દન હાસ્યાસ્પદ હશે કે અધિકારોના ખરડા વિનાનું લોકશાહી બંધારણ રાજ્ય દ્વારા શાસિત વ્યક્તિઓને ન તો જીવવાના અધિકારના અસ્તિત્વ સાથે કે ન તો તે અધિકારના

[209] તદેવ, પૃષ્ઠ ૭૬૭ પર (પેરા ૫૭૪)

અમલના સાધન સાથે છોડી દેશે. જીવનનો અધિકાર પ્રત્યેક વ્યક્તિ માટે અવિભાજ્ય હોવાથી, તે બંધારણ પહેલાં અસ્તિત્વમાં હતો અને બંધારણના અનુચ્છેદ ૩૭૨ હેઠળ અમલમાં ચાલુ રહ્યો હતો. ન્યાયમૂર્તિ ખન્ના એ ઠેરવવામાં સ્પષ્ટપણે સાચા હતા કે બંધારણ હેઠળ જીવન અને વ્યક્તિગત સ્વાતંત્ર્યના અધિકારની માન્યતા તેનાથી અલગ રહીને તે અધિકારના અસ્તિત્વને છીનવી લેતી નથી કે ન તો એવું નિરર્થક અનુમાન લગાવી શકાય કે બંધારણને અપનાવવામાં ભારતના લોકોએ માનવ વ્યક્તિત્વના સૌથી મૂલ્યવાન પાસાને, એટલે કે જીવન, સ્વાતંત્ર્ય અને મુક્તિને એવા રાજ્યને સમર્પિત કરી દીધા હતા કે જેની દયા પર આ અધિકારો નિર્ભર રહેશે. આવી રચના કાયદાના શાસનના મૂળ પાયાની વિરુદ્ધ છે જે આધુનિક રાજ્ય જ્યારે વ્યક્તિના સ્વાતંત્ર્ય સાથે વ્યવહાર કરે છે ત્યારે તેમાં નિહિત સત્તાઓ પર નિયંત્રણો લાદે છે. હેબિયસ કોર્પસની રિટ જારી કરવાની કોર્ટની સત્તા એ કાયદાના શાસનનું એક અમૂલ્ય અને નિર્વિવાદ લક્ષણ છે.

૧૨૦. બંધારણીય લોકશાહી ત્યારે જ ટકી શકે જ્યારે નાગરિકોને અખંડ ખાતરી હોય કે કાયદાનું શાસન રાજ્ય દ્વારા થતા કોઈપણ આક્રમણ સામે તેમના અધિકારો અને સ્વાતંત્ર્યનું રક્ષણ કરશે અને જ્યારે કોઈ નાગરિક આ સૌથી મૂલ્યવાન અધિકારોથી વંચિત થાય ત્યારે વેધક પ્રશ્નો પૂછવા અને જવાબોની અપેક્ષા રાખવા માટે ન્યાયિક ઉપાયો ઉપલબ્ધ હશે. ન્યાયમૂર્તિ ખન્ના દ્વારા લેવાયેલ દ્રષ્ટિકોણ સ્વીકારવો જ જોઈએ, અને તેમના વિચારોની તાકાત અને તેમની માન્યતાઓના સાહસ પ્રત્યે આદર સાથે સ્વીકારવો જ જોઈએ.

૧૨૧. જ્યારે રાષ્ટ્રોના ઇતિહાસ લખાતા હોય અને તેની સમીક્ષા કરવામાં આવતી હોય, ત્યારે કેટલાક ન્યાયિક નિર્ણયો સ્વાતંત્ર્યની મોખરે હોય છે. તેમ છતાં અન્ય નિર્ણયોને અભિલેખાગાર માં મોકલી આપવા પડે છે, જે દર્શાવે છે કે જે બન્યું હતું તે ક્યારેય થવું જોઈતું ન હતું. બક વિરુદ્ધ બેલ[210] માં યુ.એસ. સુપ્રિમ કોર્ટનો નિર્ણય આ પછીની શ્રેણીમાં આવે છે. તે એક એવો નિર્ણય હતો જેમાં ન્યાયમૂર્તિ ઓલિવર વેન્ડેલ હોમ્સ જુનિયરે રાજ્ય પ્રાયોજિત યુજેનિક વંધ્યીકરણ ના કાર્યક્રમના ભાગ રૂપે કેરી બક્સના ટ્યુબ્યુલર લિગેશન દ્વારા બળજબરીપૂર્વકના વંધ્યીકરણને સ્વીકાર્યું હતું. આ કાર્યક્રમને સમર્થન આપતાં ન્યાયમૂર્તિ હોમ્સ દ્વારા એવો મત વ્યક્ત કરવામાં આવ્યો હતો કે: "મંદબુદ્ધિઓની ત્રણ પેઢીઓ પૂરતી છે"[211]. આ જ વલણ કોરેમાત્સુ વિરુદ્ધ યુનાઇટેડ સ્ટેટ્સ[212] માં યુ.એસ. સુપ્રિમ કોર્ટના નિર્ણયમાં જોવા મળ્યું હતું, જેમાં એક નાગરિકને માત્ર તેની જાપાની વંશપરંપરાના કારણે કોન્સન્ટ્રેશન કેમ્પમાં કેદ રાખવાનું સમર્થન કરવામાં આવ્યું હતું.

એડીએમ જબલપુરને રદબાતલ કરવું જ જોઈએ અને તે મુજબ રદબાતલ કરવામાં આવે છે. અમે યુનિયન ઓફ ઇન્ડિયા વિરુદ્ધ ભાનુદાસ કૃષ્ણ ગાવડે[213] ના નિર્ણયને પણ રદબાતલ કરીએ છીએ, જેણે એડીએમ જબલપુરનું પાલન કર્યું હતું.

---

[210] ૨૭૪ યુ.એસ. ૨૦૦ (૧૯૨૭)

[211] તે સમય અને પરિસ્થિતિનું હૃદયસ્પર્શી વર્ણન સિદ્ધાર્થ મુખર્જી, ધ જીન: એન ઇન્ટિમેટ હિસ્ટ્રી, પેંગ્વિન બુક્સ લિ. (૨૦૧૬), પૃષ્ઠો ૭૮-૮૫ માં જોવા મળે છે.

[212] ૩૨૩ યુ.એસ. ૨૧૪ (૧૯૪૪)

[213] (૧૯૭૭) ૧ એસસીસી ૮૩૪

૧૨૨. આઈ.આર. કોએલ્હો વિરુદ્ધ તમિલનાડુ રાજ્ય[214] માં, આ કોર્ટે એવો મત સ્વીકાર્યો હતો કે એડીએમ જબલપુરને ત્યારપછીના વિવિધ નિર્ણયો દ્વારા ગર્ભિત રીતે રદબાતલ કરવામાં આવેલ છે:

> "કટોકટી દરમિયાન, એડીએમ, જબલપુર વિરુદ્ધ શિવકાંત શુક્લા [(૧૯૭૬) ૨ એસસીસી ૫૨૧] માં બહુમતી દ્વારા અર્થઘટન કરાયા મુજબ મૂળભૂત અધિકારોનું અર્થઘટન વધુ પ્રતિબંધિત રીતે કરવામાં આવ્યું હતું. જીવન અને સ્વાતંત્ર્યના અધિકારના પ્રતિબંધિત અર્થઘટન અંગે એડીએમ, જબલપુર [(૧૯૭૬) ૨ એસસીસી ૫૨૧] નો નિર્ણય ત્યારપછીના વિવિધ નિર્ણયો દ્વારા ગર્ભિત રીતે રદબાતલ ઠર્યો હતો."[215]
>
> અમે હવે સ્પષ્ટપણે તેમ કરીએ છીએ.

૧૨૩. બંધારણના ચુંમાલીસમા સુધારાના પરિણામે, અનુચ્છેદ ૩૫૯ માં સુધારો કરીને એવી જોગવાઈ કરવામાં આવી છે કે કટોકટીની ઘોષણાના અમલ દરમિયાન, ભાગ ત્રણમાં સમાવિષ્ટ મૂળભૂત અધિકારોના અમલ માટે કોર્ટ સમક્ષ દાદ મેળવવાના અધિકારને મોકૂફ રાખવાની રાષ્ટ્રપતિની સત્તા અનુચ્છેદ ૨૦ અને ૨૧ સુધી વિસ્તરશે નહીં.

(૨) સુરેશ કૌશલ

---

[214] (૨૦૦૭) ૨ એસસીસી ૧

[215] સદર, પૃષ્ઠ ૭૬ પર (પેરા ૨૯)

૧૨૪. પ્રાઈવસીના અધિકાર પરના બંધારણીય ન્યાયશાસ્ત્રના વિકાસ પર સીધી અસર કરતી બીજી એક વિસંગત નોંધ આ કોર્ટની બે ન્યાયાધીશોની બેન્ચના સુરેશ કુમાર કૌશલ વિરુદ્ધ નાઝ ફાઉન્ડેશન[216] ("કૌશલ") ના નિર્ણયમાં પ્રતિબિંબિત થાય છે. આ કોર્ટ સમક્ષની કાર્યવાહી દિલ્હી હાઈકોર્ટના એવા ચુકાદા[217] માંથી ઉદ્ભવી હતી જેમાં ઠેરવવામાં આવ્યું હતું કે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૭, જ્યાં સુધી તે ખાનગીમાં પુખ્ત વયના લોકોના પરસ્પર સંમતિથી થતા જાતીય કૃત્યોને ગુનાહિત બનાવે છે ત્યાં સુધી બંધારણના અનુચ્છેદ ૧૪, ૧૫ અને ૨૧ નું ઉલ્લંઘન કરે છે. જો કે, દિલ્હી હાઈકોર્ટે સ્પષ્ટતા કરી હતી કે કલમ ૩૭૭ બિન-સંમતિભર્યા શિશ્ન-સંબંધિત બિન-યોનિમાર્ગીય સંભોગ અને સગીરો સાથે સંકળાયેલા શિશ્ન-સંબંધિત બિન-યોનિમાર્ગીય સંભોગ પર નિયંત્રણ કરવાનું ચાલુ રાખશે. પડકારના કારણોમાં એ પણ સામેલ હતું કે સદર વૈધાનિક જોગવાઈ ગરિમા અને પ્રાઈવસીના અધિકારોનું ઉલ્લંઘન કરે છે. દિલ્હી હાઈકોર્ટે ઠેરવેલ કે:

> "... પ્રાઈવસીનું ક્ષેત્ર વ્યક્તિઓને બાહ્ય સમુદાય અથવા રાજ્ય તરફથી દખલગીરી વિના માનવીય સંબંધો વિકસાવવાની મંજૂરી આપે છે. સ્વાયત્તતાનો ઉપયોગ વ્યક્તિને પરિપૂર્ણતા પ્રાપ્ત કરવા, આત્મસન્માન વધારવા, તેની પોતાની પસંદગીના સંબંધો બાંધવા અને તે પોતે નક્કી કરી શકે તેવા તમામ કાયદેસર લક્ષ્યોને પૂર્ણ કરવા સક્ષમ બનાવે છે.

[216] (૨૦૧૪) ૧ એસસીસી ૧

[217] નાઝ ફાઉન્ડેશન વિરુદ્ધ એનસીટી સરકાર, ૨૦૧૦ ક્રિ. એલ.જે. ૯૪

ભારતીય બંધારણમાં, ગરિમા સાથે જીવવાનો અધિકાર અને પ્રાઈવસીનો અધિકાર બંનેને અનુચ્છેદ ૨૧ ના પરિમાણો તરીકે માન્યતા આપવામાં આવી છે ..."[218]

કલમ ૩૭૭ ને વ્યક્તિની ગરિમાનો ઇનકાર માનવામાં આવી હતી અને માત્ર જાતીયતાના આધારે તેની મૂળભૂત ઓળખને ગુનાહિત બનાવવી એ અનુચ્છેદ ૨૧ નું ઉલ્લંઘન કરશે. હાઈકોર્ટે સમલૈંગિકોના પ્રાઈવસી-ગરિમા અધિકારોના રક્ષણમાં વૈશ્વિક પ્રવાહોનો વિગતવાર ઉલ્લેખ કર્યો હતો, જેમાં યુ.એસ. સુપ્રિમ કોર્ટ, દક્ષિણ આફ્રિકાની બંધારણીય અદાલત અને યુરોપિયન માનવ અધિકાર અદાલતના નિર્ણયો સામેલ છે. હાઈકોર્ટનો મત એવો હતો કે સમલૈંગિકોને એક વર્ગ તરીકે લક્ષિત કરતી વૈધાનિક જોગવાઈ અનુચ્છેદ ૧૪ નું ઉલ્લંઘન કરે છે, અને જાતીય અભિગમના આધારે પ્રતિકૂળ ભેદભાવ સમાન છે (જે અનુચ્છેદ ૧૫ દ્વારા પ્રતિબંધિત છે). જો કે, હાઈકોર્ટે કલમ ૩૭૭ નું સીમિત અર્થઘટન ઉપર જણાવેલ રીતે કર્યું હતું.

૧૨૫. જ્યારે આ બાબત આ કોર્ટ સમક્ષ આવી, ત્યારે ન્યાયમૂર્તિ સિંઘવીએ, બેન્ચ વતી બોલતા, પ્રાઈવસી-ગરિમા આધારિત મુદ્દા સહિત અનેક આધારોની ચર્ચા કરી. કોર્ટે માન્ય રાખ્યું કે પ્રાઈવસીનો અધિકાર જે યુનિવર્સલ ડિક્લેરેશનના અનુચ્છેદ ૧૨ અને આઈસીસીપીઆરના અનુચ્છેદ ૧૭ દ્વારા માન્ય છે, તે "જીવન અને સ્વાતંત્ર્યના અધિકારના વિસ્તૃત અર્થઘટન દ્વારા"

[218] સદર, પૃષ્ઠ ૧૧૦ પર (પેરા ૪૮)

અનુચ્છેદ ૨૧ માં સમાવિષ્ટ કરવામાં આવ્યો છે. જો કે, આ કોર્ટે અન્ય કારણોની સાથે સાથે નીચેના કારણોસર હાઈકોર્ટના ચુકાદાના પાયામાં ભૂલ શોધી કાઢી:

> "... હાઈકોર્ટની ડિવિઝન બેન્ચે એ બાબતની અવગણના કરી કે દેશની વસ્તીનો બહુ નાનો હિસ્સો લેસ્બિયન, ગે, બાયસેક્સ્યુઅલ અથવા ટ્રાન્સજેન્ડરનો બનેલો છે અને છેલ્લા ૧૫૦ થી વધુ વર્ષોમાં આઈપીસીની કલમ ૩૭૭ હેઠળ ગુનો કરવા બદલ ૨૦૦ થી ઓછા વ્યક્તિઓ સામે (રિપોર્ટ થયેલા હુકમો મુજબ) ફરિયાદ ચલાવવામાં આવી છે અને આ બાબતને બંધારણના અનુચ્છેદ ૧૪, ૧૫ અને ૨૧ ની જોગવાઈઓથી સદર કલમને અલ્ટ્રા વાયર્સ જાહેર કરવા માટેનો સંગીન આધાર બનાવી શકાય નહીં."[219] (ભારપૂર્વક ઉમેરેલ)

પ્રાઈવસી અને ગરિમા આધારિત પડકારને નીચેના અવલોકનો સાથે ફગાવી દેવામાં આવ્યો હતો:

> "એલજીબીટી વ્યક્તિઓના કહેવાતા અધિકારોનું રક્ષણ કરવાની અને આઈપીસીની કલમ ૩૭૭ પ્રાઈવસી, સ્વાયત્તતા અને ગરિમાના અધિકારનું ઉલ્લંઘન કરે છે તેવું જાહેર કરવાની તેની ઉત્સુકતામાં, હાઈકોર્ટે અન્ય અધિકારક્ષેત્રોના ચુકાદાઓ પર વ્યાપક આધાર રાખ્યો છે. જો કે આ ચુકાદાઓ આ અધિકારના વિવિધ પાસાઓ પર નોંધપાત્ર પ્રકાશ ફેંકે છે અને જાતીય લઘુમતીઓની દુર્દશાના સંબંધમાં માહિતીપ્રદ છે, તેમ છતાં

[219] કૌશલ (ઉપર નોંધ ૨૧૬), પૃષ્ઠ ૬૯-૭૦ પર (પેરા ૬૬)

અમને લાગે છે કે ભારતીય ધારાસભા દ્વારા ઘડવામાં આવેલા કાયદાની બંધારણીયતા નક્કી કરવા માટે તેમને આંખ મીંચીને લાગુ કરી શકાય નહીં."[220]

(ભારપૂર્વક ઉમેરેલ)

૧૨૬. બંધારણના અનુચ્છેદ ૨૧ હેઠળ પ્રાઈવસી આધારિત દાવાને અવગણવા માટે ઉપરોક્ત પૈકી કોઈપણ કારણને માન્ય બંધારણીય આધાર તરીકે ગણી શકાય નહીં. "દેશની વસ્તીનો એક નાનકડો હિસ્સો લેસ્બિયન, ગે, બાયસેક્સ્યુઅલ અથવા ટ્રાન્સજેન્ડરનો બનેલો છે" (જેમ કે આ કોર્ટના ચુકાદામાં અવલોકન કરવામાં આવ્યું છે) તે પ્રાઈવસીના અધિકારનો ઈનકાર કરવા માટે ટકાઉ આધાર નથી. અમુક અધિકારોને ગેરંટીયુક્ત મૂળભૂત અધિકારોના દરજ્જા સુધી ઉન્નત કરવાનો હેતુ એ છે કે તેમના ઉપયોગને બહુમતીના તિરસ્કારથી સુરક્ષિત રાખવો, પછી ભલે તે વૈધાનિક હોય કે લોકપ્રિય. બંધારણીય અધિકારોની બાંહેધરી એ તેમના ઉપયોગને બહુમતીવાદી અભિપ્રાય દ્વારા સાનુકૂળ રીતે જોવામાં આવે છે તેના પર નિર્ભર નથી. લોકપ્રિય સ્વીકૃતિની કસોટી એ બંધારણીય સંરક્ષણની પવિત્રતા સાથે પ્રદાન કરાયેલા અધિકારોને અવગણવા માટે માન્ય આધાર પૂરો પાડતી નથી. અલગ અને સીમિત લઘુમતીઓ ભેદભાવના ગંભીર જોખમોનો સામનો કરે છે તેનું સાદું કારણ એ છે કે તેમના મંતવ્યો, માન્યતાઓ અથવા જીવનશૈલી 'મુખ્ય પ્રવાહ' સાથે સુસંગત

[220] સદર, પૃષ્ઠ ૭૮ પર (પેરા ૭૭)

નથી. છતાં કાયદાના શાસન પર સ્થપાયેલા લોકશાહી બંધારણમાં, તેમના અધિકારો એટલા જ પવિત્ર છે જેટલા અન્ય નાગરિકોને તેમની આઝાદી અને સ્વાતંત્ર્યનું રક્ષણ કરવા માટે આપવામાં આવ્યા છે. જાતીય અભિગમ એ પ્રાઈવસીનું એક આવશ્યક લક્ષણ છે. જાતીય અભિગમના આધારે વ્યક્તિ સામે ભેદભાવ એ વ્યક્તિની ગરિમા અને આત્મસન્માન માટે અત્યંત અપમાનજનક છે. સમાનતાની માંગ છે કે સમાજમાં પ્રત્યેક વ્યક્તિના જાતીય અભિગમનું એક સમાન પ્લેટફોર્મ પર રક્ષણ થવું જોઈએ. પ્રાઈવસીનો અધિકાર અને જાતીય અભિગમનું રક્ષણ એ બંધારણના અનુચ્છેદ ૧૪, ૧૫ અને ૨૧ દ્વારા બાંહેધરી આપવામાં આવેલા મૂળભૂત અધિકારોના હાર્દમાં રહેલું છે.

૧૨૭. કૌશલમાં એવો મત કે હાઈકોર્ટે "એલજીબીટી વ્યક્તિઓના કહેવાતા અધિકારોનું રક્ષણ કરવાની ઉત્સુકતામાં" ભૂલભરેલી રીતે આંતરરાષ્ટ્રીય દાખલાઓ પર આધાર રાખ્યો હતો, તે પણ અમારા મતે અસમર્થનીય છે. લેસ્બિયન, ગે, બાયસેક્સ્યુઅલ અને ટ્રાન્સજેન્ડર વસ્તીના અધિકારોને "કહેવાતા અધિકારો" તરીકે ગણી શકાય નહીં. "કહેવાતા" શબ્દપ્રયોગ એવા અધિકારના બહાના હેઠળ સ્વાતંત્ર્યના ઉપયોગનું સૂચન કરતો જણાય છે જે ભ્રામક છે. આ એલજીબીટી વસ્તીના પ્રાઈવસી આધારિત દાવાઓનું અયોગ્ય અર્થઘટન છે. તેમના અધિકારો "કહેવાતા" નથી પરંતુ યોગ્ય બંધારણીય સિદ્ધાંત પર સ્થપાયેલા વાસ્તવિક અધિકારો છે. તેઓ જીવનના અધિકારમાં અંતર્નિહિત છે. તેઓ પ્રાઈવસી અને ગરિમામાં વસે છે. તેઓ સ્વાતંત્ર્ય અને આઝાદીનું હાર્દ રચે છે.

જાતીય અભિગમ એ ઓળખનો એક આવશ્યક ઘટક છે. સમાન સંરક્ષણ ભેદભાવ વિના દરેક વ્યક્તિની ઓળખના રક્ષણની માંગ કરે છે.

૧૨૮. કૌશલનો નિર્ણય એક અત્યંત અલ્પ તર્ક રજૂ કરે છે જ્યારે તે ભારપૂર્વક જણાવે છે કે કલમ ૩૭૭ ના ઉલ્લંઘન માટે માત્ર બસો જેટલા કેસો ચલાવવામાં આવ્યા છે. ડી મિનિમિસ પૂર્વધારણા ગેરમાર્ગે દોરનારી છે કારણ કે જ્યારે મોટી સંખ્યામાં લોકોના બદલે માત્ર થોડા લોકો સાથે પ્રતિકૂળ વ્યવહાર કરવામાં આવે ત્યારે મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન સહન કરી શકાય તેવું બની જતું નથી. આવા પ્રતિકૂળ ભેદભાવપૂર્ણ કૃત્યો બંધારણીય રીતે અસ્વીકાર્ય શા માટે છે તેનું કારણ એ છે કે મૂળભૂત અધિકારના ઉપયોગ પર તેઓ જે નિરુત્સાહક અસર પેદા કરે છે. ઉદાહરણ તરીકે, પ્રકાશન પૂર્વેના પ્રતિબંધો જેવા કે સેન્સરશીપ સંવેદનશીલ હોય છે કારણ કે તે પ્રતિબંધ અમલમાં આવવાના ડરને કારણે લોકોને તેમની વાણી સ્વાતંત્ર્યના અધિકારનો ઉપયોગ કરવાથી નિરુત્સાહિત કરે છે. અધિકારના ઉપયોગ પરની નિરુત્સાહક અસર વ્યક્તિના જાતીય અભિગમની અવરોધ વિના પરિપૂર્ણતા માટે ગંભીર જોખમ ઊભું કરે છે, જે પ્રાઈવસી અને ગરિમાનું એક તત્વ છે. આ નિરુત્સાહક અસર કોઈ માનવીને સામાજિક બદનામી અથવા અસ્વીકારના જોખમને આધીન થવાના કારણે થાય છે, જે ગુનાની સજામાં પ્રતિબિંબિત થાય છે. તેથી કૌશલનો એ તર્ક કે થોડા લોકો સામે કાર્યવાહી એ ઉલ્લંઘનનું માપદંડ નથી તે ક્ષતિપૂર્ણ છે અને સ્વીકારી શકાય નહીં. પરિણામે,

કૌશલે આ પાસા પર એલજીબીટી વ્યક્તિઓના પ્રાઈવસી-ગરિમા આધારિત દાવાઓ સાથે જે રીતે વ્યવહાર કર્યો છે તેની સાથે અમે અસંમત છીએ.

કલમ ૩૭૭ ને પડકારતી બાબત આ કોર્ટની મોટી બેન્ચ સમક્ષ વિચારણા હેઠળ પેન્ડિંગ હોવાથી, અમે તેની બંધારણીય માન્યતાને યોગ્ય કાર્યવાહીમાં નક્કી કરવા માટે છોડી દઈએ છીએ.

જે. આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ ભારતની પ્રતિબદ્ધતાઓ

૧૨૯. એક મૂળભૂત બંધારણીય મૂલ્ય તરીકે પ્રાઈવસીની માન્યતા એ વૈશ્વિક માનવ અધિકાર વ્યવસ્થા પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતાનો એક ભાગ છે. બંધારણનો અનુચ્છેદ ૫૧, જે રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો ભાગ છે, તે રાજ્ય પાસેથી એવી અપેક્ષા રાખે છે કે તે "સંગઠિત પ્રજાઓના પરસ્પર વ્યવહારમાં આંતરરાષ્ટ્રીય કાયદા અને સંધિની જવાબદારીઓ પ્રત્યે આદર વધારવા"[221] નો પ્રયત્ન કરશે. માનવ અધિકારોની સાર્વત્રિક ઘોષણા નો અનુચ્છેદ ૧૨ પ્રાઈવસીના અધિકારને માન્યતા આપે છે:

> "અનુચ્છેદ ૧૨: કોઈ પણ વ્યક્તિની પ્રાઈવસી, કુટુંબ, ઘર કે પત્રવ્યવહારમાં મનસ્વી દખલગીરી કરવામાં આવશે નહીં, કે તેની આબરૂ અને પ્રતિષ્ઠા પર હુમલો કરવામાં આવશે નહીં. દરેક વ્યક્તિને આવી દખલગીરી કે હુમલા સામે કાયદાના રક્ષણનો અધિકાર છે."

[221] ભારતીય બંધારણનો અનુચ્છેદ ૫૧(સી)

તે જ રીતે, નાગરિક અને રાજકીય અધિકારો પરનો આંતરરાષ્ટ્રીય કરાર ૧૬ ડિસેમ્બર ૧૯૬૯ ના રોજ અપનાવવામાં આવ્યો હતો અને ૨૩ માર્ચ ૧૯૭૬ ના રોજ અમલમાં આવ્યો હતો. ભારતે ૧૧ ડિસેમ્બર ૧૯૭૭ ના રોજ તેને બહાલી આપી હતી. આઈસીસીપીઆરનો અનુચ્છેદ ૧૭ નીચે મુજબની જોગવાઈ કરે છે:

> "આ અનુચ્છેદ દ્વારા લાદવામાં આવેલી જવાબદારીઓ રાજ્ય પાસેથી આવી દખલગીરી અને હુમલા સામેના પ્રતિબંધ તેમજ અધિકારના રક્ષણને અસરકારક બનાવવા માટે વૈધાનિક અને અન્ય પગલાં અપનાવવાની માંગ કરે છે."

સંસદ દ્વારા ઘડવામાં આવેલ માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ, ૧૯૯૩ આઈસીસીપીઆરને માનવ અધિકાર સાધન તરીકે દર્શાવે છે. કલમ ૨(૧)(ડી) માનવ અધિકારોને વ્યાખ્યાયિત કરે છે:

> "માનવ અધિકારો" એટલે વ્યક્તિના જીવન, સ્વાતંત્ર્ય, સમાનતા અને ગરિમા સંબંધિત બંધારણ દ્વારા બાંહેધરી આપવામાં આવેલા અથવા આંતરરાષ્ટ્રીય કરારોમાં સમાવિષ્ટ અને ભારતમાં અદાલતો દ્વારા અમલવારી કરાવી શકાય તેવા અધિકારો.

કલમ ૨(૧)(એફ) આંતરરાષ્ટ્રીય કરારોને વ્યાખ્યાયિત કરે છે:

> "આંતરરાષ્ટ્રીય કરારો" એટલે ૧૬ ડિસેમ્બર, ૧૯૬૬ ના રોજ સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભા દ્વારા અપનાવવામાં આવેલ નાગરિક અને રાજકીય

અધિકારો પરનો આંતરરાષ્ટ્રીય કરાર અને આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો પરનો આંતરરાષ્ટ્રીય કરાર [અને સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભા દ્વારા અપનાવવામાં આવેલ અન્ય એવો કરાર અથવા સંમેલન કે જે કેન્દ્ર સરકાર, જાહેરનામા દ્વારા, નિર્દિષ્ટ કરે]

માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ, ૧૯૯૩ ની કલમ ૧૨(એફ) હેઠળ, રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ:

"માનવ અધિકારો પરની સંધિઓ અને અન્ય આંતરરાષ્ટ્રીય સાધનોનો અભ્યાસ કરવા અને તેમના અસરકારક અમલીકરણ માટે ભલામણો કરવાનું કાર્ય સોંપવામાં આવ્યું છે."

૧૩૦. આઇસીસીપીઆર તેના ધોરણોનું સન્માન કરવા, રક્ષણ કરવા અને પરિપૂર્ણ કરવાની જવાબદારી રાજ્યો પર લાદે છે. સન્માન કરવાની રાજ્યની ફરજ આદેશ આપે છે કે તેણે અધિકારનું ઉલ્લંઘન કરવું જોઈએ નહીં. રક્ષણ કરવાની ફરજ આદેશ આપે છે કે સરકારે ખાનગી પક્ષકારો દ્વારા થતી દખલગીરી સામે તેનું રક્ષણ કરવું જોઈએ. પરિપૂર્ણ કરવાની ફરજ એવું સૂચવે છે કે સરકારે અધિકારની અનુભૂતિ તરફ પગલાં લેવા જોઈએ. અનુચ્છેદ ૧૭ હેઠળના અધિકારોની વિગતો આપતાં, સામાન્ય ટિપ્પણી ૧૬ ખાસ કરીને નિર્ધારિત કરે છે કે:

"... પ્રાઈવસીના અધિકારના મૂળભૂત મહત્વ અને કાયમી પ્રસ્તુતતાની સાર્વત્રિક માન્યતા છે અને તે સુનિશ્ચિત કરવાની જરૂરિયાત છે કે કાયદા અને વ્યવહારમાં તેનું રક્ષણ થાય."

નોંધપાત્ર બાબત એ છે કે, આઈસીસીપીઆર સ્વીકારતી વખતે, ભારતે અનુચ્છેદ ૧૭ સામે કોઈ અનામત કે ઘોષણા દાખલ કરી ન હતી. જ્યારે ભારતે અનુચ્છેદ ૧, ૯ અને ૧૩ સામે અનામત દાખલ કરી હતી, ત્યારે અનુચ્છેદ ૧૭ સામે કોઈ ન હતી:

"અનુચ્છેદ ૧ સ્વ-નિર્ણયના અધિકારનો સંદર્ભ આપે છે. અનુચ્છેદ ૧ સામેની અનામત જણાવે છે કે 'ભારત પ્રજાસત્તાકની સરકાર જાહેર કરે છે કે [આ અનુચ્છેદ] માં આવતા 'સ્વ-નિર્ણયનો અધિકાર' શબ્દો માત્ર વિદેશી પ્રભુત્વ હેઠળના લોકો પર લાગુ થાય છે અને આ શબ્દો સાર્વભૌમ સ્વતંત્ર રાજ્યો અથવા લોકોના કે રાષ્ટ્રના કોઈ વર્ગ પર લાગુ થતા નથી - જે રાષ્ટ્રીય અખંડિતતાનું હાર્દ છે.' અનુચ્છેદ ૯ સામેની અનામત, જે વ્યક્તિના સ્વાતંત્ર્ય અને સુરક્ષાના અધિકાર, અટકાયત અને ગેરકાયદેસર ધરપકડ અથવા અટકાયત પર ચૂકવવાપાત્ર વળતરનો સંદર્ભ આપે છે, તે જણાવે છે કે 'ભારત પ્રજાસત્તાકની સરકાર એવું વલણ અપનાવે છે કે સદર અનુચ્છેદની જોગવાઈઓ એવી રીતે લાગુ કરવામાં આવશે જેથી તે ભારતના બંધારણના અનુચ્છેદ ૨૨ ની કલમો (૩) થી (૭) ની જોગવાઈઓ સાથે સુસંગત રહે. વધુમાં ભારતીય કાનૂની પ્રણાલી હેઠળ, રાજ્ય સામે ગેરકાયદેસર ધરપકડ અથવા અટકાયતના ભોગ બન્યાનો દાવો

કરનાર વ્યક્તિઓ માટે વળતર મેળવવાનો કોઈ અમલવારી કરાવી શકાય તેવો અધિકાર નથી.' અનુચ્છેદ ૧૩ સામેની અનામત - જે વિદેશીઓ માટેના સંરક્ષણનો સંદર્ભ આપે છે, તે જણાવે છે કે 'ભારત પ્રજાસત્તાકની સરકાર વિદેશીઓ સંબંધિત તેના કાયદાને લાગુ કરવાનો પોતાનો અધિકાર અનામત રાખે છે.'"

૩૦ જૂન ૨૦૧૪ ના રોજ, સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર ઉચ્ચાયુક્તના કાર્યાલય દ્વારા એક અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો.[222] અહેવાલ ભારપૂર્વક જણાવે છે કે:

> "... પ્રાઈવસીના અધિકારના મૂળભૂત મહત્વ અને કાયમી પ્રસ્તુતતાની તથા કાયદામાં અને વ્યવહારમાં તેનું રક્ષણ સુનિશ્ચિત કરવાની જરૂરિયાતની સાર્વત્રિક માન્યતા છે."[223]

૧૩૧. બચન સિંઘ વિરુદ્ધ પંજાબ રાજ્ય[224] ("બચન સિંઘ") માં, આ કોર્ટે આઈસીસીપીઆરને બહાલી આપ્યા પછી, મૃત્યુદંડના સંબંધમાં આંતરરાષ્ટ્રીય કાયદામાં ભારત દ્વારા સ્વીકારવામાં આવેલી જવાબદારીઓ પર વિચારણા કરી હતી. કોર્ટે ઠેરવેલ કે આઈસીસીપીઆરના અનુચ્છેદ ૬ ની જરૂરિયાતો બંધારણના અનુચ્છેદ ૨૦ અને ૨૧ માં સમાવિષ્ટ ગેરંટીઓને ઘણી સમાન છે. ભારતનો દંડ કાયદો તેની આંતરરાષ્ટ્રીય પ્રતિબદ્ધતાઓને અનુરૂપ હોવાનું ઠેરવવામાં આવ્યું

[222] "ધ રાઈટ ટુ પ્રાઈવસી ઈન ધ ડિજિટલ એજ", સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર ઉચ્ચાયુક્ત કાર્યાલયનો અહેવાલ (૩૦ જૂન ૨૦૧૪)

[223] સદર, પૃષ્ઠ ૫ પર (પેરા ૧૩)

[224] (૧૯૮૦) ૨ એસસીસી ૬૮૪

હતું. ફ્રાન્સિસ કોરાલીમાં, આ કોર્ટે અનુચ્છેદ ૨૧ ના ક્ષેત્રને સમજાવતાં ઠેરવ્યું હતું કે:

> "... માનવ અધિકારોની સાર્વત્રિક ઘોષણાના અનુચ્છેદ ૫ માં જાહેર કરાયેલ અને નાગરિક તથા રાજકીય અધિકારો પરના આંતરરાષ્ટ્રીય કરારના અનુચ્છેદ ૭ દ્વારા બાંહેધરી આપવામાં આવેલ ત્રાસ અથવા ક્રૂર, અમાનવીય અથવા અપમાનજનક વર્તન સામે રક્ષણ મેળવવાનો અધિકાર અનુચ્છેદ ૨૧ માં ગર્ભિત રહેલો છે ..."[225]

૧૩૨. વિશાખા વિરુદ્ધ રાજસ્થાન રાજ્ય[226] માં, આ કોર્ટે અવલોકન કર્યું કે સ્થાનિક કાયદાની ગેરહાજરીમાં, મહિલાઓ સામેના ભેદભાવ નાબૂદી અંગેનું સંમેલન લાગુ પડે છે. નાલસામાં, ટ્રાન્સજેન્ડરોના અધિકારો અંગે કામ કરતી વખતે, આ કોર્ટે શોધી કાઢ્યું કે આંતરરાષ્ટ્રીય સંમેલનો બંધારણ દ્વારા બાંહેધરી આપવામાં આવેલા મૂળભૂત અધિકારો સાથે અસંગત નથી અને તેમને માન્યતા આપવી જોઈએ તથા તેનું પાલન કરવું જોઈએ.

૧૩૩. કાયદાની સ્થિતિ સુસ્થાપિત છે. જ્યાં આંતરરાષ્ટ્રીય કાયદા અને સ્થાનિક કાનૂન વચ્ચે વિરોધાભાસ હોય, ત્યાં કોર્ટ પછીનાને અસર આપશે. હાલના કેસમાં, ભારત દ્વારા સ્વીકારવામાં આવેલી આંતરરાષ્ટ્રીય જવાબદારીઓ અને બંધારણ વચ્ચે કોઈ વિરોધાભાસ નથી. કોર્ટ કોઈપણ અસંગતતાનું

---

[225] ફ્રાન્સિસ કોરાલી (ઉપર નોંધ ૧૫૯), પૃષ્ઠ ૬૧૯ પર (પેરા ૮)

[226] (૧૯૯૭) ૬ એસસીસી ૨૪૧

સહેલાઈથી અનુમાન કરશે નહીં. તેનાથી વિપરીત, બંધારણીય જોગવાઈઓનું વાંચન અને અર્થઘટન એવી રીતે થવું જોઈએ કે જે વૈશ્વિક માનવ અધિકાર વ્યવસ્થા સાથે તેમની સુસંગતતામાં વધારો કરે. ભારત આંતરરાષ્ટ્રીય સમુદાયનું એક જવાબદાર સભ્ય છે અને કોર્ટે એવું અર્થઘટન અપનાવવું જોઈએ જે દેશ દ્વારા કરવામાં આવેલી આંતરરાષ્ટ્રીય પ્રતિબદ્ધતાઓનું પાલન કરે, ખાસ કરીને જ્યાં તેના બંધારણીય અને વૈધાનિક આદેશો કોઈ વિચલન દર્શાવતા નથી. વાસ્તવમાં, સંસદ દ્વારા માનવ અધિકાર અધિનિયમ ઘડવો એ બંધારણીય મૂલ્યો અને ભારત દ્વારા સ્વીકારાયેલ આંતરરાષ્ટ્રીય સંમેલનો પર સ્થપાયેલી માનવ અધિકાર વ્યવસ્થાને અમલમાં મૂકવાની વૈધાનિક ઇચ્છા દર્શાવે છે.

કે. તુલનાત્મક કાયદો

૧૩૪. આ વિભાગ તુલનાત્મક કાયદાના પરિપ્રેક્ષ્યમાં અન્ય અધિકારક્ષેત્રોમાં પ્રાઈવસીની વિભાવનાના વિકાસનું વિશ્લેષણ કરે છે. કોર્ટ તુલનાત્મક અભિગમની મર્યાદાઓ પ્રત્યે સભાન છે. દરેક દેશ તેના પોતાના બંધારણીય અને કાનૂની માળખા દ્વારા શાસિત થાય છે. બંધારણીય માળખાંઓ ઇતિહાસ, સંસ્કૃતિ, રાજકીય સિદ્ધાંત અને મૂલ્યો સાથે ગાઢ સંબંધ ધરાવે છે જેને સમાજ તેના સ્થાપક સિદ્ધાંતો તરીકે માને છે. તેથી વિદેશી ચુકાદાઓ સાવચેતીપૂર્વક વાંચવા જોઈએ જેથી ખાતરી થાય કે લખાણને તેના સંદર્ભથી અલગ કરીને વાંચવામાં ન આવે. જે દેશોની ચર્ચા કરવામાં આવી છે તે છે:

(૧) યુનાઇટેડ કિંગડમ;

(૨) યુનાઇટેડ સ્ટેટ્સ;

(૩) દક્ષિણ આફ્રિકા; અને

(૪) કેનેડા.

ત્યારબાદ વિવરણ યુરોપિયન માનવ અધિકાર અદાલત, યુરોપિયન યુનિયનની અદાલત અને ઇન્ટર-અમેરિકન માનવ અધિકાર અદાલતના નિર્ણયોની તપાસ કરવા આગળ વધશે. આ નિર્ણયો તેઓ જે સમાજોનું સંચાલન કરે છે તેમના ઇતિહાસ અને તેમની સમક્ષના પડકારોના આધારે વિવિધ અધિકારક્ષેત્રોમાં પ્રાઈવસીના અધિકારનું જે રીતે અર્થઘટન કરવામાં આવ્યું છે તેનું સૂચક છે.

(૧) યુ.કે.ના નિર્ણયો

પ્રાઈવસીના રક્ષણ અંગેનો પ્રથમ સામાન્ય કાયદાનો કેસ સેમેયન્સ કેસ[227] (૧૬૦૪) માનવામાં આવે છે. આ કેસ માન્ય રિટના અમલ માટે લંડનના શેરિફ દ્વારા મિલકતમાં પ્રવેશવા સાથે સંબંધિત હતો. આ કેસ સર એડવર્ડ કોકના નીચેના શબ્દો માટે પ્રખ્યાત છે:

"દરેક વ્યક્તિનું ઘર તેના માટે તેનો કિલ્લો અને ગઢ સમાન છે, એટલું જ તેના ઇજા અને હિંસા સામેના રક્ષણ માટે, જેટલું તેના આરામ માટે ..."

[227] પીટર સિમેન વિરુદ્ધ રિચાર્ડ ગ્રેશમ, ૭૭ ઇ.આર. ૧૯૪

ત્યારબાદ, એન્ટિક વિરુદ્ધ કેરિંગ્ટન[228] (૧૭૬૫) ના કેસમાં, રાજ્ય/રાજાના એજન્ટો દ્વારા એન્ટિકના ઘરમાં બળજબરીપૂર્વક પ્રવેશ કરવામાં આવ્યો હતો. લોર્ડ કેમડેન સીજે એ ઠેરવેલ કે:

> "ઇંગ્લેન્ડના કાયદાઓ મુજબ, ખાનગી મિલકતમાં દરેક અતિક્રમણ, ભલે તે ગમે તેટલું સૂક્ષ્મ હોય, તે અનધિકૃત પ્રવેશ છે. કોઈ પણ માણસ મારા લાયસન્સ વિના મારી જમીન પર પગ મૂકી શકતો નથી, અન્યથા તે દાવો કરવાને પાત્ર બને છે, ભલે નુકસાન કશું ન હોય; જે અનધિકૃત પ્રવેશના દરેક ઘોષણાપત્ર દ્વારા સાબિત થાય છે, જ્યાં પ્રતિવાદીને ઘાસ કચડવા અને જમીન પર ચાલવા બદલ પણ જવાબ આપવા માટે બોલાવવામાં આવે છે."

૧૯મી સદીમાં પ્રાઈવસી ન્યાયશાસ્ત્રનો વધુ વિકાસ થયો. ૧૮૪૯ માં, પ્રિન્સ આલ્બર્ટ વિરુદ્ધ સ્ટ્રેન્જ[229] (૧૮૪૯) માં, પ્રિન્સ આલ્બર્ટ અને મહારાણી વિક્ટોરિયા દ્વારા કરવામાં આવેલી અન્યથા અપ્રકાશિત ખાનગી કોતરણીઓ અને કૃતિઓની યાદીના પ્રકાશન પર પ્રતિબંધ મૂકવાની માંગ કરવામાં આવી હતી. હાઈકોર્ટ ઓફ ચાન્સરીમાં, લોર્ડ કોટનહામ દ્વારા અવલોકન કરવામાં આવ્યું હતું કે:

---

[228] (૧૭૬૫) ૧૯ સેન્ટ. ટ્રા. ૧૦૨૯

[229] (૧૮૪૯) ૪૧ ઈ.આર. ૧૧૭૧

"... જ્યાં પ્રાઈવસી એ અતિક્રમિત અધિકાર છે, ત્યાં મનાઈહુકમ મોકૂફ રાખવો એ તેને સંપૂર્ણપણે નકારી કાઢવા સમાન હશે. આ કેસોમાં આ કોર્ટનો હસ્તક્ષેપ કોઈ કાનૂની અધિકાર પર નિર્ભર નથી, અને અસરકારક બનવા માટે, તે તત્કાલ હોવો જોઈએ."

જો કે, પ્રિન્સ આલ્બર્ટ કેસમાં કોર્ટ દ્વારા અપનાવવામાં આવેલ અભિગમે કાયે વિરુદ્ધ રોબર્ટસન[230] (૧૯૯૧) ના કેસમાં અલગ વળાંક લીધો. આ કેસમાં, જ્યારે અપીલકર્તા, એક અકસ્માત પછી, ખાનગી હોસ્પિટલના રૂમમાં મગજની સર્જરીમાંથી સાજા થઈ રહ્યા હતા, ત્યારે બે પત્રકારોએ ડોક્ટર તરીકેનો ઢોંગ કર્યો અને તેમના ફોટોગ્રાફ્સ લીધા. અપીલકર્તાએ ફોટોગ્રાફ્સના પ્રકાશન પર પ્રતિબંધ મૂકતો હુકમ મેળવવાનો પ્રયાસ કર્યો. કોર્ટ ઓફ અપીલે ઠેરવેલ કે:

"... અંગ્રેજી કાયદામાં પ્રાઈવસીનો કોઈ અધિકાર નથી, અને તે મુજબ વ્યક્તિની પ્રાઈવસીના ભંગ બદલ કાર્યવાહી કરવાનો કોઈ અધિકાર નથી"

આર વિરુદ્ધ ડાયરેક્ટર ઓફ સિરિયસ ફ્રોડ ઓફિસ, એક્સ પાર્ટે સ્મિથ[231] (૧૯૯૩) ના નિર્ણયમાં મૌન રહેવાના અધિકારના પ્રશ્નની ચર્ચા કરવામાં આવી હતી. અરજદાર (એક કંપનીના અધ્યક્ષ અને મેનેજિંગ ડિરેક્ટર) પર તેના લેણદારો સાથે છેતરપિંડી કરવાના ઈરાદા સાથે કૃત્યો કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. ચેતવણી આપ્યા પછી, તેમને સિરિયસ ફ્રોડ ઓફિસના ડિરેક્ટરના પ્રશ્નોના

[230] [૧૯૯૧] એફ.એસ.આર. ૬૨

[231] [૧૯૯૩] એ.સી. ૧

જવાબો આપવા માટે કહેવામાં આવ્યું હતું. મુદ્દો એ હતો કે શું પ્રશ્નોના જવાબો આપવાની આવશ્યકતા મૌન રહેવાના અધિકારનું ઉલ્લંઘન કરે છે કે કેમ. એવું ઠેરવવામાં આવ્યું હતું કે ક્રિમિનલ જસ્ટિસ એક્ટ ૧૯૮૭ હેઠળ સિરિયસ ફ્રોડ ઓફિસના ડિરેક્ટરની સત્તાઓ, તેમને ફોજદારી ગુનો બનવાના ડર હેઠળ પ્રશ્નોના જવાબો આપવા માટે અરજદારને દબાણ કરવાનો અધિકાર આપે છે.

> "[આ] એક સામાન્ય દ્રષ્ટિકોણનું સાદું પ્રતિબિંબ છે કે એક વ્યક્તિ જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી અન્ય વ્યક્તિને તેના પોતાના કામથી મતલબ રાખવાનું કહેવા માટે હકદાર હોવી જોઈએ. તમામ સભ્ય રાજ્યો વ્યક્તિગત સ્વાતંત્ર્ય અને પ્રાઈવસીના આ દાવાને માન્યતા આપે છે. તે જ રીતે, રાજ્યો વચ્ચે અને રાજ્યોની અંદરના વ્યક્તિગત નાગરિકો વચ્ચે ક્યાં સીમારેખા દોરવી જોઈએ તે અંગે તીવ્ર મતભેદો હોઈ શકે છે, છતાં બહુ ઓછા લોકો વિવાદ કરશે કે સમાજની સ્થિરતા માટે સ્વાતંત્ર્યમાં થોડો ઘટાડો અનિવાર્ય છે; અને ખરેખર યુનાઇટેડ કિંગડમમાં આજે આપણા જીવન માંગણી પર માહિતી પૂરી પાડવાની અમલવારી કરાવી શકાય તેવી ફરજોથી ઘેરાયેલા છે, જે સંસદ દ્વારા બનાવવામાં આવેલ છે અને બહુમતી દ્વારા સહન કરવામાં આવે છે, જો કે કેટલાક કિસ્સાઓમાં અનિચ્છાપૂર્વક."

લોર્ડ મસ્ટિલનું આ નિવેદન "પ્રાઈવસી પ્રત્યે સામાન્ય કાયદા દ્વારા અપનાવવામાં આવેલા અભિગમને રેખાંકિત કરે છે" કે "તેણે પ્રાઈવસીને સામાન્ય

મૂલ્યના સિદ્ધાંત તરીકે માન્ય રાખ્યું હતું" અને "પ્રાઈવસીને સામાન્ય કાયદામાં માત્ર અલગ અને ચોક્કસ સંરક્ષણ આપવામાં આવ્યું હતું."[232]

આ અભિગમ વેઇનરાઇટ વિરુદ્ધ હોમ ઓફિસ[233] (૨૦૦૪) ના કેસમાં મંદ પડ્યો હતો, જ્યાં ૧૯૯૭ માં પ્રવર્તમાન જેલ નિયમો અનુસાર જેલની મુલાકાત લેતી વખતે માતા અને પુત્રની કપડાં ઉતારીને ઝડતી લેવામાં આવી હતી. પુત્ર, જે માનસિક રીતે અક્ષમ હતો અને સેરેબ્રલ પાલ્સીથી પીડાતો હતો, તેને પાછળથી પોસ્ટ-ટ્રોમેટિક સ્ટ્રેસ ડિસઓર્ડર થયો હતો. અનધિકૃત પ્રવેશ અને વ્યક્તિ સામેના અતિક્રમણમાંથી ઉદ્ભવતા નુકસાનીના દાવાઓ દાખલ કરવામાં આવ્યા હતા. આ ઘટના સમયે, હ્યુમન રાઇટ્સ એક્ટ, ૧૯૯૮ હજુ અમલમાં આવ્યો ન હતો. જ્યારે આ કેસ હાઉસ ઓફ લોર્ડ્સ સમક્ષ પહોંચ્યો, ત્યારે એવી દલીલ કરવામાં આવી હતી કે "ટોર્ટ (અપકૃત્ય) ના કાયદાએ માનવ અધિકારોના સંરક્ષણ માટેના યુરોપિયન કન્વેન્શનના અનુચ્છેદ ૮ દ્વારા સુરક્ષિત પ્રાઈવસીના અધિકારના ઉલ્લંઘનને કારણે થતી કોઈપણ પ્રકારની પીડા માટે ઉપાય આપવો જોઈએ". એવી પણ દલીલ કરવામાં આવી હતી કે ડગ્લાસ વિરુદ્ધ હેલો! લિ.[234] (૨૦૦૧) માં સેડલી એલજે ના ચુકાદા પર આધાર રાખવો જોઈએ, જ્યાં કહેવામાં આવ્યું હતું કે:

---

[232] લોર્ડ ન્યુબર્જર, "પ્રાઈવસી ઈન ધ ૨૧સ્ટ સેન્ચુરી", યુ.કે. એસોસિએશન ઓફ જ્યુઈશ લોયર્સ એન્ડ જ્યુરિસ્ટ્સ લેક્ચર (૨૮ નવેમ્બર ૨૦૧૨)

[233] [૨૦૦૪] ૨ એ.સી. ૪૦૬

[234] [૨૦૦૧] ક્યુ.બી. ૯૬૭

"જો કે, પ્રાઈવસીની વિભાવના એ હકીકતને માન્યતા આપે છે કે કાયદાએ માત્ર તે લોકોનું જ રક્ષણ કરવાનું નથી કે જેમના વિશ્વાસનો દુરુપયોગ થયો છે, પરંતુ તે લોકોનું પણ રક્ષણ કરવાનું છે કે જેઓ ફક્ત તેમના અંગત જીવનમાં અનિચ્છનીય ઘૂસણખોરીનો ભોગ બને છે. કાયદાએ હવે ઘૂસણખોર અને ભોગ બનનાર વચ્ચે ગુપ્તતાનો કૃત્રિમ સંબંધ બનાવવાની જરૂર નથી: તે વ્યક્તિગત સ્વાયત્તતાના મૂળભૂત મૂલ્યમાંથી મેળવેલા કાનૂની સિદ્ધાંત તરીકે પ્રાઈવસીને સ્વયં માન્યતા આપી શકે છે."

(ભારપૂર્વક ઉમેરેલ)

જો કે, વેઇનરાઇટમાં લોર્ડ હોફમેને તમામ દલીલોને નકારી કાઢી અને ઠેરવેલ કે:

"હું એવું નથી સમજતો કે સેડલી એલજે પ્રાઈવસીના આક્રમણના ઉચ્ચ-સ્તરીય સિદ્ધાંતના નિર્માણની હિમાયત કરી રહ્યા હતા. તેમના અવલોકનો મારા મતે વિશ્વાસભંગ ની જૂની કાર્યવાહીના વિસ્તરણ અને સંભવતઃ પુનઃનામકરણની અરજ કરતાં વધુ નથી (જો કે ચોક્કસપણે ઓછું પણ નથી)."

લોર્ડ હોફમેને એ પણ અવલોકન કર્યું કે:

"અદાલતોએ અત્યાર સુધી જે કરવાનો ઇનકાર કર્યો છે તે 'પ્રાઈવસીના આક્રમણ' નો સામાન્ય સિદ્ધાંત ઘડવાનો છે ...

કાયદાના શાસનના અસ્તિત્વમાં રહેલા મૂલ્ય તરીકે પ્રાઈવસીની ઓળખ કરવી (અને કાયદો કઈ દિશામાં વિકસવો જોઈએ તે નિર્દેશિત કરી શકે છે) અને સ્વયં કાયદાના એક સિદ્ધાંત તરીકે પ્રાઈવસી વચ્ચે મને ઘણો મોટો તફાવત જણાય છે. અંગ્રેજી સામાન્ય કાયદો અંતર્નિહિત મૂલ્યોની વિભાવનાથી પરિચિત છે - માત્ર વ્યાપક અર્થમાં સિદ્ધાંતો - જે તેના વિકાસને દિશા આપે છે ...

ન તો યુરોપિયન માનવ અધિકાર અદાલતના ન્યાયશાસ્ત્રમાં એવું કંઈ છે જે સૂચવે છે કે કન્વેન્શનના અનુચ્છેદ ૮ નું પાલન કરવા માટે પ્રાઈવસીના કેટલાક ઉચ્ચ સ્તરીય સિદ્ધાંતને અપનાવવું જરૂરી છે. યુરોપિયન અદાલત માત્ર એ બાબત સાથે સંબંધિત છે કે શું અંગ્રેજી કાયદો કોઈ ચોક્કસ કેસમાં પર્યાપ્ત ઉપાય પૂરો પાડે છે કે જેમાં તે માને છે કે અનુચ્છેદ ૮(૧) ની વિરુદ્ધ અને અનુચ્છેદ ૮(૨) હેઠળ વાજબી ન ઠેરવી શકાય તેવી પ્રાઈવસીમાં ઘૂસણખોરી થઈ છે."

હ્યુમન રાઈટ્સ એક્ટ, ૧૯૯૮ અમલમાં આવ્યા પછી આ અભિગમમાં પરિવર્તન આવ્યું છે. પ્રથમ વખત, બ્રિટિશ કાયદા હેઠળ પ્રાઈવસીને એક અધિકાર

તરીકે સામેલ કરવામાં આવી હતી.[235] કેમ્પબેલ વિરુદ્ધ એમજીએન[236] (૨૦૦૪) માં, એક જાણીતી મોડેલ પુનર્વસન ક્લિનિકમાંથી બહાર નીકળતી વખતે ફોટોગ્રાફ લેવામાં આવી હતી, જ્યારે તેણે જાહેર ઇનકાર કર્યો હતો કે તે ડ્રગ વ્યસનમાંથી સાજી થઈ રહી છે. આ ફોટોગ્રાફ્સ એમજીએન દ્વારા ચલાવવામાં આવતા પ્રકાશનમાં પ્રકાશિત કરવામાં આવ્યા હતા. તેણે હ્યુમન રાઇટ્સ એક્ટની કલમ ૬ હેઠળ વિશ્વાસભંગનો દાવો લાવવા માટે તેના વકીલો મારફતે અંગ્રેજી કાયદા હેઠળ નુકસાની માંગી હતી. હાઉસ ઓફ લોર્ડ્સે બહુમતીથી તેની તરફેણમાં નિર્ણય કર્યો. બહુમતી વતી લખતાં લોર્ડ હોપે ઠેરવ્યું:

> "[જો] એવી પરિસ્થિતિમાં ઘૂસણખોરી થાય છે જ્યાં વ્યક્તિ તેની પ્રાઈવસીનું સન્માન કરવામાં આવે તેવી વાજબી અપેક્ષા રાખી શકે છે, તો જ્યાં સુધી તે ઘૂસણખોરીને વાજબી ઠેરવી ન શકાય ત્યાં સુધી તે ઘૂસણખોરી જવાબદારી ઊભી કરવા સક્ષમ હશે ... વિશ્વાસ ની ફરજ ત્યારે ઊભી થાય છે જ્યારે ગુપ્ત માહિતી એવી વ્યક્તિની જાણમાં આવે છે જ્યાં તેને નોટિસ હોય કે માહિતી ગુપ્ત છે."

---

[235] યુ.કે. હ્યુમન રાઇટ્સ એક્ટ યુરોપિયન કન્વેન્શન ઓન હ્યુમન રાઇટ્સ (ઈ.સી.એચ.આર.) માં નિર્ધારિત અધિકારોને સ્થાનિક બ્રિટિશ કાયદામાં સમાવિષ્ટ કરે છે. અધિનિયમની પ્રસ્તાવના જણાવે છે કે તે ઈ.સી.એચ.આર. હેઠળ "બાંહેધરી આપવામાં આવેલા અધિકારો અને સ્વતંત્રતાઓને વધુ અસર આપે છે". અધિનિયમ (કલમ ૬) હેઠળ, કોઈપણ સ્તરની અદાલત અથવા ટ્રિબ્યુનલ સહિત કોઈપણ જાહેર સત્તામંડળ માટે કન્વેન્શન અધિકાર સાથે અસંગત હોય તેવી રીતે કાર્ય કરવું ગેરકાનૂની છે. કન્વેન્શનના અધિકારો સામાન્ય કાયદા અથવા ઈક્વિટીના નિયમો પર અને મોટાભાગના ગૌણ કાયદાઓ પર અગ્રતા ધરાવે છે. આ અધિનિયમ, તે દ્વારા, પ્રાઈવસીના અધિકારનું રક્ષણ કરે છે, જે ઈ.સી.એચ.આર. ના અનુચ્છેદ ૮(૧) હેઠળ પ્રદાન કરવામાં આવ્યો છે. જુઓ બેન એમરસન એટ અલ. (સંપાદિત), હ્યુમન રાઇટ્સ એન્ડ ક્રિમિનલ જસ્ટિસ, સ્વીટ એન્ડ મેક્સવેલ (૨૦૦૦).

[236] [૨૦૦૪] ૨ એ.સી. ૪૫૭

આવું ઠેરવતાં, લોર્ડ હોપે એ વિરુદ્ધ બી ઇન્ક[237] (૨૦૦૩) માં લોર્ડ વુલ્ફના નીચેના નિવેદન પર આધાર રાખ્યો હતો:

> "વિશ્વાસની ફરજ ત્યારે ઊભી થશે જ્યારે પણ આ ફરજને આધીન પક્ષ એવી પરિસ્થિતિમાં હોય જ્યાં તે જાણે છે અથવા જાણતો હોવો જોઈએ કે અન્ય વ્યક્તિ તેની પ્રાઈવસીનું રક્ષણ થવાની વાજબી અપેક્ષા રાખી શકે છે."

લોર્ડ હોપે એ પણ ઠેરવેલ કે અદાલતોએ કેસનો નિર્ણય કરવા માટે, "વિશ્વાસ જાળવી રાખવામાં જાહેર હિત વિરુદ્ધ જાહેરાતની તરફેણ કરતા વિરોધી જાહેર હિતનું વજન કરીને સંતુલન કામગીરી હાથ ધરવી જોઈએ".

બેરોનેસ હેલે સહમત ચુકાદો લખ્યો અને ઠેરવેલ કે:

"હ્યુમન રાઈટ્સ એક્ટ ૧૯૯૮ ખાનગી વ્યક્તિઓ વચ્ચે કાર્યવાહીનું કોઈ નવું કારણ બનાવતો નથી. પરંતુ જો કાર્યવાહીનું કોઈ સુસંગત કારણ લાગુ પડતું હોય, તો અદાલતે જાહેર સત્તામંડળ તરીકે બંને પક્ષકારોના કન્વેન્શન અધિકારો સાથે સુસંગત રીતે કાર્ય કરવું જોઈએ. આ પ્રકારના કેસમાં, સંબંધિત માધ્યમ સામાન્ય રીતે વિશ્વાસભંગની કાર્યવાહી હશે, જેમ કે લોર્ડ વુલ્ફ સીજે એ એ વિરુદ્ધ બી પીએલસી [૨૦૦૨] ઇડબલ્યુસીએ સિવ ૩૩૭, [૨૦૦૩] ક્યુબી ૧૯૫, ૨૦૨, પેરા ૪ માં ઠેરવ્યું હતું:

---

[237] [૨૦૦૩] ક્યુ.બી. ૧૯૫

'[અનુચ્છેદ ૮ અને ૧૦] એ નવા માપદંડો પ્રદાન કર્યા છે જેની અંદર અદાલત વિશ્વાસભંગની કાર્યવાહીમાં નિર્ણય કરશે કે શું કોઈ વ્યક્તિ અદાલત દ્વારા તેની પ્રાઈવસીનું રક્ષણ મેળવવા માટે હકદાર છે કે પછી અભિવ્યક્તિની સ્વતંત્રતા પરનો પ્રતિબંધ કે જે આવા રક્ષણમાં સામેલ છે તે વાજબી ઠેરવી શકાય નહીં. અરજીઓ દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દાઓ પ્રત્યે અદાલતના અભિગમમાં ફેરફાર કરવામાં આવ્યો છે કારણ કે, ૧૯૯૮ ના અધિનિયમની કલમ ૬ હેઠળ, અદાલત એક જાહેર સત્તામંડળ તરીકે 'કન્વેન્શન અધિકાર સાથે અસંગત હોય તેવી રીતે કાર્ય ન કરવા' માટે બંધાયેલી છે. અદાલત અનુચ્છેદ ૮ અને ૧૦ દ્વારા સુરક્ષિત અધિકારોને વિશ્વાસભંગની લાંબા સમયથી સ્થાપિત કાર્યવાહીમાં સમાવીને આ પ્રાપ્ત કરવામાં સક્ષમ છે. આમાં કાર્યવાહીને એક નવી તાકાત અને પહોળાઈ આપવાનો સમાવેશ થાય છે જેથી તે આ અનુચ્છેદોની જરૂરિયાતોને સમાવી શકે.'"

પાછળથી, ડગ્લાસ વિરુદ્ધ હેલો! લિ.[238] માં, એવું ઠેરવવામાં આવ્યું હતું કે:

"હાઉસ [કેમ્પબેલમાં] જે બાબત પર સંમત થયું હતું તે એ હતું કે માહિતી ખાનગી છે તેવું જ્ઞાન, વાસ્તવિક કે ગર્ભિત, સામાન્ય રીતે તે માહિતી પ્રકાશિત કરનાર કોઈપણ વ્યક્તિ પર તે બાબતને વાજબી ઠેરવવાની ફરજ લાદશે જે, વાજબીપણાની ગેરહાજરીમાં, પ્રાઈવસીનું ગેરકાયદેસર આક્રમણ હશે."

[238] [૨૦૦૬] ક્યુ.બી. ૧૨૫

ત્યારપછીના કેસો યુ.કે.માં પ્રાઈવસી પરના ન્યાયશાસ્ત્રમાં એચઆરએ એ આપેલા યોગદાનને સ્થાપિત કરે છે. એસોસિએટેડ ન્યૂઝપેપર્સ લિમિટેડ વિરુદ્ધ હિઝ રોયલ હાઇનેસ ધ પ્રિન્સ ઓફ વેલ્સ[239] (૨૦૦૬) માં, વિશ્વાસભંગ અને કૉપિરાઇટના ઉલ્લંઘન માટે પ્રિન્સ ચાર્લ્સના દાવાના સંબંધમાં ચુકાદા સામે અપીલ કરવામાં આવી હતી. આ કેસ ત્યારે બન્યો જ્યારે 'ધ મેઇલ ઓન સન્ડે' એ પ્રિન્સ ઓફ વેલ્સના ડિસ્પેચના અંશો પ્રકાશિત કર્યા. કોર્ટે ઠેરવેલ કે:

> "આ કેસમાં ચર્ચા હેઠળની માહિતી ખાનગી માહિતી છે, જેનો જાહેર ખુલાસો પ્રિન્સ ચાર્લ્સના અનુચ્છેદ ૮ ના અધિકારોમાં દખલ સમાન છે. સિંહાસનના વારસદાર તરીકે, પ્રિન્સ ચાર્લ્સ એક મહત્વપૂર્ણ જાહેર વ્યક્તિ છે. આવા વ્યક્તિઓના સંબંધમાં જનતા તેમના વિશેની એવી માહિતીમાં રસ લે છે જે પ્રમાણમાં નજીવી હોય છે. આ કારણોસર આવી માહિતીનો જાહેર ખુલાસો ખાસ કરીને ઘૂસણખોરીભર્યો હોઈ શકે છે ... વિશ્વાસભંગ અને તેમના અનુચ્છેદ ૮ ના અધિકારોમાં દખલગીરીના આધારે પ્રિન્સ ચાર્લ્સનો માન્ય દાવો છે."

મરે વિરુદ્ધ બિગ પિક્ચર્સ (યુકે) લિ.[240] (૨૦૦૮) માં, એક ફોટોગ્રાફરે એક લેખકના શિશુ પુત્રના ફોટોગ્રાફ્સની શ્રેણી લીધી હતી, જે પાછળથી અખબારમાં પ્રકાશિત કરવામાં આવી હતી. મુદ્દો એ હતો કે શું ફોટોગ્રાફ્સ લઈને ખાનગી માહિતીનો દુરુપયોગ થયો હતો કે કેમ. એવું ઠેરવવામાં આવ્યું હતું કે:

---

[239] [૨૦૦૬] ઈ.ડબલ્યુ.સી.એ. સિવ ૧૭૭૬

[240] [૨૦૦૮] ૩ ડબલ્યુ.એલ.આર. ૧૩૬૦

"[શું] પ્રાઈવસીની વાજબી અપેક્ષા છે કે કેમ તેનો પ્રશ્ન એક વ્યાપક પ્રશ્ન છે, જે કેસના તમામ સંજોગોને ધ્યાનમાં લે છે. તેમાં દાવેદારના લક્ષણો, દાવેદાર જે પ્રવૃત્તિમાં સંકળાયેલો હતો તેનું સ્વરૂપ, તે કયા સ્થળે બની રહ્યું હતું, ઘૂસણખોરીનું સ્વરૂપ અને હેતુ, સંમતિનો અભાવ અને શું તે જાણીતી હતી કે અનુમાન કરી શકાય તેવી હતી, દાવેદાર પર તેની અસર અને કયા સંજોગોમાં અને કયા હેતુઓ માટે માહિતી પ્રકાશકના હાથમાં આવી તે બાબતો સામેલ છે ... ઓછામાં ઓછું એ દલીલપાત્ર છે કે ડેવિડ પ્રાઈવસીની વાજબી અપેક્ષા ધરાવતો હતો. હકીકત એ છે કે તે એક બાળક છે તે અમારા મતે ન્યાયાધીશે વિચાર્યું હતું તેના કરતાં વધુ મહત્વનું છે."

આર વિરુદ્ધ ધ કમિશનર ઓફ પોલીસ ઓફ ધ મેટ્રોપોલિસ[241] (૨૦૧૧) એવો કેસ હતો જે પોલીસની સત્તાના વ્યાપ (એસોસિએશન ઓફ ચીફ પોલીસ ઓફિસર્સ - એસીપીઓ માર્ગદર્શિકા દ્વારા જારી કરાયેલી માર્ગદર્શિકા હેઠળ) સાથે સંબંધિત હતો કે જે વ્યક્તિઓ હવે ફોજદારી ગુનાની શંકા હેઠળ નથી તેમની સાથે સંકળાયેલ બાયોમેટ્રિક ડેટાને અનિશ્ચિત સમય માટે જાળવી રાખવો. યુ.કે. સુપ્રિમ કોર્ટે બહુમતીથી ઠેરવેલ કે 'અપવાદરૂપ સંજોગો' ની ગેરહાજરીમાં ડીએનએ પુરાવા જાળવી રાખવાની પોલીસ દળની નીતિ ગેરકાનૂની હતી અને માનવ અધિકારો પરના યુરોપિયન કન્વેન્શનના અનુચ્છેદ ૮ નું ઉલ્લંઘન હતું. બહુમતી વતી બોલતાં લોર્ડ ડાયસને ઠેરવેલ કે:

[241] [૨૦૧૧] યુકે.એસ.સી. ૨૧

"પોલીસ દ્વારા બાયોમેટ્રિક ડેટાની જાળવણી જેવા મહત્વપૂર્ણ અને સંવેદનશીલ ક્ષેત્રમાં અદાલત વાસ્તવિક કાનૂની સ્થિતિ શું માને છે તે જાહેર કરવા માટે ઔપચારિક હુકમ કરીને તેના નિર્ણયને પ્રતિબિંબિત કરે તે મહત્વપૂર્ણ છે. પરંતુ આગળ જવું જરૂરી નથી. એચઆરએ ની કલમ ૮(૧) અદાલતને તેની સત્તાઓ હેઠળ યોગ્ય અને ઉચિત માને તેવી રાહત અથવા ઉપાય આપવા માટે વ્યાપક વિવેકબુદ્ધિ આપે છે. સંસદ પહેલાથી જ આ બાબતથી વાકેફ હોવાથી, ચોક્કસ સમયગાળામાં વૈધાનિક યોજનામાં ફેરફારની માંગ કરતો હુકમ કરવો ન તો ન્યાયી છે કે ન તો યોગ્ય

... વર્તમાન એસીપીઓ માર્ગદર્શિકા ગેરકાનૂની છે કારણ કે તે ઇસીએચઆર ના અનુચ્છેદ ૮ સાથે અસંગત છે. હું અન્ય કોઈ રાહત આપીશ નહીં."

જેઆર૩૮ દ્વારા ન્યાયિક સમીક્ષા માટેની અરજીની બાબતમાં (ઉત્તરી આયર્લેન્ડ)[242] (૨૦૧૫) માં, અપીલકર્તા ૨૦૧૦ માં રમખાણોમાં સામેલ હતો, જ્યારે તેની ઉંમર માત્ર ૧૪ વર્ષની હતી. પોલીસે જવાબદારોને ઓળખવા માટે અને દાખલો બેસાડવા ખાતર બે અખબારોમાં અપીલકર્તાને દર્શાવતા સીસીટીવી ફૂટેજ પ્રકાશિત કર્યા હતા. સામેલ મુદ્દો એ હતો કે: "હુલ્લડબાજીભર્યા વર્તનમાં અને ગુનાહિત નુકસાન પહોંચાડવાના પ્રયાસમાં સામેલ હોવાની શંકા ધરાવતા યુવાન વ્યક્તિને ઓળખવા માટે પોલીસ દ્વારા ફોટોગ્રાફ્સનું પ્રકાશન શું તે વ્યક્તિના

[242] [૨૦૧૫] યુકે.એસ.સી. ૪૨

અનુચ્છેદ ૮ ના અધિકારોમાં ક્યારેય આવશ્યક અને પ્રમાણસર દખલગીરી હોઈ શકે?" બહુમતીએ ઠેરવેલ કે અનુચ્છેદ ૮ લાગુ પડતો નથી, કારણ કે આ કેસમાં પ્રાઈવસીની કોઈ વાજબી અપેક્ષા ન હતી. લોર્ડ ટૌલ્સને (જેમની સાથે લોર્ડ હોજ સંમત થયા હતા), એવું જણાવતાં કે પોલીસનું આચરણ અપીલકર્તાના તેના અંગત જીવનના સન્માનના અધિકારમાં પ્રથમ દ્રષ્ટિએ દખલ સમાન નથી, ઠેરવેલ કે:

> "વાજબી અથવા કાયદેસરની અપેક્ષાની કસોટી એ એક ઉદ્દેશ્યપૂર્ણ કસોટી છે. તે કેસના તમામ સંજોગોને ધ્યાનમાં રાખીને (જેમ કે સર એન્થોની ક્લાર્કે મરેના કેસમાં કહ્યું હતું) અને સુરક્ષિત રાખવાના અંતર્નિહિત મૂલ્ય અથવા મૂલ્યોને ધ્યાનમાં રાખીને વ્યાપકપણે લાગુ કરવાની છે. આમ, ઉદાહરણ તરીકે, પોલીસ તેની ઓળખ શોધી શકે તે હેતુ માટે ગુનાહિત રીતે વર્તતા યુવાન વ્યક્તિના ફોટોગ્રાફનું પ્રકાશન વ્યક્તિગત સ્વાયત્તતાના રક્ષણના દાયરામાં ન આવી શકે જે અનુચ્છેદ ૮ નો હેતુ છે, પરંતુ અન્ય હેતુ માટે તે જ ફોટોગ્રાફનું પ્રકાશન આવી શકે છે."

લોર્ડ ક્લાર્કે લોર્ડ ટૌલ્સન સાથે સહમત થતો અલગ ચુકાદો લખ્યો અને ઠેરવેલ કે:

> "... અપીલકર્તા જે કરી રહ્યો હતો તેનું ગુનાહિત સ્વરૂપ તેના અંગત જીવનનું એવું પાસું ન હતું જેને તે ખાનગી રાખવા માટે હકદાર હતો. તે એવી ઉદ્દેશ્યપૂર્ણ વાજબી અપેક્ષા રાખી શક્યો ન હોત કે તે કોણ હતો તે

ઓળખવાના મર્યાદિત હેતુ માટે લેવાયેલા આવા ફોટોગ્રાફ્સ પ્રકાશિત કરવામાં આવશે નહીં."

પીજેએસ વિરુદ્ધ ન્યૂઝ ગ્રૂપ ન્યૂઝપેપર્સ લિ.[243] (૨૦૧૬) નો નિર્ણય એક અનામી પ્રાઈવસી મનાઈહુકમ [244] સાથે સંબંધિત હતો. દાવેદાર દ્વારા અન્ય બે લોકો સાથેના તેના જાતીય સંબંધોની વિગતોના પ્રકાશન પર પ્રતિબંધ મૂકવા માટે આ મનાઈહુકમ માંગવામાં આવ્યો હતો, તે આધાર પર કે પ્રકાશન તેના પ્રાઈવસી અને ગુપ્તતાના અધિકારોનું ઉલ્લંઘન કરશે, જે ઈસીએચઆર ના અનુચ્છેદ ૮ દ્વારા સુરક્ષિત છે. યુ.કે. સુપ્રિમ કોર્ટે બહુમતીથી અરજદારની તરફેણમાં ચુકાદો આપ્યો. બહુમતી વતી બોલતાં લોર્ડ માંસે ઠેરવેલ કે:

> "... પ્રકાશિત કરવા માંગતી સામગ્રીના સ્વરૂપ અને અપીલકર્તાની ઓળખ અને નાણાકીય પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, અપીલકર્તાની વાસ્તવિક ચિંતા ખરેખર પ્રાઈવસીના તે આક્રમણ સાથે છે જે અંગ્રેજી મીડિયામાં વધુ જાહેરાત અને પ્રકાશનમાં સામેલ હશે, અને નુકસાનીનો કોઈપણ એવોર્ડ, ભલે ગમે તે રીતે આકારવામાં આવે, તે એક અપૂરતો ઉપાય હશે."

એચઆરએ એ યુ.કે. ના ન્યાયશાસ્ત્રમાં પ્રાઈવસીના અધિકારના અસ્તિત્વ પર સ્પષ્ટતા આપી છે અને નક્કી કરાયેલા કેસોમાં પ્રાઈવસી અંગેના પરસ્પર

---

[243] [૨૦૧૬] યુકે.એસ.સી. ૨૬

[244] અંગ્રેજી કાયદામાં, અનામી મનાઈહુકમ એ "એક વચગાળાનો મનાઈહુકમ છે જે કોઈ વ્યક્તિને એવી માહિતી પ્રકાશિત કરવાથી અટકાવે છે જે અરજદાર સાથે સંબંધિત છે અને જેને ગુપ્ત અથવા ખાનગી કહેવામાં આવે છે જ્યાં કાર્યવાહીના બંને પક્ષકારોમાંથી કોઈ એક અથવા બંનેના નામ જણાવવામાં આવતા નથી". જુઓ "સુપર-ઈન્જંક્શન્સ સમિતિનો અહેવાલ: સુપર-ઈન્જંક્શન્સ, એનોનીમાઇઝ્ડ ઈન્જંક્શન્સ એન્ડ ઓપન જસ્ટિસ" (૨૦૧૧).

વિરોધી અભિગમોનો નોંધપાત્ર ઉકેલ લાવ્યો છે. એચઆરએ એ યુરોપિયન કન્વેન્શન ઓન હ્યુમન રાઇટ્સ (ઇસીએચઆર) ની જોગવાઈઓને સમાવિષ્ટ કરીને યુ.કે. સ્થાનિક કાયદામાં પ્રાઈવસીના અધિકારની બાંહેધરી સ્વીકારી છે. આ સંમેલને, સ્થાનિક કાયદામાં તેના સ્વીકાર સાથે, અંગ્રેજી કાયદામાં માનવ પ્રાઈવસીના રક્ષણના વિકાસમાં નોંધપાત્ર ફેરફાર કર્યો છે.

(૨) યુ.એસ. સુપ્રિમ કોર્ટના નિર્ણયો

યુ.એસ. બંધારણમાં પ્રાઈવસીનો કોઈ સ્પષ્ટ અધિકાર નથી. પરંતુ અમેરિકન પ્રાઈવસી ન્યાયશાસ્ત્ર દશા વે છે કે તેને યુ.એસ. બંધારણના કેટલાક સુધારાઓ[245] હેઠળ સુરક્ષિત કરવામાં આવ્યો છે.

૧૮૮૬ જેટલા પ્રારંભિક સમયમાં, બોયડ વિરુદ્ધ યુનાઈટેડ સ્ટેટ્સ[246] માં, યુ.એસ. સુપ્રિમ કોર્ટ સમક્ષનો પ્રશ્ન એ હતો કે શું કોઈ વ્યક્તિના ખાનગી દસ્તાવેજોને તેની સામે ન્યાયિક કાર્યવાહીમાં પુરાવા તરીકે ઉપયોગ કરવા માટે ફરજિયાતપણે રજૂ કરાવવા એ ચોથા સુધારાના અર્થમાં અવાજબી શોધ અને જપ્તી છે કે કેમ. ન્યાયમૂર્તિ બ્રેડલીએ કોર્ટનો ચુકાદો આપ્યો અને નીચે મુજબ ઠેરવ્યું:

[245] પ્રાઈવસીની વિભાવના પ્રથમ, ત્રીજા, ચોથા, પાંચમા અને ચૌદમા સુધારાના ન્યાયશાસ્ત્રમાં મુખ્ય ભૂમિકા ભજવે છે. નવમા સુધારાનું પણ પ્રથમ આઠ સુધારાઓમાં ખાસ પૂરી પાડવામાં ન આવી હોય તેવી રીતે પ્રાઈવસીનું રક્ષણ કરવા માટે બિલ ઓફ રાઇટ્સનું વિસ્તૃત અર્થઘટન કરવા માટે વાજબી ઠેરવવામાં આવ્યું છે.

[246] ૧૧૬ યુ.એસ. ૬૧૬ (૧૮૮૬)

"આ અભિપ્રાયમાં નિર્ધારિત સિદ્ધાંતો બંધારણીય સ્વાતંત્ર્ય અને સુરક્ષાના ખૂબ જ સારને અસર કરે છે ... તેઓ સરકાર અને તેના કર્મચારીઓ દ્વારા માણસના ઘરની પવિત્રતા અને જીવનની ગોપનીયતા પરના તમામ આક્રમણો પર લાગુ થાય છે. તેના દરવાજા તોડવા અને તેના ડ્રોઅર્સ ફેંદવા એ ગુનાનો સાર નથી, પરંતુ તે તેની અંગત સુરક્ષા, અંગત સ્વાતંત્ર્ય અને ખાનગી મિલકતના અવિભાજ્ય અધિકારનું આક્રમણ છે, - તે આ પવિત્ર અધિકારનું આક્રમણ છે ...

અને પક્ષકારના શપથ પર બળજબરી કરીને, અથવા તેના ખાનગી પુસ્તકો અને કાગળો રજૂ કરવાની ફરજ પાડીને, તેને ગુના માટે દોષિત ઠેરવવા અથવા તેની મિલકત જપ્ત કરવા માટે કોઈપણ ફરજિયાત શોધ, મુક્ત સરકારના સિદ્ધાંતોની વિરુદ્ધ છે ... તે નિરંકુશ સત્તાના હેતુઓ માટે યોગ્ય હોઈ શકે છે, પરંતુ તે રાજકીય સ્વાતંત્ર્ય અને વ્યક્તિગત આઝાદીના શુદ્ધ વાતાવરણમાં ટકી શકતું નથી." (ભારપૂર્વક ઉમેરેલ)

૧૯૨૦ ના દાયકામાં બે નિર્ણયોમાં, કોર્ટે ચૌદમા સુધારાના સ્વાતંત્ર્યનું અર્થઘટન એવું કર્યું કે જે રાજ્યોને તેમના બાળકોના શિક્ષણને ઘડવા માટે માતાપિતા અને શિક્ષકોના ખાનગી નિર્ણયોમાં દખલ કરતા કાયદા બનાવવાથી પ્રતિબંધિત કરે છે. મેયર વિરુદ્ધ નેબ્રાસ્કા[247] (૧૯૨૩) માં, કોર્ટે રાજ્યના એવા કાયદાને રદ કર્યો કે જેણે આઠમો ગ્રેડ પૂર્ણ ન કર્યો હોય તેવા વિદ્યાર્થીઓને

[247] ૨૬૨ યુ.એસ. ૩૯૦ (૧૯૨૩)

વિદેશી ભાષાઓ શીખવવા પર પ્રતિબંધ મૂક્યો હતો. ન્યાયમૂર્તિ મેકરેનોલ્ડ્સ દ્વારા લખાયેલા ૭:૨ ના નિર્ણયમાં કોર્ટે તારણ કાઢ્યું હતું કે યુવાન વિદ્યાર્થીઓ માટે શિક્ષણના શ્રેષ્ઠ અભ્યાસક્રમ અંગે નિર્ણય લેવાના માતાપિતા અને શિક્ષકોના અધિકારો પર અતિક્રમણ કરવાની અનિવાર્ય જરૂરિયાત દર્શાવવામાં રાજ્ય નિષ્ફળ ગયું છે. સ્વાતંત્ર્ય પર, ન્યાયમૂર્તિ મેકરેનોલ્ડ્સે ઠેરવ્યું:

> "નિઃશંકપણે, તે માત્ર શારીરિક સંયમમાંથી મુક્તિ જ નહીં, પરંતુ વ્યક્તિના કરાર કરવાના, જીવનના કોઈપણ સામાન્ય વ્યવસાયમાં જોડાવાના, ઉપયોગી જ્ઞાન પ્રાપ્ત કરવાના, લગ્ન કરવાના, ઘર સ્થાપવાના અને બાળકોનો ઉછેર કરવાના, પોતાના અંતરાત્માના આદેશો અનુસાર ભગવાનની ઉપાસના કરવાના, અને સામાન્ય રીતે મુક્ત પુરુષો દ્વારા સુખની વ્યવસ્થિત પ્રાપ્તિ માટે આવશ્યક સામાન્ય કાયદામાં લાંબા સમયથી માન્યતા પ્રાપ્ત વિશેષાધિકારો ભોગવવાના અધિકારને દર્શાવે છે. સ્થાપિત સિદ્ધાંત એ છે કે જાહેર હિતના રક્ષણના બહાના હેઠળ, રાજ્યની સત્તામાં આવતા કેટલાક ઉદ્દેશ્ય સાથે વાજબી સંબંધ વિનાની અથવા મનસ્વી કાયદાકીય કાર્યવાહી દ્વારા આ સ્વાતંત્ર્યમાં દખલ કરી શકાતી નથી."

બે વર્ષ પછી, પિયર્સ વિરુદ્ધ સોસાયટી ઓફ સિસ્ટર્સ[248] (૧૯૨૫) માં, કોર્ટે, મેયર વિરુદ્ધ નેબ્રાસ્કા પર આધાર રાખીને, ઓરેગોન કમ્પલસરી એજ્યુકેશન

[248] ૨૬૮ યુ.એસ. ૫૧૦ (૧૯૨૫)

એક્ટને રદ કર્યો, જેણે તમામ બાળકોને (આઠથી સોળ વર્ષની વચ્ચેના) જાહેર શાળાઓમાં હાજરી આપવાનો આદેશ આપ્યો હતો. એવું ઠેરવવામાં આવ્યું હતું કે સદર કાનૂન "બાળકોના ઉછેરનું નિર્દેશન કરવા માટે માતાપિતા અને વાલીઓના સ્વાતંત્ર્યમાં અવાજબી દખલગીરી છે, અને તે સંદર્ભમાં ચૌદમા સુધારાનું ઉલ્લંઘન કરે છે".

ઓલ્મસ્ટેડ વિરુદ્ધ યુનાઇટેડ સ્ટેટ્સ[249] (૧૯૨૮) માં, કોર્ટ સમક્ષનો પ્રશ્ન એ હતો કે શું વાયરટેપિંગ દ્વારા આંતરવામાં આવેલી ખાનગી ટેલિફોન વાતચીતના પુરાવાનો ઉપયોગ ચોથા અને પાંચમા સુધારાના ઉલ્લંઘન સમાન છે કે કેમ. ૫:૪ ના નિર્ણયમાં, એવું ઠેરવવામાં આવ્યું હતું કે ચોથા અને પાંચમા સુધારાનું કોઈ ઉલ્લંઘન થયું નથી. ચીફ જસ્ટિસ ટાફ્ટે બહુમતી ચુકાદો લખ્યો, જેમાં ઠેરવવામાં આવેલ કે:

> "સુધારો પોતે દર્શાવે છે કે શોધ ભૌતિક વસ્તુઓની હોવી જોઈએ - વ્યક્તિ, ઘર, તેના કાગળો અથવા તેની અસરો .... સુધારો અહીં જે કરવામાં આવ્યું હતું તેને પ્રતિબંધિત કરતો નથી. ત્યાં કોઈ શોધ નહોતી. કોઈ જપ્તી નહોતી. પુરાવા સાંભળવાની ઇન્દ્રિયના ઉપયોગ દ્વારા સુરક્ષિત કરવામાં આવ્યા હતા, અને માત્ર તે જ. પ્રતિવાદીઓના ઘરો અથવા કચેરીઓમાં કોઈ પ્રવેશ નહોતો."

[249] ૨૭૭ યુ.એસ. ૪૩૮ (૧૯૨૮)

જો કે, ન્યાયમૂર્તિ લુઇસ બ્રાન્ડિસે અસંમત અભિપ્રાય લખ્યો અને અવલોકન કર્યું કે:

"... સમય પરિવર્તન લાવે છે, નવી પરિસ્થિતિઓ અને હેતુઓને અસ્તિત્વમાં લાવે છે." પ્રાઈવસી પર આક્રમણ કરવાના વધુ સૂક્ષ્મ અને વધુ દૂરગામી સાધનો સરકાર માટે ઉપલબ્ધ બન્યા છે. શોધ અને આવિષ્કારે સરકાર માટે, રેક પર ખેંચવા કરતાં વધુ અસરકારક માધ્યમો દ્વારા, ગુપ્ત ઓરડીમાં જે વ્હીસ્પર (કાનમાં ધીમેથી) કહેવામાં આવે છે તેનો કોર્ટમાં ખુલાસો મેળવવાનું શક્ય બનાવ્યું છે. વધુમાં, "બંધારણના અમલીકરણમાં, આપણું ચિંતન માત્ર જે બન્યું છે તેનું જ હોઈ શકે નહીં પરંતુ જે બની શકે છે તેનું પણ હોવું જોઈએ." સરકારને જાસૂસીના સાધનો પૂરા પાડવામાં વિજ્ઞાનની પ્રગતિ વાયરટેપિંગ સાથે અટકવાની શક્યતા નથી. કોઈ દિવસ એવા રસ્તાઓ વિકસાવવામાં આવી શકે છે કે જેના દ્વારા સરકાર, ગુપ્ત ડ્રોઅર્સમાંથી કાગળો હટાવ્યા વિના, તેમને કોર્ટમાં પુનઃઉત્પાદિત કરી શકે છે, અને જેના દ્વારા તે જ્યુરી સમક્ષ ઘરની સૌથી ઘનિષ્ઠ ઘટનાઓને ખુલ્લી પાડવા માટે સક્ષમ બનશે. માનસિક અને સંબંધિત વિજ્ઞાનમાં પ્રગતિ અપ્રગટ માન્યતાઓ, વિચારો અને લાગણીઓની શોધખોળના સાધનો લાવી શકે છે ..."(ભારપૂર્વક ઉમેરેલ)

તેમણે પ્રશ્ન કર્યો કે શું બંધારણ વ્યક્તિગત સુરક્ષા પરના આવા આક્રમણો સામે કોઈ રક્ષણ પૂરું પાડતું નથી. ન્યાયમૂર્તિ બ્રાન્ડિસ આ પ્રશ્નનો જવાબ એક સુવિખ્યાત ફકરામાં આપે છે:

> "આપણા બંધારણના ઘડવૈયાઓએ સુખની શોધ માટે અનુકૂળ પરિસ્થિતિઓ સુરક્ષિત કરવાનું બીડું ઝડપ્યું હતું. તેઓ અમેરિકનોને તેમની માન્યતાઓ, તેમના વિચારો, તેમની લાગણીઓ અને તેમની સંવેદનાઓમાં સુરક્ષિત રાખવા માંગતા હતા. તેઓએ સરકાર સામે, એકલા રહેવાનો અધિકાર આપ્યો - અધિકારોમાં સૌથી વ્યાપક, અને સભ્ય પુરુષો દ્વારા સૌથી વધુ મૂલ્યવાન ગણાતો અધિકાર. તે અધિકારનું રક્ષણ કરવા માટે, સરકાર દ્વારા વ્યક્તિની પ્રાઈવસી પરના દરેક અયોગ્ય અતિક્રમણને, પછી ભલે ગમે તે સાધનનો ઉપયોગ કરવામાં આવ્યો હોય, ચોથા સુધારાનું ઉલ્લંઘન ગણવું જોઈએ ..."(ભારપૂર્વક ઉમેરેલ)

ગ્રીસવોલ્ડ વિરુદ્ધ કનેક્ટિકટ[250] (૧૯૬૫) ના કેસમાં કોર્ટે વિવાહિત યુગલોને ગર્ભનિરોધકના કબજા, વેચાણ અને વિતરણ પર પ્રતિબંધ મૂકતા રાજ્યના કાયદાને અમાન્ય ઠેરવ્યો હતો, તે કારણોસર કે કાયદો વૈવાહિક પ્રાઈવસીના અધિકારનું ઉલ્લંઘન કરે છે. ન્યાયમૂર્તિ ડગ્લાસે, જેમણે મુખ્ય અભિપ્રાય આપ્યો હતો, તેમણે અવલોકન કર્યું કે આ અધિકાર બિલ ઓફ રાઈટ્સમાં મૂળભૂત બંધારણીય ગેરંટીઓ અને અધિકારોના "પેનમ્બ્રાસ" માંથી

[250] ૩૮૧ યુ.એસ. ૪૭૯ (૧૯૬૫)

ઉદ્ભવ્યો છે, જે એકસાથે "પ્રાઈવસીના ઝોન" બનાવે છે. તદનુસાર, એવું ઠેરવવામાં આવ્યું હતું કે:

> "હાલનો કેસ, તેથી, કેટલાક મૂળભૂત બંધારણીય ગેરંટીઓ દ્વારા બનાવવામાં આવેલા પ્રાઈવસીના ઝોનની અંદર રહેલા સંબંધ સાથે સંબંધિત છે ... શું આપણે પોલીસને ગર્ભનિરોધકના ઉપયોગના સંકેતો શોધવા માટે વૈવાહિક બેડરૂમના પવિત્ર વિસ્તારોની શોધ કરવાની મંજૂરી આપીશું? આ વિચાર જ લગ્ન સંબંધની આસપાસની પ્રાઈવસીની વિભાવનાઓ માટે ઘૃણાસ્પદ છે."

ન્યાયમૂર્તિ ગોલ્ડબર્ગે સહમત અભિપ્રાયમાં લખ્યું કે:

> "બંધારણની કોઈ ચોક્કસ જોગવાઈ રાજ્યને કુટુંબના પરંપરાગત સંબંધો - જે આપણી સમગ્ર સંસ્કૃતિ જેટલો જૂનો અને મૂળભૂત સંબંધ છે - ને છિન્નભિન્ન કરવાથી સ્પષ્ટપણે મનાઈ કરતી નથી તે હકીકત ચોક્કસપણે એવું દર્શાવતી નથી કે સરકાર પાસે તેમ કરવાની સત્તા હોવાનો હેતુ હતો. તેના બદલે, જેમ કે નવમો સુધારો સ્પષ્ટપણે સ્વીકારે છે, આના જેવા મૂળભૂત વ્યક્તિગત અધિકારો છે, જે સરકાર દ્વારા ઘટાડો કરવા સામે સુરક્ષિત છે, જો કે બંધારણમાં તેનો ખાસ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી."

કેટ્ઝ વિરુદ્ધ યુનાઈટેડ સ્ટેટ્સ[251] ("કેટ્ઝ") ના ૧૯૬૭ ના નિર્ણયે ઓલ્મસ્ટેડ વિરુદ્ધ યુનાઈટેડ સ્ટેટ્સ (ઉપર મુજબ) ને રદબાતલ કર્યો અને

[251] ૩૮૯ યુ.એસ. ૩૪૭ (૧૯૬૭)

સરકારી દખલગીરી સામે પ્રાઈવસીનો બંધારણીય અધિકાર કઈ હદ સુધી લાગુ પડે છે તે અંગે ચોથા સુધારાના અર્થઘટનમાં ક્રાંતિ લાવી દીધી. આ કેસમાં, ચાર્લ્સ કેટ્ઝ એક જુગારી હતો જે ગેરકાયદેસર દાવ લગાવવા માટે જાહેર ટેલિફોન બૂથનો ઉપયોગ કરતો હતો. કેટ્ઝની અજાણતામાં, એફબીઆઈ જે કેટ્ઝની પ્રવૃત્તિની તપાસ કરી રહી હતી, તે ફોન બૂથના બહારના ભાગમાં જોડાયેલા ઇલેક્ટ્રોનિક ઇવ્સડ્રોપિંગ ડિવાઇસ (છૂપી રીતે સાંભળવાના સાધન) દ્વારા તેની વાતચીત રેકોર્ડ કરી રહી હતી. ત્યારબાદ, આ રેકોર્ડિંગના આધારે કેટ્ઝને દોષિત ઠેરવવામાં આવ્યો હતો. તેણે તેની સજાને પડકારી, એવી દલીલ કરી કે રેકોર્ડિંગ તેના ચોથા સુધારાના અધિકારોનું ઉલ્લંઘન કરીને મેળવવામાં આવ્યું હતું. આ કેસમાં બંધારણીય પ્રશ્ન એ હતો કે શું 'અવાજબી શોધ અને જપ્તી' સામે ચોથા સુધારાનું સંરક્ષણ મૂર્ત મિલકતની શોધ અને જપ્તી સુધી મર્યાદિત હતું, કે પછી તે અન્ય લોકો દ્વારા સાંભળવામાં આવતી વાતચીત જેવા અમૂર્ત ક્ષેત્રો સુધી વિસ્તરેલું હતું. એવું ઠેરવવામાં આવ્યું હતું કે સરકારની છૂપી રીતે સાંભળવાની પ્રવૃત્તિઓએ પ્રાઈવસીનું ઉલ્લંઘન કર્યું છે, જેના પર અરજદારે ટેલિફોન બૂથનો ઉપયોગ કરતી વખતે વાજબી રીતે વિશ્વાસ રાખ્યો હતો, અને આમ ચોથા સુધારાના અર્થમાં તે "શોધ અને જપ્તી" સમાન છે, અને સદર સુધારો માત્ર મૂર્ત વસ્તુઓની જપ્તીનું જ સંચાલન કરતો નથી, પરંતુ મૌખિક નિવેદનોના રેકોર્ડિંગ સુધી પણ વિસ્તરે છે.

૧૯૬૭ પહેલાં જ્યારે ચોથા સુધારાના ઉલ્લંઘનની ચર્ચા કરવાના હેતુઓ માટે 'પ્રાઈવસીની વાજબી અપેક્ષા' નક્કી કરવામાં આવતી હતી, ત્યારે વિશ્લેષણ

એ બાબત પર કેન્દ્રિત હતું કે શું સત્તામંડળે કોઈ ખાનગી સ્થળ પર અનધિકૃત પ્રવેશ કર્યો હતો કે કેમ. આ 'ટ્રેસપાસ સિદ્ધાંત' કેટ્ઝ સુધી પ્રવર્તમાન કસોટી હતી, જેણે ચોથા સુધારાના સંરક્ષણને 'સ્થળો' થી 'લોકો' સુધી વિસ્તાર્યું, જાહેર સ્થળોએ પણ વ્યક્તિઓને વધુ પ્રાઈવસી પૂરી પાડી. ઓલ્મસ્ટેડ વિરુદ્ધ યુનાઇટેડ સ્ટેટ્સ (ઉપર મુજબ) માં લાગુ કરાયેલ 'ટ્રેસપાસ સિદ્ધાંત' હવે સુસંગત રહ્યો નથી તેમ ઠેરવવામાં આવ્યું હતું.

ન્યાયમૂર્તિ સ્ટુઅર્ટે બહુમતી (૭:૧) અભિપ્રાય લખ્યો અને ઠેરવેલ કે:

"જે વ્યક્તિ તેનો [ટેલિફોન બૂથનો] ઉપયોગ કરે છે, તેની પાછળનો દરવાજો બંધ કરે છે, અને તેને કૉલ કરવાની મંજૂરી આપતો ટોલ ચૂકવે છે તે ચોક્કસપણે એવું માની લેવા માટે હકદાર છે કે તે માઉથપીસમાં જે શબ્દો ઉચ્ચારે છે તે દુનિયા સમક્ષ પ્રસારિત થશે નહીં. બંધારણનું વધુ સંકુચિત અર્થઘટન કરવું એ જાહેર ટેલિફોન ખાનગી સંચારમાં જે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવા આવ્યો છે તેની અવગણના કરવા સમાન છે." (ભારપૂર્વક ઉમેરેલ)

ન્યાયમૂર્તિ હાર્લાને સહમત ચુકાદો લખ્યો જેમાં ઠેરવવામાં આવેલ કે:

"(એ) બંધ ટેલિફોન બૂથ એ એક એવો વિસ્તાર છે જ્યાં, ઘરની જેમ ... વ્યક્તિ બંધારણીય રીતે સુરક્ષિત પ્રાઈવસીની વાજબી અપેક્ષા ધરાવે છે;

(બી) આ અર્થમાં ખાનગી હોય તેવા સ્થળમાં ઈલેક્ટ્રોનિક તેમજ શારીરિક ઘૂસણખોરી ચોથા સુધારાનું ઉલ્લંઘન રચી શકે છે ..."(ભારપૂર્વક ઉમેરેલ)

પ્રાઈવસીની વાજબી અપેક્ષાની કસોટી નીચે મુજબ ઘડવામાં આવી હતી:

"... ચોથો સુધારો લોકોનું રક્ષણ કરે છે, સ્થળોનું નહીં. જો કે, પ્રશ્ન એ છે કે તે તે લોકોને શું રક્ષણ આપે છે. સામાન્ય રીતે, અહીંની જેમ, તે પ્રશ્નના જવાબ માટે 'સ્થળ' નો સંદર્ભ જરૂરી છે. અગાઉના નિર્ણયોમાંથી ઉદ્ભવેલા નિયમની મારી સમજ એ છે કે તેમાં બેવડી આવશ્યકતા છે, પ્રથમ એ કે વ્યક્તિએ પ્રાઈવસીની વાસ્તવિક (વ્યક્તિલક્ષી) અપેક્ષા દર્શાવી હોય અને, બીજું, તે અપેક્ષા એવી હોવી જોઈએ કે જેને સમાજ 'વાજબી' તરીકે ઓળખવા તૈયાર હોય. આમ, માણસનું ઘર, મોટાભાગના હેતુઓ માટે, એક એવું સ્થળ છે જ્યાં તે પ્રાઈવસીની અપેક્ષા રાખે છે, પરંતુ વસ્તુઓ, પ્રવૃત્તિઓ અથવા નિવેદનો કે જે તે બહારના લોકોની 'ખુલ્લી નજર' સમક્ષ ખુલ્લા પાડે છે તે 'સુરક્ષિત' નથી, કારણ કે તેમને પોતાના સુધી રાખવાનો કોઈ ઈરાદો દર્શાવવામાં આવ્યો નથી. બીજી બાજુ, ખુલ્લામાં થતી વાતચીતને સાંભળવામાં આવવા સામે સુરક્ષિત કરવામાં આવશે નહીં, કારણ કે આવા સંજોગોમાં પ્રાઈવસીની અપેક્ષા અવાજબી હશે."

(ભારપૂર્વક ઉમેરેલ)

સ્ટેનલી વિરુદ્ધ જ્યોર્જિયા[252] (૧૯૬૯) માં, કોર્ટે અશ્લીલ સામગ્રીના જાણીજોઈને કબજા પર ફોજદારી દંડ લાદતા કાનૂનની બંધારણીયતાનું વિશ્લેષણ કર્યું. કોર્ટે સર્વસંમતિથી લીધેલા નિર્ણયમાં ઠેરવેલ કે અશ્લીલ સામગ્રીના માત્ર ખાનગી કબજાને બંધારણીય રીતે ગુનો બનાવી શકાય નહીં:

> "કારણ કે ખૂબ જ મર્યાદિત સંજોગો સિવાય, વ્યક્તિની પ્રાઈવસીમાં અનિચ્છનીય સરકારી ઘૂસણખોરીથી મુક્ત રહેવાનો અધિકાર પણ મૂળભૂત છે ...
>
> આપણી સમક્ષના કેસમાં અપીલકર્તા જે અધિકારો પર ભાર મૂકી રહ્યો છે ... તે જે ઈચ્છે તે વાંચવાનો કે જોવાનો અધિકાર - પોતાના ઘરની પ્રાઈવસીમાં પોતાની બૌદ્ધિક અને ભાવનાત્મક જરૂરિયાતો સંતોષવાનો અધિકાર ... તેની લાઈબ્રેરીની સામગ્રી અંગે રાજ્યની તપાસમાંથી મુક્ત રહેવાનો અધિકાર ...
>
> જાહેર નૈતિકતા માટે હાનિકારક વિચારોના જાહેર પ્રસારને નિયંત્રિત કરવાની રાજ્યની સત્તા ગમે તે હોય, તે બંધારણીય રીતે વ્યક્તિના ખાનગી વિચારોને નિયંત્રિત કરવાની ઈચ્છનીયતા પર કાયદાનો પાયો રચી શકે નહીં."

ગ્રીસવોલ્ડના સાત વર્ષ પછી, કોર્ટે પ્રાઈવસીના અધિકારને 'વૈવાહિક બેડરૂમ' થી આગળ વધારીને અપરિણીત વ્યક્તિઓ સુધી વિસ્તાર્યો.

[252] ૩૯૪ યુ.એસ. ૫૫૭ (૧૯૬૯)

આઇસેનસ્ટેડ વિરુદ્ધ બેયર્ડ[253] (૧૯૭૨) માં, કોર્ટે અપરિણીત વ્યક્તિઓને ગર્ભનિરોધકોના વિતરણ પર પ્રતિબંધ મૂકતા કાયદાને અમાન્ય ઠેરવ્યો, એવો ચુકાદો આપતાં કે તે બંધારણના સમાન સંરક્ષણ કલમનું ઉલ્લંઘન કરે છે:

> "તે સાચું છે કે ગ્રીસવોલ્ડમાં પ્રશ્ન હેઠળનો પ્રાઈવસીનો અધિકાર વૈવાહિક સંબંધમાં અંતર્નિહિત હતો. છતાં વિવાહિત યુગલ એ પોતાના મન અને હૃદયવાળી સ્વતંત્ર એન્ટિટી નથી, પરંતુ અલગ બૌદ્ધિક અને ભાવનાત્મક બંધારણ ધરાવતી બે વ્યક્તિઓનું જોડાણ છે. જો પ્રાઈવસીના અધિકારનો કોઈ અર્થ હોય, તો તે વ્યક્તિનો, વિવાહિત કે અવિવાહિત, બાળકને જન્મ આપવો કે નહીં તે અંગેના નિર્ણય જેવી વ્યક્તિને મૂળભૂત રીતે અસર કરતી બાબતોમાં અયોગ્ય સરકારી દખલગીરીથી મુક્ત રહેવાનો અધિકાર છે."

પેરિસ એડલ્ટ થિયેટર ૧વિરુદ્ધ સ્લેટન[254] (૧૯૭૩) ના નિર્ણયમાં, સંમતિ આપનારા પુખ્ત વયના લોકો માટે મર્યાદિત મૂવી થિયેટરમાં અશ્લીલ ફિલ્મો દર્શાવવા સામે રાજ્ય અદાલતના મનાઈહુકમને સમર્થન આપવામાં આવ્યું હતું. કોર્ટે સ્ટેનલી વિરુદ્ધ જ્યોર્જિયા (ઉપર મુજબ) થી આ કેસને એ આધાર પર અલગ પાડ્યો કે સ્ટેનલીમાં ઘરની પ્રાઈવસી થિયેટરમાં અશ્લીલ મૂવીઝના વ્યાપારી પ્રદર્શન જેવી નહોતી. ચીફ જસ્ટિસ બર્ગરે અવલોકન કર્યું કે પ્રાઈવસીના અધિકાર પર સુપ્રિમ કોર્ટના અગાઉના નિર્ણયોમાં માત્ર તે જ વ્યક્તિગત અધિકારો સામેલ

[253] ૪૦૫ યુ.એસ. ૪૩૮ (૧૯૭૨)

[254] ૪૧૩ યુ.એસ. ૪૯ (૧૯૭૩)

હતા જે "મૂળભૂત" અથવા "વ્યવસ્થિત સ્વાતંત્ર્યની વિભાવનામાં ગર્ભિત" હતા જેમ કે "ઘર, કુટુંબ, લગ્ન, માતૃત્વ, પ્રજનન અને બાળઉછેરની અંગત આત્મીયતા." અને ઠેરવેલ કે:

> "જો કે, આ કોર્ટના નિર્ણયોમાં એવું કંઈ સૂચવાયું નથી કે જાહેર સુવિધાના સ્થળોએ અશ્લીલ મૂવીઝ જોવા માટે 'વ્યવસ્થિત સ્વાતંત્ર્યની વિભાવનામાં ગર્ભિત' એવો કોઈ 'મૂળભૂત' પ્રાઈવસી અધિકાર છે ... આ સંદર્ભમાં, 'પ્રાઈવસી' અધિકાર અને જાહેર સુવિધાના સ્થળનો વિચાર પરસ્પર વિશિષ્ટ છે."

ગર્ભપાતના અધિકાર પરના સીમાચિહ્નરૂપ નિર્ણય, રો વિરુદ્ધ વેડ[255] (૧૯૭૩) માં, કોર્ટે અપરિણીત ગર્ભવતી સ્ત્રીના ગર્ભપાત દ્વારા તેની ગર્ભાવસ્થા સમાપ્ત કરવાના અધિકારના પ્રશ્ન સાથે વ્યવહાર કર્યો. માતાના જીવનને બચાવવાના હેતુ માટે તબીબી સલાહ દ્વારા મેળવેલા કે માન્ય કરાયેલા સિવાયના ગર્ભપાત પર પ્રતિબંધ મૂકતા ટેક્સાસ કાનૂનની બંધારણીયતાને એ આધાર પર પડકારવામાં આવી હતી કે કાયદાએ સગર્ભા સ્ત્રીની તેની ગર્ભાવસ્થા સમાપ્ત કરવાના અધિકાર અને પસંદગી પર અયોગ્ય રીતે આક્રમણ કર્યું હતું અને તે ચૌદમા સુધારા હેઠળ બાંહેધરી આપવામાં આવેલા "સ્વાતંત્ર્ય" અને ગ્રીસવોલ્ડમાં માન્ય પ્રાઈવસીના અધિકારનું ઉલ્લંઘન કરે છે. કોર્ટે ૭:૨ ના બહુમતીથી ચુકાદો આપ્યો કે ચૌદમા સુધારાના ડ્યુ પ્રોસેસ કલોઝ હેઠળ પ્રાઈવસીનો અધિકાર

[255] ૪૧૦ યુ.એસ. ૧૧૩ (૧૯૭૩)

સ્ત્રીના ગર્ભપાત કરાવવાના નિર્ણય સુધી વિસ્તરેલો છે, પરંતુ આ અધિકાર ગર્ભપાતના નિયમનમાં રાજ્યના હિતો સામે સંતુલિત હોવો જોઈએ. ન્યાયમૂર્તિ બ્લેકમ્યુને બહુમતી ચુકાદો આપ્યો અને ઠેરવેલ કે:

> "બંધારણમાં પ્રાઈવસીના કોઈપણ અધિકારનો સ્પષ્ટ ઉલ્લેખ નથી. જો કે, શ્રેણીબદ્ધ નિર્ણયોમાં, કોર્ટે માન્ય રાખ્યું છે કે વ્યક્તિગત પ્રાઈવસીનો અધિકાર, અથવા પ્રાઈવસીના અમુક ક્ષેત્રો અથવા ઝોનની ગેરંટી, બંધારણ હેઠળ અસ્તિત્વ ધરાવે છે. વિવિધ સંદર્ભોમાં, કોર્ટે અથવા વ્યક્તિગત ન્યાયમૂર્તિઓએ, ખરેખર, તે અધિકારના મૂળ પ્રથમ સુધારામાં; બિલ ઓફ રાઇટ્સના પેનમ્બ્રાસમાં; નવમા સુધારામાં; અથવા ચૌદમા સુધારાના પ્રથમ વિભાગ દ્વારા બાંહેધરી આપવામાં આવેલી સ્વાતંત્ર્યની વિભાવનામાં શોધી કાઢ્યા છે ...
>
> પ્રાઈવસીનો આ અધિકાર, પછી ભલે તે વ્યક્તિગત સ્વાતંત્ર્ય અને રાજ્યની કાર્યવાહી પરના નિયંત્રણોની ચૌદમા સુધારાની વિભાવનામાં સ્થાપિત હોય, જેમ કે અમને લાગે છે કે તે છે, અથવા, જેમ ડિસ્ટ્રિક્ટ કોર્ટે નિર્ધારિત કર્યું હતું તેમ, લોકોને અધિકારોના નવમા સુધારાના આરક્ષણમાં હોય, તે સ્ત્રીના તેની ગર્ભાવસ્થા સમાપ્ત કરવી કે નહીં તે અંગેના નિર્ણયને સમાવી લેવા માટે પૂરતો વ્યાપક છે." (ભારપૂર્વક ઉમેરેલ)

બેંક રેકોર્ડ્સમાં પ્રાઈવસીના અધિકારનું વિશ્લેષણ યુ.એસ. સુપ્રિમ કોર્ટ દ્વારા યુનાઈટેડ સ્ટેટ્સ વિરુદ્ધ મિલર[256] (૧૯૭૬) માં કરવામાં આવ્યું હતું. આ કેસમાં ફેડરલ એજન્ટો ગેરકાયદેસર દારૂના વ્યવસાયના ષડયંત્રમાં સંડોવણી માટે પ્રતિવાદીની તપાસ કરી રહ્યા હતા. એજન્ટોએ બે બેંકોને સમન્સ પાઠવ્યા અને તેના બેંક રેકોર્ડ્સ મેળવ્યા. પરિણામે, તેના પર આરોપ મૂકવામાં આવ્યો હતો. પ્રશ્ન એ હતો કે શું કોઈ વ્યક્તિ વાજબી રીતે એવી અપેક્ષા રાખી શકે છે કે તેના વ્યક્તિગત બેંકિંગ વ્યવહારો સાથે સંકળાયેલા રેકોર્ડ્સ અનિયંત્રિત સરકારી તપાસથી સુરક્ષિત રહેશે. ૬:૩ ના અભિપ્રાયમાં, સુપ્રિમ કોર્ટે ઠેરવેલ કે બેંક ડિપોઝિટરને તે રેકોર્ડ્સમાં કોઈ ચોથા સુધારાનું હિત નથી કે જે તેની બેંકે બેંક સિક્રસી એક્ટ ૧૯૭૦ ના પાલનમાં રાખવા જરૂરી છે, અને મિલરને તેના બેંક રેકોર્ડ્સમાં પ્રાઈવસીનો કોઈ અધિકાર નથી. બહુમતી વતી લખતાં ન્યાયમૂર્તિ લુઈસ એફ. પોવેલે ભારપૂર્વક જણાવ્યું કે "સમન્સ કરાયેલા દસ્તાવેજો ... [મિલરના] 'ખાનગી કાગળો' નથી," પરંતુ તેના બદલે, બેંકના વ્યાપારી રેકોર્ડ્સનો ભાગ છે. એવું ઠેરવવામાં આવ્યું હતું કે:

> "મૂળ ચેક અને ડિપોઝિટ સ્લિપની સામગ્રીમાં પ્રાઈવસીની કોઈ કાયદેસર 'અપેક્ષા' નથી, કારણ કે ચેક એ ગુપ્ત સંદેશાવ્યવહાર નથી, પરંતુ વ્યાપારી વ્યવહારોમાં ઉપયોગમાં લેવાતા વાટાઘાટપાત્ર સાધનો છે, અને મેળવેલા તમામ દસ્તાવેજોમાં માત્ર એવી માહિતી હોય છે જે બેંકોને સ્વેચ્છાએ આપવામાં આવે છે અને વ્યવસાયના સામાન્ય ક્રમમાં તેમના કર્મચારીઓ

[256] ૪૨૫ યુ.એસ. ૪૩૫ (૧૯૭૬)

સમક્ષ ખુલ્લી થાય છે. ચોથો સુધારો તૃતીય પક્ષ સમક્ષ જાહેર કરાયેલી અને તેના દ્વારા સરકારી સત્તાવાળાઓને પહોંચાડવામાં આવેલી માહિતી મેળવવા પર પ્રતિબંધ મૂકતો નથી. અધિનિયમની રેકોર્ડ રાખવાની જરૂરિયાતો આ બાબતોમાં ફેરફાર કરતી નથી જેથી બેંક ડિપોઝિટરના તેના ખાતાના રેકોર્ડ્સમાં રક્ષણપાત્ર ચોથા સુધારાનું હિત ઊભું થાય."

જો કે, ન્યાયમૂર્તિ બ્રેનને અસંમતિ દર્શાવી અને ઠેરવેલ કે:

"બેંક ગ્રાહકની વાજબી અપેક્ષા એ છે કે, કાનૂની પ્રક્રિયા દ્વારા કોઈ દબાણની ગેરહાજરીમાં, તે બેંક સમક્ષ જે બાબતો જાહેર કરે છે તેનો ઉપયોગ બેંક દ્વારા માત્ર આંતરિક બેંકિંગ હેતુઓ માટે જ કરવામાં આવશે ... [એક] ડિપોઝિટર તેની અંગત બાબતો, મંતવ્યો, આદતો, સંગઠનોના ઘણા પાસાઓ જાહેર કરે છે. ખરેખર, બેંક રેકોર્ડ્સની સંપૂર્ણતા વર્ચ્યુઅલ વર્તમાન જીવનચરિત્ર પૂરું પાડે છે ... અત્યાધુનિક સાધનોના વિકાસે સરકારની એવા ક્ષેત્રોમાં ઘૂસણખોરી કરવાની ક્ષમતાને વેગ આપ્યો છે જેને વ્યક્તિ સામાન્ય રીતે તાકી રહેલી આંખો અને જિજ્ઞાસુ મનથી અલગ રાખવાનું પસંદ કરે છે. પરિણામે, વ્યક્તિગત પ્રાઈવસીના બંધારણીય સંરક્ષણના ન્યાયિક અર્થઘટનો આ નવા સાધનો દ્વારા ઊભા થયેલા જોખમો સાથે તાલ મિલાવતા હોવા જોઈએ."

૧૯૬૦ અને ૧૯૭૦ ના દાયકામાં વ્યક્તિગત અધિકારોના વિસ્તરણના તેના વલણને ચાલુ રાખતાં, ખાસ કરીને પ્રજનન સ્વાસ્થ્યના ક્ષેત્રમાં -

ગર્ભનિરોધકનો અધિકાર તેમજ ગર્ભપાતનો અધિકાર, કેરી વિરુદ્ધ પોપ્યુલેશન સર્વિસીસ ઇન્ટરનેશનલ[257] (૧૯૭૭) ના નિર્ણયે આ અધિકારોને પુખ્ત વયના લોકોથી વિસ્તારીને સગીરોને પણ સામેલ કર્યા. આ કેસમાં, લાયસન્સ ધરાવતા ફાર્માસિસ્ટ સિવાયની અન્ય વ્યક્તિઓ દ્વારા બિન-પ્રિસ્ક્રિપ્શન ગર્ભનિરોધકોના વેચાણ પર; સોળ વર્ષથી ઓછી ઉંમરના સગીરોને વેચાણ અથવા વિતરણ પર; અને ગર્ભનિરોધકના પ્રદર્શન અને જાહેરાત પર પ્રતિબંધ મૂકતો ન્યૂયોર્કનો કાયદો ગેરબંધારણીય જાહેર કરવામાં આવ્યો હતો. ન્યાયમૂર્તિ બ્રેનને કોર્ટનો બહુમતી ચુકાદો આપ્યો અને ઠેરવેલ કે ચૌદમો સુધારો માત્ર "પુખ્ત વયના લોકો માટે જ" નથી અને "સગીરો તેમજ પુખ્ત વયના લોકો બંધારણ દ્વારા સુરક્ષિત છે":

> "વ્યક્તિગત પ્રાઇવસીના આ અધિકારમાં 'ચોક્કસ પ્રકારના મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં સ્વતંત્રતામાં હિત' નો સમાવેશ થાય છે ... જો કે પ્રાઇવસીના આ પાસાની બાહ્ય મર્યાદાઓ કોર્ટ દ્વારા ચિહ્નિત કરવામાં આવી નથી, તે સ્પષ્ટ છે કે અયોગ્ય સરકારી દખલગીરી વિના વ્યક્તિ જે નિર્ણયો લઈ શકે છે તેમાં લગ્ન ... ; પ્રજનન ... ; ગર્ભનિરોધક ... ; પારિવારિક સંબંધો ... ; અને બાળઉછેર તથા શિક્ષણ ... સંબંધિત અંગત નિર્ણયો છે."

વધુમાં એવું ઠેરવવામાં આવ્યું હતું કે:

[257] ૪૩૧ યુ.એસ. ૬૭૮ (૧૯૭૭)

"બાળક પેદા કરવું કે નહીં તે અંગેનો નિર્ણય બંધારણીય રીતે સુરક્ષિત પસંદગીઓના આ જૂથના કેન્દ્રમાં છે ... આ સમજી શકાય તેવું છે, કારણ કે એવા ક્ષેત્રમાં જે, વ્યાખ્યા મુજબ, માનવીય પ્રવૃત્તિઓ અને સંબંધોમાં સૌથી ઘનિષ્ઠ છે, ગર્ભધારણ પ્રાપ્ત કરવું કે તેને અટકાવવું તે અંગેના નિર્ણયો સૌથી ખાનગી અને સંવેદનશીલ નિર્ણયો પૈકીના છે ..."

કોર્ટે એ પણ ઠેરવેલ કે પ્રાઈવસીનો અધિકાર કોઈ નિયમન દ્વારા મર્યાદિત થઈ શકે છે, જે પૂરતા અનિવાર્ય રાજ્ય હિત દ્વારા સંચાલિત હોય. સ્મિથ વિરુદ્ધ મેરીલેન્ડ[258] (૧૯૭૯) માં, એવું ઠેરવવામાં આવ્યું હતું કે 'પેન રજિસ્ટર' નો ઉપયોગ ચોથા સુધારાના અર્થમાં "શોધ" નથી, અને તેથી કોઈ વોરંટની જરૂર નથી. ન્યાયમૂર્તિ બ્લેકમ્યુને બહુમતી (૫:૪) અભિપ્રાય આપ્યો અને ઠેરવેલ કે અરજદારનો દાવો કે તે "પ્રાઈવસીની કાયદેસર અપેક્ષા" ધરાવે છે તે ટકી શકે નહીં:

"પ્રથમ, અમને શંકા છે કે સામાન્ય રીતે લોકો તેઓ જે નંબર ડાયલ કરે છે તેમાં પ્રાઈવસીની કોઈ વાસ્તવિક અપેક્ષા રાખે છે. બધા ટેલિફોન વપરાશકર્તાઓ સમજે છે કે તેઓએ ટેલિફોન કંપનીને ફોન નંબર 'પહોંચાડવા' જ જોઈએ, કારણ કે ટેલિફોન કંપનીના સ્વિચિંગ સાધનો દ્વારા જ તેમના કૉલ્સ પૂર્ણ થાય છે. બધા ગ્રાહકો સમજે છે કે, વધુમાં, ફોન કંપની પાસે તેઓ જે નંબર ડાયલ કરે છે તેનો કાયમી રેકોર્ડ બનાવવાની

[258] ૪૪૨ યુ.એસ. ૭૩૫ (૧૯૭૯)

સુવિધા છે, કારણ કે તેઓ તેમના માસિક બિલ પર તેમના લાંબા અંતરના (ટોલ) કૉલ્સની યાદી જુએ છે. વાસ્તવમાં, ટેલિફોન કંપનીઓ દ્વારા 'બિલિંગ કામગીરી તપાસવા, છેતરપિંડી શોધવા અને કાયદાના ઉલ્લંઘનને રોકવાના હેતુઓ માટે' પેન રજિસ્ટર અને સમાન ઉપકરણોનો નિયમિત ઉપયોગ કરવામાં આવે છે." (ભારપૂર્વક ઉમેરેલ)

બહુમતીએ કેટ્ઝમાં ન્યાયમૂર્તિ હાર્લાન દ્વારા ઘડવામાં આવેલી "પ્રાઈવસીની વાજબી અપેક્ષા" કસોટી અપનાવી અને નીચે મુજબ ઠેરવ્યું:

"[આ] તપાસ, જેમ કે ન્યાયમૂર્તિ હાર્લાને તેમના કેટ્ઝ સહમતિમાં યોગ્ય રીતે નોંધ્યું હતું, સામાન્ય રીતે બે અલગ પ્રશ્નોને સમાવે છે. પ્રથમ એ છે કે શું વ્યક્તિએ, તેના આચરણ દ્વારા, 'પ્રાઈવસીની વાસ્તવિક (વ્યક્તિલક્ષી) અપેક્ષા પ્રદર્શિત કરી છે' ... શું ... વ્યક્તિએ દર્શાવ્યું છે કે 'તે [કંઈક] ખાનગી તરીકે સાચવવા માંગે છે' ... બીજો પ્રશ્ન એ છે કે શું વ્યક્તિની પ્રાઈવસીની વ્યક્તિલક્ષી અપેક્ષા એવી છે કે જેને 'સમાજ વાજબી તરીકે ઓળખવા તૈયાર છે' ... શું ... સંજોગો હેઠળ ઉદ્દેશ્યપૂર્વક જોતાં વ્યક્તિની અપેક્ષા 'વાજબી' છે.

ટેલિફોન કંપનીના સેન્ટ્રલ ઑફિસ ખાતે ટેલિફોન કંપનીની મિલકત પર પેન રજિસ્ટર ઇન્સ્ટોલ કરવામાં આવ્યું હોવાથી, અરજદાર દેખીતી રીતે એવો દાવો કરી શકતો નથી કે તેની 'મિલકત' પર આક્રમણ કરવામાં

આવ્યું હતું અથવા પોલીસે 'બંધારણીય રીતે સુરક્ષિત વિસ્તાર' માં ઘૂસણખોરી કરી હતી."

આમ કોર્ટે ઠેરવેલ કે અરજદારે તમામ સંભાવનાઓમાં તેણે ડાયલ કરેલા ફોન નંબરોમાં પ્રાઈવસીની કોઈ વાસ્તવિક અપેક્ષા રાખી ન હતી, અને, જો તેણે રાખી હોય તો પણ, તેની અપેક્ષા "કાયદેસર" ન હતી. જો કે, ચુકાદામાં કેટ્ઝ કસોટીની મર્યાદાઓની પણ નોંધ લેવામાં આવી હતી:

"ચોક્કસપણે એવી પરિસ્થિતિઓની કલ્પના કરી શકાય છે જેમાં કેટ્ઝની બે-પક્ષીય તપાસ ચોથા સુધારાના સંરક્ષણનો અપૂરતો સૂચકાંક પૂરો પાડશે ... આવા સંજોગોમાં, જ્યાં વ્યક્તિની વ્યક્તિલક્ષી અપેક્ષાઓ સુસ્થાપિત ચોથા સુધારાના સ્વાતંત્ર્યથી અજાણ્યા પ્રભાવો દ્વારા 'કન્ડિશન્ડ' (પ્રભાવિત) થઈ ગઈ હોય, ત્યાં તે વ્યક્તિલક્ષી અપેક્ષાઓ દેખીતી રીતે ચોથા સુધારાના સંરક્ષણનો વ્યાપ શું હતો તે સુનિશ્ચિત કરવામાં કોઈ અર્થપૂર્ણ ભૂમિકા ભજવી શકશે નહીં."

ન્યાયમૂર્તિ સ્ટુઅર્ટે અસંમતિ દર્શાવી, જેમાં ન્યાયમૂર્તિ બ્રેનન જોડાયા અને ઠેરવેલ કે આ કેસમાં પ્રાઈવસીની કાયદેસર અપેક્ષા હતી:

"... ખાનગી ટેલિફોન પરથી ડાયલ કરાયેલા નંબરો - કૉલ દરમિયાન થતી વાતચીતની જેમ - કેટ્ઝમાં માન્ય બંધારણીય સંરક્ષણની અંદર છે. મને સ્પષ્ટ જણાય છે કે ખાનગી ટેલિફોનની પેન રજિસ્ટર દેખરેખ દ્વારા

મેળવેલી માહિતી એવી માહિતી છે જેમાં ટેલિફોન ગ્રાહક પ્રાઈવસીની કાયદેસર અપેક્ષા રાખે છે. આવી દેખરેખ દ્વારા મેળવવામાં આવેલી માહિતી વ્યક્તિના ઘર અથવા કાર્યાલયમાં ખાનગી આચરણમાંથી ઉદ્ભવે છે - એવા સ્થળો કે જે કોઈ શંકા વિના ચોથા અને ચૌદમા સુધારાના સંરક્ષણ માટે હકદાર છે. વધુમાં, તે માહિતી ટેલિફોનિક સંચારનો અભિન્ન ભાગ છે જે, કેટ્ઝ હેઠળ, બંધારણીય સંરક્ષણ માટે હકદાર છે ..."

ન્યાયમૂર્તિ માર્શલે અસંમતિ દર્શાવી અને આવી દેખરેખની મંજૂરી આપવાના જોખમો પર પોતાનો મત વ્યક્ત કર્યો, જેમાં ઠેરવેલ કે:

"હું માનું છું કે પેન રજિસ્ટરનો ઉપયોગ આવી વ્યાપક ઘૂસણખોરી રચે છે. અન્યથા માનવું એ આપણા અંગત અને વ્યાવસાયિક સંબંધોમાં ટેલિફોનિક સંચાર જે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, તેમજ અનિયંત્રિત સત્તાવાર દેખરેખ દ્વારા સામેલ પ્રથમ અને ચોથા સુધારાના હિતોની અવગણના કરે છે. કૉલ્સ કરવામાં પ્રાઈવસી માત્ર ગુનાહિત પ્રવૃત્તિમાં સંકળાયેલા લોકો માટે જ મૂલ્યવાન નથી. અનિયંત્રિત સરકારી દેખરેખની સંભાવના કંઈપણ ગેરકાયદેસર છુપાવવાનું ન ધરાવતા લોકો માટે પણ નિઃશંકપણે પરેશાન કરનારી સાબિત થશે. અપ્રિય રાજકીય સંગઠનોના સભ્યો અથવા ગુપ્ત સ્ત્રોતો ધરાવતા પત્રકારો સહિત ઘણી વ્યક્તિઓ, તેમના અંગત સંપર્કોનો ખુલાસો ટાળવા માટે કાયદેસરની ઈચ્છા રાખી શકે છે ...

સંભવિત કારણ કરતાં ઓછા આધાર પર ટેલિફોન રેકોર્ડ્સ સુધી સરકારી પહોંચની મંજૂરી આપવાથી રાજકીય જોડાણ અને પત્રકારત્વના પ્રયાસોના અમુક સ્વરૂપોને અવરોધ પહોંચી શકે છે જે ખરેખર મુક્ત સમાજની ઓળખ છે. ખાસ કરીને રિપોર્ટરોના સ્ત્રોતો શોધવા અને સુરક્ષિત રાજકીય પ્રવૃત્તિ પર નજર રાખવા માટે વોરંટ વગરની ટેલિફોનિક દેખરેખ પર સરકારના અગાઉના નિર્ભરતાને જોતાં ...

હું પેન રજિસ્ટરના ઉપયોગને સ્વતંત્ર ન્યાયિક સમીક્ષાથી મુક્ત રાખવા તૈયાર નથી." (ભારપૂર્વક ઉમેરેલ)

પ્લાન્ડ પેરેન્ટહૂડ વિરુદ્ધ કેસી[259] (૧૯૯૨) માં, પેન્સિલવેનિયા રાજ્યની ગર્ભપાત સંબંધિત કેટલીક કાનૂની જોગવાઈઓ જેવી કે જીવનસાથીની સંમતિને પડકારવામાં આવી હતી. કોર્ટે રો વિરુદ્ધ વેડ (ઉપર મુજબ) ના - જેને તેણે - "આવશ્યક નિર્ણય"[260] કહ્યો હતો તેને પુનઃપુષ્ટિ આપી, અને અવલોકન કર્યું:

"... અમારા અગાઉના નિર્ણયોએ 'કૌટુંબિક જીવનના ખાનગી ક્ષેત્રનું સન્માન કર્યું છે જેમાં રાજ્ય પ્રવેશી શકતું નથી.' ... આ બાબતો, જેમાં વ્યક્તિ જીવનભર કરી શકે તેવા સૌથી ઘનિષ્ઠ અને અંગત નિર્ણયો

[259] ૫૦૫ યુ.એસ. ૮૩૩ (૧૯૯૨)

[260] પ્લાન્ડ પેરેન્ટહૂડમાં સારાંશ આપ્યા મુજબ, રો નો આવશ્યક નિર્ણય નીચેના ત્રણ ભાગોનો બનેલો હતો: (૧) ગર્ભની સદ્ધરતા (જીવનક્ષમતા) પહેલાં ગર્ભપાત કરાવવાની અને રાજ્ય તરફથી અયોગ્ય દખલગીરી વિના તેને મેળવવાની સ્ત્રીના અધિકારની માન્યતા; (૨) સદ્ધરતા પછી ગર્ભપાતને પ્રતિબંધિત કરવાની રાજ્યની સત્તાની પુષ્ટિ, જો કાયદામાં સ્ત્રીના જીવન અથવા આરોગ્યને જોખમમાં મૂકતી ગર્ભાવસ્થા માટે અપવાદો હોય; અને (૩) તે સિદ્ધાંત કે રાજ્યને ગર્ભાવસ્થાની શરૂઆતથી જ સ્ત્રીના સ્વાસ્થ્ય અને ગર્ભના જીવનના રક્ષણમાં કાયદેસર હિત છે.

સામેલ છે, જે વ્યક્તિગત ગરિમા અને સ્વાયત્તતા માટે કેન્દ્રિય છે, તે ચૌદમા સુધારા દ્વારા સુરક્ષિત સ્વાતંત્ર્ય માટે કેન્દ્રિય છે. સ્વાતંત્ર્યના હાર્દમાં અસ્તિત્વની, અર્થની, બ્રહ્માંડની અને માનવ જીવનના રહસ્યની પોતાની વિભાવનાને વ્યાખ્યાયિત કરવાનો અધિકાર છે. આ બાબતો વિશેની માન્યતાઓ જો રાજ્યના દબાણ હેઠળ રચાઈ હોત તો તે વ્યક્તિગત વ્યક્તિત્વના લક્ષણોને વ્યાખ્યાયિત કરી શકી ન હોત ...

ગર્ભની સદ્ધરતા પહેલાં પોતાની ગર્ભાવસ્થા સમાપ્ત કરવાનો સ્ત્રીનો અધિકાર રો વિરુદ્ધ વેડનો સૌથી કેન્દ્રિય સિદ્ધાંત છે. તે કાયદાનું શાસન છે અને સ્વાતંત્ર્યનો એક ઘટક છે જેને આપણે ત્યાગી શકીએ નહીં."

મિનેસોટા વિરુદ્ધ કાર્ટર[261] (૧૯૯૮) માં, પ્રશ્ન એ હતો કે શું ચોથો સુધારો બહારના પોલીસ અધિકારી દ્વારા, નીચે ખેંચાયેલા બારીના પડદામાંથી, એપાર્ટમેન્ટમાં પ્રતિવાદીઓને કોકેઈનની બેગ બનાવતા જોવાની સામે રક્ષણ આપે છે કે કેમ. કોર્ટે આ પ્રશ્નનો નકારાત્મક જવાબ આપ્યો. ચીફ જસ્ટિસ રેહ્નક્વિસ્ટે કોર્ટનો બહુમતી ચુકાદો આપ્યો અને નોંધ્યું કે "સુધારાનું લખાણ સૂચવે છે કે તેનું રક્ષણ ફક્ત 'તેમના' ઘરોમાં રહેલા લોકોને જ વિસ્તરે છે." આ કેસ મિનેસોટા વિરુદ્ધ ઓલ્સન[262] (૧૯૯૦) થી અલગ પાડવામાં આવ્યો હતો, જ્યાં સુપ્રિમ કોર્ટે નક્કી કર્યું હતું કે ઘરમાં રાતોરાત રોકાતા મહેમાન ને પ્રાઈવસીની એવી અપેક્ષા હોય છે જેને ચોથો સુધારો સુરક્ષિત કરે છે. કોર્ટનો મત એવો હતો કે

[261] ૫૨૫ યુ.એસ. ૮૩ (૧૯૯૮)

[262] ૪૯૫ યુ.એસ. ૯૧ (૧૯૯૦)

ઘરમાં રાત્રિ રોકાણ કરનાર મહેમાન ચોથા સુધારાના સંરક્ષણનો દાવો કરી શકે છે, પરંતુ જે ફક્ત ઘરના માલિકની સંમતિથી હાજર હોય તે કરી શકતો નથી. આ કેસમાં સામાવાળાઓ રાત્રિ રોકાણ કરનારા મહેમાનો ન હતા, પરંતુ વ્યવસાયિક વ્યવહાર માટે હાજર હતા અને માત્ર થોડા કલાકો માટે જ ઘરમાં હતા. કોર્ટે ઠેરવ્યું:

> "વ્યાપારી હેતુઓ માટે વપરાતી મિલકત સાથે ચોથા સુધારાના હેતુઓ માટે રહેણાંક મિલકત કરતાં અલગ વ્યવહાર કરવામાં આવે છે. 'જો કે, વ્યાપારી પરિસરમાં પ્રાઈવસીની અપેક્ષા વ્યક્તિના ઘરમાં સમાન અપેક્ષા કરતાં અલગ હોય છે, અને વાસ્તવમાં ઓછી હોય છે.' ...
>
> અને જ્યારે તે એક 'ઘર' હતું જેમાં સામાવાળાઓ હાજર હતા, તે તેમનું ઘર નહોતું ...
>
> અહીં કરવામાં આવેલા વ્યવહારનું સંપૂર્ણ વ્યાપારી સ્વરૂપ, પરિસરમાં પ્રમાણમાં ટૂંકો સમયગાળો, અને સામાવાળાઓ તથા ઘરના માલિક વચ્ચેના કોઈપણ અગાઉના જોડાણનો અભાવ, આ તમામ બાબતો આપણને એવા તારણ પર લઈ જાય છે કે ... જે કોઈપણ શોધ થઈ હોઈ શકે છે તેણે તેમના ચોથા સુધારાના અધિકારોનું ઉલ્લંઘન કર્યું નથી." (ભારપૂર્વક ઉમેરેલ)

ન્યાયમૂર્તિ ગિન્સબર્ગે અસંમત અભિપ્રાય લખ્યો જેમાં ન્યાયમૂર્તિ સ્ટીવન્સ અને ન્યાયમૂર્તિ સાઉટર જોડાયા, અને ઠેરવેલ કે:

"અમારા નિર્ણયો દર્શાવે છે કે લોકો તેમના ઘરોમાં પ્રાઈવસીની વાજબી અપેક્ષા રાખે છે કારણ કે તેમની પાસે અન્ય લોકોને બાકાત રાખવાનો વિશેષાધિકાર છે ... યજમાનના આમંત્રણ દ્વારા, મહેમાન ઘરમાં પ્રાઈવસીની વાજબી અપેક્ષા મેળવે છે. મિનેસોટા વિરુદ્ધ ઓલ્સન, ૪૯૫ યુ.એસ. ૯૧ (૧૯૯૦) માં રાત્રિ રોકાણ કરનાર મહેમાનના સંબંધમાં આવું જ ઠેરવવામાં આવ્યું હતું. તે નિર્ણયનો તર્ક ટૂંકા ગાળાના મહેમાનો સુધી પણ વિસ્તરે છે."

કાઇલો વિરુદ્ધ યુનાઇટેડ સ્ટેટ્સ[263] (૨૦૦૧) માં, કોર્ટે (૫:૪ ની બહુમતીથી) ઠેરવેલ કે ગાંજો ઉગાડવાની શંકા ધરાવતી વ્યક્તિના ઘરની થર્મલ ઇમેજિંગ એ પ્રાઈવસીના અધિકારનું ઉલ્લંઘન હતું. ન્યાયમૂર્તિ સ્કેલિયાએ કોર્ટનો ચુકાદો આપ્યો અને ઠેરવેલ કે "ઓફ-ધ-વોલ" અને "થ્રુ-ધ-વોલ" સર્વેલન્સ વચ્ચે કોઈ તફાવત નથી કારણ કે બંને વ્યક્તિની પ્રાઈવસીમાં દખલગીરી તરફ દોરી જાય છે:

"થર્મલ ઇમેજિંગના પ્રતિબંધને 'અંગત વિગતો' સુધી મર્યાદિત કરવો એ માત્ર સિદ્ધાંતમાં જ ખોટો નથી; તે વ્યવહારમાં પણ અવ્યવહારુ હશે, જે 'કાયદાના અમલીકરણની જરૂરિયાતો અને ચોથા સુધારા દ્વારા સુરક્ષિત હિતો વચ્ચે કાર્યક્ષમ સમાધાન' પૂરું પાડવામાં નિષ્ફળ જશે ...

[263] ૫૩૩ યુ.એસ. ૨૭ (૨૦૦૧)

આપણે ... ઘરની કઈ પ્રવૃત્તિઓ 'અંગત' છે અને કઈ નથી તે નિર્દિષ્ટ કરતું ન્યાયશાસ્ત્ર વિકસાવવું પડશે. અને જ્યારે (જો ક્યારેય) તે ન્યાયશાસ્ત્ર સંપૂર્ણ રીતે વિકસિત થાય, તો પણ કોઈ પોલીસ અધિકારી અગાઉથી જાણી શકશે નહીં કે તેનું થ્રુ-ધ-વોલ સર્વેલન્સ 'અંગત' વિગતો પકડે છે કે નહીં - અને આમ તે અગાઉથી જાણી શકશે નહીં કે તે બંધારણીય છે કે કેમ ..." (ભારપૂર્વક ઉમેરેલ)

એવું તારણ કાઢવામાં આવ્યું હતું કે ભલે થર્મલ ઇમેજિંગને કારણે ઘરમાલિકની પ્રાઈવસી સાથે કોઈ "નોંધપાત્ર" સમાધાન થયું ન હતું, છતાં "ચોથા સુધારાના મૂળ અર્થમાંથી લાંબા ગાળાના દ્રષ્ટિકોણ" ને આગળ ધપાવવો જ જોઈએ.

લોરેન્સ વિરુદ્ધ ટેક્સાસ[264] માં, કોર્ટે ૬:૩ ના નિર્ણયમાં ટેક્સાસના સોડોમી (ગુદા મૈથુન) કાયદાને રદ કર્યો અને વિસ્તરણ દ્વારા યુનાઈટેડ સ્ટેટ્સના દરેક રાજ્ય અને પ્રદેશમાં સમાન-લિંગ જાતીય પ્રવૃત્તિને કાયદેસર બનાવીને અન્ય ૧૩ રાજ્યોમાં સોડોમી કાયદાઓને અમાન્ય કર્યા. કોર્ટે ૧૯૮૬ ના કેસ, બોવર્સ વિરુદ્ધ હાર્ડવિક[265] (૧૯૮૬) માં આ જ મુદ્દા પરના તેના અગાઉના ચુકાદાને ઉલટાવી દીધો, જ્યાં તેણે પડકારાયેલા જ્યોર્જિયા કાનૂનને સમર્થન આપ્યું હતું અને જાતીય પ્રાઈવસીનું કોઈ બંધારણીય સંરક્ષણ મેળવ્યું ન હતું. ન્યાયમૂર્તિ એન્થોની કેનેડીએ બહુમતી અભિપ્રાય (૬:૩ નિર્ણય) લખ્યો અને ઠેરવેલ કે:

---

[264] ૫૩૯ યુ.એસ. ૫૫૮ (૨૦૦૩)

[265] ૪૭૮ યુ.એસ. ૧૮૬ (૧૯૮૬)

"અરજદારો તેમના અંગત જીવન માટે આદર મેળવવા માટે હકદાર છે. રાજ્ય તેમના ખાનગી જાતીય આચરણને ગુનો બનાવીને તેમના અસ્તિત્વને અપમાનિત કરી શકતું નથી અથવા તેમના ભાવિને નિયંત્રિત કરી શકતું નથી ... બંધારણનું એ વચન છે કે વ્યક્તિગત સ્વાતંત્ર્યનું એવું ક્ષેત્ર છે જેમાં સરકાર પ્રવેશી શકતી નથી ... ટેક્સાસ કાનૂન એવા કોઈ કાયદેસર રાજ્ય હિતને આગળ વધારતો નથી જે વ્યક્તિના અંગત અને ખાનગી જીવનમાં તેની ઘૂસણખોરીને વાજબી ઠેરવી શકે."

માહિતી સંબંધિત પ્રાઈવસી એ નાસા વિરુદ્ધ નેલ્સન[266] (૨૦૧૧) માં મુખ્ય મુદ્દો હતો. કોર્ટે સર્વસંમતિથી ઠેરવેલ કે કોન્ટ્રાક્ટ કર્મચારીઓની નાસા દ્વારા હાથ ધરાયેલી બેકગ્રાઉન્ડ તપાસે કોઈ બંધારણીય પ્રાઈવસી અધિકારનું ઉલ્લંઘન કર્યું નથી. કર્મચારીઓએ એવી દલીલ કરી હતી કે યુ.એસ. સુપ્રિમ કોર્ટના અગાઉના ચુકાદાઓ એટલે કે વ્હેલન વિરુદ્ધ રો[267] (૧૯૭૭) અને નિક્સન વિરુદ્ધ એડમિનિસ્ટ્રેટર ઓફ જનરલ સર્વિસીસ[268] (૧૯૭૭) માં પરિકલ્પિત પ્રાઈવસીનો

---

[266] ૫૬૨ યુ.એસ. ૧૩૪ (૨૦૧૧)

[267] ૪૨૯ યુ.એસ. ૫૮૯ (૧૯૭૭). આ કેસમાં, પ્રથમ વખત, કોર્ટે માહિતી જાહેર ન કરવાના વ્યક્તિના હિતને સ્પષ્ટપણે માન્ય રાખ્યું. કોર્ટે બંધારણમાં પ્રાઈવસીની સ્થિતિને સંબોધવાનું પસંદ કર્યું, જેમાં ભારપૂર્વક જણાવ્યું કે પ્રાઈવસીનો બંધારણીય અધિકાર મોટાભાગે અવ્યાખ્યાયિત રહે છે અને ત્યારબાદ બંધારણીય રીતે સુરક્ષિત પ્રાઈવસી હિતોના પ્રકારોને ઓળખી કાઢ્યા: 'ક્યારેક પ્રાઈવસીનું રક્ષણ કરવા તરીકે દર્શાવવામાં આવેલા કેસોમાં વાસ્તવમાં ઓછામાં ઓછા બે અલગ પ્રકારના હિતો સામેલ છે. એક અંગત બાબતોની જાહેરાત ટાળવામાં વ્યક્તિગત હિત છે, અને બીજું અમુક પ્રકારના મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં સ્વતંત્રતાનું હિત છે.'

[268] ૪૩૩ યુ.એસ. ૪૨૫ (૧૯૭૭). આ કેસમાં, યુ.એસ. ના ભૂતપૂર્વ પ્રમુખ, નિક્સને પ્રેસિડેન્શિયલ રેકોર્ડિંગ્સ એન્ડ મટિરિયલ પ્રિઝર્વેશન એક્ટ, ૧૯૭૪ ને એ આધાર પર પડકાર્યો હતો કે તે તેમના પ્રાઈવસીના અધિકારનું ઉલ્લંઘન કરે છે, કારણ કે તેમના દસ્તાવેજોની ચકાસણી દ્વારા ઘૂસણખોરી થશે. નિક્સનની અરજ કોર્ટ દ્વારા ફગાવી દેવામાં આવી હતી, જેણે ઠેરવ્યું હતું કે 'કોઈપણ ઘૂસણખોરીને [પ્રાઈવસી સામે] જાહેર હિત સામે તોલવી જોઈએ.'

તેમનો બંધારણીય અધિકાર બેકગ્રાઉન્ડ તપાસ દ્વારા ઉલ્લંઘિત થયો હતો. ન્યાયમૂર્તિ અલીટો દ્વારા આપવામાં આવેલા બહુમતી ચુકાદાએ, પ્રાઈવસીનો બંધારણીય અધિકાર અસ્તિત્વમાં છે તેવું માનીને કેસનો નિર્ણય કર્યો. કોર્ટે ઠેરવેલ કે:

> "જો કે, અમે માનીએ છીએ કે સરકારની બેકગ્રાઉન્ડ તપાસના પડકારાયેલા ભાગો વર્તમાન કેસમાં આ અધિકારનું ઉલ્લંઘન કરતા નથી. તેની આંતરિક કામગીરીનું સંચાલન કરવામાં એમ્પ્લોયર અને માલિક તરીકે સરકારના હિતો, પ્રાઈવસી એક્ટ ૧૯૭૪ દ્વારા પ્રદાન કરવામાં આવેલા જાહેર પ્રસાર સામેના રક્ષણ સાથે મળીને, કોઈપણ 'જાહેરાત ટાળવાના હિત' ને સંતોષે છે જે 'કદાચ બંધારણમાં મૂળ ધરાવે છે ... સરકાર પાસે કર્મચારીઓને તેમના તાજેતરના ગેરકાયદેસર-ડ્રગ વપરાશ વિશે પૂછવાનું સારું કારણ છે.'"

બહુમતીએ એકત્રિત ડેટાના દુરુપયોગ અંગેની તમામ દલીલોને પણ નકારી કાઢી અને ઠેરવ્યું:

> "... સુરક્ષા પગલાં નિષ્ફળ જશે તેવી માત્ર સંભાવના સરકારી માહિતી-સંગ્રહ પદ્ધતિઓ પર વ્યાપક હુમલા માટે કોઈ 'યોગ્ય આધાર' પૂરો પાડતી નથી. સદર. સામાવાળાઓ એસ.એફ.-૮૫ ના તે ભાગને પણ ટાંકે છે જે 'સમાચાર માધ્યમો અથવા સામાન્ય જનતા સમક્ષ' સંભવિત જાહેરાતની ચેતવણી આપે છે. એપ. ૮૯. તેની શરતો અનુસાર, આ અપવાદ જાહેર

જાહેરાતની મંજૂરી ત્યારે જ આપે છે જ્યારે મુક્તિ 'જાહેર હિતમાં' હોય અને તેના પરિણામે 'વ્યક્તિગત પ્રાઈવસીમાં અયોગ્ય આક્રમણ' ન થાય. સદર. સામાવાળાઓએ આવી જાહેરાતનું કોઈ ઉદાહરણ આપ્યું નથી, કે ન તો તેઓએ કોઈ સંભવિત દૃશ્ય ઓળખી કાઢ્યું છે જેમાં તેમની માહિતી આ અપવાદ હેઠળ અયોગ્ય રીતે જાહેર થઈ શકે ... પ્રાઈવસી એક્ટની બિન-ખુલાસા આવશ્યકતા દ્વારા પૂરા પાડવામાં આવેલા સંરક્ષણને ધ્યાનમાં રાખીને, અને ફોર્મના પડકારાયેલા ભાગો રોજગાર બેકગ્રાઉન્ડ તપાસમાં વાજબી પૂછપરછ ધરાવતા હોવાથી, અમે તારણ કાઢીએ છીએ કે સરકારની પૂછપરછ માહિતી સંબંધિત પ્રાઈવસીના બંધારણીય અધિકારનું ઉલ્લંઘન કરતી નથી." (ભારપૂર્વક ઉમેરેલ)

ન્યાયમૂર્તિ સ્કેલિયાએ, ન્યાયમૂર્તિ થોમસ દ્વારા સમર્થિત સહમતિપૂર્ણ અભિપ્રાયમાં, સંમતિ દર્શાવી હતી કે પૃષ્ઠભૂમિં તપાસ દ્વારા કોઈપણ બધારણીય અધિકારોનું ઉલ્લંઘન થયું નથી, પરંતુ એવો તર્ક આપ્યો હતો કે અદાલતે બંધારણીય ગોપનીયતાના પ્રશ્નને નકારાત્મક રીતે ઉકેલવો જોઈતો હતો. તેમનો મત એ હતો કે માહિતીગત ગોપનીયતા (ઇન્ફોર્મેશનલ પ્રાઇવસી) માટે કોઈ બંધારણીય અધિકાર અસ્તિત્વમાં નથી. ન્યાયમૂર્તિ સ્કેલિયાએ બંધારણીય પ્રશ્નને ટાળવાના અદાલતના નિર્ણયની ટીકા કરતા જણાવ્યું હતું કે:

"જો, બીજી બાજુ, કોર્ટ માને છે કે માહિતી સંબંધિત પ્રાઈવસીનો બંધારણીય અધિકાર છે, તો પછી તે અધિકારનું વિશ્લેષણ કરતો લાંબો

અભિપ્રાય આપવા છતાં શરમાળપણે એ નોંધવું કે આ અધિકાર 'નક્કી' કરવાને બદલે 'માની લેવાયેલ' છે તેમાં મને લઘુત્તમ ગુણો જોવામાં નિષ્ફળતા મળે છે ... કોર્ટ નક્કી કરે છે કે સરકારે માહિતી સંબંધિત પ્રાઈવસીના અધિકારનું ઉલ્લંઘન કર્યું નથી, તે નક્કી કર્યા વિના કે માહિતી સંબંધિત પ્રાઈવસીનો કોઈ અધિકાર છે કે કેમ, અને કાલ્પનિક અધિકારનું ઉલ્લંઘન થયું છે કે નહીં તેનું મૂલ્યાંકન કરવા માટે કયા કાલ્પનિક ધોરણનો ઉપયોગ કરવો જોઈએ તેનું વર્ણન કર્યા વિના પણ." (ભારપૂર્વક ઉમેરેલ)

યુનાઈટેડ સ્ટેટ્સ વિરુદ્ધ જોન્સ[269] (૨૦૧૨) માં, સર્વસંમતિથી ઠેરવવામાં આવ્યું હતું કે વાહન પર ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમ (જીપીએસ) ટ્રેકિંગ ડિવાઇસ લગાવવું અને વાહનની હિલચાલ પર નજર રાખવા માટે ઉપકરણનો ઉપયોગ કરવો એ ચોથા સુધારા હેઠળ શોધ સમાન છે. જો કે, તારણ પાછળના મૂળભૂત કારણો અંગે ન્યાયાધીશો પ:૪ માં વહેંચાયેલા હતા. ન્યાયમૂર્તિ સ્કેલિયાએ ટ્રેસપાસ કસોટી લાગુ કરીને બહુમતી ચુકાદો આપ્યો. એવું ઠેરવવામાં આવ્યું હતું કે માહિતી મેળવવાના હેતુ માટે પ્રતિવાદીની કાર પર સરકારની શારીરિક ઘૂસણખોરી એ ટ્રેસપાસ રચે છે અને તેથી તે એક "શોધ" છે. જો કે, ન્યાયમૂર્તિ સ્કેલિયાએ શારીરિક ઘૂસણખોરી વિના જીપીએસ ડેટાના વોરંટ વગરના ઉપયોગની પ્રાઈવસી અસરો અંગેના પ્રશ્નને અનુત્તરિત રાખ્યો હતો.

[269] ૫૬૫ યુ.એસ. ૪૦૦ (૨૦૧૨)

ન્યાયમૂર્તિ સોનિયા સોટોમેયર, ન્યાયમૂર્તિ સ્કેલિયા સાથે સહમત થયા, પરંતુ ચુકાદાના પ્રાઈવસીના પાસાઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યું. ન્યાયમૂર્તિ સોટોમેયર ન્યાયમૂર્તિ અલીટોની સહમતિ સાથે સંમત થયા કે "સર્વેલન્સના ઘણા સ્વરૂપો માટે હવે શારીરિક ઘૂસણખોરી બિનજરૂરી છે", અને ઠેરવેલ કે "ઇલેક્ટ્રોનિક અથવા સર્વેલન્સની અન્ય નવીન પદ્ધતિઓના કિસ્સામાં કે જે મિલકત પર શારીરિક અતિક્રમણ પર આધાર રાખતી નથી, બહુમતી અભિપ્રાયની ટ્રેસપાસ કસોટી બહુ ઓછું માર્ગદર્શન પૂરું પાડી શકે છે". વધુમાં એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે:

> "જીપીએસ મોનિટરિંગ વ્યક્તિની જાહેર હિલચાલનો ચોક્કસ, વ્યાપક રેકોર્ડ જનરેટ કરે છે જે વ્યક્તિના પારિવારિક, રાજકીય, વ્યાવસાયિક, ધાર્મિક અને જાતીય સંગઠનો વિશે ઘણું બધું પ્રતિબિંબિત કરે છે. [જીપીએસ] ડેટામાં ... એવી મુલાકાતો જાહેર થશે જેનું નિર્વિવાદપણે ખાનગી સ્વરૂપ કલ્પના કરવા માટે બહુ વિચાર કરવો પડતો નથી: મનોચિકિત્સક, પ્લાસ્ટિક સર્જન, ગર્ભપાત ક્લિનિક, એઇડ્સ સારવાર કેન્દ્ર, સ્ટ્રીપ ક્લબ, ફોજદારી બચાવ વકીલ, કલાક દીઠ ભાડાની મોટેલ, યુનિયન બેઠક, મસ્જિદ, સિનાગોગ અથવા ચર્ચ, ગે બાર અને તેવા તમામ સ્થળોની મુલાકાતો ... સરકાર આવા રેકોર્ડ્સનો સંગ્રહ કરી શકે છે અને ભવિષ્યના વર્ષો સુધી માહિતી માટે કાર્યક્ષમ રીતે તેનો ઉપયોગ કરી શકે છે ... અને કારણ કે જીપીએસ મોનિટરિંગ પરંપરાગત સર્વેલન્સ

પદ્ધતિઓની તુલનામાં સસ્તું છે અને, રચના મુજબ, ગુપ્ત રીતે આગળ વધે છે, તે દુરુપયોગી કાયદા અમલીકરણ પદ્ધતિઓને અંકુશમાં રાખતી સામાન્ય તપાસોને ટાળે છે: "મર્યાદિત પોલીસ સંસાધનો અને સમુદાયની પ્રતિકૂળતા" ...

ચોખ્ખું પરિણામ એ છે કે જીપીએસ મોનિટરિંગ - સરકાર, તેની અનિયંત્રિત વિવેકબુદ્ધિથી જેને ટ્રેક કરવાનું પસંદ કરે છે તે કોઈપણ વ્યક્તિ વિશે પ્રમાણમાં ઓછા ખર્ચે આટલા નોંધપાત્ર પ્રમાણમાં અંગત માહિતી ઉપલબ્ધ કરાવીને - 'નાગરિક અને સરકાર વચ્ચેના સંબંધને એવી રીતે બદલી શકે છે જે લોકશાહી સમાજ માટે નુકસાનકારક છે.'"(ભારપૂર્વક ઉમેરેલ)

ન્યાયમૂર્તિ સોટોમેયરે એવું કહીને તારણ કાઢ્યું:

" [મને] શંકા છે કે લોકો તેમણે મુલાકાત લીધેલી દરેક વેબસાઇટની યાદી [અથવા ડાયલ કરેલા ફોન નંબરો] સરકાર સમક્ષ વોરંટ વગર જાહેર કરવાનું ફરિયાદ વિના સ્વીકારશે ... હું એવું માની લઈશ નહીં કે મર્યાદિત હેતુ માટે જનતાના કોઈ સભ્ય સમક્ષ સ્વેચ્છાએ જાહેર કરાયેલી તમામ માહિતી, માત્ર તે જ કારણસર, ચોથા સુધારાના સંરક્ષણ માટે અયોગ્ય બની જાય છે."

ફ્લોરિડા વિરુદ્ધ જાર્ડિન્સ[270] (૨૦૧૩) માં, કોર્ટે ઠેરવેલ કે ખાનગી ઘરના આગળના મંડપ પર માદક દ્રવ્યોને સૂંઘવા માટે તાલીમ પામેલા ડિટેક્શન કૂતરાનો પોલીસ ઉપયોગ એ યુ.એસ. બંધારણના ચોથા સુધારાના અર્થમાં "શોધ" છે, અને તેથી, સંમતિ વિના, સંભવિત કારણ અને સર્ચ વોરંટ બંનેની જરૂર પડે છે. કોર્ટનો ચુકાદો આપનાર ન્યાયમૂર્તિ સ્કેલિયાએ નીચે મુજબ ઠેરવ્યું:

> "અમે ... 'ઘરની આસપાસ અને તેની સાથે સંકળાયેલા વિસ્તાર' ને ... 'ચોથા સુધારાના હેતુઓ માટે ઘરનો જ ભાગ' માનીએ છીએ .... ઘરની આસપાસનો આ વિસ્તાર 'શારીરિક અને મનોવૈજ્ઞાનિક બંને રીતે ઘર સાથે ગાઢ રીતે જોડાયેલો છે,' અને જ્યાં 'પ્રાઈવસીની અપેક્ષાઓ સૌથી વધુ ઊંચી હોય છે.'" (ભારપૂર્વક ઉમેરેલ)

ન્યાયમૂર્તિ કાગને સહમત અભિપ્રાયમાં લખ્યું:

> "બાયનોક્યુલર્સ ની જેમ, ડ્રગ-ડિટેક્શન કૂતરો એ સાદી નજરમાં (અથવા સાદી ગંધમાં) ન હોય તેવી વસ્તુઓ શોધવા માટેનું એક વિશિષ્ટ સાધન છે. અને ઉપરની પૂર્વધારણાની જેમ, તે ઉપકરણ અહીં ઘર તરફ લક્ષિત હતું - ચોથો સુધારો જે તમામ સ્થળો અને વસ્તુઓનું રક્ષણ કરે છે તેમાંથી સૌથી ખાનગી અને અવિભાજ્ય (અથવા એવી આપણે અપેક્ષા રાખીએ છીએ) ... આ ઉપકરણ 'સામાન્ય જાહેર ઉપયોગમાં' ન હોવાથી, તેને ઘર પર કેન્દ્રિત કરવું એ આપણી 'પ્રાઈવસીની લઘુત્તમ અપેક્ષા' નું ઉલ્લંઘન કરે

[270] ૫૬૯ યુ.એસ. ૧ (૨૦૧૩)

છે - એવી અપેક્ષા 'જે અસ્તિત્વ ધરાવે છે, અને જેને વાજબી તરીકે સ્વીકારવામાં આવે છે.'" (ભારપૂર્વક ઉમેરેલ)

ત્રણ વર્ષ પહેલાં, રિલે વિરુદ્ધ કેલિફોર્નિયા[271] (૨૦૧૪) માં, કોર્ટે સર્વસંમતિથી ઠેરવેલ કે ધરપકડ દરમિયાન સેલ ફોનની ડિજિટલ સામગ્રીની વોરંટ વિના શોધ અને જપ્તી ગેરબંધારણીય છે. ચીફ જસ્ટિસ રોબર્ટ્સે કોર્ટનો ચુકાદો આપ્યો અને સેલ ફોનના યુગમાં પ્રાઈવસી પરની અસર અંગે ટિપ્પણી કરી:

"સેલ ફોન પહેલાં, વ્યક્તિની શોધ ભૌતિક વાસ્તવિકતાઓ દ્વારા મર્યાદિત હતી અને સામાન્ય બાબત તરીકે પ્રાઈવસી પર માત્ર સંકુચિત ઘૂસણખોરી રચી શકતી હતી ... જ્યારે સેલ ફોનની વાત આવે ત્યારે પ્રાઈવસી પરની સંભવિત ઘૂસણખોરી એ જ રીતે ભૌતિક રીતે મર્યાદિત હોતી નથી ... સેલ ફોન પરનો ડેટા એ પણ જાહેર કરી શકે છે કે વ્યક્તિ ક્યાં ગઈ હતી. ઐતિહાસિક સ્થાનની માહિતી ઘણા સ્માર્ટ ફોન પર એક માનક સુવિધા છે અને તે વ્યક્તિની ચોક્કસ હિલચાલને માત્ર શહેરની આસપાસ જ નહીં પરંતુ કોઈ ચોક્કસ ઇમારતની અંદર પણ મિનિટો સુધી પુનઃનિર્માણ કરી શકે છે ... સેલ ફોન પર મોબાઇલ એપ્લિકેશન સોફ્ટવેર, અથવા 'એપ્સ', વ્યક્તિના જીવનના તમામ પાસાઓ વિશે વિગતવાર માહિતીનું સંચાલન કરવા માટેના સાધનોની શ્રેણી પ્રદાન કરે છે ...

[271] ૫૭૩ યુ.એસ. _ (૨૦૧૪)

આધુનિક સેલ ફોન એ માત્ર બીજી તકનીકી સુવિધા નથી. તેઓ જે કંઈ સમાવે છે અને જે કંઈ જાહેર કરી શકે છે તેની સાથે, તેઓ ઘણા અમેરિકનો માટે 'જીવનની ગોપનીયતા' ધરાવે છે ... હકીકત એ છે કે ટેકનોલોજી હવે વ્યક્તિને આવી માહિતી પોતાના હાથમાં રાખવાની મંજૂરી આપે છે તે માહિતીને તે સંરક્ષણ માટે જરાય ઓછી લાયક બનાવતી નથી જેના માટે સ્થાપકો લડ્યા હતા. ધરપકડ દરમિયાન જપ્ત કરાયેલા સેલ ફોનની શોધ કરતાં પહેલાં પોલીસે શું કરવું જોઈએ તે પ્રશ્નનો અમારો જવાબ તે મુજબ સરળ છે - વોરંટ મેળવો." (ભારપૂર્વક ઉમેરેલ)

ઓબરગેફેલ વિરુદ્ધ હોજેસ[272] માં, કોર્ટે પ:૪ ના નિર્ણયમાં ઠેરવેલ કે ચૌદમા સુધારાના ડ્યુ પ્રોસેસ ક્લોઝ અને ઇક્વલ પ્રોટેક્શન ક્લોઝ બંને દ્વારા સમાન-લિંગ યુગલોને લગ્ન કરવાનો મૂળભૂત અધિકાર બાંહેધરી આપવામાં આવ્યો છે. ન્યાયમૂર્તિ કેનેડીએ બહુમતી અભિપ્રાય આપ્યો (જેમાં ન્યાયમૂર્તિ ગિન્સબર્ગ, બ્રાયર, સોટોમેયર અને કાગન જોડાયા):

"ખરેખર, કોર્ટે નોંધ્યું છે કે કૌટુંબિક જીવનની અન્ય બાબતોના સંબંધમાં પ્રાઇવસીના અધિકારને માન્યતા આપવી અને આપણા સમાજમાં કુટુંબનો પાયો હોય તેવા સંબંધમાં પ્રવેશવાના નિર્ણયના સંબંધમાં નહીં તે પરસ્પર વિરોધાભાસી હશે." (ભારપૂર્વક ઉમેરેલ)

[272] ૫૭૬ યુ.એસ. _ (૨૦૧૫)

યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકામાં પ્રાઈવસીના અધિકાર પરના ન્યાયશાસ્ત્રનો વિકાસ દર્શાવે છે કે બંધારણમાં 'પ્રાઈવસી' શબ્દનો કોઈ સ્પષ્ટ ઉલ્લેખ ન હોવા છતાં, દેશની અદાલતોએ બંધારણના વિવિધ સુધારાઓ હેઠળ પ્રાઈવસીના અધિકારને માત્ર માન્યતા આપી નથી પરંતુ પ્રાઈવસીના અધિકાર હેઠળ સંરક્ષણના ક્ષેત્રને ઉત્તરોત્તર વિસ્તૃત પણ કર્યું છે. તેના પ્રારંભિક વર્ષોમાં, ધ્યાન મિલકત અને ભૌતિક જગ્યાઓના રક્ષણ પર હતું જેને ખાનગી ગણવામાં આવતી હતી જેમ કે વ્યક્તિનું ઘર. આ 'ટ્રેસપાસ સિદ્ધાંત' અપ્રસ્તુત બન્યો જ્યારે એવું ઠેરવવામાં આવેલ કે પ્રાઈવસીના અધિકાર હેઠળ જે સુરક્ષિત છે તે "લોકો છે, સ્થળો નહીં". પ્રાઈવસીના અધિકારનો વિકાસ કરતી વખતે ત્યારપછી વિવિધ અન્ય અધિકારક્ષેત્રો દ્વારા 'પ્રાઈવસીની વાજબી અપેક્ષા' કસોટી પર આધાર રાખવામાં આવ્યો છે. 'વ્યક્તિ' માં પ્રાઈવસીના અધિકારને સ્થાન આપીને, પ્રાઈવસીના અધિકાર પરનું અમેરિકન ન્યાયશાસ્ત્ર રાજ્ય દ્વારા થતી દખલગીરી સામે વ્યક્તિના જીવનના વિવિધ ખાનગી પાસાઓને સુરક્ષિત કરવા માટે વિકસિત થયું છે - જેમ કે અંતરાત્મા, શિક્ષણ, વ્યક્તિગત માહિતી, સંચાર અને વાતચીત, જાતીયતા, લગ્ન, પ્રજનન, ગર્ભનિરોધક, વ્યક્તિગત માન્યતાઓ, વિચારો અને લાગણીઓ, રાજકીય અને અન્ય સામાજિક જૂથો. કોર્ટના વિવિધ ચુકાદાઓએ તકનીકી વિકાસનું પણ વિશ્લેષણ કર્યું છે જેણે દેખરેખને વધુ વ્યાપક બનાવી છે અને નાગરિકોની પ્રાઈવસીને અસર કરી છે. આ તમામ કેસોમાં, કોર્ટે પ્રાઈવસીનો અધિકાર જાળવવામાં વ્યક્તિના હિતો અને કાયદો અને વ્યવસ્થા જાળવવામાં રાજ્યના હિતો વચ્ચે સંતુલન સાધવાનો પ્રયાસ કર્યો છે.

સમલૈંગિકો વચ્ચે સંમતિથી થતી જાતીય પ્રવૃત્તિને અપરાધમુક્ત કરતા અને સમાન-લિંગ યુગલોને લગ્ન કરવાના અધિકારની બાંહેધરી આપતા સુપ્રિમ કોર્ટના નિર્ણયો દર્શાવે છે કે પ્રાઈવસીનો અધિકાર સ્વાતંત્ર્ય અને કાયદાના સમાન સંરક્ષણની બંધારણીય ગેરંટી માટે આંતરિક છે.

(૩) દક્ષિણ આફ્રિકામાં પ્રાઈવસીનો બંધારણીય અધિકાર

દક્ષિણ આફ્રિકામાં, ૧૯૯૬ ના બંધારણમાં બિલ ઓફ રાઈટ્સની કલમ ૧૪ માં પ્રાઈવસીના અધિકારને સમાવિષ્ટ કરવામાં આવ્યો છે. કલમ ૧૪ નીચે મુજબ જોગવાઈ કરે છે:

"૧૪. પ્રાઈવસી.-દરેક વ્યક્તિને પ્રાઈવસીનો અધિકાર છે, જેમાં નીચેની બાબતો ન થવાના અધિકારનો સમાવેશ થાય છે-

(એ) તેમની વ્યક્તિ અથવા ઘરની ઝડતી;

(બી) તેમની મિલકતની ઝડતી;

(સી) તેમની ચીજવસ્તુઓની જપ્તી; અથવા

(ડી) તેમના સંચારની પ્રાઈવસીનું ઉલ્લંઘન."

નેશનલ મીડિયા લિમિટેડ વિરુદ્ધ જોસ્તે[273] (૧૯૯૬) માં, ન્યાયમૂર્તિ હાર્મ્સે નીચેના શબ્દોમાં પ્રાઈવસીને વ્યાખ્યાયિત કરી:

[273] ૧૯૯૬ (૩) એસ.એ. ૨૬૨ (એ)

"પ્રાઈવસી એ જીવનની એક એવી વ્યક્તિગત સ્થિતિ છે જે જનતા અને પ્રસિદ્ધિમાંથી બાકાત રહેવા દ્વારા વર્ગીકૃત થયેલ છે. આ સ્થિતિ તે તમામ વ્યક્તિગત હકીકતોને સમાવે છે જેને સંબંધિત વ્યક્તિએ બહારના લોકોની જાણકારીમાંથી બાકાત રાખવાનું નક્કી કર્યું છે અને જેના સંબંધમાં તે તેમને ખાનગી રાખવાની ઈચ્છા ધરાવે છે."

પ્રાઈવસીના અધિકારના ક્ષેત્ર પર, કોર્ટે ઠેરવેલ કે:

"પ્રાઈવસીના અધિકારમાં ખાનગી હકીકતોનું ભાવિ નક્કી કરવાની ક્ષમતાનો સમાવેશ થાય છે ... સંબંધિત વ્યક્તિ જાહેરાતના ક્ષેત્રને નિર્દેશિત કરવા માટે હકદાર છે ... જાહેરાતનો હેતુ અને પદ્ધતિ ... ક્યારે અને કઈ શરતો હેઠળ ખાનગી હકીકતો જાહેર કરી શકાય. વિપરીત દ્રષ્ટિકોણ વ્યક્તિના કહેવાતા 'વ્યક્તિત્વના સંપૂર્ણ અધિકારો' પર અયોગ્ય અવરોધો મૂકશે ...

તેનો અર્થ એ પણ થશે કે વ્યક્તિત્વના અધિકારો વાસ્તવિક અથવા વ્યક્તિગત અધિકારો કરતાં નીચલા ક્રમના છે."

બર્નસ્ટીન વિરુદ્ધ બેસ્ટર અને અન્ય[274] (૧૯૯૬) માં, દક્ષિણ આફ્રિકાની સુપ્રિમ કોર્ટે કંપનીઝ એક્ટની અમુક કલમોની બંધારણીયતાના પડકાર પર નિર્ણય કર્યો, તે આધાર પર કે આ કલમો હેઠળની તપાસ વ્યક્તિગત પ્રાઈવસીના સામાન્ય અધિકાર (કલમ ૧૩) નું ઉલ્લંઘન કરે છે. એવું ઠેરવવામાં આવ્યું હતું કે

[274] ૧૯૯૬ (૨) એસ.એ. ૭૫૧ (સીસી)

આ જોગવાઈઓ બંધારણના ભંગ સમાન નહોતી. ન્યાયમૂર્તિ અકરમેને પ્રાઈવસીની વિભાવનાને નીચે મુજબ સમજાવી:

> "પ્રાઈવસીનો વ્યાપ ઓળખની વિભાવના સાથે ગાઢ રીતે સંબંધિત રહ્યો છે અને ... [તે] અધિકાર ... અસંબદ્ધ સ્વ ની વિભાવના પર આધારિત છે, પરંતુ પોતાની સ્વાયત્ત ઓળખ મેળવવા માટે શું જરૂરી છે તે વિભાવના પર આધારિત છે."

કોર્ટે અવલોકન કર્યું કે દરેક અન્ય અધિકારની જેમ, પ્રાઈવસીના અધિકારની પણ તેની મર્યાદાઓ છે:

> "[૬૭] પ્રાઈવસીના સંદર્ભમાં તે માત્ર વ્યક્તિનું આંતરિક પવિત્ર સ્થળ છે, જેમ કે તેનું/તેણીનું કૌટુંબિક જીવન, જાતીય પસંદગી અને ઘરનું વાતાવરણ, જે સમુદાયના વિરોધી અધિકારો દ્વારા થતા ધોવાણથી સુરક્ષિત છે. આનો અર્થ એ થાય છે કે સામુદાયિક અધિકારો અને સાથી સભ્યોના અધિકારો નાગરિક પર અનુરૂપ જવાબદારી લાદે છે, જેથી વ્યક્તિવાદની અમૂર્ત વિભાવનાને નાગરિક સમાજના નક્કર સભ્યની ઓળખ તરફ આકાર આપે છે. સાચા વ્યક્તિગત ક્ષેત્રમાં પ્રાઈવસી સ્વીકારવામાં આવે છે, પરંતુ જેમ જેમ વ્યક્તિ વ્યાપારી અને સામાજિક ક્રિયાપ્રતિક્રિયા જેવા સામુદાયિક સંબંધો અને પ્રવૃત્તિઓમાં આગળ વધે છે, તેમ તેમ વ્યક્તિગત ક્ષેત્રનો વ્યાપ તે મુજબ સંકોચાય છે."

સોડોમીને ગુનો બનાવતા કાયદાઓની બંધારણીય માન્યતાને નેશનલ કોએલિશન ફોર ગે એન્ડ લેસ્બિયન ઇક્વાલિટી વિરુદ્ધ મિનિસ્ટર ઓફ જસ્ટિસ[275] (૧૯૯૯) માં પડકારવામાં આવી હતી. એવું ઠેરવવામાં આવ્યું હતું કે સોડોમીનો સામાન્ય કાયદાનો ગુનો દક્ષિણ આફ્રિકા પ્રજાસત્તાકના ૧૯૯૬ ના બંધારણ સાથે અસંગત હતો. અકરમેન જે. એ વર્ણવ્યું કે કેવી રીતે ભેદભાવ પ્રાઈવસીના આક્રમણ તરફ દોરી જાય છે અને ઠેરવેલ કે:

> "પ્રાઈવસી માન્ય રાખે છે કે આપણને બધાને ખાનગી આત્મીયતા અને સ્વાયત્તતાના એવા ક્ષેત્રનો અધિકાર છે જે આપણને બહારના સમુદાયની દખલગીરી વિના માનવીય સંબંધો સ્થાપિત કરવા અને પોષવાની મંજૂરી આપે છે. જે રીતે આપણે આપણી જાતીયતાને અભિવ્યક્ત કરીએ છીએ તે ખાનગી આત્મીયતાના આ ક્ષેત્રના કેન્દ્રમાં છે. જો, આપણી જાતીયતા વ્યક્ત કરવામાં, આપણે પરસ્પર સંમતિથી અને એકબીજાને નુકસાન પહોંચાડ્યા વિના કાર્ય કરીએ છીએ, તો તે ક્ષેત્રનું આક્રમણ આપણી પ્રાઈવસીનો ભંગ હશે ..."

ન્યાયમૂર્તિ સાક્સે સમાનતા અને ગોપનીયતા વચ્ચેના આંતરસંબંધની ચર્ચા કરી અને ચુકાદો આપ્યો કે:

> "... સમાનતા અને પ્રાઈવસીને અલગ કરી શકાતા નથી, કારણ કે સોડોમી વિરોધી કાયદાઓ દ્વારા બંનેનું એકસાથે ઉલ્લંઘન થાય છે. પ્રસ્તુત

[275] ૧૯૯૯ (૧) એસ.એ. ૬ (સીસી)

બાબતમાં, આવા કાયદા તફાવત માટે સમાન આદરનો ઇનકાર કરે છે, જે સમાનતાના હાર્દમાં રહેલો છે, અને પ્રાઇવસીના આક્રમણનો આધાર બને છે. તે જ સમયે, ઘનિષ્ઠ વ્યક્તિગત વર્તણૂકના વિવિધ સ્વરૂપોનો રાજ્ય દ્વારા નકાર એ સમાનતાના અસ્વીકારનો પાયો બની જાય છે."

'સ્વાયત્તતા' ના અર્થ પર, કોર્ટે અવલોકન કર્યું કે:

"સ્વાયત્તતાનો અર્થ એવા અવકાશના પરબિડીયા પર કબજો કરવાના અધિકાર કરતાં ઘણો વધારે હોવો જોઈએ જેમાં સામાજિક રીતે અલગ વ્યક્તિ રાજ્યની દખલગીરીથી મુક્ત રહીને કાર્ય કરી શકે. નિર્ણાયક બાબત એ પ્રવૃત્તિનું સ્વરૂપ છે, તેનું સ્થળ નહીં. દરેક વ્યક્તિના અનન્ય મૂલ્યને ઓળખતી વખતે, બંધારણ એવું પૂર્વધારણા કરતું નથી કે અધિકારો ધરાવનાર વ્યક્તિ એક અશરીરી અને સામાજિક રીતે વિખૂટા પડેલા સ્વ ધરાવતી અલગ, એકલવાઈ અને અમૂર્ત આકૃતિ છે. તે સ્વીકારે છે કે લોકો તેમના શરીરમાં, તેમના સમુદાયોમાં, તેમની સંસ્કૃતિઓમાં, તેમના સ્થળોમાં અને તેમના સમયમાં જીવે છે ... ભાગીદારની પસંદગી કરવી કે તેની વ્યવસ્થા કરવી તે રાજ્યનું કામ નથી, પરંતુ ભાગીદારોએ પોતે પસંદગી કરવાનું છે." (ભારપૂર્વક ઉમેરેલ)

ન્યાયમૂર્તિ સાક્સે નોંધ્યું કે જે પ્રતીક સમાનતા અને પ્રાઇવસીને જોડે છે અને એક કરે છે, અને જે બિલ ઓફ રાઇટ્સ દ્વારા આપવામાં આવેલા સંરક્ષણોમાં સમગ્રપણે ચાલે છે, તે ગરિમા છે.

ઇન્વેસ્ટિગેટિંગ ડિરેક્ટોરેટ: સિરિયસ ઓફેન્સીસ વિરુદ્ધ હ્યુન્ડાઈ મોટર ડિસ્ટ્રીબ્યુટર્સ લિ.[276] (૨૦૦૧) માં, કોર્ટ નેશનલ પ્રોસિક્યુટિંગ ઓથોરિટી એક્ટની જોગવાઈઓની બંધારણીયતા સાથે સંકળાયેલી હતી જેણે "તૈયારીરૂપ તપાસ" ના હેતુઓ માટે શોધ અને જપ્તીના વોરંટ જારી કરવાની સત્તા આપી હતી.

ન્યાયમૂર્તિ લાંગા એ ન્યાયિક વ્યક્તિઓ (જ્યુરિસ્ટિક પર્સન્સ / કોર્પોરેશનો) ના પ્રાઈવસીના અધિકાર પર ચુકાદો આપ્યો અને ઠેરવેલ કે:

> "... પ્રાઈવસી એવો અધિકાર છે જે માનવીઓના જીવનના અંતરંગ અંગત ક્ષેત્રની જેટલો નજીક જાય છે તેટલો વધુ તીવ્ર બને છે, અને જેમ તે મૂળભૂત કેન્દ્રથી દૂર જાય છે તેમ ઓછો તીવ્ર બને છે. અધિકારની આ સમજ ... બંધારણ દ્વારા માનવ ગરિમા પર મૂકવામાં આવેલા મૂલ્યમાંથી ઉદ્ભવે છે. ન્યાયિક વ્યક્તિઓ માનવ ગરિમાના ધારક નથી. તેથી, તેમના પ્રાઈવસી અધિકારો ક્યારેય માનવીઓના અધિકારો જેટલા તીવ્ર હોઈ શકતા નથી. જો કે, આનો અર્થ એ નથી કે ન્યાયિક વ્યક્તિઓ પ્રાઈવસીના અધિકાર દ્વારા સુરક્ષિત નથી. ન્યાયિક વ્યક્તિઓને બાકાત રાખવાથી આપણા સમાજમાં પ્રાઈવસીના ગંભીર ઉલ્લંઘનની સંભાવના ઊભી થશે, જે બાબતોના સંચાલન માટે ગંભીર અસરો પેદા કરશે."

વ્યક્તિ અને રાજ્યના હિતો વચ્ચે સંતુલન સાધવાની જરૂરિયાત પર પ્રકાશ પાડતાં, એવું ઠેરવવામાં આવ્યું હતું કે:

---

[276] ૨૦૦૧ (૧) એસ.એ. ૫૪૫ (સીસી)

"[૫૪] ... તૈયારીરૂપ તપાસના સંદર્ભમાં શોધ અને જપ્તીની જોગવાઈઓ, ગુના સામેની લડાઈમાં મહત્વપૂર્ણ હેતુ પૂરો પાડે છે. રાજ્યનું એક અનિવાર્ય હિત છે જેમાં સમગ્ર સમુદાયની સુરક્ષા અને સ્વતંત્રતા સામેલ છે તે પ્રશ્નાતીત છે. તે એક એવો ઉદ્દેશ્ય છે જે અમુક સંજોગોમાં વ્યક્તિના પ્રાઈવસીના અધિકારની મર્યાદાને વાજબી ઠેરવવા માટે પૂરતો મહત્વપૂર્ણ છે .... બીજી બાજુ, રાજ્યના અધિકારીઓ મિલકતની શોધ અને જપ્તીના હેતુઓ માટે યોગ્ય કારણ વિના વ્યક્તિઓના પરિસરમાં આક્રમણ કરવા માટે હકદાર નથી; ... તેથી વ્યક્તિના હિતો અને રાજ્યના હિતો વચ્ચે સંતુલન સાધવું આવશ્યક છે, જે કાર્ય અધિકારોની મર્યાદાની તપાસના હાર્દમાં રહેલું છે." (ભારપૂર્વક ઉમેરેલ)

મિનિસ્ટર ઓફ હોમ અફેર્સ અને અન્ય વિરુદ્ધ ફૌરી અને અન્ય[277] (૨૦૦૬) માં, દક્ષિણ આફ્રિકાની બંધારણીય અદાલતે સર્વસંમતિથી ચુકાદો આપ્યો કે સમાન-લિંગ યુગલોને લગ્ન કરવાનો બંધારણીય અધિકાર છે. ન્યાયમૂર્તિ સેક્સ દ્વારા આપવામાં આવેલા ચુકાદામાં ઠેરવવામાં આવેલ કે:

"બંધારણની કલમ ૯(૧) જોગવાઈ કરે છે: 'દરેક વ્યક્તિ કાયદા સમક્ષ સમાન છે અને તેને કાયદાનું સમાન સંરક્ષણ અને લાભ મેળવવાનો અધિકાર છે.' ...

[277] ૨૦૦૬ (૧) એસ.એ. ૫૨૪ (સીસી)

કલમ ૯(૧) અને ૯(૩) ને માત્ર સમાન-લિંગ યુગલોને સજા અથવા બદનામીથી બચાવવા તરીકે વાંચી શકાય નહીં. તેઓ ફક્ત એક ખાનગી જગ્યા સાચવવાથી પણ આગળ વધે છે જેમાં ગે અને લેસ્બિયન યુગલો રાજ્ય તરફથી કોઈ દખલગીરી વિના સાથે રહી શકે છે. ખરેખર, આ બાબતમાં અરજદારો જે માંગે છે તે એકલા રહેવાનો અધિકાર નથી, પરંતુ સમાન તરીકે સ્વીકારવાનો અને કાયદા દ્વારા ગરિમા સાથે અપનાવવાનો અધિકાર છે ..

દત્તક માતાપિતા માટે એવું સૂચવવું અપમાનજનક છે કે તેમનું કુટુંબ કુદરતી બાળકો ધરાવતા કુટુંબ કરતાં કોઈપણ રીતે ઓછું કુટુંબ છે અને આદર તથા ચિંતા મેળવવા માટે ઓછું હકદાર છે. તે એવા યુગલ માટે પણ અપમાનજનક છે કે જેઓ સ્વેચ્છાએ બાળકો ન રાખવાનો અથવા એકબીજા સાથે જાતીય સંબંધો ન રાખવાનો નિર્ણય કરે છે; આ નિર્ણય સંપૂર્ણપણે તેમની પ્રાઈવસી અને સ્વાયત્તતાની અંદર આવે છે." (ભારપૂર્વક ઉમેરેલ)

એનએમ અને અન્ય વિરુદ્ધ સ્મિથ અને અન્ય[278] (૨૦૦૭) માં, એચઆઈવી પોઝિટિવ ધરાવતી ત્રણ મહિલાઓના નામ એક જીવનચરિત્રમાં જાહેર કરવામાં આવ્યા હતા. તેઓએ આક્ષેપ કર્યો હતો કે તેમની પૂર્વ સંમતિ વિનાના આ પ્રકાશને તેમની પ્રાઈવસી, ગરિમા અને મનોવૈજ્ઞાનિક અખંડિતતાના અધિકારોનું ઉલ્લંઘન કર્યું છે. કોર્ટે બહુમતીથી ઠેરવેલ કે સામાવાળાઓ વાકેફ હતા

[278] ૨૦૦૭ (૫) એસ.એ. ૨૫૦ (સીસી)

કે અરજદારોએ તેમની સ્પષ્ટ સંમતિ આપી ન હતી છતાં તેમના નામો પ્રકાશિત કર્યા હતા, જેથી તેમના પ્રાઈવસી અને ગરિમાના અધિકારોનું ઉલ્લંઘન થયું હતું. ન્યાયમૂર્તિ મડાલાએ તબીબી માહિતીમાં પ્રાઈવસી અને ગુપ્તતાના મૂલ્યના આધારે બહુમતી ચુકાદો આપ્યો અને ઠેરવેલ કે:

> "ખાનગી અને ગુપ્ત તબીબી માહિતી વ્યક્તિઓ વિશે અત્યંત સંવેદનશીલ અને વ્યક્તિગત માહિતી ધરાવે છે. દસ્તાવેજીકરણના અન્ય સ્વરૂપોથી વિપરીત, વ્યક્તિની આરોગ્ય વિષયક માહિતીનું વ્યક્તિગત અને અંતરંગ સ્વરૂપ શારીરિક અને મનોવૈજ્ઞાનિક અખંડિતતા તથા વ્યક્તિગત સ્વાયત્તતા સંબંધિત બાબતો અંગેના નાજુક નિર્ણયો અને પસંદગીઓને પ્રતિબિંબિત કરે છે ...
>
> વ્યક્તિઓ ગુપ્ત તબીબી માહિતીની પ્રાઈવસીને ખૂબ મહત્વ આપે છે કારણ કે મોટી સંખ્યામાં લોકો તે માહિતી સુધી પહોંચ મેળવી શકે છે અને તેના ખુલાસાથી સંભવિત હાનિકારક અસરો થઈ શકે છે. ખાનગી તબીબી માહિતી પ્રત્યેના આદરનો અભાવ અને ત્યારબાદ તેનો ખુલાસો એવા ભયમાં પરિણમી શકે છે જે વ્યક્તિને અમુક મૂળભૂત પસંદગીઓ કરવાનો તેનો અધિકાર છે તે પસંદગીઓ કરવાના અધિકારને જોખમમાં મૂકે છે. તેથી ગુપ્તતા જાળવવામાં પ્રાઈવસીનું પ્રબળ હિત રહેલું છે."

કોર્ટનો નિર્ણય એવો હતો કે પ્રાઈવસીના અધિકારમાં દખલ કરવા માટે એક અનિવાર્ય સામાજિક જરૂરિયાત હોવી જોઈએ અને આ કેસમાં આવું કોઈ અનિવાર્ય જાહેર હિત ન હતું.

વિસંમત ચુકાદામાં, ન્યાયમૂર્તિ ઓ'રેગને ઠેરવેલ કે તે મહિલાઓના નામો અને એચઆઇવી સ્થિતિનું પ્રકાશન ન તો ઈરાદાપૂર્વકનું હતું કે ન તો બેદરકારીભર્યું હતું. તે દ્રષ્ટિકોણ અનુસાર, સામાવાળાઓએ એવું માની લીધું હતું કે સંમતિ આપવામાં આવી હતી કારણ કે અરજદારોના નામો અને એચઆઇવી સ્થિતિ એક પ્રકાશિત પુસ્તકમાં પ્રકાશિત થયેલા હતા, જેમાં તેમની વિરુદ્ધ સંમતિ અંગે કોઈ અસ્વીકરણ ન હતું. પ્રાઈવસીના બંધારણીય અધિકારનું વિસ્તરણ કરતાં, કોર્ટે ઠેરવેલ કે:

> "... માનવી તરીકે આપણે સમુદાયમાં રહીએ છીએ અને વાસ્તવિક અર્થમાં તે સમુદાય દ્વારા રચાયેલા છીએ તેમજ તે સમુદાયની રચના પણ કરીએ છીએ, તેમ છતાં આપણે એક એવા અંગત ક્ષેત્રના હકદાર છીએ જેમાંથી આપણે તે સમુદાયને બાકાત રાખી શકીએ છીએ અને બાકાત રાખીએ છીએ. તે અંગત ક્ષેત્રમાં, આપણે અંતરંગ માનવીય સંબંધો સ્થાપિત કરીએ છીએ અને તેને પોષીએ છીએ તથા આપણું રોજિંદું જીવન જીવીએ છીએ. આપણી પોતાની રીતે આપણા પોતાના લક્ષ્યો અને હિતોને આગળ વધારવા માટેનું આ ક્ષેત્ર, ભલે ઘણીવાર સામાન્ય હોય,

છતાં માનવ જીવનને જે અર્થપૂર્ણ બનાવે છે તેના માટે તે અત્યંત મહત્વપૂર્ણ છે."

આ નિર્ણય અનુસાર, પ્રાઈવસીના બંધારણીય સંરક્ષણ માટે બે આંતરસંબંધિત કારણો છે – એક "માનવી હોવાનો શો અર્થ થાય છે તેની બંધારણીય વિભાવના" માંથી ઉદ્ભવે છે અને બીજું "રાજ્યની બંધારણીય વિભાવના" માંથી ઉદ્ભવે છે:

"પ્રાઈવસીના [પ્રથમ] પાસાનો એક અંતર્નિહિત ભાગ એ પસંદ કરવાનો અધિકાર છે કે આપણી કઈ વ્યક્તિગત માહિતી જાહેર અવકાશમાં જાહેર કરવામાં આવે. તે માહિતી જેટલી વધુ અંતરંગ હશે, પ્રાઈવસી, ગરિમા અને સ્વાયત્તતાને પ્રોત્સાહન આપવા માટે તેટલું જ વધુ મહત્વપૂર્ણ છે કે તે માહિતી જાહેર કરવી કે કેમ તેનો પ્રાથમિક નિર્ણય વ્યક્તિ પોતે લે. તે નિર્ણય અન્ય લોકો દ્વારા લેવાવો જોઈએ નહીં. પ્રાઈવસીના અધિકારના આ પાસાનો માત્ર રાજ્ય દ્વારા જ નહીં પરંતુ આપણા બધા દ્વારા આદર થવો જોઈએ.

... બીજું, આપણે લોકશાહી સમાજના એક આવશ્યક ભાગ તરીકે અને રાજ્યની સત્તા પરના નિયંત્રણ તરીકે પ્રાઈવસીને મૂલ્યવાન ગણીએ છીએ ... સરમુખત્યારશાહી સમાજોમાં, રાજ્ય સામાન્ય રીતે આવું રક્ષણ પૂરું પાડતું નથી. લોકો અને ઘરોની ઘણીવાર નિયમિતપણે તલાશી લેવામાં આવે છે અને જેમાંથી રાજ્યને બાકાત રાખી શકાય તેવા ખાનગી ક્ષેત્રની

શક્યતાનો ઘણીવાર ઇનકાર કરવામાં આવે છે. તેનું પરિણામ સ્વાતંત્ર્ય અને માનવ ગરિમાનો ઇનકાર છે. લોકશાહી સમાજોમાં, આ અસ્વીકાર્ય છે." (ભારપૂર્વક ઉમેરેલ)

પ્રાઇવસીના અધિકારની મર્યાદાઓ અને તેને અન્ય અધિકારો સાથે સંતુલિત કરવાની જરૂરિયાત નીચેના અવલોકનોમાંથી બહાર આવે છે:

"જો કે, વ્યક્તિગત ક્ષેત્રની અખંડિતતા પર કાયદેસરની મર્યાદાઓની માન્યતાનો અર્થ એ નથી કે તે ક્ષેત્ર રક્ષણ માટે લાયક નથી. સામાન્ય રીતે માનવ અધિકારોને પ્રોત્સાહન આપવા માટે અધિકારો રચનાત્મક રીતે એકબીજાને મજબૂત બનાવે તે સુનિશ્ચિત કરવાનો બંધારણ પ્રયાસ કરે છે. કેટલીકવાર આપણું બંધારણ સ્વીકારે છે કે વિવિધ અધિકારો માટે રક્ષણ પૂરું પાડવા માટે સંતુલન શોધવું આવશ્યક છે."

પ્રાઇવસી, સ્વાતંત્ર્ય અને ગરિમાના અધિકાર વચ્ચેના આંતરસંબંધ પર, કોર્ટે અવલોકન કર્યું કે:

"પ્રાઇવસીનો અધિકાર આપણા અંગત દૈનિક જીવનના ક્ષેત્રને જનતાથી સુરક્ષિત રાખવાના મહત્વને માન્યતા આપે છે. તેમ કરીને, તે મુખ્ય બંધારણીય અધિકારો તરીકે પ્રાઇવસી, સ્વાતંત્ર્ય અને ગરિમા વચ્ચેના આંતરસંબંધને ઉજાગર કરે છે જે માનવી હોવાનો શો અર્થ થાય છે તેની આપણી સમજનું નિર્માણ કરે છે. આ તમામ અધિકારો તેથી પરસ્પરાવલંબી અને પરસ્પર પૂરક છે. આપણે ઓછામાં ઓછા આ

કારણસર પ્રાઈવસીને મૂલ્યવાન ગણીએ છીએ – કે માનવી હોવાની બંધારણીય વિભાવના એ સંભાવનાને સ્થાપિત કરે છે અને પ્રોત્સાહન આપવા માંગે છે કે માનવીઓ એક વ્યાપક સમુદાયના એકંદર માળખામાં પોતાનું જીવન કેવી રીતે જીવવું તે પસંદ કરી શકે." (ભારપૂર્વક ઉમેરેલ)

દક્ષિણ આફ્રિકાના વચગાળાના તેમજ આખરી બંધારણમાં પ્રાઈવસીના અધિકારની બાંહેધરી આપતી સ્પષ્ટ જોગવાઈઓ છે. દક્ષિણ આફ્રિકાની સુપ્રિમ કોર્ટના ન્યાયાધીશોએ સમાનતા, પ્રાઈવસી અને ગરિમા વચ્ચે મહત્વપૂર્ણ આંતરસંબંધો સ્થાપિત કરીને આ અધિકારને વ્યાપક અર્થ આપ્યો છે. આમ કરતી વખતે, એ સ્વીકારવામાં આવ્યું છે કે પ્રાઈવસીનો અધિકાર શૂન્યાવકાશમાં અસ્તિત્વ ધરાવતો નથી, તેનું ઉલ્લંઘન અન્ય નાગરિક અધિકારો પર પણ નોંધપાત્ર અસર કરે છે. રંગભેદ આધારિત રાજ્યમાંથી લોકશાહી રાષ્ટ્ર તરફ સંક્રમણ કરી રહેલા દેશ પર આવું અર્થઘટન પ્રેરક અસર કરનારું સાબિત થઈ શકે છે.

(૪) કેનેડામાં પ્રાઈવસીનો બંધારણીય અધિકાર

જોકે ૧૯૮૨ નો કેનેડિયન ચાર્ટર ઓફ રાઈટ્સ એન્ડ ફ્રીડમ્સ ("ધ ચાર્ટર") સ્પષ્ટપણે પ્રાઈવસીના અધિકાર માટે જોગવાઈ કરતો નથી, છતાં કેનેડાની સુપ્રિમ કોર્ટ દ્વારા પ્રાઈવસીના અધિકારને માન્યતા આપવા માટે ચાર્ટરની કેટલીક કલમો પર આધાર રાખવામાં આવ્યો છે. સૌથી વિશેષરૂપે, આ

સંદર્ભમાં કલમ ૮[279] (યુએસ બંધારણના ચોથા સુધારાની કેનેડિયન આવૃત્તિ) નો ઉપયોગ કરવામાં આવ્યો છે. ચાર્ટરની કલમ ૭[280] ના સંદર્ભમાં પણ પ્રાઈવસીના મુદ્દાઓને માન્યતા આપવામાં આવી છે. ૧૯૮૩ માં, ફેડરલ સરકાર વ્યક્તિગત માહિતી કેવી રીતે એકત્રિત કરે છે, તેનો ઉપયોગ કરે છે અને તેને જાહેર કરે છે તેનું નિયમન કરવા માટે પ્રાઈવસી એક્ટ ઘડવામાં આવ્યો હતો.[281] ધ પર્સનલ ઇન્ફોર્મેશન પ્રોટેક્શન એન્ડ ઇલેક્ટ્રોનિક ડોક્યુમેન્ટ્સ એક્ટ (પીઆઈપીઇડીએ) વ્યાપારી પ્રવૃત્તિઓ દરમિયાન ખાનગી ક્ષેત્રની સંસ્થાઓ વ્યક્તિગત માહિતી કેવી રીતે એકત્રિત કરે છે, તેનો ઉપયોગ કરે છે અને તેને જાહેર કરે છે તેનું સંચાલન કરે છે.

પ્રાઈવસીના અધિકાર પરનો એક સીમાચિહ્નરૂપ કેસ હન્ટર વિરુદ્ધ સાઉથમ ઇન્ક[282] (૧૯૮૪) હતો. ચાર્ટરની કલમ ૮ પર વિચાર કરનાર આ કેનેડાની સુપ્રિમ કોર્ટનો પ્રથમ નિર્ણય પણ હતો. આ કેસમાં, કમ્બાઇન્સ ઇન્વેસ્ટિગેશન એક્ટે સાઉથમ ઇન્કની ઓફિસોમાં પ્રવેશવા અને દસ્તાવેજોની તપાસ કરવા માટે ઘણા સરકારી કર્મચારીઓને અધિકૃત કર્યા હતા. કંપનીએ

---

[279] ચાર્ટરની કલમ ૮ નીચે મુજબ જોગવાઈ કરે છે: "દરેક વ્યક્તિને ગેરવાજબી શોધ અથવા જપ્તી સામે સુરક્ષિત રહેવાનો અધિકાર છે."

[280] કેનેડિયન ચાર્ટરની કલમ ૭ જીવન, સ્વાતંત્ર્ય અને વ્યક્તિની સુરક્ષા સાથે સંબંધિત છે અને જણાવે છે કે: "દરેક વ્યક્તિને જીવન, સ્વાતંત્ર્ય અને વ્યક્તિની સુરક્ષાનો અધિકાર છે અને મૂળભૂત ન્યાયના સિદ્ધાંતો અનુસાર સિવાય તેમાંથી વંચિત ન થવાનો અધિકાર છે."

[281] લેવિગ્ને વિરુદ્ધ કેનેડા (ઓફિસ ઓફ ધ કમિશનર ઓફ ઓફિશિયલ લેંગ્વેજીસ), [૨૦૦૨] ૨ એસસીઆર ૭૭૩ માં, કેનેડાની સુપ્રિમ કોર્ટે પ્રાઈવસી એક્ટને "અર્ધ-બંધારણીય" દરજ્જો આપ્યો હતો, કારણ કે તે "બંધારણમાં નિર્ધારિત મૂલ્યો અને અધિકારો સાથે ગાઢ રીતે જોડાયેલો છે". કોર્ટે એ પણ જણાવ્યું હતું કે "પ્રાઈવસી એક્ટ એ બાબતની યાદ અપાવે છે કે મુક્ત અને લોકશાહી સમાજની જાળવણી માટે પ્રાઈવસીનું રક્ષણ કઈ હદ સુધી જરૂરી છે".

[282] [૧૯૮૪] ૨ એસસીઆર ૧૪૫

દાવો કર્યો હતો કે આ કાયદો કેનેડિયન ચાર્ટરની કલમ ૮ નું ઉલ્લંઘન કરે છે. કોર્ટે સર્વાનુમતે ઠેરવેલ કે કમ્બાઇન્સ ઇન્વેસ્ટિગેશન એક્ટે ચાર્ટરનું ઉલ્લંઘન કર્યું છે કારણ કે તે વોરંટ આપવા માટે યોગ્ય ધોરણ પૂરું પાડતો નથી.

ન્યાયમૂર્તિ ડિકસને કોર્ટ વતી ચુકાદો લખ્યો અને અવલોકન કર્યું કે કેનેડિયન ચાર્ટર એ એક "હેતુલક્ષી દસ્તાવેજ" છે જેનો હેતુ "વાજબીપણાની મર્યાદામાં, તે જેમાં સમાવિષ્ટ અધિકારો અને મુક્તિઓના ઉપભોગની બાંહેધરી આપવાનો અને તેનું રક્ષણ કરવાનો" છે અને તે અધિકારો અને મુક્તિઓ સાથે અસંગત હોય તેવી સરકારી કાર્યવાહીને નિયંત્રિત કરવાનો છે. કોર્ટે ઠેરવેલ કે કલમ ૮ એ એક સુસ્થાપિત બંધારણીય જોગવાઈ હોવાથી, તે "સામાન્ય કાયદાના સંરક્ષણની જેમ કાયદાકીય અધિનિયમો દ્વારા અતિક્રમણ સામે સંવેદનશીલ ન હતી."

કોર્ટે ઠેરવેલ કે કલમ ૮ નો હેતુ વ્યક્તિની પ્રાઈવસીની વાજબી અપેક્ષાનું રક્ષણ કરવાનો છે પરંતુ પ્રાઈવસીના અધિકારને કાયદાનો અમલ કરવાની સરકારની ફરજ સામે સંતુલિત કરવો જોઈએ. વધુમાં એવું ઠેરવવામાં આવ્યું હતું કે:

> "ગેરવાજબી શોધ અને જપ્તી સામેની સુરક્ષાની ગેરંટી માત્ર વાજબી અપેક્ષાનું રક્ષણ કરે છે. કલમ ૮ દ્વારા બાંહેધરી આપવામાં આવેલા અધિકાર પરની આ મર્યાદા, ભલે તે 'અવાજબી' શોધ અને જપ્તીમાંથી મુક્તિ તરીકે નકારાત્મક રીતે વ્યક્ત કરવામાં આવે, અથવા પ્રાઈવસીની

'વાજબી' અપેક્ષાના હકદાર તરીકે હકારાત્મક રીતે વ્યક્ત કરવામાં આવે, તે દર્શાવે છે કે ચોક્કસ પરિસ્થિતિમાં સરકાર દ્વારા એકલા રહેવાના જાહેર હિતે સરકારના તેના લક્ષ્યોને, ખાસ કરીને કાયદાના અમલીકરણના લક્ષ્યોને આગળ વધારવા માટે વ્યક્તિની પ્રાઈવસીમાં ઘૂસણખોરી કરવાના હિત સમક્ષ નમવું જોઈએ કે કેમ તેનું મૂલ્યાંકન કરવું આવશ્યક છે."

હર મેજેસ્ટી, ધ ક્વીન વિરુદ્ધ બ્રાન્ડન રોય ડાયમેન્ટ[283] (૧૯૮૮) માં, એક દર્દી હાઈવે પર અકસ્માતનો ભોગ બન્યો હતો. એક ડોક્ટરે તેના ઘામાંથી લોહીનો નમૂનો એકત્રિત કર્યો. લોહીનો નમૂનો તબીબી હેતુઓ માટે લેવામાં આવ્યો હતો પરંતુ તે પોલીસ અધિકારીને આપવામાં આવ્યો હતો. પોલીસ અધિકારી દ્વારા હાથ ધરવામાં આવેલા વિશ્લેષણના પરિણામે, દર્દી પર નશામાં વાહન ચલાવવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. કોર્ટે ઠેરવેલ કે તબીબી હેતુઓ માટે લેવાયેલ લોહી જપ્ત કરવું એ ચાર્ટરની કલમ ૮ નું ઉલ્લંઘન છે અને ચાર્ટરની ભાવના "મિલકતની વિભાવનાઓ પર આધારિત સંકુચિત કાનૂની વર્ગીકરણો દ્વારા મર્યાદિત હોવી જોઈએ નહીં". વધુમાં એવું ઠેરવવામાં આવ્યું હતું કે:

"આ અર્થમાં પ્રાઈવસીના કાનૂની દાવાઓ મોટાભાગે ઘર સુધી સીમિત હતા. પરંતુ ... માત્ર ઘરમાં જ પ્રાઈવસીનું રક્ષણ કરવું ... એ બાબતને આશ્રય આપવા સમાન છે જે આધુનિક સમાજમાં, પ્રાઈવસી માટે

[283] [૧૯૮૮] ૨ એસસીઆર ૪૧૭

વ્યક્તિની દૈનિક પર્યાવરણીય જરૂરિયાતનો માત્ર એક નાનો ભાગ બની ગયો છે ...

આધુનિક રાજ્યમાં સ્વાતંત્ર્યના હાર્દમાં પ્રાઈવસી રહેલી છે ... માણસની શારીરિક અને નૈતિક સ્વાયત્તતામાં સ્થપાયેલી પ્રાઈવસી વ્યક્તિના કલ્યાણ માટે આવશ્યક છે. માત્ર આ કારણસર, તે બંધારણીય સંરક્ષણ માટે લાયક છે, પરંતુ જાહેર વ્યવસ્થા માટે પણ તેનું ગહન મહત્વ છે. નાગરિકના જીવનમાં તાકી રહેવા માટે સરકાર પર લાદવામાં આવેલા સંયમો લોકશાહી રાજ્યના સાર સુધી જાય છે." (ભારપૂર્વક ઉમેરેલ)

માહિતી સંબંધિત પ્રાઈવસીના મહત્વ પર, એવું ઠેરવવામાં આવ્યું હતું:

"પ્રાઈવસીની આ વિભાવના એ ધારણા પરથી ઉદ્ભવે છે કે વ્યક્તિ વિશેની તમામ માહિતી મૂળભૂત રીતે તેની પોતાની છે, જે તે યોગ્ય માને તે રીતે પોતાના માટે સંચાર કરી શકે અથવા જાળવી શકે છે ...

ખાસ કરીને આધુનિક સમાજમાં, પોતાના વિશેની માહિતી જાળવી રાખવી અત્યંત મહત્વપૂર્ણ છે. આપણે, એક અથવા બીજા કારણસર, આવી માહિતી જાહેર કરવાની ઈચ્છા રાખી શકીએ અથવા ફરજ પડી શકીએ, પરંતુ એવી ઘણી પરિસ્થિતિઓ છે જ્યાં વ્યક્તિની એવી વાજબી અપેક્ષાઓ કે માહિતી જે વ્યક્તિઓ સમક્ષ જાહેર કરવામાં આવી છે તેમના

સુધી ગુપ્ત રહેશે, અને જે હેતુઓ માટે તે જાહેર કરવામાં આવી છે તેના સુધી મર્યાદિત રહેશે, તેનું રક્ષણ થવું જ જોઈએ."

ન્યાયમૂર્તિ લા ફોરેસ્ટે સંમતિના મહત્વ પર લખ્યું અને ઠેરવેલ કે "તેના વિશે માહિતી મેળવવા માટે તેની સંમતિ વિના વ્યક્તિના શરીરનો ઉપયોગ કરવો, તેની માનવ ગરિમા જાળવવા માટે આવશ્યક વ્યક્તિગત પ્રાઈવસીના ક્ષેત્રમાં આક્રમણ કરે છે."

કોર્ટે શોધી કાઢ્યું કે દર્દી પાસે "સુસ્થાપિત" અને "વાજબી" પ્રાઈવસીની અપેક્ષા હતી કે ડોક્ટર દ્વારા એકત્રિત કરાયેલ તેનો લોહીનો નમૂનો માત્ર તબીબી હેતુઓ માટે જ ઉપયોગમાં લેવાશે અને આવી અપેક્ષા "લોકોનું રક્ષણ કરવા માટે છે, વસ્તુઓનું નહીં". એવું ઠેરવવામાં આવ્યું હતું કે:

> "હાલના કેસમાં, જો કે, સામાવાળા કદાચ કેટલાક હેતુઓ માટે તબીબી હેતુઓ માટે નમૂનો લેવામાં ગર્ભિત સંમતિ આપી હોવાનું માની શકાય છે, પરંતુ તેણે એવી અપેક્ષા જાળવી રાખી હતી કે નમૂનામાં તેનું પ્રાઈવસી હિત તેને લેવાના સમય પછી પણ ચાલુ રહેશે ... આ સંજોગોમાં, નમૂનો ચાર્ટર સુરક્ષા માટે લાયક પ્રાઈવસીના પ્રભામંડળથી ઘેરાયેલો હતો. દર્દીના પ્રાઈવસીના અધિકારનું ઉલ્લંઘન કરીને રાજ્ય દ્વારા તેને લેવું એ કલમ ૮ ના હેતુઓ માટે જપ્તી રચે છે."

આર વિરુદ્ધ પ્લાન્ટ[284] (૧૯૯૩) એ ચાર્ટર હેઠળ વ્યક્તિગત માહિતીના સંરક્ષણ પર કેનેડાની સુપ્રિમ કોર્ટનો અગ્રણી નિર્ણય છે. આ કેસમાં, એક પોલીસ અધિકારીએ, એક વિસ્તારમાં ગાંજો ઉગાડવામાં આવી રહ્યો હોવાની માહિતીના આધારે, વીજળી ઉપયોગિતાની કોમ્પ્યુટર સિસ્ટમ સુધી પહોંચ મેળવી અને શોધી કાઢ્યું કે ચોક્કસ ઘર અત્યંત ઊંચા પ્રમાણમાં વીજળીનો વપરાશ કરી રહ્યું હતું. ત્યારબાદ બે અધિકારીઓએ મિલકતની વોરંટ વગર પરિમિતિ શોધ કરી અને અવલોકન કર્યું કે બેઝમેન્ટની બારીઓ અપારદર્શક વસ્તુથી ઢંકાયેલી હતી અને પ્લાસ્ટિકની થેલીનો ઉપયોગ કરીને વેન્ટ બ્લોક કરવામાં આવ્યો હતો. આ માહિતીના આધારે, પોલીસે ઘરની શોધ માટે વોરંટ મેળવ્યું અને સો કરતાં વધુ નાના ગાંજાના છોડ શોધી કાઢ્યા. આરોપી પર ગાંજાની ખેતી અને દાણચોરીના હેતુ માટે કબજો રાખવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. મુદ્દો એ હતો કે શું તેના ઘરની વોરંટ વગરની પરિમિતિ શોધ અને વીજળી વપરાશના રેકોર્ડ્સની જપ્તીએ ચાર્ટરની કલમ ૮ હેઠળ ગેરવાજબી શોધ અને જપ્તી સામેના તેના અધિકારનું ઉલ્લંઘન કર્યું હતું કે નહીં.

ન્યાયમૂર્તિ સોપિન્કા દ્વારા આપવામાં આવેલા ચુકાદાએ યુનાઇટેડ સ્ટેટ્સ વિરુદ્ધ મિલર[285] ના નિર્ણયના એક ભાગ પર આધાર રાખ્યો હતો, કે બંધારણીય રીતે સુરક્ષિત થવા માટે માહિતી "વ્યક્તિગત અને ગુપ્ત" સ્વરૂપની હોવી જોઈએ અને ઠેરવેલ કે:

---

[284] [૧૯૯૩] ૩ એસસીઆર ૨૮૧

[285] ૪૨૫ યુ.એસ. ૪૩૫ (૧૯૭૬)

"ગરિમા, અખંડિતતા અને સ્વાયત્તતાના અંતર્નિહિત મૂલ્યોને પ્રોત્સાહન આપવા માટે, તે યોગ્ય છે કે ચાર્ટરની કલમ ૮ એ વ્યક્તિગત માહિતીના જીવનચરિત્રના મૂળ ભાગ નું રક્ષણ કરવાનો પ્રયાસ કરવો જોઈએ જેને મુક્ત અને લોકશાહી સમાજમાં વ્યક્તિઓ જાળવી રાખવા અને રાજ્યમાં પ્રસાર થવાથી નિયંત્રિત કરવા માંગતી હોય. આમાં એવી માહિતીનો સમાવેશ થશે જે વ્યક્તિની જીવનશૈલી અને અંગત પસંદગીઓની ઘનિષ્ઠ વિગતો જાહેર કરે છે."

કોર્ટે ઠેરવેલ કે પરિમિતિ શોધે ચાર્ટરનું ઉલ્લંઘન કર્યું હતું પરંતુ વપરાશના રેકોર્ડ્સની જપ્તી કલમ ૮ ના ઉલ્લંઘનમાં નહોતી. આ નિર્ણય એ આધાર પર આધારિત હતો કે કમ્પ્યુટર તપાસના પરિણામે જાહેર થયેલી વીજળી વપરાશની પેટર્ન ઘનિષ્ઠ વિગતો જાહેર કરતી હોવાનું કહી શકાય નહીં કારણ કે "વીજળીનો વપરાશ વ્યક્તિગત જીવનશૈલી અથવા ખાનગી નિર્ણયો વિશે ખૂબ જ ઓછું જાહેર કરે છે."

હર મેજેસ્ટી, ધ ક્વીન વિરુદ્ધ વોલ્ટર ટેસ્લિંગ[286] (૨૦૦૪) માં, કેનેડાની સુપ્રિમ કોર્ટે ઠેરવેલ કે શંકાસ્પદ વ્યક્તિની મિલકતની તપાસ દરમિયાન પોલીસ દ્વારા થર્મલ ઇમેજિંગનો ઉપયોગ કેનેડિયન ચાર્ટરની કલમ ૮ હેઠળ આરોપીના પ્રાઇવસીની વાજબી અપેક્ષાના અધિકારનું ઉલ્લંઘન રચે નહીં.

[286] (૨૦૦૪) એસસીસી ૬૭

પ્રાઈવસીની વાજબી અપેક્ષા પર, એવું ઠેરવવામાં આવ્યું હતું કે પ્રાઈવસીની વ્યક્તિલક્ષી અપેક્ષાનું અસ્તિત્વ અને અપેક્ષાની ઉદ્દેશ્યપૂર્ણ વાજબીતા બંને પર વિશેષ ભાર મૂકીને સંજોગોની સંપૂર્ણતા ધ્યાનમાં લેવાની જરૂર છે. કોર્ટે ચુકાદો આપ્યો કે પ્રાઈવસી હિતોના કેસો (કેનેડિયન ચાર્ટરની કલમ ૮ દ્વારા સુરક્ષિત) વચ્ચે વ્યક્તિગત પ્રાઈવસી, પ્રાદેશિક પ્રાઈવસી અને માહિતી સંબંધિત પ્રાઈવસી વચ્ચે તફાવત કરવાની જરૂર છે.

કોર્ટે આર વિરુદ્ધ પ્લાન્ટ (ઉપર મુજબ) માં માહિતી સંબંધિત પ્રાઈવસીના સંરક્ષણના ક્ષેત્ર અંગે ન્યાયમૂર્તિ સોપિન્કાની સમજ પર આધાર રાખ્યો હતો અને ઠેરવ્યું હતું કે એફએલઆઈઆર ઈમેજિંગ દ્વારા જનરેટ કરાયેલી માહિતીએ "વ્યક્તિગત માહિતીના જીવનચરિત્રના મૂળ ભાગ" અથવા "[તેની] જીવનશૈલીની ઘનિષ્ઠ વિગતો" જાહેર કરી નથી, અને તેથી કલમ ૮ નું ઉલ્લંઘન થયું નથી.

આર વિરુદ્ધ સ્પેન્સર[287] (૨૦૧૪) નો નિર્ણય માહિતી સંબંધિત પ્રાઈવસી સાથે સંબંધિત હતો. આ કેસમાં, અપીલકર્તાએ કમ્પ્યુટર પર બાળ પોર્નોગ્રાફી ડાઉનલોડ કરવા માટે ઓનલાઈન સોફ્ટવેરનો ઉપયોગ કર્યો હતો અને તેને જાહેરમાં શેર કર્યો હતો. પોલીસે અપીલકર્તાના ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડર (આઈએસપી) પાસેથી આઈપી સરનામા સાથે સંકળાયેલ ગ્રાહક માહિતીની વિનંતી કરી અને તેના આધારે, તેના દ્વારા ઉપયોગમાં લેવાતા કમ્પ્યુટરની તપાસ કરી. કેનેડિયન સુપ્રિમ કોર્ટે સર્વસંમતિથી ચુકાદો આપ્યો કે આઈપી સરનામા

[287] (૨૦૧૪) એસસીસી ૪૩

માટેની વિનંતીએ ગેરવાજબી શોધ અને જપ્તી સામે ચાર્ટરની ગેરંટીનું ઉલ્લંઘન કર્યું છે. એવું ઠેરવવામાં આવ્યું હતું કે અપીલકર્તા પાસે પ્રાઈવસીની વાજબી અપેક્ષા હતી. તેમ કરતી વખતે, તેણે મૂલ્યાંકન કર્યું કે શું "સંજોગોની સંપૂર્ણતા" માં "પ્રાઈવસીની વાજબી અપેક્ષા" છે, જેમાં "રાજ્યની કાર્યવાહી દ્વારા સામેલ પ્રાઈવસી હિતોનું સ્વરૂપ" અને "તે હિતોના સંબંધમાં, વ્યક્તિલક્ષી અને ઉદ્દેશ્યપૂર્વક જોતાં, પ્રાઈવસીની અપેક્ષા સાથે વધુ સીધા સંબંધિત પરિબળો" સામેલ છે. વધુમાં એવું ઠેરવવામાં આવ્યું હતું:

> "... પ્રાઈવસીની વાજબી અપેક્ષાનું મૂલ્યાંકન કરતી વખતે ધ્યાનમાં લઈ શકાય તેવા પરિબળોને વિશ્લેષણાત્મક સુવિધા માટે ચાર મુખ્ય મથાળાઓ હેઠળ જૂથબદ્ધ કરી શકાય છે: (૧) કથિત શોધની વિષયવસ્તુ; (૨) વિષયવસ્તુમાં દાવેદારનું હિત; (૩) વિષયવસ્તુમાં દાવેદારની પ્રાઈવસીની વ્યક્તિલક્ષી અપેક્ષા; અને (૪) સંજોગોની સંપૂર્ણતાને ધ્યાનમાં રાખીને, શું પ્રાઈવસીની આ વ્યક્તિલક્ષી અપેક્ષા ઉદ્દેશ્યપૂર્વક વાજબી હતી કે કેમ." (ભારપૂર્વક ઉમેરેલ)

આ કેસમાં મુદ્દો એ હતો કે શું ખાનગી હેતુઓ માટે ઘરોમાં ઉપયોગમાં લેવાતા કમ્પ્યુટર્સના સંબંધમાં સબ્સ્ક્રાઇબર માહિતીમાં પ્રાઈવસી હિત રહેલું છે કે કેમ. કોર્ટે ઓનલાઇન પ્રાઈવસી હિતોને સમજવામાં વ્યાપક અભિગમ અપનાવ્યો અને ઠેરવેલ કે:

"પ્રાઈવસી એ સ્વીકાર્યપણે એક 'વ્યાપક અને કંઈક અંશે ક્ષણભંગુર વિભાવના' છે ... કોર્ટે પ્રાઈવસી હિતોના ત્રણ વ્યાપક પ્રકારોનું વર્ણન કર્યું છે - પ્રાદેશિક, વ્યક્તિગત અને માહિતી સંબંધિત - જે, ઘણીવાર ઓવરલેપ થવા છતાં, ચોક્કસ પરિસ્થિતિઓમાં દાવ પર રહેલા પ્રાઈવસી હિત અથવા હિતોના સ્વરૂપને ઓળખવામાં મદદરૂપ સાબિત થયા છે ..."

કોર્ટે શોધી કાઢ્યું કે ખાનગી રીતે ઉપયોગમાં લેવાતા કમ્પ્યુટર સંબંધિત સબ્સ્ક્રાઇબર માહિતીમાં અપીલકર્તાના પ્રાઈવસી હિતનું સ્વરૂપ મુખ્યત્વે માહિતી સંબંધિત હતું અને ઠેરવ્યું:

"... ઇન્ટરનેટના ઉપયોગ સાથે જોડાયેલી વ્યક્તિની ઓળખને સબ્સ્ક્રાઇબર માહિતીમાં જોવા મળતા વ્યક્તિના નામ, સરનામા અને ટેલિફોન નંબરમાં રહેલા સહજ હિતથી આગળ વધીને પ્રાઈવસી હિતને જન્મ આપતી તરીકે ઓળખવી આવશ્યક છે."

ત્યારબાદ તેણે માહિતી સંબંધિત પ્રાઈવસીના ત્રણ મુખ્ય ઘટકો નિર્ધારિત કર્યા: ગુપ્તતા તરીકે પ્રાઈવસી, નિયંત્રણ તરીકે પ્રાઈવસી, અને અનામીતા તરીકે પ્રાઈવસી. તેણે ખાસ કરીને ઇન્ટરનેટના યુગમાં માહિતી સંબંધિત પ્રાઈવસીમાં અનામીતાના મહત્વ પર વધુ ભાર મૂક્યો અને ઠેરવેલ કે:

"... સંજોગોની સંપૂર્ણતાના આધારે, અનામીતા એ પ્રાઈવસી હિતનો પાયો હોઈ શકે છે જે ગેરવાજબી શોધ અને જપ્તી સામે બંધારણીય સંરક્ષણ સાથે જોડાય છે ..."

જો કે કોર્ટે અનામીતાના સંપૂર્ણ અધિકારને માન્યતા આપવાનું બંધ રાખ્યું, તેણે ઠેરવેલ કે "અનામી ઈન્ટરનેટ પ્રવૃત્તિ ઉચ્ચ સ્તરની માહિતી સંબંધિત પ્રાઈવસીને જોડે છે". કોર્ટે વધુમાં ઠેરવેલ કે:

"આ માહિતીનો ખુલાસો ઘણીવાર ઓનલાઇન હાથ ધરવામાં આવતી અંતરંગ અથવા સંવેદનશીલ પ્રવૃત્તિઓ સાથે વપરાશકર્તાની ઓળખ સમાન હશે, સામાન્ય રીતે એવી સમજણ પર કે આ પ્રવૃત્તિઓ અનામી રહેશે. પોલીસ અધિકારી દ્વારા એવી વિનંતી કે આઇએસપી સ્વેચ્છાએ આવી માહિતી જાહેર કરે તે એક શોધ સમાન છે."

કેનેડિયન સુપ્રિમ કોર્ટે પ્રાઈવસીના અધિકારના ક્ષેત્રને વિસ્તારવા માટે ચાર્ટરની જોગવાઈઓનો ઉપયોગ કર્યો છે, જે પરંપરાગત રીતે વ્યક્તિઓને તેમના મિલકત અધિકારોના આક્રમણથી બચાવવા માટે વપરાતી હતી, તેને વ્યક્તિની "પ્રાઈવસીની વાજબી અપેક્ષા" સુધી વિસ્તારી છે. પ્રાઈવસીનો અધિકાર માત્ર ભૌતિક અધિકાર કરતાં ઘણો વધુ માનવામાં આવ્યો છે કારણ કે તેમાં વ્યક્તિની ઓળખ વિશેની માહિતીમાં પ્રાઈવસીનો સમાવેશ થાય છે. માહિતી સંબંધિત પ્રાઈવસીને ચાર્ટરની કલમ ૮ હેઠળ વારંવાર સંબોધવામાં આવી છે. કેનેડિયન પ્રાઈવસી ન્યાયશાસ્ત્ર ટેકનોલોજી અને ઈન્ટરનેટના આગમન સાથે વિકસિત થયું

છે. ન્યાયિક નિર્ણયો ઇન્ટરનેટ/ડિજિટલ પ્રાઈવસી માટે નોંધપાત્ર અસરો ધરાવે છે.

(૫) માનવ અધિકારો પરના યુરોપિયન કન્વેન્શન અને યુરોપિયન ચાર્ટર હેઠળ પ્રાઈવસી

યુરોપમાં, પ્રાઈવસીના અધિકારનું રક્ષણ સુનિશ્ચિત કરવા માટે બે અલગ પરંતુ સંબંધિત માળખાં છે. પ્રથમ માનવ અધિકારો પરનું યુરોપિયન કન્વેન્શન (ઇસીએચઆર) છે, જે યુરોપમાં માનવ અધિકારો અને મૂળભૂત સ્વતંત્રતાઓનું રક્ષણ કરવા માટેનો આંતરરાષ્ટ્રીય કરાર છે. બીજું યુરોપિયન યુનિયનનું મૂળભૂત અધિકારોનું ચાર્ટર (સીએફઆરઈયુ) છે, જે યુરોપિયન યુનિયન માટે અમુક રાજકીય, સામાજિક અને આર્થિક અધિકારોને સમાવિષ્ટ કરતી સંધિ છે. ઇસીએચઆર ("ધ કન્વેન્શન") હેઠળ, યુરોપિયન માનવ અધિકાર અદાલત (ઇસીટીએચઆર), જેને 'સ્ટ્રાસબર્ગ કોર્ટ' તરીકે પણ ઓળખવામાં આવે છે, તે નિર્ણય આપનાર સંસ્થા છે, જે સહી કરનાર રાજ્યો દ્વારા માનવ અધિકારોના કથિત ભંગ અંગે વ્યક્તિઓની ફરિયાદો સાંભળે છે. તે જ રીતે, સીએફઆરઈયુ ("ધ ચાર્ટર") હેઠળ, યુરોપિયન યુનિયનની ન્યાય અદાલત (સીજેઈયુ), જેને 'લક્ઝમબર્ગ કોર્ટ' પણ કહેવામાં આવે છે, તે યુરોપિયન યુનિયનની મુખ્ય ન્યાયિક સત્તા છે અને સભ્ય દેશોની રાષ્ટ્રીય ન્યાયતંત્રના સહયોગથી યુરોપિયન યુનિયન કાયદાના સમાન ઉપયોગ અને અર્થઘટનની દેખરેખ રાખે છે.

ઇસીએચઆર નો અનુચ્છેદ ૮ જોગવાઈ કરે છે કે:

"ખાનગી અને પારિવારિક જીવનના સન્માનનો અધિકાર

૧. દરેક વ્યક્તિને તેના ખાનગી અને પારિવારિક જીવન, તેના ઘર અને તેના પત્રવ્યવહારના સન્માનનો અધિકાર છે.

૨. કાયદા અનુસાર હોય અને રાષ્ટ્રીય સુરક્ષા, જાહેર સલામતી અથવા દેશના આર્થિક કલ્યાણના હિતમાં, અવ્યવસ્થા અથવા ગુનાને રોકવા માટે, આરોગ્ય અથવા નૈતિકતાના રક્ષણ માટે, અથવા અન્ય લોકોના અધિકારો અને સ્વતંત્રતાઓના રક્ષણ માટે લોકશાહી સમાજમાં જરૂરી હોય તે સિવાય, આ અધિકારના ઉપયોગમાં કોઈ જાહેર સત્તામંડળ દ્વારા કોઈ દખલગીરી કરવામાં આવશે નહીં."

ચાર્ટર હેઠળ, સંબંધિત જોગવાઈઓ છે:

"અનુચ્છેદ ૭

ખાનગી અને પારિવારિક જીવનનું સન્માન

દરેક વ્યક્તિને તેના અથવા તેણીના ખાનગી અને પારિવારિક જીવન, ઘર અને સંચારના સન્માનનો અધિકાર છે.

અનુચ્છેદ ૮

વ્યક્તિગત ડેટાનું સંરક્ષણ

૧. દરેક વ્યક્તિને તેને અથવા તેણીને લગતા વ્યક્તિગત ડેટાના રક્ષણનો અધિકાર છે.

૨. આવા ડેટા પર નિર્દિષ્ટ હેતુઓ માટે અને સંબંધિત વ્યક્તિની સંમતિના આધારે અથવા કાયદા દ્વારા નિર્ધારિત અન્ય કોઈ કાયદેસરના આધારે ન્યાયી રીતે પ્રક્રિયા થવી જોઈએ. દરેક વ્યક્તિને તેને અથવા તેણીને લગતો એકત્રિત કરવામાં આવેલ ડેટા મેળવવાનો અને તેને સુધારવાનો અધિકાર છે.

૩. આ નિયમોનું પાલન સ્વતંત્ર સત્તામંડળ દ્વારા નિયંત્રણને આધીન રહેશે."

અનુચ્છેદ ૫૨

બાંહેધરી આપવામાં આવેલા અધિકારોનો વ્યાપ

૧. આ ચાર્ટર દ્વારા માન્યતા પ્રાપ્ત અધિકારો અને સ્વતંત્રતાઓના ઉપયોગ પરની કોઈપણ મર્યાદા કાયદા દ્વારા પૂરી પાડવામાં આવવી જોઈએ અને તે અધિકારો અને સ્વતંત્રતાઓના સારનું સન્માન કરવું જોઈએ. પ્રમાણસરતાના સિદ્ધાંતને આધીન, મર્યાદાઓ માત્ર ત્યારે જ મૂકી શકાય જો તે જરૂરી હોય અને યુનિયન દ્વારા માન્ય સામાન્ય હિતોના ઉદ્દેશ્યોને અથવા અન્યના અધિકારો અને સ્વતંત્રતાઓનું રક્ષણ કરવાની જરૂરિયાતને સાચા અર્થમાં પૂર્ણ કરતી હોય.

૨. આ ચાર્ટર દ્વારા માન્યતા પ્રાપ્ત અધિકારો જે સમુદાય સંધિઓ અથવા યુરોપિયન યુનિયન પરની સંધિ પર આધારિત છે તેનો ઉપયોગ તે સંધિઓ દ્વારા વ્યાખ્યાયિત શરતો અને મર્યાદાઓની અંદર કરવામાં આવશે.

૩. જ્યાં સુધી આ ચાર્ટરમાં એવા અધિકારો સમાવિષ્ટ છે જે માનવ અધિકારો અને મૂળભૂત સ્વતંત્રતાઓના સંરક્ષણ માટેના કન્વેન્શન દ્વારા બાંહેધરી આપવામાં આવેલા અધિકારોને અનુરૂપ છે, ત્યાં સુધી તે અધિકારોનો અર્થ અને વ્યાપ સદર કન્વેન્શન દ્વારા નિર્ધારિત કરવામાં આવ્યા મુજબનો જ રહેશે. આ જોગવાઈ યુનિયન કાયદાને વધુ વ્યાપક સંરક્ષણ પૂરું પાડવાથી અટકાવશે નહીં."

અનુચ્છેદ ૫૨(૩) ઈસીએચઆર ને ઈયુ માં માનવ અધિકારોના લઘુત્તમ ધોરણ તરીકે પૂરો પાડે છે. અનુચ્છેદ ૫૨(૩) આમ ઈયુ ને ઈસીએચઆર દ્વારા પરોક્ષ રીતે બંધાયેલ બનાવે છે કારણ કે ઈયુ માં મૂળભૂત અધિકારોને પ્રતિબંધિત કરતી વખતે તેનું હંમેશા પાલન કરવું આવશ્યક છે. વધુમાં, ચાર્ટર-પૂર્વના યુગમાં, સ્ટ્રાસબર્ગ ખાતેની ઈસીટીએચઆર આજની તારીખ સુધી ઈસીએચઆર ના અનુચ્છેદ ૮ નું જે રીતે અર્થઘટન કરે છે તે મુજબ પ્રાઈવસીના સંરક્ષણને પ્રાઈવસીના અધિકારનો એક ભાગ માનવામાં આવતો હતો.[288]

[288] જે એમસીબી વિરુદ્ધ એલઈ, કેસ સી-૪૦૦/૧૦ પીપીયુ, [૨૦૧૦] ઈસીઆર ૧-એનવાયઆર ના કેસમાં, સીજેઈયુ એ ઠેરવ્યું હતું કે જ્યાં ચાર્ટરના અધિકારો ઈસીએચઆર ના અધિકારો સાથે સમાંતર હતા, ત્યાં યુરોપિયન ન્યાયાલયે યુરોપિયન માનવ અધિકાર અદાલતના કોઈપણ સુસંગત ન્યાયશાસ્ત્રનું પાલન કરવું જોઈએ, અને સ્પષ્ટતા કરી કે: "એ સ્પષ્ટ છે કે સદર અનુચ્છેદ ૭ [ઈયુ ચાર્ટરનો] ઈસીએચઆર ના અનુચ્છેદ ૮(૧) દ્વારા બાંહેધરી

આમ, ઈયુ માં પ્રાઈવસીના અધિકારને આપવામાં આવેલા રક્ષણને સમજવા માટે, કન્વેન્શનના અનુચ્છેદ ૮ અને ચાર્ટરના અનુચ્છેદ ૭ ના ન્યાયશાસ્ત્રનું વિશ્લેષણ કરવાની જરૂર છે. 'ખાનગી જીવન' શબ્દ આ બંને જોગવાઈઓનો એક આવશ્યક ઘટક છે અને તેનું અર્થઘટન હિતોની વિશાળ શ્રેણીને સમાવી લેવા માટે કરવામાં આવ્યું છે.

નીમિએત્ઝ વિરુદ્ધ જર્મની[289] (૧૯૯૨) ના કેસમાં, ઈસીટીએચઆર એ અવલોકન કર્યું કે:

> "અદાલત 'ખાનગી જીવન' ની વિભાવનાની સંપૂર્ણ વ્યાખ્યા કરવાનો પ્રયાસ કરવો શક્ય કે જરૂરી માનતી નથી. જો કે, આ વિભાવનાને એવા 'આંતરિક વર્તુળ' સુધી મર્યાદિત કરવી ખૂબ જ સંકુચિત હશે જેમાં વ્યક્તિ પોતાની પસંદગી મુજબ પોતાનું અંગત જીવન જીવી શકે અને તે વર્તુળમાં સમાવિષ્ટ ન હોય તેવા સમગ્ર બહારના વિશ્વને તેમાંથી સંપૂર્ણપણે બાકાત રાખી શકે. ખાનગી જીવનના સન્માનમાં ચોક્કસ હદ સુધી અન્ય માનવીઓ સાથે સંબંધો સ્થાપિત કરવાનો અને વિકસાવવાનો અધિકાર પણ સામેલ હોવો જોઈએ."

આપવામાં આવેલા અધિકારોને અનુરૂપ અધિકારો ધરાવે છે. તેથી ચાર્ટરના અનુચ્છેદ ૭ ને ઈસીએચઆર ના અનુચ્છેદ ૮(૧) સમાન અર્થ અને સમાન વ્યાપ આપવો આવશ્યક છે ..." ઈસીટીએચઆર સમક્ષના એક કેસ, વારેક એસએ વિરુદ્ધ ઈટાટ બેલ્જ, કેસ સી-૪૫૦/૦૬, [૨૦૦૮] ઈસીઆર ૧-૫૮૧ નો સંદર્ભ આપી શકાય છે, જ્યાં એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે: "... ઈસીએચઆર ના અનુચ્છેદ ૮ માં સમાવિષ્ટ ખાનગી જીવનના સન્માનનો અધિકાર, જે સભ્ય દેશોની સામાન્ય બંધારણીય પરંપરાઓમાંથી ઉદ્ભવે છે .... તે યુરોપિયન યુનિયનના મૂળભૂત અધિકારોના ચાર્ટરના અનુચ્છેદ ૭ માં પુનઃપુષ્ટિ પામ્યો છે".

[289] અરજી નં. ૧૩૭૧૦/૮૮, ૧૬ સપ્ટેમ્બર ૧૯૯૨ નો ચુકાદો.

તે જ રીતે, કોસ્ટેલો-રોબર્ટ્સ વિરુદ્ધ યુનાઈટેડ કિંગડમ[290] (૧૯૯૩) માં, ઈસીટીએચઆર એ જણાવ્યું હતું કે "'ખાનગી જીવન' ની વિભાવના એક વ્યાપક વિભાવના છે" અને "તે સંપૂર્ણ વ્યાખ્યાને પાત્ર નથી".

આ વ્યાપક અભિગમ યુરોપિયન ન્યાયશાસ્ત્રના તાજેતરના કેસોમાં પણ હાજર છે. એસ અને મારપર વિરુદ્ધ યુનાઈટેડ કિંગડમ[291] (૨૦૦૮) માં, ઈસીટીએચઆર એ ખાનગી જીવનના સન્માનના અધિકારના સંબંધમાં ઠેરવેલ કે:

> "... 'ખાનગી જીવન' ની વિભાવના ... વ્યક્તિની શારીરિક અને મનોવૈજ્ઞાનિક અખંડિતતાને આવરી લે છે ... તેથી તે વ્યક્તિની શારીરિક અને સામાજિક ઓળખના બહુવિધ પાસાઓને સમાવી શકે છે ... જાતિની ઓળખ, નામ અને જાતીય અભિગમ તથા જાતીય જીવન જેવા તત્વો અનુચ્છેદ ૮ દ્વારા સુરક્ષિત વ્યક્તિગત ક્ષેત્રમાં આવે છે ... વ્યક્તિના નામથી આગળ વધીને, તેના ખાનગી અને પારિવારિક જીવનમાં વ્યક્તિગત ઓળખના અને કુટુંબ સાથે જોડાણના અન્ય સાધનોનો સમાવેશ થઈ શકે છે ... વ્યક્તિના સ્વાસ્થ્ય વિશેની માહિતી એ ખાનગી જીવનનું એક મહત્વપૂર્ણ તત્વ છે ... અદાલત વધુમાં માને છે કે વ્યક્તિની વંશીય ઓળખને આવા અન્ય તત્વ તરીકે ગણવી જોઈએ ... ખાનગી જીવનની વિભાવનામાં વધુમાં વ્યક્તિના તેમની છબી પરના અધિકાર સંબંધિત તત્વોનો સમાવેશ થાય છે ..."

---

[290] અરજી નં. ૧૩૧૩૪/૮૭, ૨૫ માર્ચ ૧૯૯૩ નો ચુકાદો.

[291] [૨૦૦૮] ઈ.સી.એચ.આર. ૧૫૮૧

ઉઝુન વિરુદ્ધ જર્મની[292] (૨૦૧૦) માં, યુરોપિયન માનવ અધિકાર અદાલતે અનુચ્છેદ ૮ ના ઉલ્લંઘનનો દાવો કરતી અરજીની તપાસ કરતી વખતે અવલોકન કર્યું કે:

"અનુચ્છેદ ૮, અન્ય બાબતોની સાથે, ઓળખ અને વ્યક્તિગત વિકાસના અધિકારનું, અને અન્ય માનવીઓ તથા બહારના વિશ્વ સાથે સંબંધો સ્થાપિત કરવા અને વિકસાવવાના અધિકારનું રક્ષણ કરે છે. તેથી, જાહેર સંદર્ભમાં પણ અન્ય લોકો સાથે વ્યક્તિની ક્રિયાપ્રતિક્રિયાનો એક એવો ઝોન છે, જે 'ખાનગી જીવન' ના કાર્યક્ષેત્રમાં આવી શકે છે ..."

"વ્યક્તિના ઘર અથવા ખાનગી પરિસરની બહાર લેવાયેલા પગલાં દ્વારા વ્યક્તિનું ખાનગી જીવન પ્રભાવિત થાય છે કે કેમ તે વિચારણા માટે સંબંધિત સંખ્યાબંધ તત્વો છે. કારણ કે એવા પ્રસંગો હોય છે જ્યારે લોકો જાણીજોઈને અથવા ઈરાદાપૂર્વક એવી પ્રવૃત્તિઓમાં જોડાય છે જે જાહેરમાં રેકોર્ડ કરવામાં આવે છે અથવા તેની જાણ કરવામાં આવે છે અથવા થઈ શકે છે, પ્રાઈવસી અંગેની વ્યક્તિની વાજબી અપેક્ષાઓ એક મહત્વપૂર્ણ, જોકે નિર્ણાયક ન હોવા છતાં, પરિબળ હોઈ શકે છે ..."

[292] અરજી નં. ૩૫૬૨૩/૦૫

આમ, કન્વેન્શનના અનુચ્છેદ ૮ હેઠળ વ્યક્તિ દ્વારા કરવામાં આવેલી ફરિયાદના નિર્ણયમાં અનિવાર્યપણે બે-તબક્કાની કસોટી[293] સામેલ છે, જેને નીચે મુજબ સંક્ષિપ્તમાં રજૂ કરી શકાય છે:

"તબક્કો ૧: અનુચ્છેદ ૮ પેરા ૧

૧.૧ શું ફરિયાદ અનુચ્છેદ ૮ પેરા ૧ દ્વારા સુરક્ષિત અધિકારો પૈકીના એકના કાર્યક્ષેત્રમાં આવે છે?

૧.૨ જો તેમ હોય, તો શું વ્યક્તિના અધિકારનું સન્માન કરવાની રાજ્ય પર હકારાત્મક જવાબદારી છે અને શું તે પૂર્ણ કરવામાં આવી છે?

તબક્કો ૨: અનુચ્છેદ ૮ પેરા ૨

૨.૧ શું અનુચ્છેદ ૮ ના અધિકારમાં કોઈ દખલગીરી થઈ છે?

૨.૨ જો તેમ હોય,

૨.૨.૧ શું તે કાયદા અનુસાર છે?

૨.૨.૨ શું તે કોઈ કાયદેસરનો ઉદ્દેશ્ય સિદ્ધ કરે છે?

૨.૨.૩ શું તે લોકશાહી સમાજમાં જરૂરી છે?

[293] ઉર્સુલા કિલ્કેલી, "ધ રાઇટ ટુ રિસ્પેક્ટ ફોર પ્રાઇવેટ એન્ડ ફેમિલી લાઈફ: અ ગાઇડ ટુ ધ ઇમ્પ્લીમેન્ટેશન ઓફ આર્ટિકલ ૮ ઓફ ધ યુરોપિયન કન્વેન્શન ઓન હ્યુમન રાઇટ્સ", કાઉન્સિલ ઓફ યુરોપ (૨૦૦૧), પૃષ્ઠ ૯ પર.

આ કસોટી કોર્ટ દ્વારા દરેક વખતે અનુસરવામાં આવે છે જ્યારે તે આપેલ કેસમાં અનુચ્છેદ ૮ લાગુ કરે છે."

બીજા શબ્દોમાં કહીએ તો, સમુદાયના સામાન્ય હિત અને વ્યક્તિના હિતો વચ્ચે યોગ્ય સંતુલન જાળવવામાં આવે છે.

ઈસીટીએચઆર ખાતે ૧૮ ન્યાયાધીશોની ગ્રાન્ડ ચેમ્બરે, એસ અને માર્પર વિરુદ્ધ યુનાઈટેડ કિંગડમ (ઉપર મુજબ) માં, અરજદારોના તે દાવાની તપાસ કરી કે અનુચ્છેદ ૮ હેઠળ ખાનગી જીવનના સન્માનના તેમના અધિકારનું ઉલ્લંઘન થઈ રહ્યું છે કારણ કે તેમની સામેની ફોજદારી કાર્યવાહી સફળતાપૂર્વક સમાપ્ત થયા પછી પણ તેમના ફિંગરપ્રિન્ટ્સ, સેલ્યુલર નમૂનાઓ અને ડીએનએ પ્રોફાઇલ ડેટાબેઝમાં જાળવી રાખવામાં આવ્યા હતા. કોર્ટે ઠેરવેલ કે કન્વેન્શનના અનુચ્છેદ ૮ નું ઉલ્લંઘન થયું છે. વિવાદિત જાળવણીએ અરજદારોના ખાનગી જીવનના સન્માનના અધિકારમાં અપ્રમાણસર દખલગીરી રચી હોવાનું શોધી કાઢીને, કોર્ટે ઠેરવેલ કે "વ્યક્તિઓના ફિંગરપ્રિન્ટ્સ, સેલ્યુલર નમૂનાઓ અને ડીએનએ પ્રોફાઇલ્સ જાળવી રાખવાની સત્તાઓનું સર્વગ્રાહી અને આડેધડ સ્વરૂપ ... સ્પર્ધાત્મક જાહેર અને ખાનગી હિતો વચ્ચે યોગ્ય સંતુલન સાધવામાં નિષ્ફળ જાય છે અને સામાવાળા રાજ્યએ સ્વીકાર્ય મૂલ્યાંકન માર્જિનનું ઉલ્લંઘન કર્યું છે". વધુમાં એવું ઠેરવવામાં આવેલ કે:

"વ્યક્તિના ખાનગી જીવનને લગતા ડેટાનો માત્ર સંગ્રહ જ અનુચ્છેદ ૮ ના અર્થમાં દખલગીરી સમાન છે. જો કે, સત્તાવાળાઓ દ્વારા

જાળવી રાખવામાં આવેલી વ્યક્તિગત માહિતીમાં ઉપર જણાવેલ ખાનગી જીવનના કોઈપણ પાસાઓ સામેલ છે કે કેમ તે નક્કી કરતી વખતે, કોર્ટ તે ચોક્કસ સંદર્ભને યોગ્ય ધ્યાનમાં લેશે જેમાં પ્રશ્ન હેઠળની માહિતી રેકોર્ડ કરવામાં આવી છે અને જાળવવામાં આવી છે, રેકોર્ડ્સનું સ્વરૂપ, જે રીતે આ રેકોર્ડ્સનો ઉપયોગ અને પ્રક્રિયા કરવામાં આવે છે અને જે પરિણામો પ્રાપ્ત થઈ શકે છે."

ઉપરોક્ત સિદ્ધાંતો લાગુ કરતાં, એવું ઠેરવવામાં આવેલ કે:

"કોર્ટ શરૂઆતમાં નોંધે છે કે વર્તમાન કેસોમાં સત્તાવાળાઓ દ્વારા જાળવી રાખવામાં આવેલી વ્યક્તિગત માહિતીની ત્રણેય શ્રેણીઓ, એટલે કે ફિંગરપ્રિન્ટ્સ, ડીએનએ પ્રોફાઇલ્સ અને સેલ્યુલર નમૂનાઓ, ડેટા પ્રોટેક્શન કન્વેન્શનના અર્થમાં વ્યક્તિગત ડેટા બનાવે છે કારણ કે તે ઓળખાયેલી અથવા ઓળખી શકાય તેવી વ્યક્તિઓ સાથે સંબંધિત છે. સરકારે સ્વીકાર્યું કે ત્રણેય શ્રેણીઓ વ્યક્તિને ઓળખવામાં સક્ષમ હોય તેવા લોકોના હાથમાં ડેટા પ્રોટેક્શન એક્ટ ૧૯૯૮ ના અર્થમાં 'વ્યક્તિગત ડેટા' છે."

સેલ્યુલર નમૂનાઓ અને ડીએનએ પ્રોફાઇલ્સની જાળવણી અંગે, એવું ઠેરવવામાં આવેલ કે:

"સેલ્યુલર નમૂનાઓમાં રહેલી વ્યક્તિગત માહિતીના સ્વરૂપ અને જથ્થાને જોતાં, તેમની જાળવણી પોતે જ સંબંધિત વ્યક્તિઓના ખાનગી જીવનના સન્માનના અધિકારમાં દખલગીરી સમાન ગણવી જોઈએ. આ માહિતીનો માત્ર એક મર્યાદિત ભાગ જ વાસ્તવમાં ડીએનએ પ્રોફાઈલિંગ દ્વારા સત્તાવાળાઓ દ્વારા કાઢવામાં આવે છે અથવા ઉપયોગમાં લેવાય છે અને ચોક્કસ કેસમાં કોઈ તાત્કાલિક નુકસાન થતું નથી તે બાબત આ નિષ્કર્ષને બદલતી નથી ... વ્યક્તિઓ વચ્ચે આનુવંશિક સંબંધો ઓળખવાનું સાધન પૂરું પાડવાની ડીએનએ પ્રોફાઇલ્સની ક્ષમતા ... પોતે જ એ નિષ્કર્ષ કાઢવા માટે પૂરતી છે કે તેમની જાળવણી સંબંધિત વ્યક્તિઓના ખાનગી જીવનના અધિકારમાં દખલ કરે છે ... વંશીય મૂળ અંગેના અનુમાનો દોરવા માટે ડીએનએ પ્રોફાઇલ્સ દ્વારા ઊભી થતી શક્યતા તેમની જાળવણીને વધુ સંવેદનશીલ અને ખાનગી જીવનના અધિકારને અસર કરવા માટે જવાબદાર બનાવે છે."

ફિંગરપ્રિન્ટ્સ જાળવી રાખવા અંગે, એવું ઠેરવવામાં આવેલ કે:

"... ફિંગરપ્રિન્ટ્સ ઉદ્દેશ્યપૂર્વક સંબંધિત વ્યક્તિ વિશે અનન્ય માહિતી ધરાવે છે જે પરિસ્થિતિઓની વિશાળ શ્રેણીમાં ચોકસાઈ સાથે તેની ઓળખ કરવાની મંજૂરી આપે છે. તેથી તે તેના ખાનગી જીવનને અસર કરવામાં સક્ષમ છે અને સંબંધિત વ્યક્તિની સંમતિ વિના આ

માહિતીની જાળવણી તટસ્થ અથવા બિનમહત્વપૂર્ણ ગણી શકાય નહીં ..."

ઉઝુન વિરુદ્ધ જર્મની (ઉપર મુજબ) માં, ઇસીટીએચઆર એ યુરોપિયન કન્વેન્શન ઓફ હ્યુમન રાઇટ્સના અનુચ્છેદ ૮ ના ઉલ્લંઘનનો દાવો કરતી અરજીની તપાસ કરી જ્યાં તપાસ એજન્સીઓ દ્વારા ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમ (જીપીએસ) દ્વારા અરજદારનો ડેટા મેળવવામાં આવ્યો હતો અને ફોજદારી કાર્યવાહીમાં તેની સામે ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ કેસમાં, ડાબેરી ઉગ્રવાદી ચળવળ દ્વારા કરવામાં આવેલા બોમ્બ હુમલામાં અરજદાર સામેલ હોવાની શંકા હતી. કોર્ટે સર્વાનુમતે નિષ્કર્ષ કાઢ્યો કે અનુચ્છેદ ૮ નું કોઈ ઉલ્લંઘન થયું નથી અને નીચે મુજબ ઠેરવેલ કે:

> "શ્રી ઉઝુનનું જીપીએસ સર્વેલન્સ હત્યાના પ્રયાસના કેટલાક ગુનાઓની તપાસ કરવા માટે આદેશવામાં આવ્યું હતું જેની જવાબદારી આતંકવાદી ચળવળે સ્વીકારી હતી અને વધુ બોમ્બ હુમલાઓને રોકવા માટે આદેશવામાં આવ્યું હતું. તેથી તે રાષ્ટ્રીય સુરક્ષા અને જાહેર સલામતી, ગુનાની રોકથામ અને પીડિતોના અધિકારોના રક્ષણના હિતમાં સેવા આપતું હતું. તપાસની ઓછી આક્રમક પદ્ધતિઓ અપૂરતી સાબિત થયા પછી જ પ્રમાણમાં ટૂંકા ગાળા માટે - ત્રણ મહિના માટે - આદેશ આપવામાં આવ્યો હતો અને તેણે શ્રી ઉઝુનને ત્યારે જ અસર કરી હતી જ્યારે તેઓ તેમના સાથીદારની કાર સાથે મુસાફરી કરી રહ્યા હતા. તેથી, તેઓ સંપૂર્ણ

અને વ્યાપક દેખરેખ હેઠળ હતા તેમ કહી શકાય નહીં. આ તપાસ ખૂબ જ ગંભીર ગુનાઓ સાથે સંબંધિત હોવાથી, કોર્ટે શોધી કાઢ્યું કે શ્રી ઉઝુનની જીપીએસ સર્વેલન્સ પ્રમાણસર હતી."

એસોસિયાસિયોન નેસિઓનલ ડી એસ્ટેબ્લેસિમિએન્ટોસ ફાઇનાન્સિએરોસ ડી ક્રેડિટો (એએસએનઈએફ) વિરુદ્ધ સ્પેઇન[294] ના કેસમાં સીજેઇયુ ના નિર્ણયે સ્પેનમાં ડેટા પ્રોટેક્શન ડાયરેક્ટિવના અમલીકરણમાં ખામી હોવાનું શોધી કાઢવા માટે અનુચ્છેદ ૭ ના ખાનગી જીવનના સન્માનના અધિકાર અને ચાર્ટરના અનુચ્છેદ ૮(૧) પર આધાર રાખ્યો હતો, કારણ કે તે જાહેર અને ખાનગી ડેટાબેઝને વધુ સામાન્ય રીતે લાગુ પડવાને બદલે માત્ર ચોક્કસ જાહેર ડેટા બેંકમાં રાખવામાં આવેલી માહિતીને જ લાગુ પડતો હતો, તે આધાર પર કે "બિન-જાહેર સ્ત્રોતોમાં દેખાતા ડેટા પર પ્રક્રિયા કરવાનો અર્થ અનિવાર્યપણે એ થાય છે કે ડેટા વિષયના ખાનગી જીવન સંબંધિત માહિતી ત્યારપછી ડેટા નિયંત્રક દ્વારા અને કેસ મુજબ, ત્રીજા પક્ષ અથવા પક્ષકારો દ્વારા જાણવામાં આવશે કે જેમને ડેટા જાહેર કરવામાં આવ્યો છે. ચાર્ટરના અનુચ્છેદ ૭ અને ૮ માં સમાવિષ્ટ ડેટા વિષયના અધિકારોના આ વધુ ગંભીર ઉલ્લંઘનને યોગ્ય રીતે ધ્યાનમાં લેવું આવશ્યક છે".

ડિજિટલ રાઇટ્સ આયર્લેન્ડ લિમિટેડ વિરુદ્ધ મિનિસ્ટર[295] (૨૦૧૪) માં, સીજેઇયુ એ ડેટા પ્રોટેક્શન ડાયરેક્ટિવની માન્યતાની તપાસ કરી, જેમાં ગંભીર

[294] સી-૪૬૮/૧૦, ૨૪ નવેમ્બર, [૨૦૧૧] ઈ.સી.આર. ૧-એનવાયઆર
[295] સી-૨૯૩/૧૨

ગુનાઓની રોકથામ, તપાસ, શોધ અને કાર્યવાહીના હેતુ માટે ડેટા ઉપલબ્ધ છે તેની ખાતરી કરવા માટે ટેલિફોન અને ઇન્ટરનેટ સેવા પ્રદાતાઓએ ૬ થી ૨૪ મહિના માટે ઇન્ટરનેટ અને કૉલ ડેટાની વિગતો, તેમજ ગ્રાહક અથવા વપરાશકર્તાને ઓળખવા માટે જરૂરી સંબંધિત ડેટા જાળવી રાખવો જરૂરી હતો. કોર્ટે ઠેરવેલ કે સદર ડાયરેક્ટિવ ચાર્ટરના અનુચ્છેદ ૫૨(૧) સાથે અસંગત છે, કારણ કે સદર ડાયરેક્ટિવ દ્વારા મૂકવામાં આવેલી મર્યાદાઓ "ડેટાની ઍક્સેસ અને તેમના ઉપયોગને નિયંત્રિત કરવા માટે જરૂરી બાંહેધરીઓનું સંચાલન કરવા માટેના આવશ્યક સિદ્ધાંતો સાથે નહોતી". એવું ઠેરવવામાં આવેલ કે:

> "પ્રાઈવસીના મૂળભૂત અધિકારમાં દખલગીરીનું અસ્તિત્વ સ્થાપિત કરવા માટે, સંબંધિત ખાનગી જીવન વિશેની માહિતી સંવેદનશીલ છે કે કેમ અથવા સંબંધિત વ્યક્તિઓને કોઈપણ રીતે અસુવિધા થઈ છે કે કેમ તેનાથી કોઈ ફરક પડતો નથી."

ઇલેક્ટ્રોનિક સંચારના ઉપયોગ સંબંધિત ડેટા ખાસ કરીને મહત્વપૂર્ણ છે અને તેથી ગુનાઓની રોકથામ અને ગુના સામેની લડાઈમાં, ખાસ કરીને સંગઠિત ગુના સામે લડવામાં એક મૂલ્યવાન સાધન છે તેમ જણાવતાં, કોર્ટે પ્રાઈવસીના અધિકારમાં દખલગીરીની પ્રમાણસરતાની તપાસ કરી અને ઠેરવેલ કે:

> "ડાયરેક્ટિવ ૨૦૦૬/૨૪ દ્વારા જરૂરી ડેટાની જાળવણીની આવશ્યકતા અંગે, એ માનવું જ જોઈએ કે ગંભીર ગુના સામેની લડાઈ, ખાસ કરીને સંગઠિત ગુના અને આતંકવાદ સામે, જાહેર સુરક્ષા સુનિશ્ચિત

કરવા માટે ખરેખર અત્યંત મહત્વપૂર્ણ છે અને તેની અસરકારકતા આધુનિક તપાસ તકનીકોના ઉપયોગ પર મોટા પ્રમાણમાં નિર્ભર હોઈ શકે છે. જો કે, સામાન્ય હિતનો આવો ઉદ્દેશ્ય, ભલે તે ગમે તેટલો મૂળભૂત હોય, તે પોતે જ ડાયરેક્ટિવ ૨૦૦૬/૨૪ દ્વારા સ્થાપિત કરવામાં આવેલા જાળવણી પગલાંને તે લડાઈના હેતુ માટે જરૂરી ગણવા માટે વાજબી ઠેરવતો નથી..."

સદર ડાયરેક્ટિવ પૂરતા સુરક્ષા પગલાં પૂરા પાડતું નથી તે બાબત પર પ્રકાશ પાડતાં, એવું ઠેરવવામાં આવેલ કે ડાયરેક્ટિવ અપનાવીને, ઈયુ એ "ચાર્ટરના અનુચ્છેદ ૭, ૮ અને ૫૨(૧) ના સંદર્ભમાં પ્રમાણસરતાના સિદ્ધાંતના પાલન દ્વારા લાદવામાં આવેલી મર્યાદાઓ ઓળંગી દીધી છે."

આરઈ વિરુદ્ધ ધ યુનાઇટેડ કિંગડમ[296] (૨૦૧૫) માં, એક પોલીસ અધિકારીની હત્યાના સંબંધમાં અરજદારની ત્રણ પ્રસંગોએ ધરપકડ કરવામાં આવી હતી અને અટકાયત કરવામાં આવી હતી. તેણે અટકાયતીઓ અને તેમના વકીલો, તબીબી સલાહકારો અને યોગ્ય પુખ્ત વયના લોકો[297] વચ્ચેની પરામર્શની ગુપ્ત દેખરેખની પ્રવર્તમાન કાયદા દ્વારા માન્ય વ્યવસ્થા હેઠળ અનુચ્છેદ ૮ ના ઉલ્લંઘનનો દાવો કર્યો હતો. ઈસીટીએચઆર એ ઠેરવેલ કે:

[296] અરજી નં. ૬૨૪૯૮/૧૧

[297] કેસની હકીકતો મુજબ, 'યોગ્ય પુખ્ત' એ સંબંધી અથવા વાલી, અથવા માનસિક રીતે અસ્વસ્થ અથવા માનસિક રીતે સંવેદનશીલ લોકો સાથે વ્યવહાર કરવામાં અનુભવી વ્યક્તિ હોઈ શકે છે.

"અદાલત ... માને છે કે કાનૂની પરામર્શની દેખરેખ વ્યક્તિના તેના અથવા તેણીના ખાનગી જીવન અને પત્રવ્યવહારના સન્માનના અધિકારમાં અત્યંત ઊંચા સ્તરની ઘૂસણખોરી રચે છે ... પરિણામે, આવા કેસોમાં તે વ્યક્તિઓને તેમના અનુચ્છેદ ૮ ના અધિકારો સાથેની મનસ્વી દખલગીરીથી બચાવવા માટે સમાન રક્ષણાત્મક પગલાંની અપેક્ષા રાખશે ..."

"'યોગ્ય પુખ્ત'-અટકાયતી પરામર્શની દેખરેખ કાનૂની વિશેષાધિકારને આધીન નહોતી અને તેથી અટકાયતી પાસે પ્રાઈવસીની સમાન અપેક્ષા હોઈ શકે નહીં.... સંબંધિત સ્થાનિક જોગવાઈઓ, જ્યાં સુધી તે અટકાયતીઓ અને 'યોગ્ય પુખ્ત વયના લોકો' વચ્ચેની પરામર્શની સંભવિત દેખરેખ સાથે સંબંધિત હતી, ત્યાં સુધી 'દુરુપયોગ સામે પૂરતા રક્ષણાત્મક પગલાં' સાથે હતી, ખાસ કરીને અધિકૃતતા, સમીક્ષા અને રેકોર્ડ રાખવા સંબંધિત. તેથી, અનુચ્છેદ ૮ નું કોઈ ઉલ્લંઘન થયું નથી."

રોમન ઝખારોવ વિરુદ્ધ રશિયા[298] (૨૦૧૫) માં, ઈસીટીએચઆર એ કન્વેન્શનના અનુચ્છેદ ૮ ના ઉલ્લંઘનનો દાવો કરતી અરજીની તપાસ કરી જેમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે મોબાઈલ ઓપરેટરોએ પ્રવર્તમાન રાષ્ટ્રીય કાયદા હેઠળ અગાઉની ન્યાયિક અધિકૃતતા વિના સુરક્ષા સેવાઓ દ્વારા તમામ ટેલિફોન સંચારની અનિયંત્રિત ઈન્ટરસેપ્શનની મંજૂરી આપી હતી. અદાલતે અવલોકન કર્યું કે:

[298] અરજી નં. ૪૭૧૪૩/૦૬

"શ્રી ઝખારોવ યુરોપિયન કન્વેન્શનના ઉલ્લંઘનના ભોગ બન્યા હોવાનો દાવો કરવા માટે હકદાર હતા, ભલે તેઓ એવો આક્ષેપ કરવામાં અસમર્થ હતા કે તેઓ દેખરેખના નક્કર પગલાનો ભોગ બન્યા હતા. કાયદા દ્વારા પૂરા પાડવામાં આવેલા દેખરેખના પગલાંના ગુપ્ત સ્વરૂપ, તેમના વ્યાપક કાર્યક્ષેત્ર (મોબાઇલ ટેલિફોન સંચારના તમામ વપરાશકર્તાઓને અસર કરતા) અને રાષ્ટ્રીય સ્તરે તેમને પડકારવાના અસરકારક સાધનોના અભાવને જોતાં... રશિયન કાયદો 'કાયદાની ગુણવત્તા' ની જરૂરિયાતને પૂર્ણ કરતો નહોતો અને સંચારના ઇન્ટરસેપ્શનને 'લોકશાહી સમાજમાં જરૂરી' હોય તેવા સ્તર સુધી મર્યાદિત રાખવામાં અસમર્થ હતો. તદનુસાર કન્વેન્શનના અનુચ્છેદ ૮ નું ઉલ્લંઘન થયું હતું."

ઇસીટીએચઆર અને સીજેઇયુ બંનેએ, ઇસીએચઆર ના અનુચ્છેદ ૮ અને ચાર્ટરના અનુચ્છેદ ૭ ના ઉપયોગ અને અર્થઘટન સાથે વ્યવહાર કરતી વખતે, વ્યક્તિગત હિતો અને સામાજિક હિતો વચ્ચે સંતુલિત અભિગમ જાળવી રાખ્યો છે. કન્વેન્શન અધિકાર સંબંધિત વ્યક્તિગત દાવાની તપાસમાં બે-તબક્કાની કસોટીનું ઇસીટીએચઆર દ્વારા સખતપણે પાલન કરવામાં આવ્યું છે.

(૬) ઇન્ટર-અમેરિકન માનવ અધિકાર અદાલતના નિર્ણયો

અમેરિકન કન્વેન્શન ઓન હ્યુમન રાઇટ્સનો અનુચ્છેદ ૧૧ પ્રાઇવસીના અધિકાર સાથે સંબંધિત છે. આ જોગવાઈ નીચે મુજબ ટાંકવામાં આવી છે:

"૧. દરેક વ્યક્તિને તેનું સન્માન જળવાય અને તેની ગરિમા માન્ય રાખવામાં આવે તેવો અધિકાર છે.

૨. કોઈ પણ વ્યક્તિના ખાનગી જીવન, તેના કુટુંબ, તેના ઘર અથવા તેના પત્રવ્યવહારમાં મનસ્વી અથવા અપમાનજનક દખલગીરી, અથવા તેના સન્માન અથવા પ્રતિષ્ઠા પર ગેરકાયદેસર હુમલાનો ભોગ બનાવવામાં આવશે નહીં.

૩. દરેક વ્યક્તિને આવી દખલગીરી અથવા હુમલા સામે કાયદાના રક્ષણનો અધિકાર છે."

અર્તાવિયા મુરિલો અને અન્ય ("ઇન વિટ્રો ફર્ટિલાઇઝેશન") વિરુદ્ધ કોસ્ટા રિકા[299] (૨૦૧૨) ના નિર્ણયમાં, એ પ્રશ્નને સંબોધવામાં આવ્યો હતો કે શું ઇન વિટ્રો ફર્ટિલાઇઝેશનની પદ્ધતિ પર રાજ્યનો પ્રતિબંધ ખાનગી જીવનના અધિકારમાં મનસ્વી દખલગીરી સમાન છે કે કેમ. કોર્ટે ઠેરવેલ કે:

"આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર અદાલતો દ્વારા ખાનગી જીવનના અધિકારના સંરક્ષણના ક્ષેત્રનું વ્યાપક સંદર્ભમાં અર્થઘટન કરવામાં આવ્યું છે, જ્યારે એ દર્શાવવામાં આવ્યું છે કે તે પ્રાઈવસીના અધિકારથી પણ આગળ વધે છે. ખાનગી જીવનનું સંરક્ષણ વ્યક્તિની ગરિમા સાથે સંકળાયેલા પરિબળોની શ્રેણીને આવરી લે છે, જેમાં ઉદાહરણ તરીકે, તેના પોતાના વ્યક્તિત્વ અને આકાંક્ષાઓનો વિકાસ કરવાની, પોતાની ઓળખ

[299] ઇન્ટર-એમ. સીટી. એચ.આર. (સેર. સી) નં. ૨૫૭

નક્કી કરવાની અને પોતાના અંગત સંબંધોને વ્યાખ્યાયિત કરવાની ક્ષમતાનો સમાવેશ થાય છે. ખાનગી જીવનની વિભાવના શારીરિક અને સામાજિક ઓળખના પાસાઓને આવરી લે છે, જેમાં વ્યક્તિગત સ્વાયત્તતા, વ્યક્તિગત વિકાસ અને અન્ય માનવીઓ તથા બહારના વિશ્વ સાથે સંબંધો સ્થાપિત કરવાનો અને વિકસાવવાનો અધિકાર સામેલ છે. ખાનગી જીવનના અધિકારનો અસરકારક ઉપયોગ વ્યક્તિના જીવનની ગુણવત્તા માટે સુસંગત ઘટનાઓના ભાવિ ક્રમ પર વ્યક્તિગત સ્વાયત્તતાનો ઉપયોગ કરવાની સંભાવના માટે નિર્ણાયક છે. ખાનગી જીવનમાં વ્યક્તિ પોતાની જાતને જે રીતે જુએ છે અને તે આ દૃષ્ટિકોણને અન્ય લોકો તરફ કેવી રીતે રજૂ કરવાનો નિર્ણય લે છે તેનો સમાવેશ થાય છે, અને તે વ્યક્તિત્વના મુક્ત વિકાસ માટે આવશ્યક શરત છે ... વધુમાં, અદાલતે દર્શાવ્યું છે કે માતૃત્વ એ સ્ત્રીના વ્યક્તિત્વના મુક્ત વિકાસનો એક આવશ્યક ભાગ છે. ઉપરોક્ત બાબતોના આધારે, કોર્ટ માને છે કે માતાપિતા બનવું કે નહીં તે નિર્ણય ખાનગી જીવનના અધિકારનો ભાગ છે અને તેમાં, આ કેસમાં, આનુવંશિક અથવા જૈવિક અર્થમાં માતા અથવા પિતા બનવું કે નહીં તે નિર્ણયનો સમાવેશ થાય છે." (ભારપૂર્વક ઉમેરેલ)

એસ્ચર અને અન્ય વિરુદ્ધ બ્રાઝિલ[300] (૨૦૦૯) માં, રાજ્યની લશ્કરી પોલીસ દ્વારા એપ્રિલ અને જૂન ૧૯૯૯ વચ્ચે ટેલિફોન ઇન્ટરસેપ્શન અને

[300] ઇન્ટર-એમ. સીટી. એચ.આર. (સેર. સી) નં. ૨૦૦

ટેલિફોનિક લાઈનનું મોનિટરિંગ કરવામાં આવ્યું હતું. કોર્ટે શોધી કાઢ્યું કે રાજ્યએ અમેરિકન કન્વેન્શન ઓન હ્યુમન રાઈટ્સનું ઉલ્લંઘન કર્યું છે અને ઠેરવેલ કે:

"અનુચ્છેદ ૧૧ ટેલિફોન વાતચીતની સામગ્રીને ધ્યાનમાં લીધા વિના તેને લાગુ પડે છે અને તેમાં તેને ટેપ કરીને અને સાંભળીને આ સામગ્રી રેકોર્ડ કરવા માટે રચાયેલ તકનીકી કામગીરી, અથવા સંચાર પ્રક્રિંયાના અન્ય કોઈપણ તત્વ બ નેનો પણ સમાવેશ થઈ શકે છે; ઉદાહરણ તરીકે, કરવામાં આવેલા કૉલ્સનું ગંતવ્ય અથવા મૂળ, વક્તાઓની ઓળખ, કૉલ્સની આવર્તન, સમય અને અવધિ, એવા પાસાઓ કે જે વાતચીતને ટેપ કરીને કૉલની સામગ્રી રેકોર્ડ કરવાની જરૂરિયાત વિના ચકાસી શકાય છે ..."

"કન્વેન્શનનો અનુચ્છેદ ૧૧ માન્ય રાખે છે કે દરેક વ્યક્તિને તેના સન્માનના આદરનો અધિકાર છે, સન્માન અને પ્રતિષ્ઠા સામે ગેરકાયદેસર હુમલાને પ્રતિબંધિત કરે છે, અને આવા હુમલા સામે કાનૂની રક્ષણ પૂરું પાડવાની જવાબદારી રાજ્યો પર લાદે છે. સામાન્ય રીતે, સન્માનનો અધિકાર આત્મસન્માન અને સ્વ-મૂલ્ય સાથે સંબંધિત છે, જ્યારે પ્રતિષ્ઠા એ અન્ય લોકો વ્યક્તિ વિશે જે અભિપ્રાય ધરાવે છે તેનો સંદર્ભ આપે છે ..."

"કોઈપણ મોનિટરિંગ સિસ્ટમમાં દુરુપયોગના અંતર્નિહિત જોખમને કારણે, આ પગલું સ્પષ્ટ, વિગતવાર નિયમો સાથે ખાસ કરીને ચોક્કસ

કાયદા પર આધારિત હોવું જોઈએ. અમેરિકન કન્વેન્શન રાજ્ય અથવા વ્યક્તિઓ તરફથી થતી કોઈપણ પ્રકારની મનસ્વી અથવા અપમાનજનક દખલગીરીથી સંચારની ગુપ્તતા અને પવિત્રતાનું રક્ષણ કરે છે; પરિણામે, આવા સંચારની દેખરેખ, હસ્તક્ષેપ, રેકોર્ડિંગ અને પ્રસાર પ્રતિબંધિત છે, સિવાય કે કાયદા દ્વારા સ્થાપિત કેસોમાં કે જે અમેરિકન કન્વેન્શનના ઉદ્દેશ્યો અને હેતુઓને અનુરૂપ હોય."

અન્ય આંતરરાષ્ટ્રીય અધિકારક્ષેત્રોની જેમ, ઇન્ટર-અમેરિકન માનવ અધિકાર અદાલતે પ્રાઇવસી અને ખાનગી જીવનની વિભાવના સાથે વ્યાપક સંદર્ભમાં વ્યવહાર કર્યો છે જે સ્વાતંત્ર્ય અને મુક્તિના મૂલ્યમાં વધારો કરે છે.

આ અધિકારક્ષેત્રોમાં પ્રાઇવસી પરના કાયદાના વિકાસે વ્યક્તિગત આઝાદી અને સ્વાતંત્ર્યને આભારી મહત્વ અને પવિત્રતામાંથી પોષણ મેળવ્યું છે. જે બંધારણો, ભારતીય બંધારણની જેમ, સુસ્થાપિત અધિકારો ધરાવે છે તે વ્યક્તિની ગરિમાને ઉચ્ચ સ્થાને મૂકે છે. સાંસ્કૃતિક તફાવતો અને વિભિન્ન ઇતિહાસ હોવા છતાં, તુલનાત્મક કાયદાનો અભ્યાસ એવી ખાતરી પૂરી પાડે છે કે આપણે જે માર્ગ નક્કી કર્યો છે તે આપણે વિશ્લેષણ કરેલા અધિકારક્ષેત્રોની બંધારણીય સંસ્કૃતિમાં માનવ મૂલ્યો પ્રત્યેના સમાન આદર સાથે સુસંગત છે. આ મૂલ્યો સાર્વત્રિક અને કાયમી સ્વરૂપના છે.

એલ. પ્રાઇવસી સિદ્ધાંતની ટીકાઓ

૧૩૫. ભારત સરકાર વતી આ કોર્ટ સમક્ષ દલીલોનું નેતૃત્વ કરી રહેલા ભારતના એટર્ની જનરલ, પ્રાઈવસીને સામાન્ય અધિકાર તરીકે આપવામાં આવતી માન્યતા પ્રત્યે આલોચનાત્મક રહ્યા છે. આ રજૂઆતના અનેક પાસાઓ છે, જે પૈકી:

(૧) બંધારણ હેઠળ પ્રાઈવસીનો કોઈ સામાન્ય અથવા મૂળભૂત અધિકાર નથી;

(૨) મૂળભૂત અધિકારોના ભાગ તરીકે પ્રાઈવસીના કોઈ બ્લેન્કેટ (સર્વગ્રાહી) અધિકારનું અર્થઘટન કરી શકાય નહીં અને જ્યાં પ્રાઈવસીના કેટલાક ઘટક પાસાઓ ભાગ ત્રણમાં ગણાવેલી ગેરંટીઓ દ્વારા પહેલાથી જ આવરી લેવામાં આવ્યા છે, ત્યાં તે પાસાઓ કોઈપણ સંજોગોમાં સુરક્ષિત રહેશે;

(૩) જ્યાં પ્રાઈવસીના ચોક્કસ પ્રકારો બંધારણના ભાગ ત્રણમાં સ્વાતંત્ર્યના સંરક્ષણ દ્વારા સંચાલિત થાય છે, ત્યાં આ કોર્ટના વિવિધ નિર્ણયોમાં માન્ય રાખ્યા મુજબ તેઓ જાહેર હિતમાં વાજબી નિયંત્રણોને આધીન છે;

(૪) પ્રાઈવસી એ એક એવી વિભાવના છે જેનો કોઈ ચોક્કસ અર્થ અથવા વ્યાખ્યા નથી અને આ અભિવ્યક્તિ અધૂરી છે; અને

(૫) બંધારણના ઘડવૈયાઓએ મૂળભૂત અધિકારો પરના પ્રકરણના ભાગ તરીકે ખાસ કરીને આવા અધિકારનો સમાવેશ કર્યો ન હતો અને મુસદ્દા બંધારણમાં મૂળ રૂપે જે સ્વાતંત્ર્ય શબ્દનો ઉપયોગ કરવાની માંગ કરવામાં આવી

હતી તેનો વ્યાપ પણ વ્યક્તિગત સ્વાતંત્ર્ય સુધી ઘટાડવામાં આવ્યો હતો. આ રજૂઆતોને વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી આર્યમા સુંદરમ દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે.

૧૩૬. ટીકા અને સમીક્ષા લોકશાહી શાસનના હાર્દમાં રહેલી છે. અસંમતિ પ્રત્યે સહિષ્ણુતા એ પણ એટલું જ મૂલ્યવાન મૂલ્ય છે. આવા મહત્વપૂર્ણ પરિમાણોના કેસનો નિર્ણય કરતી વખતે, કોર્ટે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બંને સ્તરે વ્યક્ત કરાયેલી ટીકાઓને ધ્યાનમાં લેવી આવશ્યક છે. આ, જેમ આપણે નોંધીએ છીએ, શૈક્ષણિક, દાર્શનિક અને વ્યવહારુ બાબતો પર આધારિત છે.

૧૩૭. સ્ટેનફોર્ડ એનસાયક્લોપીડિયા ઓફ ફિલોસોફી "પ્રાઈવસીના કેટલાક શંકાસ્પદ અને નિર્ણાયક અહેવાલો" નો ઉલ્લેખ કરે છે. ટીકા નીચે મુજબ રજૂ કરવામાં આવી છે:

"પ્રાઈવસી અંગે અનેક શંકાસ્પદ અને આલોચનાત્મક દલીલો છે. એક જાણીતી દલીલ મુજબ પ્રાઈવસીનો કોઈ અધિકાર નથી અને પ્રાઈવસી વિશે કંઈ ખાસ નથી, કારણ કે ખાનગી તરીકે સુરક્ષિત કોઈપણ હિત અન્ય હિતો અથવા અધિકારો દ્વારા એટલી જ સારી રીતે સમજાવી અને સુરક્ષિત કરી શકાય છે, ખાસ કરીને મિલકત અને શારીરિક સુરક્ષાના અધિકારો (થોમસન, ૧૯૭૫). અન્ય સમીક્ષાઓ એવી દલીલ કરે છે કે પ્રાઈવસી હિતો વિશિષ્ટ નથી કારણ કે તેઓ જે વ્યક્તિગત હિતોનું રક્ષણ કરે છે તે આર્થિક રીતે બિનકાર્યક્ષમ છે (પોઝનર, ૧૯૮૧) અથવા તેઓ કોઈ પર્યાપ્ત કાનૂની સિદ્ધાંત પર આધારિત નથી (બોર્ક,

૧૯૯૦). છેવટે, પ્રાઈવસીની નારીવાદી ટીકા છે, કે પ્રાઈવસીને વિશેષ દરજ્જો આપવો એ મહિલાઓ અને અન્ય લોકો માટે હાનિકારક છે કારણ કે તેનો ઉપયોગ તેમના પર પ્રભુત્વ મેળવવા અને નિયંત્રણ કરવા, તેમને શાંત કરવા અને દુર્વ્યવહારને છુપાવવા માટે ઢાલ તરીકે થાય છે (મેકકિનોન, ૧૯૮૯)."[301]

૧૩૮. હાર્વર્ડ લો રિવ્યુમાં ૨૦૧૩ માં પ્રકાશિત થયેલા એક લેખમાં, જ્યોર્જટાઉન યુનિવર્સિટીના જ્યોર્જટાઉન લો સેન્ટર ખાતે કાયદાના પ્રોફેસરે પ્રાઈવસીને "છબીની સમસ્યા" ધરાવતી ગણાવી હતી.[302] પ્રાઈવસી, જેમ કે તેણીએ નોંધ્યું છે, "શ્રેષ્ઠ રીતે જૂની પુરાણી અને સૌથી ખરાબ રીતે સીધી હાનિકારક - પ્રગતિ વિરોધી, અત્યંત ખર્ચાળ અને રાજકીય વ્યવસ્થાના કલ્યાણ માટે પ્રતિકૂળ" તરીકે દર્શાવવામાં આવી છે.[303] તેણીના મતે પરિણામો અનુમાનિત છે:

"... જ્યારે પ્રાઈવસી અને તેના કથિત જૂના મૂલ્યોને રાષ્ટ્રીય સુરક્ષા, કાર્યક્ષમતા અને સાહસિકતાની અત્યાધુનિક અનિવાર્યતાઓ સામે સંતુલિત કરવા જોઈએ, ત્યારે પ્રાઈવસી હારી જાય છે. પ્રાઈવસીના પ્રતિકૂળ પરિબળોની યાદી લાંબી છે અને વધી રહી છે. સોશિયલ મીડિયા, મોબાઇલ પ્લેટફોર્મ, ક્લાઉડ કમ્પ્યુટિંગ, ડેટા માઇનિંગ અને પ્રિડિક્ટિવ એનાલિટિક્સના તાજેતરના ઉમેરાઓ

[301] "પ્રાઈવસી", સ્ટેનફોર્ડ એનસાયક્લોપીડિયા ઓફ ફિલોસોફી (૨૦૦૨).

[302] જૂલી ઈ. કોહેન, "વોટ પ્રાઈવસી ઈઝ ફોર", હાર્વર્ડ લો રિવ્યુ (૨૦૧૩), વોલ્યુમ ૧૨૬, પૃષ્ઠ ૧૯૦૪.

[303] સદર.

હવે પલ્લાને સંપૂર્ણપણે નમાવવાની ધમકી આપે છે, જે પ્રાઈવસીને જ્ઞાનની પ્રગતિના કાયમી વિરોધમાં મૂકે છે."[304]

આ લેખ આગળ સમજાવે છે કે પ્રાઈવસીને પ્રાચીન અને સામાજિક રીતે પછાત ગણવાની ધારણા ખોટી છે. તેમ છતાં, આ ટીકા ભારત માટે સુસંગત છે. રાષ્ટ્ર જ્ઞાન આધારિત અર્થતંત્ર તરફ આગળ વધવાની આકાંક્ષા રાખે છે. માહિતી એ જ્ઞાનનો આધાર છે. આ સમીક્ષા અનુસાર, પહ્લું જ્ઞાન, નવીનતા અને વિકાસની સર્વોચ્ચ રાષ્ટ્રીય જરૂરિયાતની તરફેણમાં નમવું જોઈએ. આ ચિંતાઓને નકારી શકાય નહીં અને તેને ધ્યાનમાં લેવી જ જોઈએ. તે ગરીબ સમાજના મોટા વર્ગને આર્થિક વૃદ્ધિ અને સામાજિક કલ્યાણ પૂરું પાડવાની જરૂરિયાત પર આધારિત છે.

૧૩૯. બીજી એક ટીકા, જે રોબર્ટ બોર્ક દ્વારા કરવામાં આવી છે, તે યુ.એસ. સુપ્રિમ કોર્ટના ન્યાયાધીશો દ્વારા બંધારણના મૂળભૂત મૂલ્યોની પસંદગી અને બિલ ઓફ રાઈટ્સ દ્વારા બનાવવામાં આવેલા 'પેનમ્બ્રાસ' અથવા પ્રાઈવસીના ઝોનના અસ્તિત્વના (ગ્રીસવોલ્ડમાં ન્યાયમૂર્તિ ડગ્લાસ દ્વારા રજૂ કરાયેલ) સિદ્ધાંતને ન્યાયિક અર્થઘટનના એક છલાંગ તરીકે પ્રશ્નાર્થ કરે છે.[305]

૧૪૦. સ્ટેનફોર્ડ એનસાયક્લોપીડિયા ઓફ ફિલોસોફી પ્રાઈવસી પરના સાહિત્યને બે વિભાવનાઓના સંદર્ભમાં સમજવાનો પ્રયાસ કરે છે: રીડક્શનિઝમ

[304] સદર, પૃષ્ઠો ૧૯૦૪-૧૯૦૫ પર.

[305] આ ટીકા માટે જુઓ: રોબર્ટ એચ. બોર્ક, "ન્યુટ્રલ પ્રિન્સિપલ્સ એન્ડ સમ ફર્સ્ટ એમેન્ડમેન્ટ પ્રોબ્લેમ્સ", ઈન્ડિયાના લો જર્નલ (ફોલ ૧૯૭૧), વોલ્યુમ ૪૭(૧), પૃષ્ઠો ૮-૯.

અને કોહેરન્ટિઝમ .[306] રીડક્શનિસ્ટો સામાન્ય રીતે પ્રાઈવસીની ટીકા કરે છે જ્યારે કોહેરન્ટિસ્ટો પ્રાઈવસી હિતોના મૂળભૂત મૂલ્યોનો બચાવ કરે છે. પ્રાઈવસીની આલોચનાઓનો વ્યાપકપણે નીચે મુજબ સારાંશ આપી શકાય છે:

(એ) <u>થોમસનનું રીડક્શનિઝમ</u> [307]

જુડિથ જાર્વિસ થોમસને, ૧૯૭૫ માં પ્રકાશિત એક લેખમાં નોંધ્યું હતું કે પ્રાઈવસીની વિષયવસ્તુ પર બહુ ઓછી સહમતિ હોવા છતાં, છેવટે પ્રાઈવસી એ અધિકારોનું એક ક્લસ્ટર (જૂથ) છે જે મિલકતના અધિકારો અથવા શારીરિક સુરક્ષાના અધિકાર સાથે ઓવરલેપ થાય છે. તેણીના મતે, પ્રાઈવસીનો અધિકાર એ અર્થમાં વ્યુત્પન્ન છે કે પ્રાઈવસીના ઉલ્લંઘનને વધુ મૂળભૂત અધિકારના ઉલ્લંઘન તરીકે વધુ સારી રીતે સમજી શકાય છે.

(બી) <u>પોઝનરની આર્થિક ટીકા</u> [308]

રિચાર્ડ પોઝનરે, ૧૯૮૧ માં પ્રકાશિત 'ધ ઇકોનોમિક્સ ઓફ જસ્ટિસ' માં દલીલ કરી હતી કે પ્રાઈવસીનું રક્ષણ એવી રીતે કરવામાં આવે છે જે આર્થિક રીતે બિનકાર્યક્ષમ છે. તેમના મતે, પ્રાઈવસીનું રક્ષણ ત્યારે જ થવું જોઈએ જ્યારે માહિતીની પહોંચ તેના મૂલ્યમાં ઘટાડો કરશે જેમ કે જ્યારે કોઈ વિદ્યાર્થીને પ્રવેશ માટે ભલામણ પત્ર વાંચવાની મંજૂરી આપવામાં આવે, જેથી તે પત્ર ઓછો

---

[306] ઉપર નોંધ ૩૦૧.

[307] જુડિથ જાર્વિસ થોમસન, "ધ રાઇટ ટુ પ્રાઇવસી", ફિલોસોફી એન્ડ પબ્લિક અફેર્સ (૧૯૭૫), વોલ્યુમ ૪, પૃષ્ઠો ૨૯૫-૩૧૪.

[308] રિચાર્ડ પોઝનર, ધ ઇકોનોમિક્સ ઓફ જસ્ટિસ, હાર્વર્ડ યુનિવર્સિટી પ્રેસ (૧૯૮૧).

વિશ્વસનીય બને. પોઝનરના મતે, પ્રાઈવસી જ્યારે પોતાના વિશેની માહિતી પરના નિયંત્રણ તરીકે પ્રગટ થાય છે, ત્યારે તેનો ઉપયોગ અન્ય લોકોને ગેરમાર્ગે દોરવા અથવા ચાલાકી કરવા માટે થાય છે.

(સી) <u>બોર્કની ટીકા</u> [309]

રોબર્ટ બોર્કે, 'ધ ટેમ્પ્ટિંગ ઓફ અમેરિકા: ધ પોલિટિકલ સિડક્શન ઓફ ધ લો' માં, યુ.એસ. સુપ્રિમ કોર્ટ દ્વારા પ્રાઈવસીના રક્ષણની તીવ્ર ટીકા કરી છે. તેમના મતે, ગ્રીસવોલ્ડમાં ન્યાયમૂર્તિ ડગ્લાસે પ્રાઈવસીને કોઈ પૂર્વ-અસ્તિત્વ ધરાવતા અધિકારમાંથી મેળવી ન હતી પરંતુ એક નવો અધિકાર બનાવવાનો પ્રયાસ કર્યો હતો જેનો બિલ ઓફ રાઈટ્સમાં કોઈ પાયો નથી, જેથી કાયદાનું અર્થઘટન કરવાને બદલે નવો કાયદો બનાવીને ન્યાયાધીશની સીમાઓ વટાવી દીધી હતી.

ઘણા સિદ્ધાંતવાદીઓ ભારપૂર્વક જણાવે છે કે પ્રાઈવસીના બંધારણીય અધિકારને સ્વાતંત્ર્યના અધિકાર તરીકે ગણવો વધુ યોગ્ય છે.

આ ટીકાઓ સામેની શક્તિશાળી પ્રતિકૂળ દલીલ એ છે કે જ્યારે વ્યક્તિઓ બંધારણ હેઠળ બહુવિધ સ્વાતંત્ર્ય ધરાવે છે, અલગતામાં વાંચવામાં આવે તો તેમાંથી ઘણા પ્રાઈવસીના મુદ્દાઓમાં ઉદ્ભવતી ચિંતાઓ સાથે સંબંધિત નથી. આ દ્રષ્ટિકોણમાં, સ્વાતંત્ર્ય એ પ્રાઈવસી કરતાં વધુ વ્યાપક વિભાવના છે અને પ્રાઈવસી સંબંધિત મુદ્દાઓ અથવા દાવાઓ સ્વાતંત્ર્યના

[309] રોબર્ટ બોર્ક, ધ ટેમ્પ્ટિંગ ઓફ અમેરિકા: ધ પોલિટિકલ સિડક્શન ઓફ ધ લો, સિમોન એન્ડ શુસ્ટર (૧૯૯૦).

દાવાઓનો એક ઉપગણ છે.[310] તેથી એવી દલીલ કરવામાં આવી છે કે પ્રાઈવસી સ્વાતંત્ર્યનું રક્ષણ કરે છે અને "પ્રાઈવસી સુરક્ષા આપણા માટે આપણી જાતને અને અન્ય લોકો સાથેના આપણા સંબંધોને વ્યાખ્યાયિત કરવાની સ્વતંત્રતા મેળવે છે".[311] આ તર્ક સ્વાતંત્ર્ય અને પ્રાઈવસી વચ્ચેના સંબંધને એ રીતે સમજે છે કે જ્યારે સ્વાતંત્ર્ય એ વ્યાપક વિભાવના છે, પ્રાઈવસી સ્વાતંત્ર્યના રક્ષણ માટે આવશ્યક છે. પ્રાઈવસીના બંધારણીય અધિકારને માન્યતા આપવી એ વ્યક્તિના વ્યક્તિત્વ અને અસ્તિત્વ માટે નિર્ણાયક એવા અમુક નિર્ણયો લેવામાં વ્યક્તિગત હિતની પુનઃપુષ્ટિ છે.

(ડી) નારીવાદી ટીકા

નારીવાદ પરના ઘણા લેખકો પિતૃસત્તાક પ્રભુત્વ અને મહિલાઓના શોષણ માટે પ્રાઈવસીનો એક આવરણ તરીકે ઉપયોગ થવા અંગે ચિંતા વ્યક્ત કરે છે. આપણા પોતાના સમાજ સહિત અનેક સમાજોમાં પિતૃસત્તાક માનસિકતાઓ હજુ પણ પ્રવર્તે છે અને લિંગ તથા સ્વાયત્તતા પર આધારિત મહિલાઓના મૂળભૂત બંધારણીય અધિકારોનું ઉલ્લંઘન કરવા માટે ઢાલ તરીકે તેનો ઉપયોગ થાય છે. પરિણામે, લિંગ હિંસાને ઘણીવાર "પારિવારિક આબરૂ" ની બાબત તરીકે ગણવામાં આવે છે જેના પરિણામે હિંસાનો ભોગ બનનાર બમણી પીડા ભોગવે છે - તેની ગરિમાનું ઉલ્લંઘન થવાનો શારીરિક અને માનસિક આઘાત અને એવી ધારણા કે તેનાથી 'આબરૂ' ને ઠેસ પહોંચી છે. પિતૃસત્તાક

[310] ઉપર નોંધ ૩૦૧.

[311] સદર.

માનસિકતાઓને છુપાવવા અને ભારપૂર્વક રજૂ કરવા માટે પ્રાઈવસીનો ઉપયોગ થવો જોઈએ નહીં.

કેથરીન મેકકિનોને ૧૯૮૯ ના પ્રકાશન 'ટુવર્ડ્સ અ ફેમિનિસ્ટ થિયરી ઓફ ધ સ્ટેટ'[312] માં પ્રાઈવસીના જોખમોનો ઉલ્લેખ કર્યો છે જ્યારે તેનો ઉપયોગ મહિલાઓને તાબેદાર રાખીને તેમને થતા શારીરિક નુકસાનને છુપાવવા માટે કરવામાં આવે છે. છતાં, એ પણ ધ્યાનમાં લેવું જોઈએ કે મહિલાઓને પ્રાઈવસીમાં અવિભાજ્ય હિત છે. પ્રાઈવસી એ ઈતિહાસમાં અજાણ્યા ન હોય તેવા કાર્યક્રમો, જેમ કે રાજ્ય દ્વારા લાદવામાં આવેલા વંધ્યીકરણ કાર્યક્રમો અથવા મહિલાઓ માટે ફરજિયાત રાજ્ય લાદિત ડ્રગ પરીક્ષણ દ્વારા થતા ઉલ્લંઘનો સામેની અંતિમ ગેરંટી છે. આ ક્ષેત્રમાં પડકાર એ છે કે રાજ્ય ઘરેલુ ક્ષેત્રમાં મહિલાઓની ગરિમાના ઉલ્લંઘનને ગંભીરતાથી લેવા સક્ષમ બને અને તે જ સમયે લિંગ અને સ્વાતંત્ર્યની ઓળખમાં રહેલા મહિલાઓના પ્રાઈવસી અધિકારોનું રક્ષણ કરે.

૧૪૧. પ્રાઈવસીનો કોઈ સ્વીકૃત અથવા નિર્ધારિત અર્થ નથી તે રજૂઆતનું વિશ્લેષણ આ વિષય પરના સાહિત્યમાં વિભાવનાના વિકાસના સંદર્ભમાં કરી શકાય છે. પ્રાઈવસીના ક્ષેત્ર અને વિષયવસ્તુની સમજ મેળવવા માટે ધ્યાનમાં લેવા જેવા કેટલાક અગ્રણી અભિગમો:

[312] કેથરીન મેકકિનોન, ટુવર્ડ અ ફેમિનિસ્ટ થિયરી ઓફ ધ સ્ટેટ, હાર્વર્ડ યુનિવર્સિટી પ્રેસ (૧૯૮૯).

(૧) એલન વેસ્ટિને[313] પ્રાઈવસીની ચાર મૂળભૂત સ્થિતિઓ વ્યાખ્યાયિત કરી છે જે જાહેર ક્ષેત્રમાં વ્યક્તિની સંડોવણીના સ્વરૂપ અને હદ પર પ્રતિબિંબિત કરે છે. કેન્દ્રમાં એકાંત છે - પ્રાઈવસીની સૌથી સંપૂર્ણ સ્થિતિ જેમાં વ્યક્તિ "મન અને અંતરાત્મા સાથે આંતરિક સંવાદ" માં સંકળાયેલી હોય છે.[314] બીજી સ્થિતિ આત્મીયતા ની સ્થિતિ છે જે માત્ર જીવનસાથીઓ અથવા ભાગીદારો વચ્ચેના ઘનિષ્ઠ સંબંધોનો જ નહીં પરંતુ કુટુંબ, મિત્રો અને સહકર્મીઓ વચ્ચેના સંબંધોનો પણ સંદર્ભ આપે છે. ત્રીજી સ્થિતિ અનામીતા ની છે જ્યાં વ્યક્તિ જાહેર જગ્યામાં હોવા છતાં ઓળખમાંથી મુક્તિ મેળવવા માંગે છે. ચોથી સ્થિતિ સંકોચ અથવા અનામત ની સ્થિતિ તરીકે વર્ણવવામાં આવી છે જેને "આપણા પોતાના કેટલાક પાસાઓને અન્ય લોકોથી દૂર રાખવાની જરૂરિયાત તરીકે વ્યક્ત કરવામાં આવે છે, કાં તો તે વ્યક્ત કરવા માટે ખૂબ અંગત અને પવિત્ર છે અથવા ખૂબ શરમજનક અને અપવિત્ર છે".[315]

(૨) રોજર ક્લાર્કે માસ્લોના મૂલ્યોના પિરામિડ પર પ્રાઈવસીનું વર્ગીકરણ વિકસાવ્યું છે.[316] માસ્લોના પિરામિડમાં વર્ણવેલ મૂલ્યો છે: સ્વ-વાસ્તવિકકરણ , આત્મસન્માન, પ્રેમ અથવા સંબંધ, સલામતી અને શારીરિક અથવા જૈવિક

---

[313] વેસ્ટિનનું પ્રાઈવસીનું વર્ગીકરણ તે જે વિશિષ્ટ મૂલ્યોને પૂર્ણ કરે છે તેના પર આધારિત છે. સિવિલ પ્રાઈવસી ઉલ્લંઘન અથવા ટોર્ટ માટે વિલિયમ એલ. પ્રોસર દ્વારા ૧૯૬૦ માં કરવામાં આવેલા ભેદમાંથી વેસ્ટિને સમર્થન મેળવ્યું છે. પ્રોસરના નુકસાન આધારિત અભિગમથી વિપરીત વેસ્ટિને મૂલ્ય આધારિત અભિગમ અપનાવ્યો હતો. જુઓ વિલિયમ એલ. પ્રોસર, "પ્રાઈવસી", કેલિફોર્નિયા લો રિવ્યુ (૧૯૬૦), વોલ્યુમ ૪૮(૩), પૃષ્ઠો ૩૮૩-૪૨૩.

[314] બર્ટ-જાપ કૂપ્સ એટ અલ., "અ ટાઈપોલોજી ઓફ પ્રાઈવસી", યુનિવર્સિટી ઓફ પેન્સિલવેનિયા જર્નલ ઓફ ઈન્ટરનેશનલ લો (૨૦૧૭), વોલ્યુમ ૩૮, અંક ૨, પૃષ્ઠ ૪૯૬.

[315] સદર, પૃષ્ઠ ૪૯૭.

[316] સદર, પૃષ્ઠ ૪૯૮.

જરૂરિયાત. ક્લાર્કની શ્રેણીઓમાં સામેલ છે: (એ) વ્યક્તિની પ્રાઈવસી જેને શારીરિક પ્રાઈવસી તરીકે પણ ઓળખવામાં આવે છે. શરીરના પ્રવાહી અને શરીરના પેશીઓના નમૂનાઓના ફરજિયાત નિષ્કર્ષણ અને ફરજિયાત વંધ્યીકરણ દ્વારા શારીરિક પ્રાઈવસીનું ઉલ્લંઘન થાય છે; (બી) વ્યક્તિગત વર્તણૂકની પ્રાઈવસી જે ઘર સહિત ખાનગી જગ્યાનો ભાગ છે; (સી) વ્યક્તિગત સંચારની પ્રાઈવસી જે અન્ય લોકો દ્વારા વ્યક્તિના સંચારના અવરોધ અથવા નિયમિત દેખરેખ વિના સંચારની સ્વતંત્રતા તરીકે વ્યક્ત થાય છે; (ડી) વ્યક્તિગત ડેટાની પ્રાઈવસી જે માહિતી સંબંધિત પ્રાઈવસીની વિભાવના સાથે જોડાયેલી છે.

(૩) અનિતા એલને ૨૦૧૧ ના પ્રકાશનમાં "અનપોપ્યુલર પ્રાઈવસી" ની વિભાવના વિકસાવી છે.[317] તેણીના મતે, સામાન્ય સારાના રક્ષણ માટે સરકારોએ "અપ્રિય" પ્રાઈવસી કાયદાઓ અને ફરજો ઘડવી જોઈએ, ભલે તે ન ઈચ્છતા હોય તેવા વ્યક્તિઓ પર પ્રાઈવસી લાદવામાં આવી રહી હોય. આ અભિગમ હેઠળ વ્યક્તિઓને તેમના પ્રાઈવસી અધિકારોનો ત્યાગ કરવાની મંજૂરી નથી. તે જે ઘટક તત્વોની નોંધ લે છે તેમાં સામેલ છે: (એ) શારીરિક અથવા અવકાશીય પ્રાઈવસી - ઘરમાં પ્રાઈવસી દ્વારા દર્શાવવામાં આવેલ; (બી) માહિતી સંબંધિત પ્રાઈવસી જેમાં વ્યક્તિઓ અથવા તેમના સંચાર વિશેની માહિતી ડેટા અથવા હકીકતો સામેલ છે; (સી) નિર્ણયાત્મક પ્રાઈવસી જે રાજ્યની ઘૂસણખોરીથી નાગરિકોના તેમના અધિકારો વિશે ઘનિષ્ઠ પસંદગીઓ કરવાના અધિકારનું

[317] સદર, પૃષ્ઠ ૫૦૦.

રક્ષણ કરે છે; (ડી) માલિકી હકની પ્રાઈવસી જે વ્યક્તિની પ્રતિષ્ઠાના રક્ષણ સાથે સંબંધિત છે; (ઈ) જોડાણ સંબંધિત પ્રાઈવસી જે ચોક્કસ નિર્ધારિત લાક્ષણિકતાઓ ધરાવતા જૂથોના તે નક્કી કરવાના અધિકારનું રક્ષણ કરે છે કે તેઓ કોને સામેલ કરી શકે અથવા બાકાત રાખી શકે.[318]

પ્રાઈવસી વિશિષ્ટ અર્થ ધરાવે છે જેમાં (૧) અવકાશીય નિયંત્રણ; (૨) નિર્ણયાત્મક સ્વાયત્તતા; અને (૩) માહિતી સંબંધિત નિયંત્રણ સામેલ છે.[319] અવકાશીય નિયંત્રણ ખાનગી જગ્યાઓના નિર્માણને દર્શાવે છે. નિર્ણયાત્મક સ્વાયત્તતા પ્રજનનનું સંચાલન કરતી ઘનિષ્ઠ અંગત પસંદગીઓ તેમજ જાહેરમાં વ્યક્ત કરાયેલી પસંદગીઓ જેમ કે વિશ્વાસ અથવા પોશાકની પદ્ધતિઓને સમાવે છે. માહિતી સંબંધિત નિયંત્રણ વ્યક્તિને પોતાની માહિતી પર અંગત નિયંત્રણ જાળવી રાખવા માટે ઢાલ તરીકે પ્રાઈવસીનો ઉપયોગ કરવા સક્ષમ બનાવે છે. માહિતી સંબંધિત પ્રાઈવસીના સંબંધમાં, એવું જણાવવામાં આવ્યું છે કે:


"... કદાચ સૌથી ખાતરીપૂર્વકની વિભાવના હેલેન નિસેનબૌમ દ્વારા પ્રસ્તાવિત કરવામાં આવી છે જે દલીલ કરે છે કે પ્રાઈવસી એ એવી અપેક્ષા છે કે વ્યક્તિ વિશેની માહિતી સાથે યોગ્ય રીતે વ્યવહાર કરવામાં આવશે. 'સંદર્ભગત અખંડિતતા' નો આ સિદ્ધાંત માને છે કે લોકો પોતાની માહિતી પર નિયંત્રણ રાખવા અથવા અપ્રાપ્ય બનવા માંગતા નથી જેટલું તેઓ ઇચ્છે છે કે તેમની

[318] સદર, પૃષ્ઠો ૫૦૦-૫૦૧ પર.

[319] ભૈરવ આચાર્ય, "ધ ફોર પાર્ટ્સ ઓફ પ્રાઈવસી ઇન ઇન્ડિયા", ઇકોનોમિક એન્ડ પોલિટિકલ વીકલી (૨૦૧૫), વોલ્યુમ ૫૦ અંક ૨૨, પૃષ્ઠ ૩૨.

માહિતી સાથે તેમની અપેક્ષા અનુસાર વ્યવહાર કરવામાં આવે (નિસેનબૌમ ૨૦૦૪, ૨૦૧૦, ૨૦૧૧)."[320]

એકસાથે સંકલિત કરતાં, પ્રાઈવસીની મૂળભૂત વિભાવનાઓને યુનિવર્સિટી ઓફ પેન્સિલવેનિયા જર્નલ ઓફ ઇન્ટરનેશનલ લોમાં 'અ ટાઇપોલોજી ઓફ પ્રાઈવસી'[321] શીર્ષક હેઠળ ૨૦૧૭ માં પ્રકાશિત થયેલા એક મૌલિક લેખમાં દર્શાવવામાં આવી છે. આ લેખ પ્રાઈવસીનું ઉત્કૃષ્ટ વિઝ્યુઅલ નિરૂપણ ધરાવે છે, જે નીચે મુજબ પુનઃપ્રસ્તુત કરવામાં આવેલ છે:



૧૪૨. ઉપરોક્ત રેખાચિત્રાત્મક રજૂઆત બે પ્રાથમિક ધરી રજૂ કરે છે: પ્રાઈવસીના ચાર ઝોનની બનેલી આડી ધરી અને સ્વાતંત્ર્યના બે પાસાઓ પર

[320] હેલેન નિસેનબૌમ (૨૦૦૪, ૨૦૧૦, ૨૦૧૧).

[321] બર્ટ-જાપ કૂપ્સ એટ અલ., "અ ટાઇપોલોજી ઓફ પ્રાઈવસી", યુનિવર્સિટી ઓફ પેન્સિલવેનિયા જર્નલ ઓફ ઇન્ટરનેશનલ લો (૨૦૧૭), વોલ્યુમ ૩૮ અંક ૨, પૃષ્ઠ ૫૬૬.

ભાર મૂકતી ઊભી ધરી: એકલા રહેવાનું સ્વાતંત્ર્ય અને સ્વ-વિકાસ માટેનું સ્વાતંત્ર્ય. ઉપરોક્ત નિરૂપણ મુજબ પ્રાઈવસીના નવ પ્રાથમિક પ્રકારો છે: (૧) શારીરિક પ્રાઈવસી જે ભૌતિક શરીરની પ્રાઈવસીને પ્રતિબિંબિત કરે છે. આમાં ગર્ભિત નકારાત્મક સ્વાતંત્ર્ય એ છે કે અન્ય લોકોને પોતાના શરીરનું ઉલ્લંઘન કરતા અટકાવવા અથવા શારીરિક હિલચાલની સ્વતંત્રતાને રોકતા અટકાવવા સક્ષમ બનવું; (૨) અવકાશીય પ્રાઈવસી જે ખાનગી જગ્યાની પ્રાઈવસીમાં પ્રતિબિંબિત થાય છે જેના દ્વારા અન્ય લોકોની તે જગ્યા સુધી પહોંચને પ્રતિબંધિત કરી શકાય છે; ઘનિષ્ઠ સંબંધો અને પારિવારિક જીવન એ અવકાશીય પ્રાઈવસીનું યોગ્ય ઉદાહરણ છે; (૩) સંચાર પ્રાઈવસી જે વ્યક્તિને સંચાર સુધી પહોંચ પ્રતિબંધિત કરવા અથવા ત્રીજા પક્ષકારોને સંચાર કરવામાં આવતી માહિતીના ઉપયોગને નિયંત્રિત કરવા સક્ષમ બનાવવામા પ્રતિબિંબિત થાય છે; (૪) માલિકી હકની પ્રાઈવસી જે અન્ય લોકોથી હકીકતો, વસ્તુઓ અથવા માહિતીને બચાવવાના સાધન તરીકે મિલકતનો ઉપયોગ કરવામાં વ્યક્તિના હિત દ્વારા પ્રતિબિંબિત થાય છે; (૫) બૌદ્ધિક પ્રાઈવસી જે વિચાર અને મનની પ્રાઈવસીમાં અને મંતવ્યો તથા માન્યતાઓના વિકાસમાં વ્યક્તિગત હિત તરીકે પ્રતિબિંબિત થાય છે; (૬) નિર્ણયાત્મક પ્રાઈવસી જે મુખ્યત્વે વ્યક્તિના જાતીય અથવા પ્રજનન સ્વભાવ અને ઘનિષ્ઠ સંબંધોના સંદર્ભમાં નિર્ણયો લેવાની ક્ષમતા દ્વારા પ્રતિબિંબિત થાય છે; (૭) જોડાણ સંબંધિત પ્રાઈવસી જે વ્યક્તિ કોની સાથે ક્રિયાપ્રતિક્રિયા કરવા માંગે છે તે પસંદ કરવાની ક્ષમતામાં પ્રતિબિંબિત થાય છે; (૮) વર્તણૂક સંબંધિત પ્રાઈવસી જે સાર્વજનિક રૂપે દૃશ્યમાન પ્રવૃત્તિઓ

કરતી વખતે પણ વ્યક્તિના પ્રાઈવસી હિતોને માન્યતા આપે છે. વર્તણૂક પ્રાઈવસી એવું માની લે છે કે જ્યારે અન્ય લોકોને પ્રવેશ આપવામાં આવે છે ત્યારે પણ, વ્યક્તિ પ્રવેશની હદને નિયંત્રિત કરવા અને અનિચ્છનીય ઘૂસણખોરીથી મુક્તિનું એક માપ પોતાની પાસે રાખવા માટે હકદાર છે; અને (૯) માહિતી સંબંધિત પ્રાઈવસી જે સ્વ વિશેની માહિતીને પ્રસારિત થવાથી અટકાવવામાં અને માહિતી સુધીની પહોંચની હદને નિયંત્રિત કરવામાં હિત પ્રતિબિંબિત કરે છે.

એમ. બંધારણ સભા અને પ્રાઈવસી: મૂળવાદી અર્થઘટનની મર્યાદાઓ

૧૪૩. એવી રજૂઆત કરવામાં આવી છે કે બંધારણના ઘડવૈયાઓએ પ્રાઈવસીને મૂળભૂત અધિકાર હોવાની વિભાવનાને નકારી કાઢી હતી. તેથી એવી રજૂઆત કરવામાં આવી છે કે કોર્ટ દ્વારા પ્રાઈવસીના મૂળભૂત અધિકારની ઘોષણા કરવી એ બંધારણીય નિર્ણયના ક્ષેત્રની બહારહશે. આ દલીલ ઊંડી વિચારણાને પાત્ર છે.

૧૪૪. ૧૭ માર્ચ ૧૯૪૭ ના રોજ, કે.એમ. મુનશીએ મૂળભૂત અધિકારો પરની પેટા-સમિતિ સમક્ષ નાગરિકોના મૂળભૂત અધિકારો અને ફરજો પરના મુસદ્દા અનુચ્છેદો રજૂ કર્યા. કલમ ૫ માં પ્રસ્તાવિત સ્વાતંત્ર્યના અધિકારોમાં નીચે મુજબના અધિકારો સામેલ હતા[322]:

"... (એફ) તેના ઘરની અદ્રશ્યતા અને પવિત્રતાનો અધિકાર,

[322] બી. શિવા રાવ, ધ ફ્રેમિંગ ઓફ ઇન્ડિયાઝ કોન્સ્ટીટ્યુશન, ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન (૧૯૬૭), વોલ્યુમ ૨, પૃષ્ઠ ૭૫ પર.

(જી) તેના પત્રવ્યવહારની ગુપ્તતાનો અધિકાર,

(એચ) કાયદા અથવા જાહેર સત્તામંડળની વિરુદ્ધ કોઈપણ રીતે શોષણથી યુનિયનના કાયદા દ્વારા પોતાની વ્યક્તિને સુરક્ષિત રાખવાનો અધિકાર ..."

૧૪૫. ૨૪ માર્ચ ૧૯૪૭ ના રોજ, ડૉ. આંબેડકરે રાજ્યો અને લઘુમતીઓના અધિકારો પર એક મેમોરેન્ડમ અને મુસદ્દા અનુચ્છેદો રજૂ કર્યા. નાગરિકોના મૂળભૂત અધિકારો પરના મુસદ્દા અનુચ્છેદોમાં નીચે મુજબ સામેલ હતું[323]:

"... ૧૦. લોકોનો તેમના શરીર, ઘરો, કાગળો અને અસરોમાં અવાજબી શોધ અને જપ્તી સામે સુરક્ષિત રહેવાનો અધિકાર ઉલ્લંઘિત કરવામાં આવશે નહીં અને શપથ અથવા સમર્થન દ્વારા સમર્થિત સંભવિત કારણ વિના, અને ખાસ કરીને શોધવાના સ્થળનું અને જપ્ત કરવાની વ્યક્તિઓ અથવા વસ્તુઓનું વર્ણન કર્યા વિના કોઈ વોરંટ જારી કરવામાં આવશે નહીં ..."

૧૪૬. ૩ એપ્રિલ ૧૯૪૭ ના રોજ રજૂ કરાયેલ પેટા-સમિતિના મુસદ્દા અહેવાલમાં મૂળભૂત અધિકારોને ન્યાયિક અને બિન-ન્યાયિક અધિકારોમાં વિભાજિત કરવામાં આવ્યા હતા. કલમ ૯(ડી) અને કલમ ૧૦ નીચે મુજબ જોગવાઈ કરતી હતી[324]:

---

[323] સદર, પૃષ્ઠ ૮૭ પર.

[324] સદર, પૃષ્ઠ ૧૩૯ પર.

"૯(ડી) દરેક નાગરિકનો તેના પત્રવ્યવહારની ગુપ્તતાનો અધિકાર. કોઈપણ જાહેર કટોકટી વખતે અથવા જાહેર સલામતી કે શાંતિના હિતમાં ટપાલ, ટેલિગ્રાફ અથવા અન્યથા ટ્રાન્સમિશન દરમિયાન વસ્તુઓ અને સંદેશાઓને રોકવા અથવા અટકાયતમાં લેવા માટે કાયદા દ્વારા જોગવાઈ કરી શકાશે ...

૧૦. લોકોનો તેમના શરીર, ઘરો, કાગળો અને અસરોમાં અવાજબી શોધ અને જપ્તી સામે સુરક્ષિત રહેવાનો અધિકાર ઉલ્લંઘિત કરવામાં આવશે નહીં અને સંભવિત કારણ પર, શપથ અથવા સમર્થન દ્વારા સમર્થિત, અને ખાસ કરીને શોધવાના સ્થળ અને જપ્ત કરવાના વ્યક્તિઓ અથવા વસ્તુઓનું વર્ણન કર્યા વિના કોઈ વોરંટ જારી કરવામાં આવશે નહીં."

૧૪૭. ડૉ. બી.એન. રાઉએ મુસદ્દા અહેવાલ પરની તેમની નોંધોમાં કલમ ૧૦ વિશે વાંધાઓ દર્શાવ્યા હતા જે નીચે મુજબ વ્યક્ત કરવામાં આવ્યા હતા[325]:

"કલમ ૧૦. જો આનો અર્થ એ થાય કે અદાલતના વોરંટ વિના કોઈ શોધ થઈ શકશે નહીં, તો તે પોલીસની તપાસ સત્તાઓને ગંભીર રીતે અસર કરી શકે છે. હાલના કાયદા હેઠળ, દા.ત., ફોજદારી કાર્યરીતિ સંહિતા, કલમ ૧૬૫ (નીચે આપેલા સંબંધિત અવતરણો), પોલીસ પાસે અમુક મહત્વપૂર્ણ સત્તાઓ છે. ઘણીવાર તપાસ દરમિયાન, પોલીસ અધિકારીને માહિતી મળે છે કે ચોરાયેલી મિલકત ચોક્કસ જગ્યાએ છુપાવવામાં આવી

[325] સદર, પૃષ્ઠ ૧૫૨ પર.

છે. જો તે તરત જ તેની શોધ કરે, જેમ કે તે હાલમાં કરી શકે છે, તો તેને પુનઃપ્રાપ્ત કરવાની તક છે; પરંતુ જો તેણે સંપૂર્ણ વિગતો આપીને અદાલતના વોરંટ માટે અરજી કરવી પડે, તો ભારતીય પરિસ્થિતિઓમાં અંતર અને આંતરિક ભાગોમાં પરિવહનના અભાવ હેઠળ સામેલ વિલંબ જીવલેણ બની શકે છે."

સર અલ્લાદી કૃષ્ણસ્વામી ઐયર દ્વારા ૧૦ એપ્રિલ ૧૯૪૭ ના રોજ કલમ ૯(ડી) માં ઉલ્લેખિત 'પત્રવ્યવહારની ગુપ્તતા' અને કલમ ૧૦ માં અવાજબી શોધ સામેના રક્ષણ સામે વાંધો ઉઠાવતી એક નોંધ રજૂ કરવામાં આવી હતી[326]:

"કલમ (ડી). પત્રવ્યવહારની ગુપ્તતાના સંબંધમાં મેં ચર્ચાઓ દરમિયાન એક મુદ્દો ઉઠાવ્યો હતો કે તેને મૂળભૂત અધિકારો પરના પ્રકરણમાં સ્થાન આપવાની જરૂર નથી અને વિવિધ કાયદાઓમાં સમાવિષ્ટ દેશના સામાન્ય કાયદા દ્વારા પૂરા પાડવામાં આવેલા રક્ષણ પર તેને છોડી દેવું વધુ સારું છે. અમેરિકન બંધારણમાં આવો કોઈ અધિકાર નથી. આવી જોગવાઈ માત્ર પ્રથમ વિશ્વયુદ્ધ પછીના બંધારણોમાં જ જોવા મળે છે. વિશેષાધિકાર સાથે સંબંધ ધરાવતી ભારતીય પુરાવા અધિનિયમની કલમો પર આ કલમોની અસર ધ્યાનમાં લેવી પડશે. નિયંત્રણો - જુઓ પ્રકરણ ૯, કલમ ૧૨૦-૧૨૭. આ કલમનું પરિણામ એ આવશે કે દરેક ખાનગી

[326] સદર, પૃષ્ઠો ૧૫૮-૧૫૯ પર.

પત્રવ્યવહાર સ્ટેટ પેપરનો દરજ્જો ધારણ કરશે, અથવા કલમ ૧૨૩ અને ૧૨૪ ની ભાષામાં, રાજ્યની બાબતો સંબંધિત રેકોર્ડ બની જશે.

આ પ્રકારની કલમ કાવતરા અથવા દુષ્પ્રેરણના કોઈપણ કેસને સ્થાપિત કરવામાં ફરિયાદપક્ષને અટકાવી શકે છે, કારણ કે પક્ષકારો વચ્ચે થયેલા પત્રવ્યવહારને અદાલત સમક્ષ રજૂ કરીને તેને સાબિત કરવામાં વાદી લાચાર બનશે જે આ તમામ કેસોમાં સૌથી મહત્વપૂર્ણ પુરાવો પૂરો પાડશે. કલમના પ્રારંભિક શબ્દો 'જાહેર વ્યવસ્થા અને નૈતિકતા' આવા કેસોમાં કોઈ કામ આવશે નહીં. સમગ્ર વિષયની ખૂબ જ કાળજીપૂર્વક વિચારણા કર્યા પછી મને લાગે છે કે મૂળભૂત અધિકારો પરના પ્રકરણમાં આવી કલમનો સમાવેશ કરવાથી ન્યાયતંત્રના વહીવટમાં અનંત ગૂંચવણો અને મુશ્કેલીઓ ઊભી થશે. ઉપરોક્ત સંજોગોમાં કલમની પુનઃવિચારણા જરૂરી છે કે કેમ તે વિચારવાનું સમિતિ માટે રહેશે.

કલમ ૧૦. અવાજબી શોધ. આ વિષયના સંબંધમાં મેં અમેરિકન બંધારણ ઘડવામાં આવ્યું તે સમયે અમેરિકામાં પ્રવર્તતી પરિસ્થિતિઓ અને આ સંદર્ભમાં ફોજદારી કાર્યરીતિ સંહિતાની જોગવાઈઓ લગભગ એક સદીથી અમલમાં આવ્યા પછી હાલમાં ભારતમાં પ્રવર્તતી પરિસ્થિતિઓ વચ્ચેનો તફાવત દર્શાવ્યો હતો. આ કલમની અસર, જેમ છે તેમ, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કેટલીક જોગવાઈઓને રદ કરવાની અને ચોક્કસ કેસોમાં શોધ વાજબી છે કે અવાજબી તે નક્કી કરવાનું સુપ્રિમ કોર્ટ પર છોડી દેવાની

રહેશે. જ્યારે હું આ બાબતને ફરીથી ઉઠાવવા વિરોધી છું, ત્યારે મને લાગે છે કે સમિતિ માટે આ ચોક્કસ કલમ પર વિચાર કરવામાં હજુ મોડું થયું નથી."

મુસદ્દા બંધારણ પરની ટિપ્પણીઓ અને સૂચનો દરમિયાન, જયપ્રકાશ નારાયણે ટપાલ, ટેલિગ્રાફિક અને ટેલિફોનિક સંદેશાવ્યવહારની ગુપ્તતાના સમાવેશનું સૂચન કર્યું હતું. જો કે આવા સમાવેશ સામે નીચેના આધારો પર વાંધો ઉઠાવવામાં આવ્યો હતો[327]:

"... બંધારણમાં જ મૂળભૂત અધિકાર તરીકે ટપાલ, ટેલિગ્રાફિક અને ટેલિફોનિક સંચારની ગુપ્તતાનો સમાવેશ કરવો ભાગ્યે જ જરૂરી છે કારણ કે તેનાથી ટપાલ અને ટેલિગ્રાફ વિભાગના વહીવટમાં વ્યવહારુ મુશ્કેલીઓ ઊભી થઈ શકે છે. આ વિષય પર વિધાનસભા દ્વારા ઘડવામાં આવેલા સંબંધિત કાયદાઓ (ધ ઈન્ડિયન પોસ્ટ ઓફિસ એક્ટ, ૧૮૯૮ અને ધ ઇન્ડિયન ટેલિગ્રાફ એક્ટ, ૧૮૮૫) માત્ર ચોક્કસ સંજોગોમાં જ ટપાલ, ટેલિગ્રાફ અથવા ટેલિફોન દ્વારા મોકલવામાં આવેલા સંચારને અટકાવવાની મંજૂરી આપે છે, જેમ કે કટોકટીના પ્રસંગે અને જાહેર સલામતીના હિતમાં."

આખરે, મૂળભૂત અધિકારો સાથે કામ કરતા પ્રકરણમાંથી કલમ ૯(ડી) અને કલમ ૧૦ ને પડતી મૂકવામાં આવી હતી.

[327] બી. શિવા રાવ, ધ ફ્રેમિંગ ઓફ ઇન્ડિયાઝ કોન્સ્ટીટ્યુશન: અ સ્ટડી, ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન (૧૯૬૮), પૃષ્ઠો ૨૧૯-૨૨૦ પર.

૧૪૮. આ ચર્ચા એ બાબતનો સંકેત આપશે કે બંધારણના ઘડતર દરમિયાન કલમ ૯(ડી) માં દરેક નાગરિકને પત્રવ્યવહારની ગુપ્તતાના અધિકારની બાંહેધરી આપવા અને તેમના શરીર, ઘરો, કાગળો અને સંપત્તિઓમાં અવાજબી શોધ અને જપ્તી સામે સુરક્ષિત રહેવાના સંરક્ષણ અંગેના પ્રસ્તાવ પર ચર્ચા થઈ હતી. કલમ ૯(ડી) સામેનો વાંધો સર અલ્લાદી કૃષ્ણસ્વામી ઐયરની અસંમતિની નોંધમાં રજૂ કરવામાં આવ્યો હતો અને તેમનો મત એવો હતો કે પત્રવ્યવહારની ગુપ્તતાની ગેરંટી દરેક ખાનગી પત્રવ્યવહાર સ્ટેટ પેપર બનવા તરફ દોરી શકે છે. એવી લાગણી પણ હતી કે આનાથી ફરિયાદપક્ષને ખાસ કરીને કાવતરા અથવા દુષ્પ્રેરણાના કેસોમાં અસર થશે. તે જ રીતે, કલમ ૧૦ સામે તેમનો વાંધો એવો હતો કે તે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કેટલીક જોગવાઈઓને રદ કરશે. બી.એન. રાઉએ પણ એ જ રીતે જણાવ્યું હતું કે આનાથી પોલીસની તપાસ સત્તાઓને ગંભીર અસર થશે. આમ પત્રવ્યવહારની ગુપ્તતાનું રક્ષણ કરતી કલમ એ આધાર પર પડતી મૂકવામાં આવી હતી કે તે ફોજદારી કાર્યવાહીમાં ગંભીર અવરોધ ઊભો કરશે જ્યારે અવાજબી શોધ અને જપ્તી સામેનું સંરક્ષણ એ આધાર પર કાઢી નાખવામાં આવ્યું હતું કે ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૮૯૮ માં આ ક્ષેત્રને આવરી લેતી જોગવાઈઓ હતી. બંધારણ સભાની ચર્ચાઓ સૂચવે છે કે પ્રસ્તાવિત સમાવેશ (જે આખરે પડતો મૂકવામાં આવ્યો હતો) બે ચોક્કસ ક્ષેત્રોમાં હતો એટલે કે પત્રવ્યવહાર અને શોધ તથા જપ્તી. આના પરથી, એવું તારણ કાઢી શકાય નહીં કે બંધારણ સભાએ મૂળભૂત અધિકારો દ્વારા બાંહેધરી આપવામાં આવેલા

સ્વાતંત્ર્ય અને આઝાદીના અભિન્ન અંગ તરીકે પ્રાઈવસીના અધિકારની વિભાવનાને સ્પષ્ટપણે નકારી કાઢવાનો સંકલ્પ કર્યો હતો.

૧૪૯. સમય જતાં બંધારણનો વિકાસ થયો છે, કારણ કે અદાલતી અર્થઘટન દ્વારા ચોક્કસ હિતો અને અધિકારોની માન્યતા પ્રાપ્ત થઈ છે. આ તમામ બાબતો બંધારણ દ્વારા બાંહેધરી આપવામાં આવેલી સ્વતંત્રતાઓ અને આઝાદીઓમાં સમાવિષ્ટ થઈ ગઈ છે. આ કોર્ટ દ્વારા અનુચ્છેદ ૨૧ નું અર્થઘટન એવું કરવામાં આવ્યું છે કે જીવન એટલે માત્ર ભૌતિક અસ્તિત્વ નથી. તેમાં તે તમામ વિદ્યાશાખાઓ અને ક્ષમતાઓનો સમાવેશ થાય છે જેના દ્વારા જીવનનો આનંદ માણવામાં આવે છે. 'કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયા' ના વ્યાપનું અર્થઘટન એવું કરવામાં આવ્યું છે કે તે પ્રક્રિયા ન્યાયી, વાજબી અને વ્યાજબી હોવી જોઈએ. અનુચ્છેદ ૧૪, ૧૯ અને ૨૧ ના સંમિશ્રણે એવી ન્યાયશાસ્ત્ર પદ્ધતિને જન્મ આપ્યો છે જે અધિકારો વચ્ચેના આંતરસંબંધને સ્વીકારે છે. આ રીતે ન્યાયીપણા અને બિન-ભેદભાવની જરૂરિયાતો અનુચ્છેદ ૨૧ ના બંને મૂળભૂત અને પ્રક્રિયાગત પાસાઓને જીવંત બનાવે છે. આ બંધારણીય વિકાસ એ રીતે થયો છે કે કાયદાના શાસન હેઠળ માનવ અધિકારોનું જતન કરવા માટે સ્વતંત્રતાઓ અને આઝાદીના વિસ્તૃત વાચનની જરૂરિયાતવાળી નવી આપાતકાલીન પરિસ્થિતિઓનો સામનો કરવા માટે બંધારણના શબ્દોનું અર્થઘટન કરવામાં આવ્યું છે. બહુ દૂરના ભૂતકાળમાં નહીં પરંતુ જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાના નિલંબનના શાસન સાથેનો ભારતનો પરિચય એ એક ગંભીર સ્મૃતિપત્ર છે કે જો

ન્યાયતંત્ર સતર્ક ન હોય તો આઝાદી કેટલી નાજુક હોઈ શકે છે. બંધારણના અર્થઘટનને તેની મૂળ સમજણ સુધી સીમિત કરી શકાય નહીં. વર્તમાન અને ભવિષ્યની આકાંક્ષાઓ અને પડકારોને પહોંચી વળવા માટે બંધારણ વિકસિત થયું છે અને તેનું સતત વિસ્તરણ થવું જોઈએ. તેમજ ન્યાયાધીશો ભવિષ્યમાં ઉદ્ભવી શકે તેવા દરેક પડકાર અને આકસ્મિકતાની આગાહી કરી શકતા નથી. આ બાબત ખાસ કરીને એવા યુગમાં પ્રસ્તુત છે જ્યાં ટેકનોલોજી માહિતી, જ્ઞાન અને માનવ સંબંધોની આપણી મૂળભૂત સમજણને એ રીતે નવો આકાર આપે છે જે તાજેતરના ભૂતકાળમાં પણ અજ્ઞાત હતી. તેથી આજે બંધારણનું અર્થઘટન કરતા ન્યાયાધીશો તરીકે, કોર્ટે ભાવી પેઢીઓ માટે પ્રાઈવસી સામેના એવા પડકારોનો સામનો કરવાનો માર્ગ ખુલ્લો રાખવો જોઈએ જે આજે કદાચ અજ્ઞાત હોય.

૧૫૦. કૂપરના નિર્ણયની અસર બંધારણના ભાગ ત્રણ દ્વારા બાંહેધરી આપવામાં આવેલા મૂળભૂત અધિકારો વચ્ચે એક કડી સ્થાપિત કરવાની છે. આ નિર્ણયનું તાત્કાલિક પરિણામ એ આવ્યું કે અનુચ્છેદ ૧૯ માં સમાવિષ્ટ વ્યક્તિગત સ્વતંત્રતાઓને પ્રતિબંધિત કરતો કોઈપણ કાયદો, જે મૂળભૂત સ્વતંત્રતાનું ઉલ્લંઘન થયું હોય તેના સંબંધમાં કલમ ૨ થી ૬ દ્વારા ધ્યાને લેવાયેલા માન્ય પ્રતિબંધોની કસોટી પર ખરો ઊતરવો જોઈએ. તદુપરાંત, મૂળભૂત અધિકારો એકબીજા સાથે જોડાયેલા હોવાથી, અનુચ્છેદ ૨૧ ને હવે એવા અધિકારોના અવશેષ તરીકે ગણવાનો નથી જે અનુચ્છેદ ૧૯ માં ખાસ કરીને

ગણાવ્યા નથી. બંને સમૂહના અધિકારો એકબીજા પર વ્યાપ્ત (ઓવરલેપ) થાય છે અને તેથી અનુચ્છેદ ૧૯ હેઠળની વ્યક્તિગત સ્વતંત્રતાઓ પૈકીની કોઈ એકને અસર કરતો કાયદો, કલમ ૨ થી ૬ માં ધ્યાનમાં લેવાયેલા માન્ય પ્રતિબંધોને સંતોષવાની આવશ્યકતા ઉપરાંત, જ્યાં તે જીવન અથવા વ્યક્તિગત સ્વતંત્રતા પર અસર કરતો હોય ત્યાં અનુચ્છેદ ૨૧ હેઠળ માન્ય 'કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયા' ના માપદંડોને સંતોષતો હોવો જોઈએ. કાયદાનું મૂલ્યાંકન તેના ઉદ્દેશ્યના સંદર્ભમાં નહીં પરંતુ મૂળભૂત અધિકારો પર તેની અસર અને પરિણામના આધારે કરવામાં આવશે. મૂળભૂત અધિકારો વોટર-ટાઈટ (અભેદ્ય) કમ્પાર્ટમેન્ટ્સ છે તે સિદ્ધાંતના પતન સાથે, મેનકા પછીના ન્યાયશાસ્ત્રએ 'કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયા' અનુચ્છેદ ૨૧ હેઠળ ખરી ઊતરે છે કે કેમ તે નક્કી કરવામાં ન્યાયીપણા અને વ્યાજબીપણાની કસોટીનો ઉમેરો કર્યો. તાત્વિક સ્તરે, મૂળભૂત અધિકારોના પ્રકરણમાંના દરેક અનુચ્છેદના મૂળમાં રહેલા બંધારણીય મૂલ્યો અન્ય અનુચ્છેદોના અર્થને જીવંત બનાવે છે. કાયદાનો આ વિકાસ એક કુદરતી ઉત્ક્રાંતિને અનુસર્યો છે. છેવટે આ વિકાસનો આધાર એ છે કે મૂળભૂત અધિકારોની વિવિધ બાંહેધરીઓનું દરેક પાસું મનુષ્યો સાથે સંબંધિત છે. અન્ય ઘટકો સાથે મળીને દરેક ઘટક માનવ વ્યક્તિત્વના નિર્માણમાં ફાળો આપે છે. બાબતોના સાચા સ્વરૂપમાં, કોઈ પણ ઘટકને સમગ્ર સંયુક્ત રચનાથી અલગ રીતે વાંચી શકાય નહીં. દરેક મૂળભૂત અધિકાર વચ્ચેના ગાઢ સંબંધે બંધારણીય હકો અને હિતોની માન્યતા તરફ દોરી છે. તેમાંથી કેટલાક એક કરતાં વધુ, અને પ્રસંગોપાત ઘણા મૂળભૂત અધિકારો પર વ્યાપ્ત થઈ શકે છે. હજુ પણ અન્ય તે

મૂળ મૂલ્યને પ્રતિબિંબિત કરી શકે છે જેના પર મૂળભૂત અધિકારો આધારિત છે. બંધારણના નિર્માણ સમયે પણ, બંધારણ સભામાં ઘડવૈયાઓએ સ્વીકાર્યું હતું કે, દાખલા તરીકે, વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતામાં અખબારી સ્વાતંત્ર્ય (પ્રેસની સ્વતંત્રતા) નો સમાવેશ થશે. તેથી વાણી અને અભિવ્યક્તિની મુક્ત સ્વતંત્રતાની ગેરંટીનું વિસ્તરણ પ્રેસની સ્વતંત્રતા સુધી થતું હોવાનું અર્થઘટન કરવામાં આવ્યું છે. પ્રેસની સ્વતંત્રતાની માન્યતા એ અદાલતી હુકમનામું દ્વારા નવો મૂળભૂત અધિકાર ઊભો કરતી નથી પરંતુ તે જે અંતર્ગત રહેલું છે અને જેના વિના વાણી અને અભિવ્યક્તિની મુક્ત સ્વતંત્રતાની બાંહેધરી પૂર્ણ ન થઈ શકે તેનો સ્વીકાર છે. તેવી જ રીતે, અનુચ્છેદ ૨૧ નું અર્થઘટન સ્વચ્છ પર્યાવરણનો અધિકાર, જાહેર આરોગ્યનો અધિકાર, જાણવાનો અધિકાર, સંચાર માધ્યમોનો અધિકાર અને શિક્ષણનો અધિકાર જેવા હકોના પટલને સમાવવા માટે કરવામાં આવ્યું છે, આ ઉપરાંત ફોજદારી કાયદા અને કાર્યવાહીના સંદર્ભમાં હાથકડી લગાવવા અને ઝડપી સુનાવણી જેવી બાબતોમાં અધિકારોની શ્રેણી પણ સામેલ છે. અનુચ્છેદ ૨૧ માંથી પ્રવાહિત થતા ઠેરવવામાં આવેલા અધિકારોમાં નીચેનાનો સમાવેશ થાય છે:

(૧) વિદેશ જવાનો અધિકાર - સતવંત સિંઘ સાહની વિ. ડી. રામરત્નમ, એપીઓ નવી દિલ્હી.[328]

[328] (૧૯૬૭) ૩ એસ.સી.આર. ૫૨૫

(૨) એકાંત કેદ (સોલિટરી કન્ફાઇનમેન્ટ) વિરુદ્ધનો અધિકાર - સુનિલ બત્રા વિ. દિલ્હી એડમિનિસ્ટ્રેશન.[329]

(૩) કેદીઓનો બેડીઓ (બાર ફેટર્સ) વિરુદ્ધનો અધિકાર - ચાર્લ્સ શોભરાજ વિ. સુપ્રિન્ટેન્ડન્ટ સેન્ટ્રલ જેલ.[330]

(૪) કાનૂની સહાય મેળવવાનો અધિકાર - એમ. એચ. હોસ્કોટ વિ. મહારાષ્ટ્ર રાજ્ય.[331]

(૫) ઝડપી સુનાવણી (સ્પીડી ટ્રાયલ) નો અધિકાર - હુસૈનારા ખાતૂન વિ. ગૃહ સચિવ, બિહાર રાજ્ય.[332]

(૬) હાથકડી લગાવવા વિરુદ્ધનો અધિકાર - પ્રેમ શંકર શુક્લા વિ. દિલ્હી એડમિનિસ્ટ્રેશન.[333]

(૭) કસ્ટડીયલ હિંસા વિરુદ્ધનો અધિકાર - શીલા બારસે વિ. મહારાષ્ટ્ર રાજ્ય.[334]

(૮) જાહેરમાં ફાંસી આપવા વિરુદ્ધનો અધિકાર - એટર્ની જનરલ ઓફ ઇન્ડિયા વિ. લછમા દેવી.[335]

---

[329] (૧૯૭૮) ૪ એસ.સી.સી. ૪૯૪
[330] (૧૯૭૮) ૪ એસ.સી.સી. ૧૦૪
[331] (૧૯૭૮) ૩ એસ.સી.સી. ૫૪૪
[332] (૧૯૮૦) ૧ એસ.સી.સી. ૮૧
[333] (૧૯૮૦) ૩ એસ.સી.સી. ૫૨૬
[334] (૧૯૮૩) ૨ એસ.સી.સી. ૯૬
[335] (૧૯૮૯) સપ્લી. (૧) એસ.સી.સી. ૨૬૪

(૯) સરકારી હોસ્પિટલોમાં તબીબી સહાય મેળવવાનો અધિકાર - પરમાનંદ કટારા વિ. ભારત સંઘ.[336]

(૧૦) આશ્રય (શેલ્ટર) નો અધિકાર - શાંતિસ્ટાર બિલ્ડર્સ વિ. એન. કે. તોતામે.[337]

(૧૧) સ્વસ્થ પર્યાવરણનો અધિકાર - વિરેન્દર ગૌર વિ. હરિયાણા રાજ્ય.[338]

(૧૨) ગેરકાયદેસર અટકાયત બદલ વળતર મેળવવાનો અધિકાર - રુદલ સાહ વિ. બિહાર રાજ્ય.[339]

(૧૩) યાતના (ટોર્ચર) માંથી મુક્તિનો અધિકાર - સુનિલ બત્રા વિ. દિલ્હી એડમિનિસ્ટ્રેશન.[340]

(૧૪) પ્રતિષ્ઠા (રેપ્યુટેશન) નો અધિકાર - ઉમેશ કુમાર વિ. આંધ્રપ્રદેશ રાજ્ય.[341]

(૧૫) આજીવિકા કમાવવાનો અધિકાર - ઓલ્ગા ટેલિસ વિ. બોમ્બે મ્યુનિસિપલ કોર્પોરેશન.[342]

---

[336] (૧૯૮૯) ૪ એસ.સી.સી. ૨૮૬
[337] (૧૯૯૦) ૧ એસ.સી.સી. ૫૨૦
[338] (૧૯૯૫) ૨ એસ.સી.સી. ૫૭૭
[339] (૧૯૮૩) ૪ એસ.સી.સી. ૧૪૧
[340] (૧૯૭૮) ૪ એસ.સી.સી. ૪૯૪
[341] (૨૦૧૩) ૧૦ એસ.સી.સી. ૫૯૧
[342] (૧૯૮૫) ૩ એસ.સી.સી. ૫૪૫

આ ન તો અદાલતી નિર્ણય દ્વારા લાવવામાં આવેલ બંધારણીય સુધારાની કવાયત છે કે ન તો તે મૂળભૂત અધિકારોના નવા સમૂહના નિર્માણમાં પરિણમે છે. આ કવાયત બંધારણ દ્વારા બાંહેધરી આપવામાં આવેલા વર્તમાન અધિકારોનું અર્થઘટન કરવાની અને તે અધિકારોના હાર્દને સમજતી વખતે, તે અધિકારમાં શું સમાવિષ્ટ છે તેના વ્યાપને વ્યાખ્યાયિત કરવાની રહી છે.

૧૫૧. બંધારણના ઘડવૈયાઓ પાસે ઇતિહાસની સમજ હતી—વૈશ્વિક અને સ્થાનિક બંને—જ્યારે તેઓએ આઝાદીના પોતાના દ્રષ્ટિકોણને સરમુખત્યારશાહી વર્તણૂક સામેની ગેરંટીમાં પરિવર્તિત કરવાનો પ્રયાસ કર્યો હતો. બંધારણે કાયદાના શાસન પર આધારિત સરકારનું લોકશાહી સ્વરૂપ અપનાવ્યું હતું. બે દાયકાના ગાળામાં અલગ પડેલા બે વિશ્વયુદ્ધોમાં સત્તાવાદી શાસનો દ્વારા માનવ અધિકારોના વ્યાપક દુરુપયોગ પ્રત્યે ઘડવૈયાઓ સભાન હતા. સંસ્થાનવાદી શાસન હેઠળ ભોગવેલા અન્યાય અને વધુ તાજેતરમાં વિભાજનની ભયાનકતાઓ પ્રત્યે ઘડવૈયાઓ સમાન રીતે સભાન હતા. માનવીય વેદનાની પૃષ્ઠભૂમિએ કાયદાના શાસન પર આધારિત શાસન વ્યવસ્થાને જાળવી રાખવાનું કારણ પૂરું પાડ્યું હતું જે મૂળભૂત સ્વતંત્રતાઓના ઉલ્લંઘન સામે લોકશાહી ઉત્તરદાયિત્વને આધીન રહેશે. મૂળભૂત અધિકારોની સામગ્રી આપણા બંધારણીય ઇતિહાસ દરમિયાન વિકસિત થઈ છે અને પ્રાઈવસીના મુદ્દાઓની કોઈપણ ચર્ચા, સ્વતંત્રતા અને ગરિમા સાથેના તેના સંબંધ સાથે, પૂર્વચુકાદાઓમાં પ્રગટ થતા ઇતિહાસના માર્ગના સંક્ષિપ્ત સંદર્ભ વિના અધૂરી રહેશે. મૂળભૂત અધિકારોમાં

સમાવિષ્ટ સ્વતંત્રતાઓ અને આઝાદીઓની બાંહેધરી આપીને, બંધારણે કુદરતી અધિકારોનું જતન કર્યું છે અને તેમના અસ્તિત્વને ઘટાડવાના પ્રયાસો સામે તેમને સુરક્ષિત કવચ પૂરું પાડ્યું છે.

ટેકનોલોજી, જેમ આપણે આજે તેનો અનુભવ કરીએ છીએ, તે બંધારણનું ઘડતર કરનારી પેઢીના જીવનમાં જે હતી તેના કરતાં ઘણી અલગ છે. માહિતી ટેકનોલોજીએ ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયા તથા તેની સાથે સંકળાયેલ તમામ એપ્લિકેશનો સાથે છેલ્લા દાયકામાં જીવનની ગતિને ઝડપથી બદલી નાખી છે. આજની ટેકનોલોજી થોડા વર્ષો પહેલાના એપ્લિકેશન મોડેલોને અપ્રચલિત બનાવી દે છે. તેથી, બંધારણના ઘડવૈયાઓ તેમજ તેઓએ પવિત્ર બનાવેલા દસ્તાવેજ બંને માટે તેના અર્થઘટનને મૂળવાદી (ઓરિજિનલિસ્ટ) અર્થઘટન સુધી મર્યાદિત રાખવું અન્યાય સમાન હશે. આજના પ્રશ્નોનું નિર્ણય બંધારણીય સિદ્ધાંતના જીવંત ઉપયોગ દ્વારા થવું જોઈએ અને તદ્દન ભિન્ન સમાજ માટે યોગ્ય એવા દ્રષ્ટિકોણ દ્વારા તેને થીજવી શકાય નહીં. અમે બંધારણને માત્ર એ કારણસર જીવંત દસ્તાવેજ તરીકે વર્ણવીએ છીએ કે જ્યારે તે એક એવો દસ્તાવેજ છે જે ભારતીય સમાજ માટે શાશ્વત મૂલ્યોની ઘોષણા કરે છે, ત્યારે તે તેની સતત સુસંગતતા સુનિશ્ચિત કરવા માટે જરૂરી સ્થિતિસ્થાપકતા ધરાવે છે. તેની સતત પ્રસ્તુતતા ચોક્કસપણે અનુગામી પેઢીઓને તે સિદ્ધાંતો લાગુ કરવાની મંજૂરી આપવાની ક્ષમતામાં રહેલી છે જેના પર તેની સ્થાપના કરવામાં આવી છે જેથી તેઓના સમયની જટિલ સમસ્યાઓના નવીન ઉકેલો શોધી શકાય. આમ કરતી

વખતે, આપણે સમાન રીતે સમજવું જોઈએ કે આપણા ઉકેલોએ પુનઃ-ઈજિનેરીકરણની સતત પ્રક્રિયામાંથી પસાર થવું આવશ્યક છે.

એન. શું પ્રાઈવસીને વૈધાનિક સંરક્ષણ એ બંધારણીય અધિકારનો ઇનકાર કરવાનું કારણ છે?

૧૫૨. કેન્દ્ર સરકાર અને તેને સમર્થન આપનાર કેટલાક રાજ્યોએ આ કોર્ટ સમક્ષ એવી રજૂઆત કરી છે કે એક વૈધાનિક વ્યવસ્થા ઉપલબ્ધ છે જેના આધારે પ્રાઈવસીનો અધિકાર પૂરતા પ્રમાણમાં સુરક્ષિત છે અને તેથી મૂળભૂત અધિકારોમાં પ્રાઈવસીના બંધારણીય અધિકારનું વાચન કરવું જરૂરી નથી. એવી દલીલ કરીને આ રજૂઆતને પુષ્ટિ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે કે પ્રાઈવસી એ માત્ર કોમન લો અધિકાર છે અને વૈધાનિક સંરક્ષણ એ તે સ્થિતિનું પ્રતિબિંબ છે.

૧૫૩. આ રજૂઆત બિલ ઓફ રાઈટ્સ માં અથવા ભારતીય બંધારણના કિસ્સામાં મૂળભૂત અધિકારોના ભાગ તરીકે અધિકારોને શા માટે મૂળભૂત બાંહેધરીઓ તરીકે પ્રથમ સ્થાને સુરક્ષિત કરવામાં આવે છે તે કારણની સમજણના અભાવને છતી કરે છે. કોઈ અધિકારને બંધારણીય રીતે સુરક્ષિત અધિકારના સ્થાને પહોંચાડવો તેને ધારાકીય બહુમતીઓની પહોંચથી પર મૂકે છે. જ્યારે સમાનતાનો અધિકાર અથવા જીવનનો અધિકાર જેવો બંધારણીય અધિકાર બંધારણના મૂળભૂત માળખાના ભાગરૂપ હોવાનું લક્ષણ ધારણ કરે છે, ત્યારે તે ઉલ્લંઘન ન થઈ શકે તેવી સ્થિતિ ધારણ કરે છે: સુધારાની સત્તા સામે

પણ અદમ્યતા. સામાન્ય કાયદા ધારાકીય સુધારાની પહોંચની બહાર નથી હોતા. વૈધાનિક અધિકારને ધારાસભાના સામાન્ય કાયદા દ્વારા સુધારી શકાય છે, ઘટાડી શકાય છે અથવા રદ કરી શકાય છે. બીજા શબ્દોમાં કહીએ તો, વૈધાનિક અધિકારો ધારાકીય બહુમતીઓની મજબૂરીને આધીન છે. કોઈ અધિકારમાં બંધારણીય તત્વનો સંચાર કરવાનો હેતુ ચોક્કસપણે તેને લોકપ્રિય લોકમતથી અને તેના પ્રતિબિંબ તરીકે ધારાકીય રદ્દીકરણથી મુક્તિની ભાવના પ્રદાન કરવાનો છે. બંધારણીય રીતે સુરક્ષિત અધિકારો એ ઉદારવાદી માન્યતાને મૂર્તિમંત કરે છે કે વ્યક્તિની વ્યક્તિગત સ્વતંત્રતાઓ એટલી પવિત્ર છે કે તેને રક્ષણાત્મક કવચમાં રાખવી જરૂરી છે જે તેને સામાન્ય કાયદાની પહોંચથી પર મૂકે છે. ઉપલબ્ધ વૈધાનિક સંરક્ષણ છે તે આધાર પર બંધારણીય અધિકારને નકારી કાઢવો એ બંધારણીય સિદ્ધાંતને ઊંધો વાળી દેવા સમાન છે. વાસ્તવમાં, ધારાકીય સંરક્ષણ એ ઘણા કિસ્સાઓમાં, બંધારણીય અધિકારનો સ્વીકાર અને માન્યતા છે જેને રક્ષણાત્મક કાયદાઓ દ્વારા અમલમાં મૂકવાની અને લાગુ કરવાની જરૂર છે.

ઉદાહરણ તરીકે, માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ ની કલમ ૮(૧)(જે) ની જોગવાઈઓ, જેમાં માહિતી જાહેર કરવાથી મુક્તિ આપવામાં આવી છે, તે એવી માહિતીનો સંદર્ભ આપે છે જે વ્યક્તિની પ્રાઈવસી પર અવાજબી આક્રમણ કરશે.

પરંતુ નોંધવાનો મહત્વનો મુદ્દો એ છે કે જ્યારે કોઈ અધિકારને ભાગ ત્રણમાં મૂળ બંધારણીય દરજ્જો આપવામાં આવે છે, ત્યારે તે એક એવી કસોટી પૂરી પાડે છે જેના પર કારોબારી નિર્ણય લેવાની માન્યતાનું મૂલ્યાંકન કરી શકાય છે અને ન્યાયિક સમીક્ષા દ્વારા કાયદાની માન્યતા નક્કી કરી શકાય છે. સ્થાપિત બંધારણીય અધિકારો કાયદાની માન્યતાનું મૂલ્યાંકન કરવાનો આધાર પૂરો પાડે છે. તેથી, કાયદાનું અસ્તિત્વ બંધારણીય અધિકાર માટેના તર્કને નકારે છે અથવા બંધારણીય અધિકારને બિનજરૂરી બનાવે છે તેવી રજૂઆત કરવી સ્પષ્ટપણે અસ્વીકાર્ય હશે.

ઓ. કોઈ ઉચ્ચ વર્ગનું નિર્માણ નથી

૧૫૪. એટર્ની જનરલે અમારી સમક્ષ એવી દલીલ કરી હતી કે રાજ્ય દ્વારા પૂરા પાડવામાં આવતા કલ્યાણકારી હકોના હિતમાં પ્રાઈવસીના અધિકારનો ત્યાગ કરવો જોઈએ. અમારા મતે, એવી રજૂઆત કે પ્રાઈવસીનો અધિકાર એ એક ઉચ્ચ વર્ગનું (એલિટિસ્ટ) નિર્માણ છે જે સમાજના બાકીના વિશાળ બહુમતી વર્ગની જરૂરિયાતો અને આકાંક્ષાઓથી અલગ છે, તે અસમર્થનીય છે. આ રજૂઆત બંધારણીય સ્થિતિની ગેરસમજણ છતી કરે છે. આપણું બંધારણ ભાગ ત્રણમાં નાગરિક અને રાજકીય અધિકારોની બાંહેધરી આપીને અને ભાગ ચારમાં સામાજિક-આર્થિક અધિકારો હાંસલ કરવાની આકાંક્ષાને મૂર્તિમંત કરીને વ્યક્તિને તેના કેન્દ્રસ્થાને રાખે છે. ગરીબોને કોઈ નાગરિક અને રાજકીય અધિકારોની જરૂર નથી અને તેઓ માત્ર આર્થિક સુખાકારી સાથે સંબંધ ધરાવે છે તેવા કથનનો

ઉપયોગ સમગ્ર ઇતિહાસમાં માનવ અધિકારોના અત્યંત ઘોર ઉલ્લંઘનો કરવા માટે કરવામાં આવ્યો છે. સૌથી ઉપર, એ બાબત સમજવી જ જોઈએ કે પ્રશ્ન કરવાનો અધિકાર, ચકાસણી કરવાનો અધિકાર અને અસંમતિ દર્શાવવાનો અધિકાર જ માહિતગાર નાગરિકોને સરકારની કામગીરીની ચકાસણી કરવા સક્ષમ બનાવે છે. જેમના પર શાસન કરવામાં આવે છે તેઓને સામાજિક-આર્થિક કલ્યાણકારી લાભો પૂરા પાડવા સહિતની તેમની બંધારણીય ફરજોના પાલન અંગે શાસન કરનારાઓને પ્રશ્ન કરવાનો અધિકાર છે. ચકાસણી કરવાની અને તર્ક કરવાની સત્તા લોકશાહી વ્યવસ્થાના નાગરિકોને તેમના અધિકારોને સંચાલિત કરતા મૂળભૂત મુદ્દાઓ પર માહિતગાર નિર્ણયો લેવા સક્ષમ બનાવે છે. નાગરિક અને રાજકીય અધિકારો સામાજિક-આર્થિક અધિકારોને આધીન છે તેવો સિદ્ધાંત ભૂતકાળમાં પણ રજૂ કરવામાં આવ્યો છે અને આ કોર્ટ દ્વારા બંધારણીય નિર્ણયો દરમિયાન તેને સ્પષ્ટપણે નકારી કાઢવામાં આવ્યો છે.

૧૫૫. નાગરિક અને રાજકીય અધિકારો તથા સામાજિક-આર્થિક અધિકારો પરસ્પર વિરોધાભાસી સ્થિતિમાં અસ્તિત્વ ધરાવતા નથી. સામાજિક-આર્થિક અધિકારો સાકાર કરવા અથવા પૂર્ણ કરવા માટે જરૂરી પરિસ્થિતિઓ રાજકીય સ્વતંત્રતાના વિઘટનની પૂર્વધારણા કરતી નથી. આનું કારણ સરળ છે. સામાજિક-આર્થિક હકો તે વ્યક્તિઓ સુધી સાચા લાભો પહોંચાડતા હોવા જોઈએ જેમના માટે તેઓ નિર્ધારિત છે. ગેરવાજબી લાભ ખાટવાની (રેન્ટ-સીકિંગ) વર્તણૂકને દૂર કરીને અને જે વ્યક્તિઓ સામાજિક કલ્યાણ લાભો મેળવવા હકદાર

નથી તેમના દ્વારા તેનું હરણ અટકાવીને આ પ્રાપ્ત કરી શકાય છે. સામાજિક કલ્યાણના લાભોનું હરણ માત્ર ત્યારે જ ટાળી શકાય જ્યારે રાજકીય વ્યવસ્થાઓ પારદર્શક હોય અને જ્યાં માહિતીનો મુક્ત પ્રવાહ હોય. અપારદર્શકતા તે લોકોના હિતમાં પરિણમે છે જેઓ દુર્લભ આર્થિક સંસાધનો પર એકાધિકાર ધરાવે છે. બીજી બાજુ, જે પરિસ્થિતિઓમાં નાગરિક અને રાજકીય સ્વતંત્રતાઓ ખીલે છે તે સુનિશ્ચિત કરે છે કે સરકારી નીતિઓની આલોચના અને મૂલ્યાંકન થાય. આ ચકાસણી જ તે સુનિશ્ચિત કરવાના હેતુને પૂર્ણ કરે છે કે સામાજિક-આર્થિક લાભો વાસ્તવમાં તે વંચિતો સુધી પહોંચે જેમના માટે તે નિર્ધારિત છે. આઝાદીની પરિસ્થિતિઓ અને નાગરિક તથા રાજકીય અધિકારોનો સક્રિય દાવો સામાજિક-આર્થિક કાર્યક્રમોની ન્યાયીપણા અને વંચિતતા તથા અભાવને દૂર કરવામાં તેમની અસરકારકતાની સતત સમીક્ષાને પ્રોત્સાહન આપે છે. જાહેર બાબતોની ચકાસણી સ્વતંત્રતાના અસ્તિત્વ પર આધારિત છે. તેથી નાગરિક અને રાજકીય અધિકારો તથા સામાજિક-આર્થિક અધિકારો પૂરક છે અને પરસ્પર વિશિષ્ટ નથી.

૧૫૬. આમાંની કેટલીક વિભાવનાઓ નોબેલ પુરસ્કાર વિજેતા, અમર્ત્ય સેનના લખાણોમાં[343]સંબોધવામાં આવી છે. સેન દુષ્કાળ જેવી વિકટ પરિસ્થિતિઓમાં બિન-લોકશાહી શાસનોના પ્રતિભાવોની સરખામણી સમાન પરિસ્થિતિઓમાં લોકશાહી સમાજોના પ્રતિભાવો સાથે કરે છે: તેમનું વિશ્લેષણ દર્શાવે છે કે સત્તાવાદી રાજ્યોમાં સરકારના નેતાઓ દ્વારા ભોગવવામાં આવતી

[343] અમર્ત્ય સેન, ડેવલપમેન્ટ એઝ ફ્રીડમ, ઓક્સફોર્ડ યુનિવર્સિટી પ્રેસ (૨૦૦૦), પૃષ્ઠ ૧૭૮-૧૭૯.

રાજકીય પ્રતિરક્ષા (ઇમ્યુનિટી) આવી પરિસ્થિતિઓને પહોંચી વળવા માટે અસરકારક પગલાં લેવામાં અવરોધરૂપ બને છે:

"ઉદાહરણ તરીકે, ૧૯૭૯-૧૯૮૧ અને ૧૯૮૩-૧૯૮૪ વચ્ચે બોત્સ્વાનામાં અનાજના ઉત્પાદનમાં ૧૭ ટકા અને ઝિમ્બાબ્વેમાં ૩૮ ટકાનો ઘટાડો થયો હતો, જે સમાન સમયગાળામાં સુદાન અને ઇથિયોપિયામાં અનાજના ઉત્પાદનમાં ઘટાડો પ્રમાણમાં સાધારણ ૧૧ અથવા ૧૨ ટકા જેટલો રહ્યો હતો. પરંતુ જ્યારે અનાજના ઉત્પાદનમાં તુલનાત્મક રીતે ઓછા ઘટાડા છતાં સુદાન અને ઇથિયોપિયામાં ભયાનક દુષ્કાળ પડ્યો હતો, ત્યારે બોત્સ્વાના અને ઝિમ્બાબ્વેમાં કોઈ દુષ્કાળ પડ્યો ન હતો, અને આ બાબત મોટે ભાગે આ પછીના દેશો દ્વારા સમયસર અને વ્યાપક દુષ્કાળ નિવારણ નીતિઓને આભારી હતી.

જો બોત્સ્વાના અને ઝિમ્બાબ્વેની સરકારો સમયસર પગલાં લેવામાં નિષ્ફળ રહી હોત, તો તેઓ વિરોધ પક્ષ તરફથી ભારે ટીકા અને દબાણ હેઠળ આવી ગઈ હોત અને અખબારો તરફથી પુષ્કળ ટીકાઓનો સામનો કરવો પડ્યો હોત. તેનાથી વિપરીત, ઇથિયોપિયા અને સુદાનની સરકારોએ આવી શક્યતાઓનો સામનો કરવો પડ્યો ન હતો, અને તે દેશોમાં લોકશાહી સંસ્થાઓ દ્વારા પૂરા પાડવામાં આવતા રાજકીય પ્રોત્સાહનો સંપૂર્ણપણે ગેરહાજર હતા. સુદાન અને ઇથિયોપિયામાં - અને સબ-સહારન આફ્રિકાના ઘણા અન્ય દેશોમાં - દુષ્કાળ એ સત્તાવાદી

દેશોમાં સરકારી નેતાઓ દ્વારા ભોગવવામાં આવતી રાજકીય પ્રતિરક્ષાને કારણે વધુ વકર્યા હતા. આ બાબત ઉત્તર કોરિયાની વર્તમાન પરિસ્થિતિ પર પણ લાગુ પડતી જણાય છે."[344]

ભારતીય સંદર્ભમાં, સેન નિર્દેશ કરે છે કે ૧૯૪૩ નો બંગાળનો દુષ્કાળ "માત્ર સંસ્થાનવાદી ભારતમાં લોકશાહીના અભાવ દ્વારા જ નહીં પરંતુ ભારતીય પ્રેસ પર લાદવામાં આવેલા રિપોર્ટિંગ અને ટીકા પરના કડક પ્રતિબંધો અને બ્રિટિશ માલિકીના મીડિયાએ પાળવાનું પસંદ કરેલા દુષ્કાળ પરના સ્વૈચ્છિક 'મૌન' દ્વારા પણ સક્ષમ બન્યો હતો"[345]. તેથી રાજકીય સ્વતંત્રતાઓ અને લોકશાહી અધિકારોને વિકાસના 'ઘટક અંગો' તરીકે ગણવામાં આવે છે.[346] તેનાથી વિપરીત ૧૯૭૩ માં મહારાષ્ટ્રમાં પડેલા દુષ્કાળ દરમિયાન, અનાજનું ઉત્પાદન ભારે ઘટ્યું હતું અને માથાદીઠ ખાદ્ય ઉત્પાદન સબ-સહારન આફ્રિકા કરતાં અડધું હતું. તેમ છતાં મહારાષ્ટ્રમાં કોઈ દુષ્કાળ નહોતો જ્યાં ઝડપથી આયોજિત જાહેર પ્રોજેક્ટ્સમાં પચાસ લાખ લોકોને રોજગારી આપવામાં આવી હતી જ્યારે સબ-સહારન આફ્રિકામાં ભયંકર દુષ્કાળ પડ્યા હતા. આ બાબત તે સ્થાપિત કરે છે જેને તેઓ લોકશાહીની "રક્ષણાત્મક ભૂમિકા" તરીકે ઓળખાવે છે. સેને આ મુદ્દાનું સંક્ષિપ્તમાં વિશ્લેષણ કર્યું છે:

---

[344] સદર, પૃષ્ઠ ૧૭૯ પર.

[345] અમર્ત્ય સેન, ધ આઈડિયા ઓફ જસ્ટિસ, પેંગ્વિન બુક્સ (૨૦૦૯), પૃષ્ઠ ૩૩૯ પર.

[346] સદર, પૃષ્ઠ ૩૪૭ પર.

"લોકશાહી અને દુષ્કાળ ન પડવા વચ્ચેનો કાર્યકારણ સંબંધ શોધવો મુશ્કેલ નથી. દુષ્કાળ વિશ્વના વિવિધ દેશોમાં લાખો લોકોને મારી નાખે છે, પરંતુ તે શાસકોને મારતો નથી. રાજાઓ અને પ્રમુખો, અમલદારો અને વડાઓ, લશ્કરી નેતાઓ અને સેનાપતિઓ ક્યારેય દુષ્કાળનો ભોગ બનતા નથી. અને જો ત્યાં કોઈ ચૂંટણીઓ ન હોય, કોઈ વિરોધ પક્ષો ન હોય, સેન્સરશીપ વિનાની જાહેર ટીકા માટે કોઈ અવકાશ ન હોય, તો સત્તા પર રહેલા લોકોએ દુષ્કાળ અટકાવવામાં તેમની નિષ્ફળતાના રાજકીય પરિણામો ભોગવવા પડતા નથી. બીજી તરફ, લોકશાહી દુષ્કાળની સજા શાસક જૂથો અને રાજકીય નેતાઓ સુધી પણ ફેલાવે છે. આ તેમને કોઈપણ તોળાતા દુષ્કાળને રોકવાનો પ્રયાસ કરવા માટેનું રાજકીય પ્રોત્સાહન પૂરું પાડે છે, અને વાસ્તવમાં દુષ્કાળ અટકાવવા સરળ હોવાથી (આ તબક્કે આર્થિક દલીલ રાજકીય દલીલ સાથે જોડાઈ જાય છે), નજીક આવી રહેલા દુષ્કાળને મક્કમતાપૂર્વક અટકાવવામાં આવે છે."[347]

બીજા શબ્દોમાં કહીએ તો, વિકાસ અને સ્વતંત્રતા વચ્ચે એક અંતર્ગત સંબંધ છે:

"...વિકાસને વાસ્તવમાં માત્ર સુવિધાના નિર્જીવ પદાર્થો વધારવાની પ્રક્રિયા તરીકે ન જોઈ શકાય, જેમ કે માથાદીઠ જી.એન.પી. વધારવી, અથવા ઔદ્યોગિકીકરણ અથવા તકનીકી પ્રગતિ અથવા સામાજિક

[347] અમર્ત્ય સેન, ડેવલપમેન્ટ એઝ ફ્રીડમ, ઓક્સફોર્ડ યુનિવર્સિટી પ્રેસ (૨૦૦૦), પૃષ્ઠ ૧૮૦ પર.

આધુનિકીકરણને પ્રોત્સાહન આપવું. આ સિદ્ધિઓ, અલબત્ત, મૂલ્યવાન છે - ઘણીવાર અત્યંત મહત્વપૂર્ણ છે - પરંતુ તેમનું મૂલ્ય તેમાં સંકળાયેલા લોકોના જીવન અને સ્વતંત્રતાઓ પર તેઓ શું કરે છે તેના પર નિર્ભર હોવું જોઈએ. પસંદગીની જવાબદારી ધરાવતા પુખ્ત મનુષ્યો માટે, ધ્યાન આખરે તેઓ જેનું મૂલ્ય આંકવાનું કારણ ધરાવે છે તે કરવાની સ્વતંત્રતા ધરાવે છે કે કેમ તેના પર હોવું જોઈએ. આ અર્થમાં, વિકાસમાં લોકોની સ્વતંત્રતાના વિસ્તરણનો સમાવેશ થાય છે."[348]

જુલાઈ ૨૦૧૭ માં પબ્લિક લૉ માં તાજેતરમાં પ્રકાશિત થયેલા "ધ અનટેપ્ડ પોટેન્શિયલ ઓફ ધ મંડેલા કોન્સ્ટીટ્યુશન"[349] શીર્ષકવાળા એક લેખમાં, દક્ષિણ આફ્રિકાની બંધારણીય અદાલતના એક પ્રતિષ્ઠિત ન્યાયાધીશ, જસ્ટિસ એડવિન કેમેરોને એક સ્પષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે. દક્ષિણ આફ્રિકાના પ્રમુખ મ્બેકીએ એઇડ્સના તબીબી વિજ્ઞાન પર શંકા કરી હતી અને સંભવિત એ.આર.વી. કાર્યક્રમમાં અસરકારક રીતે અવરોધ ઊભો કર્યો હતો. એઇડ્સ નકારવાના આ વલણે દક્ષિણ આફ્રિકાને જાહેર આરોગ્યના સંકટમાં ધકેલી દીધું હતું જેના પરિણામે નેવિરાપીન નામની દવા, જે દક્ષિણ આફ્રિકાની સરકારને વિનામૂલ્યે ઓફર કરવામાં આવી હતી, તેનો ઇનકાર કરવામાં આવ્યો હતો. છેવટે જ્યારે દક્ષિણ આફ્રિકાની બંધારણીય અદાલતે ટ્રીટમેન્ટ એક્શન કેમ્પેઈન

[348] અમર્ત્ય સેન, "ધ કન્ટ્રી ઓફ ફર્સ્ટ બોય્ઝ", ઓક્સફોર્ડ યુનિવર્સિટી પ્રેસ, પૃષ્ઠ ૮૦-૮૧.

[349] એડવિન કેમેરોન અને મેક્સ ટેલર, "ધ અનટેપ્ડ પોટેન્શિયલ ઓફ ધ મંડેલા કોન્સ્ટીટ્યુશન", પબ્લિક લૉ (૨૦૧૭), પૃષ્ઠ ૩૯૪ પર.

નિર્ણયમાં[350] હસ્તક્ષેપ કર્યો ત્યારે એવું ઠેરવવામાં આવેલ કે સરકાર વ્યાજબીપણાની કસોટીમાં નિષ્ફળ ગઈ હતી. લેખ નોંધે છે કે આ નિર્ણયના પરિણામે, દવા ઉપલબ્ધ થઈ અને "સેંકડો અને હજારો, કદાચ લાખો લોકોના જીવ બચી ગયા". આ ઉપરાંત, લેખ નોંધે છે કે આ ચુકાદાએ એઈડ્સ અંગેના જાહેર સંવાદને બદલી નાખ્યો અને "ઇનકારના અસ્પષ્ટપણાને ભેદી નાખ્યો અને આમ કરીને, તેના પર ઘાતક પ્રહાર કર્યો"[351].

રાજ્ય-મંજૂર ખોટી માહિતીનો પડદો અથવા રાજ્ય દ્વારા આદેશિત માહિતીનો બ્લેક-આઉટ સામાજિક-આર્થિક અધિકારોનો ગંભીર ઇનકાર કેવી રીતે કરી શકે છે તેના પર ઉદાહરણો વધારી શકાય છે. ભારતીય લોકશાહીની તાકાત બંધારણ દ્વારા આઝાદી અને સ્વતંત્રતાને પૂરા પાડવામાં આવેલા પાયામાં રહેલી છે. આઝાદી અને સ્વતંત્રતા એવા મૂલ્યો છે જે આપણા બંધારણીય ક્રમમાં અંતર્ગત છે. પરંતુ એવી પરિસ્થિતિઓનું નિર્માણ કરવામાં પણ તેમનું મહત્વનું યોગદાન છે જેમાં સામાજિક-આર્થિક અધિકારો પ્રાપ્ત કરી શકાય છે. ભારતમાં કોઈ લોખંડી પડદો (આયર્ન કર્ટન) નથી. આપણો સમાજ તેના એવા પડદાની છાયામાં સમૃદ્ધ થાય છે જે સૂર્યપ્રકાશને અંદર આવવા દે છે અને ભાષા, ધર્મ, સંસ્કૃતિ અને વિચારધારાઓ પર આધારિત અસંખ્ય રંગોને પ્રતિબિંબિત કરે છે.

---

[350] મિનિસ્ટર ઓફ હેલ્થ વિ. ટ્રીટમેન્ટ એક્શન કેમ્પેઈન, (૨૦૦૨) ૫ એસ.એ. ૭૨૧ (સીસી).

[351] એડવિન કેમેરોન અને મેક્સ ટેલર, "ધ અનટેપ્ડ પોટેન્શિયલ ઓફ ધ મંડેલા કોન્સ્ટીટ્યુશન", પબ્લિક લૉ (૨૦૧૭), પૃષ્ઠ ૩૯૫ પર.

૧૫૭. પ્રાઈવસી એ અમુક ગણ્યાગાંઠ્યા લોકો માટેનો વિશેષાધિકાર છે તેવી રજૂઆતમાં રહેલા તથ્યના અભાવ પર પણ અમારે ભાર મૂકવાની જરૂર છે. સામાજિક વર્ગ અથવા આર્થિક સ્થિતિને ધ્યાનમાં લીધા વિના સમાજની દરેક વ્યક્તિ તે નિકટતા અને સ્વાયત્તતા માટે હકદાર છે જેને પ્રાઈવસી સુરક્ષિત કરે છે. જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાના અંતર્ગત અને મુખ્ય લક્ષણ તરીકે પ્રાઈવસી જ છે જે વ્યક્તિને ફરજિયાત નસબંધીના કાર્યક્રમ સામે ઊભા રહેવા સક્ષમ બનાવે છે. વળી પાછું, જો રાજ્ય બિન-સંમતિ ધરાવતા પુરુષો અથવા સ્ત્રીઓ પર ફરજિયાત દવાઓના પરીક્ષણો દાખલ કરે તો પ્રાઈવસી જ એક શક્તિશાળી ગેરંટી છે. લગ્નની પવિત્રતા, પ્રજનનની સ્વતંત્રતા, પારિવારિક જીવનની પસંદગી અને અસ્તિત્વની ગરિમા એ એવી બાબતો છે જે સામાજિક સ્તર અથવા આર્થિક સુખાકારીને ધ્યાનમાં લીધા વિના દરેક વ્યક્તિ સાથે સંબંધિત છે. સુખની શોધ સ્વાયત્તતા અને ગરિમા પર આધારિત છે. બંને પ્રાઈવસીના આવશ્યક લક્ષણો છે જે વ્યક્તિઓના જન્મના ચિહ્નો વચ્ચે કોઈ ભેદભાવ કરતી નથી.

પી. માત્ર કોમન લો અધિકાર નથી

૧૫૮. કેન્દ્ર અને રાજ્યોના એ બચાવમાં પણ કોઈ યોગ્યતા નથી કે પ્રાઈવસી એ માત્ર કોમન લો અધિકાર છે. કોઈ અધિકારને કોમન લો હેઠળ રક્ષણ આપવામાં આવ્યું હોવાની હકીકત એ તે અધિકારની બંધારણીય માન્યતા સામે અવરોધ ઊભો કરતી નથી. બંધારણ આ અધિકારને માત્ર એટલા માટે માન્યતા આપે છે કારણ કે તે મૂળભૂત સ્વતંત્રતા અથવા આઝાદીનું એક આનુષંગિક પાસું

છે જેને બંધારણના ઘડવૈયાઓએ બંધારણીય રક્ષણની જરૂર હોય તેટલું મહત્વપૂર્ણ માન્યું હતું. એકવાર પ્રાઈવસીને જીવન, વ્યક્તિગત સ્વતંત્રતા અને બંધારણના ભાગ ત્રણની જોગવાઈઓ દ્વારા બાંહેધરી આપવામાં આવેલી સ્વતંત્રતાઓના સંરક્ષણની આનુષંગિક બાબત માનવામાં આવે, પછી પ્રાઈવસી માત્ર કોમન લો અધિકાર છે તેવી રજૂઆત મૂળ વાતને ચૂકી જાય છે. કેન્દ્રિય વિષય એ છે કે પ્રાઈવસી એ જીવન, વ્યક્તિગત સ્વતંત્રતા અને ભાગ ત્રણ દ્વારા બાંહેધરી આપવામાં આવેલી સ્વતંત્રતાઓનો એક અભિન્ન ભાગ છે જે તેને બંધારણીય સિદ્ધાંતના મુખ્ય ભાગ તરીકે રક્ષણ મેળવવા માટે હકદાર બનાવે છે. બંધારણ દ્વારા પ્રાઈવસીનું રક્ષણ તેને વૈધાનિક કાયદાની અનિશ્ચિતતાઓમાંથી મુક્ત કરે છે, જે આપણે નોંધ્યું છે તેમ, બહુમતીવાળી સરકાર માટે ઉપલબ્ધ ધારાકીય રદ્દીકરણોની શ્રેણીને આધીન છે. કોઈપણ ઘટાડાએ અનુચ્છેદ ૨૧, અનુચ્છેદ ૧૯ અથવા સંબંધિત સ્વતંત્રતા દ્વારા નિર્ધારિત જરૂરિયાતોને સંતોષવી આવશ્યક છે. આ બંધારણીય અધિકાર એવા સર્વોચ્ચ સ્થાન પર મૂકવામાં આવ્યો છે જે નકારાત્મક અને હકારાત્મક બંને સ્વતંત્રતાઓને મૂર્તિમંત કરે છે. નકારાત્મક સ્વતંત્રતા વ્યક્તિને અણગમતા અતિક્રમણથી બચાવે છે. હકારાત્મક સ્વતંત્રતા તરીકે, તે રાજ્ય પર વ્યક્તિગત પ્રાઈવસીનું રક્ષણ કરવા માટે યોગ્ય પગલાં અપનાવવાની જવાબદારી લાદે છે. આ પાસાનું યોગ્ય વર્ણન મેક્સ પ્લાન્ક એન્સાયક્લોપીડિયા ઓફ કમ્પેરેટિવ કોન્સ્ટીટ્યુશનલ લૉ[352]માં પ્રાઈવસીના અધિકાર પરના તેના વિભાગમાં સમાવિષ્ટ છે:

[352] અન્ના જોન્સન કોર્નેલ, "રાઇટ ટુ પ્રાઇવસી", મેક્સ પ્લાન્ક એન્સાયક્લોપીડિયા ઓફ કમ્પેરેટિવ કોન્સ્ટીટ્યુશનલ લૉ (૨૦૧૫).

"૨. પ્રાઈવસીના અધિકારને નકારાત્મક અને હકારાત્મક બંને રીતે વ્યાખ્યાયિત કરી શકાય છે. પ્રાઈવસીનો નકારાત્મક અધિકાર એ સુનિશ્ચિત કરે છે કે વ્યક્તિઓ તેમના ખાનગી જીવનમાં રાજ્ય અને ખાનગી પક્ષો બંને દ્વારા થતા અણગમતા અતિક્રમણથી સુરક્ષિત છે, ખાસ કરીને તે લક્ષણો જે તેમની અંગત ઓળખને વ્યાખ્યાયિત કરે છે જેમ કે લૈંગિકતા, ધર્મ અને રાજકીય જોડાણ, એટલે કે વ્યક્તિના અંગત જીવનનો આંતરિક હિસ્સો....

પ્રાઈવસીનો હકારાત્મક અધિકાર વ્યક્તિગત ઓળખના સ્વાયત્ત ઘડતર માટેના અવરોધોને દૂર કરવાની રાજ્યોની જવાબદારી દર્શાવે છે."

ક્યૂ. સબસ્ટેન્ટિવ ડ્યૂ પ્રોસેસ

૧૫૯. સુનાવણી દરમિયાન, ગુજરાત રાજ્ય વતી ઉપસ્થિત રહેલા વિદ્વાન વરિષ્ઠ અધિવક્તા શ્રી રાકેશ દ્વિવેદીએ રજૂઆત કરી હતી કે અનુચ્છેદ ૨૧ ના સંદર્ભમાં માન્ય કાયદાની આવશ્યકતા સબસ્ટેન્ટિવ ડ્યૂ પ્રોસેસની વિભાવના દ્વારા શરતી નથી. એવી રજૂઆત કરવામાં આવી હતી કે સબસ્ટેન્ટિવ ડ્યૂ પ્રોસેસ એ એક એવી વિભાવના છે જે યુ.એસ. બંધારણના સંદર્ભમાં વિકસાવવામાં આવી છે પરંતુ તે ભારતીય બંધારણના સંદર્ભમાં અયોગ્ય છે.

અનુચ્છેદ ૨૧ ના મુસદ્દા ઘડતર સાથે સંકળાયેલો ઈતિહાસ બંધારણ સભા દ્વારા 'કાયદાની યોગ્ય પ્રક્રિયા' (ડ્યૂ પ્રોસેસ ઓફ લૉ) શબ્દપ્રયોગ રજૂ ન કરવાનો સભાન નિર્ણય દર્શાવે છે, જે યુ.એસ. બંધારણના પાંચમા અને ચૌદમા

સુધારામાં સમાવિષ્ટ છે. ડૉ. બી. આર. આંબેડકરની અધ્યક્ષતાવાળી ડ્રાફ્ટિંગ કમિટી દ્વારા તૈયાર કરવામાં આવેલા મુસદ્દા બંધારણમાં એવી અસરવાળી 'ડ્યૂ પ્રોસેસ' કલમ સમાવિષ્ટ હતી કે 'ન તો કોઈ રાજ્ય કોઈપણ વ્યક્તિને કાયદાની યોગ્ય પ્રક્રિયા વિના જીવન, સ્વતંત્રતા અને સંપત્તિથી વંચિત કરશે'. મૂળ રીતે તૈયાર કરવામાં આવેલી આ કલમ બંધારણ સભામાં ત્રણ મહત્વપૂર્ણ ફેરફારોને આધીન હતી. પ્રથમ, મુસદ્દા બંધારણની ઉપરોક્ત કલમમાંથી સંપત્તિનો સંદર્ભ કાઢી નાખવામાં આવ્યો હતો. બંધારણ સભાના સભ્યોએ એવું માન્યું હતું કે ડ્યૂ પ્રોસેસ કલમના ભાગરૂપે સંપત્તિના અધિકારને જાળવી રાખવાથી ખાસ કરીને સંપત્તિના પુનઃવિતરણ સાથે ધારાકીય સુધારા માટે ગંભીર અવરોધ ઊભો થશે. બીજો મહત્વનો ફેરફાર શ્રી બી. એન. રાઉની યુ.એસ. માં ન્યાયમૂર્તિ ફેલિક્સ ફ્રેન્કફર્ટર સાથે થયેલી મુલાકાતમાંથી ઉદ્ભવ્યો હતો. યુ.એસ. માં ખાસ કરીને ગ્રેટ ડિપ્રેશનની આસપાસના વર્ષોમાં, અમેરિકન અદાલતોએ સામાજિક કલ્યાણના કાયદાઓને અમાન્ય કરવા માટે ડ્યૂ પ્રોસેસ કલમનો ઉપયોગ કર્યો હતો. લોકનર યુગમાં[353], યુ.એસ. સુપ્રિમ કોર્ટે એવા કાયદાઓને અમાન્ય ઠેરવ્યા હતા જેમ કે નોકરીદાતાઓ તેમના કર્મચારીઓ પાસે દિવસમાં દસ કલાક અથવા અઠવાડિયામાં સાઠ કલાકથી વધુ કામ કરાવવા પર પ્રતિબંધ મૂકતા હોય, એ ધારણા પર કે આ કરારની સ્વતંત્રતાનું ઉલ્લંઘન કરે છે.૧૮૯૯ અને ૧૯૩૭ વચ્ચે (નાગરિક અધિકારોના કેસોને બાદ કરતાં), ૧૫૯ યુ.એસ. સુપ્રિમ કોર્ટના નિર્ણયોએ ડ્યૂ પ્રોસેસ અને સમાન સંરક્ષણ કલમો હેઠળ રાજ્યના કાયદાઓને

[353] લોકનર વિ. ન્યૂ યોર્ક, ૧૯૮ યુ.એસ. ૪૫ (૧૯૦૫).

ગેરબંધારણીય ઠેરવ્યા હતા. તદુપરાંત, અમેરિકન બંધારણની અન્ય જોગવાઈઓ સાથે ડ્યૂ પ્રોસેસ કલમ હેઠળ અન્ય ૨૫ કાયદાઓ રદ કરવામાં આવ્યા હતા.[354] ડ્યૂ પ્રોસેસ કલમ હેઠળ, યુ.એસ. સુપ્રિમ કોર્ટે યુનિયન પ્રવૃત્તિ સામે ભેદભાવ રાખવા પર નોકરીદાતાઓ પર પ્રતિબંધ મૂકતા કાયદા; વેતનનું નિયમન; ચીજવસ્તુઓ અને સેવાઓ માટેના ભાવોનું નિયમન; અને વ્યવસાયમાં પ્રવેશ પર પ્રતિબંધ મૂકતા કાયદાઓને રદ કર્યા હતા.[355] આ નિર્ણયો આખરે ૧૯૩૭ માં અને તે પછી અલગ પાડવામાં આવ્યા અથવા રદબાતલ (ઓવરરૂલ્ડ) કરવામાં આવ્યા હતા.[356]

૧૬૦. આ પૃષ્ઠભૂમિમાં બંધારણ સભાએ 'સ્વતંત્રતા' (લિબર્ટી) શબ્દ સાથે 'વ્યક્તિગત' (પર્સનલ) શબ્દ જોડીને મૂળ મુસદ્દામાં બીજો મહત્વનો ફેરફાર કર્યો હતો. શ્રી બી. એન. રાઉએ એવું સૂચન કર્યું હતું કે જો આ વિશેષણ દાખલ કરવામાં ન આવે, તો ભાવ નિયંત્રણના કાયદાનું પણ વેચનાર અને ખરીદનાર વચ્ચેના કરારની તકમાં દખલ કરવા તરીકે અર્થઘટન થઈ શકે છે (આ સંદર્ભમાં જુઓ બી. શિવા રાવનું 'ધ ફ્રેમિંગ ઓફ ઇન્ડિયાઝ કોન્સ્ટીટ્યુશન: અ સ્ટડી').[357]

---

[354] વિલિયમ બી. લોકહાર્ટ, એટ અલ., કોન્સ્ટીટ્યુશનલ લૉ: કેસીસ - કમેન્ટ્સ - ક્વેશ્ચન્સ, વેસ્ટ પબ્લિશિંગ કંપની (૧૯૮૬), ૬ઠ્ઠી આવૃત્તિ, પૃષ્ઠ ૩૯૪ પર.

[355] અડેર વિ. યુનાઇટેડ સ્ટેટ્સ, ૨૦૮ યુ.એસ. ૧૬૧ (૧૯૦૮); એડકિન્સ વિ. ચિલ્ડ્રન્સ હોસ્પિટલ, ૨૬૧ યુ.એસ. ૫૨૫ (૧૯૨૩); ટાયસન એન્ડ બ્રો. વિ. બેન્ટન, ૨૭૩ યુ.એસ. ૪૧૮ (૧૯૨૭); અને ન્યૂ સ્ટેટ આઇસ કંપની વિ. લિબમેન, ૨૮૫ યુ.એસ. ૨૬૨ (૧૯૩૨).

[356] એન.એલ.આર.બી. વિ. જોન્સ એન્ડ લાફલીન સ્ટીલ કોર્પ. (૧૯૩૭); વેસ્ટ કોસ્ટ હોટેલ કંપની વિ. પેરિશ, ૩૦૦ યુ.એસ. ૩૭૯ (૧૯૩૭).

[357] બી. શિવા રાવ, ધ ફ્રેમિંગ ઓફ ઇન્ડિયાઝ કોન્સ્ટીટ્યુશન: અ સ્ટડી, ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન (૧૯૬૮), પૃષ્ઠ ૨૩૫. જુઓ બી. શિવા રાવ, ધ ફ્રેમિંગ ઓફ ઇન્ડિયાઝ કોન્સ્ટીટ્યુશન, વોલ્યુમ ૨, પૃષ્ઠ ૨૦-૩૬, ૧૪૭-૧૫૩ પણ.

૧૬૧. બંધારણ સભા દ્વારા કરવામાં આવેલો ત્રીજો મોટો ફેરફાર એ હતો કે મુસદ્દા બંધારણના લખાણમાંથી 'કાયદાની યોગ્ય પ્રક્રિયા' (ડ્યૂ પ્રોસેસ ઓફ લૉ) શબ્દપ્રયોગ કાઢી નાખવામાં આવ્યો હતો. શ્રી બી. એન. રાઉની ન્યાયમૂર્તિ ફ્રેન્કફર્ટર સાથેની મુલાકાત પછી, ડ્રાફ્ટિંગ કમિટીએ 'કાયદાની યોગ્ય પ્રક્રિયા' શબ્દપ્રયોગ કાઢી નાખ્યો અને તેના સ્થાને 'કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયા' શબ્દપ્રયોગ મૂક્યો. ગ્રેનવિલે ઓસ્ટિન, ભારતીય બંધારણ પરના તેમના મહાન ગ્રંથમાં[358], આ પ્રક્રિયાનો અહેવાલ આપે છે:

> "તે પછી તરત જ, રાઉએ બંધારણના ઘડતર અંગે ન્યાયાધીશો, બંધારણવિદો અને રાજનેતાઓ સાથે ચર્ચા કરવા યુનાઇટેડ સ્ટેટ્સ, કેનેડા, આયર્લેન્ડ અને ઇંગ્લેન્ડનો પ્રવાસ શરૂ કર્યો. યુનાઇટેડ સ્ટેટ્સમાં તેઓ સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ ફેલિક્સ ફ્રેન્કફર્ટરને મળ્યા, જેમણે તેમને જણાવ્યું કે તેઓ ડ્યૂ પ્રોસેસ કલમમાં અંતર્ગત રહેલી ન્યાયિક સમીક્ષાની સત્તાને અલોકશાહી - કારણ કે થોડા ન્યાયાધીશો રાષ્ટ્રના પ્રતિનિધિઓ દ્વારા ઘડવામાં આવેલા કાયદા પર વીટો કરી શકે છે - અને ન્યાયતંત્ર પર બોજારૂપ બંને માનતા હતા. ફ્રેન્કફર્ટર હાર્વર્ડ લૉ સ્કૂલના મહાન બંધારણીય ન્યાયશાસ્ત્રી જેમ્સ બ્રેડલી થાયરથી પ્રબળપણે પ્રભાવિત હતા, જેમને એવો પણ ડર હતો કે ધારાકીય ચૂક અથવા ગેરવર્તણૂક સામે રક્ષણ તરીકે ડ્યૂ પ્રોસેસ પર વધુ પડતો આધાર લોકશાહી પ્રક્રિયાને નબળી પાડી શકે

[358] ગ્રેનવિલે ઓસ્ટિન, ધ ઇન્ડિયન કોન્સ્ટીટ્યુશન: કોર્નરસ્ટોન ઓફ અ નેશન, ઓક્સફોર્ડ યુનિવર્સિટી પ્રેસ (૧૯૬૬), પૃષ્ઠ ૧૦૩ પર.

છે. થાયરના વિચારોએ રાઉ ફ્રેન્કફર્ટરને મળ્યા તે પહેલાં પણ તેમને પ્રભાવિત કર્યા હતા. તેમના કોન્સ્ટીટ્યુશનલ પ્રેસિડેન્ટ્સમાં, રાઉએ નિર્દેશ કર્યો હતો કે થાયર અને અન્ય લોકોએ 'લોકોના પ્રતિનિધિઓની ભૂલો સામે રક્ષણ મેળવવા માટે - અનુભવના પાઠોના બદલે - સુપ્રિમ કોર્ટમાં શોધવાનો પ્રયાસ કરવાના જોખમો તરફ ધ્યાન દોર્યું હતું'."

જોકે બંધારણ સભાના ઘણા સભ્યોએ આ બાબત કાઢી નાખવાની વિરુદ્ધમાં રજૂઆત કરી હતી, સર અલ્લાદી કૃષ્ણસ્વામી અય્યરે આ પગલાંને એ આધાર પર સમર્થન આપ્યું હતું કે 'ડ્યૂ પ્રોસેસ' શબ્દપ્રયોગ તમામ સામાજિક કાયદાઓ માટે એક મોટો અવરોધ બનશે અને "કાયદાના ઘડતરમાં ન્યાયિક મનસ્વીતાઓ દાખલ કરશે"[359]. તેમના શબ્દોમાં[360]:

"...'ડ્યૂ પ્રોસેસ' સિદ્ધાંતના વિકાસમાં યુનાઇટેડ સ્ટેટ્સ સુપ્રિમ કોર્ટે સહેજ પણ સુસંગત અભિગમ અપનાવ્યો નથી અને તેના નિર્ણયો પરસ્પર વિરોધાભાસી છે...

લઘુત્તમ વેતન કાયદો અથવા રોજગાર પરના નિયંત્રણને કેટલાક કેસોમાં યુનાઇટેડ સ્ટેટ્સ સુપ્રિમ કોર્ટે તેના અગાઉના નિર્ણયોમાં વ્યક્તિગત સ્વતંત્રતા અને આઝાદી પર આક્રમણ માન્યું છે, સિદ્ધાંત એવો હતો કે વ્યક્તિગત સ્વતંત્રતાનો તે એક આવશ્યક ભાગ છે કે વિશ્વની દરેક

[359] કોન્સ્ટીટ્યુઅન્ટ એસેમ્બલી ડિબેટ્સ, વોલ્યુમ ૭ (૬ ડિસેમ્બર ૧૯૪૮).
[360] સદર, પૃષ્ઠ ૮૫૩-૮૫૪ પર.

વ્યક્તિ, ભલે તે સ્ત્રી હોય, ભલે તે ચૌદ વર્ષથી વધુ ઉંમરનું બાળક હોય કે ભલે તે મજૂર હોય, તેને પોતાની પસંદગી મુજબ કોઈપણ કરાર કરવાનો અધિકાર છે અને તે સ્વતંત્રતામાં દખલ કરવાનો અન્ય લોકોનો કોઈ અધિકાર નથી. તે આધાર પર, સુપ્રિમ કોર્ટના અગાઉના નિર્ણયોમાં ઠેરવવામાં આવ્યું છે કે લઘુત્તમ વેતન કાયદાઓ વ્યક્તિગત સ્વતંત્રતા પર આક્રમણ કરતા હોવાથી અમાન્ય છે...

આ કલમ તમામ સામાજિક કાયદાઓ માટે અને સ્ત્રીઓના રક્ષણ માટે એક મોટા અવરોધ તરીકે કામ કરી શકે છે...

હું વિશ્વાસ રાખું છું કે આ સભા કોઈ નિર્ણય પર પહોંચતા પહેલાં આ પ્રશ્નના વિવિધ પાસાઓ, ભારતની ભાવિ પ્રગતિ, રાજ્યોની સુખાકારી અને સુરક્ષા, ન્યૂનતમ સ્વતંત્રતા જાળવવાની જરૂરિયાત, સામાજિક નિયંત્રણ અને વ્યક્તિગત સ્વતંત્રતાના સંકલનની જરૂરિયાતને ધ્યાનમાં લેશે. એક બાબત પણ ધ્યાનમાં લેવી પડશે, અર્થાત્ કે, રાજ્યની સુરક્ષા એટલી સુરક્ષિત નથી જેટલી આપણે હાલમાં કલ્પના કરી રહ્યા છીએ..."

બીજી બાજુ, બંધારણ સભાના ઘણા સભ્યોએ 'ડ્યૂ પ્રોસેસ' શબ્દપ્રયોગ જાળવી રાખવાનું પસંદ કર્યું હતું, જેમાં ડૉ. સીતારામૈયા, ટી. ટી. કૃષ્ણમાચારી, કે. સંથાનમ, એમ. એ. અય્યંગાર, ડૉ. બી. વી. કેસકર, એસ. એલ. સક્સેના, ઠાકુર

દાસ ભાર્ગવ, હુકમ સિંઘ અને મુસ્લિમ લીગના ચાર સભ્યોનો સમાવેશ થતો હતો.[361] કે. એમ. મુનશીએ જણાવ્યું હતું કે[362]:

> "...ડ્યૂ પ્રોસેસનું મૂળભૂત અર્થઘટન કરારની સ્વતંત્રતા પર લાગુ થઈ શકે નહીં - જે આધાર પર યુનાઈટેડ સ્ટેટ્સ સુપ્રિમ કોર્ટે સદીની શરૂઆતમાં કેટલાક સામાજિક કાયદાઓને ડ્યૂ પ્રોસેસનું ઉલ્લંઘન ગણાવીને ગેરબંધારણીય જાહેર કર્યા હતા - પરંતુ તે માત્ર વ્યક્તિની સ્વતંત્રતા પર જ લાગુ થઈ શકે છે, કારણ કે સ્વતંત્રતાને વિશિષ્ટ બનાવવા માટે 'વ્યક્તિગત' શબ્દ ઉમેરવામાં આવ્યો હતો. મુનશીએ જણાવ્યું હતું કે, 'જ્યારે કોઈ કાયદો પસાર કરવામાં આવે જે સરકારને વ્યક્તિની વ્યક્તિગત સ્વતંત્રતા છીનવી લેવાનો અધિકાર આપે છે, ત્યારે અદાલત એ વિચારણા કરશે કે જે કાયદો પસાર કરવામાં આવ્યો છે તે કેસની તાકીદ દ્વારા જરૂરી છે કે કેમ અને તેથી, જેમ મેં કહ્યું તેમ, વ્યક્તિગત સ્વતંત્રતા અને સામાજિક નિયંત્રણ વચ્ચે સંતુલન સાધવામાં આવશે.' સભાના અન્ય સભ્યો સહમત થયા: તેઓ સામાજિક સુધારણા કાયદા પસાર કરવામાં અવરોધ ઊભો કરવા માંગતા ન હતા, પરંતુ તેઓ મનસ્વી કારોબારી દ્વારા પૂર્વગ્રહયુક્ત પગલાં સામે વ્યક્તિની વ્યક્તિગત સ્વતંત્રતાનું રક્ષણ કરવા માંગતા હતા."

---

[361] ગ્રેનવિલે ઓસ્ટિન (ઉપરોક્ત નોંધ ૩૫૮), પૃષ્ઠ ૧૦૫ પર.

[362] સદર, પૃષ્ઠ ૧૦૫-૧૦૬ પર.

ડૉ. બી. આર. આંબેડકરે એક સૂક્ષ્મ નિરીક્ષણમાં, વિરોધી દ્રષ્ટિકોણના ગુણદોષ નિષ્પક્ષપણે રજૂ કર્યા હતા. તેમના શબ્દોમાં[363]:

> "આ મુદ્દા પર બે મંતવ્યો છે. એક મંતવ્ય એવું છે કે; ધારાસભા પર એવો કોઈ કાયદો ન બનાવવાનો વિશ્વાસ મૂકી શકાય છે જે માણસના મૂળભૂત અધિકારોને રદ કરે, એમ કહી શકાય કે, તે મૂળભૂત અધિકારો જે દરેક વ્યક્તિ પર લાગુ થાય છે, અને પરિણામે, 'ડ્યૂ પ્રોસેસ' શબ્દપ્રયોગ દાખલ કરવાથી કોઈ ભય ઊભો થતો નથી. બીજું મંતવ્ય એવું છે કે: ધારાસભા પર વિશ્વાસ મૂકવો શક્ય નથી; ધારાસભા ભૂલ કરવા માટે સંભવિત છે, આવેગ દ્વારા, પક્ષપાતી પૂર્વગ્રહ દ્વારા, પક્ષના હિતો દ્વારા ગેરમાર્ગે દોરાઈ જવાની શક્યતા છે, અને ધારાસભા એવો કાયદો બનાવી શકે છે જે નાગરિકના વ્યક્તિગત અધિકારોનું રક્ષણ કરતા મૂળભૂત સિદ્ધાંતો ગણાતા અધિકારોને રદ કરી શકે છે. તેથી આપણે બે મુશ્કેલ પરિસ્થિતિઓમાં મુકાયા છીએ. એક તો ન્યાયતંત્રને ધારાસભાની ઈચ્છા પર ન્યાય તોળવાની અને મૂળભૂત સિદ્ધાંતો સાથે સુસંગત સારો કાયદો ન હોવાના આધાર પર ધારાસભા દ્વારા બનાવેલા કાયદા પર પ્રશ્ન ઉઠાવવાની સત્તા આપવી. શું તે એક ઈચ્છનીય સિદ્ધાંત છે? બીજી સ્થિતિ એ છે કે ધારાસભા પર ખરાબ કાયદા ન બનાવવાનો વિશ્વાસ મૂકવો જોઈએ. કોઈ ચોક્કસ નિષ્કર્ષ પર આવવું ખૂબ મુશ્કેલ છે. બંને બાજુ જોખમો રહેલા છે. વ્યક્તિગત રીતે હું એ શક્યતાને સંપૂર્ણપણે નકારી શકતો નથી કે પક્ષના

[363] કોન્સ્ટીટ્યુઅન્ટ એસેમ્બલી ડિબેટ્સ, વોલ્યુમ ૭ (૧૩ ડિસેમ્બર ૧૯૪૮).

માણસોથી ભરેલી ધારાસભા એવા કાયદા બનાવે જે વ્યક્તિના જીવન અને સ્વતંત્રતાને અસર કરતા અમુક મૂળભૂત સિદ્ધાંતો ગણાતા અધિકારોને રદ કરે અથવા તેનું ઉલ્લંઘન કરે. તે જ સમયે, ફેડરલ અથવા સુપ્રિમ કોર્ટમાં બેઠેલા પાંચ કે છ સજ્જનો ધારાસભા દ્વારા બનાવેલા કાયદાઓની તપાસ કરે અને તેમના પોતાના વ્યક્તિગત અંતરાત્મા અથવા તેમના પૂર્વગ્રહોના આધારે કયો કાયદો સારો છે અને કયો કાયદો ખરાબ છે તે નક્કી કરવા માટે તેમના પર વિશ્વાસ કેવી રીતે મૂકી શકાય તે હું જોઈ શકતો નથી. આ તેના બદલે એવો કિસ્સો છે જ્યાં માણસે કેરીબડિસ અને સિલા વચ્ચે સફર કરવી પડે છે અને તેથી હું કંઈ કહીશ નહીં. હું આ સભા પર છોડી દઈશ કે તે જે રીતે ઈચ્છે તે રીતે નિર્ણય કરે."

'ડ્યૂ પ્રોસેસ' પુનઃ દાખલ કરવા માટે કેટલાક સભ્યો દ્વારા રજૂ કરવામાં આવેલા સુધારાઓ ૧૩ ડિસેમ્બર ૧૯૪૮ ના રોજ નકારી કાઢવામાં આવ્યા હતા અને મૂળ મુસદ્દા બંધારણમાંથી "કાયદાની યોગ્ય પ્રક્રિયા" (ડ્યૂ પ્રોસેસ ઓફ લૉ) શબ્દપ્રયોગ કાઢી નાખવામાં આવ્યો હતો. જોકે, કેટલાક સુરક્ષાત્મક ઉપાયો સમાવિષ્ટ કરીને મનસ્વી ધરપકડ અને અટકાયત સામે રક્ષણ આપવા માટે બંધારણમાં અનુચ્છેદ ૨૨ દાખલ કરવામાં આવ્યો હતો.

૧૬૨. ગોપાલનમાં, પ્રિવેન્ટિવ ડિટન્શન એક્ટ, ૧૯૫૦ ને એ આધાર પર પડકારવામાં આવ્યો હતો કે તેણે મનસ્વી અટકાયત સામે મહત્વપૂર્ણ પ્રક્રિયાગત સુરક્ષાત્મક ઉપાયોનો ઇનકાર કર્યો હતો. બહુમતીએ એવી દલીલને નકારી કાઢી

હતી કે 'કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયા' શબ્દપ્રયોગનો અર્થ પ્રોસિજરલ ડ્યૂ પ્રોસેસ થાય છે. મુખ્ય ન્યાયમૂર્તિ કાનિયાએ નોંધ્યું હતું કે આપણા બંધારણના અનુચ્છેદ ૨૧ ને મુસદ્દાકારો દ્વારા સભાનપણે એ રીતે તૈયાર કરવામાં આવ્યો હતો જેથી અમેરિકન બંધારણમાં વપરાયેલા 'ડ્યૂ પ્રોસેસ' શબ્દનો ઉપયોગ ન થાય. ન્યાયમૂર્તિ પતંજલિ શાસ્ત્રીએ નોંધ્યું હતું કે બંધારણ સભા દ્વારા 'ડ્યૂ' શબ્દ કાઢી નાખવાનો ઉદ્દેશ એ સુનિશ્ચિત કરવાનો હતો કે ભારતમાં અદાલતો પાસે ન્યાયિક સમીક્ષાની એવી સત્તા ન હોય જે યુનાઈટેડ સ્ટેટ્સની સુપ્રિમ કોર્ટ દ્વારા વાપરવામાં આવતી હતી. ન્યાયમૂર્તિ દાસે પણ અવલોકન કર્યું હતું કે બંધારણ સભાએ જાણીજોઈને 'ડ્યૂ પ્રોસેસ' શબ્દોને બાકાત રાખ્યા હતા અને ઘડવૈયાઓએ જેને સ્પષ્ટપણે નકારી કાઢ્યા હતા તેને અદાલતો અનુચ્છેદ ૨૧ માં લાવી શકતી નથી.

૧૬૩. પોતાના વિખ્યાત અસંમતિના ચુકાદામાં, ન્યાયમૂર્તિ ફઝલ અલીએ નિર્દેશ કર્યો હતો કે 'કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયા' શબ્દપ્રયોગ જાપાની બંધારણમાંથી લેવામાં આવ્યો હતો (જે બીજા વિશ્વયુદ્ધના અંતે અમેરિકન પ્રભાવ હેઠળ તૈયાર કરવામાં આવ્યો હતો) અને તેથી આ શબ્દપ્રયોગનો અર્થ 'પ્રોસિજરલ ડ્યૂ પ્રોસેસ' થાય છે. ન્યાયમૂર્તિ ફઝલ અલીના મતે અનુચ્છેદ ૨૧ હેઠળ જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાથી વંચિત કરવા પહેલાં (૧) નોટિસ; (૨) સુનાવણીની તક; (૩) નિષ્પક્ષ ટ્રિબ્યુનલ દ્વારા નિર્ણય; અને (૪) પ્રક્રિયાનો વ્યવસ્થિત માર્ગ

હોવો આવશ્યક હતો. આ ચાર સિદ્ધાંતોનું સૂત્રીકરણ કરતા, ન્યાયમૂર્તિ ફઝલ અલીએ નીચે મુજબ ઠેરવ્યું:

> "...અનુચ્છેદ ૨૧ જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાનું રક્ષણ કરવાનો હેતુ ધરાવે છે, અને જો ચર્ચા હેઠળ રહેલા કાયદાના પ્રારંભિક સિદ્ધાંતને, જે હાલ્સબરીના જણાવ્યા મુજબ મૂળભૂત અધિકારોની સમકક્ષ છે, અવગણવામાં આવે અને બાકાત રાખવામાં આવે તો તે એક અનિશ્ચિત રક્ષણ અને મેળવવા યોગ્ય ન હોય તેવું રક્ષણ બની રહેશે. પોતાની દલીલો દરમિયાન, અરજદારના વિદ્વાન વકીલે વારંવાર પૂછ્યું કે શું બંધારણ એવો કાયદો ઘડવાની મંજૂરી આપશે, જે હાલના કાયદા દ્વારા મંજૂર ટ્રાયલની પદ્ધતિને નાબૂદ કરે અને યુદ્ધ દ્વારા ટ્રાયલ અથવા અગ્નિપરીક્ષા (ટ્રાયલ બાય ઓર્ડિલ) ની પ્રક્રિયા સ્થાપિત કરે જે ઇંગ્લેન્ડમાં પ્રાચીન સમયમાં પ્રચલિત હતી. આ પ્રશ્ન એવી બાબતની કલ્પના કરે છે જે બનવાની શક્યતા નથી, પરંતુ તે એક કાનૂની સમસ્યા ઊભી કરે છે જેનો સામનો કદાચ આ રીતે જ થઈ શકે છે કે જો "કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયા" શબ્દપ્રયોગનો અર્થ માત્ર કાયદા દ્વારા સ્થાપિત અથવા ઘડવામાં આવેલી કોઈપણ પ્રક્રિયા હોય તો પ્રશ્નનો નકારાત્મક જવાબ આપવો મુશ્કેલ બનશે, પરંતુ જો "કાયદો" શબ્દમાં તે બાબતનો સમાવેશ થતો હોય જે મેં દર્શાવવાનો પ્રયાસ કર્યો છે, તો આવો જવાબ વાજબી ઠરી શકે છે. મને એવું લાગે છે કે તે સિદ્ધાંતમાં કશું ક્રાંતિકારી નથી કે "કાયદા દ્વારા સ્થાપિત

પ્રક્રિયા" શબ્દોમાં પ્રોફેસર વિલિસના પુસ્તકમાં નિર્ધારિત ચાર સિદ્ધાંતોનો સમાવેશ થવો જોઈએ, જે, જેમ મેં અગાઉ જણાવ્યું છે તેમ, એક જ સિદ્ધાંતના વિવિધ પાસાઓ છે અને જેમાં કોઈ અસ્પષ્ટતા કે અનિશ્ચિતતા નથી. આ સિદ્ધાંતો, જેમ વિદ્વાન લેખક નિર્દેશ કરે છે અને સત્તામંડળો દર્શાવે છે તેમ, સંપૂર્ણપણે જડ સિદ્ધાંતો નથી પરંતુ અમુક મર્યાદાઓમાં દરેક કેસના સંજોગોને અનુરૂપ બનાવી શકાય તેવા છે. મારે માત્ર એટલું જ ઉમેરવાનું છે કે આ અનુચ્છેદમાં "કાયદો" નો અર્થ માન્ય કાયદો થાય છે અને "પ્રક્રિયા" નો અર્થ કાર્યવાહીના અમુક ચોક્કસ નિયમો થાય છે અને માત્ર પ્રક્રિયાનો ઢોંગ હોય તેવી કોઈ બાબત નહીં, તે અંગે ગંભીર વિવાદ થયો નથી."[364]

મેનકામાં, જ્યાં કારણો દર્શાવ્યા વિના અરજદારનો પાસપોર્ટ જપ્ત કરવામાં આવ્યો હતો, ન્યાયાધીશોની બહુમતીએ શોધી કાઢ્યું હતું કે 'કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયા' શબ્દપ્રયોગનો અર્થ ગમે તેટલી મનસ્વી અથવા કાલ્પનિક કોઈપણ પ્રક્રિયા થતો નથી. પ્રક્રિયા ન્યાયી, ઉચિત અને વાજબી હોવી જોઈએ. ન્યાયમૂર્તિઓ ચંદ્રચુડ, ભગવતી અને કૃષ્ણા ઐયરના મંતવ્યો નીચેના સંક્ષિપ્ત અંશોમાંથી પ્રગટ થાય છે:

"ન્યાયમૂર્તિ ચંદ્રચુડ:

[364] ગોપાલન (ઉપરોક્ત નોંધ 3), પૃષ્ઠ ૬૦-૬૧ (પેરા ૭૭) પર.

...પરંતુ માત્ર કોઈ પ્રકારની પ્રક્રિયા નક્કી કરવાથી અનુચ્છેદ ૨૧ ના આદેશનું પાલન ક્યારેય થઈ શકતું નથી. કાયદા દ્વારા નિર્ધારિત પ્રક્રિયા ન્યાયી, ઉચિત અને વાજબી હોવી જોઈએ, કાલ્પનિક, જુલમી કે મનસ્વી નહીં."[365]

"ન્યાયમૂર્તિ ભગવતી:

વાજબીપણાનો સિદ્ધાંત, જે કાનૂની તેમજ દાર્શનિક રીતે, સમાનતા અથવા બિન-મનસ્વીપણાનું આવશ્યક તત્વ છે, તે અનુચ્છેદ ૧૪ માં એક સર્વવ્યાપી હાજરીની જેમ વ્યાપ્ત છે અને અનુચ્છેદ ૨૧ દ્વારા ધ્યાનમાં લેવાયેલી પ્રક્રિયા અનુચ્છેદ ૧૪ સાથે સુસંગત રહેવા માટે વાજબીપણાની કસોટી સંતોષતી હોવી જોઈએ. તે 'યોગ્ય અને ન્યાયી અને ઉચિત' હોવી જોઈએ અને મનસ્વી, કાલ્પનિક કે જુલમી નહીં; અન્યથા, તે કોઈ પ્રક્રિયા જ રહેશે નહીં અને અનુચ્છેદ ૨૧ ની આવશ્યકતા સંતોષાશે નહીં."[366]

"ન્યાયમૂર્તિ કૃષ્ણા ઐયર:

...તેથી મને ખાતરી છે કે કોઈપણ ઔપચારિક પ્રક્રિયાગત કાયદા પર આધાર રાખીને અનુચ્છેદ ૨૧ ને નિષ્ફળ બનાવવો, પછી ભલે તેની જોગવાઈઓ ગમે તેટલી નબળી કે કાલ્પનિક હોય, તે બંધારણ જેને અમૂલ્ય ગણે છે તેને છીનવી લેવા સમાન છે. ...

[365] મેનકા (ઉપરોક્ત નોંધ ૫), પૃષ્ઠ ૩૨૩ (પેરા ૪૮) પર.
[366] સદર, પૃષ્ઠ ૨૮૪ (પેરા ૭) પર.

સારાંશમાં કહીએ તો, અનુચ્છેદ ૨૧ માં "પ્રક્રિયા" નો અર્થ ન્યાયી પ્રક્રિયા થાય છે, માત્ર ઔપચારિક પ્રક્રિયા નહીં. "કાયદો" એટલે વાજબી કાયદો, કોઈપણ ઘડાયેલો ટુકડો નહીં."[367]

મેનકાના નિર્ણય પછી તરત જ, સુપ્રિમ કોર્ટે ધ પ્રિઝન્સ એક્ટ, ૧૮૯૪ ની કલમ ૩૦(૨) હેઠળ એકાંત કેદની જોગવાઈઓ સામેના પડકાર પર વિચાર કર્યો, જે એવી શરત મૂકતી હતી કે "મૃત્યુદંડની સજા પામેલા" કેદીને અન્ય કેદીઓથી અલગ સેલમાં રાખવામાં આવે. સુનિલ બત્રા વિ. દિલ્હી એડમિનિસ્ટ્રેશન[368] માં, કોર્ટે નિર્દેશ કર્યો કે ધ પીનલ કોડની કલમ ૭૩ અને ૭૪, જેમાં એકાંત કેદના રૂપમાં મૂળ સજા સમાવિષ્ટ છે, તે પડકાર હેઠળ નહોતી. પ્રિઝન્સ એક્ટની કલમ ૩૦(૨) નું એવું અર્થઘટન કરીને તેને મર્યાદિત કરવામાં આવી હતી કે "મૃત્યુદંડની સજા હેઠળ" શબ્દપ્રયોગ માત્ર ત્યારે જ લાગુ થશે જ્યારે દોષિત દ્વારા ઉપાયોની સમગ્ર પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ હોય અને દયા અરજી નકારી કાઢવામાં આવી હોય. બહુમતી વતી બોલતા ન્યાયમૂર્તિ ડી. એ. દેસાઈએ ઠેરવેલ કે:

"...અનુચ્છેદ ૨૧ માં "કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયા" શબ્દપ્રયોગમાં "કાયદો" શબ્દનું અર્થઘટન મેનકા ગાંધીના કેસમાં એવું કરવામાં આવ્યું છે કે કાયદો યોગ્ય, ન્યાયી અને ઉચિત હોવો જોઈએ અને મનસ્વી, કાલ્પનિક કે જુલમી નહીં."[369]

---

[367] સદર, પૃષ્ઠ ૩૩૮ (પેરા ૮૨ અને ૮૫) પર.

[368] (૧૯૭૮) ૪ એસ.સી.સી. ૪૯૪.

[369] સદર, પૃષ્ઠ ૫૭૪-૫૭૫ (પેરા ૨૨૮) પર.

ન્યાયમૂર્તિ કૃષ્ણા અૈયરે એ હકીકતની નોંધ લીધી કે આપણા બંધારણમાં ડ્યૂ પ્રોસેસ કલમ નથી અને અભિપ્રાય આપ્યો કે મેનકાના નિર્ણય પછી, આવી કલમની ગેરહાજરીથી કોઈ ફરક પડશે નહીં:

"...સાચું છે, આપણા બંધારણમાં 'ડ્યૂ પ્રોસેસ' કલમ કે આઠમો સુધારો નથી; પરંતુ, કાયદાની આ શાખામાં, કૂપર અને મેનકા ગાંધી પછી તેનું પરિણામ સમાન છે."[370]

૧૬૪. બચન સિંઘ[371] માં હત્યાના આરોપમાં દોષિત ઠરવા પર મૃત્યુદંડની બંધારણીય માન્યતા સામે મૂળભૂત પડકાર ઉઠાવવામાં આવ્યો હતો. ચુકાદામાં નોંધવામાં આવ્યું હતું:

"૧૩૬. અનુચ્છેદ ૨૧ નીચે મુજબ વંચાય છે:

"કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયા અનુસાર સિવાય કોઈ પણ વ્યક્તિને તેના જીવન અથવા વ્યક્તિગત સ્વાતંત્ર્યથી વંચિત કરી શકાશે નહીં."

જો આ અનુચ્છેદને મેનકા ગાંધીમાં દર્શાવેલા અર્થઘટનાત્મક સિદ્ધાંત અનુસાર વિસ્તૃત કરવામાં આવે, તો તે નીચે મુજબ વંચાશે:

---

[370] સદર, પૃષ્ઠ ૫૧૮ (પેરા ૫૨) પર.

[371] (૧૯૮૦) ૨ એસ.સી.સી. ૬૮૪.

"માન્ય કાયદા દ્વારા સ્થાપિત ન્યાયી, ઉચિત અને વાજબી પ્રક્રિયા અનુસાર સિવાય કોઈ પણ વ્યક્તિને તેના જીવન અથવા વ્યક્તિગત સ્વાતંત્ર્યથી વંચિત કરી શકાશે નહીં." તેના વિપરીત હકારાત્મક સ્વરૂપમાં, વિસ્તૃત અનુચ્છેદ નીચે મુજબ વંચાશે: "માન્ય કાયદા દ્વારા સ્થાપિત ન્યાયી, ઉચિત અને વાજબી પ્રક્રિયા અનુસાર કોઈ વ્યક્તિને તેના જીવન અથવા વ્યક્તિગત સ્વાતંત્ર્યથી વંચિત કરી શકાય છે."[372]

બચન સિંઘ માં વૈધાનિક જોગવાઈની બંધારણીય માન્યતા સામે મૂળભૂત પડકાર સ્પષ્ટપણે સામેલ હતો. બહુમતીએ અનુચ્છેદ ૨૧ હેઠળ બંધારણીય પડકાર પર નિર્ણય આપ્યો અને ઠેરવેલ કે તે મૂળભૂત અથવા પ્રક્રિયાગત અમાન્યતાથી પીડાતો નથી. પોતાના અસંમતિપૂર્ણ ચુકાદામાં[373], ન્યાયમૂર્તિ ભગવતીએ નોંધપાત્ર રીતે અવલોકન કર્યું કે અનુચ્છેદ ૨૧ હેઠળ "પ્રક્રિયા" શબ્દ સમગ્ર પ્રક્રિયાને આવરી લેશે જેના દ્વારા વંચિતતા પ્રભાવિત થાય છે અને તેમાં માત્ર "પ્રક્રિયાગત" જ નહીં પરંતુ કાયદાના મૂળભૂત ભાગનો પણ સમાવેશ થશે. અદાલતના મતે:

"અનુચ્છેદ ૨૧ માં 'પ્રક્રિયા' શબ્દ સમગ્ર પ્રક્રિયાને આવરી લેવા માટે પૂરતો વ્યાપક છે જેના દ્વારા વંચિતતા પ્રભાવિત થાય છે અને તેમાં માત્ર

[372] સદર, પૃષ્ઠ ૭૩૦ (પેરા ૧૩૬) પર.
[373] (૧૯૮૨) ૩ એસ.સી.સી. ૨૪.

પ્રક્રિયાગત જ નહીં પરંતુ કાયદાના મૂળભૂત ભાગનો પણ સમાવેશ થશે."[374]

મિઠ્ઠુ વિ. પંજાબ રાજ્ય[375] ("મિઠ્ઠુ") માં, આ કોર્ટની બંધારણીય બેન્ચે ધ પીનલ કોડની કલમ ૩૦૩ ની માન્યતા પર વિચાર કર્યો, જે આજીવન કેદની સજા ભોગવતી વખતે કોઈ વ્યક્તિ હત્યા કરે ત્યારે ફરજિયાત મૃત્યુદંડની જોગવાઈ કરતી હતી. કલમ ૩૦૩ એ ધ કોડ ઓફ ક્રિમિનલ પ્રોસિજરની કલમ ૨૩૫(૨) અને ૩૫૪(૩) હેઠળના પ્રક્રિયાગત સુરક્ષાત્મક ઉપાયોને બાકાત રાખ્યા હતા, જે હેઠળ આરોપીને સજાના પ્રશ્ન પર સાંભળવો જરૂરી છે અને મૃત્યુદંડ લાદવા માટે "વિશેષ કારણો" રજૂ કરવા જરૂરી છે. ચુકાદા દરમિયાન, મુખ્ય ન્યાયમૂર્તિ ચંદ્રચુડે એવી પરિસ્થિતિઓના ઉદાહરણો દર્શાવ્યા હતા જ્યાં મૂળભૂત કાયદાને અનુચ્છેદ ૧૪ અને ૨૧ ની કસોટી પર પડકારી શકાય. અદાલતના અવલોકનો, જે નીચે ટાંકવામાં આવ્યા છે, તે દર્શાવે છે કે જ્યારે અદાલતે "સબસ્ટેન્ટિવ ડ્યૂ પ્રોસેસ" શબ્દપ્રયોગનો ઉપયોગ કર્યો ન હતો, છતાં તેણે સ્વીકાર્યું હતું કે કાયદો અનુચ્છેદ ૨૧ હેઠળ માત્ર એ આધાર પર જ નહીં કે તે જે પ્રક્રિયા નિર્ધારિત કરે છે તે ન્યાયી, ઉચિત અને વાજબી નથી પરંતુ જંગલી દંડ લાદવાની કસોટી પર અથવા, જેમ અદાલતે ઠેરવ્યું છે તેમ, સભ્ય ન્યાયશાસ્ત્ર માટે અસ્વીકાર્ય છે તે આધાર પર પણ પડકારને પાત્ર બનશે:

---

[374] સદર, પૃષ્ઠ ૫૫ (પેરા ૧૭) પર.

[375] (૧૯૮૩) ૨ એસ.સી.સી. ૨૧૧.

"આ નિર્ણયોએ અનુચ્છેદ ૨૧ ના વ્યાપને નોંધપાત્ર રીતે વિસ્તૃત કર્યો છે અને હવે એવો દાવો કરવાનો સમય વીતી ગયો છે કે પ્રક્રિયા નિર્ધારિત કરવાનું કામ ધારાસભાનું છે અને અદાલતોએ તેને અનુસરવાનું છે; કે સજા નક્કી કરવાનું કામ ધારાસભાનું છે અને અદાલતોએ તે લાદવાની છે. અદાલતો કાયદાના અક્ષરશઃ પાલન દ્વારા કાલ્પનિક પ્રક્રિયા લાગુ કરવા અથવા જંગલી સજા લાદવા માટે બંધાયેલી નથી, અને વાસ્તવમાં મુક્ત નથી તે દર્શાવવાના હેતુથી ઉદાહરણ તરીકે નિઃશંકપણે આત્યંતિક એવા બે કિસ્સાઓ લઈ શકાય છે. આરોપીને સ્વબચાવમાં પુરાવા રજૂ કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં તેવી જોગવાઈ કરતો કાયદો અનુચ્છેદ ૧૪ અને ૨૧ દ્વારા રદબાતલ થશે. તે જ રીતે, જો કોઈ કાયદો એવી જોગવાઈ કરે કે ચોરીના ગુના માટે હાથ કાપવાની સજા થશે, તો તે કાયદો અનુચ્છેદ ૨૧ નું ઉલ્લંઘન કરતો હોવાથી અમાન્ય ગણાશે. જંગલી સજા એ અનુચ્છેદ ૨૧ ના સભ્ય ન્યાયશાસ્ત્ર માટે અસ્વીકાર્ય છે. આ, અલબત્ત, આત્યંતિક ઉદાહરણો છે અને આપણે એવો કોઈ ડર રાખવાની જરૂર નથી કે આપણી ધારાસભાઓ ક્યારેય આવા કાયદા પસાર કરશે. પરંતુ આ ઉદાહરણો એ દર્શાવવા માટે પૂરતા છે કે ન્યાય અને ઔચિત્યના પ્રશ્ન પર અંતિમ શબ્દ ધારાસભા પાસે રહેતો નથી. જે રીતે અનુચ્છેદ ૧૯ ના ખંડ (૨) થી (૬) હેઠળના પ્રતિબંધોની વાજબીતા અદાલતોએ નક્કી કરવાની હોય છે, તેવી જ રીતે કોઈ વ્યક્તિને તેના જીવન અથવા સ્વતંત્રતાથી વંચિત કરવા માટે કાયદા દ્વારા નિર્ધારિત

પ્રક્રિયા ન્યાયી, ઉચિત અને વાજબી છે કે કેમ તે નક્કી કરવાનું કામ પણ અદાલતોનું છે. ત્યારે આપણી સમક્ષ પ્રશ્ન એ ઊભો થાય છે કે શું આજીવન કેદની સજા ભોગવી રહેલી વ્યક્તિ દ્વારા કરવામાં આવેલા હત્યાના ગુના માટે ધ પીનલ કોડની કલમ ૩૦૩ દ્વારા નિર્ધારિત મૃત્યુદંડની સજા એટલી મનસ્વી અને જુલમી છે કે જેથી તે અનુચ્છેદ ૨૧ દ્વારા આપવામાં આવેલા મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન કરે છે."[376](ભારપૂર્વક ઉમેરેલ)

એ. કે. રોય વિ. ભારત સંઘ[377] માં, નિવારક અટકાયતના પ્રશ્ન સાથે કામ કરતી વખતે, આ કોર્ટની બંધારણીય બેન્ચે અનુચ્છેદ ૨૧ માંથી 'કાયદાની યોગ્ય પ્રક્રિયા' (ડ્યૂ પ્રોસેસ ઓફ લૉ) શબ્દપ્રયોગ કાઢી નાખવાના બંધારણ સભાના સભાન નિર્ણયનો ઉલ્લેખ કર્યો હતો. અદાલતે ઠેરવ્યું હતું કે:

"હકીકત એ છે કે ઇંગ્લેન્ડ અને અમેરિકા સામાન્ય સમયમાં નિવારક અટકાયતનો આશરો લેતા નથી તે આપણી બંધારણ સભા જાણતી હતી અને છતાં તેણે નિર્ધારિત હેતુઓ માટે તેના ઉપયોગને મંજૂરી આપીને તેની જોગવાઈ કરવાનું પસંદ કર્યું હતું. લોકોના જીવન અને સ્વાતંત્ર્યને નિયંત્રિત કરવાના સાધન તરીકે નિવારક અટકાયત પ્રત્યેની અન્ય બે જાણીતી લોકશાહીઓનું વલણ નિઃશંકપણે આપણા બંધારણના ઘડતર માટે પ્રસ્તુત હતું. પરંતુ ઘડવૈયાઓએ તેને અપનાવવાનો અને

[376] સદર, પૃષ્ઠ ૨૮૪-૨૮૫ (પેરા ૬) પર.
[377] (૧૯૮૨) ૧ એસ.સી.સી. ૨૭૧.

કાયદેસર બનાવવાનો નિર્ણય કર્યો હોવાથી, આપણે શું સાચું અને શું ખોટું છે તે અંગેની આપણી વિભાવનાઓ દાખલ કરીને તેને ગેરબંધારણીય જાહેર કરી શકીએ નહીં. અનુચ્છેદ ૨૧ ના હેતુઓ માટે કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયાના ઔચિત્ય અને ન્યાયીપણાનો નિર્ણય કરવાની સત્તા એક બાબત છે: તે સત્તા તે અનુચ્છેદની ભાષામાંથી મેળવી શકાય છે. પ્રક્રિયાગત સુરક્ષાત્મક ઉપાયો એ સમાન ન્યાયના સહાયક છે અને વ્યક્તિની સત્તાની તુલનામાં સરકારની સત્તા વિશાળ હોવાથી, વ્યક્તિની સ્વતંત્રતા માત્ર ત્યારે જ સલામત રહી શકે છે જો તેની પાસે એવી બાંયધરી હોય કે તેની સાથે ન્યાયી વર્તન કરવામાં આવશે. કાયદાના ઔચિત્ય પર નિર્ણય કરવાની સત્તા તદ્દન અલગ બાબત છે: તે સત્તા 'ડ્યૂ પ્રોસેસ' જોગવાઈમાંથી ઉદ્ભવે છે જે અમેરિકન બંધારણના પમા અને ૧૪મા સુધારામાં જોવા મળે છે જેના દ્વારા કોઈપણ વ્યક્તિને "કાયદાની યોગ્ય પ્રક્રિયા વિના" જીવન, સ્વતંત્રતા અથવા સંપત્તિથી વંચિત કરી શકાશે નહીં."[378](ભારપૂર્વક ઉમેરેલ)

સરોજ રાની વિ. સુદર્શન કુમાર[379] માં, આ અદાલતે ધ હિન્દુ મેરેજ એક્ટ, ૧૯૫૫ ની કલમ ૯ માં સમાવિષ્ટ દાંપત્ય હકોના પુનઃસ્થાપન (રેસ્ટિટ્યુશન ઓફ કોન્જુગલ રાઇટ્સ) માટેની જોગવાઈની બંધારણીય માન્યતાને બહાલ રાખી હતી. અદાલતે ઠેરવ્યું હતું કે આ જોગવાઈ લગ્નોના ભંગાણને અટકાવવાનો એક

[378] સદર, પૃષ્ઠ ૩૦૧ (પેરા ૩૫) પર.
[379] (૧૯૮૪) ૪ એસ.સી.સી. ૯૦.

સામાજિક હેતુ સિદ્ધ કરે છે અને તેનો મનસ્વી રીતે ઉપયોગ થવા સામે પૂરતા સુરક્ષાત્મક ઉપાયો ધરાવે છે.

મોહમ્મદ આરિફ વિ. સુપ્રિમ કોર્ટ[380] માં, આ અદાલતની બંધારણીય બેન્ચે ઠેરવ્યું હતું કે અનુચ્છેદ ૨૧ ના સંદર્ભમાં "વાજબી પ્રક્રિયા" શબ્દપ્રયોગમાં મૃત્યુદંડમાંથી ઉદ્ભવતી રિવ્યુ પિટિશન્સની મૌખિક સુનાવણીનો સમાવેશ થશે. અનુચ્છેદ ૨૧ ના વિકાસના ઇતિહાસને શોધી કાઢતાં, બંધારણીય બેન્ચમાં બહુમતી વતી બોલતાં ન્યાયમૂર્તિ રોહિન્ટન ફલી નરીમાને નીચે મુજબ અવલોકન કર્યું હતું:

> "ચક્ર સંપૂર્ણપણે ફરી વળ્યું છે. સબસ્ટેન્ટિવ ડ્યૂ પ્રોસેસ હવે જીવન અને સ્વતંત્રતાના મૂળભૂત અધિકાર પર લાગુ કરવાની છે."[381]

વધુ તાજેતરમાં, રાજબાલા વિ. હરિયાણા રાજ્ય[382] માં બે ન્યાયાધીશોની બેન્ચ વતી બોલતા ન્યાયમૂર્તિ ચેલમેશ્વરે એ સ્થિતિ તરફ ધ્યાન દોરીને સાવચેતીનો સૂર ઉચ્ચાર્યો હતો કે બંધારણના ઘડતર પછી ડ્રાફ્ટિંગ પ્રક્રિયામાં 'કાયદાની યોગ્ય પ્રક્રિયા' (ડ્યૂ પ્રોસેસ ઓફ લૉ) શબ્દપ્રયોગ સભાનપણે કાઢી નાખવામાં આવ્યો હતો. તેથી, વિદ્વાન ન્યાયમૂર્તિના મતે, ભારતીય કાયદાની બંધારણીયતાની તપાસ કરતી વખતે યુ.એસ. માં અપનાવવામાં આવેલી

---

[380] (૨૦૧૪) ૯ એસ.સી.સી. ૭૩૭.
[381] સદર, પૃષ્ઠ ૭૫૬ (પેરા ૨૮) પર.
[382] (૨૦૧૬) ૨ એસ.સી.સી. ૪૪૫.

સબસ્ટેન્ટિવ ડ્યૂ પ્રોસેસની વિભાવનાઓને સમાવિષ્ટ કરવી અયોગ્ય રહેશે. અદાલતે અવલોકન કર્યું હતું:

> "મેકડોવેલ એન્ડ કંપની કેસના ઉપરોક્ત અંશ પરથી સ્પષ્ટ થાય છે કે આ દેશમાં અદાલતો કાયદાને એ આધાર પર ગેરબંધારણીય જાહેર કરવાનું કામ કરતી નથી કે કાયદો 'મનસ્વી' છે કારણ કે આવી કવાયત મૂલ્ય નિર્ણય સૂચવે છે અને અદાલતો બંધારણની કેટલીક ચોક્કસ જોગવાઈઓના ડહાપણની તપાસ કરતી નથી. આવી તપાસ હાથ ધરવી એ ભારતીય કાયદાની બંધારણીયતાની તપાસ કરતી વખતે અમેરિકન સુપ્રિમ કોર્ટ દ્વારા અગાઉના સમયે ઉપયોગમાં લેવાયેલા 'સબસ્ટેન્ટિવ ડ્યૂ પ્રોસેસ' ના સિદ્ધાંતને વાસ્તવિક રીતે આયાત કરવા સમાન બનશે. ઉપરોક્ત અંશમાં નિર્દેશ કર્યા મુજબ, યુનાઈટેડ સ્ટેટ્સમાં પણ આ સિદ્ધાંત હાલમાં શંકાસ્પદ કાયદેસરતા ધરાવે છે. આ અદાલતે ઘણા સમય પહેલાં એ. એસ. કૃષ્ણા વિ. સ્ટેટ ઓફ મદ્રાસ [૧૯૫૭ એસ.સી.આર. ૩૯૯] માં જાહેર કર્યું હતું કે ભારતીય બંધારણ હેઠળ ડ્યૂ પ્રોસેસના સિદ્ધાંતનો કોઈ ઉપયોગ નથી. ફ્રેન્કફર્ટર, જે. દ્વારા નિર્દેશ કરાયા મુજબ મનસ્વીતા એક મંત્ર બની ગઈ હતી."[383](ભારપૂર્વક ઉમેરેલ)

અનુચ્છેદ ૨૧ ના મુસદ્દા ઘડતર સાથે સંકળાયેલો બંધારણીય ઈતિહાસ જ્યારે બંધારણ અપનાવવામાં આવ્યું ત્યારે મુસદ્દા બંધારણમાંથી 'કાયદાની

[383] સદર, પૃષ્ઠ ૪૮૧ (પેરા ૬૪) પર.

યોગ્ય પ્રક્રિયા' (ડ્યૂ પ્રોસેસ ઓફ લૉ) શબ્દપ્રયોગ કાઢી નાખવાના બંધારણ સભાના સુવિચારિત અને અધ્યયનપૂર્ણ નિર્ણયનું વિપુલ પ્રતિબિંબ પૂરું પાડે છે. બંધારણ સભામાં, ડૉ. બી. આર. આંબેડકરની અધ્યક્ષતાવાળી ડ્રાફ્ટિંગ કમિટીએ આ વાક્યપ્રયોગનો સમાવેશ કર્યો હતો પરંતુ ડ્યૂ પ્રોસેસ કલમના અર્થઘટન સાથે સંકળાયેલી યુ.એસ. માં નિર્ણય લેવાની પ્રક્રિયાની અનિશ્ચિતતાઓના સાવચેતીપૂર્વકના મૂલ્યાંકન પછી તેને કાઢી નાખવામાં આવ્યો હતો. નોંધપાત્ર રીતે, આપણા બંધારણના ઘડવૈયાઓના મનમાં ડ્યૂ પ્રોસેસ કલમની એરણ પર યુ.એસ. માં સમાજ કલ્યાણ કાયદાઓને અમાન્ય ઠેરવવાની બાબત ઉપસ્થિત હતી. એવી શંકા હતી કે ભારતમાં આવી જોગવાઈ દાખલ કરવાથી બંધારણ દ્વારા કલ્પિત સામાજિક-આર્થિક સુધારાઓમાં અવરોધ ઊભો થશે. તેમ છતાં બંધારણ સભાની ચર્ચાઓ દર્શાવે છે કે ડ્યૂ પ્રોસેસ કલમ કાઢી નાખવા સામે નોંધપાત્ર વિરોધ હતો, જેના કારણે અંતે ડૉ. બી. આર. આંબેડકરે સભા દ્વારા નિર્ણય લેવા માટે પરસ્પર વિરોધી દ્રષ્ટિકોણોનો નિષ્પક્ષ સારાંશ રજૂ કરવો પડ્યો હતો. સ્પષ્ટપણે 'ડ્યૂ પ્રોસેસ' ના સ્થાને 'કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયા' શબ્દપ્રયોગ મૂકવામાં આવ્યો હતો. 'સ્વતંત્રતા' (લિબર્ટી) શબ્દ સાથે 'વ્યક્તિગત' (પર્સનલ) શબ્દ જોડીને તેને મર્યાદિત કરવામાં આવ્યો હતો.

આ બાબત ધ્યાનમાં લીધા પછી, કૂપરના નિર્ણય પછીથી અનુચ્છેદ ૨૧ નો વિકાસ પરિવર્તનના બે મુખ્ય ક્ષેત્રો દર્શાવે છે. પ્રથમ, મૂળભૂત અધિકારોને હવે અલગ રૂમ કે અભેદ્ય કમ્પાર્ટમેન્ટ્સ તરીકે ગણવામાં આવતા નથી. પરિણામે,

અનુચ્છેદ ૧૪ એ અનુચ્છેદ ૨૧ ની સામગ્રીને જીવંત બનાવે છે તેમ ઠેરવવામાં આવ્યું છે. બીજું, અનુચ્છેદ ૨૧ માં 'કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયા' શબ્દપ્રયોગ ઘડાયેલા કાયદામાં માત્ર પ્રક્રિયાની હાજરીની ઔપચારિક આવશ્યકતા સૂચવતો નથી. તે શબ્દપ્રયોગ પ્રક્રિયાની સામગ્રી અને તેની ગુણવત્તા દર્શાવતો હોવાનું ઠેરવવામાં આવ્યું છે જે ન્યાયી, ઉચિત અને વાજબી હોવી જોઈએ. કાયદો જીવન અથવા વ્યક્તિગત સ્વાતંત્ર્યથી વંચિત કરવાની જોગવાઈ કરે છે તે માત્ર હકીકત તેની માન્યતા માટે પર્યાપ્ત નથી અને બંધારણીય રીતે માન્ય રહેવા માટે પ્રક્રિયા ન્યાયી, ઉચિત અને વાજબી હોવી આવશ્યક છે. વાજબીપણાની ગુણવત્તા માત્ર અનુચ્છેદ ૨૧ ના સંદર્ભમાં કાયદો નિર્ધારિત કરે છે તે પ્રક્રિયાની સામગ્રી સાથે જ સંકળાયેલી નથી પરંતુ કાયદાની પોતાની સામગ્રી સાથે પણ જોડાયેલી છે. બીજા શબ્દોમાં કહીએ તો, અનુચ્છેદ ૨૧ ની આવશ્યકતા માત્ર કાયદા હેઠળ ન્યાયી અને વાજબી પ્રક્રિયાના ઘડતર દ્વારા પૂર્ણ થતી નથી અને આવું કરતો કાયદો પણ તે આધાર પર પડકારને પાત્ર બની શકે છે કે તેની સામગ્રી માન્ય કાયદાની આવશ્યકતાઓ સાથે સુસંગત નથી. મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન કરે છે તે આધાર પર કાયદો મૂળભૂત પડકાર માટે ખુલ્લો છે.

મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન થાય છે તે કારણસર કાયદા સામેના મૂળભૂત પડકાર સાથે કામ કરતી વખતે, બંધારણીય અર્થઘટનના સુસ્થાપિત સિદ્ધાંતો છે જે પ્રવર્તે છે. પ્રથમ બંધારણીયતાની ધારણા[384] છે જે એ પાયાના સિદ્ધાંત પર

[384] ચરણજીત લાલ ચૌધરી વિ. ભારત સંઘ, એ.આઈ.આર. ૧૯૫૧ એસ.સી. ૪૧; રામ કૃષ્ણ દાલમિયા વિ. શ્રી જસ્ટિસ એસ. આર. તેંડુલકર, એ.આઈ.આર. ૧૯૫૮ એસ.સી. ૫૩૮; બુર્રાકુર કોલ કંપની લિ. વિ. ભારત સંઘ, એ.આઈ.આર. ૧૯૬૧ એસ.સી. ૯૫૪; પથુમ્મા વિ. કેરળ રાજ્ય, (૧૯૭૦) ૨ એસ.સી.આર. ૫૩૭; આર. કે. ગર્ગ વિ. ભારત સંઘ, (૧૯૮૧) ૪ એસ.સી.સી.

આધારિત છે કે ધારાસભા, જેને કાયદો બનાવવાની ફરજ સોંપવામાં આવી છે, તે સમાજની જરૂરિયાતોને શ્રેષ્ઠ રીતે સમજે છે અને તેણે બંધારણીય મર્યાદાનું ઉલ્લંઘન કર્યું છે તેમ સહેલાઈથી માની લેવામાં આવશે નહીં. બંધારણીય ઉલ્લંઘનનો દાવો કરતી વ્યક્તિ પર તેને સાબિત કરવાનો બોજ રહે છે. બીજું, અદાલતો સામાજિક અને આર્થિક નીતિની બાબતોમાં સાવધાનીપૂર્વક આગળ વધે છે જ્યાં તેમની પાસે મૂલ્યાંકન કરવા માટેની વિશેષ કુશળતાનો સ્પષ્ટ અભાવ હોય છે. નીતિ ઘડતરનું કાર્ય રાજ્યને સોંપવામાં આવ્યું છે.[385]

સત્તાના વિભાજનનો સિદ્ધાંત અદાલતે ધારાસભા પ્રત્યે સન્માન દર્શાવવાની માંગ કરે છે જેની ફરજ કાયદો ઘડવાની અને પસાર કરવાની છે અને કારોબારી પ્રત્યે જેની ફરજ કાયદાનો અમલ કરવાની છે. અદાલત, ન્યાયિક સમીક્ષાના ઉપયોગમાં, કાયદો ઘડતી અથવા કાયદો લાગુ કરતી સંસ્થાઓના વિવેકબુદ્ધિના સ્થાને પોતાના અભિપ્રાયને મૂકશે નહીં. અનુચ્છેદ ૧૯ ના સંદર્ભમાં, વાજબીપણાની કસોટી સ્ટેટ ઓફ મદ્રાસ વિ. વી. જી. રાવ[386] માં મુખ્ય

પર વિચારણા માટે ઊભો થતો પ્રથમ પ્રશ્ન એ છે કે: આ અનુચ્છેદમાં વપરાયેલા 'વ્યક્તિગત સ્વતંત્રતા' શબ્દોનો અર્થ અને સામગ્રી શું છે? આ પ્રશ્ન પ્રાસંગિક રીતે એ. કે. ગોપાલન વિ. મદ્રાસ રાજ્ય (એ.આઈ.આર. ૧૯૫૦ એસ.સી. ૨૭: ૧૯૫૦ એસ.સી.આર. ૮૮) ના કેટલાક ચુકાદાઓમાં ચર્ચા માટે આવ્યો હતો અને પતંજલિ શાસ્ત્રી, જે., મુખર્જી, જે. અને એસ. આર. દાસ, જે. દ્વારા કરવામાં આવેલા અવલોકનોએ 'વ્યક્તિગત સ્વતંત્રતા' શબ્દો પર સંકુચિત અર્થઘટન મૂક્યું હોય તેવું જણાયું હતું જેથી અનુચ્છેદ ૨૧ નું રક્ષણ ગેરકાયદેસર અટકાયત સામે વ્યક્તિની સ્વતંત્રતા સુધી સીમિત રહે. પરંતુ આ મુદ્દા પર કોઈ ચોક્કસ નિર્ણય લેવામાં આવ્યો ન હતો કારણ કે અદાલત સમક્ષનો પ્રશ્ન 'વ્યક્તિગત સ્વતંત્રતા' શબ્દોના અર્થઘટન કરતાં અનુચ્છેદ ૧૯ અને ૨૧ વચ્ચેના આંતરસંબંધનો વધુ હતો. ખરક સિંઘ વિ. ઉત્તર પ્રદેશ રાજ્ય (એ.આઈ.આર. ૧૯૬૩ એસ.સી. ૧૨૯૫: (૧૯૬૪) ૧ એસ.સી.આર. ૩૩૨) માં આ અદાલત સમક્ષ પ્રથમ વખત 'વ્યક્તિગત સ્વતંત્રતા' શબ્દપ્રયોગના યોગ્ય વ્યાપ અને અર્થ અંગેનો પ્રશ્ન સ્પષ્ટપણે વિચારણા માટે આવ્યો હતો. મોટાભાગના ન્યાયાધીશોએ એવો અભિપ્રાય લીધો હતો કે 'વ્યક્તિગત સ્વતંત્રતા' નો ઉપયોગ અનુચ્છેદમાં અનુચ્છેદ ૧૯(૧) ની કેટલીક કલમોમાં દર્શાવેલા અધિકારો સિવાયના માણસની 'વ્યક્તિગત સ્વતંત્રતાઓ' બનાવતા તમામ પ્રકારના અધિકારોને પોતાની અંદર સમાવવા માટેના એક સર્વગ્રાહી શબ્દ તરીકે કરવામાં આવ્યો છે. બીજા શબ્દોમાં કહીએ તો, જ્યારે અનુચ્છેદ ૧૯(૧) તે સ્વતંત્રતાના ચોક્કસ પ્રકારો અથવા લક્ષણો સાથે સંબંધિત છે, ત્યારે અનુચ્છેદ ૨૧ માં 'વ્યક્તિગત સ્વતંત્રતા'

બાકીના અવશેષોને સમાવે છે. લઘુમતી ન્યાયાધીશો, જોકે, બહુમતી દ્વારા લેવામાં આવેલા આ દ્રષ્ટિકોણ સાથે અસંમત થયા અને નીચેના શબ્દોમાં તેમની સ્થિતિ સમજાવી: 'કોઈ શંકા નથી કે "વ્યક્તિગત સ્વતંત્રતા" અભિવ્યક્તિ એક વ્યાપક અભિવ્યક્તિ છે અને મુક્તપણે હલનચલન કરવાનો અધિકાર વ્યક્તિગત સ્વતંત્રતાનું એક લક્ષણ છે. એવું કહેવાય છે કે મુક્તપણે હલનચલન કરવાની સ્વતંત્રતા વ્યક્તિગત સ્વતંત્રતામાંથી બહાર કાઢવામાં આવી છે અને તેથી, અનુચ્છેદ ૨૧ માં "વ્યક્તિગત સ્વતંત્રતા" અભિવ્યક્તિ તે લક્ષણને બાકાત રાખે છે. અમારા મતે, આ સાચો અભિગમ નથી. બંને સ્વતંત્ર મૂળભૂત અધિકારો છે, જોકે ત્યાં ઓવરલેપિંગ છે. એકમાંથી બીજું કાઢી નાખવાનો કોઈ પ્રશ્ન નથી. જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાના મૂળભૂત અધિકારના ઘણા લક્ષણો છે અને તેમાંથી કેટલાક અનુચ્છેદ ૧૯ માં જોવા મળે છે. જો અનુચ્છેદ ૨૧ હેઠળ વ્યક્તિના મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન થાય છે, તો રાજ્ય કાર્યવાહીને ટકાવી રાખવા માટે કાયદા પર આધાર રાખી શકે છે, પરંતુ તે સંપૂર્ણ જવાબ હોઈ શકે નહીં સિવાય કે સદર કાયદો અનુચ્છેદ ૧૯(૧) દ્વારા આવરી લેવાયેલા લક્ષણો સંબંધિત છે ત્યાં સુધી અનુચ્છેદ ૧૯(૨) માં નિર્ધારિત કસોટીને સંતોષે.' આર. સી. કૂપર વિ. ભારત સંઘ [(૧૯૭૦) ૨ એસ.સી.સી. ૨૯૮: (૧૯૭૧) ૧ એસ.સી.આર. ૫૧૨] માં આ કોર્ટના નિર્ણયને ધ્યાનમાં રાખીને કોઈ શંકા હોઈ શકે નહીં કે લઘુમતી દ્રષ્ટિકોણને સાચો માનવો જોઈએ અને બહુમતી દ્રષ્ટિકોણને રદબાતલ ગણવો જોઈએ." (પૃષ્ઠ ૨૭૮-૨૭૯ પર)

૩૯. ખરક સિંઘ (ઉપરોક્ત) માં બહુમતી ચુકાદાએ ત્યારબાદ બંધારણના આમુખનો સંદર્ભ આપ્યો, અને જણાવ્યું કે અનુચ્છેદ ૨૧ માં વ્યક્તિના સંપૂર્ણ વિકાસ અને ઉત્ક્રાંતિને સુનિશ્ચિત કરવાના સાધન તરીકે વ્યક્તિની ગરિમાનું પ્રિય માનવ મૂલ્ય સમાવિષ્ટ છે. ત્યારબાદ વુલ્ફ વિ. કોલોરાડો, ૩૩૮ યુ.એસ. ૨૫ (૧૯૪૯) માંથી એક અંશ ટાંકવામાં આવ્યો હતો જેની અસર એવી હતી કે પોલીસ દ્વારા મનસ્વી ઘૂસણખોરી સામે વ્યક્તિની પ્રાઈવસીની સુરક્ષા મુક્ત સમાજ માટે મૂળભૂત છે. અદાલતે ત્યારબાદ યુ.એસ. ચોથો સુધારો ટાંક્યો જે અવાજબી શોધ અને જપ્તી સામે લોકોના શરીર, ઘરો, કાગળો અને સામાનમાં સુરક્ષિત રહેવાના અધિકારોની બાંહેધરી આપે છે. જોકે ભારતીય બંધારણે સમાન ગેરંટી સ્પષ્ટપણે આપી ન હતી, તેમ છતાં બહુમતીએ ઠેરવેલ કે વ્યક્તિના ઘરમાં કોઈપણ અનધિકૃત ઘૂસણખોરી અંગ્રેજી કોમન લો ના મહત્તમ સિદ્ધાંતનું ઉલ્લંઘન કરશે જે ભારપૂર્વક જણાવે છે કે દરેક માણસનું ઘર તેનો કિલ્લો છે. અનુચ્છેદ ૨૧ ના આ દ્રષ્ટિકોણમાં, રેગ્યુલેશન ૨૩૬(બી) રદબાતલ ઠેરવવામાં આવ્યું હતું.

૪૦. જોકે, રેગ્યુલેશન ૨૩૬ ની પેટા-કલમો (સી), (ડી) અને (ઈ) ને માન્ય રાખતી વખતે, કોર્ટે જણાવ્યું (પૃષ્ઠ ૩૫૧ પર):

"અગાઉ દર્શાવ્યા મુજબ, પ્રાઈવસીનો અધિકાર આપણા બંધારણ હેઠળ ગેરંટી અપાયેલ અધિકાર નથી અને તેથી વ્યક્તિના હલનચલનની ખાતરી કરવાનો પ્રયાસ, જે માત્ર એક એવી રીત છે જેમાં પ્રાઈવસી પર અતિક્રમણ થાય

છે, તે ભાગ ત્રણ દ્વારા બાંહેધરી આપવામાં આવેલા મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન નથી."

આ અંશ થોડો વિચિત્ર છે કારણ કે ઘરની મુલાકાતો સંબંધિત કલમ (બી) ને માત્ર નાગરિકના શરીર સામેના સંયમના અર્થમાં સમજાયેલા પ્રાઈવસીના મૂળભૂત અધિકારના આધારે જ રદ કરવામાં આવી હતી. એવું જણાય છે કે ચુકાદામાં અગાઉનો અંશ જેમાં જણાવાયું હતું કે યુ.એસ. ચોથો સુધારો ભારતીય બંધારણમાં પ્રતિબિંબિત ન થયો હોવા છતાં, વ્યક્તિના ઘરમાં કોઈપણ અનધિકૃત ઘૂસણખોરી, જે પ્રાઈવસીના અધિકારનું એક પાસું સિવાય બીજું કંઈ નથી, તેને બાજુ પર મૂકી દેવામાં આવી હતી.

૪૧. વિચિત્ર રીતે પૂરતું, જે અંશમાં બહુમતીએ ઠેરવ્યું હતું કે પ્રાઈવસીનો અધિકાર આપણા બંધારણ હેઠળ ગેરંટી અપાયેલ અધિકાર નથી તેનો ઉલ્લેખ કર્યા વિના, બહુમતી ચુકાદાને અનુચ્છેદ ૨૧ માં પ્રાઈવસીના મૂળભૂત અધિકારને માન્યતા આપતા હોવાનું માનવામાં આવ્યું છે. (જુઓ: પીપલ્સ યુનિયન ફોર સિવિલ લિબર્ટીઝ વિ. ભારત સંઘ, (૧૯૯૭) ૧ એસ.સી.સી. ૩૦૧ પેરા ૧૪ પર; મિસ્ટર 'એક્સ' વિ. હોસ્પિટલ 'ઝેડ', (૧૯૯૮) ૮ એસ.સી.સી. ૨૯૬ પેરા ૨૧ પર; અને ડિસ્ટ્રિક્ટ રજિસ્ટ્રાર એન્ડ કલેક્ટર, હૈદરાબાદ વિ. કેનેરા બેંક, (૨૦૦૫) ૧ એસ.સી.સી. ૪૯૬ પેરા ૩૬ પર).

૪૨. જો ચુકાદામાં રાત્રિના સમયે ઘરોની મુલાકાતો (ડોમિસિલિયરી વિઝિટ્સ) સાથે કામ પાર પાડતા અને તેને રદબાતલ ઠેરવતા અંશની સરખામણી

ઉપર ટાંકવામાં આવેલ રેગ્યુલેશન ૨૩૬ની અન્ય કલમોને બહાલ રાખતા પાછળના અંશ સાથે કરવામાં આવે, તો એ સ્પષ્ટ બને છે કે કોઈ પણ પ્રકારની સ્પષ્ટતા સાથે એમ કહી શકાય નહીં કે બહુમતી ચુકાદો પ્રાઈવસીના અધિકારને મૂળભૂત અધિકારોના પ્રકરણમાં સમાવિષ્ટ હોવા તરીકે કે અન્યથા સમર્થન આપે છે. આ મહત્વપૂર્ણ પાસા પર બહુમતી ચુકાદો સ્વયં પોતાનો વિરોધાભાસ કરતો હોવાથી, એમ કહેવું યોગ્ય રહેશે કે તેને બંધનકર્તા પૂર્વચુકાદા તરીકે વધુ મૂલ્ય આપી શકાય નહીં. ગમે તે સંજોગોમાં, અમારો એવો મત છે કે બહુમતી ચુકાદો એ બાબતે સારો કાયદો (ગુડ લૉ) છે જ્યારે તે અનુચ્છેદ ૨૧ વ્યક્તિના ગૌરવને સૌથી પ્રિય માનવીય મૂલ્ય તરીકે સુનિશ્ચિત કરવા માટે રચાયેલ હોવાની વાત કરે છે જે માનવજાતના સંપૂર્ણ વિકાસ અને ઉત્ક્રાંતિના સાધનોની ખાતરી કરે છે. વ્યક્તિના ઘરમાં અનધિકૃત ઘૂસણખોરીને અનુચ્છેદ ૨૧ નિષેધ કરે છે તે દર્શાવવામાં પણ બહુમતી ચુકાદો સાચો છે. બહુમતી ચુકાદો જ્યાં ભૂલભરેલો છે તે એ બાબતમાં છે કે મૂળભૂત અધિકારો અપ્રવેશ્ય (વોટરટાઈટ) ખાનાઓમાં છે તેવું ઠેરવવામાં અને આપણા બંધારણ હેઠળ પ્રાઈવસીનો અધિકાર એ કોઈ બાંયધરી આપેલ અધિકાર નથી તેવું ઠેરવવામાં છે. તેથી, એ જોઈ શકાય છે કે બહુમતી ચુકાદો કહેવતરૂપ 'ક્યુરેટ્સ એગ' જેવો છે- માત્ર ભાગોમાં જ સારો છે. વિચિત્ર રીતે પૂરતું, જ્યારે ફક્ત સારા ભાગો જ જોવામાં આવે છે, ત્યારે અસંમત ચુકાદામાં ન્યાયમૂર્તિ સુબ્બા રાવના અભિગમ અને બહુમતી ચુકાદા વચ્ચે કોઈ વાસ્તવિક તફાવત રહેતો નથી. આ બાબત આ ૯-ન્યાયમૂર્તિઓની બેંચ સમક્ષના સંદર્ભના મુખ્ય ભાગનો ઉત્તર આપે છે જેમાં અમે આથી જાહેર કરીએ છીએ કે ૮-

ન્યાયમૂર્તિઓની કે ૬-ન્યાયમૂર્તિઓની બેંચમાંથી કોઈ પણ બેંચને બંધારણના ભાગ ૩ માં પ્રાઈવસીના મૂળભૂત અધિકારને વાંચવાના માર્ગમાં આડે આવતી વાંચી શકાય નહીં.

૪૩. જોકે, વિદ્વાન એટર્ની જનરલે ૮-ન્યાયમૂર્તિઓની બેંચ અને ૬-ન્યાયમૂર્તિઓની બેંચના સમર્થનમાં એવી દલીલ કરી છે કે બંધારણના ઘડવૈયાઓએ પ્રાઈવસીના અધિકારને બંધારણના મૂળભૂત અધિકારોના પ્રકરણનો ભાગ બનાવવાનો સ્પષ્ટપણે અસ્વીકાર કર્યો હતો. તેઓ ભલે સાચા હોય, પરંતુ બંધારણ સભાની ચર્ચાઓ આપણને માત્ર એ દર્શાવવા માટે રસપ્રદ વાંચન પૂરું પાડે છે કે જ્યારે ઘડવૈયાઓએ ભારતના બંધારણનું ઘડતર કર્યું ત્યારે તેમના મનમાં બરાબર શું હતું. આ ચુકાદામાં પાછળથી દર્શાવવામાં આવશે તેમ, આપણા ચુકાદાઓ સ્પષ્ટપણે સ્વીકારે છે કે બંધારણ આ દેશના ૧૨૫ કરોડ નાગરિકોના જીવનનું સંચાલન કરે છે અને સમયના વિવિધ તબક્કે સમાજની બદલાતી જરૂરિયાતોને પ્રતિસાદ આપવા માટે તેનું અર્થઘટન થવું જોઈએ.

૪૪. બંધારણના ઘડવૈયાઓ દ્વારા "ડ્યૂ પ્રોસેસ" (યોગ્ય કાયદાકીય પ્રક્રિયા) શબ્દપ્રયોગને સ્પષ્ટપણે ટાળવામાં આવ્યો હતો અને તેના સ્થાને રંગહીન અભિવ્યક્તિ "કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયા" મૂકવામાં આવી હતી. આ હોવા છતાં, બદલાયેલા સંજોગોને કારણે, ૧૯૭૮ માં મેનકા ગાંધી (ઉપરોક્ત) ત્યારબાદ અનેક ચુકાદાઓએ, જે બાબતનો ઘડવૈયાઓ દ્વારા સ્પષ્ટપણે અસ્વીકાર કરવામાં આવ્યો હતો તેને અનુચ્છેદ ૨૧ માં વાંચી લીધી છે, જેથી

મોહમ્મદ આરિફ (ઉપરોક્ત) ના સમય સુધીમાં, આ કોર્ટ, પેરા ૨૮ માં, એ કહેવા સક્ષમ બની હતી કે પૈડું પૂરું ચક્ર ફરી ગયું છે અનેસબસ્ટેન્ટિવયોગ્ય પ્રક્રિયા (સબસ્ટેન્ટિવ ડ્યૂ પ્રોસેસ) હવે અનુચ્છેદ ૨૧ નો અભિન્ન અંગ છે. ૨૦મી સદીના ઉત્તરાર્ધની ટેકનોલોજીકલ ક્રાંતિ અને આ ક્રાંતિને પ્રતાપે આ દેશનો લગભગ દરેક નાગરિક જે સંપૂર્ણપણે બદલાયેલું જીવન જીવે છે તેને ધ્યાનમાં લેતાં, પ્રાઈવસીના અધિકારનું મૂલ્યાંકન આજના સંદર્ભમાં થવું જોઈએ, ગઈકાલના સંદર્ભમાં નહીં. તેથી, આ દલીલે આપણને રોકી રાખવાની જરૂર નથી.

૪૫. વિદ્વાન એટર્ની જનરલે ત્યારબાદ એવી દલીલ કરી હતી કે જીવન જીવવાના અધિકાર અને વ્યક્તિગત સ્વાતંત્ર્યના અધિકાર વચ્ચે, પૂર્વવર્તી અધિકારનું પ્રાધાન્ય છે અને પ્રાઈવસીનો કોઈ પણ દાવો જે આ મૂળભૂત પાયાના અધિકારનો નાશ કરે અથવા તેને ક્ષીણ કરે તેને ક્યારેય મૂળભૂત અધિકારના દરજ્જા સુધી ઉન્નત કરી શકાય નહીં. વધુ વિગતો આપતાં, તેમણે જણાવ્યું હતું કે એક વિકાસશીલ દેશમાં જ્યાં લાખો લોકોને જીવનની પ્રાથમિક જરૂરિયાતોથી વંચિત રાખવામાં આવ્યા છે અને તેમની પાસે આશ્રય, ખોરાક, વસ્ત્ર કે નોકરીઓ પણ નથી, ત્યાં મૂળભૂત અધિકાર તરીકે પ્રાઈવસીના અધિકારનો કોઈ દાવો ટકી શકે નહીં. સૌ પ્રથમ અને અગ્રણી, અમને જીવન જીવવાના અધિકાર અને વ્યક્તિગત સ્વાતંત્ર્યના અધિકાર વચ્ચે કોઈ સંઘર્ષ જણાતો નથી. બંને અધિકારો દરેક માનવીના કુદરતી અને અવિભાજ્ય અધિકારો છે અને તેના/તેણીના વ્યક્તિત્વનો પૂર્ણ વિકાસ કરવા માટે જરૂરી છે. ખરેખર તો, જીવન જીવવાનો

અધિકાર અને વ્યક્તિગત સ્વાતંત્ર્યનો અધિકાર સાથે-સાથે ચાલે છે, જેમાં વ્યક્તિગત સ્વાતંત્ર્યનો અધિકાર એ જીવન જીવવાના અધિકારનું વિસ્તરણ છે. ગરીબ લોકોની મોટી સંખ્યા કે જેના વિશે શ્રી વેણુગોપાલ વાત કરે છે તેઓ એવી વ્યક્તિઓ છે કે જેઓ આજના સંપૂર્ણપણે ભિન્ન અને બદલાયેલા વિશ્વમાં સેલફોન ધરાવે છે, અને સરકાર સામે તેમજ અન્ય ખાનગી વ્યક્તિઓ સામે એમ બંને સામે પ્રાઈવસીના મૂળભૂત અધિકાર પર ભાર મૂકવા આગળ આવશે. આ સંદર્ભમાં અમને ધનિકો અને ગરીબો વચ્ચે કોઈ પણ પ્રકારનો વિરોધાભાસ દેખાતો નથી. અમને એવું જણાય છે કે આ દલીલ આધાર (નાણાકીય અને અન્ય સબસિડીઓ, લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૬ ના દ્રષ્ટિકોણથી કરવામાં આવી છે, જેના દ્વારા આધાર કાર્ડ એ જોવા માટેનું સાધન છે કે સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ તે વ્યક્તિઓ સુધી પહોંચે કે જેમના માટે આવી યોજનાઓ નિર્ધારિત કરવામાં આવી છે. આ ૯-ન્યાયમૂર્તિઓની બેંચ આધાર અધિનિયમની બંધારણીય કાયદેસરતાની તપાસ કરવા માટે રચવામાં આવી નથી, પરંતુ તે ઘણા મોટા પ્રશ્ન પર વિચારણા કરવા માટે રચવામાં આવી છે, અર્થાત્, મુખ્યત્વે રાજ્યની કાર્યવાહી વિરુદ્ધ ધનિકો અને ગરીબો બંને દ્વારા અનુચ્છેદ ૨૧ માં "જીવન" અને "વ્યક્તિગત સ્વાતંત્ર્ય" બંનેમાં, અન્ય બાબતોની સાથે, પ્રાઈવસીનો અધિકાર સમાવિષ્ટ જોવા મળશે કે કેમ. આ દલીલ ફરીથી અમને પ્રભાવિત કરતી નથી અને તેને નકારી કાઢવામાં આવે છે.

૪૬. વિદ્વાન એટર્ની જનરલ અને શ્રી સુંદરમ બંનેએ આગળ એવી દલીલ કરી હતી કે પ્રાઈવસીનો અધિકાર એટલો અસ્પષ્ટ અને આકારહીન ખ્યાલ છે કે તેને મૂળભૂત અધિકાર ગણી શકાય નહીં. આ દલીલે પણ આપણને રોકી રાખવાની જરૂર નથી. પ્રાઈવસીના અધિકારના અનેક પાસાઓને આવરી લેતી વ્યાખ્યાની માત્ર ગેરહાજરી, જ્યારે આપણે પ્રાઈવસીના હિતોને જોઈએ ત્યારે તેને માન્યતા આપવાથી આપણને અટકાવી શકે નહીં. આ ચુકાદો હમણાં જ દર્શાવશે તેમ, આ હિતોને વ્યાપકપણે ભૌતિક ક્ષેત્રને લગતા હિતો અને મનને લગતા હિતોમાં વર્ગીકૃત કરવામાં આવ્યા છે. યુ.એસ. અને ભારત બંનેના ચુકાદાઓ દર્શાવે છે તેમ, આ ખ્યાલ માત્ર એકલા રહેવાના અધિકારથી ઘણો આગળ વધીને પ્રાઈવસીના વિશાળ સંખ્યાબંધ હિતોની માન્યતા સુધી પહોંચ્યો છે, જે વ્યક્તિના ઘરની પ્રાઈવસી અને અવાજબી ઝડતીઓ તથા જપ્તીઓ સામેના રક્ષણ ઉપરાંત, ગર્ભપાત કરાવવાના અધિકાર; સમલૈંગિક યુગલોના અધિકારો- જેમાં લગ્ન કરવાનો અધિકાર સામેલ છે; પ્રજનન, ગર્ભનિરોધ, સામાન્ય પારિવારિક સંબંધો, બાળ ઉછેર, શિક્ષણ, ડેટા સંરક્ષણ, વગેરે જેવી મહત્વપૂર્ણ વ્યક્તિગત પસંદગીઓ કરવામાં વ્યક્તિના હિતોનું રક્ષણ કરવા સુધી વિસ્તર્યા છે. આ દલીલે પણ હવે આપણને વધુ રોકી રાખવાની જરૂર નથી અને તેને નકારી કાઢવામાં આવે છે.

૪૭. જો માહિતી અગાઉથી જાહેર ક્ષેત્રમાં હોય અને આપી દેવામાં આવી હોય, તો કોઈ પ્રાઈવસીનો અધિકાર રહેતો નથી તેવી દલીલ અંગે, અમે માત્ર એટલું જ નિર્દેશ કરી શકીએ છીએ કે માહિતી "સ્વેચ્છાએ" આપી દેવા અંગેના

પ્રશ્ન પર મિલર વિ. યુનાઈટેડ સ્ટેટ્સ, ૪૨૫ યુ.એસ. ૪૩૫ (૧૯૭૬) ના ચુકાદામાં વિચારણા કરવામાં આવી છે. કેનેરા બેંક (ઉપરોક્ત) માં આ કોર્ટે આ ચુકાદાની ટીકાનો નીચે મુજબ ઉલ્લેખ કર્યો હતો:

"(એ) મિલરની ટીકા"

"(૧) મિલર, ૪૨૫ યુ.એસ. ૪૩૫ (૧૯૭૬) માં બહુમતીએ ઠેરવ્યું હતું કે જે ગ્રાહકે પોતાની બાબતો અન્ય વ્યક્તિને જણાવી દીધી છે તેણે તે દ્વારા પોતાના પ્રાઈવસીના અધિકારો ગુમાવી દીધા છે. પ્રોફેસર ટ્રાઇબ તેમના ગ્રંથમાં (જુઓ પૃષ્ઠ ૧૩૯૧) જણાવે છે કે આ સિદ્ધાંત "ચિંતાજનક વલણો" પ્રગટ કરે છે કારણ કે કોર્ટ જૂના સિદ્ધાંત તરફ પાછી ગઈ છે કે પ્રાઈવસી મિલકતના સંબંધમાં છે, જ્યારે તેણે ઠેરવ્યું છે કે આ અધિકાર મિલકતને બદલે વ્યક્તિ સાથે જોડાયેલો છે. જો આ અધિકાર વ્યક્તિ સાથે જોડાયેલો નથી તેવું માનવામાં આવે, તો "આપણે આપણી ખાતાવહીના બેલેન્સ, આવકના આંકડા અને અંગત ટેલિફોન તથા સરનામાની ડાયરીઓને જાહેર નજરોથી છુપાવી શકીશું નહીં, પરંતુ તેના બદલે આ માહિતી આપણા કપાળ પર કે આપણા બમ્પર સ્ટીકરો પર લખીને ફરવું પડી શકે છે". તેઓ અવલોકન કરે છે કે મિલર, ૪૨૫ યુ.એસ. ૪૩૫ (૧૯૭૬) માં બહુમતીએ "પ્રાઈવસી" ને "ગુપ્તતા" સાથે ગૂંચવી નાખી હતી અને "ગુપ્તતા અંગેનો તેમનો ખ્યાલ પણ વિચિત્ર છે, કારણ કે જેને વ્યક્તિ પોતાના વિશ્વાસ માટે પસંદ કરે છે તેમની સાથે વહેંચવામાં આવે તો પણ

ગુપ્ત બાબત ગુપ્ત જ રહે છે". આપણા ચેક માત્ર નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ નથી પરંતુ તેમ છતાં દુનિયા આપણે આપણા નાણાં કેવી રીતે અને કોની સાથે ખર્ચ્યા છે તે જાણીને આપણા વિશે વિશાળ માત્રામાં જાણી શકે છે. જ્યારે આપણે ટેલિફોનનો ઉપયોગ કરીએ છીએ કે પત્ર ટપાલમાં નાખીએ છીએ ત્યારે પણ આ જ સ્થિતિ હોય છે. બેંક ખાતું ખોલાવીને વ્યક્તિ મોટો ખતરો વહોરે છે એમ કહેવું એ ખોટો નિષ્કર્ષ જણાયો હતો. પ્રોફેસર ટ્રાઇબ એક ખૂબ જ પ્રસ્તુત પ્રશ્ન પૂછે છે (પૃષ્ઠ ૧૩૯૨):"

"“તેમ છતાં, એવા સંદર્ભમાં જ્યાં વ્યવહારિક બાબત તરીકે કોઈની પાસે કોઈ વિકલ્પ નહોતો, ત્યાં કોઈએ દેખરેખ (સર્વેલન્સ) નું જોખમ વહોરી લીધું છે તેમ ભાગ્યે જ કહી શકાય. માત્ર સૌથી વધુ પ્રતિબદ્ધ - અને કદાચ કાનૂની રીતે મોકલી શકાય તેવા - સંન્યાસી જ ટેલિફોન વિના, બેંક ખાતા વિના, ટપાલ વિના જીવી શકે છે. જ્યારે કોઈ સ્ટેમ્પ ચોંટાડે છે ત્યારે તેણે મીઠા સાથે કડવી ગોળી પણ ગળવી જ પડશે તેમ કહેવું એ સમકાલીન સમાજમાં જીવવા માટે ખરેખર ખૂબ ઊંચી બંધારણીય કિંમત વસૂલવા સમાન છે.”

તેઓ નિષ્કર્ષ કાઢે છે (પૃષ્ઠ ૧૪૦૦):"

"“આપણા માહિતી-સઘન ટેકનોલોજીકલ યુગમાં, જ્યારે જીવન જીવવામાં અનિવાર્યપણે માત્ર માહિતીના પદચિહ્નો જ નહીં પરંતુ અસંખ્ય ડિરેક્ટરીઓ, ફાઇલો, રેકોર્ડ્સ અને કમ્પ્યુટર્સમાં પોતાના સ્વયંના અંશો

છોડવાનો સમાવેશ થાય છે, ત્યારે એવું ઠેરવવું કે ચૌદમા સુધારાએ તે માહિતી અને તે વિશ્વાસની બાબતો ક્યારે, કેવી રીતે અને કોના દ્વારા ઉપયોગમાં લેવાશે તે કહેવાની કેટલીક સત્તા વ્યક્તિઓ માટે અનામત રાખી નથી, તે સ્વયં (પોતાના અસ્તિત્વ) ની કોઈપણ વિકસિત વિભાવનામાં માહિતીગત સ્વાયત્તતાએ ભજવવી જ જોઈએ તેવી કેન્દ્રીય ભૂમિકાને હીન ગણવા સમાન ગણાશે.""

"(૨) પ્રોફેસર યેલ કામિસાર (પ્રોફેસર ટ્રાઇબ દ્વારા ફરીથી ટાંકવામાં આવેલ) (પૃષ્ઠ ૧૩૯૨) જણાવે છે:

"એવું દેખાવાનું શરૂ થઈ રહ્યું છે કે જાણે આપણા સમાજમાં જીવતી કોઈ વ્યક્તિ વિવિધ મધ્યસ્થી સંસ્થાઓ પોલીસ સમક્ષ માહિતી જાહેર કરશે તેવું 'જોખમ વહોરવાનું' ટાળી શકે તે માટેનો એકમાત્ર રસ્તો સખત શિસ્તમાં જોડાવાનો છે, જેવી શિસ્ત સર્વાધિકારવાદી શાસન (ટોટેલિટોરિયન રેજીમ્સ) હેઠળના જીવનની શિસ્ત હોય છે."

(પૃષ્ઠ ૫૨૦-૫૨૧ પર)"

એ બાબત પણ ધ્યાને લઈ શકાય છે કે ૧૯૭૮ ના કોંગ્રેસનલ એક્ટ દ્વારા મિલર (ઉપરોક્ત) નો અંત લાવવામાં આવ્યો હતો. આ કોર્ટે ત્યારબાદ આગળ જણાવ્યું હતું કે:

"(બી) કોંગ્રેસ દ્વારા મિલરનો પ્રતિસાદ

"અમે હવે મિલર, ૪૨૫ યુ.એસ. ૪૩૫ (૧૯૭૬) પ્રત્યે કોંગ્રેસના પ્રતિસાદનો ઉલ્લેખ કરીશું. (અગાઉ જણાવ્યા મુજબ, અમને ભારત માટે એક મોડેલ તરીકે આ કાયદાની ભલામણ કરતા હોવાનું માનવું જોઈએ નહીં.) મિલર, ૪૨૫ યુ.એસ. ૪૩૫ (૧૯૭૬) ના તુરંત બાદ, કોંગ્રેસે રાઇટ ટુ ફાયનાન્સિયલ પ્રાઇવસી એક્ટ, ૧૯૭૮ (પબ્લિક લૉ નં. ૯૫-૬૩૦, કલમ ૩૪૦૧ થી ૩૪૨૨ સાથે ૧૨ યુ.એસ.સી.) ઘડ્યો હતો. આ કાયદો બેંકો અથવા સમાન નાણાકીય સંસ્થાઓના ગ્રાહકોને જાહેરાત કરવામાં આવે તે પહેલાં અગાઉના તબક્કે કોર્ટમાં સરકારની કાર્યવાહી અંગે સૂચના મેળવવાનો અને તેને પડકારવાનો અધિકાર આપે છે. અધિનિયમની કલમ ૩૪૦૧ માં "વ્યાખ્યાઓ" સમાવિષ્ટ છે. કલમ ૩૪૦૨ મહત્વપૂર્ણ છે, અને તે જણાવે છે કે "કલમ ૩૪૦૩(સી) અથવા (ડી), ૩૪૧૩ અથવા ૩૪૧૪ દ્વારા પૂરી પાડવામાં આવેલી જોગવાઈ સિવાય, કોઈ પણ સરકારી સત્તાધિંકારી કોઈ પણ નાણાકીય સ સ્થા પાસેથી કોઈ ગ્રાહકના નાણાકીય રેકોર્ડ્સ સુધી પહોંચ મેળવી શકશે નહીં અથવા તેની નકલો કે તેમાં સમાવિષ્ટ માહિતી મેળવી શકશે નહીં સિવાય કે નાણાકીય રેકોર્ડ્સનું વાજબી રીતે વર્ણન કરવામાં આવ્યું હોય અને (૧) આવા ગ્રાહકે કલમ ૩૪૦૪ અનુસાર આવી જાહેરાત માટે સત્તા આપી હોય; (૨) આવા રેકોર્ડ્સ (એ) કલમ ૩૪૦૫ ની જરૂરિયાત પૂર્ણ કરવા માટે વહીવટી સબપીના અથવા સમન્સના જવાબમાં; (બી) કલમ ૩૪૦૬ ની જરૂરિયાતો પૂર્ણ કરતા સર્ચ વોરંટની જરૂરિયાતો અનુસાર; (સી) કલમ ૩૪૦૭ ની જરૂરિયાત

પૂર્ણ કરતા અદાલતી સબપીનાની જરૂરિયાતો અનુસાર; અથવા (ડી) કલમ ૩૪૦૮ હેઠળ ઔપચારિક લેખિત જરૂરિયાતની જરૂરિયાતો અનુસાર જાહેર કરવામાં આવ્યા હોય. જો ગ્રાહક રેકોર્ડ્સ સુધી સરકારની પહોંચને પડકારવાનું નક્કી કરે છે, તો તે આવી પહોંચને રોકવા માટે યોગ્ય યુ.એસ. ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં અરજી દાખલ કરી શકે છે. આ અધિનિયમ કેટલાક ચોક્કસ અપવાદોની પણ જોગવાઈ કરે છે."(પૃષ્ઠ પ૨૨ પર)"

૪૮. શ્રી સુંદરમે એવી દલીલ કરી છે કે આવા અધિકારોને રક્ષણ પ્રાપ્ત થાય તે માટે અધિકારોને સીધા બંધારણના મૂળભૂત અધિકારોના પ્રકરણમાં સ્પષ્ટપણે જણાવવામાં આવેલા અધિકારોમાંથી શોધી કાઢવા પડે, અને પ્રાઈવસી તે પૈકીનો એક નથી. એ બાબત ધ્યાને આવશે કે વ્યક્તિનું ગૌરવ એ એક મુખ્ય મૂલ્ય છે, જે બંધારણના આમુખમાં વ્યક્ત કરવામાં આવ્યું છે. આવું ગૌરવ મૂળભૂત અધિકારોના પ્રકરણમાં અધિકાર તરીકે સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું નથી, પરંતુ તેને જીવન જીવવાના અને વ્યક્તિગત સ્વાતંત્ર્યના અધિકારમાં વાંચવામાં આવ્યું છે. ગૌરવ સાથે જીવવાનો અધિકાર જોલી જ્યોર્જ વર્ગીસ વિ. બેંક ઓફ કોચીન, (૧૯૮૦) ૨ એસસીસી ૩૬૦ ના પેરા ૧૦ ના ચુકાદા દ્વારા અનુચ્છેદ ૨૧ માં સ્પષ્ટપણે વાંચવામાં આવ્યો છે. તેવી જ રીતે, બેડીઓ (બાર ફેટર્સ) અને હાથકડી સામેનો અધિકાર વ્યક્તિના ગૌરવ માટે અભિન્ન હોવાથી ચાર્લ્સ શોભરાજ વિ. દિલ્હી એડમિનિસ્ટ્રેશન, (૧૯૭૮) ૪ એસસીસી ૪૯૪ ના પેરા ૧૯૨, ૧૯૭-બી, ૨૩૪ અને ૨૪૧ તથા પ્રેમ શંકર શુક્લા વિ. દિલ્હી

એડમિનિસ્ટ્રેશન, (૧૯૮૦) ૩ એસસીસી ૫૨૬ ના પેરા ૨૧ અને ૨૨ ના ચુકાદાઓ દ્વારા અનુચ્છેદ ૨૧ માં વાંચવામાં આવ્યો હતો. બંધારણના ભાગ ૩ માં સ્પષ્ટ ભાષામાં મૂળભૂત અધિકાર શોધી શકાય તેવો જ હોવો જોઈએ તેવી દલીલ કરવી હવે બહુ મોડું થઈ ગયું છે. આ ચુકાદામાં પાછળથી દર્શાવવામાં આવશે તેમ, બંધારણને એવી રીતે વાંચવું પડશે કે શબ્દો એવા સિદ્ધાંતો રજૂ કરે કે જેનું પાલન કરવાનું હોય અને જો આ બાબત ધ્યાનમાં રાખવામાં આવે, તો એ સ્પષ્ટ છે કે પ્રાઈવસીનો ખ્યાલ માત્ર વ્યક્તિગત સ્વાતંત્ર્યમાં જ નહીં, પરંતુ વ્યક્તિના ગૌરવમાં પણ સમાવિષ્ટ છે.

૪૯. સ્ટેનલી વિ. જ્યોર્જિયા, ૨૨ એલ.એડ. ૨ડી ૫૪૨, પૃષ્ઠ ૫૪૯, ૫૫૦ અને ૫૫૧ (૧૯૬૯) નો ચુકાદો એ દર્શાવવા માટે ઉપયોગી થશે કે કેવી રીતે પ્રાઈવસી એ સ્પષ્ટપણે ગણાવેલા મૂળભૂત અધિકાર કરતાં વિભાવનાત્મક રીતે ભિન્ન છે. આ કેસમાં, કોર્ટ સમક્ષના અપીલકર્તા પર તેના ઘરમાં જાણીજોઈને અશ્લીલ સામગ્રી રાખવા બદલ જ્યોર્જિયાના કાયદા હેઠળ કેસ ચલાવવામાં આવ્યો હતો અને દોષિત ઠેરવવામાં આવ્યો હતો. યુ.એસ. સુપ્રિમ કોર્ટે એવા ચુકાદાઓનો ઉલ્લેખ કર્યો હતો જેમાં ઠેરવવામાં આવ્યું હતું કે અશ્લીલતા એ યુ.એસ. બંધારણના પ્રથમ સુધારા હેઠળ બંધારણીય રીતે સંરક્ષિત વાણીના ક્ષેત્રમાં આવતી નથી. તેમ છતાં, કોર્ટે ઠેરવેલ કે:

> "“હવે એ સુસ્થાપિત છે કે બંધારણ માહિતી અને વિચારો પ્રાપ્ત કરવાના અધિકારનું રક્ષણ કરે છે. \"આ સ્વાતંત્ર્ય [વાણી અને પ્રેસનું] ...

અનિવાર્યપણે પ્રાપ્ત કરવાના અધિકારનું રક્ષણ કરે છે .....\" માર્ટિન વિ. સિટી ઓફ સ્ટ્રથર્સ, ૩૧૯ યુ.એસ. ૧૪૧, ૧૪૩, ૮૭ એલ એડ ૧૩૧૩, ૧૩૧૬, ૬૩ એસ સીટી ૮૬૨ (૧૯૪૩); જુઓ ગ્રીસવોલ્ડ વિ. કનેક્ટિકટ, ૩૮૧ યુ.એસ. ૪૭૯, ૪૮૨, ૧૪ એલ એડ ૨ડી ૫૧૦, ૫૧૩, ૮૫ એસ સીટી ૧૬૭૮ (૧૯૬૫); લેમોન્ટ વિ. પોસ્ટમાસ્ટર જનરલ, ૩૮૧ યુ.એસ. ૩૦૧, ૩૦૭-૩૦૮, ૧૪ એલ એડ ૨ડી ૩૯૮, ૪૦૨, ૪૦૩, ૮૫ એસ સીટી ૧૪૯૩ (૧૯૬૫) (બ્રેનન, જે., સહમત થતાં); સરખાવો પીયર્સ વિ. સોસાયટી ઓફ ધ સિસ્ટર્સ, ૨૬૮ યુ.એસ. ૫૧૦, ૬૯ એલ એડ ૧૦૭૦, ૪૫ એસ સીટી ૫૭૧, ૩૯ એ.એલ.આર. ૪૬૮ (૧૯૨૫). માહિતી અને વિચારો પ્રાપ્ત કરવાનો આ અધિકાર, તેમના સામાજિક મૂલ્યને ધ્યાનમાં લીધા વિના, જુઓ વિન્ટર્સ વિ. ન્યુયોર્ક, ૩૩૩ યુ.એસ. ૫૦૭, ૫૧૦, ૯૨ એલ એડ ૮૪૦, ૮૪૭, ૬૮ એસ સીટી ૬૬૫ (૧૯૪૮), આપણા મુક્ત સમાજ માટે મૂળભૂત છે. તદુપરાંત, આ કેસના સંદર્ભમાં- વ્યક્તિના પોતાના ઘરની પ્રાઈવસીમા છાપેલી કે ફિલ્મ સામગ્રી માત્ર રાખવા બદલ કાર્યવાહી-તે અધિકાર એક વધારાનું પરિમાણ ધારણ કરે છે. કારણ કે ખૂબ જ મર્યાદિત સંજોગો સિવાય, પોતાની પ્રાઈવસીમાં અનિચ્છનીય સરકારી ઘૂસણખોરીથી મુક્ત રહેવાનો અધિકાર પણ મૂળભૂત છે ...આ એવા અધિકારો છે જે અપીલકર્તા અમારી સમક્ષના કેસમાં દાવો કરી રહ્યા છે. તેઓ જે ઈચ્છે તે વાંચવા અથવા જોવાનો અધિકાર માગી રહ્યા છે- પોતાના ઘરની પ્રાઈવસીમાં પોતાની બૌદ્ધિક અને

ભાવનાત્મક જરૂરિયાતો સંતોષવાનો અધિકાર. તેઓ પોતાની લાયબ્રેરીની સામગ્રીમાં રાજ્યની તપાસથી મુક્ત રહેવાના અધિકારનો દાવો કરી રહ્યા છે. જ્યોર્જિયા દલીલ કરે છે કે અપીલકર્તા પાસે આ અધિકારો નથી, કે અમુક પ્રકારની એવી સામગ્રી છે જે વ્યક્તિ વાંચી શકતી નથી અથવા રાખી પણ શકતી નથી. વર્તમાન કેસમાં ફિલ્મો અશ્લીલ છે તેવી દલીલ કરીને જ્યોર્જિયા આ દાવાને વાજબી ઠેરવે છે. પરંતુ અમે માનીએ છીએ કે આ ફિલ્મોનું માત્ર \"અશ્લીલ\" તરીકે વર્ગીકરણ એ પ્રથમ અને ચૌદમા સુધારા દ્વારા બાંયધરી આપવામાં આવેલ વ્યક્તિગત સ્વાતંત્ર્ય પરના આવા ગંભીર આક્રમણ માટે અપૂરતું વ્યાજબીપણું છે. અશ્લીલતાનું નિયમન કરતા અન્ય કાયદાઓ માટે ગમે તે વ્યાજબીપણું હોય, અમે માનતા નથી કે તેઓ કોઈના પોતાના ઘરની પ્રાઈવસી સુધી પહોંચી શકે છે. જો પ્રથમ સુધારાનો કોઈ અર્થ હોય, તો તેનો અર્થ એ છે કે પોતાના ઘરમાં એકલા બેઠેલા માણસને તેણે કયા પુસ્તકો વાંચવા જોઈએ અથવા કઈ ફિલ્મો જોવી જોઈએ તે કહેવાનો રાજ્યને કોઈ અધિકાર નથી. આપણો સમગ્ર બંધારણીય વારસો સરકારને માણસોના મન પર નિયંત્રણ રાખવાની સત્તા આપવાના વિચાર સામે વિદ્રોહ કરે છે." (ભાર ઉમેરેલ)

કોર્ટે એમ જણાવીને નિષ્કર્ષ કાઢ્યો હતો કે:

"અમે ઠેરવીએ છીએ કે પ્રથમ અને ચૌદમો સુધારો અશ્લીલ સામગ્રીને માત્ર ખાનગી કબજામાં રાખવાને ગુનો બનાવવાનો નિષેધ કરે છે. રોથ અને તે

નિર્ણયને અનુસરતા કેસો આજના નિર્ણયથી ક્ષતિગ્રસ્ત થતા નથી. જેમ અમે કહ્યું છે, રાજ્યો અશ્લીલતાનું નિયમન કરવાની વ્યાપક સત્તા જાળવી રાખે છે; તે સત્તા વ્યક્તિ દ્વારા તેના પોતાના ઘરની પ્રાઈવસીમાં માત્ર કબજો રાખવા સુધી વિસ્તરતી નથી."

૫૦. આ કેસ, અન્ય કોઈપણ કેસ કરતાં વધુ, પ્રાઈવસીના અધિકાર અને વાણી સ્વાતંત્ર્યના અધિકાર વચ્ચેના તફાવતને સ્પષ્ટપણે ઉપસાવી આપે છે. પ્રથમ સુધારા દ્વારા સુધારેલ વાણી સ્વાતંત્ર્યની બહાર અશ્લીલતા હોવાનું ઠેરવવામાં આવ્યું હતું, પરંતુ અશ્લીલ સામગ્રી વાંચવાના અધિકાર સાથે સંબંધિત પ્રાઈવસીનું હિત તે જ સુધારા હેઠળ સુરક્ષિત હતું. તેથી સ્પષ્ટપણે, પ્રાઈવસી એટલી અસ્પષ્ટ અને આકારહીન નથી જેવી દલીલ કરવામાં આવી છે, તેમજ એવું કહેવું પણ સાચું નથી કે જ્યાં સુધી બંધારણના ભાગ ૩ ની જોગવાઈમાં તેનો સ્પષ્ટ ઉલ્લેખ ન મળે, ત્યાં સુધી તેને મૂળભૂત અધિકાર ગણી શકાય નહીં.

૫૧. વ્યક્તિગત સ્વાતંત્ર્ય એ નાગરિક સ્વાતંત્ર્ય કરતાં ભિન્ન છે તેવી શ્રી સુંદરમની દલીલે આપણને બિલકુલ રોકી રાખવાની જરૂર નથી કારણ કે ઓછામાં ઓછું પ્રાઈવસીના મૂળભૂત અધિકારના સંદર્ભમાં- તે અધિકાર વ્યક્તિના સ્વાતંત્ર્ય સાથે ગાઢ રીતે જોડાયેલો હોવાથી ચોક્કસપણે "વ્યક્તિગત સ્વાતંત્ર્ય" શબ્દપ્રયોગ હેઠળ આવશે.

૫૨. શ્રી સુંદરમના જણાવ્યા અનુસાર, પ્રાઈવસીનું દરેક પાસું સંરક્ષિત નથી. તેમના મતે જે ક્રિયાઓ સંરક્ષિત નથી તેના ઉદાહરણો નીચે મુજબ છે:

• "માહિતી પૂરી પાડવાની આવશ્યકતા ધરાવતા કરવેરા કાયદાઓ;

• વસ્તી ગણતરી (સેન્સસ) ના સંબંધમાં;

• પાસપોર્ટ મેળવવાના હેતુ માટે પૂરી પાડવાની જરૂર હોય તેવી વિગતો અને દસ્તાવેજો;

• પોર્નોગ્રાફી જોવા સંબંધિત પ્રતિબંધો."

૫૩. અમને ભય છે કે આ ખરેખર ઘોડા આગળ ગાડી જોડવા સમાન (પુટિંગ ધ કાર્ટ બીફોર ધ હોર્સ) છે. માહિતી પૂરી પાડવાની આવશ્યકતા ધરાવતા કરવેરા કાયદાઓ ચોક્કસપણે દરેક વ્યક્તિની પ્રાઈવસી પર તરાપ મારે છે જેને રક્ષણ મળવું જોઈએ. વાસ્તવમાં, આવી માહિતી પૂરી પાડવાની આવશ્યકતા ધરાવતા મોટાભાગના કરવેરા કાયદાઓમાં, સહવર્તી જોગવાઈ તરીકે, એવી જોગવાઈઓ પણ હોય છે જે કોઈ કાયદેસર અથવા મહત્વપૂર્ણ રાજ્ય કે સામાજિક હિત સાથે સંબંધ ધરાવતા નિર્દિષ્ટ સંજોગો સિવાય અન્ય લોકોને આવી માહિતીના પ્રસારણનો નિષેધ કરે છે. વસ્તી ગણતરી અને પાસપોર્ટ મેળવવા માટે પૂરા પાડવા માટે જરૂરી વિગતો અને દસ્તાવેજોના સંબંધમાં પણ આવી જ સ્થિતિ રહેશે. પોર્નોગ્રાફી જોવા સંબંધિત પ્રતિબંધોની આ ચુકાદામાં અગાઉ ચર્ચા કરવામાં આવી છે. સ્ટેનલી (ઉપરોક્ત) માં યુ.એસ. સુપ્રિમ કોર્ટના નિર્ણયમાં ઠેરવવામાં આવ્યું હતું કે જો રાજ્ય વ્યક્તિના ઘરની પ્રાઈવસીમાં ઘૂસણખોરી કરે તો આવા પ્રતિબંધો અમાન્ય ઠરશે.

૫૪. વિદ્વાન એટર્ની જનરલે અમારું ધ્યાન એવા અનેક ચુકાદાઓ તરફ દોર્યું હતું જેમાં ઠેરવવામાં આવ્યું છે કે દારૂનો વેપાર કરવાનો કોઈ મૂળભૂત અધિકાર નથી અને તેમણે ખોડે ડિસ્ટિલરીઝ લિ. વિ. કર્ણાટક રાજ્ય, (૧૯૯૫) ૧ એસસીસી ૫૭૪ નો હવાલો આપ્યો હતો. તદ્દન સ્પષ્ટપણે, ગુનાહિત પ્રવૃત્તિમાં વેપાર કરવાનો કોઈને મૂળભૂત અધિકાર નથી. ખરેખર તો, એવી પરિસ્થિતિમાં જ્યાં લાયસન્સ હેઠળ દારૂ વેચવાની સ્પષ્ટ પરવાનગી હોય, ત્યાં એમ કહેવું મુશ્કેલ બનશે કે આવા દારૂના વિક્રેતા પાસે અનુચ્છેદ ૧૯(૧)(જી) હેઠળ વેપાર કરવાનો મૂળભૂત અધિકાર નહીં હોય, જોકે આપણા કેટલાક નિર્ણયોનો હેતુ બરાબર એવું જ જણાવતો જણાય છે - કૃષ્ણ કુમાર નરુલા વિ. જમ્મુ અને કાશ્મીર રાજ્ય, (૧૯૬૭) ૩ એસસીઆર ૫૦ ના અગાઉના બંધારણીય બેંચના ચુકાદા અને હર શંકર વિ. ધ ડેપ્યુટી એક્સાઇઝ એન્ડ ટેક્સેશન કમિશનર, (૧૯૭૫) ૧ એસસીસી ૭૩૭ ના પછીના બંધારણીય બેંચના ચુકાદા વચ્ચેના અભિગમનો તફાવત જુઓ. ગમે તે સંજોગોમાં, દારૂ સાથે સંબંધિત કેસોમાંથી લેવામાં આવેલ સામ્યતા આપણને આગળ લઈ જતી નથી તે સાદા કારણસર કે પ્રાઈવસીનો મૂળભૂત અધિકાર એકવાર સ્વીકારાયા પછી, ગુના સામે લડવામાં કાયદેસરના રાજ્યના હિતો સમક્ષ અમુક સંજોગોમાં નમતું જોખવું જ પડશે. પરંતુ આ બાબત પ્રાઈવસીના અધિકારને મૂળભૂત અધિકાર તરીકે માન્યતા મળ્યા પછી જ ઉદ્ભવે છે, તે પહેલાં નહીં. કાયદેસરના રાજ્ય હિતમાં અથવા જાહેર હિતમાં શું વાજબી પ્રતિબંધ હોવો જોઈએ તે બાબત એ નક્કી કરી શકતી નથી કે વ્યક્તિની બાબતોમાં ઘૂસણખોરી એ મૂળભૂત અધિકાર છે કે નહીં. પ્રાઈવસીના હિતોમાં દરેક

સરકારી ઘૂસણખોરી કે જે ભૌતિક શરીર સાથે અથવા વ્યક્તિગત માહિતીના પ્રસારણ સાથે અથવા વ્યક્તિને લગતી અંગત પસંદગીઓ સાથે સંબંધ ધરાવે છે, તે જે મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન કરે છે તેના હેઠળ નિર્ધારિત સંતુલન પરીક્ષણ (બેલેન્સિંગ ટેસ્ટ) ને આધીન રહેશે, જેનો આધાર દાવો કરાયેલ પ્રાઈવસીનું હિત ક્યાં સ્થાપિત થયેલું છે તેના પર રહેલો છે.

૫૫. વિદ્વાન એટર્ની જનરલ અને વિદ્વાન એડિશનલ સોલિસિટર જનરલ શ્રી તુષાર મહેતાએ ખાસ કરીને એવી દલીલ કરી હતી કે આપણા કાયદાઓ પ્રાઈવસીના અધિકારની માન્યતાથી ભરેલા છે, અને શ્રી તુષાર મહેતાએ માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫, ધ ઈન્ડિયન ઈઝમેન્ટ્સ એક્ટ, ૧૮૮૨, ધ ઇન્ડિયન પીનલ કોડ, ૧૮૬૦, ધ ઇન્ડિયન ટેલિગ્રાફ એક્ટ, ૧૮૮૫, ધ બેન્કર્સ બુક્સ એવિડન્સ એક્ટ, ૧૮૯૧, ક્રેડિટ ઇન્ફોર્મેશન કંપનીઝ (રેગ્યુલેશન) એક્ટ, ૨૦૦૫, પબ્લિક ફાઇનાન્સિયલ ઇન્સ્ટિટ્યુશન્સ (ઓબ્લિગેશન એઝ ટુ ફિડેલિટી એન્ડ સિક્રસી) એક્ટ, ૧૯૮૩, પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ્સ એક્ટ, ૨૦૦૭, ઇન્કમ ટેક્સ એક્ટ, ૧૯૬૧, આધાર (નાણાકીય અને અન્ય સબસિડીઓ, લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૬, ધ સેન્સસ એક્ટ, ૧૯૪૮, ધ કલેક્શન ઓફ સ્ટેટિસ્ટિક્સ એક્ટ, ૨૦૦૮, કિશોર ન્યાય (બાળકોની સંભાળ અને સંરક્ષણ) અધિનિયમ, ૨૦૧૫, બાળકોનું જાતીય અપરાધો સામે સંરક્ષણ અધિનિયમ, ૨૦૧૨ અને માહિતી ટેકનોલોજી અધિનિયમ, ૨૦૦૦ ની જોગવાઈઓ ટાંકી હતી. તેમના જણાવ્યા મુજબ, આ કાયદાઓ અગાઉથી જ

વ્યક્તિઓના પ્રાઈવસીના અધિકારોનું રક્ષણ કરતા હોવાથી, બંધારણના ભાગ ૩ માં પ્રાઈવસીના મૂળભૂત અધિકારને વાંચવાની કોઈ જરૂર નથી.

૫૬. સંસદીય સાદી બહુમતી દ્વારા કાયદાકીય કાયદો (સ્ટેચ્યુટોરી લૉ) બનાવી શકાય છે અને તેને રદ પણ કરી શકાય છે. ટૂંકમાં, સત્તાધારી પક્ષ ઉપર જણાવેલ કાયદાઓમાં સમાવિષ્ટ કોઈપણ અથવા તમામ રક્ષણો પોતાની મરજી મુજબ નાબૂદ કરી શકે છે. બીજી તરફ, મૂળભૂત અધિકારો બંધારણમાં એટલા માટે સમાવિષ્ટ કરવામાં આવ્યા છે કે આ દેશના નાગરિકો પોતે જે સરકારો ચૂંટે તેનાથી પર રહીને પણ આવા અધિકારો ભોગવી શકે. આ બાબત ત્યારે વધુ પ્રસ્તુત બને છે જ્યારે વ્યક્તિની પ્રાઈવસી જેવો ચોક્કસ મૂળભૂત અધિકાર એ એક "અવિભાજ્ય" અધિકાર છે જે માનવી હોવાના નાતે વ્યક્તિમાં અંતર્નિહિત છે. બંધારણના મૂળભૂત અધિકારોના પ્રકરણમાં આવા અધિકારની માન્યતા એ માત્ર એવી માન્યતા છે કે બહુમતી સરકારોના બદલાતા પ્રવાહો છતાં પણ આવો અધિકાર અસ્તિત્વ ધરાવે છે. કાયદાઓ મૂળભૂત અધિકારોનું રક્ષણ કરી શકે છે; તેઓ તેનું ઉલ્લંઘન પણ કરી શકે છે. જો કોઈ વર્તમાન કાયદો અથવા ભવિષ્યમાં બનનારો કોઈપણ કાયદો પ્રાઈવસીના અવિભાજ્ય અધિકારનું ઉલ્લંઘન કરતો હોય, તો આ કોર્ટે આવા કાયદાની આવા મૂળભૂત અધિકાર સામે કસોટી કરવી પડશે અને જો એવું જણાય કે કોઈ સામાજિક કે જાહેર હિતના સમતોલન વિના આવા અધિકારનું ઉલ્લંઘન થયું છે, તો પ્રાઈવસીના મૂળભૂત અધિકારનો ભંગ કરવા બદલ આવા કાયદાને રદબાતલ જાહેર કરવાની આ કોર્ટની ફરજ રહેશે. તેથી, આ દલીલ પણ નકારી કાઢવાને પાત્ર છે.

૫૭. શ્રી રાકેશ દ્વિવેદીએ યુ.એસ. સુપ્રિમ કોર્ટના નિર્ણયો દ્વારા સ્થાપિત "પ્રાઈવસીની વાજબી અપેક્ષા" (રિઝનેબલ એક્સપેક્ટેશન ઓફ પ્રાઇવસી) ના પરીક્ષણનો વિસ્તૃત સંદર્ભ આપ્યો હતો. આ કસોટીનું મૂળ કાત્ઝ વિ. યુનાઈટેડ સ્ટેટ્સ, ૩૮૯ યુ.એસ. ૩૪૭ (૧૯૬૭) માં જસ્ટિસ હાર્લાનના સહમત ચુકાદામાં જોવા મળે છે. જોકે આ કસોટી ત્યારબાદના અનેક નિર્ણયો દ્વારા લાગુ કરવામાં આવી છે, તેમ છતાં યુનાઈટેડ સ્ટેટ્સમાં પણ આ કસોટીના અમલની ટીકા થઈ છે.

૫૮. મિનેસોટા વિ. કાર્ટર, ૫૨૫ યુ.એસ. ૮૩, ૧૧૯ એસ.સીટી. ૪૬૯, પૃષ્ઠ ૪૭૭ (૧૯૯૮) માં, જસ્ટિસ સ્કેલિયાના સહમત ચુકાદામાં ઉપરોક્ત કસોટીના અમલની નીચેના શબ્દોમાં ટીકા કરવામાં આવી હતી:

> "અસંમત મત માને છે કે 'સુસંગત પરિણામો લાવવાની આપણી ફરજ' માટે જરૂરી છે કે આપણે આ સ્પષ્ટ લખાણ અને ચાર સદી જૂની પરંપરાની અવગણના કરીએ, અને તેના બદલે ૩૧ વર્ષ જૂના 'બેન્ચમાર્ક' નિર્ણયમાં અપનાવવામાં આવેલી કુખ્યાત બિનઉપયોગી કસોટી લાગુ કરીએ. જુઓ કાત્ઝ વિ. યુનાઈટેડ સ્ટેટ્સ, ૩૮૯ યુ.એસ. ૩૪૭, ૮૮ એસ.સીટી. ૫૦૭, ૧૯ એલ.એડ.૨ડી ૫૭૬ (૧૯૬૭). મારા મતે, છેલ્લા ત્રણ દાયકાઓએ કાત્ઝ કસોટી વિશે જે એકમાત્ર બાબત સ્થાપિત કરી છે (જેનો અર્થ કાત્ઝમાં જસ્ટિસ હાર્લાનની અલગ સહમતિ દ્વારા ઘડવામાં આવેલી કસોટી થાય છે, જુઓ પૃષ્ઠ ૩૬૦) તે એ છે કે, આશ્ચર્યજનક નથી કે,

'પ્રાઈવસીની તે વાસ્તવિક (વ્યક્તિલક્ષી) અપેક્ષાઓ' કે 'જેને સમાજ 'વાજબી' તરીકે માન્યતા આપવા તૈયાર છે', પૃષ્ઠ ૩૬૧, આ કોર્ટ જેને વાજબી ગણે છે તેવી પ્રાઈવસીની અપેક્ષાઓ સાથે અદભુત સામ્યતા ધરાવે છે. જ્યારે આ સ્વેચ્છાચારી કસોટીનો ઉપયોગ બંધારણના અર્થમાં 'ઝડતી કે જપ્તી' થઈ છે કે નહીં તે નક્કી કરવા માટે કરવામાં આવે છે (આ 'ઝડતી કે જપ્તી' 'અવાજબી' છે કે નહીં તેનાથી વિપરીત), ત્યારે ચોથા સુધારાના લખાણમાં તેનો કોઈ તર્કસંગત પાયો જણાતો નથી. તે જોગવાઈએ પ્રાઈવસીના કોઈ સામાન્યીકૃત 'અધિકાર' ની બાંયધરી આપી નથી અને પ્રાઈવસીના મૂલ્યના કયા ચોક્કસ સ્વરૂપોને 'સમાજ 'વાજબી' તરીકે માન્યતા આપવા તૈયાર છે' તે નક્કી કરવાનું આ કોર્ટ પર છોડ્યું નથી. તદેવ."

કાઈલો વિ. યુનાઈટેડ સ્ટેટ્સ, ૫૩૩ યુ.એસ. ૨૭, ૧૨૧ એસ. સીટી. ૨૦૩૮, પૃષ્ઠ ૨૦૪૩ (૨૦૦૧) માં, યુ.એસ. સુપ્રિમ કોર્ટે ઠેરવ્યું હતું કે ખાનગી મકાનની અંદર ગરમીના સાપેક્ષ જથ્થાને શોધવા માટે જાહેર માર્ગ પરથી ખાનગી મકાન તરફ થર્મલ ઈમેજિંગ ઉપકરણનો ઉપયોગ કરવો એ વ્યક્તિની પ્રાઈવસી પર આક્રમણ ગણાશે. આવું ઠેરવતી વખતે, યુ.એસ. સુપ્રિમ કોર્ટે જણાવ્યું હતું કે:

"કાત્ઝ કસોટી—શું વ્યક્તિ પાસે પ્રાઈવસીની એવી અપેક્ષા છે જેને સમાજ વાજબી ગણવા તૈયાર છે—તેની વારંવાર ચક્રીય અને તેથી વ્યક્તિલક્ષી અને અણધારી હોવા તરીકે ટીકા કરવામાં આવી છે. જુઓ

ડબલ્યુ. લાફાવે, સર્ચ એન્ડ સીઝર §૨.૧ (ડી), પૃષ્ઠ ૩૯૩-૩૯૪ (ત્રીજી આવૃત્તિ ૧૯૯૬); પોઝનર, ધ અનસર્ટન પ્રોટેક્શન ઓફ પ્રાઇવસી બાય ધ સુપ્રીમ કોર્ટ, ૧૯૭૯ એસ. સીટી. રેવ. ૧૭૩, ૧૮૮; કાર્ટર, ઉપરોક્ત, પૃષ્ઠ ૯૭ (સ્કેલિયા, જે., સહમત થતાં). પરંતુ જુઓ રકાસ, ઉપરોક્ત, પૃષ્ઠ ૧૪૩-૧૪૪, ફુટનોટ ૧૨. ટેલિફોન બૂથ, ઓટોમોબાઇલ્સ અથવા રહેઠાણોના ખુલ્લા ભાગો જેવા વિસ્તારોની ઝડતીનો પ્રશ્ન હોય ત્યારે કાત્ઝને પરિષ્કૃત કરવું મુશ્કેલ હોઈ શકે છે, પરંતુ ઘરોના આંતરિક ભાગની ઝડતીના કિસ્સામાં—સંરક્ષિત પ્રાઈવસીનો મૂળભૂત અને સૌથી સામાન્ય રીતે વિવાદિત વિસ્તાર—કોમન લૉમાં ઊંડા મૂળ ધરાવતો, અસ્તિત્વમાં રહેલી પ્રાઈવસીની ન્યૂનતમ અપેક્ષાનો એક તૈયાર માપદંડ ઉપલબ્ધ છે, જેને વાજબી તરીકે સ્વીકારવામાં આવેલ છે. આ ન્યૂનતમ અપેક્ષાનું રક્ષણ પાછું ખેંચી લેવું એટલે પોલીસ ટેકનોલોજીને ચોથા સુધારા દ્વારા બાંયધરી આપેલ પ્રાઈવસીને ક્ષીણ કરવાની મંજૂરી આપવા સમાન ગણાશે. અમે માનીએ છીએ કે ઇન્દ્રિય-વર્ધન ટેકનોલોજી (સેન્સ-એન્હાન્સિંગ ટેકનોલોજી) દ્વારા ઘરના આંતરિક ભાગ સંબંધિત એવી કોઈપણ માહિતી મેળવવી જે 'બંધારણીય રીતે સંરક્ષિત ક્ષેત્રમાં ભૌતિક ઘૂસણખોરી' વિના અન્યથા મેળવી શકાઈ ન હોત, સિલ્વરમેન, ૩૬૫ યુ.એસ., પૃષ્ઠ ૫૧૨, તે ઝડતી ગણાય છે—ઓછામાં ઓછું જ્યાં પ્રશ્ન હેઠળની ટેકનોલોજી સામાન્ય લોકોના ઉપયોગમાં ન હોય. આ બાબત સરકાર સામે

પ્રાઈવસીની તે ડિગ્રીની જાળવણી સુનિશ્ચિત કરે છે જે ચોથો સુધારો અપનાવવામાં આવ્યો ત્યારે અસ્તિત્વમાં હતી."

૫૯. તેથી તે સ્પષ્ટ છે કે તેના મૂળ દેશમાં, આ કસોટીનું અમુક પછીના ચુકાદાઓમાં પાલન કરવામાં આવ્યું હોવા છતાં, તે ટીકાનો વિષય બનેલી છે. તેમાં કોઈ શંકા નથી કે આપણા બંધારણના અનુચ્છેદ ૧૪, ૧૯, ૨૦ કે ૨૧ ના લખાણમાં આવી કસોટીનો કોઈ તર્કસંગત આધાર નથી. તેમજ, યોગ્ય રીતે ઠેરવવામાં આવ્યું છે તેમ, આ કસોટી એ અર્થમાં ચક્રીય છે કે જ્યાં સુધી જે વ્યક્તિની પ્રાઈવસીમાં ઘૂસણખોરી કરવામાં આવી હોય તેની પાસે પ્રાઈવસીની વાજબી અપેક્ષા ન હોય ત્યાં સુધી પ્રાઈવસીનું કોઈ ઉલ્લંઘન થતું નથી. આવી વ્યક્તિ પાસે આવી અપેક્ષા હશે કે નહીં તે કાયદાની સ્થિતિ શું છે તેના પર નિર્ભર હોવું જોઈએ. તેમજ, આ કસોટી માહિતી સ્વેચ્છાએ આપી દેવાની કસોટી સાથે આંતરિક રીતે જોડાયેલી છે, કારણ કે જો માહિતી સ્વેચ્છાએ આપી દેવામાં આવે, તો સંબંધિત વ્યક્તિ પાસે કોઈ પ્રાઈવસી હિતની કોઈ અપેક્ષા નથી તેમ વાજબી રીતે કહી શકાય. આ બીજું કંઈ નથી પરંતુ મિલર (ઉપરોક્ત) ની કસોટી સાથે "પ્રાઈવસીની વાજબી અપેક્ષા" નું વાંચન છે, જે એ છે કે જો માહિતી સ્વેચ્છાએ આપી દેવામાં આવે, તો પ્રાઈવસીનો કોઈ અધિકાર અસ્તિત્વમાં રહેતો નથી. અમારા દ્વારા ઠેરવવામાં આવ્યા મુજબ, કેનેરા બેંક (ઉપરોક્ત) માં, આ કોર્ટે મિલર (ઉપરોક્ત) અને તેના મૂળ દેશમાં તેને મળેલી ટીકાનો ઉલ્લેખ કર્યો હતો, અને ભારતીય સંદર્ભમાં તેને લાગુ કરવાનો ઇનકાર કર્યો હતો. તેમજ, ઉપર ચર્ચા કર્યા

મુજબ, મિલર (ઉપરોક્ત) ના તુરંત બાદ, કોંગ્રેસે આ ચુકાદાના મૂળ આધારને નાબૂદ કરીને રાઇટ ટુ ફાયનાન્સિયલ પ્રાઇવસી એક્ટ, ૧૯૭૮ ઘડ્યો હતો. તેથી, શ્રી દ્વિવેદીની દલીલ નકારી કાઢવાને પાત્ર છે.

૬૦. શ્રી ગોપાલ શંકરનારાયણને, બહેરામ ખુરશીદ પેશીકાકા વિ. બોમ્બે રાજ્ય, (૧૯૫૫) ૧ એસસીઆર ૬૧૩, બશેશર નાથ વિ. સીઆઇટી, (૧૯૫૯) સપ્લી. (૧) એસસીઆર ૫૨૮ અને ઓલ્ગા ટેલિસ વિ. બોમ્બે મ્યુનિસિપલ કોર્પોરેશન, (૧૯૮૫) ૩ એસસીસી ૫૪૫ માં કાયદાના કથન પર આધાર રાખીને, એવી દલીલ કરી છે કે મૂળભૂત અધિકારોનો ત્યાગ (વેવર) કરી શકાતો નથી તે સુસ્થાપિત છે. આ દેશમાં આવો કાયદો હોવાથી, જો આ કોર્ટ પ્રાઇવસીનો અધિકાર મૂળભૂત અધિકાર છે તેવું ઠેરવે, તો આવા અધિકારના કોઇપણ ભાગનો ત્યાગ કરવો શક્ય બનશે નહીં અને પરિણામે નીચેની મુશ્કેલીઓ ઊભી થશે:

• પ્રાઇવસીના પાસાઓ સાથે કામ પાર પાડતી તમામ વૈધાનિક જોગવાઇઓ અસુરક્ષિત બની જશે.

• વ્યક્તિ વિશે ઓળખ, ફિંગરપ્રિન્ટ્સ, રહેઠાણનું સરનામું, ફોટોગ્રાફ્સ, રોજગારની વિગતો વગેરે સહિતની વર્ચ્યુઅલી કોઇપણ માહિતી કરાર દ્વારા મેળવવા સામે રાજ્ય પર પ્રતિબંધ મુકાઈ જશે, સિવાય કે તે તમામ પ્રાઇવસીના અધિકારનો ભાગ ન હોવાનું જણાય.

• તેનું પરિણામ એ આવશે કે ન્યાયતંત્ર અનુચ્છેદ ૨૧ માં શું સામેલ કરી શકાય તેના બદલે પ્રાઈવસીના કયા પાસાઓને અનુચ્છેદ ૨૧ માંથી બાકાત કરી શકાય તેની કસોટી કરી રહ્યું હશે.

આ દલીલે પણ આપણને રોકી રાખવાની જરૂર નથી. પ્રાઈવસીના પાસાઓ સાથે કામ પાર પાડતી વૈધાનિક જોગવાઈઓની એ આધાર પર ચકાસણી થતી રહેશે કે શું તેઓ પ્રાઈવસીના મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન કરે છે, અને જો સંતુલન પરીક્ષણમાં એવું જણાય કે સામાજિક કે જાહેર હિત અને પ્રતિબંધોની વાજબીતા દાવો કરાયેલા પ્રાઈવસીના ચોક્કસ પાસા કરતાં વધુ મહત્વપૂર્ણ છે, તો તેને રદબાતલ કરવામાં આવશે નહીં. જો આવું હોય, તો આપેલ સંજોગોમાં વ્યક્તિઓ વિશે માહિતી કરાર દ્વારા મેળવવા માટે રાજ્યને સક્ષમ બનાવતા કાયદાઓ કસોટીમાં પાર ઊતરશે, શરતે કે તેઓ વ્યક્તિગત પ્રાઈવસીના અધિકારનું પણ રક્ષણ કરતા હોય. એક સરળ ઉદાહરણ પૂરતું થશે. જો કોઈ વ્યક્તિ ફેસબુક પર પોતાના વિશે મહત્વપૂર્ણ માહિતી પોસ્ટ કરે, તો આવી માહિતી જાહેર ક્ષેત્રમાં હોવાથી, આવી જાહેરાત પછી સંભવતઃ પ્રાઈવસી અધિકાર તરીકે તેનો દાવો કરી શકાય નહીં. પરંતુ, કોઈ કાયદાકીય જરૂરિયાતના અનુસંધાનમાં, જો સંબંધિત વૈધાનિક હેતુ માટે અમુક વિગતો આપવાની જરૂર હોય, તો આવી વિગતો ચોક્કસપણે પ્રાઈવસીના અધિકારને અસર કરશે, પરંતુ સંતુલન પર તે કસોટીમાં પાર ઊતરશે કારણ કે સંબંધિત સરકારી પગલાં પાસે આ અધિકારનું રક્ષણ કરવા માટે પૂરતા આંતરિક સુરક્ષા પગલાં છે- અર્થાત્ એવી

હકીકત કે જાહેર હિતના અનિવાર્ય આધારો સિવાય આવી માહિતી અન્ય કોઈને પણ પ્રસારિત કરી શકાતી નથી.

પ્રાઈવસીનો મૂળભૂત અધિકાર

૬૧. આ નિષ્કર્ષ આપણને એ બાબત પર લાવે છે કે બંધારણમાં પ્રાઈવસીનો અધિકાર ક્યાં રહેલો છે. પરંતુ તે કરતાં પહેલાં, બંધારણના કેટલાક મૂળભૂત સિદ્ધાંતોનું પુનઃકથન કરવું મહત્વપૂર્ણ છે.

૬૨. આપણે મહાન જહોન માર્શલ, ચીફ જસ્ટિસની એ ચેતવણી ક્યારેય ભૂલવી જોઈએ નહીં કે આપણે જેનું અર્થઘટન કરી રહ્યા છીએ તે બંધારણ છે. [(જુઓ: મેકકુલોક વિ. મેરીલેન્ડ, ૧૭ યુ.એસ. ૩૧૬, પૃષ્ઠ ૪૦૭ (૧૮૧૯))]. ખરેખર બંધારણ એ લોકોના જીવનનું સંચાલન કરવા માટે નિર્ધારિત છે, અને જેમ જેમ લોકોનું જીવન સમય સાથે વિકસિત થાય છે અને બદલાય છે, તેમ તેમ આવા ફેરફારો સાથે તાલ મિલાવવા માટે બંધારણનું અર્થઘટન પણ બદલાય છે. આ બાબત આ કોર્ટના ઓછામાં ઓછા બે ચુકાદાઓમાં સારી રીતે વ્યક્ત કરવામાં આવી હતી. અશોક તંવર અને અન્ય વિ. એચ.પી. રાજ્ય અને અન્ય, (૨૦૦૫) ૨ એસસીસી ૧૦૪ માં, બંધારણીય બેંચે નીચે મુજબ જણાવ્યું હતું:

> "આ ઉપરાંત, આ કોર્ટ દ્વારા બંધારણના હેતુ અને આદેશને પૂર્ણ કરતા વિવિધ પાસાઓને ધ્યાનમાં રાખીને બંધારણની જોગવાઈનું અર્થઘટન એક અલગ સ્થાને ઊભું છે. અન્ય કાયદાઓથી વિપરીત બંધારણ એ

વારંવારના પુનરાવર્તન વિના લાંબા વર્ષો સુધી, એટલે કે યુગો સુધી સેવા આપવા માટેનું ટકાઉ સાધન છે. તે જે દિવસે ઘડવામાં આવ્યું હતું તે દિવસની જરૂરિયાતો પૂર્ણ કરવા માટે અને ભવિષ્યની બદલાતી પરિસ્થિતિઓની જરૂરિયાતોને પહોંચી વળવા માટે પણ નિર્ધારિત છે. આર.સી. પૌધાલ વિ. યુનિયન ઓફ ઈન્ડિયા, ૧૯૯૪ સપ્લી (૧) એસસીસી ૩૨૪ માં, પેરા ૧૨૪ માં આ કોર્ટે નીચે મુજબ અવલોકન કર્યું હતું:

'૧૨૪. અનુચ્છેદ ૨ હેઠળની બંધારણીય સત્તાના ઉપયોગની કાયદેસરતાની ન્યાયિક સમીક્ષામાં, સંસદ દ્વારા યોગ્ય માનવામાં આવેલા નિર્ણયના રાજકીય ઘટકોના મહત્વ અને પ્રસ્તુતતાને જ્યાં સુધી શરતો બંધારણીય મૂળભૂત સિદ્ધાંતોનું ઉલ્લંઘન ન કરતી હોય ત્યાં સુધી વિચારણામાંથી બાકાત રાખી શકાય નહીં. બંધારણીય દસ્તાવેજના અર્થઘટનમાં, 'શબ્દો માત્ર વિભાવનાઓનું માળખું છે અને વિભાવનાઓ શબ્દો કરતાં પણ વધુ બદલાઈ શકે છે'. વિભાવનાઓના આ પરિવર્તનનું મહત્વ નિર્ણાયક છે અને તેમના વિકાસના માર્ગને સ્વીકાર્યા વિના માત્ર શબ્દોના અર્થને આધારે બંધારણીય મુદ્દાઓ ઉકેલી શકાતા નથી. યોગ્ય રીતે કહેવામાં આવ્યું છે કે 'બંધારણનો આશય વિગતો કંડારવા કરતાં સિદ્ધાંતોની રૂપરેખા આપવાનો છે'.'

"ન્યાયિક પદ્ધતિઓ" પરના પ્રથમ બી.એન. રાવ સ્મૃતિ વ્યાખ્યાનમાં એમ. હિદાયતુલ્લાહ, જે. એ અવલોકન કર્યું હતું:

> 'સામાન્ય કાયદાઓના અર્થઘટન કરતાં બંધારણના અર્થઘટનમાં વધુ સ્વતંત્રતા અસ્તિત્વ ધરાવે છે. આનું કારણ એ છે કે સામાન્ય કાયદો ઘણીવાર અદાલતો સમક્ષ હોય છે, જેથી ન્યાયાધીશોના મંતવ્યો સરળતાથી ઉપલબ્ધ હોય છે જ્યારે બંધારણીય કાયદાના ક્ષેત્રમાં વારંવાર પરિસ્થિતિ અને અભિગમની નવીનતા હોય છે.'

ચીફ જસ્ટિસ માર્શલે પ્રખ્યાત મેકકુલોક વિ. મેરીલેન્ડ [૪ વ્હીટન (૧૭ યુએસ) ૩૧૬: ૪ એલ એડ ૫૭૯ (૧૮૧૯)] નો નિર્ણય કરતી વખતે ગર્ભિત ટિપ્પણી કરી હતી—'આપણે ક્યારેય ભૂલવું જોઈએ નહીં કે આપણે જેનું અર્થઘટન કરી રહ્યા છીએ તે બંધારણ છે'—જેનો અર્થ એ થાય છે કે તે નવી પરિસ્થિતિઓમાં નવા અર્થનો પ્રશ્ન છે. કાર્ડોઝોએ પણ તેમના પ્રવચનોમાં કહ્યું હતું: 'બંધારણની મહાન સામાન્યતાઓ એવી સામગ્રી અને મહત્વ ધરાવે છે જે યુગ-યુગમાં બદલાય છે.' મેકકુલોક વિ. મેરીલેન્ડ માં ચીફ જસ્ટિસ માર્શલે જાહેર કર્યું હતું કે બંધારણ 'આગામી યુગો સુધી ટકી રહેવા માટે અને પરિણામે માનવ બાબતોની વિવિધ કટોકટીઓને અનુકૂળ થવા માટે નિર્ધારિત કરવામાં આવ્યું હતું'. આ સંબંધમાં સુપ્રીમ કોર્ટ એડવોકેટ્સ-ઓન-રેકોર્ડ એસોસિએશન, (૧૯૯૩) ૪ એસસીસી ૪૪૧ ના પેરા ૩૨૪ થી ૩૨૬ માં કરવામાં આવેલા અવલોકનો જોવા યોગ્ય છે:"

"'૩૨૪. આપણી સમક્ષનો કેસ આપણા સમગ્ર અનુભવના પ્રકાશમાં વિચારવો જોઈએ, માત્ર બંધારણના ઘડવૈયાઓ દ્વારા શું કહેવામાં આવ્યું હતું તેના સંદર્ભમાં નહીં. આપણી સમક્ષ ઊભા થયેલા પ્રશ્નોનો નિર્ણય કરતી વખતે આપણે એ વિચારવું જોઈએ કે આજે ન્યાયતંત્ર શું છે, પચાસ વર્ષ પહેલાં શું હતું તે નહીં. બંધારણને માત્ર સમકાલીન સંજોગો અને મૂલ્યોના પ્રકાશમાં જ વાંચવાનું નથી, પરંતુ તેને એવી રીતે વાંચવું પડશે કે વર્તમાન પેઢીના સંજોગો અને મૂલ્યો તેની જોગવાઈઓમાં અભિવ્યક્ત થાય. એક પ્રતિષ્ઠિત ન્યાયશાસ્ત્રીએ અવલોકન કર્યું હતું કે 'બંધારણીય અર્થઘટન એ શોધ કરવાની પ્રક્રિયા જેટલી જ સર્જનની પ્રક્રિયા પણ છે.'

૩૨૫. હન્ટર વિ. સાઉધમ ઇન્ક. (૧૯૮૪) ૨ એસસીઆર ૧૪૫ માં કેનેડાની સુપ્રિમ કોર્ટના ચુકાદામાંથી નીચેનો ફકરો ટાંકવો ઉપયોગી થશે:

'એ સ્પષ્ટ છે કે "અવાજબી" નો અર્થ શબ્દકોશનો આશરો લઈને નક્કી કરી શકાતો નથી, તેમજ વૈધાનિક અર્થઘટનના નિયમોના સંદર્ભ દ્વારા પણ નક્કી થઈ શકતો નથી. બંધારણનું અર્થઘટન કરવાનું કાર્ય કાયદાનું અર્થઘટન કરવાના કાર્ય કરતાં નિર્ણાયક રીતે ભિન્ન છે. એક કાયદો વર્તમાન અધિકારો અને જવાબદારીઓને વ્યાખ્યાયિત કરે છે. તે સરળતાથી ઘડાય છે અને તેટલી જ સરળતાથી રદ થાય છે. તેનાથી વિપરીત, બંધારણ ભવિષ્ય પર નજર રાખીને તૈયાર કરવામાં આવે છે. તેનું કાર્ય સરકારી સત્તાના કાયદેસર ઉપયોગ માટે સતત માળખું પૂરું પાડવાનું

છે અને જ્યારે અધિકારોના ખરડા કે ચાર્ટર સાથે જોડાય છે ત્યારે વ્યક્તિગત અધિકારો અને સ્વાતંત્ર્યના અવિરત રક્ષણ માટે કાર્ય કરે છે. એકવાર ઘડાયા પછી, તેની જોગવાઈઓ સરળતાથી રદ કે સુધારી શકાતી નથી. તેથી, તે તેના ઘડવૈયાઓ દ્વારા ઘણીવાર અકલ્પિત એવી નવી સામાજિક, રાજકીય અને ઐતિહાસિક વાસ્તવિકતાઓને પહોંચી વળવા માટે સમય જતાં વૃદ્ધિ અને વિકાસ માટે સક્ષમ હોવું જોઈએ. ન્યાયતંત્ર બંધારણનું રક્ષક છે અને તેની જોગવાઈઓનું અર્થઘટન કરતી વખતે આ બાબતો ધ્યાનમાં રાખવી જ જોઈએ. પ્રોફેસર પોલ ફ્રોઇન્ડે આ વિચાર યોગ્ય રીતે વ્યક્ત કર્યો હતો જ્યારે તેમણે અમેરિકન અદાલતોને ચેતવણી આપી હતી કે "બંધારણની જોગવાઈઓને અંતિમ વસિયતનામાની જેમ ન વાંચો રખેને તે વસિયતનામું બની જાય".'

૩૨૬. બંધારણીય જોગવાઈઓને ટેકનિકલ અર્થઘટન દ્વારા મર્યાદિત કરી શકાય નહીં પરંતુ તેને ઉદાર અને અર્થપૂર્ણ અર્થઘટન આપવું જોઈએ. કાયદાઓનું અર્થઘટન કરવા માટે સહાયક સામાન્ય નિયમો અને પૂર્વધારણાઓ બંધારણની જોગવાઈઓનું અર્થઘટન કરતી વખતે લાગુ કરી શકાય નહીં. મિનિસ્ટર ઓફ હોમ અફેર્સ વિ. ફિશર [(૧૯૭૯) ૩ ઓલ ઇઆર ૨૧] માં બર્મુડિયન બંધારણ સાથે કામ પાર પાડતી વખતે લોર્ડ વિલ્બરફોર્સે પુનરોચ્ચાર કર્યો હતો કે બંધારણ એ 'સુઇ જેનેરીસ' (સ્વયં

વિશિષ્ટ) દસ્તાવેજ છે, જે તેના પોતાના વિશિષ્ટ પાત્રને અનુરૂપ અર્થઘટનના સિદ્ધાંતોની માંગ કરે છે.'

આ કોર્ટે અરુણા રોય વિ. યુનિયન ઓફ ઇન્ડિયા, (૨૦૦૨) ૭ એસસીસી ૩૬૮ માં, ચીફ જસ્ટિસ હોમ્સના પ્રખ્યાત શબ્દો યાદ કર્યા હતા કે "કાયદાનો આત્મા તર્ક નથી પરંતુ અનુભવ રહ્યો છે" અને અવલોકન કર્યું હતું કે આ શબ્દો બંધારણીય કાયદાને વધુ તાકાતથી લાગુ પડે છે. તે જ ચુકાદામાં આ કોર્ટે વ્યક્ત કર્યું હતું કે બંધારણ એ લોકો દ્વારા ઘડવામાં આવેલો કાયમી દસ્તાવેજ છે અને લોકો દ્વારા હંમેશ માટે તેમના પર શાસન કરવા માટે સ્વીકારવામાં આવ્યો છે અને બંધારણમાં ઉપયોગમાં લેવાયેલા શબ્દો અને અભિવ્યક્તિઓનો, તે અર્થમાં, કોઈ નિશ્ચિત અર્થ નથી અને બંધારણના કાર્યકાળ દરમિયાન લોકોના અનુભવના આધારે અર્થઘટન મેળવવું આવશ્યક છે. કાયદામાંના શબ્દો અને અભિવ્યક્તિઓનું અર્થઘટન કરવાના સંબંધમાં આવી જ બાબત કહી શકાય નહીં."

(પૃષ્ઠ ૧૧૪-૧૧૬ પર)

૬૩. આઈ.આર. કોએલ્હો (મૃત્યુ પામેલ) વારસદારો દ્વારા વિ. તમિલનાડુ રાજ્ય અને અન્ય, (૨૦૦૭) ૨ એસસીસી ૧ માં ૯-ન્યાયમૂર્તિઓની બેંચનો ચુકાદો પણ સમાન અસર ધરાવે છે, જે જણાવે છે:

"૪૨. બંધારણ એ જીવંત દસ્તાવેજ છે. બંધારણીય જોગવાઈઓનું અર્થઘટન સમયના પ્રવાહ અને કાયદાના વિકાસને ધ્યાનમાં રાખીને કરવું પડશે. તેથી, મૂળભૂત માળખાના સિદ્ધાંતનું અર્થઘટન કરતી વખતે કાયદાના વિસ્તરણ અને વિકાસ તરફ દોરી ગયેલા વિવિધ નિર્ણયોને યોગ્ય મહત્વ આપવું જરૂરી છે." (પૃષ્ઠ ૭૯ પર)

૬૪. આ પૃષ્ઠભૂમિમાં જ મૂળભૂત અધિકારોના પ્રકરણનું અર્થઘટન કરવામાં આવ્યું છે. આપણે એમ. નાગરાજ અને અન્ય વિ. યુનિયન ઓફ ઇન્ડિયા અને અન્ય, (૨૦૦૬) ૮ એસસીસી ૨૧૨ ના પેરા ૧૯ નો પણ એ સિદ્ધાંત માટે ઉલ્લેખ કરી શકીએ છીએ કે મૂળભૂત અધિકારોનું કોઈપણ સાચું અર્થઘટન આપણે જે બ્રહ્માંડમાં રહીએ છીએ તેની જેમ વિસ્તૃત હોવું જોઈએ. માનવીય પ્રવૃત્તિ સાથે તાલ મિલાવવા માટે મૂળભૂત અધિકારોની સામગ્રી સતત વિસ્તરતી રહે છે.

૬૫. બંધારણીય અર્થઘટનનું જ આ પરિણામ છે કે મેનકા ગાંધી (ઉપરોક્ત) પછી, અનુચ્છેદ ૨૧ એ માનવ અધિકારોના વિશાળ સમૂહનો સંગ્રહસ્થાન બની રહ્યો છે [411].

[411] (૧) વિદેશ જવાનો અધિકાર. મેનકા ગાંધી વિ. યુનિયન ઓફ ઇન્ડિયા (૧૯૭૮) ૧ એસસીસી ૨૪૮, પેરા ૫, ૪૮, ૯૦, ૧૭૧ અને ૨૧૬; (૨) કેદીઓનો બેડીઓ (બાર ફેટર્સ) સામેનો અધિકાર. ચાર્લ્સ શોભરાજ વિ. દિલ્હી એડમિનિસ્ટ્રેશન (૧૯૭૮) ૪ એસસીસી ૪૯૪, પેરા ૧૯૨, ૧૯૭-બી, ૨૩૪ અને ૨૪૧; (૩) કાનૂની સહાય મેળવવાનો અધિકાર. એમ.એચ. હોસ્કોટ વિ. મહારાષ્ટ્ર રાજ્ય (૧૯૭૮) ૩ એસસીસી ૫૪૪, પેરા ૧૨; (૪) જામીન મેળવવાનો અધિકાર. બાબુ સિંહ વિ. ઉત્તર પ્રદેશ રાજ્ય (૧૯૭૮) ૧ એસસીસી ૫૭૯, પેરા ૮; (૫) ગૌરવ સાથે જીવવાનો અધિકાર. જોલી જ્યોર્જ વર્ગીસ વિ. બેંક ઓફ કોચીન (૧૯૮૦) ૨ એસસીસી ૩૬૦, પેરા ૧૦; (૬) હાથકડી સામેનો અધિકાર. પ્રેમ શંકર શુક્લા વિ. દિલ્હી એડમિનિસ્ટ્રેશન (૧૯૮૦) ૩ એસસીસી ૫૨૬, પેરા ૨૧ અને ૨૨; (૭) કસ્ટોડિયલ હિંસા સામેનો અધિકાર. શીલા બારસે વિ. મહારાષ્ટ્ર રાજ્ય (૧૯૮૩) ૨ એસસીસી ૯૬, પેરા ૧; (૮) ગેરકાયદેસર ધરપકડ માટે વળતરનો અધિકાર. રુદુલ સાહ વિ. બિહાર રાજ્ય (૧૯૮૩) ૪ એસસીસી ૧૪૧, પેરા ૧૦; (૯) આજીવિકા કમાવવાનો અધિકાર. ઓલ્ગા ટેલિસ વિ. બોમ્બે મ્યુનિસિપલ

૬૬. તેથી ભારતમાં, મૂળવાદના સિદ્ધાંતને, જેનો શ્રી સુંદરમ દ્વારા ઉલ્લેખ કરવામાં આવ્યો હતો અને તેના પર આધાર રાખવામાં આવ્યો હતો, કોઈ સ્થાન નથી. આ સિદ્ધાંત અનુસાર, પ્રથમ તપાસ એ કરવાની હોય છે કે શું બંધારણના ઘડવૈયાઓએ બંધારણમાં કોઈ ચોક્કસ અધિકારનો સ્વીકાર કર્યો હતો કે અસ્વીકાર કર્યો હતો. વિદ્વાન એટર્ની જનરલ અને શ્રી સુંદરમના જણાવ્યા મુજબ, પ્રાઈવસીના અધિકાર પર આપણા બંધારણના ઘડવૈયાઓ દ્વારા વિચારણા કરવામાં આવી હતી અને તેનો સ્પષ્ટપણે અસ્વીકાર કરવામાં આવ્યો હતો. આ સિદ્ધાંત મુજબ, બીજા સ્તરે, સુપ્રિમ કોર્ટ માટે બંધારણનું એ રીતે અર્થઘટન

કોર્પોરેશન (૧૯૮૫) ૩ એસસીસી ૫૪૫, પેરા ૩૭; (૧૦) જાણવાનો અધિકાર. રિલાયન્સ પેટ્રોકેમિકલ્સ લિ. વિ. પ્રોપ્રાઇટર્સ ઓફ ઇન્ડિયન એક્સપ્રેસ ન્યૂઝપેપર્સ (૧૯૮૮) ૪ એસસીસી ૫૯૨, પેરા ૩૪; (૧૧) જાહેરમાં ફાંસી સામેનો અધિકાર. એટર્ની જનરલ ઓફ ઇન્ડિયા વિ. લછમા દેવી (૧૯૮૯) સપ્લી (૧) એસસીસી ૨૬૪, પેરા ૧; (૧૨) સરકારી હોસ્પિટલોમાં તબીબી સહાયનો અધિકાર. પરમાનંદ કટારા વિ. યુનિયન ઓફ ઇન્ડિયા (૧૯૮૯) ૪ એસસીસી ૨૮૬, પેરા ૮; (૧૩) તબીબી સારવાર મેળવવાનો અધિકાર. પરમાનંદ કટારા વિ. યુનિયન ઓફ ઇન્ડિયા (૧૯૮૯) ૪ એસસીસી ૨૮૬, પેરા ૮; (૧૪) આશ્રય મેળવવાનો અધિકાર. શાંતિસ્ટાર બિલ્ડર્સ વિ. એન.કે. તોતામે (૧૯૯૦) ૧ એસસીસી ૫૨૦, પેરા ૯ અને ૧૩; (૧૫) પ્રદૂષણ મુક્ત પાણી અને હવા મેળવવાનો અધિકાર. સુભાષ કુમાર વિ. બિહાર રાજ્ય (૧૯૯૧) ૧ એસસીસી ૫૯૮, પેરા ૭; (૧૬) ઝડપી ટ્રાયલ મેળવવાનો અધિકાર. એ.આર. અંતુલે વિ. આર.એસ. નાયક (૧૯૯૨) ૧ એસસીસી ૨૨૫, પેરા ૮૬; (૧૭) ગેરકાયદેસર અટકાયત સામેનો અધિકાર. જોગીન્દર કુમાર વિ. ઉત્તર પ્રદેશ રાજ્ય (૧૯૯૪) ૪ એસસીસી ૨૬૦, પેરા ૨૦ અને ૨૧; (૧૮) તંદુરસ્ત પર્યાવરણનો અધિકાર. વિરેન્દર ગૌર વિ. હરિયાણા રાજ્ય (૧૯૯૫) ૨ એસસીસી ૫૭૭, પેરા ૭; (૧૯) કામદારો માટે આરોગ્ય અને તબીબી સારવારનો અધિકાર. કન્ઝ્યુમર એજ્યુકેશન એન્ડ રિસર્ચ સેન્ટર વિ. યુનિયન ઓફ ઇન્ડિયા (૧૯૯૫) ૩ એસસીસી ૪૨, પેરા ૨૪ અને ૨૫; (૨૦) સ્વચ્છ પર્યાવરણનો અધિકાર. વેલ્લોર સિટીઝન્સ વેલફેર ફોરમ વિ. યુનિયન ઓફ ઇન્ડિયા (૧૯૯૬) ૫ એસસીસી ૬૪૭, પેરા ૧૩, ૧૬ અને ૧૭; (૨૧) જાતીય સતામણી સામેનો અધિકાર. વિશાખા અને અન્ય વિ. રાજસ્થાન રાજ્ય અને અન્ય (૧૯૯૭) ૬ એસસીસી ૨૪૧, પેરા ૩ અને ૭; (૨૨) ઘોંઘાટ પ્રદૂષણ સામેનો અધિકાર. ઇન રી, નોઈઝ પોલ્યુશન (૨૦૦૫) ૫ એસસીસી ૭૩૩, પેરા ૧૧૭; (૨૩) નિષ્પક્ષ ટ્રાયલ મેળવવાનો અધિકાર. ઝહીરા હબીબુલ્લા શેખ અને અન્ય વિ. ગુજરાત રાજ્ય અને અન્ય (૨૦૦૬) ૩ એસસીસી ૩૭૪, પેરા ૩૬ અને ૩૮; (૨૪) ઊંઘવાનો અધિકાર. ઇન રી, રામલીલા મેદાન ઇન્સિડન્ટ (૨૦૧૨) ૫ એસસીસી ૧, પેરા ૩૧૧ અને ૩૧૮; (૨૫) પ્રતિષ્ઠાનો અધિકાર. ઉમેશ કુમાર વિ. આંધ્ર પ્રદેશ રાજ્ય (૨૦૧૩) ૧૦ એસસીસી ૫૯૧, પેરા ૧૮; (૨૬) એકાંત કેદ (સોલિટરી કન્ફાઇનમેન્ટ) સામેનો અધિકાર. શત્રુઘ્ન ચૌહાણ અને અન્ય વિ. યુનિયન ઓફ ઇન્ડિયા (૨૦૧૪) ૩ એસસીસી ૧, પેરા ૨૪૧.

કરવાનું શક્ય નથી કે જેથી ઘડવૈયાઓ દ્વારા નકારી કાઢવામાં આવેલા અધિકારને અસર આપી શકાય. આ બાબત માત્ર બંધારણમાં સુધારો કરીને જ કરી શકાય છે. તેથી એવી ભારપૂર્વક રજૂઆત કરવામાં આવી હતી કે જ્યારે ઘડવૈયાઓએ પ્રાઈવસીના અધિકારનો અસ્વીકાર કર્યો હતો, ત્યારે પ્રાઈવસીના મૂળભૂત અધિકારનો સમાવેશ કરવા માટે મૂળભૂત અધિકારોના પ્રકરણનું એ રીતે અર્થઘટન કરવાનું અમારા માટે શક્ય નથી. માત્ર સંસદ જ તેની બંધારણીય ક્ષમતામાં આવો અધિકાર દાખલ કરી શકે છે. ઉપર ટાંકવામાં આવેલા અધિકૃત ચુકાદાઓને ધ્યાનમાં રાખીને આ દલીલ નકારી કાઢવી જ જોઈએ. વધુમાં, આપણા બંધારણમાં, બંધારણનું અર્થઘટન કરવાનું કામ રાજ્યના ત્રણેય અંગો પર છોડવામાં આવ્યું નથી. જ્યારે બંધારણના અર્થઘટન અંગે કોઈ મહત્વપૂર્ણ કાયદેસર પ્રશ્ન ઊભો થાય છે, ત્યારે અનુચ્છેદ ૧૪૫(૩) હેઠળ આ કોર્ટ અને માત્ર આ કોર્ટે જ નક્કી કરવાનું છે કે બંધારણનું અર્થઘટન શું થશે, અને આ હેતુ માટે બંધારણ આ કાર્ય આ કોર્ટના ઓછામાં ઓછા ૫ ન્યાયાધીશોને સોંપે છે.

૬૭. શું પ્રાઈવસીનો મૂળભૂત અધિકાર મુખ્યત્વે અન્ય કેટલાક મૂળભૂત અધિકારો સાથે વંચાતા અનુચ્છેદ ૨૧ માં રહેલો છે?

૬૮. આ તબક્કે, યુ.એસ. સુપ્રિમ કોર્ટ દ્વારા પ્રાઈવસીના અધિકારના વિકાસનો ઉલ્લેખ કરવો મહત્વપૂર્ણ છે.

અગાઉના કેસો પ્રાઈવસીના અધિકારને મિલકત અધિકાર તરીકે જોવાનું વલણ ધરાવતા હતા કારણ કે તેઓ કહેવાતા 'લોચનર યુગ' નો ભાગ હતા જે

દરમિયાનસબસ્ટેન્ટિવયોગ્ય પ્રક્રિયાના સિદ્ધાંતે સામાજિક હિતો કરતાં મિલકતના અધિકારોને ઉચ્ચ સ્થાન આપ્યું હતું [412]. આમ શરૂઆતના એક કેસ, ઓલ્મસ્ટેડ વિ. યુનાઇટેડ સ્ટેટ્સ, ૨૭૭ યુ.એસ. ૪૩૮, પૃષ્ઠ ૪૭૪, ૪૭૮ અને ૪૭૯ (૧૯૨૮) માં, કોર્ટની બહુમતીએ ઠેરવ્યું હતું કે જાહેર શેરીઓમાં ટેલિફોન વાયરો સાથે જોડાયેલા વાયરટેપ્સ ચોથા સુધારા હેઠળ "ઝડતી" ગણાતા નથી કારણ કે પ્રતિવાદીઓના કોઈ મકાન કે કચેરીમાં કોઈ ભૌતિક પ્રવેશ થયો ન હતો. એક ઉત્કૃષ્ટ અસંમત ચુકાદામાં, લુઇસ બ્રાન્ડિસ, જે. એ ઠેરવ્યું હતું કે આ ચોથા સુધારાનું અત્યંત સંકુચિત અર્થઘટન છે અને ભવિષ્યવાદી શબ્દોમાં કહ્યું હતું કે:

> "વધુમાં, 'બંધારણના અમલમાં, આપણું ચિંતન માત્ર શું રહ્યું છે તેનું જ નહીં પરંતુ શું હોઈ શકે તેનું પણ હોવું જોઈએ.' સરકારને જાસૂસીના સાધનો પૂરા પાડવામાં વિજ્ઞાનની પ્રગતિ વાયરટેપિંગ સાથે અટકી જવાની સંભાવના નથી. ભવિષ્યમાં એવા રસ્તાઓ વિકસાવી શકાય છે જેના દ્વારા સરકાર, ગુપ્ત ખાનાઓમાંથી કાગળો હટાવ્યા વિના, તેને કોર્ટમાં પુનઃઉત્પાદિત કરી શકે, અને જેના દ્વારા તે ઘરની સૌથી અંતરંગ ઘટનાઓને જ્યુરી સમક્ષ ખુલ્લી પાડવા માટે સક્ષમ બનશે. માનસિક અને સંબંધિત વિજ્ઞાનોમાં પ્રગતિ અપ્રગટ માન્યતાઓ, વિચારો અને લાગણીઓની શોધખોળ કરવાના સાધનો લાવી શકે છે. જેમ્સ ઓટિસે

[412] આ યુગ ૨૦મી સદીની શરૂઆતથી ૧૯૩૭ સુધી ચાલ્યો હતો, જ્યારે નવને બચાવનાર કહેવતરૂપ 'સ્વિચ ઇન ટાઇમ' ન્યાયમૂર્તિ રોબર્ટ્સ દ્વારા કરવામાં આવી હતી. ૧૯૩૭ થી જ રાષ્ટ્રપતિ રૂઝવેલ્ટના ન્યૂ ડીલ કાયદાઓને પ:૪ ની બહુમતી દ્વારા માન્ય રાખવામાં આવ્યા હતા, જે અગાઉ પ:૪ ની બહુમતીથી રદબાતલ કરવામાં આવ્યા હતા.

આના કરતાં ઘણી ઓછી ઘૂસણખોરી વિશે કહ્યું હતું કે 'તે દરેક સામાન્ય અધિકારીના હાથમાં દરેક માણસની સ્વતંત્રતા મૂકી દે છે'. લોર્ડ કેમડેનને ઘણી ઓછી ઘૂસણખોરી 'સમાજના તમામ સુખોને નષ્ટ કરનારી' જણાઈ હતી. શું એવું હોઈ શકે કે બંધારણ વ્યક્તિગત સુરક્ષા પરના આવા આક્રમણો સામે કોઈ રક્ષણ આપતું નથી?"

૬૯. પ્રાઈવસીના અધિકારની એક પ્રભાવશાળી ઘોષણામાં પણ, તે મહાન ન્યાયાધીશે પ્રાઈવસીનો અધિકાર એ બંધારણીય રીતે સંરક્ષિત અધિકાર છે તેવું જણાવવા માટે લગભગ ૪૦ વર્ષ અગાઉ લખેલા પોતાના સહ-લેખિત લેખમાંથી ઉદ્ધરણ લીધું હતું:

"સુધારાઓ દ્વારા બાંયધરી આપેલ રક્ષણ અવકાશમાં ઘણું વ્યાપક છે. આપણા બંધારણના ઘડવૈયાઓએ સુખની પ્રાપ્તિ માટે અનુકૂળ પરિસ્થિતિઓ સુરક્ષિત કરવાનું બીડું ઝડપ્યું હતું. તેઓએ માણસના આધ્યાત્મિક સ્વભાવનું, તેની લાગણીઓનું અને તેની બુદ્ધિનું મહત્વ સ્વીકાર્યું હતું. તેઓ જાણતા હતા કે જીવનની પીડા, આનંદ અને સંતોષનો માત્ર એક ભાગ જ ભૌતિક વસ્તુઓમાં જોવા મળે છે. તેઓ અમેરિકનોની માન્યતાઓ, તેમના વિચારો, તેમની લાગણીઓ અને તેમની સંવેદનાઓનું રક્ષણ કરવા માગતા હતા. તેઓએ સરકાર સામે એકલા રહેવાનો અધિકાર આપ્યો હતો - અધિકારોમાં સૌથી વ્યાપક અધિકાર, અને સંસ્કારી માનવીઓ દ્વારા સૌથી વધુ મૂલ્યવાન માનવામાં આવતો અધિકાર. તે

અધિકારનું રક્ષણ કરવા માટે, ગમે તે સાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો હોય તે છતાં, વ્યક્તિની પ્રાઈવસીમાં સરકાર દ્વારા કરવામાં આવતી દરેક બિનવાજબી ઘૂસણખોરીને ચોથા સુધારાનું ઉલ્લંઘન ગણવું જોઈએ. અને આવી ઘૂસણખોરી દ્વારા મેળવેલા તથ્યોનો ફોજદારી કાર્યવાહીમાં પુરાવા તરીકે ઉપયોગ પાંચમા સુધારાનું ઉલ્લંઘન ગણવો જોઈએ."

બ્રાન્ડિસ, જે. ના દ્રષ્ટિકોણને કાત્ઝ (ઉપરોક્ત) માં કાયદાનો સાચો દ્રષ્ટિકોણ ગણવામાં આવ્યો હતો.

૭૦. કાત્ઝ (ઉપરોક્ત) પછી યુ.એસ. સુપ્રિમ કોર્ટના વિશાળ સંખ્યાબંધ ચુકાદાઓએ પ્રાઈવસીના અધિકારને યુ.એસ. બંધારણના બિલ ઓફ રાઈટ્સની કોઈને કોઈ કલમ હેઠળ આવતો ગણ્યો છે. આમ, ગ્રીસવોલ્ડ વિ. કનેક્ટિકટ, ૩૮૧ યુ.એસ. ૪૭૯ (૧૯૬૫) માં, ડગ્લાસ, જે. ના બહુમતી અભિપ્રાયમાં જણાયું હતું કે પ્રાઈવસીનો અધિકાર યુ.એસ. બંધારણના પ્રથમ, ત્રીજા, ચોથા અને પાંચમા સુધારાના છાયારૂપ (પેનમ્બ્રલ) પ્રદેશોમાં સમાવિષ્ટ હતો. ગોલ્ડબર્ગ, જે. ને આ અધિકાર નવમા સુધારામાં જડાયેલો જણાયો હતો જે જણાવે છે કે જે અધિકારો ગણાવેલા નથી તેઓ તેમ છતાં લોકો માટે અનામત રાખવામાં આવેલા અધિકારો તરીકે માન્ય છે. વ્હાઇટ, જે. ને આ અધિકાર ચૌદમા સુધારાની યોગ્ય પ્રક્રિયાની કલમમાં જણાયો હતો, જે યોગ્ય પ્રક્રિયાનું પાલન કર્યા વિના વ્યક્તિના સ્વાતંત્ર્યને છીનવી લેવાનો નિષેધ કરે છે. કાયદાનો આ દ્રષ્ટિકોણ રો વિ. વેડ, ૪૧૦ યુ.એસ. ૧૧૩ (૧૯૭૩) માં સ્વીકારવામાં આવ્યો હતો અને લાગુ કરવામાં

આવ્યો હતો, જેમાં ગર્ભ 'જીવનક્ષમ' ન જણાય ત્યાં સુધી ગર્ભપાત કરાવવો કે નહીં તે પોતાના માટે પસંદ કરવાનો સ્ત્રીનો અધિકાર સ્થાપિત કરવામાં આવ્યો હતો. અન્ય ચુકાદાઓએ લગ્ન સંબંધિત વ્યક્તિગત નિર્ણયોમાં પસંદગીની સ્વતંત્રતાના આ અધિકારને પણ માન્યતા આપી હતી, લવિંગ વિ. વર્જિનિયા, ૩૮૮ યુ.એસ. ૧, ૧૨ (૧૯૬૭); પ્રજનન, સ્કિનર વિ. ઓક્લાહોમા, ૩૧૬ યુ.એસ. ૫૩૫, ૫૪૧-૫૪૨ (૧૯૪૨); ગર્ભનિરોધ, આઈસેનસ્ટેડ વિ. બેર્ડ, ૪૦૫ યુ.એસ. ૪૩૮, ૪૫૩-૪૫૪ (૧૯૭૨); પારિવારિક સંબંધો, પ્રિન્સ વિ. મેસેચ્યુસેટ્સ, ૩૨૧ યુ.એસ. ૧૫૮, ૧૬૬ (૧૯૪૪); અને બાળ ઉછેર અને શિક્ષણ, પીયર્સ વિ. સોસાયટી ઓફ સિસ્ટર્સ, ૨૬૮ યુ.એસ. ૫૧૦, ૫૩૫ (૧૯૨૫).

૭૧. યુ.એસ. સુપ્રિમ કોર્ટના તાજેતરના નિર્ણય યુનાઈટેડ સ્ટેટ્સ વિ. જોન્સ, ૫૬૫ યુ.એસ. ૪૦૦ (૨૦૧૨) માં, યુ.એસ. સુપ્રિમ કોર્ટનો બહુમતી ચુકાદો સ્કેલિયા, જે. ના અભિપ્રાયના ભાગ ૨ માં ચુકાદાઓની ભુલભુલામણી દ્વારા પ્રાઈવસીના અધિકારને શોધી કાઢે છે, અને તેને બંધારણીય રીતે સંરક્ષિત અધિકાર ગણે છે.

કે તેઓ આંતરિક મૂલ્ય ધરાવે છે. બંધારણનો ભાગ ૩ મૂળભૂત અધિકારો આપતો નથી. તે તેમના અસ્તિત્વની પુષ્ટિ કરે છે અને તેમને રક્ષણ આપે છે. તેનો ઉદ્દેશ્ય અમુક વિષયોને રાજકીય વિવાદના ક્ષેત્રમાંથી પાછા ખેંચીને તેમને બહુમતીઓ અને અધિકારીઓની પહોંચથી પર મૂકવાનો અને અદાલતો દ્વારા લાગુ કરવાના કાનૂની સિદ્ધાંતો તરીકે સ્થાપિત કરવાનો છે. દરેક અધિકાર એક સામગ્રી ધરાવે છે. દરેક પાયાનું મૂલ્ય ભાગ ૩ માં મૂળભૂત અધિકાર તરીકે મૂકવામાં આવ્યું છે કારણ કે તે આંતરિક મૂલ્ય ધરાવે છે. તેનાથી ઊલટું લાગુ પડતું નથી. અધિકાર મૂળભૂત અધિકાર બને છે કારણ કે તે પાયાનું મૂલ્ય ધરાવે છે. સિદ્ધાંતો ઉપરાંત, જે અનુચ્છેદમાં મૂળભૂત મૂલ્ય સમાવિષ્ટ છે તેની રચના પણ જોવી પડશે. મૂળભૂત અધિકાર એ રાજ્યની સત્તા પરની મર્યાદા છે. એક બંધારણ, અને ખાસ કરીને તેનો તે ભાગ જે મૂળભૂત અધિકારો અને સ્વાતંત્ર્યોનું રક્ષણ કરે છે અને દ્રઢ બનાવે છે કે જેના માટે રાજ્યની તમામ વ્યક્તિઓ હકદાર છે, તેને ઉદાર અને હેતુપૂર્ણ અર્થઘટન આપવું જોઈએ. સકલ પેપર્સ (પ્રા.) લિ. વિ. યુનિયન ઓફ ઇન્ડિયા [એઆઈઆર ૧૯૬૨ એસસી ૩૦૫ : (૧૯૬૨) ૩ એસસીઆર ૮૪૨] માં, આ કોર્ટે ઠેરવ્યું છે કે મૂળભૂત અધિકારોની પ્રકૃતિ અને સામગ્રી પર વિચાર કરતી વખતે, કોર્ટે ભાષાનું શાબ્દિક અર્થમાં અર્થઘટન કરવા માટે એટલું ચતુર ન થવું જોઈએ કે જેથી તેઓ ક્ષીણ થઈ જાય. કોર્ટે બંધારણનું એ રીતે અર્થઘટન કરવું જોઈએ કે જેથી નાગરિકો તેના દ્વારા બાંયધરી આપવામાં આવેલા અધિકારોનો સંપૂર્ણ પ્રમાણમાં ઉપભોગ કરવા સક્ષમ બને. ભારતીય બંધારણમાં એક મહત્વપૂર્ણ મૂળભૂત અધિકારના શાબ્દિક અને સંકુચિત અર્થઘટનનું ઉદાહરણ

એ.કે. ગોપાલન વિ. મદ્રાસ રાજ્ય [એઆઈઆર ૧૯૫૦ એસસી ૨૭ : ૧૯૫૦ એસસીઆર ૮૮] માં સુપ્રીમ કોર્ટનો પ્રારંભિક નિર્ણય છે. બંધારણનો અનુચ્છેદ ૨૧ પૂરો પાડે છે કે કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયા અનુસાર સિવાય કોઈપણ વ્યક્તિને તેના જીવન અને વ્યક્તિગત સ્વાતંત્ર્યથી વંચિત કરવામાં આવશે નહીં. સુપ્રીમ કોર્ટે બહુમતી દ્વારા ઠેરવ્યું હતું કે 'કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયા' નો અર્થ સંસદ અથવા રાજ્યની વિધાનસભાઓ દ્વારા બનાવવામાં આવેલા કાયદા દ્વારા સ્થાપિત કોઈપણ પ્રક્રિયા થાય છે. સુપ્રીમ કોર્ટે આ પ્રક્રિયામાં કુદરતી ન્યાયના સિદ્ધાંતો દાખલ કરવાનો ઇનકાર કર્યો હતો. તેણે માત્ર ઘડાયેલા કાયદાના અસ્તિત્વ પર જ ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. ત્રણ દાયકા પછી, સુપ્રીમ કોર્ટે એ.કે. ગોપાલન માં પોતાના અગાઉના નિર્ણયને રદબાતલ કર્યો અને મેનકા ગાંધી વિ. યુનિયન ઓફ ઇન્ડિયા, (૧૯૭૮) ૧ એસસીસી ૨૪૮ ના પોતાના ઐતિહાસિક ચુકાદામાં ઠેરવેલ કે અનુચ્છેદ ૨૧ દ્વારા વિચારવામાં આવેલી પ્રક્રિયા વાજબીતાની કસોટી સંતોષતી હોવી જોઈએ. કોર્ટે વધુમાં ઠેરવેલ કે પ્રક્રિયા કુદરતી ન્યાયના સિદ્ધાંતોને પણ અનુરૂપ હોવી જોઈએ. મૂળભૂત અધિકારના વિસ્તૃત અર્થઘટનનું ઉદાહરણ દર્શાવવા માટે આ ઉદાહરણ આપવામાં આવ્યું છે. અનુચ્છેદ ૨૧ માં 'જીવન' અભિવ્યક્તિ માત્ર શારીરિક અથવા પ્રાણી સમાન અસ્તિત્વનો અર્થ સૂચવતી નથી. જીવન જીવવાના અધિકારમાં માનવીય ગૌરવ સાથે જીવવાના અધિકારનો સમાવેશ થાય છે. આ કોર્ટે અસંખ્ય કેસોમાં એ સિદ્ધાંત પર ભાગ ૩ માં સ્પષ્ટપણે ઉલ્લેખિત ન હોય તેવા મૂળભૂત લક્ષણો શોધી કાઢ્યા છે કે અમુક અસ્પષ્ટ અધિકારો ગણાવેલી બાંયધરીઓમાં ગર્ભિત છે."

(પૃષ્ઠ ૮૫-૮૬ પર)

(૩) સીરવાઈ બહુમતી ચુકાદાની તીખી ટીકામાં નીચે મુજબ જણાવે છે:

"૩૦. અત્યાર સુધીની આપણી ચર્ચાનું પરિણામ આ રીતે જણાવી શકાય: અનુચ્છેદ ૨૧ જીવન અથવા વ્યક્તિગત સ્વાતંત્ર્યનો અધિકાર આપતો નથી: અનુચ્છેદ ૨૧ તે અધિકારો અસ્તિત્વ ધરાવે છે તે હકીકત ધારી લે છે અથવા સ્વીકારે છે અને ત્યાં પૂરી પાડવામાં આવેલી હદ સુધી તે અધિકારોથી વંચિત થવા સામે રક્ષણ પૂરું પાડે છે. 'કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયા' શબ્દપ્રયોગનો અર્થ માત્ર પ્રક્રિયાગત કાયદો નથી પરંતુ તેમાંસબસ્ટેન્ટિવદર્શી (સબસ્ટેન્ટિવ) કાયદાઓનો પણ સમાવેશ થવો જોઈએ. 'કાયદો' શબ્દનો અર્થ એક માન્ય કાયદો હોવો જોઈએ, એટલે કે, તેને ઘડનાર ધારાસભાની કાયદાકીય યોગ્યતાની અંદરનો કાયદો, જે કાયદો મૂળભૂત અધિકારો દ્વારા કાયદાકીય સત્તા પર લાદવામાં આવેલી મર્યાદાઓનું ઉલ્લંઘન કરતો નથી. 'વ્યક્તિગત સ્વાતંત્ર્ય' નો અર્થ બાહ્ય સંયમ અથવા બળજબરીથી વ્યક્તિનું સ્વાતંત્ર્ય થાય છે. આમ અનુચ્છેદ ૨૧ કાયદાકીય સત્તા પર પ્રતિબંધો મૂકીને જીવન અને વ્યક્તિગત સ્વાતંત્ર્યનું રક્ષણ કરે છે, જે અનુચ્છેદ ૨૪૫ અને ૨૪૬ હેઠળ 'આ બંધારણ' ની જોગવાઈઓને આધીન છે, અને તેથી મૂળભૂત અધિકારોને આધીન છે. આ રક્ષણનું ચોક્કસ સ્વરૂપ જણાવવું મુશ્કેલ છે, પ્રથમ કારણ કે અન્ય બાબતોની સાથે, આવું રક્ષણ અનુચ્છેદ ૧૪, ૨૦ અને ૨૨(૧)

અને (૨) જેવા મૂળભૂત અધિકારો આપતા અન્ય અનુચ્છેદો સાથે અનુચ્છેદ ૨૧ વાંચવા પર નિર્ભર છે; અને, બીજું, કારણ કે મૂળભૂત અધિકારો તેમના મૂળ સ્વભાવથી જ સામાન્ય કાયદાઓનો સંદર્ભ આપે છે જે તે અધિકારોના વિષય સાથે કામ પાર પાડે છે.

૩૧. જીવંત વ્યક્તિના શરીરમાં અંતર્નિહિત જીવન અને વ્યક્તિગત સ્વાતંત્ર્યનો અધિકાર માત્ર અનુચ્છેદ ૨૧ દ્વારા જ નહીં પરંતુ ભારતના દીવાની અને ફોજદારી કાયદાઓ દ્વારા પણ માન્ય અને સુરક્ષિત છે, અને તે કમનસીબ છે કે હેબિયસ કોર્પસ કેસમાં આ બાબતને તે ધ્યાન મળ્યું નહીં જે તેને મળવું જોઈતું હતું. બંધારણ કે કોઈપણ કાયદો જીવન જીવવાનો અધિકાર આપતો નથી. તે અધિકાર જીવંત માનવ શરીરના અસ્તિત્વમાંથી ઉદ્ભવે છે. વ્યક્તિગત સ્વાતંત્ર્ય સુરક્ષિત કરવા માટેનો સૌથી પ્રખ્યાત ઉપાય, હેબિયસ કોર્પસની રિટ, ગેરકાયદેસર રીતે અટકાયત કરાયેલી હોવાનો આક્ષેપ કરાયેલ વ્યક્તિના શરીરને કોર્ટ સમક્ષ રજૂ કરવાની આવશ્યકતા રાખે છે. બંધારણ જીવન અને વ્યક્તિગત સ્વાતંત્ર્યથી વંચિત થવા સામે રક્ષણ આપે છે; ભારતમાં અમલમાં રહેલા દીવાની અને ફોજદારી કાયદાઓ પણ તેમજ કરે છે ..."

(જુઓ, સીરવાઈ, કોન્સ્ટીટ્યુશનલ લૉ ઓફ ઈન્ડિયા (ચોથી આવૃત્તિ) એપેન્ડિક્સ પૃષ્ઠ ૨૨૧૯).

અમારો એવો મત છે કે વિદ્વાન લેખક દ્વારા કરવામાં આવેલું ઉપરોક્ત વિધાન બંધારણીય કાયદામાં સાચી સ્થિતિ દર્શાવે છે. તેથી, અમે એડીએમ જબલપુર (ઉપરોક્ત) માં બહુમતી ચુકાદાઓને સ્પષ્ટપણે રદબાતલ કરીએ છીએ.

૯૩. આ વિષયને પૂર્ણ કરતાં પહેલાં, અમે માત્ર એટલું જ નિર્દેશ કરી શકીએ છીએ કે ચુકાદો આપવામાં આવ્યાના બે વર્ષ પછી બંધારણના ૩૯મા સુધારા દ્વારા બહુમતી મંતવ્યનો અંત લાવવામાં આવ્યો હતો. તે સુધારા દ્વારા, અનુચ્છેદ ૩૫૯ માં સુધારો કરીને જણાવવામાં આવ્યું હતું કે જ્યાં કટોકટીની ઉદ્ઘોષણા અમલમાં હોય, ત્યાં રાષ્ટ્રપતિ આદેશ દ્વારા જાહેર કરી શકે છે કે બંધારણના ભાગ ૩ દ્વારા આપવામાં આવેલા અધિકારોના અમલ માટે કોઈપણ અદાલતમાં જવાનો અધિકાર તે સમયગાળા દરમિયાન મોકૂફ રહી શકે છે જે દરમિંયાન આવી ઉદ્ઘોષણા અમલમા હોય, સિવાય કે અનુચ્છેદ ૨૦ અને ૨૧. આ આધાર પર પણ, એ સ્પષ્ટ છે કે પ્રાઈવસીનો અધિકાર એ એક અવિભાજ્ય માનવ અધિકાર છે જે માનવી હોવાના નાતે દરેક વ્યક્તિમાં અંતર્નિહિત છે.

નિષ્કર્ષ

૯૪. આ સંદર્ભનો ઉત્તર એ જણાવીને આપવામાં આવે છે કે પ્રાઈવસીનો અવિભાજ્ય મૂળભૂત અધિકાર અનુચ્છેદ ૨૧ માં અને ભારતના બંધારણના ભાગ ૩ માં સમાવિષ્ટ અન્ય મૂળભૂત સ્વાતંત્ર્યોમાં રહેલો છે. એમ.પી. શર્મા (ઉપરોક્ત) અને ખરક સિંહ (ઉપરોક્ત) માં બહુમતી, જ્યાં સુધી તેઓ તેનાથી વિપરીત નિર્દેશ કરે છે તે હદ સુધી, રદબાતલ (ઓવરરૂલ) ઠરે છે. પ્રાઈવસીને મૂળભૂત અધિકાર

તરીકે માન્યતા આપતા આ કોર્ટના પછીના ચુકાદાઓની પુનઃતપાસ કરવાની જરૂર નથી. તેથી આ કેસોને અમે હમણાં આપેલા ચુકાદાના પ્રકાશમાં ગુણદોષના આધારે નિકાલ કરવા માટે આ કોર્ટના ૩ માનનીય ન્યાયાધીશોની મૂળ બેંચ સમક્ષ પરત મોકલવામાં આવે છે.

જે. ચેલમેશ્વર, ન્યાયમૂર્તિ

૧. મને મારા વિદ્વાન બંધુઓ જસ્ટિસ નરીમાન અને જસ્ટિસ ચંદ્રચૂડના અભિપ્રાય વાંચવાનો લાભ મળ્યો છે. તે બંનેએ આ સંદર્ભનો ઉત્તર આપવા માટે આ બેંચ દ્વારા તપાસવાની જરૂર હોય તેવા વિવિધ પ્રશ્નો સાથે ઊંડાણપૂર્વક કામ પાર પાડ્યું છે. જે હકીકતલક્ષી પૃષ્ઠભૂમિમાં આ પ્રશ્નો ઉદ્ભવે છે અને વર્તમાન મુકદ્દમાનો ઇતિહાસ મારા વિદ્વાન બંધુઓના ચુકાદાઓમાં નિર્ધારિત કરવામાં આવ્યો છે. તેનું પુનરાવર્તન કરવાની કોઈ જરૂર નથી. બાબતના મહત્વને ધ્યાનમાં રાખીને, આ બાબતમાં જે વિવિધ પ્રશ્નો પર ચર્ચા કરવામાં આવી હતી તે અંગેના મારા કેટલાક મંતવ્યો નોંધવાથી હું મારી જાતને રોકી શકતો નથી.

૨. મારા મતે, નીચેના ત્રણ પ્રશ્નો આ તપાસનો મુખ્ય સાર રચે છે:

(૧) શું ભારતના બંધારણ હેઠળ પ્રાઈવસીનો કોઈ મૂળભૂત અધિકાર છે?

(૨) જો તે અસ્તિત્વ ધરાવે છે, તો તે ક્યાં રહેલો છે?

(૩) આવા અધિકારની રૂપરેખા શું છે?

૩. આ પ્રશ્નો એટલા માટે ઉદ્‌ભવ્યા કારણ કે યુનિયન ઓફ ઈન્ડિયા અને કેટલાક સામાવાળાઓએ એવું વલણ અપનાવ્યું હતું કે, આ કોર્ટના બે મોટી બેંચના ચુકાદાઓને [416] ધ્યાનમાં લેતાં, બંધારણ હેઠળ પ્રાઈવસીના કોઈ મૂળભૂત અધિકારની બાંયધરી આપવામાં આવી નથી.

૪. તેથી, શરૂઆતમાં જ, એ તપાસવું જરૂરી છે કે શું એમ.પી. શર્મા અને ખરક સિંહનો ચુકાદાનો ગુણોત્તર (રેશિયો ડેસિડેન્ડી) એ છે કે આપણા બંધારણ હેઠળ પ્રાઈવસીનો કોઈ મૂળભૂત અધિકાર નથી; અને જો તે ખરેખર તે બે નિર્ણયોમાંથી કોઈ એકનો રેશિયો હોય તો શું તેઓ સાચી રીતે નક્કી થયા હતા? એમ.પી. શર્મા માં આ કોર્ટ સમક્ષ વિચારણા માટે જે મુદ્દો આવ્યો હતો તે એ હતો કે - શું કોઈ ગુનાના આરોપી વ્યક્તિના કબજામાંથી દસ્તાવેજો જપ્ત કરવા એ આપણા બંધારણના અનુચ્છેદ ૨૦(૩) હેઠળ પ્રતિબંધિત "પુરાવારૂપ ફરજિયાતપણું" (ટેસ્ટિમોનિયલ કમ્પલ્શન) સમાન ગણાશે?

૫. "પુરાવારૂપ ફરજિયાતપણું" સામેનો નિયમ આપણા બંધારણના અનુચ્છેદ ૨૦(૩) [417] માં સમાવિષ્ટ છે. "પુરાવારૂપ ફરજિયાતપણું" શબ્દપ્રયોગ તે જોગવાઈમાં જોવા મળતો નથી. અનુચ્છેદ ૨૦(૩) માં સમાવિષ્ટ આદેશને પુરાવારૂપ ફરજિયાતપણું સામેના નિયમ તરીકે વર્ણવવામાં આવ્યો હતો. આત્મ-દોષારોપણ સામેના નિયમનું મૂળ ઇંગ્લેન્ડની સ્ટાર ચેમ્બર દ્વારા અપનાવવામાં

[416] એમ.પી. શર્મા અને અન્ય વિ. સતીશ ચંદ્ર અને અન્ય, એઆઈઆર ૧૯૫૪ એસસી ૩૦૦ અને ખરક સિંહ વિ. યુ.પી. રાજ્ય અને અન્ય, એઆઈઆર ૧૯૬૩ એસસી ૧૨૯૫, (બંને અનુક્રમે આઠ અને છ ન્યાયાધીશોની બંધારણીય બેંચના નિર્ણયો).

[417] ભારતના બંધારણનો અનુચ્છેદ ૨૦(૩): "કોઈપણ ગુનાના આરોપી કોઈપણ વ્યક્તિને પોતાની વિરુદ્ધ સાક્ષી બનવા માટે ફરજ પાડી શકાશે નહીં."

આવેલી તપાસ પદ્ધતિઓ સામેના રોષમાં રહેલું છે [418] અને તે જ બાબત અમેરિકન બંધારણના પાંચમા સુધારામાં [419] સમાવિષ્ટ કરવામાં આવી હતી.

૬. શું આપણા બંધારણ હેઠળ મૂળભૂત અધિકાર તરીકે સમાવિષ્ટ "પુરાવારૂપ ફરજિયાતપણું" સામેનો નિયમ પ્રાઈવસીનો અધિકાર રચે છે? - એવો એક પ્રશ્ન છે જેની એમ.પી. શર્મા માં તપાસ કરવામાં આવી ન હતી. એમ.પી. શર્મા માં એવી દલીલ કરવામાં આવી હતી કે "ગુનાની તપાસ માટે દસ્તાવેજો મેળવવા માટેની ઝડતી એ આરોપી પાસેથી જ ગુનાહિત પુરાવા મેળવવાની ફરજ પાડવા સમાન છે અને તેથી, 'ઉદાર અર્થઘટનના અમુક નિયમો' માંથી વહેતા જરૂરી ગર્ભિતાર્થ દ્વારા અનુચ્છેદ ૨૦(૩) થી બાધિત છે ...". મૂળરૂપે આ નિયમ માત્ર મૌખિક પુરાવા સામે જ લાગુ કરવામાં આવ્યો હતો. પરંતુ બોયડ વિ. યુનાઇટેડ

---

[418] અંગ્રેજી કાયદામાં, આત્મ-દોષારોપણ સામેના રક્ષણના આ સિદ્ધાંતનું એક ઐતિહાસિક મૂળ હતું. તે ઇંગ્લેન્ડની સ્ટાર ચેમ્બર દ્વારા તેની ફોજદારી હકૂમતના ઉપયોગમાં અપનાવવામાં આવેલી તપાસ પદ્ધતિઓ અને લાદવામાં આવેલી બર્બર સજાઓ સામેના રોષની લાગણીનું પરિણામ હતું. આ બાબત જહોન લિલબર્ન, ૩ સ્ટેટ ટ્રાયલ્સ ૧૩૧૫ ના કેસમાં ચરમસીમાએ પહોંચી હતી, જેના કારણે સ્ટાર ચેમ્બરની નાબૂદી થઈ અને આરોપીને શપથ ન લેવડાવવા જોઈએ અને તેની પાસેથી કોઈ પુરાવા ન લેવા જોઈએ તેવા સિદ્ધાંતની દ્રઢ માન્યતા સ્થાપિત થઈ. આ સિદ્ધાંત, સમય જતાં, મૌખિક જુબાની આપવા અથવા દસ્તાવેજો રજૂ કરવા માટે બોલાવવામાં આવે ત્યારે સાક્ષીઓના આત્મ-દોષારોપણ સામેના વિશેષાધિકારના રૂપમાં તેના તાર્કિક વિસ્તરણમાં વિકસિત થયો. ક્રિમિનલ એવિડન્સ એક્ટ, ૧૮૯૮ દ્વારા આરોપીને પોતાના બચાવમાં એક સક્ષમ સાક્ષી બનાવીને ફેરફાર દાખલ કરવામાં આવ્યો હતો, જો તે તે માટે અરજી કરે અને એવી પણ જોગવાઈ કરીને કે પુરાવા આપવામાં તેની નિષ્ફળતાને ફરિયાદપક્ષ દ્વારા કોઈપણ ટિપ્પણીનો વિષય બનાવવામાં આવશે નહીં. પરંતુ જ્યાં સુધી સાક્ષીઓની મૌખિક જુબાની અને દસ્તાવેજો રજૂ કરવાનો સંબંધ છે, ત્યાં સુધી આત્મ-દોષારોપણ સામેનું રક્ષણ પહેલાંની જેમ જ ચાલુ રહ્યું. (જુઓ ફિપસન ઓન એવિડન્સ, ૯મી આવૃત્તિ, પૃષ્ઠ ૨૧૫ અને ૪૭૪). આ સિદ્ધાંતો, ૧૮૯૮ ના વૈધાનિક ફેરફાર પહેલાં જે મુજબ હતા, તે અમેરિકન કાનૂની પ્રણાલીમાં લઈ જવામાં આવ્યા અને તેના કોમન લૉનો ભાગ બન્યા. (જુઓ વિગમોર ઓન એવિડન્સ, વોલ્યુમ ૮, પૃષ્ઠ ૩૦૧ થી ૩૦૩). આ બાબત પાછળથી તેના પાંચમા સુધારા દ્વારા તેમના બંધારણમાં સમાવિષ્ટ કરવામાં આવી હતી.

[419] અમેરિકન બંધારણનો પાંચમો સુધારો: "કોઈપણ ફોજદારી કેસમાં કોઈપણ વ્યક્તિને પોતાની વિરુદ્ધ સાક્ષી બનવા માટે ફરજ પાડવામાં આવશે નહીં, તેમજ કાયદાની યોગ્ય પ્રક્રિયા વિના જીવન, સ્વાતંત્ર્ય કે મિલકતથી વંચિત કરવામાં આવશે નહીં ..."

સ્ટેટ્સ [420] ના ચુકાદાએ બંધારણીય રીતે અસ્વીકાર્ય ઝડતી [421] દરમિયાન મેળવેલા દસ્તાવેજો સુધી પણ આ નિયમનો વિસ્તાર કર્યો હતો.

આ કોર્ટે એ આધાર પર બોયડ માં રજૂ કરાયેલા સિદ્ધાંતને અનુચ્છેદ ૨૦(૩) માં વાંચવાનો ઇનકાર કર્યો હતો કે: "આપણા બંધારણમાં ચોથા સુધારાને અનુરૂપ કંઈ નથી".

આ કોર્ટે ઠેરવ્યું હતું કે ઝડતી અને જપ્તીની સત્તા એ "સામાજિક સુરક્ષાના રક્ષણ માટે રાજ્યની સર્વોપરી સત્તા" છે. તેણે વધુમાં ઠેરવેલ કે આવી સત્તા (૧) "કાયદા દ્વારા અનિવાર્યપણે નિયંત્રિત છે"; અને (૨) બંધારણના ઘડવૈયાઓએ "અમેરિકન ચોથા સુધારાને સમાન" કોઈ જોગવાઈ કરી ન હોવાથી, આવી આવશ્યકતા અનુચ્છેદ ૨૦(૩) માં વાંચી શકાય નહીં.

આ સદર સંદર્ભમાં જ આ કોર્ટે પ્રાઈવસીના અધિકારનો ઉલ્લેખ કર્યો હતો:

"કોઈપણ ન્યાયશાસ્ત્ર પ્રણાલીમાં ઝડતી અને જપ્તીની સત્તા એ સામાજિક સુરક્ષાના રક્ષણ માટે રાજ્યની સર્વોપરી સત્તા છે અને તે સત્તા કાયદા દ્વારા અનિવાર્યપણે નિયંત્રિત છે. જ્યારે બંધારણના ઘડવૈયાઓએ અમેરિકન ચોથા સુધારા સમાન પ્રાઈવસીના મૂળભૂત અધિકારની માન્યતા દ્વારા

---

[420] ૧૧૬ યુ.એસ. ૬૧૬

[421] ચોથા સુધારા હેઠળ પૂરા પાડવામાં આવેલા સુરક્ષા પગલાંના ઉલ્લંઘનમાં ઝડતી—"લોકોના પોતાના શરીરમાં, ઘરોમાં, કાગળોમાં અને ચીજવસ્તુઓમાં, અવાજબી ઝડતીઓ અને જપ્તીઓ સામે સુરક્ષિત રહેવાના અધિકારનું ઉલ્લંઘન કરવામાં આવશે નહીં, અને શપથ અથવા સમર્થન દ્વારા સમર્થિત, અને ખાસ કરીને જે સ્થળની ઝડતી લેવાની હોય, અને જે વ્યક્તિઓ અથવા વસ્તુઓને જપ્ત કરવાની હોય તેનું વર્ણન કરતું સંભવિત કારણ હોય તે સિવાય કોઈ વોરંટ જારી કરવામાં આવશે નહીં."

આવા નિયમનને બંધારણીય મર્યાદાઓને આધીન ન રાખવાનું યોગ્ય માન્યું છે, ત્યારે ખેંચાણપૂર્વકના અર્થઘટનની કોઈ પ્રક્રિયા દ્વારા તેને તદ્દન ભિન્ન મૂળભૂત અધિકારમાં આયાત કરવાનું આપણી પાસે કોઈ ઔચિત્ય નથી."

૭. આપ નામદારે એવું ઠેરવ્યું હતું કે આપણા બંધારણ હેઠળ પ્રાઈવસીનો કોઈ અધિકાર નથી તેવા નિષ્કર્ષ માટે મને કોઈ સમર્થન જણાતું નથી. મારા મતે, આપ નામદારનો કહેવાનો માત્ર એટલો જ અર્થ હતો કે અનુચ્છેદ ૨૦(૩) નું અર્થઘટન કરતી વખતે યુ.એસ. ચોથા સુધારાની સામગ્રી આપણા બંધારણમાં આયાત કરી શકાતી નથી. તે એમ.પી. શર્મા ના રેશિયોની સીમા છે. મારા મતે, યોગ્ય કેસમાં આવા નિષ્કર્ષની વધુ તપાસની જરૂર છે કારણ કે હવે એ સુસ્થાપિત છે કે બંધારણનું લખાણ એ બંધારણને સમજવા માટેનો માત્ર પ્રાથમિક સ્ત્રોત છે અને બંધારણને સમજવા માટે બંધારણના મૌનને પણ શોધી કાઢવું જરૂરી છે. અમેરિકન સુપ્રીમ કોર્ટના મતે પણ, ચોથો સુધારો એ પ્રાઈવસીના અધિકારનું એકમાત્ર સંગ્રહસ્થાન નથી [422]. તેથી, જો આવા મૂલ્યો ભારતીય બંધારણીય માળખાનો ભાગ હોય તો ચોથા સુધારાને પ્રેરિત કરતા મૂલ્યો સિવાયના મૂલ્યો પ્રાઈવસીના અધિકારને સ્થાપિત કરી શકે છે, અને એમ.પી. શર્મા આ શક્યતા પર

[422] ગ્રીસવોલ્ડ વિ. કનેક્ટિકટ, ૩૮૧ યુ.એસ. ૪૭૯ માં, કોર્ટનો અભિપ્રાય આપનાર ડગ્લાસ, જે. એ મત આપ્યો હતો કે પ્રથમ, ત્રીજો, ચોથો, પાંચમો અને નવમો સુધારો પ્રાઈવસીના ક્ષેત્રોનું નિર્માણ કરે છે. ગોલ્ડબર્ગ, જે. એ મત આપ્યો હતો કે ચૌદમો સુધારો પણ પ્રાઈવસીનું એક ક્ષેત્ર રચે છે. આ બાબત નિઃશંકપણે ચોથા સુધારાથી આગળ પ્રાઈવસીના અધિકારને સ્થાપિત કરે છે. ગ્રીસવોલ્ડ પછી પણ, રો વિ. વેડ, ૪૧૦ યુ.એસ. ૧૧૩ (૧૯૭૩) જેવા અન્ય કેસોએ ચોથા સુધારા સિવાયના અન્ય સ્ત્રોતોમાંથી પ્રાઈવસીના બંધારણીય અધિકારને શોધી કાઢીને આ મુદ્દાને સંપૂર્ણપણે સ્પષ્ટ કર્યો છે.

વિચાર કરતું નથી કે તે માટે કોઈ પ્રસંગ પણ નહોતો, કારણ કે તે કેસ અનુચ્છેદ ૨૦(૩) સાથે સંબંધિત હતો. ખાસ કરીને એટલા માટે કે એમ.પી. શર્મા ના ચુકાદાના સમયે ગોપાલન યુગનું ખાનાબંધીકરણ પ્રચલિત હતું અને વર્તમાન સમયની જેમ ભાગ ૩ નું એક સંકલિત અને જોડાયેલા સંહિતા તરીકે મેનકા ગાંધી જેવું કોઈ અર્થઘટન ન હતું.

અનુચ્છેદ ૨૧, ૧૪, ૧૯ અથવા ૨૫ વગેરે હેઠળ બાંયધરી આપવામાં આવેલા અન્ય કોઈપણ મૂળભૂત અધિકારમાં પ્રાઈવસીનો અધિકાર ગર્ભિત છે કે કેમ તેની એમ.પી. શર્મા માં તપાસ કરવામાં આવી ન હતી. તેથી, આ અનુચ્છેદોમાંથી પ્રાઈવસીનો મૂળભૂત અધિકાર ગર્ભિત છે કે કેમ તે પ્રશ્ન અણઉકેલાયેલો (રેસ ઈન્ટેગ્રા) છે અને તે પાસા પર એમ.પી. શર્મા કોઈ સત્તા નથી. તેથી, મારો એવો મત છે કે એમ.પી. શર્મા એવા સંપૂર્ણ નિવેદન માટે કોઈ અધિકૃત ચુકાદો નથી કે આપણા બંધારણ હેઠળ પ્રાઈવસીનો કોઈ અધિકાર નથી; અને તે ચુકાદાનો આવો કોઈ રેશિયો નથી.

૮. ખરક સિંહ માં મુદ્દો યુ.પી. ના પોલીસ રેગ્યુલેશન્સની બંધારણીયતાનો હતો જે અન્ય બાબતોની સાથે વિવિધ પદ્ધતિઓ દ્વારા અમુક વર્ગના લોકોની 'દેખરેખ' (સર્વેલન્સ) ની જોગવાઈ કરતો હતો, જેમ કે 'રાત્રિના સમયે ઘરોની મુલાકાતો' (ડોમિસિલિયરી વિઝિટ્સ), 'હલનચલન અને ગેરહાજરીની ચકાસણી' વગેરે. બે ચુકાદાઓ (૪:૨) આપવામાં આવ્યા હતા. બહુમતીએ એવો મત લીધો હતો કે વાદગ્રસ્ત રેગ્યુલેશન જ્યાં સુધી 'રાત્રિના સમયે ઘરોની મુલાકાત' ની

જોગવાઈ કરે છે ત્યાં સુધી ગેરબંધારણીય છે જ્યારે લઘુમતીએ મત આપ્યો હતો કે વાદગ્રસ્ત રેગ્યુલેશન તેની સંપૂર્ણતામાં ગેરબંધારણીય છે.

કોર્ટને એ તપાસવા માટે વિનંતી કરવામાં આવી હતી કે શું વાદગ્રસ્ત રેગ્યુલેશન્સે અનુચ્છેદ ૨૧ અને ૧૯(૧)(ડી) હેઠળ બાંયધરી આપેલા ખરક સિંહના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કર્યું છે કે કેમ. તે સંદર્ભમાં, આ કોર્ટે અનુચ્છેદ ૨૧ હેઠળ બાંયધરી આપવામાં આવેલ 'વ્યક્તિગત સ્વાતંત્ર્ય' શબ્દપ્રયોગના અવકાશની તપાસ કરી હતી. બહુમતીએ જાહેર કર્યું કે અનુચ્છેદ ૨૧ હેઠળ આવતો શબ્દપ્રયોગ "વ્યક્તિગત સ્વાતંત્ર્ય": "અનુચ્છેદ ૧૯(૧) ના કેટલાક ખંડોમાં દર્શાવવામાં આવેલા અધિકારો સિવાયના માણસના 'વ્યક્તિગત સ્વાતંત્ર્ય' ની રચના કરતા તમામ પ્રકારના અધિકારોને પોતાની અંદર સમાવિષ્ટ કરવા માટે એક વ્યાપક શબ્દ તરીકે અનુચ્છેદમાં વપરાયેલ છે". બીજા શબ્દોમાં કહીએ તો, જ્યારે અનુચ્છેદ ૧૯(૧) તે સ્વતંત્રતાની ચોક્કસ જાતિઓ અથવા વિશેષતાઓ સાથે કામ પાર પાડે છે, ત્યારે અનુચ્છેદ ૨૧ માંનું વ્યક્તિગત સ્વાતંત્ર્ય બાકીના અવશેષને પોતાની અંદર સમાવી લે છે."

૯. ખરક સિંહ બહુમતીએ મત આપ્યો હતો કે વાદગ્રસ્ત રેગ્યુલેશન જ્યાં સુધી 'ઘરોની મુલાકાત' ની જોગવાઈ કરે છે તે સ્પષ્ટપણે "અનુચ્છેદ ૨૧ નું ઉલ્લંઘન કરે છે". બહુમતીએ અમેરિકન નિર્ણય વુલ્ફ વિ. કોલોરાડો, ૩૩૮ યુ.એસ. ૨૫ ની નોંધ લીધી જેમાં ઠેરવવામાં આવ્યું હતું કે નાગરિકોની "પ્રાઈવસીમાં ઘૂસણખોરી" ને મંજૂરી આપવાની સત્તા રાજ્ય પાસે નથી. આવી સત્તા ચૌદમા

સુધારાની [423] બાંયધરીની વિરુદ્ધ અને "વ્યવસ્થિત સ્વાતંત્ર્યની યોજનાના મૂળ સારતત્વ" ની વિરુદ્ધ જશે [424]. ખરક સિંહ માં બહુમતી ચુકાદાએ નોંધ્યું હતું કે વુલ્ફ વિ. કોલોરાડો માં નોંધાયેલો નિષ્કર્ષ યુ.એસ. બંધારણના ચોથા સુધારામાં સમાવિષ્ટ પ્રતિબંધ પર આધારિત છે, અને આપણા બંધારણમાં તેને અનુરૂપ જોગવાઈ ગેરહાજર છે. તેમ છતાં, તેમના લૉર્ડશિપ્સે નિષ્કર્ષ કાઢ્યો હતો કે વાદગ્રસ્ત રેગ્યુલેશન જ્યાં સુધી તે ઘરોની મુલાકાતને મંજૂરી આપે છે તે સ્પષ્ટપણે અનુચ્છેદ ૨૧ નું ઉલ્લંઘન કરે છે. આ નિષ્કર્ષ માટે, તેમના લૉર્ડશિપ્સે અંગ્રેજી કોમન લૉના સુત્ર પર આધાર રાખ્યો હતો કે "દરેક માણસનું ઘર તેનો કિલ્લો છે" [425]. સારતત્વમાં ઘરોની મુલાકાતો અનુચ્છેદ ૨૧ હેઠળ બાંયધરી આપવામાં આવેલી સ્વતંત્રતાનું ઉલ્લંઘન કરે છે.

નોંધાયેલા જોડિયા નિષ્કર્ષો, અર્થાત્ કે અનુચ્છેદ ૨૧ માત્ર શારીરિક સંયમથી મુક્તિ સિવાયના વિવિધ અધિકારોને પોતાની અંદર સમાવી લે છે; અને પોલીસ દ્વારા ઘરોની મુલાકાત અનુચ્છેદ ૨૧ હેઠળ બાંયધરી આપવામાં આવેલા ખરક સિંહના અધિકારનું ઉલ્લંઘન કરે છે, તે ગોપાલન [426] માં આ કોર્ટ દ્વારા જાહેર કરાયેલા કાયદાથી એક મોટો કૂદકો છે - આર.સી. કૂપર [427] અને મેનકા ગાંધી [428] કેસોના ઘણા સમય પહેલાં. ચુકાદામાં તાર્કિક વિસંગતતા એ છે કે જ્યારે એક તરફ

[423] ફ્રેન્કફર્ટર, જે.

[424] મર્ફી, જે.

[425] જુઓ (૧૬૦૪) ૫ કોક ૯૧: સેમેયન્સ કેસ

[426] એ.કે. ગોપાલન વિ. મદ્રાસ રાજ્ય એઆઈઆર ૧૯૫૦ એસસી ૨૭

[427] આર.સી. કૂપર વિ. યુનિયન ઓફ ઈન્ડિયા (૧૯૭૦) ૧ એસસીસી ૨૪૮

[428] મેનકા ગાંધી વિ. યુનિયન ઓફ ઇન્ડિયા (૧૯૭૮) ૧ એસસીસી ૨૪૮

તેમના લૉર્ડશિપ્સે મત આપ્યો કે "દરેક માણસનું ઘર તેનો કિલ્લો છે" સૂત્ર અનુચ્છેદ ૨૧ હેઠળના સ્વાતંત્ર્યનો એક ભાગ છે, ત્યારે બીજી તરફ નિષ્કર્ષ કાઢ્યો કે યુ.એસ. ચોથા સુધારા જેવી જોગવાઈની ગેરહાજરી પ્રાઈવસીના અધિકારના દાવાને નકારી કાઢશે. બંને વિધાનો તાર્કિક રીતે અસંગત છે. ચુકાદાના અગાઉના ભાગમાં તેમના લૉર્ડશિપ્સે નોંધ્યું હતું [429] કે તે અંગ્રેજી કોમન લૉ છે જેણે યુ.એસ. ચોથા સુધારાનો પાયો રચ્યો હતો અને તેને અનુચ્છેદ ૨૧ માં વાંચવાની જરૂર છે; પરંતુ તેમ છતાં અનુચ્છેદ ૨૧ માં પ્રાઈવસીના અધિકારને વાંચવાનો ઈનકાર કર્યો હતો. આ અસંગતતા છે.

૧૦. રસપ્રદ રીતે જસ્ટિસ નરીમાન દ્વારા અવલોકન કરવામાં આવ્યું છે તેમ, જ્યારે ખરક સિંહ માં પડકારવામાં આવેલી અન્ય જોગવાઈઓની બંધારણીયતાની વાત આવી, ત્યારે તેમના લૉર્ડશિપ્સે ઠેરવેલ કે આવી જોગવાઈઓ અનુચ્છેદ ૨૧ નું ઉલ્લંઘન કરતી નથી કારણ કે આપણા બંધારણ હેઠળ પ્રાઈવસીનો કોઈ અધિકાર નથી [430]. આ સંબંધમાં હું મારા વિદ્વાન બંધુ નરીમાનના મંતવ્યને સંપૂર્ણ સમર્થન આપું છું.

૧૧. હું હવે લઘુમતી મંતવ્યના મુખ્ય લક્ષણોની તપાસ કરવા આગળ વધું છું:

---

[429] જુઓ ફુટનોટ ૩ (ઉપરોક્ત)

[430] તેમજ અમે માનતા નથી કે અરજદારના વિદ્વાન વકીલ દ્વારા સૂચવવા માગવામાં આવ્યા મુજબ સંદર્ભમાં અનુચ્છેદ ૨૧ ને કોઈ સુસંગતતા છે. જેમ અગાઉ દર્શાવવામાં આવ્યું છે, પ્રાઈવસીનો અધિકાર આપણા બંધારણ હેઠળ કોઈ બાંયધરી આપેલ અધિકાર નથી અને તેથી વ્યક્તિની હિલચાલ જાણી લેવાનો પ્રયાસ કે જે માત્ર એક રીત છે જેના દ્વારા પ્રાઈવસી પર આક્રમણ થાય છે તે ભાગ ૩ દ્વારા બાંયધરી આપવામાં આવેલા મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન નથી.

(૧) અનુચ્છેદ ૧૯(૧) હેઠળ ગણાવેલા અધિકારો સિવાયના વ્યક્તિગત સ્વાતંત્ર્યના તે પાસાઓ અનુચ્છેદ ૨૧ માં સમાવિષ્ટ છે તેવા નિષ્કર્ષ પર બહુમતી સાથે અસંમતિ;

(૨) ગોપાલન માં ઠેરવવામાં આવ્યું હતું કે અનુચ્છેદ ૨૧ હેઠળ આવતો "વ્યક્તિગત સ્વાતંત્ર્ય" શબ્દપ્રયોગ માત્ર શારીરિક સંયમ કે બળજબરીનો વિરોધી છે તે નોંધ્યા પછી, એવો મત વ્યક્ત કર્યો કે આધુનિક વિશ્વમાં બળજબરી માત્ર શારીરિક બળજબરી હોવી જરૂરી નથી પરંતુ માનસિક બળજબરીનું સ્વરૂપ પણ ધારણ કરી શકે છે;

(૩) "વધુમાં વ્યક્તિગત સ્વાતંત્ર્યના અધિકારમાં માત્ર પોતાની હિલચાલ પર લાદવામાં આવેલા નિયંત્રણોથી મુક્ત રહેવાનો અધિકાર જ નહીં, પરંતુ પોતાના અંગત જીવન પરના અતિક્રમણથી મુક્ત રહેવાનો અધિકાર પણ સામેલ છે.";

(૪) જોકે "આપણું બંધારણ પ્રાઈવસીના અધિકારને મૂળભૂત અધિકાર તરીકે સ્પષ્ટપણે જાહેર કરતું નથી", "તેમ છતાં સદર અધિકાર એ વ્યક્તિગત સ્વાતંત્ર્યનું આવશ્યક ઘટક છે".

સારતત્વમાં ખરક સિંહ એ જાહેર કર્યું કે અનુચ્છેદ ૨૧ માં "વ્યક્તિગત સ્વાતંત્ર્ય" શબ્દપ્રયોગ અધિકારોના સમૂહ (બંડલ ઓફ રાઈટ્સ) ને પોતાની અંદર સમાવી લે છે. તે નિષ્કર્ષ પર બહુમતી અને લઘુમતી બંને એકમત (એડ ઈડિમ) છે.

મતભેદનો એકમાત્ર મુદ્દો એ છે કે લઘુમતીએ મત આપ્યો કે તે સમૂહમાંના અધિકારો પૈકીનો એક પ્રાઈવસીનો અધિકાર છે. લઘુમતીના મતે પ્રાઈવસીનો અધિકાર એ "વ્યક્તિગત સ્વાતંત્ર્યનું આવશ્યક ઘટક" છે. જ્યારે બહુમતીએ મત આપ્યો કે "પ્રાઈવસીનો અધિકાર આપણા બંધારણ હેઠળ કોઈ બાંયધરી આપેલ અધિકાર નથી", અને તેથી તેને અનુચ્છેદ ૨૧ માં વાંચી શકાય નહીં [431].

૧૨. મારો એવો મત છે કે બહુમતી દ્વારા અપનાવવામાં આવેલો અભિગમ અતાર્કિક છે અને સામાન્ય કાયદાના અર્થઘટનના સુસ્થાપિત સિદ્ધાંતોની પણ વિરુદ્ધ છે; અને બંધારણીય અર્થઘટનના સંદર્ભમાં તદ્દન અસમર્થનીય છે. જો કોઈ અધિકાર કાયદાની સ્પષ્ટ ભાષા દ્વારા માન્ય રાખવામાં આવ્યો હોય, તો આવા કાયદાની કોઈ જોગવાઈમાંથી આવા અધિકારને ગર્ભિત કરવાનો કોઈ પ્રશ્ન જ ઊભો થતો નથી. ગર્ભિતાર્થો એ કાયદાની સ્પષ્ટ ભાષામાંની શરતોના તાર્કિક વિસ્તરણ છે અને જ્યારે કાયદો અમુક પાસાઓ પર મૌન હોય ત્યારે જ ઉદ્ભવે છે. ગર્ભિતાર્થો એ અર્થઘટન પ્રક્રિયાનું પરિણામ છે, કાયદાના મૌનનું પરિણામ છે. હવે એ સુસ્થાપિત છે કે લેખિત બંધારણોમાં પણ ગર્ભિતાર્થો હોય છે [432]. ગર્ભિતાર્થોનો અવકાશ અને વિસ્તાર કાયદા દ્વારા સિદ્ધ કરવા માગવામાં આવતી

[431] ખરક સિંહ વિ. યુ.પી. રાજ્ય અને અન્ય, (૧૯૬૨) ૧ એસસીઆર ૩૩૨, પૃષ્ઠ ૩૫૧ પર: "... તેમજ અમે માનતા નથી કે અરજદારના વિદ્વાન વકીલ દ્વારા સૂચવવા માગવામાં આવ્યા મુજબ સંદર્ભમાં અનુચ્છેદ ૨૧ ને કોઈ સુસંગતતા છે. જેમ અગાઉ દર્શાવવામાં આવ્યું છે, પ્રાઈવસીનો અધિકાર આપણા બંધારણ હેઠળ કોઈ બાંયધરી આપેલ અધિકાર નથી અને તેથી વ્યક્તિની હિલચાલ જાણી લેવાનો પ્રયાસ કે જે માત્ર એક રીત છે જેના દ્વારા પ્રાઈવસી પર આક્રમણ થાય છે તે ભાગ ૩ દ્વારા બાંયધરી આપવામાં આવેલા મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન નથી."

[432] (૧૯૪૭) ૭૪ સી.એલ.આર. ૩૧ - ધ મેલબોર્ન કોર્પોરેશન વિ. ધ કોમનવેલ્થ: "... આમ, બંધારણનો હેતુ અને જે યોજના દ્વારા તેને અમલમાં મૂકવાનો આશય છે, તે અનિવાર્યપણે કોમનવેલ્થ અને રાજ્યો પરસ્પર એકબીજા સામે જે રીતે તેમની સત્તાઓનો ઉપયોગ કરી શકે છે તે અંગેના ગર્ભિતાર્થો પેદા કરે છે." વધુમાં જુઓ: કેશવાનંદ ભારતી શ્રીપાદગલવારુ વિ. કેરળ રાજ્ય અને અન્ય, (૧૯૭૩) ૪ એસસીસી ૨૨૫.

યોજના અને હેતુના પ્રકાશમાં નક્કી કરવાનો હોય છે. કાયદાનો હેતુ કાયદાની સમગ્ર યોજનામાંથી શોધી કાઢવાનો હોય છે. બંધારણ એ મૂળભૂત કાયદો છે જે રાજ્યના વિવિધ અંગોની સત્તાઓ અને ફરજો તથા પ્રજાજનો (સબ્જેક્ટ્સ) [433] ના અધિકારો અને રાજ્યની તેના પરની મર્યાદાઓની રૂપરેખા આપે છે. મારા મતે, રાજ્યને કથિત રીતે સત્તા આપતી જોગવાઈઓ વાસ્તવમાં પ્રજાજનોના સ્વાતંત્ર્ય પર તરાપ મારવાની રાજ્યની સત્તા પરની મર્યાદાઓ છે. બંધારણના અર્થઘટનના સંદર્ભમાં હેતુ નક્કી કરવા માટેના વિશ્લેષણની ગહનતા વધુ ઊંડી હોવી જરૂરી છે [434].

બંધારણની યોજનામાંથી ઉદ્ભવતા અસરો એ 'બંધારણનો ડાર્ક મેટર' (અદ્રશ્ય પદાર્થ) છે અને તે તેના લખાણમાં રહેલી સ્પષ્ટ જોગવાઈઓ જેટલા જ

[433] નાગરિકો અને બિન-નાગરિકો જેઓ રાજ્યની બંધારણીય સત્તાને આધીન છે.

[434] બંધારણીય અર્થઘટનની બે શ્રેણીઓ - લખાણવાદી (ટેક્સ્ચ્યુઅલિસ્ટ) અને જીવંત બંધારણવાદી (લિવિંગ કોન્સ્ટીટ્યુશનાલિસ્ટ) અભિગમ જાણીતા છે. પ્રથમ, જેમ ગોપાલન કેસ દ્વારા દર્શાવવામાં આવ્યું છે, તે હાથ પરના લખાણ એટલે કે સંબંધિત જોગવાઈની ભાષા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. લખાણવાદી અભિગમ હેઠળ મૂળ ઘડવૈયાઓનું લખાણ અને આશય નિર્ણાયક હોય છે. જીવંત બંધારણવાદી અભિગમ, લખાણના મહત્વને સ્વીકારવાની સાથે, લખાણનું અર્થઘટન કરવા માટે સહાયક તરીકે વિવિધ પરિબળોને ધ્યાનમાં લે છે. વપરાયેલા પરિબળની પ્રકૃતિના આધારે, વિદ્વાનોએ અર્થઘટનના આ અભિગમમાં વધુ સૂક્ષ્મતા ઉમેરી છે (દાખલા તરીકે, ફિલિપ બોબિટે તેમના પુસ્તક 'કોન્સ્ટીટ્યુશનલ ઇન્ટરપ્રિટેશન' માં બંધારણના અર્થઘટનના છ અભિગમોને ઐતિહાસિક, શાબ્દિક, વ્યવહારુ, સિદ્ધાંતવાદી, સંરચનાત્મક અને નૈતિક તરીકે વર્ગીકૃત કર્યા છે. પછીના ચાર અભિગમો લખાણને અગાઉના બે અભિગમો કરતાં ઓછું નિર્ણાયક માને છે). આ અદાલતે ઉત્તરોત્તર જીવંત બંધારણવાદી અભિગમ અપનાવ્યો છે. વિવિધ રીતે, તેણે બંધારણીય મૂલ્યોના સંદર્ભ દ્વારા બંધારણીય લખાણનું અર્થઘટન કર્યું છે; બંધારણીય લખાણને ઘેરી રહેલા સાંસ્કૃતિક, સામાજિક, રાજકીય અને ઐતિહાસિક લોકાચારનું મિશ્રણ; બંધારણની અંદર સત્તાના માળખાકીય વિભાજનને જોઈને અને તેને એક સંકલિત સમગ્ર તરીકે અર્થઘટન કરીને વિશિષ્ટ સંરચનાત્મક તકનીક વગેરે. જીવંત બંધારણવાદી અભિગમ સામેની મહત્વની ટીકા અનિશ્ચિતતાની છે અને તે ન્યાયિક સત્તાના મનસ્વી ઉપયોગ તરફ દોરી શકે છે. આ ટીકાઓ છતાં મારા મતે જીવંત બંધારણવાદી અભિગમ બે કારણોસર વધુ પસંદ કરવા યોગ્ય છે. પ્રથમ, અનુકૂલનક્ષમતાને ન્યાયિક તર્કમાં શિસ્તના અભાવ સમાન ગણી શકાય નહીં. બીજું, તે હજુ પણ બંધારણનું લખાણ જ છે જે જરૂરી અર્થઘટન રંગછટા પ્રાપ્ત કરે છે અને તેથી, જો કોઈ જીવંત બંધારણવાદી અભિગમનો આશરો લે તો લખાણ પર કોઈ અત્યાચાર થઈ રહ્યો છે તેમ નથી.

મહત્વપૂર્ણ છે. આ અદાલત દ્વારા કેશવાનંદ [435] માં સ્થાપિત કરાયેલ સિદ્ધાંત કે બંધારણના મૂળભૂત માળખાને રદ કરી શકાય નહીં, તે 'ડાર્ક મેટર'નું સૌથી ઉત્કૃષ્ટ અને તેજસ્વી પ્રતિપાદન છે અને તે આપણા બંધારણનો એક ભાગ છે, જોકે લખાણમાં એવા સિદ્ધાંત સૂચવતી કોઈ બાબત નથી. બંધારણના અદ્રશ્ય ભાગમાં ગંભીરતાથી અને આદરપૂર્વક તપાસ કરવાની આવશ્યકતાને, સખત મહેનતથી મેળવેલી રાજકીય સ્વતંત્રતા અને 'આપણે ભારતના લોકો' ની સ્વતંત્રતાની ઘોષિત આકાંક્ષાઓ પ્રત્યે અનાદર કર્યા વિના અવગણી શકાય નહીં. ગણતરીમાં લેવાયેલા મૂળભૂત અધિકારોનું લખાણ એ બંધારણની પ્રસ્તાવના દ્વારા ઘોષિત સ્વતંત્રતાનો અર્થ શું છે તે અંગે 'માત્ર વ્યક્ત માહિતીનો પ્રાથમિક સ્ત્રોત' છે.

૧૩. બંધારણના હેતુ અને યોજનાને સમજવા માટે બંધારણનું લખાણ જ એકમાત્ર સામગ્રી છે તેવા નિયમને અપનાવવો એ માત્ર પ્રજાજનોના સ્વાતંત્ર્ય માટે હાનિકારક જ નહીં પરંતુ રાજ્યના વહીવટને બિનજરૂરી રીતે બોજારૂપ પણ બનાવી શકે છે. સદભાગ્યે, આ કોર્ટે ગોપાલન (ઉપરોક્ત) અને એડીએમ જબલપુર [436] જેવા અપવાદો સિવાય અર્થઘટનનો આવો નિયમ અપનાવ્યો નથી. અન્યથા, આ કોર્ટ અનુચ્છેદ ૧૯(૧)(એ) હેઠળ પ્રેસની સ્વતંત્રતા અને અન્ય

[435] કેશવાનંદ ભારતી શ્રીપાદગલવારુ અને અન્ય વિ. કેરળ રાજ્ય અને અન્ય (૧૯૭૩) ૪ એસસીસી ૨૨૫

[436] એડીએમ જબલપુર વિ. એસ.એસ. શુક્લા એઆઈઆર ૧૯૭૬ એસસી ૧૨૦૭

અધિકારો [437] શોધી શકી ન હોત જે અનુચ્છેદ ૨૧ હેઠળની બાંયધરીમાંથી વહેતા હોવાનું ઠેરવવામાં આવ્યા હતા. રોમેશ થાપર [438] અને સકલ પેપર્સ (ઉપરોક્ત) એ આ કોર્ટ દ્વારા બંધારણના અદ્રશ્ય પદાર્થ (ડાર્ક મેટર) ના અસ્તિત્વની પ્રારંભિક સ્વીકૃતિ છે. કેસોની શ્રેણી જેમાં આ કોર્ટે પાછળથી અનુચ્છેદ ૨૧ માં 'જીવન' અભિવ્યક્તિમાં વિવિધ અધિકારો શોધી કાઢ્યા તે આવી સ્વીકૃતિની ગૂંજતી પુષ્ટિ છે.

૧૪. યુ.એસ. છઠ્ઠો સુધારો આરોપીને "ઝડપી અને જાહેર ટ્રાયલનો અધિકાર", "આરોપની પ્રકૃતિ અને કારણથી વાકેફ થવાનો" અધિકાર, "પોતાના બચાવ માટે વકીલની સહાય મેળવવાનો" અધિકાર વગેરે આપે છે. તે પૈકીનો કોઈપણ અધિકાર આપણા બંધારણના લખાણમાં સ્પષ્ટપણે દર્શાવવામાં આવ્યો નથી. તેમ છતાં, આ કોર્ટે આ અધિકારોને અનુચ્છેદ ૧૪ અથવા ૨૧ ના લખાણમાં ગર્ભિત હોવાનું જાહેર કર્યું છે. અમેરિકન બંધારણનો આઠમો સુધારો [439]

---

[437] સકલ પેપર્સ (પ્રા.) લિ. અને અન્ય વિ. યુનિયન ઓફ ઈન્ડિયા, એઆઈઆર ૧૯૬૨ એસસી ૩૦૫, પૃષ્ઠ ૩૧૧: "પેરા ૨૮. એ ધ્યાનમાં રાખવું જોઈએ કે બંધારણનું અર્થઘટન વ્યાપક રીતે થવું જોઈએ અને સંકુચિત તથા પાંડિત્યપૂર્ણ અર્થમાં નહીં. આપણા બંધારણમાં અમુક અધિકારો મૂળભૂત તરીકે સ્થાપિત કરવામાં આવ્યા છે અને તેથી, તે અધિકારોની પ્રકૃતિ અને સામગ્રી પર વિચાર કરતી વખતે કોર્ટે બંધારણની ભાષાનું એટલા શાબ્દિક અર્થમાં અર્થઘટન કરવા માટે ખૂબ ચતુર ન થવું જોઈએ કે જેથી તે ક્ષીણ થઈ જાય. બીજી તરફ કોર્ટે બંધારણનું એવી રીતે અર્થઘટન કરવું જોઈએ જેથી નાગરિક માન્ય પ્રતિબંધોને આધીન રહીને સંપૂર્ણ પ્રમાણમાં તેના દ્વારા બાંયધરી આપવામાં આવેલા અધિકારો ભોગવી શકે. આ સિદ્ધાંતને ધ્યાનમાં રાખતાં એ સ્પષ્ટ થશે કે વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાના અધિકારમાં સંપૂર્ણ સ્વતંત્રતા સાથે અને પ્રકાશનના કોઈપણ ઉપલબ્ધ માધ્યમનો આશરો લઈને પોતાના વિચારો, અભિપ્રાયો અને મંતવ્યો પ્રકાશિત કરવાનો અને પ્રસારિત કરવાનો અધિકાર સામેલ છે, જે અનુચ્છેદ ૧૯ ના ખંડ (૨) હેઠળ કાયદેસર રીતે લાદી શકાય તેવા પ્રતિબંધોને આધીન છે. આ કોર્ટનો પ્રથમ નિર્ણય જેમાં આ માન્ય રાખવામાં આવ્યું હતું તે રોમેશ થાપર વિ. મદ્રાસ રાજ્ય, એઆઈઆર ૧૯૫૦ એસસી ૧૨૪ છે..."

[438] રોમેશ થાપર વિ. મદ્રાસ રાજ્ય એઆઈઆર ૧૯૫૦ એસસી ૧૨૪

[439] અમેરિકન બંધારણનો આઠમો સુધારો: "અતિશય જામીનની માંગ કરવામાં આવશે નહીં, તેમજ વધુ પડતા દંડ લાદવામાં આવશે નહીં, કે ક્રૂર અને અસામાન્ય સજાઓ કરવામાં આવશે

અતિશય જામીન, દંડ, ક્રૂર અને અસામાન્ય સજાઓ વગેરેનો નિષેધ કરતી શરતો ધરાવે છે. ક્રૂર સજાઓ આ દેશ માટે અજાણી ન હતી. તે મધ્યયુગમાં પ્રચલિત હતી. માણસની જીવતી ચામડી ઉતારી લેવી એ તે દિવસોના કેટલાક શાસકોની મનપસંદ સજાઓમાંની એક હતી. હું માત્ર એવી આશા રાખું છું કે આ કોર્ટ સમક્ષ એવી દલીલ સાંભળવાનો કોઈ પ્રસંગ નહીં આવે કે આપણા બંધારણમાં આઠમા સુધારા જેવી જોગવાઈ ગેરહાજર હોવાના કારણે માત્ર સંસદ કે રાજ્યની વિધાનસભાઓ દોષિતોના અંગવિચ્છેદન અથવા અંધાપો કે જીવતી ચામડી ઉતારવા જેવી ક્રૂર સજાઓ નિર્ધારિત કરવા માટે બંધારણીય રીતે સક્ષમ હશે [440].

૧૫. આ કોર્ટે અર્થઘટન પ્રક્રિયા દ્વારા ભારતીય બંધારણના અનુચ્છેદ ૨૧ હેઠળ 'જીવન' શબ્દપ્રયોગમાં આજીવિકા મેળવવાનો અધિકાર [441], શિક્ષણનો અધિકાર [442], ઝડપી ટ્રાયલનો અધિકાર [443], પોતાની પ્રતિષ્ઠાનું રક્ષણ કરવાનો અધિકાર [444] અને પ્રદૂષણ મુક્ત પર્યાવરણ મેળવવાનો અધિકાર [445] વાંચ્યો છે.

નહીં."

[440] મીઠુ વગેરે વિ. પંજાબ રાજ્ય વગેરે, એઆઈઆર ૧૯૮૩ એસસી ૪૭૩ - "જો કોઈ કાયદો એવી જોગવાઈ કરે કે ચોરીનો ગુનો હાથ કાપવાની સજા સાથે દંડનીય રહેશે, તો તે કાયદો અનુચ્છેદ ૨૧ નું ઉલ્લંઘન કરતો હોવાથી ખરાબ ગણાશે. ક્રૂર સજા એ અનુચ્છેદ ૨૧ ના સંસ્કારી ન્યાયશાસ્ત્ર માટે અભિશાપરૂપ છે."

[441] ઓલ્ગા ટેલિસ વિ. બોમ્બે મ્યુનિસિપલ કોર્પોરેશન (૧૯૮૫) ૩ એસસીસી ૫૪૫

[442] મોહિની જૈન વિ. કર્ણાટક રાજ્ય (૧૯૯૨) ૩ એસસીસી ૬૪૬, ઉન્નીકૃષ્ણન જે.પી. વિ. આંધ્ર પ્રદેશ રાજ્ય (૧૯૯૩) ૧ એસસીસી ૬૪૫

[443] મનસુખલાલ વિઠ્ઠલદાસ ચૌહાણ વિ. ગુજરાત રાજ્ય (૧૯૯૭) ૭ એસસીસી ૬૨૨

[444] બિહાર રાજ્ય વિ. લાલકૃષ્ણ અડવાણી (૨૦૦૩) ૮ એસસીસી ૩૬૧

[445] શાંતિસ્ટાર બિલ્ડર્સ વિ. નારાયણ ખીમલાલ તોતામે (૧૯૯૦) ૧ એસસીસી ૫૨૦, એમ.સી. મહેતા વિ. કમલ નાથ (૨૦૦૦) ૬ એસસીસી ૨૧૩

તેવી જ રીતે, વિદેશ જવાનો અધિકાર [446] અને ફોજદારી કેસોની ઝડપી ટ્રાયલનો અધિકાર [447] અનુચ્છેદ ૨૧ હેઠળ આવતા સ્વાતંત્ર્ય શબ્દપ્રયોગમાં વાંચવામાં આવ્યા હતા. આ કોર્ટે શોધી કાઢ્યું કે ફાંસીની સજાના અમલમાં વિલંબ એ અનુચ્છેદ ૨૧ હેઠળ બાંયધરી આપેલા જીવન અને 'સ્વાતંત્ર્ય' બંને અધિકારોનું ઉલ્લંઘન કરે છે [448] અને નસબંધી અંગે વ્યક્તિગત સ્વાયત્તતા અને પ્રજનન અધિકારોને પણ અનુચ્છેદ ૨૧ હેઠળ જીવન અને સ્વાતંત્ર્યના અધિકારોમાં અંતર્નિહિત હોવાનું માન્યું હતું [449].

૧૬. ઉપર જણાવેલા અધિકારો પૈકીનો કોઈપણ અધિકાર બંધારણના લખાણમાં ક્યાંય જોવા મળતો નથી.

૧૭. બંધારણના લખાણમાં જે નથી મળતું તે બંધારણનો ભાગ બની શકતું નથી તેવી દલીલને માન્યતા આપવી એ બંધારણની અત્યંત પ્રાથમિક સમજ ગણાશે અને બંધારણીય અર્થઘટનના સુસ્થાપિત સિદ્ધાંતોની વિરુદ્ધ હશે. નાગરિકોના અધિકારો અને સ્વાતંત્ર્ય અંગેનો આવો અભિગમ આપણા લોકોની સામૂહિક બુદ્ધિમત્તા અને બંધારણ સભાના સભ્યોની બુદ્ધિમત્તાનું અપમાન ગણાશે. સદર સભામાં ચર્ચાઓ દરમિયાન કેટલાક સભ્યોએ મત આપ્યો હતો કે પ્રાઈવસીના અધિકારનો બંધારણમાં સ્પષ્ટ ઉલ્લેખ કરવાની જરૂર નથી તે હકીકત અનિવાર્યપણે એ નિષ્કર્ષ તરફ દોરી જતી નથી કે તેઓ પ્રાઈવસીના અધિકારના

[446] સતવંત સિંહ સાહની વિ. આસિસ્ટન્ટ પાસપોર્ટ ઓફિસર ૧૯૬૭ (૩) એસસીઆર ૫૨૫
[447] ઈન રી, હુસૈનારા ખાતૂન અને અન્ય વિ. ગૃહ સચિવ, બિહાર (૧૯૮૦) ૧ એસસીસી ૮૧
[448] વતીશ્વરન, ટી.વી. વિ. તમિલનાડુ રાજ્ય (૧૯૮૩) ૨ એસસીસી ૬૮
[449] દેવિકા બિસ્વાસ વિ. યુનિયન ઓફ ઈન્ડિયા (૨૦૧૬) ૧૦ એસસીસી ૭૨૬

મહત્વથી અજાણ હતા. બંધારણ સભા એ પ્રાઈવસીના અધિકાર અને તેના અવકાશ પરનો કોઈ સેમિનાર ન હતો. ચર્ચાઓની ઝીણવટભરી તપાસ દર્શાવે છે કે સભાએ માત્ર એ વિચારણા કરી હતી કે શું 'ઝડતીઓ' અને 'પત્રવ્યવહારની ગુપ્તતા' ના મર્યાદિત સંદર્ભમાં પ્રાઈવસીના અધિકારની બાંયધરી આપતી સ્પષ્ટ જોગવાઈ હોવી જોઈએ. પ્રાઈવસીના અધિકારના પરિમાણો ઘણા મોટા છે અને તેની સંપૂર્ણ તપાસ કરવામાં આવી ન હતી. અનુચ્છેદ ૨૧ માં 'સ્વાતંત્ર્ય' શબ્દપ્રયોગ પ્રાઈવસીના અધિકારના વિવિધ પાસાઓને પોતાની અંદર સમાવી લે છે કે કેમ તે પ્રશ્ન પર પણ ચર્ચા થઈ ન હતી. અમારી સમક્ષની રજૂઆતો આ પ્રશ્નોની આસપાસ ફરે છે. અરજદારો ભારપૂર્વક જણાવે છે કે પ્રાઈવસીનો અધિકાર અનુચ્છેદ ૧૯ અને ૨૧ તથા અન્ય અનુચ્છેદો હેઠળ બાંયધરી આપવામાં આવેલા અધિકારોનો એક ભાગ છે.

૧૮. કોઈપણ દેશનું બંધારણ તે દેશના લોકોની આકાંક્ષાઓ અને ધ્યેયોને પ્રતિબિંબિત કરે છે જે તેના બંધારણના ઘડતરની જવાબદારી સોંપવામાં આવેલી થોડી પસંદગીની વ્યક્તિઓની ભાષા દ્વારા વ્યક્ત થાય છે. આવી આકાંક્ષાઓ અને ધ્યેયો તે સમાજના ઇતિહાસ પર નિર્ભર હોય છે. ઇતિહાસ હંમેશા ધાર્મિક, આર્થિક અને રાજકીય ઘટનાઓમાંથી નીકળતા વિવિધ પરિબળોનું પરિણામ હોય છે [450]. બંધારણના પરિષ્કરણની માત્રા બંધારણ ઘડવાની જવાબદારી સોંપવામાં

[450] જોકે, ઇતિહાસના નિર્માણમાં ભાગ ભજવતા વિવિધ પરિબળો ગતિશીલ હોય છે. જેમને બંધારણના સંચાલનની જવાબદારી સોંપવામાં આવી છે તેઓએ આવા પરિબળોની ગતિશીલતા પર અનિવાર્યપણે નજર રાખવી જોઈએ. વિજ્ઞાનનો વિકાસ અને ટેકનોલોજીની વૃદ્ધિ એ આધુનિક વિશ્વમાં અન્ય એક મોટું પરિબળ છે જેને બંધારણના સફળ સંચાલન માટે સમાન રીતે ધ્યાનમાં રાખવું જરૂરી છે.

આવેલી વ્યક્તિઓની બુદ્ધિમત્તા પર નિર્ભર હોય છે. બંધારણ એ માત્ર બંધારણ સભાના ૨૮૪ સભ્યો દ્વારા સહી થયેલો દસ્તાવેજ નથી. તે એવા પુરુષો અને સ્ત્રીઓ દ્વારા બનાવવામાં આવેલું રાજકીય રીતે પવિત્ર સાધન છે કે જેમણે પરદેશી શાસકો સામે લડવા માટે જીવન જોખમમાં મૂક્યા હતા અને પોતાના સ્વાતંત્ર્યનું બલિદાન આપ્યું હતું અને માત્ર પોતાની પેઢી માટે જ નહીં પરંતુ આવનારી પેઢીઓ માટે આપણા લોકો માટે સ્વતંત્રતા સુરક્ષિત કરી હતી. એક કાનૂની શાસનને બદલે બીજા કાનૂની શાસનને સ્થાપિત કરવા માટે શાહીથી લખાયેલા દસ્તાવેજ તરીકે બંધારણને જોઈ શકાય નહીં. તે આમુખમાં જાહેર કરાયેલા ઉદ્દેશ્યોને પ્રાપ્ત કરવા માટે બનાવવામાં આવેલું વસિયતનામું છે [451]. આમુખમાં સમાવિષ્ટ ઉદ્દેશ્યોની સિદ્ધિ સુનિશ્ચિત કરવા માટે બંધારણનો ભાગ-૩ સમાવિષ્ટ કરવામાં આવ્યો છે [452]. આ દેશના 'અમે ભારતના લોકો' બંધારણના નિર્ધારિત લાભાર્થીઓ છે [453]. તેને જલિયાંવાલા બાગ અને તેના જેવા અસંખ્ય શહીદોના લોહીથી લખાયેલા દસ્તાવેજ તરીકે જોવું જોઈએ. માણસ એ રાજ્યનું

---

[451] કેશવાનંદ ભારતી (ઉપરોક્ત) "પેરા ૯૧ .... આપણું આમુખ સમગ્ર બંધારણના ઉદ્દેશ્યોની રૂપરેખા આપે છે. તે વ્યક્ત કરે છે કે 'આપણે આટલા લાંબા સમયથી શું વિચાર્યું હતું કે સ્વપ્ન જોયું હતું'."

[452] ઇન રી, ધ કેરળ એજ્યુકેશન બિલ, ૧૯૫૭, એઆઈઆર ૧૯૫૮ એસસી ૯૫૬ "... આમુખમાં દર્શાવેલા આ સર્વોચ્ચ ઉદ્દેશ્યોને અમલમાં મૂકવા અને મજબૂત બનાવવા માટે, આપણા બંધારણના ભાગ ૩ એ આપણને ચોક્કસ મૂળભૂત અધિકારો પૂરા પાડ્યા છે."

[453] બીડી સપ્લાય કંપની વિ. યુનિયન ઓફ ઈન્ડિયા અને અન્ય, એઆઈઆર ૧૯૫૬ એસસી ૪૭૯, પૃષ્ઠ ૪૮૭: "પેરા ૨૩. આખરે, બંધારણ કોના લાભ માટે ઘડવામાં આવ્યું હતું? મૂળભૂત અધિકારો વિશે આ બધું કરવાનો શું અર્થ હતો? હું સ્પષ્ટ છું કે બંધારણ માત્ર સરકારો અને રાજ્યોના વિશિષ્ટ લાભ માટે નથી; તે માત્ર વકીલો, રાજકારણીઓ, અધિકારીઓ અને ઉચ્ચ સ્થાનો પર બેઠેલા લોકો માટે જ નથી. તે સામાન્ય માણસ માટે, ગરીબ અને નમ્ર લોકો માટે, જેમના વ્યવસાયો દાવ પર છે તેમના માટે પણ અસ્તિત્વ ધરાવે છે. તે આ દેશ માટે વિશ્વની મુક્ત લોકશાહીઓમાં સમજાતા 'કાયદાના શાસન' ની સ્થાપના કરે છે. તે ભારતને એક સાર્વભૌમ પ્રજાસત્તાક બનાવે છે અને દરેક પૃષ્ઠ પર અધિકારો અને સ્વતંત્રતાઓની બાંયધરી આપે છે."

સર્જન નથી. જીવન અને સ્વાતંત્ર્ય બંધારણ દ્વારા આપવામાં આવતા નથી. બંધારણ માત્ર આપણા જીવન અને સ્વાતંત્ર્યમાં દખલ કરવાની રાજ્યની સત્તા પરની મર્યાદાઓ નિર્ધારિત કરે છે. સ્વાતંત્ર્યના ફળો ભોગવવા માટે કાયદો આવશ્યક છે; તે સ્વાતંત્ર્યનો સ્ત્રોત નથી અને ભારપૂર્વક કહીએ તો એકમાત્ર સ્ત્રોત તો બિલકુલ નથી.

૧૯. પ્રાઈવસીનો અધિકાર એ ભાગ-૩ ના કોઈપણ અનુચ્છેદના ક્ષેત્રમાં આવતો મૂળભૂત અધિકાર છે કે કેમ તે સમજવા માટે, વિભાવનાત્મક રીતે "મૂળભૂત અધિકાર" અને "પ્રાઈવસીનો અધિકાર" નો અર્થ શું થાય છે તે સમજવું જરૂરી છે. અધિકારો પ્રથા, કરાર અથવા કાયદામાંથી ઉદ્ભવે છે, જેમાં લેખિત બંધારણનો પણ સમાવેશ થાય છે. સામાન્ય કાયદા અને ઘડાયેલા બંધારણ વચ્ચેનો તફાવત એ છે કે બંધારણ પ્રમાણમાં કાયમી કાયદો માનવામાં આવે છે અને અપેક્ષા રાખવામાં આવે છે જેને તેના દ્વારા રચાયેલી કાયદાકીય સંસ્થાઓમાં મર્યાદિત કાર્યકાળ માટે ચૂંટાયેલા પ્રતિનિધિઓની સાદી બહુમતી દ્વારા નાબૂદ કરી શકાતો નથી. કોઈપણ દેશનું બંધારણ એવો દસ્તાવેજ છે જે તેના વિવિધ પાસાઓમાં શાસનના નિયમો નિર્દિષ્ટ કરતી જોગવાઈઓ ધરાવે છે. તે ધારાસભાની સત્તાઓ અને કાયદો બનાવવાની પ્રક્રિયાઓ, ધારાસભા દ્વારા બનાવેલા કાયદાનો અમલ કરીને રાજ્યનો વહીવટ કરવાની કારોબારીની સત્તાઓ અને ન્યાયતંત્રની સત્તાઓને વ્યાખ્યાયિત કરે છે. અંતર્ગત માન્યતા એ છે કે કોઈપણ દેશનું બંધારણ તે દેશના લોકોના અમુક મુખ્ય રાજકીય મૂલ્યો અને

માન્યતાઓ ધરાવે છે જેની સાથે સામાન્ય રીતે ક્ષણિક જાહેર અભિપ્રાય દ્વારા હળવાશથી ચેડાં કરી શકાતા નથી.

૨૦. ભારતનું બંધારણ આવો જ એક કાયદો છે. માત્ર અમુકનો જ ઉલ્લેખ કરીએ તો, યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા, કેનેડા અને ઓસ્ટ્રેલિયાના બંધારણો તુલનાત્મક છે. આવા તમામ બંધારણો રાજ્યના વહીવટ માટેની જોગવાઈઓ સમાવિષ્ટ કરવા ઉપરાંત, નાગરિકોના અમુક અધિકારો અને બિન-નાગરિકોના પણ કેટલાક અધિકારો નિર્દિષ્ટ કરતી અથવા ઓળખતી જોગવાઈઓ ધરાવે છે (વ્યક્તિઓના બંને વર્ગોને સુવિધા ખાતર સામૂહિક રીતે 'પ્રજાજનો' તરીકે સંદર્ભિત કરી શકાય). આવા અધિકારોને 'મૂળભૂત' (બેઝિક), 'પ્રાથમિક' (પ્રાઈમોર્ડિયલ), 'અવિભાજ્ય' (ઈનએલિયનેબલ) કે 'મૂળભૂત અધિકારો' (ફંડામેન્ટલ રાઈટ્સ) તરીકે વર્ણવવામાં આવ્યા છે. આવા અધિકારો પ્રજાજનોની સ્વતંત્રતાનો નાશ કરવાની રાજ્યની સત્તા સામે રક્ષણાત્મક દીવાલ સમાન છે.

વિવિધ દેશોમાં અપનાવવામાં આવેલ નામકરણ ભલે ગમે તે હોય, તમામ લોકશાહી દેશોમાં[454] આવા અધિકારો એવા અધિકારો માનવામાં આવે છે કે જે સામાન્ય કાયદા દ્વારા સંપૂર્ણપણે ઘટાડી કે મર્યાદિત કરી શકાતા નથી, સિવાય કે સમાજના વિશાળ હિતમાં તે અધિકારોને ઘટાડવા કે મર્યાદિત કરવા અત્યંત

[454] બીડી સપ્લાય કંપની વિ. યુનિયન ઓફ ઈન્ડિયા અને અન્ય, એ.આઈ.આર. ૧૯૫૬ એસસી ૪૭૯; પેરા ૨૪: "જૂની લોકશાહીઓ તરફ વળવા અને તેમાંથી પ્રેરણા મેળવવા બદલ હું કોઈ ક્ષમાયાચના કરતો નથી, કેમ કે જોકે આપણો કાયદો ઘણા સ્ત્રોતોમાંથી મેળવેલ મિશ્રણ છે, તેના સૌથી મજબૂત પાયા અન્ય દેશોની સ્વતંત્રતાઓમાં રહેલા છે જ્યાં માનવીઓ આ શબ્દના લોકશાહી અર્થમાં મુક્ત છે. ઇંગ્લેન્ડમાં આવા કોઈ મૂળભૂત અધિકારો નથી અને તેની સંસદ સર્વોચ્ચ છે પરંતુ પ્રજાજનની સ્વતંત્રતાનું ત્યાં સંસદની સર્વોચ્ચતા જેટલી જ ઉત્સુકતાથી રક્ષણ કરવામાં આવે છે."

આવશ્યક હોવાનું પ્રસ્થાપિત થાય. કેટલાક બંધારણોમાં વિવિધ આનુષંગિક શરતો નિર્ધારિત કરતી જોગવાઈઓ હોય છે કે જેનું આવા (મૂળભૂત) અધિકારોને ઘટાડવાનો ઈરાદો ધરાવતા કોઈપણ કાયદાએ પાલન કરવું આવશ્યક છે.

૨૧. કોઈપણ લેખિત બંધારણની જોગવાઈઓ અધિકારો અને ફરજોનું સર્જન કરે છે, જે કાં તો વ્યક્તિઓના હોય છે અથવા સમગ્ર રાજકીય સંગઠન (બોડી પોલિટિક) ના હોય છે. દાખલા તરીકે, આપણા બંધારણના ભાગ-૩ માં મૂળભૂત અધિકારો તરીકે વર્ણવવામાં આવેલ અધિકારો વ્યક્તિઓના અધિકારો છે, જ્યારે ધારાકીય સંસ્થાઓની ચૂંટણીઓ સાથે સંબંધિત જોગવાઈઓ સામૂહિક રીતે સમગ્ર રાજકીય સંગઠનમાં સમયાંતરે ચૂંટણીઓ ફરજિયાત બનાવીને અધિકારોનું સર્જન કરે છે. તે મતદાર તરીકે અથવા લોકો/મતદારોના ચૂંટાયેલા પ્રતિનિધિ બનવા માટે આવી ચૂંટણી પ્રક્રિયામાં ભાગ લેવા માટે વ્યક્તિઓની તરફેણમાં પણ અધિકારોનું સર્જન કરે છે.

૨૨. જોકે આમુખમાં ઘોષિત અમુક ઉદ્દેશો હાંસલ કરવા માટે આપણા દ્વારા પસંદ કરાયેલ સરકારના લોકશાહી સ્વરૂપના નિર્વાહ માટે બંધારણ દ્વારા નિર્મિત દરેક અધિકાર અત્યંત મહત્વપૂર્ણ છે, તેમ છતાં આપણા બંધારણના ઘડવૈયાઓ માનતા હતા કે બંધારણમાં સમાવિષ્ટ કેટલાક અધિકારો ભારતના લોકોના સુખની શોધ માટે વધુ નિર્ણાયક છે અને તેથી, તેઓએ તેને મૂળભૂત અધિકારો કહ્યા. આ માન્યતા માનવ ઈતિહાસના અભ્યાસ અને અન્ય રાષ્ટ્રોના બંધારણો પર આધારિત છે જે પોતે ઐતિહાસિક ઘટનાઓનું પરિણામ છે.

આપણા બંધારણની યોજના એ છે કે રાજ્યની સત્તા ઊભી ધરી પર સંઘ અને રાજ્યો વચ્ચે તથા આડી ધરી પર શાસનની ત્રણ મહાન શાખાઓ, ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્ર વચ્ચે વિભાજિત છે. સત્તાનું આવું વિંભાજન ભારતના લોકોની સ્વત ત્રતાના સંરક્ષણ માટે અનુકૂળ માનવામાં આવે છે. લેખિત બંધારણ બનાવવાનો મૂળ હેતુ જ ભારતના લોકોને ન્યાય, સ્વતંત્રતા અને સમાનતા સુનિશ્ચિત કરવાનો છે. બંધારણના ઘડવૈયાઓ માનતા હતા કે સ્વતંત્રતાના ફળો ભોગવવા માટે અમુક સ્વાતંત્ર્યો આવશ્યક છે અને સમાજના વિશાળ હિતમાં અમુક મહત્વપૂર્ણ અને નિર્દિષ્ટ ઉદ્દેશો પ્રાપ્ત કરવા સિવાય રાજ્યને તે સ્વાતંત્ર્યોને કચડી નાખવાની પરવાનગી આપી શકાશે નહીં. તેથી, મૂળભૂત અધિકારો સાથે અસંગત હોય તેવો કાયદો બનાવવાની રાજ્યની સત્તા બંધારણીય રીતે ઘોષિત મર્યાદાઓની અંદર સીમિત છે.

૨૩. આપણા બંધારણ હેઠળ ખાતરી આપવામાં આવેલ મૂળભૂત અધિકારો જેવી જ સમાન જોગવાઈઓ અમેરિકન બંધારણમાં પણ અસ્તિત્વ ધરાવે છે.[455] તે આપણા બંધારણ કરતાં પૂર્વવર્તી છે.

૨૪. બંધારણના ભાગ-૩ હેઠળ ખાતરી આપવામાં આવેલ વિવિધ મૂળભૂત અધિકારો વચ્ચેનો અને વધુ ખાસ કરીને બંધારણના અનુચ્છેદ ૧૪, ૧૯ અને ૨૧ વચ્ચેનો આંતર-સંબંધ એ.કે. ગોપાલનથી શરૂ કરીને મોટા પ્રમાણમાં

[455] બંધારણના પ્રથમ ૮ સુધારાઓ તે પૈકીના કેટલાક છે.

ન્યાયિક વિમર્શનો વિષય રહ્યો છે. આ સંબંધમાં કાયદાની પ્રગતિ ન્યાયમૂર્તિ નરીમાન અને ન્યાયમૂર્તિ ચંદ્રચૂડ દ્વારા વિગતવાર નોંધવામાં આવી છે.

૨૫. આર.સી. કૂપર અને મેનકા ગાંધીએ આ વિષયને એક અલગ અભિગમ આપ્યો. મેનકા ગાંધીમાં બહુમતી વતી બોલતા ન્યાયમૂર્તિ ભગવતીએ અભિપ્રાય આપ્યો હતો[456] કે આ અદાલતના આર.સી. કૂપરના પાછળના ચુકાદાને ધ્યાને લેતાં, (ખરક સિંહમાં) લઘુમતી દ્રષ્ટિકોણને સાચો માનવો જોઈએ અને બહુમતી દ્રષ્ટિકોણ રદબાતલ ઠરેલ માનવો જોઈએ. પરિણામે, એવું ઠેરવવામાં આવ્યું હતું કે અનુચ્છેદ ૨૧ હેઠળ ખાતરી આપવામાં આવેલી કોઈપણ વ્યક્તિની સ્વતંત્રતા છીનવી લેતો કોઈપણ કાયદો માત્ર ન્યાયી, વાજબી અને વ્યાજબી જ

[456] પ.....ખરક સિંહ વિ. ઉત્તર પ્રદેશ રાજ્ય અને અન્ય માં જ આ અદાલત સમક્ષ પ્રથમ વખત 'વ્યક્તિગત સ્વાતંત્ર્ય' શબ્દપ્રયોગના યોગ્ય વ્યાપ અને અર્થ અંગેનો પ્રશ્ન ચોક્કસપણે વિચારણા માટે આવ્યો હતો. ન્યાયાધીશોની બહુમતીએ એવો દ્રષ્ટિકોણ અપનાવ્યો હતો કે "અનુચ્છેદમાં 'વ્યક્તિગત સ્વાતંત્ર્ય' શબ્દપ્રયોગનો ઉપયોગ માણસના તેવા તમામ પ્રકારના અધિકારોને સમાવિષ્ટ કરવા માટે એક સંક્ષિપ્ત શબ્દ તરીકે કરવામાં આવ્યો છે જે અનુચ્છેદ ૧૯(૧) ની કેટલીક કલમોમાં દર્શાવવામાં આવેલ અધિકારો સિવાય 'વ્યક્તિગત સ્વાતંત્ર્યો' ની રચના કરે છે. બીજા શબ્દોમાં કહીએ તો, જ્યારે અનુચ્છેદ ૧૯(૧) તે સ્વતંત્રતાના વિશિષ્ટ પ્રકારો અથવા લક્ષણો સાથે વ્યવહાર કરે છે, ત્યારે અનુચ્છેદ ૨૧ માં 'વ્યક્તિગત સ્વાતંત્ર્ય' બાકી રહેલા ભાગને પોતાનામાં સમાવી લે છે." જોકે, લઘુમતી ન્યાયાધીશો બહુમતી દ્વારા લેવામાં આવેલા આ દ્રષ્ટિકોણ સાથે અસંમત થયા અને તેમના વલણને નીચેના શબ્દોમાં સમજાવ્યું: "કોઈ શંકા નથી કે 'વ્યક્તિગત સ્વાતંત્ર્ય' શબ્દપ્રયોગ એક વ્યાપક શબ્દ છે અને મુક્તપણે હરવા-ફરવાનો અધિકાર એ વ્યક્તિગત સ્વાતંત્ર્યનું એક લક્ષણ છે. એવું કહેવામાં આવે છે કે મુક્તપણે હરવા-ફરવાની સ્વતંત્રતા વ્યક્તિગત સ્વાતંત્ર્યમાંથી કંડારી કાઢવામાં આવી છે અને તેથી, અનુચ્છેદ ૨૧ માં 'વ્યક્તિગત સ્વાતંત્ર્ય' શબ્દપ્રયોગ તે લક્ષણને બાકાત રાખે છે. અમારા મતે, આ સાચો અભિગમ નથી. બંને સ્વતંત્ર મૂળભૂત અધિકારો છે, જોકે તેમાં પરસ્પર વ્યાપ (ઓવરલેપિંગ) છે. એકમાંથી બીજું કંડારી કાઢવાનો કોઈ પ્રશ્ન નથી. જીવન અને વ્યક્તિગત સ્વાતંત્ર્યના મૂળભૂત અધિકારના ઘણા લક્ષણો છે અને તેમાંથી કેટલાક અનુચ્છેદ ૧૯ માં જોવા મળે છે. જો અનુચ્છેદ ૨૧ હેઠળ કોઈ વ્યક્તિના મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન થાય છે, તો રાજ્ય તે પગલાંને ટકાવી રાખવા માટે કાયદા પર આધાર રાખી શકે છે, પરંતુ જ્યાં સુધી સદર કાયદો અનુચ્છેદ ૧૯(૧) દ્વારા આવરી લેવાયેલા લક્ષણોના સંદર્ભમાં અનુચ્છેદ ૧૯(૨) માં નિર્ધારિત કસોટીને સંતોષતો નથી ત્યાં સુધી તે સંપૂર્ણ જવાબ હોઈ શકે નહીં". આ અદાલતના આર.સી. કૂપર વિ. યુનિયન ઓફ ઈન્ડિયા(૨) ના ચુકાદાને ધ્યાને લેતાં આમાં કોઈ શંકા હોઈ શકે નહીં કે લઘુમતી દ્રષ્ટિકોણને સાચો ગણવો જોઈએ અને બહુમતી દ્રષ્ટિકોણ રદબાતલ થયેલ માનવો જોઈએ.....

હોવો જોઈએ નહીં, પરંતુ તેણે એ પણ સાબિત કરવું જોઈએ કે તે અનુચ્છેદ ૧૯ હેઠળ નિર્દિષ્ટ અન્ય મૂળભૂત અધિકારો પૈકીના એક કે કેટલાકનું તે જ સમયે ઉલ્લંઘન કરતો નથી, અને તે દર્શાવવું જોઈએ કે તે કાયદો અનુચ્છેદ ૧૯ ની સંબંધિત કલમો ૨ થી ૬ પૈકીની એકનું સખતપણે પાલન કરે છે.[457]

૨૬. ખરક સિંહમાં, બહુમતી વતી બોલતા અય્યંગાર, જે. એ ઠેરવેલ કે અનુચ્છેદ ૨૧ માં વપરાયેલ 'વ્યક્તિગત સ્વાતંત્ર્ય' શબ્દપ્રયોગ એ "તે તમામ પ્રકારના અધિકારોને પોતાનામાં સમાવિષ્ટ કરતો એક સંક્ષિપ્ત શબ્દ છે જે અનુચ્છેદ ૧૯(૧) ની કેટલીક કલમોમાં નિર્દિષ્ટ અધિકારો સિવાયના માણસના 'વ્યક્તિગત સ્વાતંત્ર્યો' ની રચના કરે છે." બીજા શબ્દોમાં કહીએ તો, અનુચ્છેદ ૧૯(૧) અનુચ્છેદ ૨૧ માં ઉલ્લેખિત 'વ્યક્તિગત સ્વાતંત્ર્યના વિશિષ્ટ પ્રકારો અથવા લક્ષણો' સાથે વ્યવહાર કરે છે. "અનુચ્છેદ ૨૧ બાકીના ભાગને પોતાનામાં સમાવી લે છે." આવું અર્થઘટન લઘુમતી દ્વારા સ્વીકારવામાં આવ્યું ન હતું.

[457] ૬..... તેથી કાયદો હવે સુસ્થાપિત માનવો જોઈએ કે અનુચ્છેદ ૨૧ અનુચ્છેદ ૧૯ ને બાકાત રાખતો નથી અને જો કોઈ વ્યક્તિને 'વ્યક્તિગત સ્વાતંત્ર્ય' થી વંચિત કરવાની પ્રક્રિયા નિર્ધારિત કરતો કાયદો હોય અને પરિણામે અનુચ્છેદ ૨૧ દ્વારા આપવામાં આવેલ મૂળભૂત અધિકારનું કોઈ ઉલ્લંઘન ન થતું હોય, તેમ છતાં જો આવો કાયદો અનુચ્છેદ ૧૯ હેઠળના કોઈપણ મૂળભૂત અધિકારને ઘટાડતો હોય કે છીનવી લેતો હોય તો તેણે તે અનુચ્છેદના પડકારનો સામનો કરવો પડશે. આર.સી. કૂપર કેસ, શંભુ નાથ સરકાર કેસ અને હરાધન સાહા કેસના નિર્ણયો પછી આ સિદ્ધાંત સામે હવે વિવાદ થઈ શકે નહીં. હવે, જો કોઈ વ્યક્તિને 'વ્યક્તિગત સ્વાતંત્ર્ય' થી વંચિત કરતો અને તે હેતુ માટે પ્રક્રિયા નિર્ધારિત કરતો કાયદો અનુચ્છેદ ૨૧ ના અર્થમાં આપેલ પરિસ્થિતિમાં લાગુ પડતા હોય તેવા અનુચ્છેદ ૧૯ હેઠળ આપવામાં આવેલા મૂળભૂત અધિકારો પૈકીના એક કે તેથી વધુની કસોટી પર ખરો ઊતરવો પડતો હોય, તો અનુમાનિત રીતે તેને અનુચ્છેદ ૧૪ ના સંદર્ભમાં પણ ચકાસણીને પાત્ર બનાવવો જોઈએ. વાસ્તવમાં વિદ્વાન એટર્ની જનરલ દ્વારા આનો કોઈ વિરોધ કરવામાં આવ્યો ન હતો અને ખરેખર તેઓ એ.કે. ગોપાલન કેસમાં મુખર્જી, જે. દ્વારા કરવામાં આવેલા સ્પષ્ટ અને સ્પષ્ટ નિવેદનને ધ્યાને લેતાં વિરોધ કરી શક્યા ન હોત કે અનુચ્છેદ ૨૧ "એવી પૂર્વધારણા રાખે છે કે કાયદો એ ધારાસભાની સક્ષમતા અને જે વિષય સાથે તે સંબંધિત છે તેને ધ્યાને લેતાં બંધારણની જોગવાઈઓ હેઠળ માન્ય અને બંધનકર્તા કાયદો છે અને તે બંધારણ જે મૂળભૂત અધિકારોની જોગવાઈ કરે છે તે પૈકીના કોઈપણ અધિકારનું ઉલ્લંઘન કરતો નથી", જેમાં અનુચ્છેદ ૧૪ નો પણ સમાવેશ થાય છે.....

લઘુમતીએ એવો અભિપ્રાય આપ્યો હતો કે અનુચ્છેદ ૧૯ અને ૨૧ બંને સ્વતંત્ર મૂળભૂત અધિકારો છે પરંતુ તેમાં પરસ્પર વ્યાપ (ઓવરલેપિંગ) રહેલો છે.[458]

૨૭. ખરક સિંહનું વિશ્લેષણ દર્શાવે છે કે લઘુમતીએ એવો અભિપ્રાય આપ્યો હતો કે મુક્તપણે હરવા-ફરવાનો અધિકાર એ વ્યક્તિગત સ્વાતંત્ર્યનું એક લક્ષણ છે. લઘુમતીએ માત્ર એ વિધાનની શુદ્ધતા સામે વિવાદ કર્યો હતો કે અનુચ્છેદ ૧૯(૧) માં અમુક સ્વાતંત્ર્યોની ગણતરી કરીને, બંધારણના ઘડવૈયાઓએ અનુચ્છેદ ૨૧ માં 'સ્વાતંત્ર્ય' શબ્દપ્રયોગમાંથી તે સ્વાતંત્ર્યોને બાકાત રાખ્યા હતા. લઘુમતીએ અભિપ્રાય આપ્યો હતો કે અનુચ્છેદ ૧૯(૧) અને ૨૧ માં ગણાવેલ બંને સ્વાતંત્ર્યો સ્વતંત્ર મૂળભૂત અધિકારો છે, જોકે ત્યાં "પરસ્પર વ્યાપ" (ઓવરલેપિંગ) છે.

'સ્વાતંત્ર્ય' શબ્દપ્રયોગ પોતાના વ્યાપમાં માત્ર અનુચ્છેદ ૧૯(૧)(ડી) હેઠળ ખાતરી આપવામાં આવેલ મુક્તપણે હરવા-ફરવાના અધિકારને જ નહીં; પરંતુ અનુચ્છેદ ૧૯(૧) હેઠળ ઉલ્લેખિત અન્ય દરેક સ્વાતંત્ર્યને પણ સમાવી લેવાની ક્ષમતા ધરાવે છે. વ્યક્તિગત સ્વાતંત્ર્ય પોતાના વ્યાપમાં માત્ર શારીરિક નિયંત્રણોને આધીન ન થવાના અધિકારને જ નહીં, પરંતુ વિચાર, માન્યતા, લાગણી અને સંવેદનાની સ્વતંત્રતા તથા અન્ય વિવિધ પ્રકારની સ્વતંત્રતાઓને પણ સમાવી લે છે. સ્વાતંત્ર્ય શબ્દપ્રયોગની સૌથી મૂળભૂત સમજ એ છે કે

[458] કોઈ શંકા નથી કે "વ્યક્તિગત સ્વાતંત્ર્ય" શબ્દપ્રયોગ એક વ્યાપક શબ્દ છે અને મુક્તપણે હરવા-ફરવાનો અધિકાર એ વ્યક્તિગત સ્વાતંત્ર્યનું એક લક્ષણ છે. એવું કહેવાય છે કે મુક્તપણે હરવા-ફરવાની સ્વતંત્રતા વ્યક્તિગત સ્વાતંત્ર્યમાંથી કંડારવામાં આવી છે અને તેથી, અનુચ્છેદ ૨૧ માં "વ્યક્તિગત સ્વાતંત્ર્ય" શબ્દપ્રયોગ તે લક્ષણને બાકાત રાખે છે. અમારા મતે, આ સાચો અભિગમ નથી. બંને સ્વતંત્ર મૂળભૂત અધિકારો છે, જોકે તેમાં પરસ્પર વ્યાપ છે.

વ્યક્તિ જે ઈચ્છે તે કરવાની સ્વતંત્રતા. પરંતુ સ્વાતંત્ર્યનો વિચાર તેના કરતાં વધુ જટિલ છે. અબ્રાહમ લિંકનનું એ વિધાન[459] કે આપણું રાષ્ટ્ર "સ્વતંત્રતામાં ગર્ભિત થયું હતું" એ આપણા આમુખમાં સમાવિષ્ટ ઘોષણાના સંદર્ભમાં સમાન રીતે પ્રસ્તુત છે; અને ન્યાયમૂર્તિ બ્રાન્ડિસના શબ્દોમાં અસરકારક રીતે વ્યક્ત થયા મુજબ:

> "જેઓએ આપણું સ્વાતંત્ર્ય મેળવ્યું તેઓ માનતા હતા કે રાજ્યનો અંતિમ ઉદ્દેશ્ય મનુષ્યોને તેમની શક્તિઓ વિકસાવવા માટે મુક્ત બનાવવાનો હતો; અને તેની સરકારમાં મનસ્વીતા કરતાં વિચારશીલ પરિબળો પ્રવર્તવા જોઈએ. તેઓએ સ્વાતંત્ર્યને સાધ્ય અને સાધન બંને તરીકે મૂલ્યવાન ગણ્યું હતું. તેઓ માનતા હતા કે સ્વતંત્રતા એ સુખનું રહસ્ય છે અને હિંમત એ સ્વતંત્રતાનું રહસ્ય છે."
>
> - વ્હીટની વિ. કેલિફોર્નિયા, ૨૭૪ યુ.એસ. ૩૫૭, ૩૭૫

૨૮. હવે એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે જે સ્વાતંત્ર્યો અન્યથા 'સ્વાતંત્ર્ય' શબ્દપ્રયોગનો ભાગ બન્યા હોત તે પૈકીના કેટલાક સ્વાતંત્ર્યોની ખાસ ગણતરી કરીને બંધારણના ઘડવૈયાઓ કયો ઉદ્દેશ્ય હાંસલ કરવા માંગતા હતા. મારા મતે તેનો જવાબ એ છે કે બંધારણ સભાએ યોગ્ય માન્યું કે સ્વતંત્રતાના કેટલાક પાસાઓને વધુ ભારપૂર્વકની ઘોષણાની જરૂર છે જેથી તેને ઘટાડવા કે મર્યાદિત કરવાની રાજ્યની સત્તા પર નિયંત્રણ લાદી શકાય. આવી ભારપૂર્વકની ઘોષણાની

[459] જુ. ગેટિસબર્ગ ભાષણ

જરૂરિયાત આ રાષ્ટ્રના ઇતિહાસમાંથી ઉદ્ભવી હતી. મારા મતે, જે ઉદ્દેશ્ય હાંસલ કરવા માંગવામાં આવ્યો હતો તે બેવડો છે. પ્રથમ, 'સ્વાતંત્ર્ય' શબ્દપ્રયોગના અર્થને નક્કી કરવાની દલીલ પ્રક્રિયા[460] થી પર મૂકવાનો, અને બીજું, તે ગણાવેલા સ્વાતંત્ર્યોને ઘટાડવાની રાજ્યની સત્તાને અનુચ્છેદ ૧૯ ની સંબંધિત કલમો (૨) થી (૬) માં દર્શાવેલ ઉદ્દેશ્યો હાંસલ કરવા પૂરતી જ મર્યાદિત રાખવાનો.[461] એ યાદ

---

[460] એ.કે. ગોપાલનના કેસમાં રાજ્યની ચોક્કસપણે એ જ રજૂઆત હતી જે કમનસીબે આ અદાલત દ્વારા માન્ય રાખવામાં આવી હતી.

[461] (૨) કલમ (૧) ના ઉપ-કલમ (એ) ની કોઈ પણ બાબત અસ્તિત્વમાં રહેલા કોઈપણ કાયદાના અમલને અસર કરશે નહીં, અથવા રાજ્યને કોઈપણ કાયદો બનાવતા રોકશે નહીં, જ્યાં સુધી આવો કાયદો ભારતના સાર્વભૌમત્વ અને અખંડિતતા, રાજ્યની સુરક્ષા, વિદેશી રાજ્યો સાથેના મૈત્રીપૂર્ણ સંબંધો, જાહેર વ્યવસ્થા, શિષ્ટાચાર કે નૈતિકતાના હિતમાં અથવા અદાલતના તિરસ્કાર, બદનક્ષી કે કોઈ ગુનાની ઉશ્કેરણીના સંબંધમાં સદર ઉપ-કલમ દ્વારા આપવામાં આવેલ અધિકારના ઉપયોગ પર વાજબી નિયંત્રણો લાદતો હોય;

(૩) સદર કલમના ઉપ-કલમ (બી) ની કોઈ પણ બાબત અસ્તિત્વમાં રહેલા કોઈપણ કાયદાના અમલને અસર કરશે નહીં, જ્યાં સુધી તે ભારતના સાર્વભૌમત્વ અને અખંડિતતા અથવા જાહેર વ્યવસ્થાના હિતમાં સદર ઉપ-કલમ દ્વારા આપવામાં આવેલ અધિકારના ઉપયોગ પર વાજબી નિયંત્રણો લાદતો હોય અથવા રાજ્યને તેવા નિયંત્રણો લાદતો કોઈ કાયદો બનાવતા રોકશે નહીં;

(૪) સદર કલમના ઉપ-કલમ (સી) ની કોઈ પણ બાબત અસ્તિત્વમાં રહેલા કોઈપણ કાયદાના અમલને અસર કરશે નહીં, જ્યાં સુધી તે ભારતના સાર્વભૌમત્વ અને અખંડિતતા અથવા જાહેર વ્યવસ્થા કે નૈતિકતાના હિતમાં સદર ઉપ-કલમ દ્વારા આપવામાં આવેલ અધિકારના ઉપયોગ પર વાજબી નિયંત્રણો લાદતો હોય અથવા રાજ્યને તેવા નિયંત્રણો લાદતો કોઈ કાયદો બનાવતા રોકશે નહીં;

(૫) સદર કલમના ઉપ-કલમ (ડી) અને (ઈ) ની કોઈ પણ બાબત અસ્તિત્વમાં રહેલા કોઈપણ કાયદાના અમલને અસર કરશે નહીં, જ્યાં સુધી તે સામાન્ય જનતાના હિતમાં અથવા કોઈપણ અનુસૂચિત જનજાતિના હિતોના રક્ષણ માટે સદર ઉપ-કલમો દ્વારા આપવામાં આવેલા અધિકારો પૈકીના કોઈપણ અધિકારના ઉપયોગ પર વાજબી નિયંત્રણો લાદતો હોય અથવા રાજ્યને તેવા નિયંત્રણો લાદતો કોઈ કાયદો બનાવતા રોકશે નહીં;

(૬) સદર કલમના ઉપ-કલમ (જી) ની કોઈ પણ બાબત અસ્તિત્વમાં રહેલા કોઈપણ કાયદાના અમલને અસર કરશે નહીં, જ્યાં સુધી તે સામાન્ય જનતાના હિતમાં સદર ઉપ-કલમ દ્વારા આપવામાં આવેલ અધિકારના ઉપયોગ પર વાજબી નિયંત્રણો લાદતો હોય અથવા રાજ્યને તેવા નિયંત્રણો લાદતો કોઈ કાયદો બનાવતા રોકશે નહીં, અને ખાસ કરીને, સદર ઉપ-કલમની કોઈ પણ બાબત અસ્તિત્વમાં રહેલા કોઈપણ કાયદાના અમલને અસર કરશે નહીં જ્યાં સુધી તે નીચેની બાબતો સાથે સંબંધિત હોય, અથવા રાજ્યને નીચેની બાબતો સંબંધિત કોઈ કાયદો બનાવતા રોકશે નહીં,

(૧) કોઈપણ વ્યવસાય ચલાવવા અથવા કોઈપણ ધંધો, વેપાર કે રોજગાર કરવા માટે જરૂરી વ્યાવસાયિક અથવા તકનીકી લાયકાતો, અથવા

જોકે આ સિદ્ધાંત નવો નથી, અને કેટલાક લોકો માટે તે સ્વયંસિદ્ધ જેવો લાગી શકે છે, છતાં એવો કોઈ સિદ્ધાંત નથી જે હાલના અભિપ્રાય અને પ્રથાના સામાન્ય વલણનો આટલો સીધો વિરોધ કરતો હોય. સમાજે (તેની સમજણ મુજબ) લોકોને સામાજિક શ્રેષ્ઠતાની જેમ વ્યક્તિગત શ્રેષ્ઠતાના તેના ખ્યાલોને અનુરૂપ થવા દબાણ કરવાના પ્રયાસમાં સંપૂર્ણપણે તેટલો જ પ્રયત્ન ખર્ચ્યો છે."[511] (ભારપૂર્વક ઉમેરેલ)

[511] ૩૨. જોન સ્ટુઅર્ટ મિલ, ઓન લિબર્ટી એન્ડ અધર એસેઝ ૧૫-૧૬ (સ્ટીફન કોલિની સંપાદક, ૧૯૮૯) (૧૮૫૯).

૨૮. પ્રાઈવસીના અધિકારનું પ્રથમ અને કુદરતી સ્થાન અનુચ્છેદ ૨૧ માં 'વ્યક્તિગત સ્વાતંત્ર્ય' અને ખુદ જીવનના મૂળ હાર્દમાં રહેલું છે. સ્વાતંત્ર્ય અને પ્રાઈવસી એવી રીતે અભિન્નપણે જોડાયેલા છે કે પ્રાઈવસી એ ઘણીવાર વ્યક્તિગત સ્વાતંત્ર્યના અધિકારના ઉપયોગ માટે જરૂરી મૂળભૂત શરત હોય છે. એવી અસંખ્ય પ્રવૃત્તિઓ છે જે વ્યક્તિને એકલી રહેવા દેવામાં ન આવે અથવા પોતાની પ્રાઈવસી સુનિશ્ચિત કરવા માટે અન્યથા સક્ષમ બનાવવામાં ન આવે ત્યાં સુધી વર્ચ્યુઅલી બિલકુલ કરી શકાતી નથી અને ઘણા કિસ્સાઓમાં ગરિમા સાથે કરી શકાતી નથી. જન્મ અને મૃત્યુ એવી ઘટનાઓ છે જ્યારે તમામ સંસ્કારી લોકોમાં ગરિમા સુનિશ્ચિત કરવા માટે પ્રાઈવસી આવશ્યક હોય છે. આથી પ્રાઈવસી એવા અધિકારો પૈકીનો એક અધિકાર છે જે બંધારણીય લખાણમાં નિર્દિષ્ટ અને ગણાવવામાં આવેલા અધિકારોનો "ઉપભોગ કરવા માટે સાધનરૂપે જરૂરી"[512] છે.

૨૯. આ કોર્ટે સુનીલ બત્રા (૧) વિ. દિલ્હી એડમિનિસ્ટ્રેશન[513] માં બંધારણીય બેન્ચથી શરૂ કરીને અસંખ્ય પ્રસંગોએ એ દ્રષ્ટિકોણને સમર્થન આપ્યું છે કે 'જીવન' નો અર્થ "માત્ર પ્રાણી સમાન અસ્તિત્વ કરતાં કંઈક વિશેષ"[514] હોવો જોઈએ. સુનીલ બત્રા એ અનુચ્છેદ ૨૧ ના આ દ્રષ્ટિકોણને ગરિમાના બંધારણીય મૂલ્ય સાથે જોડ્યો હતો. ફ્રાન્સિસ કોરાલી મુલિન વિ. એડમિનિસ્ટ્રેટર, યુનિયન

[512] ૩૩. લોરેન્સ એચ. ટ્રાઇબ અને માઇકલ સી. ડોર્ફ, લેવલ્સ ઓફ જેનેરાલિટી ઇન ધ ડેફિનેશન ઓફ રાઇટ્સ, ૫૭ યુનિવર્સિટી ઓફ શિકાગો લો રિવ્યુ ૧૦૫૭ (૧૯૯૦) પૃષ્ઠ ૧૦૬૮ પર.

[513] ૩૫. (૧૯૭૮) ૪ એસસીસી ૪૯૪.

[514] ૩૪. મન વિ. ઇલિનોઇસ, (૧૮૭૭) ૯૪ યુ.એસ. ૧૧૩ (ફિલ્ડ, જે.), ખરક સિંહમાં પૃષ્ઠ ૩૪૭-૮ પર ટાંક્યા મુજબ.

ટેરિટરી ઓફ દિલ્હી[515] સહિતના અસંખ્ય કેસોમાં, આ કોર્ટે સ્વાતંત્ર્યને ગરિમા સાથે ગાઢ રીતે જોડાયેલું ગણ્યું છે. તેમનો સંબંધ 'જીવન' ના રક્ષણ હેઠળ "વિચારવાની અને અનુભવવાની ક્ષમતાઓ" નું રક્ષણ અને તે ક્ષમતાઓને કામચલાઉ તેમજ કાયમી ક્ષતિઓ સામે રક્ષણ આપવા સુધીનો છે. ફ્રાન્સિસ કોરાલી મુલિન માં, ન્યાયમૂર્તિ ભગવતીએ નીચે મુજબ મત વ્યક્ત કર્યો હતો[516]:-

> "હવે દેખીતી રીતે, અનુચ્છેદ ૨૧ માં સમાવિષ્ટ જીવનના અધિકારને માત્ર પ્રાણી સમાન અસ્તિત્વ પૂરતો મર્યાદિત કરી શકાય નહીં. તેનો અર્થ માત્ર શારીરિક અસ્તિત્વ કરતાં ઘણો વધારે છે. ખરક સિંહ વિ. ઉત્તર પ્રદેશ રાજ્ય માં, ન્યાયમૂર્તિ સુબ્બા રાવે અનુચ્છેદ ૨૧ દ્વારા આવરી લેવાયેલ જીવનની ગુણવત્તા પર ભાર મૂકવા માટે મન વિ. ઇલિનોઇસ માં ન્યાયમૂર્તિ ફિલ્ડના ચુકાદામાંથી નીચેનો અંશ અનુમોદન સાથે ટાંક્યો હતો:
>
> 'અહીં વપરાયેલ "જીવન" શબ્દ દ્વારા માત્ર પ્રાણી સમાન અસ્તિત્વ કરતાં કંઈક વિશેષ અભિપ્રેત છે. તેનાથી વંચિત કરવા સામેનો પ્રતિબંધ તે તમામ અંગો અને ક્ષમતાઓ સુધી વિસ્તરે છે જેના દ્વારા જીવનનો ઉપભોગ કરવામાં આવે છે. આ જોગવાઈ શરીરના અંગવિચ્છેદન અથવા હાથ કે પગ કાપી નાખવા અથવા આંખ ફોડી નાખવા અથવા શરીરના

---

[515] ૩૬. (૧૯૮૧) ૧ એસસીસી ૬૦૮.

[516] ૩૭. ફ્રાન્સિસ કોરાલી મુલિન, પેરા ૭ પર.

અન્ય કોઈપણ અંગનો નાશ કરવા પર સમાન રીતે પ્રતિબંધ મૂકે છે જેના દ્વારા આત્મા બાહ્ય વિશ્વ સાથે સંચાર કરે છે.'

અને આ અંશને આ કોર્ટની બંધારણીય બેન્ચ દ્વારા પ્રથમ સુનીલ બત્રા કેસ (સુપ્રા) માં ફરીથી સાચો કાયદો ઠેરવતો હોવાનું સ્વીકારવામાં આવ્યું હતું. જેના દ્વારા જીવનનો ઉપભોગ કરવામાં આવે છે તે દરેક અંગ કે ક્ષમતા આમ અનુચ્છેદ ૨૧ દ્વારા સુરક્ષિત છે અને તેથી વધુ મજબૂત તર્કથી (એ ફોર્ટીઓરી), આમાં વિચારવાની અને અનુભવવાની ક્ષમતાઓનો સમાવેશ થશે. હવે જે વંચિતતા સામે અનુચ્છેદ ૨૧ દ્વારા પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે તે સંપૂર્ણ અથવા આંશિક હોઈ શકે છે, કોઈ પણ અંગ કે ક્ષમતાનો ન તો સંપૂર્ણ નાશ કરી શકાય છે કે ન તો તેને આંશિક રીતે નુકસાન પહોંચાડી શકાય છે. વળી, તે દરેક પ્રકારની વંચિતતા છે જે અનુચ્છેદ ૨૧ ના દાયરામાં આવે છે, પછી ભલે આવી વંચિતતા કાયમી હોય કે કામચલાઉ અને વધુમાં, વંચિતતા એવું કૃત્ય નથી જે એક જ વારમાં કાયમ માટે પૂર્ણ થઈ જાય છે: તે એક ચાલુ રહેતું કૃત્ય છે અને જ્યાં સુધી તે ચાલુ રહે ત્યાં સુધી તે કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયા અનુસાર હોવું જોઈએ. તેથી તે સ્પષ્ટ છે કે કોઈપણ કૃત્ય જે કોઈ વ્યક્તિના કોઈપણ અંગ કે ક્ષમતાના ઉપયોગને કાયમી ધોરણે અથવા કામચલાઉ ધોરણે પણ નુકસાન પહોંચાડે છે અથવા ઈજા કરે છે અથવા તેમાં દખલ કરે છે, તે અનુચ્છેદ ૨૧ ના પ્રતિબંધ હેઠળ આવશે."

(ભારપૂર્વક ઉમેરેલ)

તેથી પ્રાઈવસી તેની માનસિક અને શારીરિક બંને બાબતોમાં બાંયધરી આપેલ સ્વતંત્રતાઓને સક્ષમ બનાવનાર તરીકે આવશ્યક છે.

૩૦. પ્રાઈવસી વિના વ્યક્તિને ગરિમા - જેનું બંધારણીય મહત્વ આમુખ દ્વારા તેમજ આ કોર્ટ દ્વારા અન્ય અધિકારો ઉપરાંત અનુચ્છેદ ૨૧ ની તેની સમજૂતીમાં સ્વીકારવામાં આવ્યું છે - કેવી રીતે સુનિશ્ચિત કરી શકાય તે જોવું મુશ્કેલ છે. ગરિમા અને પ્રાઈવસી બંને ગાઢ રીતે એકબીજા સાથે જોડાયેલા છે અને તે વ્યક્તિઓના જન્મ અને મૃત્યુ માટે, તેમજ આ ઘટનાઓ વચ્ચેના જીવનની ઘણી મહત્વપૂર્ણ ઘટનાઓ માટે કુદરતી પરિસ્થિતિઓ છે. અનિવાર્યપણે, તો પછી, પ્રાઈવસીનો અધિકાર અનુચ્છેદ ૨૧ હેઠળ 'જીવન' અને 'વ્યક્તિગત સ્વાતંત્ર્ય' બંનેનો એક અભિન્ન ભાગ છે, અને તેનો હેતુ અધિકારધારકને આમુખમાં તેમજ સમગ્ર ભાગ ૩ માં વ્યક્ત કરાયેલા બંધારણીય મૂલ્યો સાથે સુસંગત રહીને જ શક્ય બને તે હદે તેની ક્ષમતાનો સંપૂર્ણ વિકાસ કરવા સક્ષમ બનાવવાનો છે.

એક પ્રવાસી અધિકાર તરીકે પ્રાઈવસી

૩૧. મેં અગાઉ દર્શાવ્યું છે કે પ્રાઈવસીનો અધિકાર બંધારણીય રીતે અનુમતિપાત્ર કોઈપણ કાર્ય કરવાના અધિકાર જેટલો જ અવિભાજ્ય છે. પ્રાઈવસી તેના તમામ પાસાઓમાં અનુચ્છેદ ૧૯(૧) દ્વારા ખાતરી આપવામાં આવેલી

સ્વતંત્રતાઓના ઉપયોગ માટે એક પ્રસ્થાનબિંદુ (સ્પ્રિંગબોર્ડ) રચે છે. વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા હંમેશાં ખાનગીમાં વિચારવાની, વાંચવાની અને લખવાની ક્ષમતા પર આધારિત હોય છે અને તે ઘણીવાર પ્રાઈવસીની સ્થિતિમાં જ ઉપયોગમાં લેવાય છે, જેમાં જેમના સાથે બોલવાનો કે વાતચીત કરવાનો ઈરાદો ન હોય તેમને બાકાત રાખવામાં આવે છે. શાંતિપૂર્ણ સભા માટે એવા તત્વોને બાકાત રાખવાની જરૂર પડે છે જેઓ શાંતિપૂર્ણ ન હોય અથવા જેઓનો એજન્ડા અલગ હોય. સંગઠન બનાવવાની સ્વતંત્રતા અનિવાર્યપણે પોતાની પસંદગીના અને સમાન ઉદ્દેશ્યો ધરાવતા લોકો સાથે જોડાવાની સ્વતંત્રતા હોવી જોઈએ. રહેઠાણ અને સ્થાયી થવા સંબંધિત બાબતોમાં પ્રાઈવસીની આવશ્યકતા એટલી સુવિદિત છે કે તેના પર વિસ્તૃત વિવેચનની જરૂર નથી. છેવટે, વ્યવહારિક દ્રષ્ટિએ પ્રાઈવસીના અધિકાર વિના અને અન્ય લોકોને પોતાના કામથી દૂર રાખવાના અધિકાર અને સત્તા વિના કોઈ વ્યક્તિ વ્યવસાય કરવા અથવા વેપાર, ધંધો કે રોજગાર ચલાવવા સક્ષમ હોય તેવી કલ્પના કરવી શક્ય નથી.

૩૨. પ્રથમદર્શી રીતે, અનુચ્છેદ ૨૫ મુજબ અંતઃકરણની સ્વતંત્રતા અને ધર્મ માનવા, આચરવા તથા તેનો પ્રચાર કરવાના અધિકારના ઉપયોગ માટે પ્રાઈવસી આવશ્યક છે. અનુચ્છેદ ૨૬ મુજબ ધાર્મિક અને સખાવતી હેતુઓ માટે સંસ્થાઓ સ્થાપવા અને જાળવવા, પોતાના કાર્યોનું સંચાલન કરવા અને આવા હેતુઓ માટે સંપાદિત કરેલી મિલકતની માલિકી ધરાવવા તથા તેનો વહીવટ કરવા માટેના દરેક ધાર્મિક સંપ્રદાયના આગળના અધિકાર માટે પણ રાજ્ય

તરફથી બિન-દખલગીરીના અર્થમાં પ્રાઈવસી જરૂરી છે. અનુચ્છેદ ૨૮(૩) રાજ્ય દ્વારા માન્યતા પ્રાપ્ત શૈક્ષણિક સંસ્થામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીના એકલા રહેવા દેવાના અધિકારને સ્પષ્ટપણે માન્યતા આપે છે. જ્યાં સુધી તેના વાલીએ સંમતિ ન આપી હોય ત્યાં સુધી આવા વિદ્યાર્થીને આવી કોઈપણ સંસ્થામાં આપવામાં આવતા ધાર્મિક શિક્ષણમાં ભાગ લેવા માટે ફરજ પાડી શકાતી નથી.

૩૩. ગોપનીયતાનો અધિકાર સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકારો સાથે પણ અભિન્ન છે જેના દ્વારા વિશિષ્ટ ભાષા, લિપિ અથવા સંસ્કૃતિ ધરાવતા જૂથને તેનું સંરક્ષણ કરવાનો અધિકાર રહેશે. તે હંમેશા મિલકતની માલિકી ધરાવવાના અધિકારનો પણ એક અભિન્ન ભાગ રહ્યો છે અને કાયદામાં જાણીતા અતિક્રમણ (ટ્રેસપાસ) ના તમામ ગુનાઓ અને અપ્રકૃત્યો (ટોર્ટ્સ) દ્વારા દીવાની કાયદામાં તેમજ ફોજદારી કાયદામાં તે રીતે ગણવામાં આવ્યો છે.

૩૪. તેથી, ભાગ-૩ ની કોઈપણ ખાતરીઓના ઉપભોગ માટે પ્રાઈવસી એ આવશ્યક પૂર્વશરત છે. પરિણામે, જ્યારે બંધારણીય અદાલતો સમક્ષ અધિકારધારકો દ્વારા તેનો દાવો કરવામાં આવે છે, ત્યારે પ્રાઈવસીનો અધિકાર માત્ર અનુચ્છેદ ૨૧ માં જ નહીં, પરંતુ ભાગ-૩ ની અન્ય કોઈપણ ખાતરીઓમાં પણ એકસાથે સ્થિત થઈ શકે છે. બાબતોની વર્તમાન સ્થિતિમાં, અનુચ્છેદ ૧૯(૧), ૨૦(૩), ૨૫, ૨૮ અને ૨૯ એ તમામ એવા અધિકારો છે જેને પ્રાઈવસીના ઉપયોગ દ્વારા સહાય મળે છે અને અર્થપૂર્ણ બને છે. આ કોઈ સંપૂર્ણ યાદી નથી. ટેકનોલોજી અને સામાજિક વ્યવસ્થામાં ભાવિ વિકાસ એ દર્શાવી શકે

છે કે હજુ પણ એવા વધુ બંધારણીય સ્થાનો છે જ્યાં પ્રાઈવસીનો અધિકાર અંતર્નિહિત છે જે હાલમાં આપણને સ્પષ્ટ દેખાતા નથી.

પ્રાઈવસીના મૂળભૂત અધિકારની ન્યાયિક ગણતરી

૩૫. બંધારણ હેઠળ એક અધિકારના આધારે બીજા અધિકારની ન્યાયિક ગણતરી કરવામાં કંઈ અસામાન્ય નથી. અનુચ્છેદ ૨૧ ની 'વ્યક્તિગત સ્વાતંત્ર્ય' ની બાંયધરીના કિસ્સામાં, જો સ્વાતંત્ર્ય અંગે સાલમંડની 'પ્રારંભિક અધિકારો'[517] તરીકેની વિભાવના સાચી હોય તો આ પ્રથા તદ્દન સ્વાભાવિક છે. ગણતરીની પ્રક્રિયા દ્વારા, બંધારણીય અદાલતો માત્ર બંધારણીય સ્વાતંત્ર્યના શેષ ભાગમાં પહેલેથી જ રહેલી બાંયધરીઓને એક નામ આપે છે અને તેના મુખ્ય હાર્દને નિર્દિષ્ટ કરે છે. સમય જતાં, સુપ્રિમ કોર્ટ પોતાની અર્થઘટન પ્રક્રિયા દ્વારા એવો ગર્ભિતાર્થ તારવવામાં સક્ષમ રહી છે કે પ્રાઈવસીના અધિકાર સહિતના કેટલાક મૂળભૂત અધિકારો સ્પષ્ટપણે જણાવવામાં આવેલા મૂળભૂત અધિકારોમાંથી ઉદ્ભવે છે. ઉન્ની ક્રિષ્નન, જે.પી. વિ. આંધ્રપ્રદેશ રાજ્ય[518] માં, આ કોર્ટની બંધારણીય બેંચે શિક્ષણના અધિકારના અસ્તિત્વની પુષ્ટિ કરવાના માર્ગમાં ઠેરવ્યું હતું કે "અનુચ્છેદ ૨૧ હેઠળ અગણિત અધિકારો આવે છે કારણ કે વ્યક્તિગત સ્વાતંત્ર્ય સૌથી વ્યાપક વિસ્તાર ધરાવે છે"[519]. તેણે આવા

---

[517] ૩૮. સાલમંડ, પૃષ્ઠ ૨૨૮ પર.

[518] ૩૯. (૧૯૯૩) ૧ એસસીસી ૬૪૫.

[519] ૪૦. એજન, પૃષ્ઠ ૨૯ પર.

અધિકારોની નીચેની સૂચક યાદી પૂરી પાડી હતી, જેમાં પ્રાઈવસીના અધિકારનો સમાવેશ થતો હતો:

"૩૦. નીચેના અધિકારો અનુચ્છેદ ૨૧ હેઠળ આવરી લેવાયેલા હોવાનું ઠેરવવામાં આવ્યું છે:

(૧) વિદેશ જવાનો અધિકાર: સતવંત સિંહ વિ. ડી. રામરત્નમ એ.પી.ઓ., નવી દિલ્હી (૧૯૬૭) ૩ એસસીઆર ૫૨૫;

(૨) પ્રાઈવસીનો અધિકાર: ગોવિંદ વિ. મધ્યપ્રદેશ રાજ્ય, (૧૯૭૫) ૨ એસસીસી ૧૪૮. આ કેસમાં ગ્રિસવોલ્ડ વિ. કનેક્ટિકટ, ૩૮૧ યુ.એસ. ૪૭૯ પૃષ્ઠ ૫૧૦ પરના અમેરિકન નિર્ણય પર આધાર રાખવામાં આવ્યો હતો;

(૩) એકાંત કેદ સામેનો અધિકાર: સુનીલ બત્રા વિ. દિલ્હી એડમિનિસ્ટ્રેશન, (૧૯૭૮) ૪ એસસીસી ૪૯૪ પૃષ્ઠ ૫૪૫ પર;

(૪) બેડીઓ (બાર ફેટર્સ) સામેનો અધિકાર: ચાર્લ્સ શોભરાજ વિ. સુપ્રિ. (સેન્ટ્રલ જેલ), (૧૯૭૮) ૪ એસસીઆર ૧૦૪;

(૫) કાનૂની સહાયનો અધિકાર: એમ.એચ. હોસ્કોટ વિ. મહારાષ્ટ્ર રાજ્ય, (૧૯૭૮) ૩ એસસીસી ૫૪૪;

(૬) ઝડપી સુનાવણીનો અધિકાર: હુસૈનારા ખાતૂન વિ. હોમ સેક્રેટરી, બિહાર રાજ્ય, (૧૯૮૦) ૧ એસસીસી ૮૧;

(૭) હાથકડી સામેનો અધિકાર: પ્રેમ શંકર વિ. દિલ્હી એડમિનિસ્ટ્રેશન (૧૯૮૦) ૩ એસસીસી ૫૨૬;

(૮) વિલંબિત ફાંસી સામેનો અધિકાર: ટી.વી. વાથીશ્વરન વિ. તમિલનાડુ રાજ્ય, (૧૯૮૩) ૨ એસસીસી ૬૮;

(૯) કસ્ટોડિયલ હિંસા સામેનો અધિકાર: શીલા બારસે વિ. મહારાષ્ટ્ર રાજ્ય, (૧૯૮૩) ૨ એસસીસી ૯૬;

(૧૦) જાહેર ફાંસી સામેનો અધિકાર: એટર્ની જનરલ ઓફ ઇન્ડિયા વિ. લક્ષ્મા દેવી, (૧૯૮૯) સપ્લી. (૧) એસસીસી ૨૬૪;

(૧૧) તબીબની સહાય: પરમાનંદ કટારા વિ. યુનિયન ઓફ ઇન્ડિયા, (૧૯૮૯) ૪ એસસીસી ૨૮૬;

(૧૨) આશ્રય: શાંતિસ્ટાર બિલ્ડર્સ વિ. એન.કે. તોતામે, (૧૯૯૦) ૧ એસસીસી ૫૨૦."

પ્રાઈવસીના કિસ્સામાં, ન્યાયિક ગણતરી માટેનો કેસ ખાસ કરીને મજબૂત છે. તે કોઈ શંકા વિના અનુચ્છેદ ૨૧ માંથી એક વાજબી ગર્ભિતાર્થ છે, પરંતુ તેનાથી પણ ઘણું વધારે છે. બંધારણીય લખાણમાં સ્પષ્ટપણે નોંધાયેલા અધિકારો જો અર્થપૂર્ણ બનવા હોય તો પ્રાઈવસી એ એક એવો અધિકાર અથવા શરત છે જેને "તાર્કિક રીતે પૂર્વધારિત"[520] ગણવી જોઈએ. પરિણામે, પ્રાઈવસી એ માત્ર એક વ્યુત્પન્ન બંધારણીય અધિકાર કરતાં વિશેષ છે. તે બંધારણના

[520] ૪૧. લોરેન્સ એચ. ટ્રાઇબ અને માઇકલ સી. ડોર્ફ, લેવલ્સ ઓફ જેનેરાલિટી ઇન ધ ડેફિનેશન ઓફ રાઇટ્સ, ૫૭ યુનિવર્સિટી ઓફ શિકાગો લો રિવ્યુ ૧૦૫૭ (૧૯૯૦) પૃષ્ઠ ૧૦૬૮ પર.

લખાણમાં બાંયધરી આપેલા અધિકારોનું આવશ્યક અને અનિવાર્ય તાર્કિક પરિણામ છે.

૩૬. ગોપનીયતાના સ્વરૂપને મૂળભૂત અધિકાર તરીકે માન્યતા ન આપવાથી બંધારણ દ્વારા ખાતરી આપેલ વ્યક્તિગત સ્વાતંત્ર્યના મૂળ પાયાને જ ક્ષીણ કરી નાખવાની શક્યતા છે. નક્કી થયેલા કેસો સ્પષ્ટપણે દર્શાવે છે કે ગોપનીયતાના અધિકારને મૂળભૂત અધિકાર તરીકે માન્યતા આપ્યા વિના વિશિષ્ટ મૂળભૂત અધિકારોનો ઉપયોગ કરી શકાયો ન હોત. ગોપનીયતાના અધિકારની માન્યતા રદ કરવી અથવા તેના મહત્વમાં કોઈપણ ઘટાડો કરવો તે સ્પષ્ટપણે આપવામાં આવેલા મૂળભૂત અધિકારોને નબળા પાડશે.

૩૭. પ્રાઈવસીનું ઉલ્લંઘન અબંધારણીય છે કે કેમ તેની બંધારણીય અદાલતોએ કઈ રીતે સમીક્ષા કરવી તે પ્રશ્ન પર આગળ વધતાં પહેલાં, કેન્દ્ર અને રાજ્યો તરફથી રજૂ કરવામાં આવેલી ત્રણ દલીલો સાથે સ્પષ્ટપણે કામ લેવું જરૂરી છે.

૩૮. વિદ્વાન એટર્ની જનરલે દારૂના વેપારનો કોઈ મૂળભૂત અધિકાર નથી તેવું ઠેરવતા કેસો પર આધાર રાખીને સમાનતાના આધારે (એનાલોજી દ્વારા) એવી રજૂઆત કરી હતી કે પ્રાઈવસીનો કોઈ સંપૂર્ણ અધિકાર હોઈ શકે નહીં. પ્રાઈવસીની માન્યતા રાજ્ય માટે તેની સત્તાઓના ઉપયોગમાં ગૂંચવણો ઊભી કરશે તેવી આશંકાઓ પાયાવિહોણી છે. જ્યાં અધિકાર જાહેર કરવા માટે સારો બંધારણીય આધાર હોય ત્યાં તેને ટાળી શકાય નહીં. પ્રાઈવસીનો અધિકાર એ

મૂળભૂત અધિકાર છે તે સ્વીકાર્યા પછી જ, આપણે વિચાર કરી શકીએ કે તે રાજ્યની સંપૂર્ણ (પ્લેનરી) સત્તાઓને કેવી રીતે અસર કરે છે. કોઈપણ સંજોગોમાં, રાજ્ય અનિવાર્ય રાજ્ય હિતનું રક્ષણ કરવા અને તેને પ્રભાવશાળી બનાવવા માટે હંમેશા વાજબી નિયંત્રણનો કાયદો ઘડી શકે છે, જેમ તે અન્ય કોઈપણ મૂળભૂત અધિકારને મર્યાદિત કરતી વખતે કરી શકે છે. પૂરતા પ્રમાણમાં અનિવાર્ય રાજ્ય હિત હોય ત્યારે પ્રાઈવસીનો મૂળભૂત અધિકાર એ એક સંપૂર્ણ અધિકાર છે જેને વાજબી રીતે મર્યાદિત કરી શકાતો નથી તેવી ધારણા કે તારણ માટે કોઈ આધાર નથી.

૩૯. વિદ્વાન એડિશનલ સોલિસિટર જનરલ શ્રી તુષાર મહેતાએ અસંખ્ય કાયદાઓની યાદી આપી હતી જે જ્યાં જરૂરી હોય ત્યાં ગોપનીયતાના અધિકારનું રક્ષણ કરે છે અને ભારપૂર્વક જણાવ્યું હતું કે ગોપનીયતાને મૂળભૂત અધિકાર તરીકે માન્યતા આપવી ન તો જરૂરી છે કે ન તો યોગ્ય છે. અન્ય કોઈપણ મૂળભૂત અધિકારના સંદર્ભમાં સ્વીકારી ન શકાય તે રીતે ગોપનીયતાના મૂળભૂત અધિકારના સંદર્ભમાં પણ આ દલીલ સ્વીકારી શકાય નહીં. કેટલાક કાયદાઓ મૂળભૂત અધિકારોનું રક્ષણ કરે છે અને આગળ ધપાવે છે, પરંતુ તેમનું અસ્તિત્વ અનુરૂપ મૂળભૂત અધિકારના અસ્તિત્વને અનાવશ્યક બનાવતું નથી. આ સ્પષ્ટપણે એટલા માટે છે કારણ કે મૂળભૂત અધિકારો, જે મૂળ રચના મુજબ કાયમી રહે છે, તેનાથી વિપરીત કાયદાઓ પરિવર્તનક્ષમ અને રદ કરી શકાય તેવા પણ હોય છે.

૪૦. ગુજરાત રાજ્ય તરફથી ઉપસ્થિત રહેલા શ્રી રાકેશ દ્વિવેદીએ યુનાઈટેડ સ્ટેટ્સની સુપ્રીમ કોર્ટના કેટલાક ચુકાદાઓનો સંદર્ભ આપતાં રજૂઆત કરી હતી કે માત્ર એવા જ ગોપનીયતાના દાવાઓ કે જેમાં 'ગોપનીયતાની વાજબી અપેક્ષા' શામેલ હોય તેમને જ મૂળભૂત અધિકાર દ્વારા સંરક્ષિત તરીકે માન્યતા આપવી જોઈએ. પ્રસ્તુત કેસના હેતુ માટે ગોપનીયતાના દાવાઓના તે વિશિષ્ટ દાખલાઓ સાથે વ્યવહાર કરવો જરૂરી નથી કે જેમને મૂળભૂત અધિકારને સાંકળતા તરીકે માન્યતા આપવાની છે. ખરેખર, તેમ કરવું અપરિપક્વ ગણાશે. ગોપનીયતાના બંધારણીય રક્ષણનો વ્યાપ અને પરિધિ કેસ-દર-કેસના આધારે જ આપણી સમક્ષ પ્રગટ થઈ શકે છે.

ગોપનીયતા માટેનું પરીક્ષણ

૪૧. મુખ્ય બંધારણીય વિચાર શું છે તે નક્કી કરવાની એક રીત તેના વિરોધી પર વિચાર કરીને હોઈ શકે છે, જે દર્શાવે છે કે તે શું નથી. તે મુજબ, આપણે ન્યાયને અન્યાયની ગેરહાજરી તરીકે અને સ્વતંત્રતાને નિયંત્રણની ગેરહાજરી તરીકે સમજીએ છીએ. તેવી જ રીતે પ્રાઈવસીને પ્રસિદ્ધિ (પબ્લિસિટી) ના વિરોધી શબ્દ તરીકે સમજી શકાય છે. કાયદામાં, જાહેર ટ્રસ્ટની સામે ખાનગી ટ્રસ્ટ તરીકે શું ગણવામાં આવે છે તે વચ્ચેનો તફાવત એ બાબત પર પ્રકાશ પાડે છે જેને હું પ્રાઈવસીના મુખ્ય અને અવિભાજ્ય લક્ષણો માનું છું. દેવકી નંદન વિ.

મુરલીધર[521] માં, આ કોર્ટના ચાર ન્યાયાધીશોએ આ તફાવતને નીચેના શબ્દોમાં સ્પષ્ટ કર્યો હતો:

> "ખાનગી ટ્રસ્ટ અને જાહેર ટ્રસ્ટ વચ્ચેનો તફાવત એ છે કે જ્યારે પહેલામાં લાભાર્થીઓ ચોક્કસ વ્યક્તિઓ હોય છે, ત્યારે પછીનામાં તેઓ સામાન્ય જનતા અથવા તેનો કોઈ વર્ગ હોય છે. જ્યારે પહેલામાં લાભાર્થીઓ એવી વ્યક્તિઓ છે જે નિશ્ચિત છે અથવા નિશ્ચિત થવા સક્ષમ છે, ત્યારે પછીનામાં તેઓ એક એવો સમૂહ રચે છે જે અનિશ્ચિત રહે છે."

આ જ લક્ષણ, એટલે કે સામાન્ય જનતાના સભ્ય તરીકે આવી મિલકતમાં પ્રવેશવાનો અથવા તેનો ઉપયોગ કરવાનો અધિકાર, ખાનગી મિલકતને જાહેર મિલકતથી અને ખાનગી માર્ગોને જાહેર રસ્તાઓથી અલગ પાડે છે.

૪૨. ગોપનીયતા હંમેશા અન્યો સાથે જોડાવાના કૃત્ય સાથે સીધી રીતે અથવા જે કાર્યોને દખલગીરીથી સુરક્ષિત રાખવા માંગવામાં આવે છે તેના પર તેની અસર દ્વારા જોડાયેલી હોય છે. આ અર્થમાં, ગોપનીયતાને સામાન્ય રીતે સંબંધિત અધિકાર (રિલેશનલ રાઇટ) તરીકે શ્રેષ્ઠ રીતે સમજી શકાય છે, ભલે તેની વિષયવસ્તુ વારંવાર પોતાની સંગતમાંથી અન્યોને બાકાત રાખવા સાથે સંબંધિત હોય.

૪૩. ટ્રસ્ટનું ઉદાહરણ આપણને એ નક્કી કરવા માટેનું એક કાર્યક્ષમ પરીક્ષણ પણ પ્રદાન કરે છે કે ક્યારે બંધારણીય રીતે ઓળખી શકાય તેવો

[521] ૪૨. (૧૯૫૬) એસસીઆર ૭૫૬.

ગોપનીયતાનો દાવો કરવામાં આવ્યો છે, અને એ સ્વીકારવા માટેનો આધાર આપે છે કે આવા દાવાનું અસ્તિત્વ સંદર્ભ પર આધારિત છે. ગોપનીયતાના પોતાના અધિકારનો ઉપયોગ કરવો એટલે બે સ્તરે પસંદગી કરવી અને નિર્દિષ્ટ કરવું. તે પોતાની પાસે ઉપલબ્ધ સ્વતંત્રતાના સામાન્ય શેષ ભાગ દ્વારા આવરી લેવાયેલી વિવિધ પ્રવૃત્તિઓ પૈકી કઈ પ્રવૃત્તિ પોતે કરવા માંગે છે તે પસંદ કરવાનું છે, અને તે કરતી વખતે પોતાના વર્તુળમાં કોને સમાવિષ્ટ કરવા તે નિર્દિષ્ટ કરવાનું છે. તે નકારાત્મક રીતે સ્વાયત્તતા પણ છે, અને કઈ પ્રવૃત્તિઓ ન કરવી અને પોતાના વર્તુળમાંથી કઈ વ્યક્તિઓને બાકાત રાખવી તેની પસંદગી અને નિર્દેશનને સમાવી લે છે. ગોપનીયતાનો ઉપયોગ કરવો એ આ નિર્દિષ્ટ અન્યોને - પછી ભલે તેઓ પોતાના સહભાગીઓ હોય કે માત્ર પોતાના શ્રોતા/દર્શકો હોય - તેમજ વિશાળ સમાજને અધિકારનો દાવો કરવા અને તેનો ઉપયોગ કરવાના પોતાના ઈરાદાનો સંકેત આપવો છે. ગોપનીયતાના દાવો કરવા યોગ્ય દાવાના અસ્તિત્વની ચકાસણી કરવા માટે, માત્ર એટલું જ ધ્યાનમાં લેવાની જરૂર છે કે પસંદ કરવા અને નિર્દિષ્ટ કરવાનો આવો ઈરાદો અસ્તિત્વ ધરાવે છે કે કેમ, પછી ભલે તે સીધા અધિકાર ધારકના કાર્યોના પ્રગટીકરણમાં હોય અથવા અન્યથા.

૪૪. આવી રચના અમારી સમક્ષ સામાવાળાઓની દલીલોમાં વારંવાર આવતા ત્રણ ભ્રામક મુદ્દાઓને બાકાત રાખશે. પ્રથમ, તે એવી દલીલોને સ્વીકારશે નહીં કે ગોપનીયતા માત્ર મિલકત અથવા સ્થળો પૂરતી મર્યાદિત છે. તેથી, ઉદાહરણ તરીકે, જાહેર સ્થળે પણ ધીમા અવાજે વાતચીત કરવા માટે એક

અથવા વધુ વ્યક્તિઓને એકબાજુ લઈ જવી એ સ્પષ્ટપણે ગોપનીયતાના દાવાનો સંકેત આપશે, જેમ લાઉડસ્પીકર દ્વારા પોતાના શબ્દોનું પ્રસારણ કરવું એ વિપરીત ઈરાદાનો સંકેત આપશે. બીજું, આ રચના ગોપનીયતાને માત્ર એકાંત સુધી ઘટાડશે નહીં. સિનેમા હોલ અથવા ક્લબ જેવા મોટા મેળાવડાના સ્થળે પ્રવેશના અધિકારો અનામત રાખવા એ ગોપનીયતાના દાવાનો સંકેત આપશે. છેવટે, આવી રચનાએ આપણે એવું ઠેરવવાની પણ જરૂર રહેશે નહીં કે ખાનગી માહિતી એવી જ માહિતી હોવી જોઈએ જે અન્ય તમામ લોકો માટે અપ્રાપ્ય હોય.

ગોપનીયતાના ઉલ્લંઘનના પુનરાવલોકનના ધોરણો

૪૫. આમાં કોઈ શંકા નથી કે ગોપનીયતા બંધારણના ભાગ-૩ દ્વારા માન્યતા પ્રાપ્ત કેટલાક મૂળભૂત અધિકારો સાથે અભિન્ન છે અને તેને પોતે જ એક મૂળભૂત અધિકાર ગણવો જોઈએ. ગોપનીયતાના અધિકાર અને સંકળાયેલા વિશિષ્ટ મૂળભૂત અધિકાર (અથવા અધિકારો) વચ્ચેનો સંબંધ ચોક્કસ કાયદા દ્વારા પ્રતિબંધિત કરાયેલા પગલાં પર આધારિત રહેશે. ઓછામાં ઓછું, ગોપનીયતા હંમેશા વ્યક્તિગત સ્વાતંત્ર્ય સાથે સંકલિત હોવાથી, જે કાયદાએ અધિકાર ધારકની ગોપનીયતા પર અતિક્રમણ કર્યું હોવાનો આક્ષેપ છે તેની બંધારણીયતા તે જ ધોરણો દ્વારા ચકાસવી જોઈએ જેના દ્વારા અનુચ્છેદ ૨૧ હેઠળ વ્યક્તિગત સ્વાતંત્ર્ય પર અતિક્રમણ કરતો કાયદો ચકાસણીને પાત્ર બને છે. અનુચ્છેદ ૨૧ હેઠળ, વર્તમાનમાં પ્રમાણભૂત કસોટી મેનકા ગાંધીના કેસમાં વ્યક્ત થયેલ તર્કસંગતતાનું પુનરાવલોકન છે. આ માટે જરૂરી છે કે રાજ્ય જે

પ્રક્રિયા દ્વારા અનુચ્છેદ ૨૧ ના અધિકારમાં દખલ કરે છે તે "નિષ્પક્ષ, ન્યાયી અને વાજબી હોવી જોઈએ, કાલ્પનિક, જુલમી કે મનસ્વી નહીં".[522]

૪૬. એકવાર એ સ્થાપિત થઈ જાય કે ગોપનીયતા દરેક બંધારણીય સ્વતંત્રતાને તેની અસરકારકતાથી ભરી દે છે અને તે તે દરેક સ્વતંત્રતામાં સ્થિત થઈ શકે છે, તો તે અનુસરવું જ જોઈએ કે રાજ્ય દ્વારા તેમાં દખલગીરીની ચકાસણી ભાગ-૩ ની જે એક કે તેથી વધુ ખાતરીઓનો ઉપભોગ ઘટી ગયો હોય તેની સામે થવી જોઈએ. પરિણામે, ગોપનીયતાના ઉલ્લંઘનોએ સામાન્ય રીતે અનુચ્છેદ ૨૧ ને લાગુ પડતી કસોટી ઉપરાંતની કસોટીઓનો પણ જવાબ આપવો પડશે. આવો દ્રષ્ટિકોણ આર.સી. કૂપર વિ. યુનિયન ઓફ ઇન્ડિયા સાથે સંપૂર્ણપણે સુસંગત રહેશે.

તારણ

૪૭. ઉપરોક્ત બાબતોને ધ્યાને લેતાં, હું અમારી સમક્ષના સંદર્ભનો નીચેના શબ્દોમાં ઉત્તર આપું છું:

(એ) અનિવાર્ય તારણ એ હોવું જોઈએ કે પ્રાઈવસીનો એક અવિભાજ્ય બંધારણીય અધિકાર બંધારણના ભાગ-૩ માં અંતર્ગત રહેલો છે. એમ.પી. શર્મા અને ખરક સિંહમાં બહુમતી અભિપ્રાય, જ્યાં સુધી તેઓ આનાથી વિપરીત દર્શાવે છે તે હદ સુધી, રદબાતલ ઠરવા જોઈએ.

[522] ૪૩. મેનકા ગાંધી વિ. યુનિયન ઓફ ઇન્ડિયા (૧૯૭૮) ૧ એસસીસી ૨૪૮, પેરા ૪૮ પર.

(બી) પ્રાઈવસીનો અધિકાર માનવ સ્વાતંત્ર્યના તમામ ઉપયોગો સાથે અતૂટ રીતે જોડાયેલો છે - બંને રીતે કે જેમ તે સમગ્ર ભાગ-૩ માં વિશિષ્ટ રીતે ગણાવવામાં આવ્યો છે, અને જેમ તે અનુચ્છેદ ૨૧ હેઠળના શેષ ભાગમાં બાંયધરી આપવામાં આવ્યો છે. તે ભાગ-૩ ના વિવિધ અનુચ્છેદોમાં વહેંચાયેલો છે અને, જરૂરી ફેરફારો સાથે (મ્યુટેટિસ મ્યુટેન્ડિસ), જેમના ઉપભોગને તેનું ઉલ્લંઘન ઘટાડે છે તે પૈકીના કોઈપણ સ્વરૂપને ધારણ કરે છે.

(સી) અનુચ્છેદ ૧૨ ના 'રાજ્ય' ના વર્ણન દ્વારા આવરી લેવાયેલી સંસ્થા દ્વારા પ્રાઈવસીમાં કોઈપણ દખલગીરીએ ભાગ-૩ ના સ્વાતંત્ર્યો પૈકી જે એક કે વધુને આ દખલગીરી અસર કરતી હોય તેને લાગુ પડતી કસોટીઓને સંતોષવી પડશે.

અભય મનોહર સપ્રે, ન્યાયમૂર્તિ

૧. મને મારા આદરણીય વિદ્વાન બંધુઓ, ન્યાયમૂર્તિ જે. ચેલામેશ્વર, ન્યાયમૂર્તિ એસ.એ. બોબડે, ન્યાયમૂર્તિ રોહિન્ટન ફલી નરીમાન અને ડૉ. ન્યાયમૂર્તિ ડી.વાય. ચંદ્રચૂડના વિદ્વતાપૂર્ણ અભિપ્રાયો વાંચવાનો લાભ મળ્યો છે. તેમને કાળજીપૂર્વક વાંચ્યા પછી, મારા આદરણીય બંધુઓ દ્વારા તેમના સંબંધિત અભિપ્રાયોમાં પહોંચેલા તર્ક અને તારણમાં ઉમેરવા માટે મારી પાસે વધુ ઉપયોગી કંઈ નથી.

૨. જોકે, આ બેંચને સંદર્ભિત કરાયેલા પ્રશ્નોના મહત્વને ધ્યાનમાં રાખીને, હું મારી પોતાની સહમતિના માત્ર થોડા શબ્દો ઉમેરવા માંગું છું.

૩. સારાંશમાં, આ નવ ન્યાયાધીશોની બેંચને બે પ્રશ્નો સંદર્ભિત કરવામાં આવ્યા હતા, પ્રથમ, શું એમ.પી. શર્મા અને અન્ય વિ. સતીશ ચંદ્ર, ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ દિલ્હી અને અન્ય, એ.આઇ.આર. ૧૯૫૪ એસસી ૩૦૦ અને ખરક સિંહ વિ. ઉત્તર પ્રદેશ રાજ્ય અને અન્ય, એ.આઇ.આર. ૧૯૬૩ એસસી ૧૨૯૫ ના કેસમાં નિર્ધારિત કાયદો, જ્યાં સુધી તે "વ્યક્તિના ગોપનીયતાના અધિકાર" સાથે સંબંધિત છે ત્યાં સુધી સાચો છે અને બીજું, શું ભારતના બંધારણના ભાગ-૩ હેઠળ "ગોપનીયતાનો અધિકાર" મૂળભૂત અધિકાર છે?

૪. હું આ બે પ્રશ્નોની તપાસ કરું તે પહેલાં, બંધારણના આમુખની નોંધ લેવી યોગ્ય છે, જે મારા મતે, સંદર્ભિત પ્રશ્નો સાથે સંબંધ ધરાવે છે.

૫. બંધારણનું આમુખ નીચે મુજબ વંચાય છે:

"અમે, ભારતના લોકો, ભારતને એક સાર્વભૌમ સમાજવાદી બિનસાંપ્રદાયિક લોકશાહી પ્રજાસત્તાક તરીકે સંસ્થાપિત કરવાનો અને તેના તમામ નાગરિકોને:

સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય;

વિચાર, અભિવ્યક્તિ, માન્યતા, શ્રદ્ધા અને ઉપાસનાની સ્વતંત્રતા;

દરજ્જા અને તકની સમાનતા પ્રાપ્ત કરાવવાનો;

અને તે સર્વમાં વ્યક્તિની ગરિમા અને રાષ્ટ્રની એકતા અને અખંડિતતા સુનિશ્ચિત કરતી બંધુતા પ્રવર્ધિત કરવાનો ગંભીરતાપૂર્વક સંકલ્પ કરીએ છીએ;"

૬. આમુખના શબ્દોનું ઝીણવટભર્યું વાંચન દર્શાવે છે કે તેમાં વપરાયેલો દરેક શબ્દ બંધારણના ઘડવૈયાઓ દ્વારા સાવચેતીપૂર્વક પસંદ કરવામાં આવ્યો હતો અને પછી આ શબ્દોને યોગ્ય ક્રમમાં ગોઠવીને મૂકવામાં આવ્યા હતા. આમુખમાં સમાવિષ્ટ દરેક શબ્દ મહત્વ અને યોગ્ય અર્થ ધરાવે છે.

૭. આમુખની શરૂઆતમાં 'અમે, ભારતના લોકો' શબ્દપ્રયોગનો ઉપયોગ કરીને સૌથી મહત્વપૂર્ણ ગૌરવપૂર્ણ સ્થાન "ભારતના લોકો" ને આપવામાં આવ્યું હતું. બંધારણ તે મુજબ સ્વીકારવામાં આવ્યું, ઘડવામાં આવ્યું અને પછી આપણી જાતને અર્પિત કરવામાં આવ્યું.

૮. આમુખનો મુખ્ય સૂર બે હકારાત્મક પાસાઓ પર ભાર મૂકવાનો હતો - એક, "રાષ્ટ્રની એકતા" અને બીજું "વ્યક્તિની ગરિમા". "ગરિમા" શબ્દપ્રયોગ પોતાની સાથે નૈતિક અને આધ્યાત્મિક અર્થો વહન કરે છે. તે દરેક નાગરિકના વ્યક્તિત્વનું સન્માન કરવાની અને એવી પરિસ્થિતિઓનું સર્જન કરવાની સંઘની ફરજ પણ ગર્ભિત કરે છે કે જેમાં દરેક નાગરિકને પોતાને શોધવા અને આત્મ-સંતોષ પ્રાપ્ત કરવા માટે મુક્ત છોડી શકાય.

૯. આમુખમાં "વ્યક્તિની ગરિમા" શબ્દપ્રયોગનો સમાવેશ મુખ્યત્વે આ દેશના લોકોએ ભૂતકાળમાંથી જે વારસો મેળવ્યો હતો તેનો સ્પષ્ટ ઇનકાર દર્શાવવાના ઉદ્દેશ્યથી કરવામાં આવ્યો હતો. તેથી, વ્યક્તિની ગરિમા હંમેશા બંધુતાનો મુખ્ય ઘટક માનવામાં આવતી હતી, જે દરેક વ્યક્તિને ગરિમાની ખાતરી આપે છે. બંને શબ્દપ્રયોગો પરસ્પર નિર્ભર અને ગૂંથાયેલા છે.

૧૦. મારા મતે, જ્યાં સુધી દરેક વ્યક્તિગત નાગરિકની ગરિમાની ખાતરી ન આપવામાં આવે ત્યાં સુધી રાષ્ટ્રની એકતા અને અખંડિતતા ટકી શકે નહીં. વ્યક્તિને તેની ગરિમા જાળવી રાખવાની ખાતરી આપ્યા વિના એકતા અને સંકલન વિશે વિચારવું અશક્ય છે. બીજા શબ્દોમાં કહીએ તો, દરેક વ્યક્તિ દ્વારા બીજાની ગરિમા પ્રત્યેનો આદર અને સન્માન રાષ્ટ્રની એકતા અને અખંડિતતા લાવે છે.

૧૧. આમુખમાં સમાવિષ્ટ "સ્વતંત્રતા", "સમાનતા" અને "બંધુતા" શબ્દપ્રયોગો અલગ અસ્તિત્વો નથી. નાગરિકોના અધિકારો સાથે વ્યવહાર કરતી વખતે તેમને સાથે રાખીને વાંચવા જોઈએ. વાસ્તવમાં, તેઓ એક સંઘ બનાવે છે. જો આ શબ્દપ્રયોગોને એકબીજાથી અલગ કરવામાં આવે, તો તે લોકશાહીના મૂળ હેતુને જ પરાસ્ત કરશે.

૧૨. બીજા શબ્દોમાં કહીએ તો, સ્વતંત્રતાને સમાનતાથી અલગ કરી શકાય નહીં તેમજ સમાનતાને સ્વતંત્રતાથી અલગ કરી શકાય નહીં અને ન તો સ્વતંત્રતા અને સમાનતાને બંધુતાથી અલગ કરી શકાય. બંધારણના ભાગ-૩ ના

અનુચ્છેદોનું અર્થઘટન કરતી વખતે આ શબ્દપ્રયોગોને સોંપવામાં આવેલા અર્થને યોગ્ય મહત્વ આપવું પડશે.

૧૩. તેથી, જ્યારે નાગરિકના અધિકારોના ઉલ્લંઘનને લગતો મુદ્દો વિચારણા માટે આવે ત્યારે અદાલતોની અને ખાસ કરીને આ અદાલતની સાવધ પહેરેદાર (સેન્ટીનલ ઓન ધ કી વિવ) તરીકેની એ ફરજ છે કે તે સમાજની બદલાતી જરૂરિયાતો અને નાગરિકોના અધિકારોના રક્ષણ વચ્ચે સંતુલન જાળવે. આવું સંતુલન કાયદાના શાસન હેઠળ તમામ નાગરિકોને સામાજિક અને રાજકીય ન્યાય સાથે સ્વતંત્રતા, સમાનતા અને બંધુતા સુરક્ષિત કરીને અને તેનું રક્ષણ કરીને જ પ્રાપ્ત કરી શકાય છે (જુઓ - એસ.એસ. બોલા અને અન્ય વિ. બી.ડી. સરદાના અને અન્ય, ૧૯૯૭ (૮) એસસીસી પ૨૨).

૧૪. આપણા બંધારણે વ્યક્તિના અમુક હાલના પ્રિય અધિકારોને માન્યતા આપી છે. આ અધિકારો બંધારણના ભાગ-૩ ના વિવિધ અનુચ્છેદોમાં મૂળભૂત અધિકારો શીર્ષક હેઠળ સમાવિષ્ટ છે. તેમ કરતી વખતે, કેટલાક અધિકારો સમાવિષ્ટ કરવામાં આવ્યા હતા અને જે સમાવિષ્ટ કરવામાં આવ્યા ન હતા, તેમને નાગરિકો દ્વારા દાવો કરાયેલા અધિકારના સ્વરૂપના આધારે કેસ-દર-કેસ ધોરણે ન્યાયિક અર્થઘટનની પ્રક્રિયા દ્વારા ભાગ-૩ માં વાંચવામાં આવ્યા હતા.

૧૫. બંધારણના ઘડવૈયાઓ માટે બંધારણના ભાગ-૩ માં વ્યક્તિના દરેક અધિકારને, ભલે તે કુદરતી હોય કે કોમન લો અધિકાર હોય, સમાવિષ્ટ કરવાનું

શક્ય ન હતું. ખરેખર, આપણે જોઈ શકીએ છીએ તેમ છેલ્લા ૫૦ વર્ષમાં જ્યારે પણ નાગરિક દ્વારા દાવો કરાયેલ કોઈપણ ચોક્કસ અધિકાર મૂળભૂત અધિકાર છે કે નહીં તે નક્કી કરવાનો પ્રસંગ ઉપસ્થિત થયો ત્યારે આ અદાલતે ન્યાયિક અર્થઘટનની પ્રક્રિયા દ્વારા બંધારણમાં વ્યાખ્યાયિત ન હોવા છતાં વ્યક્તિના કેટલાક હાલના કુદરતી અને કોમન લો અધિકારોને ભાગ-૩ માં આવતા મૂળભૂત અધિકારો તરીકે નોંધપાત્ર સ્પષ્ટતા સાથે માન્યતા આપી હતી. બંધારણ એક પવિત્ર જીવંત દસ્તાવેજ છે અને તેથી, "અમે, ભારતના લોકો" ની બદલાતી જરૂરિયાતો અને અન્ય સુવ્યાખ્યાયિત પરિમાણોના આધારે તેની જોગવાઈઓના યોગ્ય અર્થઘટનને પાત્ર છે તે હકીકતને ધ્યાનમાં રાખીને આ કરવામાં આવ્યું હતું.

૧૬. ડૉ. બી. આર. આંબેડકરે કહ્યું હતું તેમ અનુચ્છેદ ૨૧ એ બંધારણનું હૃદય છે અને તે શબ્દોની દ્રષ્ટિએ બંધારણનો કદાચ સૌથી નાનો અનુચ્છેદ (૧૮ શબ્દો) છે. તે નીચે મુજબ વંચાય છે:

"કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયા અનુસાર સિવાય કોઈપણ વ્યક્તિને તેના જીવન અથવા વ્યક્તિગત સ્વાતંત્ર્યથી વંચિત કરવામાં આવશે નહીં."

૧૭. આ અનુચ્છેદ બંધારણના ભાગ-૩ માં છે અને તે નાગરિકોના મૂળભૂત અધિકારો સાથે વ્યવહાર કરે છે. એ.કે. ગોપાલન વિ. મદ્રાસ રાજ્ય, એ.આઇ.આર. ૧૯૫૦ એસસી ૨૭ થી શરૂ કરીને મોહમ્મદ આરીફ ઉર્ફે અશફાક વિ. રજિસ્ટ્રાર, સુપ્રીમ કોર્ટ ઓફ ઇન્ડિયા, (૨૦૧૪) ૯ એસસીસી ૭૩૭ સુધીના કેટલાક સીમાચિહ્નરૂપ કેસોમાં ભાગ-૩ ના અન્ય અનુચ્છેદો સાથે આ અદાલત

દ્વારા તે ન્યાયિક અર્થઘટનનો વિષય રહ્યો છે. આ સમયગાળા વચ્ચે, આ અદાલત દ્વારા કેટલાક સીમાચિહ્નરૂપ ચુકાદાઓ આપવામાં આવ્યા હતા.

૧૮. બંધારણનો ભાગ-૩ અને અનુચ્છેદ ૨૧ માં "વ્યક્તિગત સ્વાતંત્ર્ય" શબ્દપ્રયોગનો સાચો અર્થ અને તેમાં શું સમાવિષ્ટ છે તે અંગે આ કેસોમાં સતત ચર્ચા થતી રહી હતી. આ અદાલતના મહાન ન્યાયાધીશોએ તેમના વિશાળ જ્ઞાન, પરિપક્વ વિચારો, વિદ્વતા અને તેમની અજોડ લેખન શૈલી સાથે મહાન વકીલોની સક્ષમ સહાય સાથે ધીમે ધીમે આ સુવર્ણ શબ્દો (વ્યક્તિગત સ્વાતંત્ર્ય) ના અર્થને નોંધપાત્ર સ્પષ્ટતા અને ચોકસાઈ સાથે વિસ્તૃત કરવાનું ચાલુ રાખ્યું.

૧૯. વિદ્વાન ન્યાયાધીશોએ મૂળભૂત અધિકારોના વ્યાપને વિસ્તૃત કરવાનો પ્રયાસ કર્યો અને નાગરિકોની સ્વતંત્રતાનું સંરક્ષણ કર્યું. ન્યાયિક ઉત્ક્રાંતિની આ પ્રક્રિયામાં, કેટલાક અગાઉના કેસોમાં નિર્ધારિત કાયદો કાં તો રદબાતલ ઠેરવવામાં આવ્યો હતો અથવા તેમની શુદ્ધતા પર શંકા કરવામાં આવી હતી.

૨૦. રુસ્તમ કાવસજી કૂપર વિ. યુનિયન ઓફ ઈન્ડિયા, (૧૯૭૦) ૧ એસસીસી ૨૪૮ ના કેસમાં ઠેરવ્યા મુજબ અર્થઘટનનો આ સુસ્થાપિત નિયમ છે કે અદાલતે હંમેશા ન્યાયિક અર્થઘટનની પ્રક્રિયા દ્વારા મૂળભૂત અધિકારોના અર્થ અને વિષયવસ્તુને ઘટાડવાને બદલે તેમની પહોંચ અને વ્યાપને વિસ્તૃત કરવાનો પ્રયાસ કરવો જોઈએ. તેવી જ રીતે, હિઝ હોલીનેસ કેશવાનંદ ભારતી શ્રીપાદગલવારુ વિ. કેરળ રાજ્ય અને અન્ય, (૧૯૭૩) ૪ એસસીસી ૨૨૫ માં

નિર્ધારિત કાયદાનો આ પણ એક સુસ્થાપિત સિદ્ધાંત છે કે આમુખ એ બંધારણનો એક ભાગ છે અને તેથી, બંધારણની કોઈપણ જોગવાઈનું અર્થઘટન કરતી વખતે અથવા કોઈપણ બંધારણીય મુદ્દાની તપાસ કરતી વખતે અથવા કોઈપણ જોગવાઈની પહોળાઈ કે પહોંચ નક્કી કરતી વખતે અથવા જ્યારે કોઈપણ જોગવાઈમાં કોઈ અસ્પષ્ટતા કે અનિશ્ચિતતા જણાય, જેને સ્પષ્ટ કરવાની જરૂર હોય, અથવા જ્યારે ભાષા એક કરતાં વધુ અર્થ આપતી હોય, ત્યારે પરિસ્થિતિ મુજબ સંબંધિત જોગવાઈનો સાચો અર્થ શોધવા માટે બંધારણના આમુખ પર આધાર રાખી શકાય છે.

૨૧. મારા વિચારશીલ મતે, અહીં સંદર્ભિત કરાયેલા બે પ્રશ્નો અને તેમાંથી ઉદ્ભવતા કેટલાક આનુષંગિક પ્રશ્નોની આ અદાલત દ્વારા કેટલાક નક્કી થયેલા કેસોમાં નિર્ધારિત કાયદાના પ્રકાશમાં કાળજીપૂર્વક તપાસ કરવાની જરૂર છે. ખરેખર, આ પ્રશ્નોનો ઉત્તર માત્ર આ અદાલતના નક્કી થયેલા કેસોમાં નિર્ધારિત કાયદામાંથી જ મળી શકે છે અને અમેરિકન અદાલતો દ્વારા નિર્ધારિત કાયદાની મદદ લેવાની જરૂર કદાચ ન પડે.

૨૨. એ સાચું છે કે આપણા કાયદાઓનું અર્થઘટન કરતી વખતે, અંગ્રેજી નિર્ણયો વિચારણા માટે ઉદ્ભવતા ચોક્કસ તારણ પર પહોંચવામાં આપણને માર્ગદર્શન આપે છે. કાયદાના અહેવાલો પણ એ વાતની સાક્ષી પૂરે છે કે આ અદાલતે ખાસ કરીને તેના રચનાત્મક વર્ષોમાં આપણા બંધારણ અને અન્ય કાયદાઓની જોગવાઈઓનું અર્થઘટન કરવા માટે અંગ્રેજી કેસોની મદદ લીધી છે.

૨૩. જોકે, છેલ્લા સાત દાયકાઓમાં, આ અદાલતે ભારતીય સમાજની સામાજિક, આર્થિક અને રાજકીય પરિસ્થિતિઓ, આ દેશના 'અમે, ભારતના લોકો' ની અનુભવાયેલી જરૂરિયાત અને સામાન્ય રીતે દેશની સ્થિતિને અન્ય દેશોમાં પ્રવર્તતી પરિસ્થિતિઓની તુલનામાં ધ્યાનમાં રાખીને આપણા બંધારણનું અર્થઘટન કર્યું છે.

૨૪. વાસ્તવમાં, એ જણાવવું અપ્રસ્તુત નહીં ગણાય કે આ અદાલતે ભારતીય કંપની અધિનિયમની જોગવાઈઓનું અર્થઘટન કરતી વખતે, જે અંગ્રેજી કંપની અધિનિયમ પર આધારિત છે, સાવચેત કર્યા હતા કે ભારતીય અદાલતોએ સમગ્ર ભારતીય સમાજની પરિસ્થિતિઓને અનુકૂળ રીતે અંગ્રેજી નિર્ણયોમાંથી મેળવેલા સિદ્ધાંતોને ગોઠવવા, અનુકૂલિત કરવા, મર્યાદિત કરવા અથવા વિસ્તૃત કરવા પડશે, ભલે તેઓ મહાન આદરને પાત્ર હોય. (જુઓ - હિન્દ ઓવરસીઝ (પ્રા.) લિ. વિ. રઘુનાથ પ્રસાદ ઝુનઝુનવાલા અને અન્ય, (૧૯૭૬) ૩ એસસીસી ૨૫૯). સંદર્ભિત પ્રશ્નોની આ સિદ્ધાંતોના પ્રકાશમાં તપાસ કરવાની જરૂર છે.

૨૫. મારા વિચારશીલ મતે, "કોઈપણ વ્યક્તિનો ગોપનીયતાનો અધિકાર" એ અનિવાર્યપણે એક કુદરતી અધિકાર છે, જે જન્મથી જ દરેક માનવીમાં અંતર્ગત રહેલો છે. આવો અધિકાર માનવીના છેલ્લા શ્વાસ સુધી તેની સાથે રહે છે. તે વાસ્તવમાં માનવીથી અવિભાજ્ય અને અભિન્ન છે. બીજા શબ્દોમાં કહીએ તો, તે માનવી સાથે જન્મે છે અને માનવી સાથે જ સમાપ્ત થાય છે.

૨૬. આવા અધિકાર વિના ગરિમાપૂર્ણ અર્થપૂર્ણ જીવનનો આનંદ માણતી વ્યક્તિની કલ્પના કરી શકાય નહી . વાસ્તવમાં, તે એવા પ્રિય અધિકારો પૈકીનો એક છે, જેને કાયદાના શાસન દ્વારા શાસિત દરેક સભ્ય સમાજ હંમેશા દરેક માનવીમાં માન્યતા આપે છે અને લિંગ, જાતિ, ધર્મ, જ્ઞાતિ અને સંપ્રદાયને ધ્યાનમાં લીધા વિના વ્યક્તિની ગરિમા જાળવવા અને સંરક્ષિત કરવા માટે આવા અધિકારોને માન્યતા આપવા માટે બંધાયેલો છે. અલબત્ત, તે સામાજિક, નૈતિક અને અનિવાર્ય જાહેર હિતને ધ્યાનમાં રાખીને અમુક વાજબી નિયંત્રણો લાદવાને આધીન છે, જેને કાયદા દ્વારા લાદવા માટે રાજ્ય હકદાર છે.

૨૭. શબ્દકોશો સિવાય કાયદામાં "ગોપનીયતાના અધિકાર" ની કોઈ વ્યાખ્યા આપવામાં આવી નથી. જોકે, અદાલતોએ ન્યાયિક અર્થઘટનની પ્રક્રિયા દ્વારા કેસ-દર-કેસ ધોરણે સંકળાયેલા વિશિષ્ટ મુદ્દાઓના સંદર્ભમાં આ અધિકારને અર્થ સોંપ્યો છે.

૨૮. "ગોપનીયતાના અધિકાર" નો સૌથી લોકપ્રિય અર્થ "એકલા રહેવા દેવાનો અધિકાર" (ધ રાઇટ ટુ બી લેટ અલોન) છે. ગોવિંદ વિ. મધ્યપ્રદેશ રાજ્ય અને અન્ય, (૧૯૭૫) ૨ એસસીસી ૧૪૮ માં, કે.કે. મેથ્યુ, જે. એ આ અધિકારના બહુવિધ પાસાઓની નોંધ લીધી હતી (પેરા ૨૧-૨૫) અને પછી કેસ-દર-કેસ ધોરણે આવા અધિકારની સીમાઓની તપાસ કરતી વખતે સાવચેતીનો નિયમ આપ્યો હતો.

૨૯. મારા વિચારશીલ મતે, રુસ્તમ કાવસજી કૂપર (પૂર્વોક્ત) થી શરૂ કરીને મેનકા ગાંધી વિ. યુનિયન ઓફ ઇન્ડિયા અને અન્ય, (૧૯૭૮) ૧ એસસીસી ૨૪૮, પીપલ્સ યુનિયન ફોર સિવિલ લિબર્ટીઝ (પીયુસીએલ) વિ. યુનિયન ઓફ ઇન્ડિયા અને અન્ય, (૧૯૯૭) ૧ એસસીસી ૩૦૧, ગોવિંદ કેસ (પૂર્વોક્ત), મિસ્ટર "એક્સ" વિ. હોસ્પિટલ 'ઝેડ', (૧૯૯૮) ૮ એસસીસી ૨૯૬, ડિસ્ટ્રિક્ટ રજિસ્ટ્રાર અને કલેક્ટર, હૈદરાબાદ અને અન્ય વિ. કેનેરા બેંક અને અન્ય, (૨૦૦૫) ૧ એસસીસી ૪૯૬ અને છેલ્લે થલપ્પલમ સર્વિસ કોઓપ. બેંક લિ. અને અન્ય વિ. કેરળ રાજ્ય અને અન્ય, (૨૦૧૩) ૧૬ એસસીસી ૮૨ સુધીના કેસોમાં આ અદાલત દ્વારા નિર્ધારિત કાયદામાંથી આ પ્રશ્નોનો ઉત્તર મળી શકે છે.

૩૦. આ કેસોમાં અને ખાસ કરીને બે કેસોમાં - એટલે કે ગોવિંદ (પૂર્વોક્ત) અને ડિસ્ટ્રિક્ટ રજિસ્ટ્રાર (પૂર્વોક્ત) માં, ન્યાયમૂર્તિઓએ ભારતીય અને અમેરિકન કેસ લો તથા વિવિધ આંતરરાષ્ટ્રીય સંમેલનોના પ્રકાશમાં "ગોપનીયતાના અધિકાર" સંબંધિત મુદ્દાની ખૂબ જ સંક્ષિપ્તમાં અને વિગતવાર તપાસ કરી હતી.

૩૧. ગોવિંદ કેસમાં, વિદ્વાન ન્યાયાધીશ કે.કે. મેથ્યુ, જે. એ બેંચ વતી બોલતાં પેરા ૨૮ માં યોગ્ય રીતે નીચે મુજબ ઠેરવ્યું હતું:

"૨૮. કોઈપણ સંજોગોમાં ગોપનીયતાના અધિકારે અનિવાર્યપણે કેસ-દર-કેસ વિકાસની પ્રક્રિયામાંથી પસાર થવું પડશે. તેથી, એવું માની લઈએ તો પણ કે વ્યક્તિગત સ્વાતંત્ર્યનો અધિકાર, સમગ્ર ભારતના પ્રદેશમાં મુક્તપણે હરવા-ફરવાનો અધિકાર અને વાણી સ્વાતંત્ર્ય તેમાંથી ઉદ્ભવતા ગોપનીયતાના સ્વતંત્ર

અધિકારનું સર્જન કરે છે જેને મૂળભૂત અધિકાર તરીકે દર્શાવી શકાય, છતાં અમે નથી માનતા કે આ અધિકાર સંપૂર્ણ છે."

૩૨. તેવી જ રીતે ડિસ્ટ્રિક્ટ રજિસ્ટ્રાર (પૂર્વોક્ત) ના કેસમાં, વિદ્વાન મુખ્ય ન્યાયાધીશ આર.સી. લાહોટીએ (તે સમયે તેઓ જે પદ પર હતા) તેમની વિશિષ્ટ લેખન શૈલી સાથે બેંચ વતી બોલતાં પેરા ૩૯ માં નીચે મુજબ તારણ કાઢ્યું હતું:

"૩૯. ગોપનીયતાનો અધિકાર અનુચ્છેદ ૧૯(૧)(એ) અને (ડી) તથા અનુચ્છેદ ૨૧ માં ગર્ભિત હોવાનું દર્શાવવા માટે અમે ગોવિંદમાં મેથ્યુ, જે. દ્વારા આપવામાં આવેલા કારણોનો વિગતવાર સંદર્ભ લીધો છે; કે, આ અધિકાર સંપૂર્ણ નથી અને રાજ્યની કોઈપણ દખલગીરી ત્યારે જ વાજબી નિયંત્રણ બની શકે જો તેની પાસે તેને સમર્થન આપતો વાજબી આધાર અથવા વાજબી સામગ્રી હોય."

૩૩. ઉપરોક્ત તમામ કેસોમાં, નાગરિકો દ્વારા કરવામાં આવેલી ચોક્કસ ફરિયાદોના સંદર્ભમાં "ગોપનીયતાના અધિકાર" ના પ્રશ્નની તપાસ કરવામાં આવી હતી જેમાં ન્યાયમૂર્તિઓએ અન્ય બાબતોની સાથે ઠેરવ્યું હતું કે પ્રથમ, "ગોપનીયતાનો અધિકાર" બહુવિધ પાસાઓ ધરાવે છે અને જોકે આવા અધિકારને અનુચ્છેદ ૧૯(૧)(એ) અને (ડી) તથા અનુચ્છેદ ૨૧ માંથી ઉદ્ભવતા મૂળભૂત અધિકારના ભાગ તરીકે વર્ગીકૃત કરી શકાય છે, છતાં તે સંપૂર્ણ નથી; બીજું, તે અનિવાર્ય સામાજિક, નૈતિક અને જાહેર હિતના આધારે હંમેશા અમુક વાજબી નિયંત્રણોને આધીન છે; અને છેલ્લે, જ્યારે નાગરિક દ્વારા કાયદાની

અદાલતમાં આવા કોઈપણ અધિકારનો દાવો કરવામાં આવે છે ત્યારે તેણે કેસ-દર-કેસ વિકાસની પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે.

૩૪. તેથી, આમુખના બે શબ્દપ્રયોગો એટલે કે "વિચાર, અભિવ્યક્તિ, માન્યતા, શ્રદ્ધા અને ઉપાસનાની સ્વતંત્રતા" અને "વ્યક્તિની ગરિમા સુનિશ્ચિત કરતી બંધુતા" માંથી ઉદ્ભવતા, અને દરેક નાગરિકને "વાણી અને અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય" આપતા અનુચ્છેદ ૧૯(૧)(એ) માંથી, અને દરેક નાગરિકને "સમગ્ર ભારતના પ્રદેશમાં મુક્તપણે હરવા-ફરવાનો અધિકાર" આપતા અનુચ્છેદ ૧૯(૧)(ડી) માંથી, અને છેલ્લે અનુચ્છેદ ૨૧ હેઠળ "વ્યક્તિગત સ્વાતંત્ર્ય" શબ્દપ્રયોગમાંથી ઉદ્ભવતા "ગોપનીયતાના અધિકાર" ને શોધવામાં મને કોઈ મુશ્કેલી જણાતી નથી. ખરેખર, ગોપનીયતાનો અધિકાર આ શબ્દપ્રયોગોમાં અંતર્ગત છે અને તે દરેકમાંથી તથા એકબીજાના જોડાણમાંથી વહે છે.

૩૫. ઉપરોક્ત ચર્ચાને ધ્યાને લેતાં, પ્રશ્ન નં. ૨ નો મારો ઉત્તર એ છે કે "ગોપનીયતાનો અધિકાર" બંધારણના ભાગ-૩ હેઠળ ખાતરી આપવામાં આવેલ નાગરિકના મૂળભૂત અધિકારનો એક ભાગ છે. જોકે, તે કોઈ સંપૂર્ણ અધિકાર નથી પરંતુ અમુક વાજબી નિયંત્રણોને આધીન છે, જેને કાયદા અનુસાર સામાજિક, નૈતિક અને અનિવાર્ય જાહેર હિતના આધારે લાદવા માટે રાજ્ય હકદાર છે.

૩૬. તેવી જ રીતે, હું એ પણ ઠેરવું છું કે "ગોપનીયતાનો અધિકાર" બહુવિધ પાસાઓ ધરાવે છે, અને તેથી, જ્યારે પણ કોઈ નાગરિક કાયદા અનુસાર

પોતાના કથિત અધિકારના ઉલ્લંઘનની ફરિયાદ કરતો પોતાનો વાંધો ઉઠાવે ત્યારે તેણે કેસ-દર-કેસ વિકાસની પ્રક્રિયામાંથી પસાર થવું પડશે.

૩૭. મારા આદરણીય વિદ્વાન બંધુઓ, ન્યાયમૂર્તિ જે. ચેલામેશ્વર, ન્યાયમૂર્તિ એસ.એ. બોબડે, ન્યાયમૂર્તિ રોહિન્ટન ફલી નરીમાન અને ડૉ. ન્યાયમૂર્તિ ડી.વાય. ચંદ્રચૂડે આ વિષય પરના ભારતીય અને અમેરિકન કેસ લોના સંદર્ભમાં પ્રશ્ન નં. ૧ ની વિસ્તૃત અને સંક્ષિપ્તમાં ચર્ચા કરી છે. તેઓએ તમામ પક્ષકારો તરફથી ઉપસ્થિત રહેલા વિદ્વાન વરિષ્ઠ વકીલોની વિવિધ રજૂઆતોની પણ વિગતવાર ચર્ચા કરી છે.

૩૮. પ્રશ્ન નં. ૧ પર તેમના તર્ક અને તારણ સાથે હું સંપૂર્ણપણે સહમત છું અને તેથી તેઓએ તેમના સંબંધિત વિદ્વતાપૂર્ણ અભિપ્રાયોમાં જે કહ્યું છે તેમાં કંઈ ઉમેરવા માંગતો નથી.

૩૯. જોકે, અરજદારો તરફથી ઉપસ્થિત રહેલા કેટલાક વિદ્વાન વરિષ્ઠ વકીલોએ એવી દલીલ કરી હતી કે આ અદાલત દ્વારા અગાઉના કેટલાક નક્કી થયેલા કેસોમાં નિર્ધારિત કાયદો, ભલે વિચારણા માટે સંદર્ભિત ન કરાયો હોય, તેને પણ આ બેંચને સંદર્ભિત પ્રશ્નોનો ઉત્તર આપતી વખતે રદબાતલ ઠેરવવો જોઈએ, જ્યારે કેટલાક વરિષ્ઠ વકીલોએ તેમની રજૂઆતોમાં આધાર યોજનાની કાયદેસરતા અને શુદ્ધતા પર હુમલો કરવાનો પણ પ્રયાસ કર્યો હતો.

૪૦. મારા મતે, આ રજૂઆતો આ કેસમાં ગ્રાહ્ય રાખી શકાય નહીં. તેનું કારણ એ છે કે પ્રથમ, આ બેંચ માત્ર ચોક્કસ પ્રશ્નોના ઉત્તર આપવા માટે જ રચવામાં આવી છે; બીજું, દલીલમાં મૂકવામાં આવેલી રજૂઆતો આ બેંચને સંદર્ભિત કરવામાં આવી નથી; અને છેલ્લે, કાયદાનો આ એક સુસ્થાપિત સિદ્ધાંત છે કે સંદર્ભ અદાલત કરાયેલા સંદર્ભથી પર જઈ શકતી નથી અને સંદર્ભિત કરાયેલા પ્રશ્નોના ઉત્તર આપવા પૂરતી જ મર્યાદિત રહે છે. (જુઓ - નરેશ શ્રીધર મિરાજકર અને અન્ય વિ. મહારાષ્ટ્ર રાજ્ય અને અન્ય, (૧૯૬૬) ૩ એસસીઆર ૭૪૪, પૃષ્ઠ ૭૫૩ પર).

૪૧. એટલું કહેવું પૂરતું છે કે જ્યારે પણ આ પૈકીનો કોઈપણ પ્રશ્ન કોઈપણ કેસમાં ઉપસ્થિત થશે, ત્યારે યોગ્ય બેંચ કાયદા અનુસાર ગુણદોષના આધારે આવા પ્રશ્નોની તપાસ કરશે.

૪૨. છૂટા પડતાં પહેલાં, હું નોંધવા માંગું છું કે તમામ વિદ્વાન વકીલો દ્વારા રજૂ કરવામાં આવેલી વિદ્વતાપૂર્ણ દલીલો સાંભળવી એ એક આનંદદાયક અનુભવ હતો. દરેક વકીલે સંક્ષિપ્તતા, સરળતા અને નોંધપાત્ર સ્પષ્ટતા સાથે દલીલ કરી હતી. દરેક વકીલ દ્વારા કરવામાં આવેલી સખત મહેનત અસાધારણ હતી અને તે પ્રશંસાને પાત્ર છે. એ કહેવાની જરૂર નથી કે મૌખિક દલીલ તેમજ લેખિત સંક્ષિપ્ત નોંધો (જેમાં સંપૂર્ણ રજૂઆતો, વિવિધ પ્રકારના કેસ લો અને આ વિષય પરના સાહિત્યનો સમાવેશ થાય છે) બંને બાબતોમાં તેમની સક્ષમ સહાય વિના મંતવ્યો વ્યક્ત કરવા લગભગ અશક્ય હતા.

સંજય કિશન કૌલ, ન્યાયમૂર્તિ

૧. મને રોહિન્ટન એફ. નરીમાન, જે. અને ડૉ. ડી.વાય. ચંદ્રચૂડ, જે. ના વિસ્તૃત અને વિદ્વતાપૂર્ણ અભિપ્રાયો વાંચવાનો લાભ મળ્યો છે. તારણ સમાન છે, જે એ ઉત્તર આપે છે કે ગોપનીયતા માત્ર કોમન લો અધિકાર નથી, પરંતુ ભારતના બંધારણના ભાગ-૩ માં આવતો મૂળભૂત અધિકાર છે. હું આ તારણ સાથે સહમત છું કારણ કે ગોપનીયતા એ એક પ્રાથમિક, કુદરતી અધિકાર છે જે વ્યક્તિમાં અંતર્ગત રહેલો છે. જોકે, ગોપનીયતાના અધિકારના મુદ્દા પર મારો પોતાનો દ્રષ્ટિકોણ રજૂ કરવા હું પ્રેરાયો છું, જે મારા મતે, કોઈપણ વ્યક્તિગત અસ્તિત્વનો મહત્વપૂર્ણ હાર્દ છે.

૨. માનવી, એકલ અસ્તિત્વમાંથી, સામાજિક પ્રાણી તરીકે વિકસિત થયો. આ રીતે સમાજે કુટુંબ તરીકે ઓળખાતા એકમ તરીકે વ્યક્તિથી પર સામૂહિક જીવનની કલ્પના કરી. આના પરિણામે સમાજ પ્રત્યેની ફરજો અને જવાબદારીઓ લાદવામાં આવી. "તમને ગમે તેમ કરવાનો" અધિકાર મોટા સામાજિક જૂથને સામાન્ય રીતે સ્વીકાર્ય ધોરણો દ્વારા સીમિત બન્યો. સમય જતાં, સ્વીકાર્ય ધોરણો ઔપચારિક કાનૂની સિદ્ધાંતોમાં વિકસિત થયા.

૩. જેમ જેમ સમાજ વિકસિત થયો તેમ તેમ વ્યક્તિ માટે "હોવાનો અધિકાર" (રાઇટ ટુ બી), જોકે નાબૂદ થયો ન હતો, છતાં ધોરણોની જટિલતાથી ઘેરાઈ ગયો. ટેકનોલોજીની અસર અંગે વધતી જતી ચિંતા રહી છે જે આ "હોવાના

અધિકાર" અથવા ગોપનીયતા - આપણે તેને ગમે તે નામ આપીએ - નો ભંગ કરે છે.

૪. સમાજ પ્રત્યેના તેના અભિગમ અને એકલા રહેવા દેવાની તેની ચિંતાના આધારે ગોપનીયતાનું મહત્વ વ્યક્તિએ વ્યક્તિએ બદલાઈ શકે છે. કેટલાક લોકો તેમની ગોપનીયતાને મહત્વ આપતા નથી તે મૂળભૂત માનવ અધિકાર તરીકે ગોપનીયતાના અધિકારને માન્યતા આપવાનો ઇનકાર કરવાનો આધાર હોઈ શકે નહીં.

૫. માત્ર ભારત જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વ ગોપનીયતાના અધિકારને મૂળભૂત માનવ અધિકાર તરીકે માન્યતા આપે છે. માનવ અધિકારોનું સાર્વત્રિક જાહેરનામું (યુડીએચઆર), જેમાં ભારત એક હસ્તાક્ષરકર્તા છે, ગોપનીયતાને આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર તરીકે ઓળખે છે.

૬. ગોપનીયતાના આ અધિકારના મહત્વને ઓછું કરી શકાય નહીં અને તેનું મહત્વ એ બાબતમાં રહેલું છે કે નવ ન્યાયાધીશોની બંધારણીય બેંચ દ્વારા પ્રસ્તુત સંદર્ભમાં આ કાનૂની કોયડા પર ચર્ચા કરવામાં આવી હતી અને તેનો નિકાલ કરવાનો છે.

૭. આ સંદર્ભ 'આધાર કાર્ડ યોજના' તરીકે ઓળખાતા પડકારમાંથી ઉદ્ભવ્યો છે. અગાઉના ન્યાયિક ચુકાદાઓને કારણે, મંતવ્યોમાં વિભાજન હતું

અને આ વિભિન્ન મંતવ્યો વચ્ચે સુમેળ સાધવા માટે નવ ન્યાયાધીશોની બેંચને સંદર્ભ કરવો જરૂરી બન્યો હતો.

૮. ગોપનીયતા એ મૂલ્યવાન અધિકાર નથી તેવો કોઈનો કેસ નથી, પરંતુ વિવાદાસ્પદ મુદ્દો એ છે કે શું તે માત્ર કોમન લો અધિકાર છે કે મૂળ કાયદા (ગ્રાઉન્ડનોર્મ) - ભારતીય બંધારણ હેઠળ મૂળભૂત અધિકારનો દરજ્જો પ્રાપ્ત કરે છે. ગોપનીયતા બંધારણીય અધિકાર છે કે નહીં તે પ્રસ્તાવની તરફેણ અને વિરોધ બંનેમાં વિવિધ વરિષ્ઠ વકીલો દ્વારા અમને સક્ષમ સહાય પૂરી પાડવામાં આવી છે.

ગોપનીયતા

૯. લોર્ડ એક્ટનના શબ્દોમાં:

"માનવજાતના પવિત્ર અધિકારો જૂના દસ્તાવેજો કે ધૂળિયા રેકોર્ડ્સમાંથી શોધવાના નથી. તેઓ માનવ સ્વભાવના સમગ્ર ગ્રંથમાં દૈવી શક્તિ દ્વારા જ સૂર્યકિરણની જેમ લખાયેલા છે, અને કોઈપણ નશ્વર શક્તિ દ્વારા તેને ક્યારેય ઝાંખા પાડી શકાતા નથી."[523]

૧૦. ગોપનીયતા એ અંતર્ગત રહેલો અધિકાર છે. આમ તે આપવામાં આવતો નથી, પરંતુ પહેલેથી જ અસ્તિત્વ ધરાવે છે. તે વ્યક્તિનું સન્માન કરવા વિશે છે અને કોઈ અનિવાર્ય કારણ વિના વ્યક્તિની ઇચ્છાઓને અવગણવી અનિચ્છનીય છે.

[523] ૧. ધ હિસ્ટ્રી ઓફ ફ્રીડમ એન્ડ અધર એસેઝ (૧૯૦૭), પૃષ્ઠ ૫૮૭.

૧૧. સેમ્યુઅલ વૉરેન અને લુઇસ ડી. બ્રાન્ડિસના પ્રખ્યાત લેખમાં [524]'એકલા રહેવા દેવાના અધિકાર' થી શરૂ કરીને ગોપનીયતાના અધિકારના વિવિધ પાસાઓ હોઈ શકે છે. આવું એક પાસું પોતાની અંગત માહિતીના પ્રસારણને નિયંત્રિત કરવાનો વ્યક્તિનો અધિકાર છે. વ્યક્તિઓ માહિતીની પહોંચને મર્યાદિત કરે અને અનિચ્છનીય પહોંચથી પોતાનું રક્ષણ કરવાની તેમની ક્ષમતા રાખે તેમાં કંઈ ખોટું નથી. આ માહિતી યુગમાં અને તકનીકી સુધારાઓને ધ્યાને લેતાં ગોપનીયતાના અધિકારના આ પાસાએ ખાસ મહત્વ ધારણ કર્યું છે. વ્યક્તિમત્વ એ વ્યક્તિના વ્યક્તિત્વ, વ્યક્તિગતતા અને ગરિમાનું રક્ષણ રહેશે.[525]

જોકે, કોઈપણ અધિકાર બેફામ હોઈ શકે નહીં અને ગોપનીયતા સાથે પણ એવું જ છે. આપણે સમાજ/સમુદાયમાં રહીએ છીએ. તેથી, સમુદાય, રાજ્ય અને અન્યોના હિતોમાંથી નિયંત્રણો ઉદ્ભવે છે. આમ, તે અમુક નિયંત્રણોને આધીન રહેશે જેના પર હું પછીથી ચર્ચા કરીશ.

ગોપનીયતા અને ટેકનોલોજી

૧૨. આપણે માહિતી યુગમાં છીએ. ટેકનોલોજીના વિકાસ અને વિસ્તરણ સાથે, વધુ માહિતી હવે સરળતાથી ઉપલબ્ધ છે. માહિતીના વિસ્ફોટના અનેક ફાયદા છે પરંતુ કેટલાક ગેરફાયદા પણ છે. જે માહિતી વ્યક્તિ આપવા માંગતી ન હોય તેની પહોંચ માટે ગોપનીયતાના રક્ષણની જરૂર છે.

---

[524] ૨. ધ રાઇટ ટુ પ્રાઇવસી, ૪ હાર્વર્ડ લો રિવ્યુ ૧૯૩.

[525] ૩. ડેનિયલ સોલોવ, '૧૦ રીઝન્સ વ્હાય પ્રાઇવસી મેટર્સ', ૨૦ જાન્યુઆરી ૨૦૧૪ ના રોજ પ્રકાશિત.

ગોપનીયતાના અધિકારનો દાવો રાજ્ય અને બિન-રાજ્ય પક્ષકારો સામે કરવામાં આવે છે. બિન-રાજ્ય પક્ષકારો સામેના દાવાઓની માન્યતા અને અમલીકરણ માટે રાજ્ય દ્વારા કાયદાકીય હસ્તક્ષેપની જરૂર પડી શકે છે.

એ. રાજ્ય સામે ગોપનીયતાની ચિંતાઓ

૧૩. ટેકનોલોજીના વિકાસ અને વિસ્તરણથી રાજ્ય દ્વારા દેખરેખ, પ્રોફાઇલિંગ અને ડેટા સંગ્રહ તથા પ્રક્રિયા સહિત ગોપનીયતાના સંભવિત અતિક્રમણ માટે નવા સાધનોનું સર્જન થયું છે. દેખરેખ એ નવી બાબત નથી, પરંતુ ટેકનોલોજીએ અકલ્પનીય રીતે દેખરેખ રાખવાની મંજૂરી આપી છે. એડવર્ડ સ્નોડને વૈશ્વિક દેખરેખ અંગેના પોતાના ખુલાસાઓથી વિશ્વને ચોંકાવી દીધું હતું. ખાસ કરીને વધતા વૈશ્વિક આતંકવાદી હુમલાઓ અને જાહેર સલામતીની ચિંતાઓને ધ્યાને રાખીને રાજ્યો અત્યંત કલ્પનાશીલ રીતે ટેકનોલોજીનો ઉપયોગ કરી રહ્યા છે. રાજ્યો દ્વારા અપનાવવામાં આવી રહેલી આવી જ એક તકનીક 'પ્રોફાઇલિંગ' છે. ડેટા ગોપનીયતા પર ૨૦૧૬ ના યુરોપિયન યુનિયન રેગ્યુલેશન[526] માં 'પ્રોફાઇલિંગ' ને કુદરતી વ્યક્તિ સાથે સંબંધિત અમુક વ્યક્તિગત પાસાઓનું મૂલ્યાંકન કરવા માટે વ્યક્તિગત ડેટાના ઉપયોગથી બનેલી સ્વચાલિત પ્રક્રિયાના કોઈપણ સ્વરૂપ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવ્યું છે, ખાસ કરીને કામ પર તે કુદરતી વ્યક્તિના પ્રદર્શન, આર્થિક પરિસ્થિતિ, આરોગ્ય, વ્યક્તિગત પસંદગીઓ, રુચિઓ, વિશ્વસનીયતા, વર્તન, સ્થાન અથવા

[526] ૪. વ્યક્તિગત ડેટાની પ્રક્રિયાના સંબંધમાં કુદરતી વ્યક્તિઓના રક્ષણ અંગે યુરોપિયન સંસદ અને કાઉન્સિલનું ૨૭ એપ્રિલ ૨૦૧૬ નું રેગ્યુલેશન (ઇયુ) ૨૦૧૬/૬૭૯ (જનરલ ડેટા પ્રોટેક્શન રેગ્યુલેશન - જીડીપીઆર).

હલનચલન સંબંધિત પાસાઓનું વિશ્લેષણ અથવા અનુમાન કરવા માટે.[527] જોકે આવું પ્રોફાઇલિંગ ધર્મ, વંશ અને જાતિના આધારે ભેદભાવમાં પરિણમી શકે છે.

૧૪. સુરક્ષાનું વાતાવરણ માત્ર આપણા દેશમાં જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વમાં વ્યક્તિઓ અને રાજ્યની સુરક્ષાને ગોપનીયતાના આ અધિકાર સામે સંતુલિત કરવાની બાબત બનાવે છે.

બી. બિન-રાજ્ય પક્ષકારો સામે ગોપનીયતાની ચિંતાઓ

૧૫. વ્યક્તિઓના ઘરો અને અંગત જીવનમાં ઘૂસણખોરી કરવાની બિન-રાજ્ય પક્ષકારોની ક્ષમતા પણ નોંધપાત્ર રીતે વધી છે. સામાજિક નેટવર્ક્સ, ઈ-કોમર્સ વેબસાઇટ્સ અને એપ્લિકેશન્સ વ્યક્તિઓ વિશે મોટી માત્રામાં ડેટા એકત્રિત કરે છે.

૧૬. વધુમાં, આ ડિજિટલ યુગમાં, વ્યક્તિઓ સતત વિશાળ પ્રમાણમાં ડેટા ઉત્પન્ન કરી રહી છે. એવું નોંધવામાં આવ્યું છે કે માનવજાતે નોંધાયેલા ઇતિહાસની શરૂઆતથી વર્ષ ૨૦૦૩ સુધીમાં જેટલો ડેટા બનાવ્યો હતો તેટલો ડેટા હવે દર બે દિવસે ઉત્પન્ન થાય છે - જે 'વર્લ્ડ વાઇડ વેબ' દ્વારા સક્ષમ બન્યો છે.[528]

---

[527] પ. એજન.

[528] ૬. માઇકલ એલ. રસ્ટાડ, સાન્ના કુલેવસ્કા, રીકન્સેપ્ચ્યુઅલાઇઝિંગ ધ રાઇટ ટુ બી ફોર્ગોટન ટુ એનેબલ ટ્રાન્સએટલાન્ટિક ડેટા ફ્લો, ૨૮ હાર્વર્ડ જર્નલ ઓફ લો એન્ડ ટેકનોલોજી ૩૪૯.

૧૭. તાજેતરમાં એ ધ્યાન દોરવામાં આવ્યું હતું કે "વિશ્વની સૌથી મોટી ટેક્સી કંપની 'ઉબેર' પોતાની કોઈ ગાડી ધરાવતી નથી. વિશ્વની સૌથી લોકપ્રિય મીડિયા માલિક 'ફેસબુક' કોઈ સામગ્રી બનાવતી નથી. સૌથી મૂલ્યવાન રિટેલર 'અલીબાબા' પાસે કોઈ માલસામાનનો સંગ્રહ નથી. અને વિશ્વની સૌથી મોટી આવાસ પ્રદાતા 'એરબીએનબી' પોતાની કોઈ રિયલ એસ્ટેટ ધરાવતી નથી. કંઈક રસપ્રદ બની રહ્યું છે."[529] 'ઉબેર' આપણા ઠેકાણા અને જે સ્થળોની આપણે વારંવાર મુલાકાત લઈએ છીએ તે જાણે છે. 'ફેસબુક' ઓછામાં ઓછું એ જાણે છે કે આપણે કોના મિત્રો છીએ. 'અલીબાબા' આપણી ખરીદીની આદતો જાણે છે. 'એરબીએનબી' જાણે છે કે આપણે ક્યાં મુસાફરી કરી રહ્યા છીએ. સોશિયલ નેટવર્ક પ્રદાતાઓ, સર્ચ એન્જિન, ઈ-મેઇલ સેવા પ્રદાતાઓ, મેસેજિંગ એપ્લિકેશન્સ એ તમામ બિન-રાજ્ય પક્ષકારોના વધુ ઉદાહરણો છે જેઓ આપણી હિલચાલ, નાણાકીય વ્યવહારો, વ્યક્તિગત અને વ્યવસાયિક વાતચીતો, આરોગ્ય, માનસિક સ્થિતિ, રુચિઓ, મુસાફરીના સ્થળો અને ખરીદીની આદતોનું વ્યાપક જ્ઞાન ધરાવે છે. જેમ જેમ આપણે ડિજિટલ અર્થતંત્ર બનવા તરફ આગળ વધીએ છીએ અને ઇન્ટરનેટ આધારિત સેવાઓ પર આપણી નિર્ભરતા વધારીએ છીએ, તેમ તેમ આપણે નિષ્ક્રિય અને સક્રિય રીતે વધુ ને વધુ ઊંડા ડિજિટલ પગલાં (ડિજિટલ ફૂટપ્રિન્ટ્સ) બનાવી રહ્યા છીએ.

૧૮. આ ડિજિટલ ફૂટપ્રિન્ટ્સ અને વ્યાપક ડેટાનું ખાસ કરીને માનવ વર્તન અને ક્રિયાપ્રતિક્રિયાઓ સંબંધિત પેટર્ન, પ્રવાહો અને સંબંધોને ઉજાગર કરવા માટે

[529] ઉ. ટોમ ગુડવિન, 'ધ બેટલ ઇઝ ફોર કસ્ટમર ઇન્ટરફેસ', ટેકક્રંચ.

કમ્પ્યુટેશનલ રીતે વિશ્લેષણ કરી શકાય છે અને તેથી તે મૂલ્યવાન માહિતી છે. આ 'બિગ ડેટા' નો યુગ છે. ટેકનોલોજીમાં થયેલા વિકાસથી માત્ર ડેટાના નવા સ્વરૂપો જ નથી સર્જાયા, પરંતુ ડેટાનું વિશ્લેષણ કરવાની નવી પદ્ધતિઓ પણ સર્જાઈ છે અને તેનાથી ડેટાના નવા ઉપયોગોની શોધ થઈ છે. અલ્ગોરિધમ્સ વધુ અસરકારક બન્યા છે અને કમ્પ્યુટેશનલ ક્ષમતામાં ઘાતાંકીય રીતે વધારો થયો છે. મોટી સંખ્યામાં લોકો આવી શોધ હિસ્ટ્રી (સર્ચ હિસ્ટ્રી) ને ખાનગી રાખવા માંગતા હોય છે, પરંતુ તે ભાગ્યે જ ખાનગી રહે છે, અને ટાર્ગેટેડ જાહેરાત જેવા હેતુઓ માટે એકત્રિત કરવામાં આવે છે, વેચવામાં આવે છે અને તેનું વિશ્લેષણ કરવામાં આવે છે. અલબત્ત, જાહેર હિતને આગળ વધારવા માટે પણ 'બિગ ડેટા' નો ઉપયોગ કરી શકાય છે. એવા કેસો પણ હોઈ શકે છે જ્યાં બિગ ડેટાનો સંગ્રહ અને પ્રક્રિયા કાયદેસર અને પ્રમાણસર હોય, ભલે તે અન્યથા પ્રાઈવસી પર અતિક્રમણ કરનાર હોય.

૧૯. વ્યક્તિ વિશેનું જ્ઞાન તે વ્યક્તિ પર સત્તા આપે છે. એકત્રિત કરવામાં આવેલ વ્યક્તિગત ડેટા રજૂઆતોને પ્રભાવિત કરવા, નિર્ણય લેવાની પ્રક્રિયાઓને પ્રભાવિત કરવા અને વર્તનને ઘડવા સક્ષમ છે. તેનો ઉપયોગ 'બિગ બ્રધર' રાજ્ય દ્વારા કરવામાં આવતા નિયંત્રણની જેમ આપણા પર નિયંત્રણ લાદવાના સાધન તરીકે થઈ શકે છે. આનાથી અસંમતિ અને મતભેદની અભિવ્યક્તિ પર રૂંધનારી અસર પડી શકે છે, જે કોઈ લોકશાહી પોસાય તેમ નથી.

૨૦. આમ, બિન-રાજ્ય પક્ષકારો દ્વારા આવી માહિતી કઈ હદ સુધી સંગ્રહિત, પ્રક્રિયા અને ઉપયોગ કરી શકાય તે અંગેના નિયમનની અભૂતપૂર્વ જરૂરિયાત છે. રાજ્યથી પણ આવી માહિતીના રક્ષણની જરૂર છે. અમારી સરકાર બ્લેકબેરી ઉપકરણો પર મોકલવામાં આવેલા ડેટાને અવરોધવાની ક્ષમતા આપવા માટે બ્લેકબેરીને ફરજ પાડવામાં સફળ રહી હતી. રાષ્ટ્રીય સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે આવી દખલગીરી ઇચ્છનીય અને અનુમતિપાત્ર હોઈ શકે છે, પરંતુ તે નિયમન વિનાની હોઈ શકે નહીં.[530]

૨૧. 'ગોપનીયતાના અતિક્રમણ' નો ખ્યાલ એ 'બીજા વ્યક્તિની બાબતોમાં દખલગીરી કરવી' ની પ્રારંભિક પરંપરાગત વિચાર પ્રક્રિયા નથી. તે આટલો સરળ નથી. આજના વિશ્વમાં, ગોપનીયતા એ સરકારની સત્તા તેમજ ખાનગી ક્ષેત્રની સંસ્થાઓની સત્તા બંને પરની મર્યાદા છે.[531]

૨૨. જ્યોર્જ ઓરવેલે 'નાઇન્ટીન એઇટી-ફોર' માં એક કાલ્પનિક રાજ્યનું સર્જન કર્યું હતું. આજે, તે વાસ્તવિકતા બની શકે છે. આજનો ટેકનોલોજીકલ વિકાસ માત્ર રાજ્યને જ નહીં, પરંતુ વિશાળ કોર્પોરેશનો અને ખાનગી સંસ્થાઓને પણ 'બિગ બ્રધર' બનવા સક્ષમ બનાવી શકે છે.

[530] ૮. કાદિમ શુબ્બર, 'બ્લેકબેરી ગિવ્સ ઇન્ડિયન ગવર્નમેન્ટ એબિલિટી ટુ ઇન્ટરસેપ્ટ મેસેજિસ', વાયર્ડ દ્વારા ૧૧ જુલાઈ ૨૦૧૩ ના રોજ પ્રકાશિત, http://www.wired.co.uk/article/blackberryindia.

[531] ૯. ડેનિયલ સોલોવ, '૧૦ રીઝન્સ વ્હાય પ્રાઇવસી મેટર્સ', ૨૦ જાન્યુઆરી ૨૦૧૪ ના રોજ પ્રકાશિત.

૨૩. વિશ્વની તમામ લોકશાહીઓનું બંધારણીય ન્યાયશાસ્ત્ર, કોઈને કોઈ રીતે, 'કાયદાની ચિંતનશીલ ભાવના' ('ધ બ્રૂડિંગ સ્પિરિટ ઓફ ધ લૉ'), 'સામૂહિક અંતરાત્મા', 'ભવિષ્યના દિવસની બુદ્ધિમત્તા', 'સ્વતંત્રતાનું સ્વર્ગ' વગેરેનો સંદર્ભ આપે છે. આ ભાવના એ સૌ માટે ન્યાય છે, જે એક પરમ પ્રિય મૂલ્ય છે.

૨૪. આ ભાવના અનેક ગુણો દર્શાવે છે, અને પોતાને અભિવ્યક્ત કરવાની અસંખ્ય રીતો ધરાવે છે—ક્યારેક તે સ્વાતંત્ર્ય હતી, તો ક્યારેક ગરિમા. તે સમાનતા હતી, તે બંધુતા, વાજબીપણું અને નિષ્પક્ષતા હતી. તે લોકશાહીના નિર્માણના વર્ષો દરમિયાન એથેન્સમાં હતી અને ઇંગ્લેન્ડમાં મેગ્ના કાર્ટા તરીકે પ્રગટ થઈ હતી. તેની હાજરી ક્રાંતિ દરમિયાન ફ્રાન્સમાં, જ્યારે તેની સ્થાપના થઈ રહી હતી ત્યારે અમેરિકામાં અને મંડેલાના સમયમાં દક્ષિણ આફ્રિકામાં અનુભવાઈ હતી.

૨૫. આપણા દેશમાં, તેણે આપણા રાષ્ટ્રપિતાઓને પ્રેરણા આપી—ભારતના સાર્વભૌમ, સમાજવાદી, બિનસાંપ્રદાયિક લોકશાહી પ્રજાસત્તાકની સ્થાપના તેની આ જ ભાવના પર થઈ હતી.

૨૬. બંધારણ સભાના સમય દરમિયાન, તે સમયના મહાન બૌદ્ધિકોએ આ ચિંતનશીલ ભાવનાને એક સ્વરૂપ આપવાનો પ્રયાસ કર્યો, અને તેને એવી રીતે આહ્વાન કરવાનો પ્રયાસ કર્યો કે જેને સમજી શકાય, લાગુ કરી શકાય અને અર્થઘટન કરી શકાય તેવું તેઓ માનતા હતા—તેઓએ ભારતીય બંધારણ ઘડ્યું.

૨૭. તેમાં તેઓએ તેનો સાર રેડ્યો, અને ભારતીય બંધારણના ભાગ-૩ માં તેને એક ભવ્ય સિંહાસન આપ્યું.

૨૮. તેઓએ બનાવેલા દસ્તાવેજ પર તેના શાશ્વત આશીર્વાદ હતા, બંધારણનો દરેક ભાગ ન્યાયની ભાવના અને તે જેના માટે ઊભું છે તેની સાથે ગૂંજે છે: 'શાંતિપૂર્ણ, સુમેળભર્યું અને વ્યવસ્થિત સામાજિક જીવન'. બંધારણ એ ખુદ ન્યાયની મહાન ભાવનાની સંહિતાબદ્ધ રજૂઆત તરીકે ઊભું છે. કારણ કે તે સર્વોચ્ચ શ્રેષ્ઠતાનું પ્રતિનિધિત્વ કરે છે, તેથી જ તેને મૂળ કાયદા નો દરજ્જો આપવામાં આવ્યો છે, કે તે દેશનો સર્વોચ્ચ કાનૂની દસ્તાવેજ છે.

૨૯. બંધારણ કોઈ ચોક્કસ સમયગાળા માટે કે ચોક્કસ પેઢી માટે ઘડવામાં આવ્યું ન હતું, તે અનંતકાળ સુધી અડગ રહેવા માટે ઘડવામાં આવ્યું હતું. તેણે મોન્ટેસ્ક્યુઅન માળખું બનાવવાનો પ્રયાસ કર્યો હતો જે યુદ્ધના સમયમાં અને શાંતિના સમયમાં બંનેમાં ટકી રહે અને ડૉ. આંબેડકરના પ્રખ્યાત શબ્દોમાં, "જો નવા બંધારણ હેઠળ બાબતો ખોટી દિશામાં જાય, તો તેનું કારણ એ નહીં હોય કે આપણી પાસે ખરાબ બંધારણ હતું. આપણે જે કહેવું પડશે તે એ હશે કે માણસ અધમ (દુષ્ટ) હતો."[532]

